
(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર
શાસ્ત્ર પર સન્ ૧૯૭૧ના પ્રવચન)

# નિયમનો સાર

## ભાગ ૪



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમનો સાર
# ભાગ-૪

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૧ની સાલના પ્રવચન )

પ્રકાશક
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
મુંબઈ

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૮ | ૨૫૪૮ | ૨૦૨૨ |

: પ્રકાશન પ્રસંગ :
શ્રાવણ સુદ ૧૪ / ૧૫, ૧૧-૦૮-૨૦૨૨

૧) સમ્મેદશિખરથી ૧૧મા તીર્થંકર
શ્રી શ્રેયાંસનાથ ભગવાનનો મોક્ષ કલ્યાણક
૨) મુનિરક્ષા દિન – શ્રી વિષ્ણુકુમાર મુનિરાજ દ્વારા
શ્રી અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિવરોનો ઉપસર્ગથી રક્ષા

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

સહજ ચિદાનંદ.

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવને તો ખૂબ ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા-ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ (ઈ. સ. ૧૯૭૧) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૦૨ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧માં થયેલ ૨૦૨ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમનો સાર ભાગ-૪માં અત્રે (૭) પરમ આલોચના અધિકાર અને (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર પરના સળંગ ૨૬ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારુલબેન શેઠ, વિલે પાર્લા, શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.


જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલેપાર્લા, મુંબઈ




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૭) પરમ આલોચના અધિકાર | | | | | | |
| ૧૦૬ | ૨૭-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૬ | શુક્રવાર | ૧૦૮-૧૦૯ | ૧૫૨-૧૫૩ | ૧-૧૧ |
| ૧૦૭ | ૨૮-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૭ | શનિવાર | ૧૦૯ | ૧૫૪-૧૫૫ | ૧૨-૨૩ |
| ૧૦૮ | ૨૯-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૮ | રવિવાર | - | ૧૫૬-૧૫૯ | ૨૪-૩૫ |
| ૧૦૯ | ૩૦-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૯ | સોમવાર | ૧૧૦ | - | ૩૬-૪૬ |
| ૧૧૦ | ૩૧-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૧૦ | મંગળવાર | ૧૧૦ | ૧૬૦-૧૬૧ | ૪૭-૫૭ |
| ૧૧૧ | ૦૧-૦૯-૧૯૭૧ | ભાદરવા સુદ ૧૧ | બુધવાર | ૧૧૧ | ૧૬૨-૧૬૪ | ૫૮-૬૮ |
| ૧૧૨ | ૦૨-૦૯-૧૯૭૧ | ભાદરવા સુદ ૧૨ | ગુરુવાર | - | ૧૬૫-૧૬૮ | ૬૯-૭૯ |
| ૧૧૩ | ૦૩-૦૯-૧૯૭૧ | ભાદરવા સુદ ૧૩ | શુક્રવાર | ૧૧૨ | ૧૬૯-૧૭૦ | ૮૦-૯૦ |
| ૧૧૪ | ૦૪-૦૯-૧૯૭૧ | ભાદરવા સુદ ૧૪ | શનિવાર | ૧૧૨ | ૧૭૧-૧૭૨ | ૯૧-૧૦૧ |
| ૧૧૫ | ૦૫-૦૯-૧૯૭૧ | ભાદરવા સુદ ૧૫ | રવિવાર | - | ૧૭૩-૧૭૫ | ૧૦૨-૧૧૨ |
| ૧૧૬ | ૦૬-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૨ | સોમવાર | - | ૧૭૬-૧૭૯ | ૧૧૩-૧૨૩ |
| (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર | | | | | | |
| ૧૧૭ | ૦૭-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૩ | મંગળવાર | ૧૧૩ | ૧૮૦ | ૧૨૪-૧૩૪ |
| ૧૧૮ | ૦૮-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૪ | બુધવાર | ૧૧૪-૧૧૫ | ૧૮૧ | ૧૩૫-૧૪૬ |
| ૧૧૯ | ૦૯-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૫ | ગુરુવાર | ૧૧૬ | ૧૮૨ | ૧૪૭-૧૫૮ |
| ૧૨૦ | ૧૦-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૬ | શુક્રવાર | ૧૧૬-૧૧૭ | ૧૮૩ | ૧૫૯-૧૬૯ |
| ૧૨૧ | ૧૧-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૭ | શનિવાર | ૧૧૭ | ૧૮૪-૧૮૬ | ૧૭૦-૧૮૧ |
| ૧૨૨ | ૧૨-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૮ | રવિવાર | - | ૧૮૬-૧૮૮ | ૧૮૨-૧૯૧ |
| ૧૨૩ | ૧૩-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૯ | સોમવાર | ૧૧૮ | ૧૮૯ | ૧૯૨-૨૦૨ |
| ૧૨૪ | ૧૪-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૧૦ | મંગળવાર | ૧૧૯ | - | ૨૦૩-૨૧૩ |
| ૧૨૫ | ૧૫-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૧૧ | બુધવાર | ૧૧૯ | - | ૨૧૪-૨૨૫ |
| ૧૨૬ | ૧૬-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૧૨ | ગુરુવાર | ૧૧૯ | - | ૨૨૬-૨૩૬ |
| ૧૨૭ | ૧૭-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૧૩ | શુક્રવાર | ૧૨૦ | ૧૯૦ | ૨૩૭-૨૪૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨૮ | ૧૮-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૧૪ | શનિવાર | ૧૨૦ | ૧૯૧-૧૯૪ | ૨૪૯-૨૫૯ |
| ૧૨૯ | ૧૯-૦૯-૧૯૭૧ | ભાદરવા વદ ૧૫ | રવિવાર | ૧૨૧ | ૧૯૫ | ૨૬૦-૨૭૦ |
| ૧૩૦ | ૨૦-૦૯-૧૯૭૧ | આસો સુદ ૧ | સોમવાર | - | ૧૯૬-૧૯૮ | ૨૭૧-૨૮૨ |
| ૧૩૧ | ૨૧-૦૯-૧૯૭૧ | આસો સુદ ૨ | મંગળવાર | - | ૧૯૯ | ૨૮૩-૨૯૫ |

## ભાદરવા સુદ છઠ્ઠ, શુક્રવાર, તા. ૨૭-૮-૧૯૭૧
## ગાથા - ૧૦૮-૧૦૯, શ્લોક - ૧૫૨-૧૫૩, પ્રવચન નં. ૧૦૬

દશલક્ષણી પર્વકા દૂસરા દિન હૈ. માર્દવ, ઉત્તમ માર્દવ—નિર્માનતા, ઉત્તમ નિર્માનતા. આત્મામેં સમ્યગ્દર્શન, અનુભવ સહિત કોઈ ભી ચીજમેં ગર્વ ન કરના, નમ્રતા રખના ઉસકા નામ માર્દવધર્મ હૈ.

**उत्तमणाणपहाणो उत्तमतवयरणकरणसीलो वि ।**
**अप्पाणं जो हीलदि मद्दवरयणं भवे तस्स ॥३९५॥**-(કાર્તિકેયાનુપ્રેક્ષા).

**જો કોઈ ધર્માત્મા ઉત્તમ જ્ઞાનસે તો પ્રધાન હો...** શાસ્ત્રકા મહાજ્ઞાન વિગેરે વિશેષ હો, સમ્યગ્જ્ઞાન હો **ઔર ઉત્તમ તપશ્ચરણ કરનેકા જિસકા સ્વભાવ હો...** ઇચ્છાનિરોધ... અમૃતકા સાગર ઉછાલનેંમેં ઉગ્ર પુરુષાર્થ (ઐસી) જિસકી પરિણતિ હૈ, યે **अप्पाणं जो हीलदि...** ઐસા હોને પર અપને આત્માકા (-પર્યાયકા) અનાદર કરતા હૈ (કિ) અરે આત્મા! તું ક્યા ચીજ? તેરેસે વિશેષ શુદ્ધજ્ઞાની હૈં, ગણધર જૈસે ચાર જ્ઞાનકે ધણી હૈં, કેવલજ્ઞાની હૈં, ઉસકે પાસ તેરી અલ્પજ્ઞતાકી કિંમત ક્યા? સમ્યગ્જ્ઞાન સહિતકી બાત હૈ. ભાનરહિત કરે ઉસકો તો અભી શાસ્ત્રકે ભણતરકા—પઢનેકા અભિમાન હૈ, મૈં બહોત પઢા હૂં ઔર દિખાવા કરે દૂસરેકો બતાનેકો, ઇતના પઢા હૂં, મૈં ઇતના યાદ રખતા હૂં, ઇતની ધારણા મેરેમેં હૈ—વહ તો સબ મિથ્યા અભિમાન હૈ. મિથ્યાત્વ સહિત ઉસકા ગર્વ હૈ. આહાહા!

જિસકો અપને આત્માકે આનંદકા જ્ઞાન હુઆ હૈ, પૂર્ણ આનંદ ઔર પૂર્ણ જ્ઞાનકા મૈં સ્વામી હૂં ઐસી મેરી ચીજ ઉસમેંસે જો સમ્યગ્જ્ઞાન હુઆ હો, તો ભી અપને આત્માકો **हीलदि**–નીચા બતાતા હૈ. મૈં કહાં, કહાં પરમાત્મા, કહાં કેવળજ્ઞાન, કહાં ચાર જ્ઞાન-ચૌદ પૂર્વકી એક અંતર્મુહૂર્તમેં રચના કરનેકી તાકાત ગણધરકી? ઐસે અપને આત્માકો, અપનેસે અધિક ગુણીકો લક્ષમેં લેકર નિર્માન હોતા હૈ, ગર્વ છોડ દેતા હૈ. સમજમેં આયા? તપસ્યા ભી થોડી-બહોત હો, ઇચ્છા નિરોધ કિયા હો તો ભી (કહે), કહાં પ્રભુ? ગણધરોને તો મહા ઉપવાસ છ-છ મહિનેકે કિયે, આત્માકે આનંદમેં રહે, ઉનકે આગે મેરી દશા ક્યા હૈ? સમજમેં આયા? જ્ઞાન ને ચારિત્ર ને તપ—તીનોં લિયે.

અપનેસે અધિકકો લક્ષમેં લેકર આત્માકો મદરહિત કરે અથવા નીચા બતાવે, અપનેકો હલકા બતાવે. હલકા સમજતે હોં? છોટા. **तस्स मद्दवरयणं भवे... ધર્માત્માકો માર્દવ નામકા ધર્મરત્ન હોતા હૈ.** આ ધર્મરત્ન. સમજમેં આયા? પાઠમેં હૈ હોં. **मद्दवरयणं भवे...** નિર્માન... અભિમાનસે રહિત–ગર્વસે રહિત અપની નિર્માનતા બતાતા હૈ. દૂસરેકે પાસ અપનેકો દિખાવમેં

હલકા બતાતા હૈ, છોટા બતાતા હૈ, **ઉસકો માર્દવ નામકા ધર્મરત્ન હોતા હૈ.** આહાહા! **સબ શાસ્ત્રોંકા જાનનેવાલા પંડિત હો તો ભી જ્ઞાનમદ નહીં કરે.** યે વિચારે કિ **મેરેસે બડે મનઃપર્યયજ્ઞાની હૈં, કેવલજ્ઞાની સર્વોત્કૃષ્ટ જ્ઞાની હૈ, મૈં ક્યા હૂં?** આહાહા!

**ઉત્તમ તપ કરે તો ભી ઉસકા મદ નહીં કરે, આપ સબ જાતિ...** અપની માતાકા પક્ષ ઊંચા હો તો મદ ન કરે કિ મેરી માતા ઐસી હૈ. **કુલ..** પિતા બડે કુળકા પુત્ર હો તો ક્યા? તીર્થંકર જૈસે જિસમેં જન્મે, તો સાધારણ કુલકી ક્યા બાત હૈ? ઐસા અપને કુલકા અભિમાન ન કરે. **બલ...** અપના બલ હો શરીરકા અને આત્માકા ઉસકા ભી અભિમાન ન કરે. **ઐશ્વર્ય...** આચાર્યપદ હો, ઉપાધ્યાયપદ હો, સંઘકા કોઈ પદ હો—ઉસકા ગર્વ ન કરે, **તપકા** ગર્વ ન કરે. અપના સુંદર શરીર હો રૂપ જડકા ઉસકા ગર્વ ન કરે. ઉસકા ગર્વ કરે તો મિથ્યાત્વ હૈ. **સબસે બડે હો તો ભી પરકૃત અપમાનકો ભી સહતે હૈં.** સાધારણ પ્રાણી ઉસકા અપમાન કર દે. અપમાન ક્યા ચીજ હૈ ? મૈં તો જ્ઞાનાનંદ હૂં, મેરેકો જાને બિના વહ અપમાન કૈસે કરે? સમજમેં આયા?

'વંદે ચક્રી તથાપિ ન મળે માન જો...' શ્રીમદ્‌માં આવે છેને? છ ખંડકા રાજા, છન્નું હજાર સ્ત્રી (હો ઔર) ૮૪ લાખ હાથી નિકલે હો, ઉસ પર બેઠા હો, નીચે (ઉતરકર) મુનિકો વંદન કરે. સમજમેં આયા? 'વંદે ચક્રી તથાપિ ન મળે માન જો..' ઉસ સમય ગર્વ કરકે કષાય ઉત્પન્ન નહીં કરતા, ઉસકો ઉત્તમ માર્દવ કહનેમેં આતા હૈ. સમ્યગ્દર્શન, અનુભવ સહિત જ્ઞાતા-દૃષ્ટામેં અભિમાન કરના નહીં ઔર નિર્માનપને–અકષાયસ્વભાવપને રહના, ઉસકા નામ માર્દવધર્મ કહતે હૈં. આજ દૂસરા દિન હૈ. આમાં તો **મદ્દવરયણં** શબ્દ વાપર્યો છે. માર્દવ રત્ન. આહાહા! જે રત્નની કિંમતથી મુક્તિ મળે. યે રત્નકી કિંમતસે મુક્તિ મિલતી હૈ. નિર્માન.. નિર્માન..

અહીં આપણે નિયમસાર. ઉપાસકનું આવ્યું છેને? વહ ચલ ગયા હૈ. અમૃતચંદ્રાચાર્યકા (શ્લોક) ચલ ગયા, કલ આ ગયા. **ઔર ઉપાસકાધ્યયનમેં (શ્રી સમંતભદ્રસ્વામીકૃત રત્નકરંડશ્રાવકાચારમેં ૧૨૫વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ..** દેખો! આલોચન ઉસકા ચાર ભેદ કહેંગે.

**आलोच्य सर्वमेनः कृतकारितमनुमतं च निर्व्याजम् ॥**
**आरोपयेन्महाव्रतमामरणस्थायि निःशेषम् ॥**

જો કોઈ પુણ્ય-પાપ કિયા, કરાયા ને કરતેકો સંમત હુઆ, **સર્વ પાપોંકી નિષ્કપટરૂપસે આલોચના કરકે...** અપને સ્વરૂપકી સંભાલ કરકે... આનંદમૂર્તિ પ્રભુ જ્ઞાનસમુદ્ર આત્મા, ઉસકી સંભાલ, આલોચ કરકે ઐસા **મરણ પર્યંત રહનેવાલા પરિપૂર્ણ મહાવ્રત ધારણ કરતા હૈ**. વ્યવહાર લિયા હૈ. હવે, ચારિત્ર ધારણ કરતે હૈં, યૂં કહતે હૈ. ઉસમેં મહાવ્રત આતા હૈ, મહાવ્રતકા વિકલ્પ આતા હૈ ન. રત્નકરંડ શ્રાવકાચાર હૈ ન, તો વ્યવહાર લિયા હૈ.

**૧૦૭વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહતે હૈં:—** લ્યો, ભાવલિંગી સંત–મુનિરાજ હૈં, અતીન્દ્રિય આનંદ ને પ્રચુર સ્વસંવેદનમેં મશગૂલ. અપના અતીન્દ્રિય આનંદ ઉસકે વેદનમેં મશગૂલ ઐસે મુનિ યે શ્લોક કહતે હૈં.

**आलोच्यालोच्या नित्यं सुकृतमसुकृतं घोरसंसारमूलं**
**शुद्धात्मानं निरुपधिगुणं चात्मनैवावलम्बे ।**
**पश्चादुच्चैः प्रकृतिमखिलां द्रव्यकर्मस्वरूपां**
**नीत्वा नाशं सहजविलसद्बोधलक्ष्मीं व्रजामि ॥१५२॥**

અરે ધર્માત્મા! એમ કહતે હૈં. **શ્લોકાર્થ : ઘોર સંસારકે મૂલ ઐસે સુકૃત ઔર દુષ્કૃત...** હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગવાસના, કામ, ક્રોધ, રતિ, અરતિ યે તો પાપ દુષ્કૃત હૈ, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ આદિ ઐસે સબ શુભભાવ યે ઘોર સંસારકા મૂલ હૈ. ઐસા તો લિખા હૈ. શુભ ને અશુભભાવ દોનોં સંસારકે મૂલ હૈં, ઘોર સંસારકા મૂલ. આહાહા! આલોચના અધિકાર હૈ ન. આ સમસ્ત પ્રકારે લોચ કરી નાખ–કાઢી નાખ–છોડ દેના. આહાહા! ઇતની સમતા, ઇતના સમ્યગ્જ્ઞાન તરફકા ઉસકા ઝુકાવ, ઇતની અતીન્દ્રિય આનંદકી છોળ ઉડતી હો. કહતે હૈં, **ઘોર સંસારકે મૂલ**... શેઠી! સુકૃત... પંચમહાવ્રત આદિ વિકલ્પ શુભભાવ એ ઘોર સંસારનું મૂળ છે. પાપભાવકી તો બાત હી ક્યા કરના? હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગવાસના, કમાના ધૂલ—યે તો મહા ઘોર સંસારકા મૂલ હૈ (હી), આહાહા! પણ યહાં તો સુકૃતકો ઘોર સંસારકા મૂલ કહા હૈ. વીતરાગી મુનિ હૈં ઔર વીતરાગધર્મમેં લાનેકો (કહતે હૈં કિ) રાગભાવ વહ સર્વ સંસારકા મૂલ હૈ. આહાહા! સમજમેં આયા?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા હૈ. ઉસમેંસે જિતની બહિર્લક્ષી રાગકી વૃત્તિ ઉત્પન્ન હોતી હૈ શુભ કિ અશુભ, દોનોં ઘોર સંસારકા મૂલ હૈ. બબૂલ.. બબૂલ કહતે હૈં ન? બાવળ. બબૂલ લાખો-કરોડો જો વનમેં ઝાડ હો, અકેલે કાંટે ઉપર ને નીચે પડે હો, ઐસે વનમેં નિકલે હો, તો કહાં રસ્તા, કહાં જાના? ઐસે સંસાર ચોર્યાસીકે અવતાર ઘોર સંસાર દુઃખકા કાંટા પડા હૈ ઉસમેં. આહાહા! કાંટે હી પડે હૈં. ઉપર કાંટે, નીચે કાંટે ઔર કોઈ નિકલનેકા રસ્તા હો નહીં અને ત્યાં જઈ ચડે. આહાહા! ઉપર આભ, નીચે ધરતી, રસ્તા બહાર નહીં, કહાં જાના? ઐસે ચોર્યાસી લાખ અવતાર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિય, નરકની યોની, આહાહા! મોટા રાજા હોય અહીંયા અને મરીને નરકે જાય, આહાહા! યે ક્યા હૈ? રાડ નાખે. પીડા.. પીડા.. ...મનુષ્યકો... શું કહેવાય? નામ શું કહેવાય છે? જમશેદપુર. જમશેદપુરકી ભઠ્ઠી. રાજકુમાર હોય પરણેલો કાલનો, એમાં જીવતો નાખે અગ્નિમાં ઔર જો દુઃખ હો ઉસસે તો અનંતગુના દુઃખ તો પહેલી નર્કમેં દસ હજાર વર્ષકે આયુષ્યમેં હૈ. એ સંસાર ઘોર સંસાર. આહાહા!

એવા સંસારનું મૂળ શુભ ને અશુભભાવ **સદા આલોચ-આલોચકર... આલોચ-આલોચકર...** બે વાર છે ને? **આલોચ્યાલોચ્ય..** બે વાર છે. અંદરમાંથી ઉખાડી નાખે. રાગકા વિકલ્પ ભી ન રહે. આહાહા! ભગવાન અકેલા વીતરાગમૂર્તિ પ્રભુ ઉસમેં દૃષ્ટિ રખકર સ્થિરતામેં ઇતના જમ ગયા હો કિ જિસમેં **આલોચ-આલોચકર**... અપને સ્વરૂપકો દેખ-દેખકર રાગકા નાશ હો જાતા હૈ. આહાહા! મૈં ઐસે **આલોચ-આલોચકર નિરુપાધિક ગુણવાલે શુદ્ધ આત્માકો** ધ્યાતા હૂં–મૈં ધ્યાન કરતા હૂં, મેરે સ્વભાવમેં મૈં આરૂઢ હોતા હૂં એમ કહતે હૈ. કૈસા હૂં મૈં? કૈસા હૂં મૈં?

**નિરુપાધિક ગુણવાલે**... અંતરમેં જ્ઞાન-દર્શન-આનંદ આદિ નિરુપાધિક ગુણસ્વભાવવાલા મૈં. અનાદિ-અનંત અનંત ઐસે ગુણ નિરુપાધિક સ્વભાવ મેરા હૈ. આહાહા! ઐસે કહકર ક્યા કહા? રાગ શુભ હૈ વહ ભી ઉપાધિ હૈ. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, નામસ્મરણ ભગવાન ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં—ઐસા વિકલ્પ ઉઠાના યે રાગ હૈ, ઉપાધિ હૈ. આહાહા! વીતરાગી સંતોની વાણી ઝીરવવી કઠણ છે કાયરને. ભાઈ! ચોર્યાસીના અવતારમાં કોઈ સ્થાનમાં ક્યાંય શાંતિ નથી. અશાંતિ ઝળહળે કે આ કષાય એ હું. એવા સંસારમાં દુઃખરૂપ દાવાનળથી બચવા સ્વભાવિક ગુણવાળા શુદ્ધાત્માને—મૈં ત્રિકાળી શુદ્ધ આનંદ સચ્ચિદાનંદ ઐસે **આત્માકો આત્માસે હી...** એટલે? ઐસા પવિત્ર ગુણવાલા શુદ્ધ આત્મા ઉસે શુદ્ધ પરિણતિ દ્વારા... સમજમેં આયા?

આત્માકો શુદ્ધ આત્માકી પરિણતિસે હી **અવલમ્બતા હૂં.** આહાહા! દ્રવ્યસ્વભાવ શુદ્ધ ધ્રુવ ઉસકી શુદ્ધ પરિણતિ દ્વારા... પુણ્ય-પાપ તો ઘોર મૂળ કહા, ઉસકો છોડનેકો અપને સ્વરૂપમેં નિર્મળ વીતરાગી પરિણતિકે દ્વારા અવલંબતા હૂં. વીરચંદભાઈ! આવો માર્ગ છે. ઓલા અગ્રેસરોને ખબર ન મળે. એ તો પોતે કહેતા હતા મને. ઓલા શેઠીયાઓ એને પણ કાંઈ ખબર ન મળે. હાંક્યે રાખે ગાડાં ...એમ જાય. આહાહા! પંથની ખબર ન મળે કે કૈસા પંથ હૈ? અને ઉસ પંથ પર જાનેસે હી મુક્તિ હોગી (ઉસકી) ખબર નહીં. શેઠ! કૌન કરા દે? વહ કરે તો હોતા હૈ. સમજમેં આયા? આહાહા! માર્ગ તો આવો છે પ્રભુ! ભગવાન પૂર્ણાનાંદ પરમાત્મા તું હૈ. તેરી ચીજ હી પરમાત્મા હૈ. યે પરમ શુદ્ધ આત્મા શુદ્ધગુણવાલા ઉસ તરફ વીતરાગી પરિણતિ કરકે અવલંબન લેના, ઉસકા નામ આલોચન હૈ. આહાહા! હજી સમજમેં લાના કઠણ પડે કિ યે ક્યા કહતે હૈં.

આત્માસે હી શુદ્ધ આત્માકો... ત્રિકાળી શુદ્ધ ધ્રુવકો વર્તમાન આત્માસે હી... આહાહા! પુણ્યકા વિકલ્પ વહ કોઈ આત્મા નહીં, યે તો રાગ હૈ. આહાહા! **આત્માસે હી**... આત્મા નામ અનાકુલ શાંતિ ને અનાકુલ જ્ઞાન ઐસી નિર્વિકલ્પ રાગ બિનાકી શુદ્ધ પરિણતિ–પર્યાય ઉસકે દ્વારા ધ્રુવકો અવલંબતા હૂં. આહાહા! હૈ કિ નહીં? ઉસમેં હૈ. આહાહા! મુનિ સ્વયં કહતે હૈં અપના સ્વભાવ. અહો! મેરા શુદ્ધગુણ સ્વભાવવાલા આત્માકો મેરી શુદ્ધ પરિણતિરૂપ આત્મા

ઉસસે મૈં અંતરમેં અવલંબતા હૂં, મેરે અવલંબનમેં આત્મા હૈ, આહાહા! મેરી શુદ્ધપરિણતિકા અવલંબન આત્મા હૈ. શુદ્ધપરિણતિકા કારણ રાગ નહીં અને અપને દ્રવ્યમેં આલંબનકા કારણ કોઈ વિકાર કિ વ્યવહાર નહીં. આહાહા! **શુદ્ધ આત્માકો આત્માસે હી**... આત્માસે હી અવલંબતા હૂં, તો ક્યા ધ્રુવકો ધ્રુવસે અવલંબન હૈ? સમજમેં આયા?

મેરા આત્મા નિર્વિકારી શુદ્ધ સ્વભાવવાલા હૈ, પુણ્ય-પાપવાલા નહીં. ઐસા મૈં આત્મા, અપની વર્તમાન પર્યાયમેં શુદ્ધતા દ્વારા—શુદ્ધ ઉપયોગ દ્વારા—શુદ્ધ પરિણતિ દ્વારા—ત્રિકાળી ધ્રુવકો અવલંબતા હૂં. આહાહા! લ્યો આનું નામ સંવર. યે આલોચના હૈ ન. આલોચના કહો કિ સંવર કહો. આપણે આવે છે, પડિકમણામાં આવે છે. ગયા કાળનું પડિકમણું અને ભવિષ્યનું (પ્રત્યાખ્યાન) અને વર્તમાનનો સંવર. એ આ વર્તમાનનો સંવર. આહાહા! સાંજ-સવાર શું, ચોવીસ કલાક થાય. અંતરમેં દ્રવ્યસ્વભાવકા આશ્રય લેકર જિતની શુદ્ધતા પ્રગટી હૈ યે કાયમ રહતી હૈ. મુનિકો તો કાયમ સંવર હી હૈ. ચૌબીસ કલાક આલોચના હૈ. આહાહા! આવે છેને આપણે સમયસારમાં. નિત્ય પ્રતિ ... કરતે હૈં. નિત્ય પ્રતિક્રમણ, નિત્ય આલોચના, નિત્ય પ્રત્યાખ્યાન. આહાહા! સમજમેં આયા? .... હૈ વહ તો વ્યવહાર હૈ વિકલ્પ, યે છૂટ જાય તો નિર્વિલ્પ ભી હો જાય. સમજમેં આયા?

એક જણાએ પ્રશ્ન કર્યો આ સાધુને આ વ્યવહાર.... કે તુમ સાંજ-સવાર પ્રતિક્રમણ કરતે હો, તો શામકો પ્રતિક્રમણકે કાલમેં નિર્વિકલ્પદશા આ જાયે તો ક્યા કરો? નહીં, વિકલ્પ તો કરના હી (પડેગા), પડિકમણા તો કરના હી પડેગા. સાંજકા ટાઈમ...., પર અંદર નિર્વિકલ્પતા આ જાય તો? યે વિક્લપ તો કરના પડે. કાંઈ ખબર ન મળે. શું કરવું પડે? યે તો વિકલ્પ હૈ. ઉસસે છૂટકર અંદર સ્થિરતા નિર્વિકલ્પ કરના પડે (ઐસા) કહાં આયા? પણ વ્યહારવાલા હૈ ન. વિધિ.. વિધિસે કરના. એ જેઠાભાઈ! આવે છેને તમારે? વિધિથી બધું કરવું, અવિધિ છોડી દેવી, સાંજનું પડિકમણું વિધિસર કરવું. બરાબર શબ્દ બોલવા, આમ બોલવા, આમ બોલવા. નિર્વિકલ્પતા આવી જાય તોપણ એ ન..... પણ એ તો નિર્વિકલ્પતા ન આવે ત્યાં સુધી વિકલ્પ હોય, પણ એને છોડીને (નિર્વિકલ્પતા) આવતી હોય તો પછી કરવું રહ્યું ક્યાં? મૂળ માણસને બહારનો આગ્રહ થઈ જાય છેને વ્યવહારનો. ભગવાને સાંજ-સવાર પડિકમણા કરવાના કહ્યા છે એ કેમ જાય? પણ કહ્યા છે શું કરવા? નિર્વિકલ્પ ઠરવા માટે કહ્યું છે. એમાં ઠરી ન શકે તો એવો શુભભાવ હોય છે, પણ હેય છે, ઘોર સંસારનું મૂળ છે. આહાહા!

આ વ્યવહાર પડિકમણું ને વ્યવહાર સામાયિક ને સમજ્યા વિના બેસેને સામાયિક કરવા, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં. સવાર-સાંજ .... સામાયિક કરીને બેઠા. પણ શેની સામાયિક? આત્મા રાગથી રહિત આનંદસ્વરૂપ છે અને અંતરમેં સમતા–વીતરાગભાવકા લાભ તો હુઆ નહીં. કહાંસે સામાયિક આ ગઈ? સમજમેં આયા? કહો, સામાયિક કરી હશે કે નહીં

ચીમનભાઈ? ઘણી કરી હશે. આહાહા! યહાં તો કહતે હૈં, પહલે તો હમ હમારે શુદ્ધસ્વરૂપ... શુદ્ધગુણવાલા, નિરુપાધિક સ્વભાવવાલા મૈં આત્મા ઉસકો **આત્માસે હી**... ઐસા શબ્દ હૈ. વ્યવહારસે, વિકલ્પસે મેરી નિર્વિકલ્પતા હોગી ઐસા હૈ નહીં. ઔર વિકલ્પસે મેરા અવલંબન દ્રવ્યકા હોગા, ત્રિકાળી જ્ઞાયક પ્રભુ રાગસે અવલંબનમેં આતા હૈ (ઐસા) તીન કાલમેં હૈ નહીં. આહાહા! ઐસા વીતરાગમાર્ગ લોગોંકો સુનનેમેં મિલા નહીં અને માન લિયા કિ હમ ધર્મ કરતે હૈં, ધર્મ કરતે હૈં. જિંદગી જાય છે ભાઈ! આહાહા! જેની–મનુષ્ય(ભવ)ની એક સમયની કિંમત... શ્રીમદ્દે લખ્યું છેને, શુભમણિ.. મોટું મણિરતન હોય અબજોનું એના કરતાં પણ (વધારે) મનુષ્યના દેહની એક સમયની કિંમત છે ભાઈ! આવા સમય, ચૈતન્યને પહોંચવા, આરાધવા માટે આવા સમય મળવા મુશ્કેલ છે. આહાહા! છેને? 'તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકેય ટળ્યો.' ભવના અભાવની વાતથી ઉપડ્યા છે શ્રીમદ્. આહાહા!

**ફિર દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિકો અત્યન્ત નષ્ટ કરકે...** ઐસે આત્માકો આરાધતા હૂં, અવલંબતા હૂં ઔર વિશેષ પીછે દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત જડકર્મ અત્યંત નષ્ટ કરકે **સહજવિલસતી જ્ઞાનલક્ષ્મીકો...** આહાહા! કહો, શેઠ! તમારી ધૂળ લક્ષ્મી નહીં. હેરાન.. હેરાન કરનારી છે. **સહજવિલસતી જ્ઞાનલક્ષ્મી**–કેવલજ્ઞાન.. આહાહા! મેરે આત્માકા મૈંને શુદ્ધ પરિણતિસે અવલંબન લિયા, તો દ્રવ્યકર્મકા નાશ હો જાયેગા ઔર મેરી જ્ઞાનલક્ષ્મી **મૈં પ્રાપ્ત કરૂંગા.** આહાહા! મેરે નિધાનમેં કેવળજ્ઞાનલક્ષ્મી પડી હૈ અંદરમેં, ઉસકા અવલંબન કરકે પર્યાયમેં મૈં કેવળજ્ઞાનલક્ષ્મી પ્રાપ્ત કરૂંગા. આહાહા! સમજમેં આયા? મૈં પ્રાપ્ત કરૂંગા નિઃસંદેહ. ભઈ! વચમાં કર્મનો ઉદય આવી જાય, વિઘ્ન આવે. અરે! કોણ વિઘ્ન? સાંભળને! આલોચનામાં પહેલું મંગલિકમાં આવ્યું હતું. પ્રભુ! તેરા જિસને શરણ લિયા, વિઘ્ન કિસકા? આત્મા આનંદમૂર્તિ શુદ્ધસ્વભાવ ઉસકા જિસને શરણ લિયા, વિઘ્ન કિસકા? વિઘ્ન હૈ કહાં જગતમેં? કોઈ ચીજ કહાં હૈ? મૈં બાદશાહ જ્ઞાનકા ચક્રવર્તી અપને સ્વરૂપકી લક્ષ્મી સાધતા હૂં, સાધતે-સાધતે મૈં કેવળજ્ઞાન લૂંગા એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

કાયરકા કામ નહીં યે. હેં.. હેં.. વાણિયાની જેમ વેવલાની જેમ કરે, હા.. હા.. એમ થાય. એ આહીં ચાલે નહીં, કહે છે આહીં. મૂલચંદભાઈ! દિગંબરદર્શન.. નાગા બાદશાહથી આઘા. સમજમેં આયા? આ માર્ગ તે માર્ગ! યે તો વસ્તુકા સ્વરૂપ હી ઐસા હૈ. આહાહા! **મૈં પ્રાપ્ત કરૂંગા**. આહાહા! મહારાજ! છદ્મસ્થ પંચમ આરાકા સાધુ ઔર (કહે કિ) મૈં અપની સહજવિલસતી જ્ઞાનલક્ષ્મી પ્રાપ્ત કરૂંગા, નિઃસંદેહ પ્રાપ્ત કરૂંગા એમ કહતે હૈં. આહાહા! એકાદ ભવ ભલે હો, પણ મૈં કેવલજ્ઞાનલક્ષ્મી પ્રાપ્ત કરૂંગા.. કરૂંગા.. કરૂંગા. સંસારકા નાશ કર, કર્મકા નાશ કર, સંસાર તો વિકાર ઉદય હૈ, કર્મકા નાશ કરકે સહજલક્ષ્મી પ્રાપ્ત કરૂંગા. ઐસા સમકિતીકા ભાવ હોતા હૈ.

જેમ ચક્રવર્તીની તલવાર હોયને (એની) એક હજાર દેવ સેવા કરે. ઐસે તલવાર લેકર ઉઠે. વહ આતા હૈ ભરતેશવૈભવમેં. બહોત કાલ હો ગયા થા ભરતકો, તો માતા-ભરતની માતા આવ્યા. અકસ્માત (-અચાનક) આ ગયે લશ્કર(કે બીચ) અયોધ્યાસે વિમાનમેં. ભરતકો ખબર કરો. ક્યા હૈ? લશ્કરમેં કોલાહલ હો ગયા કોલાહલ. ખબર નહીં, અકસ્માત આ ગયે. બહોત દિન હો ગયા થા રાજ સાધનેકો (નિકલે). માતાકો એમ થઈ ગયું કે અરેરે! ભરત ક્યાં? લશ્કરમેં કોલાહલ હો ગયા કિ કૌન આયા દુશ્મન? યે હુઆ ક્યા? તલવાર હાથમેં લેકર... ચમચમાતી તલવાર (જેની) એક હજાર દેવ સેવા કરે, ઝીલી ન શકે કોઈ. એના દુશ્મનો તો ઝીલી ન શકે એવી. ક્યા હૈ? ક્યા હુઆ? કૌન હૈ ઐસા દુશ્મન? અરે! માતાજી આયે હૈં. અકસ્માત માતાજી આયે હૈં. .... સારે લશ્કરમેં હરખ હો ગયા. ઓહો માતા! ખબર બિના આયે. તલવાર લેકર આમ..... દુશ્મન તો જોઈ ન શકે. એક હજાર દેવ તો સેવા કરે તલવારની. અને જે તલવારની ચમકતી તેજ કે વજ્રના સ્થંભ હોય આમ ચીરી નાખે ઐસી એક તલવાર. વજ્રના સ્તંભ હો, હીરાના. કાકડી.. કાકડી કહતે હૈં ન? કકડી. કકડી, ચીભડા ચીરે ઐસે ચીર ડાલે ઐસી તલવાર.

ઐસે ભગવાન આત્માકી વીતરાગ પરિણતિ ધારાસે અશુદ્ધતાકા ઔર કર્મકા નાશ હોતા હૈ. ચમકતી.. ચમકતી વીતરાગધારા જ્યાં પ્રગટ થાય, ભાર નહીં કિસીકા, કહતે હૈં. ઔર ઉસકે દ્વારા હમ કેવળજ્ઞાન પ્રાપ્ત કરેંગે એમ કહતે હૈં. આહાહા! અરે! પણ અત્યારે પાંચમા આરામાં કેવળજ્ઞાન નથીને? એય! ઐસા કહાંસે લાયા? પંડિતજી! અરે! સુન તો સહી. હમારા આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ઉસમેં કેવળજ્ઞાન(રૂપ) અનંતી પર્યાયલક્ષ્મી (પડી હૈ). સાવધાન હો તો થોડા કાળ ભલે બાકી હો, યે કાલકી ગિનતી હમેં નહીં. આહાહા! જુઓ! આ આલોચના. ઉખેડકરકે ફેંક દેતા હૂં અશુદ્ધતાકો. વો ભી નાસ્તિસે હૈ. કથન તો ઐસા હો ન ભાઈ! ૧૦૮. અબ આલોચનાકા ભેદ બતાતે હૈં, પ્રકાર.. પ્રકાર.

**आलोयणमालुंछण वियडीकरणं च भावसुद्धी य ।**
**चउविहमिह परिकहियं आलोयणलक्खणं समए ॥ १०८॥**
**હૈ શાસ્ત્રમેં વર્ણિત ચતુર્વિધરૂપમેં આલોચના,**
**આલોચના, અવિકૃતિકરણ, અરુ શુદ્ધતા આલુંછના. ૧૦૮.**

ચાર ભેદ વર્ણવ્યા છે. પછી એકેકની વ્યાખ્યા કરશે. **ટીકા : યહ, આલોચનાકે સ્વરૂપકે ભેદોંકા કથન હૈ. ભગવાન અર્હંતકે મુખારવિંદસે નિકલી હુઈ...** આહાહા! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર વીતરાગ કેવલજ્ઞાનલક્ષ્મી સંપન્ન, ઉનકે મુખારવિંદસે નિકલી... ભાષા ઐસી હૈ દેખો! હૈ તો (ઐસા કિ) પૂરે શરીરસે ધ્વનિ ઉઠતી હૈ. કેવળજ્ઞાન હુઆ ઓમ.. ઐસી ધ્વનિ, પૂરે શરીરમેંસે ઓમ.. ઐસી ધ્વનિ ઉઠતી હૈ. હોઠ હલે નહીં, કંઠ હલે નહીં. ઐસે ભગવાનકે મુખારવિંદસે... લૌકિક અપેક્ષાસે 'મુખસે બોલા જાતા હૈ' ઐસા કહનેમેં આતા હૈ, વહી ભાષા

લી હૈ. ક્યા કરે? આહાહા! મુખરૂપી અરવિંદ–કમળ ઉસસે નિકલી હુઈ **(શ્રવણકે લિયે આયી હુઈ)...** સુનનેવાલેકે લિયે દિવ્યધ્વનિ આયી હૈ એમ કહતે હૈં. એને માટે આપી છેને. આહાહા! એ તો નિમિત્ત સંબંધ છેને એની વાત છે. એણે ભેદ બતાવ્યા ભગવાને, શ્રવણ કરનારને સંભળાવી એમ કહે છે.

**સકલ જનતાકો શ્રવણકા સૌભાગ્ય પ્રાપ્ત હો...** આહાહા! દેખો! ઐસી ભગવાનકી વાણીમેં દિવ્યધ્વનિ દ્વારા આલોચનકા–સંવરકા–સ્વરૂપકે દેખનેકા જો સ્વરૂપ આયા, યે **સકલ જનતાકો શ્રવણકા સૌભાગ્ય પ્રાપ્ત હો**... આહાહા! ઐસી વાણી સુનનેવાલા સૌભાગ્ય જીવ હૈ. દેખો! આહાહા! **સકલ જનતાકો શ્રવણકા સૌભાગ્ય**... ભાષા ઐસી હૈ. થોડે નહીં, સકલ જનતા. **શ્રવણકા સૌભાગ્ય પ્રાપ્ત હો ઐસી..** આહાહા! **સુન્દર-આનન્દસ્યન્દી (સુન્દર-આનન્દઝરતી)** વાણી... બાત તો ઐસી હૈ કિ જો સુનનેવાલા હૈ ઉસકો સુનાતે હૈં કિ તેરા આત્મા રાગસે રહિત, અશુદ્ધતાસે રહિત હૈ ઐસી તેરી દૃષ્ટિ કર, આનંદ ઝરેગા તુજે. ડુંગરમેંસે જૈસે પાની ઝરતા હૈ, ઐસે અંતરમેં આનંદ ઝરેગા–આનંદકા ઝરણા આયેગા. યે આરોપ વાણીકો દિયા હૈ.

શ્રીમદ્માં આવ્યુંને, 'વચનામૃત વીતરાગના... વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ..' હૈ તો વાણી, પણ બતાતી હૈ વીતરાગ શાંતિ આત્મસ્વભાવ. વચનામૃત.. વચનામૃત.. એ વચનને અમૃત કીધું. આહાહા! એ શું કહે છે? એમાં અમૃત પ્રગટવાનું એનું નિમિત્ત છે માટે વચનામૃત (કહ્યા). 'વીતરાગના..' પરમશાંત–અકષાયસ્વભાવ–વીતરાગસ્વભાવ પ્રગટ કરનેમેં નિમિત્ત ઐસી વાણી 'પરમ શાંતરસમૂળ.. પણ કાયરને પ્રતિકૂળ' કહે છે. એ ઔષધ તો ભવનો–રોગનો છે. કાયર હીજડા જેવાને તો આકરું પડે કે આ.. આ.. શું કહે છે? ધર્મમાં આવું? ઐસા ધર્મ? કાંઈ કરવું નહીં એ નહીં, રાગ કરવો નહીં. પણ સ્વભાવ કરવો એમ નથી આવતું? આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ હૈ ઉસમેં લીન હોના વહ કરના નહીં? યે કોઈ ક્રિયા નહીં? યે સ્વભાવિક ક્રિયા હૈ. અપના ગુણ ગુણમેં રખના, આનંદ આનંદમેં રખના, શાંતિમેં શાંતિ–ચારિત્ર રખના. સમજમેં આયા? યે ગુણકી પરિણતિ કરના વહ કોઈ કરના નહીં (અને) કંઈ રાગ કરે ને બહારમાં દેખાવની કોઈ ક્રિયા કરે તો એ ક્રિયા. ધૂળેય ક્રિયા નહીં.

**સુંદર આનંદસ્યંદી**... આહાહા! સુંદર આનંદ ઝરતી **અનક્ષરાત્મક જો દિવ્યધ્વનિ**... લ્યો, વાણીમાં આનંદ ઝરે છે એમ કહે છે. મૂળ તો, અતીન્દ્રિય આનંદ ઐસા ભગવાન ઉસકો બતાતી હૈ ઔર સુનનેવાલા અપના અતીન્દ્રિય આનંદમેં નજર કરતા હૈ તો આનંદ ઝરતા હૈ, યે બતાનાવાલી વાણી હૈ. યે વીતરાગકી વાણી બતાનેવાલી હૈ, ઉસકે સિવા કોઈ વાણી ઐસી હોતી નહીં. આહાહા! ભારે કામ! વ્યવહારવાળાને તો ઘા વાગે. એ શેઠ! ગજરાજજી! વ્યવહારવાળાને તો આ ઘા વાગે. વ્યવહાર ઉડા દેતે હૈં સબ. અરે! સુન તો સહી. વ્યવહારકા અર્થ ક્યા? રાગ. રાગ યે ધર્મ હૈ? આહાહા! ઘોર સંસાર ફળ કહા થા ન. આહાહા! સમજમેં આયા? **અનક્ષરાત્મક**

**જો દિવ્યધ્વનિ...** જુઓ ભાઈ! આમાં 'અનક્ષરાત્મક' લીધી. ઓલામાં 'અક્ષર' આવે છેને. અનક્ષર.., એકરૂપ આતી હૈ ન દિવ્યધ્વનિ એટલે અનક્ષર...

**ઉસકે પરિજ્ઞાનમેં કુશલ...** ઐસી વાણીકે જ્ઞાનમેં કુશળ ગણધર.. આહાહા! **ચતુર્થજ્ઞાનધર...** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન **ગૌતમમહર્ષિકે મુખકમલસે નિકલી હુઈ...** ભગવાનકે મુખસે નિકલી ઔર ગણધરને ગૂંથી. **મુખકમલસે નિકલી હુઈ જો ચતુર વચનરચના...** ચતુર વચનરચના, આહાહા! પરમાગમકી રચના. સમજમેં આયા? યે પરમાગમ હૈ, અપને હોતા હૈ કિ નહીં? પરમાગમ મંદિર. આહાહા! પરમાત્માકી વાણી હૈ. મુનિયોંને કહી... પરમાત્માને કહી, ગણધરને કહી ઐસી પરંપરાસે આચાર્ય સંતોને યહી કહા. પરંપરાસે સંતો કુદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પદ્મપ્રભમલધારિદેવ વિગેરે દિગંબર સંતોને વીતરાગકી વાણી બાર (અંગરૂપ) વહન કરી હૈ. આહાહા! સમજમેં આયા?

**ઉસકે ગર્ભમેં વિદ્યમાન રાદ્ધાંતાદિ (સિદ્ધાંતાદિ) સમસ્ત શાસ્ત્રોં...** સિદ્ધાંત તત્ત્વોનો સાર. ગર્ભમેં વિદ્યમાન સમસ્ત શાસ્ત્રકે **અર્થસમૂહકે સારસ્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાકે ચાર ભેદ હૈં.** એમ કહતે હૈં. વીતરાગકી વાણીમેં આલોચનાકે ચાર ભેદ આયે હૈં ઉસકા બખાન કરકે ઐસા ભેદ બતાયા. **વે ભેદ અબ આગે કહે જાનેવાલે ચાર સૂત્રોંમેં કહે જાયેંગે.**

**૧૦૮ વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં :** ૧૫૩

**आलोचनाभेदममुं विदित्वा**
**मुक्त्यंगनासंगमहेतुभूतम् ।**
**स्वात्मस्थितिं याति हि भव्यजीवः**
**तस्मै नमः स्वात्मनि निष्ठिताय ॥१५३॥**

**શ્લોકાર્થ : મુક્તિરૂપી રમણીકે સંગમકે હેતુભૂત...** આહાહા! શિવરમણી–મુક્તિરૂપી રમણી. લ્યો. જુઓ! આહીં શબ્દ છેને? **अंगना...** અંગનાનો અર્થ કર્યોને 'રમણી'? પણ આ તો **मुक्त्यंगना** છે ને? અંગના કહો કે સ્ત્રી કહો કે રમણી કહો. આહાહા! પહલે યે શબ્દ આયા થા ૬૩, સંવત ૧૯૬૩. રામલીલા દેખકર આયે. 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' એવી છ કડી હતી, પણ એટલી યાદ રહી ગઈ. ૬૩ની વાત છે. ૧૭ વર્ષની ઉંમર હતી. સત્તર સમજે? ૧૦ ને સાત = સત્તરહ. આ શબ્દ પહેલો આવ્યો હતો અંદર. તું તો શિવરમણી રમનાર છે. આ સ્ત્રીના ધંધા-ફંદા યે તેરા કર્તવ્ય નહીં. આ 'રમણી' શબ્દ આવ્યો દેખો! **अंगना**.. ગુજરાતીમાં સ્ત્રી કહે છેને.

**मुक्त्यंगनासंगमहेतु...** આહાહા! પરમાનંદરૂપી રમણી–મુક્તદશા–પૂર્ણાનંદમાં રમનારી દશા, ઐસે સંગમકે હેતુ–એને મિલાપ કરનારું નિમિત્ત, ઐસી આલોચના ઉસકા હેતુ નામ કારણ. **આલોચનાકે ભેદોંકો જાનકર જો ભવ્ય જીવ વાસ્તવમેં**–ખરેખર **નિજ આત્મામેં સ્થિતિ**

**પ્રાપ્ત કરતા હૈ...** બાત યે હૈ લ્યો. ભગવાનકી વાણી સુનકર ભી... ભગવાનને યે કહા થા, એમ. આલોચનાકે કથનમેં દિવ્યધ્વનિમેં–ભગવાનકી વાણીમેં આયા, સંતોને વહી બાત કહી. ક્યા? નિજ આત્મામેં સ્થિતિ પ્રાપ્ત કર. તેરા સ્વરૂપ અખંડાનંદ... પહલે 'આલોચના' યહાં લિયા દેખો! અહીં 'આમ આલોચવું' એમ ન લીધું. આહીં સ્થિત કર. આહાહા!

**નિજ આત્મામેં**... 'નિજ આત્મા' શબ્દ વાપર્યો છે પાછો. પરમાત્મા ત્રિલોકનાથ એને નહીં. સર્વજ્ઞ પરમાત્માકા લક્ષ કરેગા, ધ્યાન કરેગા, તો વિકલ્પ–રાગ ઉઠેગા. તેરા નિજ પરમાત્મા.. આહાહા! **નિજ આત્મામેં સ્થિતિ પ્રાપ્ત કરતા હૈ**... આહાહા! ઇસમેં તો ઐસા લિયા કિ દિવ્યધ્વનિમેં ઐસા આયા... નિજસ્વરૂપમેં સ્થિતિ કર ઐસા આયા થા. તો નિજ સ્વરૂપમેં સ્થિતિ કરતે હૈં. આહાહા! 'લાખ વાતની વાત' આતા હૈ કિ નહીં છઢાળામેં? 'નિશ્ચય ઉર આનો, છોડી જગત દ્વંદ્વ-ફંદ નિજ આતમ ધ્યાઓ.' આ નિજ આતમ ધ્યાઓ. આહાહા! પણ અપની કિંમત હી કી નહીં. મૈં તો જૈસે પામર હૂં, રાગમેં રહનેવાલા હૂં, દુનિયાકે ધંધા કરનેમેં હૂં. ધૂળેય નહીં, સુન તો સહી. યે સબ તું નહીં. આહાહા! તેરી ચીજ આનંદનું ધામ... શી રીતે–કઈ પ્રકારે ઉસકા કથન કરના? કહતે હૈં. ઐસે નિજસ્વરૂપ આત્મામેં સ્થિતિ પ્રાપ્ત કરતા હૈ, **ઉસ સ્વાત્મનિષ્ઠિતકો...** અહો! મુનિ ભી આનંદમેં આયે હૈં ન! **(ઉસ નિજાત્મામેં લીન ભવ્ય જીવકો) નમસ્કાર હો.** આહાહા!

**तस्मै नमः... तस्मै नमः... स्वात्मनि निष्ठिताय तस्मै नमः.** આહાહા! નમસ્કાર ક્યા વિકલ્પકો–વ્યવહારકો હૈ? નગ્નદશાકો નમસ્કાર હૈ? યે તો જડ હૈ. આહાહા! એમ કહતે હૈં. મેરા નમસ્કાર, નિજસ્વરૂપમેં સ્થિત હોકર નિર્મલ નિર્વિકારી દશા પ્રગટ હુઈ ઉસકો મેરા નમસ્કાર હો. યે મુનિ ઐસે આલોચન કરનેવાલેકો નમસ્કાર કરતે હૈં. આહાહા! યે ૧૦૮ હુઆ. ૧૦૯. આયા હવે માલ. બીજી-બીજી રીતે કહે છે.

**जो पस्सदि अप्पाणं**... સમયસાર (ગાથા) ૧૪-૧૫મેં આતા હૈ. जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं... આમાં બીજી રીતે કહે છે.

**जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं ।**
**आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं ॥१०९॥**

પરમ વીતરાગ પરમેશ્વરનો આ ઉપદેશ છે. આહાહા!

**સમભાવમેં પરિણામ સ્થાપે ઔર દેખે આતમા,**
**જિનવર વૃષભ ઉપદેશમેં વહ જીવ હૈ આલોચના. ૧૦૯**

**ટીકા : યહાં, આલોચનાકે સ્વીકારમાત્રસે પરમસમતાભાવના કહી ગઈ હૈ.** ક્યા કહતે હૈં? ભગવાન આત્મા અપને શુદ્ધસ્વરૂપકા જહાં અવલોકન કરતે હૈં તો પરમસમતાભાવ પ્રાપ્ત હોતા હૈ અને પરમસમતાભાવસે આત્મામેં સ્થિર હોતા હૈ. રાગસે સ્થિર હોતા નહીં એમ કહતે

હૈ. પાઠ હૈ ન? **समभावे संठवित्तु परिणामं...** અપને શુભ-અશુભ પરિણામસે હઠકર, શુદ્ધ પરિણામ જો વીતરાગી શુદ્ધ ઉસસે આત્મામેં સ્થિર હોતા હૈ, ઉસસે આત્માકો દેખતા હૈ એમ કહતે હૈં. એને જિનેન્દ્રના ઉપદેશમાં આલોચના જાણ. ઉસકો આલોચના કહતે હૈં. આહાહા! ...... આલોચનાકા ઉપહાસ કિયા હૈ. એમાં આવશે, એમાં આવશે કળશમાં ૧૫૫માં.

**વાસ્તવમેં વ્યવહાર-આલોચનાકે પ્રપંચકા ઉપહાસ કિયા હૈ.** હંસી, મજાક. વ્યવહારકા તો મજાક ઉડાયા હૈ. ૨૧૫ પાને, ૧૫૫ કળશ. હૈ? **નિકટ પરમપુરુષમેં વિધિ ક્યા ઔર નિષેધ ક્યા?** ઉપહાસ કિયા હૈ, મશ્કરી. વ્યવહાર ક્યા? પ્રપંચ, વિકલ્પ ક્યા? પ્રપંચનો અર્થ વિસ્તાર. યહાં તો વ્યવહારકી મશ્કરકી કી હૈ. આ ભગવાન પાસે જઈને આલોચના કરના, ઐસા કરના, યે વ્યવહારકી તો મજાક ઉડાઈ હૈ નિશ્ચયને. ઘોર સંસારનું મૂળ કહ્યું છે. શુભ ઉપયોગ વ્યવહાર સંસારનું મૂળ છે. જેને મુક્તિ પ્રાપ્ત કરવી હોય એણે સંસારના મૂળનો આશ્રય લેવો? એનું અવલંબન લેવું? ઐસા કૈસે હો?

**યહાં, આલોચનાકે સ્વીકારમાત્રસે પરમ સમતાભાવના કહી ગઈ હૈ**, એમ કહે છે. અંતરના સન્મુખમાં જ્યાં સ્વીકાર ... હુઆ વહાં વીતરાગતા પ્રગટ હોતી હૈ. અને વીતરાગભાવ દ્વારા આત્માકો દેખના ઉસકા નામ આલોચના હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? આત્મામાં તો એની એ વાત આવે છે. ભાઈ! એની એ નથી, વિસ્તારથી ઘણા પ્રકાર છે. પડખાં જુદા-જુદા કરીને સ્થાપવું છે તો વીતરાગભાવ, એ પણ આત્માના આશ્રયે. પણ એની કથની વિસ્તારસે–અનેક પ્રકારસે હોતી હૈ ન. **પરમ સમતાભાવ...** પાછો એણે શબ્દ 'પરમ' લાગુ પાડ્યો. **આલોચનાકે સ્વીકારમાત્રસે પરમ સમતાભાવના.. પરમ સમતાભાવના કહી ગઈ હૈ**. આહાહા! પરમ સમતા, વીતરાગતા, નિર્દોષતા, પવિત્રતા યે ભાવના અંતરમેં કરના, યે યહાં બાત કી હૈ. વિશેષ આયેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ સાતમ, શનિવાર, તા. ૨૮-૮-૧૯૭૧**
**ગાથા - ૧૦૯, શ્લોક - ૧૫૪-૧૫૫, પ્રવચન નં. ૧૦૭**

આજ દસલક્ષણી પર્વમેં તીસરા દિન હૈ ઉત્તમ આર્જવધર્મ. યે ચારિત્રકા પેટા ભેદ હૈ. મુનિકી મુખ્યતાસે બાત હૈ ન. દસલક્ષણી પર્વ ચારિત્રકા ભેદ હૈ. ચારિત્રકા આરાધન કરનેવાલે મુનિ હોતે હૈં અને ચારિત્રકા ફલરૂપ મુક્તિ ઉનકો હોતી હૈ. તો કહતે હૈં, ઉત્તમ આર્જવધર્મ.

**जो चिंतेइ ण वंकं कुणदि ण वंकं जंपए वंकं ।**
**ण य गोवदि णियदोसं अज्जवधम्मो हवे तस्स ॥३९६॥**
(કાર્તિકેયાનુપ્રેક્ષા).

**જો કોઈ મુનિ મનમેં વક્રતારૂપ ચિંતવન નહીં કરે...** મન, વચન ને કાયાની સરળતા. યે સરલતાકે ભી દો ભેદ હૈં. એક વ્યવહાર સરલતા જો રાગકી મંદતારૂપ ભાવપુણ્ય હૈ. સમજમેં આયા? ઔર એક નિશ્ચય સરલતા વહ શુદ્ધભાવ હૈ.

શ્રોતા : એનાથી બે ધર્મ ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એક વ્યવહારધર્મ ને એક નિશ્ચયધર્મ. શાસ્ત્રમેં આતા હૈ ન, તત્ત્વાર્થસૂત્રમેં. મન-વચન ને કાયાકી સરલતા–અવક્રતા ઉસસે નામકર્મકી પુણ્યપ્રકૃતિ બંધતી હૈ. ઐસા આતા હૈ ન. તત્ત્વાર્થસૂત્રમેં આતે હૈં ચાર બોલ. પુણ્યભાવકી બાત હૈ વહાં. સમજમેં આયા? યે શુભવિકલ્પ હૈ. યે આર્જવધર્મ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ હૈ.

તો કહતે હૈં, **જો મનસે વક્રતા ન ચિંતવે...** અપની શુદ્ધ નિર્વિકારીપર્યાય ઉસકો યહાં ઉત્તમ સમ્યગ્દર્શન સહિત સરલતા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન... આત્મા આનંદસ્વરૂપ ઉસકા જિસકો ભાન નહીં, ઉસકી સરલતા વિકલ્પકી મંદતામેં જાતી હૈ, વહ પુણ્યબંધમેં જાતી હૈ. અપના નિજસ્વરૂપ શુદ્ધ આનંદ ઉસકી દૃષ્ટિ હુઈ ઔર ઉસમેં લીનતા કરતા હૈ ઉસકો વીતરાગી સરલતા હોતી હૈ. એ ચાર આવે છે .... તત્ત્વાર્થસૂત્રમાં—મન, વચન ને કાયા, અવિસંવાદ ભાવ. સાધર્મી સાથે ઝઘડો આદિ ન કરે, શુભનામકર્મ બાંધે. શુભનામકર્મ બંધતા હૈ. વહ વિકલ્પકી બાત હૈ.

જામનગરમેં પહલે ગયે થે ૮૨કી સાલ. બાહ્યકી ક્રિયામેં સબ (ધર્મ) માનતે થે. ઔર મૈંને તો (કહા) સભામેં કિ ચાર પ્રકારસે મન-વચન ને કાયા, અવિસંવાદભાવ સબ હો તો પુણ્યબંધ હૈ, ધર્મ નહીં. પણ એ વીરજીભાઈના પિતાજી હતાને તારાચંદભાઈ. ઉસકો તો ઐસા લગા કિ આહાહા! આ હમણાં સુધી તો..... આ લોકોને.... દેખો! નામ તુમ્હારા હૈ કહીં? .... છેને એ? શું કહેવાય? જ્ઞાનસાગર. આહાહા! ક્યા લિખા હૈ? દેખો! તત્ત્વાર્થસૂત્રમેં તો હૈ, પણ તે દિ' ક્યાં

તત્ત્વાર્થસૂત્ર દેખ્યું હતું? દેખો ઉસમેં. મન સરળ, વચન સરળ, કાય સરળ ઔર અવિસંવાદ(ભાવ)–કિસીકે સાથ ઝઘડા નહીં. ઐસી રાગકી મંદતામેં શુભનામકર્મ બાંધતે હૈં, ધર્મ નહીં. ઐસે હો ગયે દુર્બલ. ખાનગી આયે.. ખાનગી આયે તારાચંદ પાનાચંદ. મહારાજ! આ લોકોને.... મેં કીધું, માર્ગ યહી હૈ. લોકોને શું, આહીં ક્યાં વાત છે? લોકો એમ કહે કે આ કરે છે એને તમે ધર્મ કહેતા નથી ને પુણ્ય કહો છો એને.

વીરજીભાઈ હતાને તેમના પિતાશ્રી હતા. ૩૨ સૂત્રના જાણનારા. સાધુ-આર્જિકાને ભણાવે. માણસ ઠંડા છે આમ. પણ આ તત્ત્વની ખબર નહીં. બધું ચલવે આ સામાયિક, પોષા, પડિકમણા એ અમારો ધર્મ. ધૂળેય ધર્મ નથી. એય! લ્યો, આ બેઠા એમના દીકરા. કાનજીભાઈ આવ્યા છે. તારાચંદભાઈની વાત છે. એ કઈ સાલ સમજે? ૮૨. સંવત ૧૯૮૨. તમારે અપાસરે, નવકારના અપાસરે ત્યાં ઉતર્યા હતાને. ત્યાં આ વાંચે છેને. સમજાણું કાંઈ? એવું એમાં શાસ્ત્રમાં આવે છે–શ્વેતામ્બર શાસ્ત્રમાં આવે છે. આતા હૈ કિ મનકી સરળતા, વાણીકી સરળતા, કાયાકી સરળતા ઔર અવિસંવાદ (અર્થાત્) વિસંવાદ–ઝઘડા-બગડા નહીં, કષાયની મંદતા, પુણ્યબંધ હો. કાનજીભાઈ! તે તમારા દાદા આવ્યા સાંજના એકલા હોં. પડિકમણું...

કીધું, આમ છે માર્ગ. ધર્મકી ચીજ દૂસરી હૈ. આ કાયાની સરળતા ને ઐસા ક્રિયાકાંડ નહીં. વહ તો પુણ્યબંધ, નામકર્મ બાંધે મિથ્યાત્વ સહિત શુભનામકર્મ. ઇસમેં ક્યા? જિસમેં અપની શાંતિ ને વીતરાગતા ઉત્પન્ન હો... મૂલચંદભાઈ! એમના પિતાશ્રીના પિતાશ્રી હતા. બહુ સાધુ-આર્જિકાને ભણાવે શાસ્ત્ર. ચાલતા સૂત્ર કહેતા, ચાલતા સૂત્ર. તારાચંદભાઈ હુશિયાર બહુ. દૃષ્ટિની કાંઈ ખબર ન મળે. એ કાનજીભાઈ! એ ૮૨ની અંદર આ મોટી ચર્ચા થઈ હતી. માર્ગ આ છે. બહાર તમે કહો કે ન કહો, વસ્તુ બીજી નથી. આહીં એ કહે છે, દેખો! મન, વાણીકી વક્રતાકા વિકલ્પ નહીં જહાં. સરળતા... સમજે?

**મનમેં જો દૂસરેકો ભુલાવા દેનેકે લિયે વિચાર તો કુછ કરે ને વચનસે કુછ કહે, કાયસે કુછ ઔર હી કરે. ઐસા કરનેમેં માયાકષાય પ્રબલ હોતી હૈ**. ઇસલિયે ઐસા નહીં કરે. **નિષ્કપટ પ્રવૃત્તિ કરે, અપને દોષોંકો નહીં છુપાવે**. તીસરા પદ હૈ ન. અપને દોષ હો, બચાવ ન કરે. દોષી.. દોષી હૈ. જિતના રાગાદિ હો, દોષ હૈ. **ઐસે, તૈસે બાલકકી તરહ ગુરુકે પાસ કહે વહાં ઉત્તમ આર્જવધર્મ હોતા હૈ.** ઐસી બાત હૈ. યે તીસરા ધર્મ હુઆ ન આજ.

યહાં અપને ૧૦૯ ગાથા નિયમસાર. આલોચના (અધિકાર). અપને પૂર્ણાનંદસ્વરૂપકો દેખના–જોવું ઉસકા નામ આલોચના હૈ. સમજમેં આયા? વ્યવહારમેં રાગાદિકા આલોચન કરના, છોડના ઉસકા નામ વ્યવહાર આલોચના. નિશ્ચય આલોચના યહ હૈ. આહાહા! દેખો! ટીકા. ઉસકી એક લીટી ચલ ગઈ હૈ. ૧૦૯.

**ટીકા : યહાં, આલોચનાકે સ્વીકારમાત્રસે પરમસમતાભાવના કહી ગઈ હૈ.** અપના શુદ્ધસ્વરૂપ, પૂર્ણ આનંદ ઔર પૂર્ણ જ્ઞાનકંદ ઉસકો સ્વીકાર કરનેસે, ઉસકો દેખનેસે, ઉસકો દેખકર અવલોકન કરનેસે, માત્રસે–સ્વીકાર માત્રસે... ત્રિકાળી પરમાત્મા અપના નિજસ્વરૂપ ઉસકે **સ્વીકારમાત્રસે પરમસમતાભાવના કહી ગઈ હૈ**. ઉસમેં પરમવીતરાગભાવના હી હોતી હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ હૈ નિયમસાર. **સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરકે ફેન-સમૂહકો શ્વેત શોભામંડલકી વૃદ્ધિકે હેતુભૂત પૂર્ણ ચંદ્ર સમાન...** આહાહા! કહે છે કે આલોચના કરનાર, અપના નિજસ્વરૂપકા અવલોકન કરનેવાલા પરસે વિમુખ હૈ. સહજ વૈરાગ્યકા... વૈરાગ્યરૂપી અમૃતસાગરના ફેણ. આહાહા! ફેણ હોયને એમાં. ફીણ. ફીણ કહતે હૈં? ફેણ કહતે હોં. ધોળા હોતા હૈ ન. (ઝાગ).

**શોભામંડલ**... યે ફેનકી ભી શોભામંડલી.... વૃદ્ધિકે હેતુભૂત–જ્વાર લાકર... **પૂર્ણ ચંદ્ર સમાન**... જુઓને! વિશેષણ કેટલા વાપર્યા! ઇસ બાજુ પૂર્ણાનંદસ્વભાવ ઉસકો દેખના હૈ તો પરસે બિલકુલ વૈરાગ્યભાવ હૈ, એમ કહતે હૈં. ઉસ વૈરાગ્યભાવમેં અમૃતકા સાગર વૈરાગ્યભાવ.. આહાહા! પર્યાયમેં રાગકો છોડકર, અપના શુદ્ધ આનંદ પ્રભુ ઉસકા અવલોકન કરનેમેં પરસે વિરક્તતા, રાગસે વિરક્તતા હુઈ ઐસા સ્વભાવિક વૈરાગ્ય... ઐસા અમૃતકા સાગર ઉસકા ફેણ-સમૂહ **શ્વેત શોભામંડલકી વૃદ્ધિકે હેતુભૂત પૂર્ણ ચંદ્રમા સમાન (અર્થાત્ સહજ વૈરાગ્યમેં જ્વાર લાકર ઉસકી ઉજ્જ્વલતા બઢાનેવાલા) જો જીવ...** આહાહા! **સદા અંતર્મુખાકાર...** કૈસે હૈં જીવ? કિસકો દેખતે હૈં? કૈસે સ્વરૂપકો દેખતે હૈં ધર્માત્મા? કિ **સદા અંતર્મુખાકાર (સદા અંતર્મુખ જિસકા સ્વરૂપ હૈ ઐસે)...** ભગવાન આત્મા તો અંતર્મુખ આનંદકંદનાથ હૈ. બહિર્મુખમેં તો રાગ ને એક સમયકી પર્યાય હૈ. આહાહા! સમજમેં આયા? ભીખાભાઈ! શું કહ્યું? કહ્યું શું? કહા ક્યા?

શ્રોતા : પોતામાં અંતર્મુખ હોવાપણાની વાત છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હુઆનો પ્રશ્ન નથી. આ તો સ્વરૂપ કેવું છે પહલે ઐસે સમજના. યે તો વસ્તુ કૈસી હૈ? સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવને યે આત્મા કૈસા દેખા હૈ? એમ કહતે હૈં. યે તો અંતર્મુખ ચીજ જિસકા સ્વરૂપ હૈ. યે બહિરમેં હૈ હી નહીં એમ કહતે હૈં. સમજમેં આયા? વસ્તુ ભગવાન આત્મા અંતર્મુખ જિસકા સ્વરૂપ હૈ. યે રાગ ને પર્યાયમેં આયા હી નહીં એમ કહતે હૈં. આહાહા! ભગવાન આત્મા અંતર નિજસ્વરૂપ અંતર્મુખ હૈ, ઉસકા સ્વરૂપ બહિર્મુખમેં હૈ નહીં. આહાહા! સમજમેં આયા? શેઠ! ઐસી સૂક્ષ્મ બાત હૈ જરી. સમજના પડેગા, વેઠથી નહીં, જરી હોંશથી. સમજના પડેગા, ક્યા કરે? દુઃખી છીએ. એ તો વેઠ કાઢી–નિકાલી. યહાં તો, મૈં ઐસા હૂં ઐસે પ્રમોદસે સ્વીકાર કરના પડેગા. સમજમેં આયા? દેવીલાલજી! આહાહા! અધિકાર અચ્છા આયા હૈ નિયમસારમેં હોં. આહાહા! **સદા અંતર્મુખાકાર**... એક બાત.

**અતિ અપૂર્વ...** કભી દૃષ્ટિમેં લિયા હી નહીં ભગવાન આત્માકો. પર્યાયકો ને રાગકો લક્ષમેં લિયા, જિસસે મિથ્યાત્વ હુઆ, ઉસસે સંસારકી વૃદ્ધિ હુઈ. આહાહા! સમજમેં આયા? ઐસી **અતિ અપૂર્વ**... આહાહા! સમ્યગ્દર્શનકી નિર્મળ વીતરાગી પર્યાય ઉત્પન્ન હો, વહ તો અપૂર્વ હૈ હી. યે તો વસ્તુ અતિ અપૂર્વ હૈ. સમજમેં આયા? ક્ષાયિકસમકિત, ચારિત્ર-વીતરાગ દશા હો યે અપૂર્વ હૈ. પૂર્વમેં પ્રગટ નહીં (હુઈ) ઐસી ચીજ હૈ. પણ વહ તો પર્યાયકી અપૂર્વતા હૈ. પણ યે તો વસ્તુ અતિ અપૂર્વ હૈ. આહાહા! અનાકુલ આનંદકા ધામ... આહીં તો હજી આગળ લેશે. 'જ્ઞાનકા સ્થાન' ઐસા લેંગેં. ગજબ ટીકા કરી છે! આહાહા! ઐસી સંતોંકી વાણી, એ વાણીમાં આ! ઐસા કહીં લખાણ મિલે નહીં ઐસી ચીજ હૈ. આહાહા! **સદા અંતર્મુખ સ્વરૂપ જિસકા હૈ**... ભગવાન આત્માકા તો અંતર્મુખ સ્વરૂપ હૈ. જો પર્યાયમેં આયા નહીં, રાગમેં આયા નહીં, નિમિત્તને તો કભી છુઆ હી નહીં.

**નિરંજન નિજબોધકે સ્થાનભૂત...** આહાહા! અંજન નામ મેલ બિનાકા નિજબોધ-અપના ત્રિકાળી જ્ઞાન, યે જ્ઞાનકા સ્થાનભૂત... અપના નિજજ્ઞાન જો ત્રિકાળી ઉસકા સ્થાનભૂત... આહાહા! **કારણપરમાત્મા...** સમજમેં આયા? ભગવાન આત્મા એક સમયમેં-સેકંડકે અસંખ્યવે ભાગમેં સદા અંતર્મુખસ્વરૂપ, અતિ અપૂર્વ ઔર નિરંજન નિજબોધકે સ્થાનભૂત... **નિરંજન નિજબોધકે સ્થાનભૂત**... આહાહા! મતિ-જ્ઞાન આદિ પર્યાયમેં તો કર્મકે નિમિત્તકી અપેક્ષા હૈ ઉસમેં, ઉસકો તો વિભાવગુણ કહા. સમજમેં આયા? યે તો નિજબોધ જો ત્રિકાળી ચૈતન્યસ્વભાવ.. ચૈતન્યસ્વભાવ.. ચૈતન્યસ્વભાવ.. ધ્રુવસ્વભાવ, ઉસકા સ્થાન. આહાહા! સમજમેં આયા? **નિરંજન નિજબોધકે સ્થાનભૂત કારણપરમાત્માકો**... એ બધા કારણપરમાત્માના વિશેષણ કહ્યા. સમજમેં આયા?

**નિરવશેષરૂપસે અંતર્મુખ...** હવે પર્યાયમાં આવી. બિલકુલ બાકી રાખ્યા વિના અંતર્મુખ **નિજ સ્વભાવનિરત...** અપને ત્રિકાળી સ્વભાવમેં લીન, **સહજ અવલોકન દ્વારા...** અપની વર્તમાન જ્ઞાન ને વીતરાગી આનંદકી પર્યાય ઉસકે અવલોકન દ્વારા **નિરંતર દેખતા હૈ...** ઉસકા નામ આલોચના હૈ. શેઠ! સમજાણું કાંઈ? આ મિચ્છામિ દુક્કડમ્ કર્યું, મિચ્છામિ દુક્કડમ્ સામે (કરે). આ તો અપૂર્વ ચીજ જો અંદર આનંદ પ્રભુ, જો નિરંજન-અંજન બિનાકા, મેલ બિનાકા નિજબોધ કાયમી, ઉસકે સ્થાનરૂપ ભગવાન કારણપરમાત્મા વસ્તુ. ઉસકો **નિરવશેષરૂપસે અંતર્મુખ**-વર્તમાન પર્યાયમેં કુછ રખે બિના સંપૂર્ણ રીતે અપને અંદરમેં દેખતે હૈં. આહાહા! સમજમેં આયા? આ આલોચનાની રીત. આ બધા ઊભા થઈને બોલોને સંવત્સરીએ, મિચ્છામિ દુક્કડમ્.. મિચ્છામિ દુક્કડમ્.. મિચ્છામિ દુક્કડમ્. એ મિચ્છામિ દુક્કડમ્ સાચા નહીં. આહાહા!

ભગવાન આત્મા અતિ અપૂર્વ અંતર્મુખ જિસકા સ્વરૂપ ઔર મૈલ બિનાકા જ્ઞાનબોધ અપના સ્વભાવ ઉસકા સ્થાન... વહાં નિજબોધ પડા હૈ આત્મામેં, ઉસકા વહ સ્થાન હૈ. ઉસકો

કારણપરમાત્મા કહતે હૈં. અપને ભગવાન આત્માકો કારણપરમાત્મા કહતે હૈં. આહાહા! કિસકો? અવશેષ(રહિત)રૂપસે–નિઃઅવશેષ–કાંઈ બાકી રાખ્યા વિના અપની પર્યાયકો અંતર્મુખ ઝુકાના. એ શેઠ! આવી વાત પણ ક્યાં સાંભળી છે? ત્યાં સાગરમાં સાંભળી છે? જલ્દી આતે હૈં તુમસે પહલે હોં. રસ હૈ ઉસકો. સમજમેં આયા? આહાહા! ઇસકે સિવા થોથા હૈ સબ. પહલે સમજમેં તો લાના ચાહિયે ન કિ ચીજ યે હૈ ઔર ઇસ ચીજ સન્મુખ હોના હૈ. જિસકે સન્મુખ હોના હૈ વહ ચીજ ક્યા હૈ? સન્મુખ હોના વહ તો પર્યાય હૈ. સમજમેં આયા? પણ વહ પર્યાય જિસકે સન્મુખ હોવે યે ચીજ કૈસી હૈ? આહાહા! તારણસ્વામી તો બહોત કહતે હૈં, **अप्पा सो परमप्पा...** બહોત કહતે હૈં. મમલપાહુડમેં હૈ ઔર જ્ઞાનસમુચ્ચયમેં હૈ. અપને વ્યાખ્યાન હો ગયા હૈ. હજી તો છપા હૈ કહાં? બાકી હૈ. પચ્ચીસ છપાવ્યા, હજી આઠ તો બાકી છે. કહો, સમજમેં આયા? આહાહા!

**સહજ અવલોકન દ્વારા...** ભાષા તો દેખો! વિકલ્પ નહીં. અંતર્મુખ હોકર... અંતર્મુખસ્વરૂપમેં અંતર્મુખ હોકર... અંતર્મુખસ્વરૂપ સહજ સ્વભાવ દેખતે હૈં. **જો જીવ કારણપરમાત્માકો સર્વથા અંતર્મુખ ઐસા જો નિજ સ્વભાવમેં...** જુઓ! સર્વથા અંતર્મુખ ઐસા નિજ સ્વભાવ... **લીન સહજ-અવલોકન ઉસકે દ્વારા** વહ પર્યાય. સહજ અવલોકન દ્વારા **નિરંતર દેખતા હૈ—અનુભવતા હૈ...** આહાહા! પહલે તો અભી સમજના મુશ્કેલ કિ ક્યા ચીજ કહતે હૈં. શાસ્ત્ર પઢે ને ભણે ને ઐસા કરે, બાપુ! યે તો દૂસરી ચીજ હૈ. સમજમેં આયા? આહાહા! દિગંબર સંતોને પરમેશ્વરકો નીચે ઉતારા હૈ. હમ તો આયે હૈં તુમ્હારે પાસ, હમારે પાસ આઓ. આહાહા! હમારા ભગવાન હમારે પાસ હૈ. તેરા સ્વરૂપ, ભગવાન! ઐસા હી મેરા સ્વરૂપ હૈ. આહાહા! દિગંબર સંતોને સનાતન વીતરાગપંથ ધર્મધુરંધર ધર્મના થાંભલા ઐસા રખા. કેમ કહેવો એને ભાષા ઓછી પડે. આહાહા! શબ્દ(મેં આવે) નહીં ઐસી શબ્દાતીત–વચનાતીત, વિકલ્પાતીત. આહાહા! અંતરમેં કૈસા લિયા? પાંચ પર્યાય જ્ઞાનકી હૈ ઉસમેં તો નિમિત્તકી અપેક્ષા આતી હૈ, કહતે હૈં. યે અંદર નિજબોધ નિરંજન સ્વભાવ ત્રિકાળ ઉસકા સ્થાન કારણપ્રભુ ઉસકો નિરવશેષ પુરુષાર્થસે અંતર્મુખ હોકર દેખતે હૈં. આહાહા!

**ક્યા કરકે દેખતા હૈ?** અબ પરિણામ લેતે હૈં. પરિણમ તો વહાં લિયા, પણ વિશેષ પાઠ હૈ ન? **પહલે નિજ પરિણામકો સમતાવલંબી કરકે...** દેખો! અપની પર્યાયમેં સમતા–વીતરાગ પર્યાય પ્રગટ કરકે... સમતાવલંબી. આહાહા! અમૃત ઝરતા હૈ. આગે કહેશે કે અમારા મુખમાંથી તો પરમાગમ ઝરે છે. મુનિ પોતે કહે છે હોં. આહાહા! ભગવાન! તું ઐસા હૈ અંદર, જૈસા વર્ણનમેં આતા હૈ ઐસા હૈ. બહાર નહીં હૈ, બહાર ગયા નહીં હૈ. આહાહા! યે વિશ્વાસ, યે પ્રતીતિ, યે ભરોસા કહાંસે લાના? યે કોઈ બહારસે આતા હૈ?

કહતે હૈં, **પહલે નિજ પરિણામકો...** ઐસા શબ્દ લિયા હૈ. અર્થાત્ પહલે વીતરાગ પર્યાય પ્રગટ કરકે, રાગકી પર્યાયકો છોડકર, વીતરાગીભાવ, સમતાભાવ, નિર્વિકલ્પભાવ... સમતાવલંબી કરકે, **નિજ પરિણામકો સમતાવલંબી કરકે, પરમસંયમીભૂતરૂપસે...** એ 'મ' પડ્યો રહ્યો છે. 'મ' રહી ગયો છે. પાઠ છેને. **परमसंयमीभूत्वा तिष्ठति...** સંસ્કૃતમેં હૈ ટીકા. છે ને? **समतावलंबनं कृत्वा परमसंयमीभूत्वा तिष्ठति..** એ 'ર' રહી ગયો છે. ગુજરાતીમાં બરાબર છે, આમાં રહી ગયો છે. **પરમસંયમીભૂતરૂપસે...** ઉત્કૃષ્ટ બાત હૈ ન યહાં મુનિકી. દસલક્ષણી પર્વ હૈ ન. યે પર્વ તો ચારિત્રકા હૈ. આહાહા! ઉસમેં યે આયી આલોચના દેખો! આહાહા! સમજમેં આયા? અનાદિસે ઐસા દસલક્ષણીપર્વકા આરાધન હોતા હૈ. પાંચમસે શુરૂ હોતા હૈ, ચૌદસ પર પૂરા હોતા હૈ. આહાહા! યે પૂરા હોતા હૈ અંદરમેં.

**પહલે નિજ પરિણામકો સમતાવલંબી કરકે...** પહલે સમજમેં તો લે કિ યે ક્યા હૈ? પર્યાયમેં–વર્તમાન દશામેં સમતા પ્રગટ કરકે... પહલે સમતા પ્રગટ કરકે, પીછે અંતર્મુખ સ્વરૂપકો દેખના, એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! એવી વાત છે. **નિજ પરિણામકો સમતાવલંબી કરકે, પરમસંયમીભૂતરૂપસે રહકર...** ઉત્કૃષ્ટ બાત હૈ ન. પરમસમતાભાવકા અવલંબન લેકર, અંદરમેં સંયમીભૂતરૂપસે **રહકર દેખતા હૈ, વહી આલોચનાસ્વરૂપ હૈ...** અપનેકો દેખના વહ આલોચનાકા સ્વરૂપ હૈ, પરકો દેખને-જાનનેકી બાત નહીં. સમજમેં આયા?

**ઐસા, હે શિષ્ય!...** કુંદકુંદાચાર્ય કહતે હૈ ન. **जाणह** ગાથામેં હૈ. **आलोयणमिदि जाणह...** કુંદકુંદાચાર્ય ભગવાન સંત સ્વયં કહતે હૈં, **હે શિષ્ય! તૂ પરમ જિનનાથકે ઉપદેશ દ્વારા જાન.** વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરને કહા હુઆ આલોચનાકા સ્વરૂપ ઐસા તું જાન.. ઐસા તું જાન. પહેલું તો 'જાણ' એમ કહ્યું. સમજમેં આયા? ઐસા આલોચનાકા સ્વરૂપ ભગવાનને કહા, એમ કહતે હૈં ભાઈ! વ્યવહાર કહતે હૈં ઉસકી મશ્કરી કરેંગેં ન ઉસમેં. ઇસ કારણસે કહેંગેં. ઐસા તું જાન, એમ કહતે હૈં ભગવાન. વ્યવહાર-ફ્યવહારકી આલોચના વિધિ.... નિષેધ હૈ ઉસમેં... ઉસકા કળશમેં લેંગેં. ઉસકો ઇસ કારણસે લેંગેં. (૧૫૫મો કળશ). હા, હૈ ન. ઇસ ગાથાકા કળશ હૈ ન.

ગાથામેં ઐસા આયા કિ ઐસા આલોચન તું જાણ. પરકે વ્યવહાર-ફ્યવહારકી બાત છોડ દે. સબ મશ્કરી કરતે હૈં વ્યવહારકી. પાપ લાગ્યા એને વ્યવહાર આલોચના. ગુરુકે પાસ કહતે હૈં. મજાક હૈ. વ્યવહાર આલોચનાકી તો મજાક ઉડાઈ હૈ. હંસી, તિરસ્કાર, ખિલ્લી. 'ખિલ્લી' કહતે હૈં ન તુમ્હારે? ખિલ્લી ઉડાઈ ખિલ્લી. વ્યવહાર આલોચનાકી તો ખિલ્લી ઉડાઈ. આહાહા! યે પાઠકે દ્વારા હોં. **जाणह** આયા ન, મુનિરાજને ઉસમેંસે નિકાલા. **आलोयणमिदि जाणह...** યે આલોચના જાન. વ્યવહાર-ફ્યવહારની વાત મફતમાં શું કરે છે? એય દેવીલાલજી! આહાહા! વ્યવહારના તો ભૂકા ઉડાવ્યા છે. કોણ કહેતું હતું? ચીમનભાઈ. કાલ કહેતા હતાને.

શ્રોતા : ......

પૂજ્ય ગુરુદેવશ્રી : યહાં વર્તન હૈ ન. આત્મામેં હૈ સબ. ઇસકે સાથ તો .... હૈ. વહ કહા ન. નિરંજન નિજબોધકા સ્થાન-પાત્ર ભગવાન આત્મા. બસ વહ ભગવાન આત્માથી કેળવ નિર્વિકલ્પ પર્યાય. આ કીધુંને. પાત્ર-સ્થાન કહા ન. નિજબોધકા સ્થાન આત્મ વહ પાત્ર આયા. શબ્દ તો આ નહોતા, ક્ષેત્ર કહા થા. અપના ત્રિકાળી જ્ઞાનમૂર્તિ સ્વભાવ ઉસકા સ્થાન તો ભગવાન આત્મા હૈ, વહ પાત્ર હૈ. આહાહા! ઉસમેં એકાકાર હોકર પિયુષ-અમૃતકો પીઓ. વહ માર્ગ હૈ ભગવાનકા. આહાહા! સમજમેં આયા?

વ્યવહારવાળાને તો એવું લાગે કે આ તો નિશ્ચય.... વ્યવહાર હોય છે, એ પુણ્યનો વિકલ્પ ને બંધનું કારણ છે. યહાં તો મોક્ષમાર્ગ ચલતા હૈ ન, નિયમસાર. નિયમસારમેં ભી, **नियमेण य जं कज्जं...** નિશ્ચયસે કરનેલાયક વહ નિયમ હૈ. નિશ્ચય મોક્ષમાર્ગ કરનેલાયક હૈ. વ્યવહાર મોક્ષમાર્ગ કરનેલાયક નહીં, આતા હૈ. વ્યવહાર આ જાતા હૈ, વિકલ્પ આતા હૈ, કરનેલાયક નહીં. કર્તા નહીં ઉસકા. આહાહા! સમજમેં આયા? **ઐસા યહ, આલોચનાકે ભેદોંમેં પ્રથમ ભેદ હુઆ.** લ્યો, આલોચનાકે ચાર ભેદ કહે ન ૧૦૮ ગાથામેં. આલોચન, આલુંછન, અવિકૃતિકરણ ને ભાવશુદ્ધિ. ચાર ભેદમેંસે એક ભેદકી વ્યાખ્યા ૧૦૯મેં આયી.

**અબ ઇસ ૧૦૯વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ છહ શ્લોક કહતે હૈં :** ગાથા એક, શ્લોક છ. ૧૧૧ ગાથા એક અને શ્લોક નવ. નવ હજી આવશે નવ. અગિયારમાં નવ, બારમાં નવ. એક નવ આવી ગયા. ૧૫૪ કળશ.. કળશ.

**आत्मा ह्यात्मानमात्मन्यविचलनिलयं चात्मना पश्यतीत्थं**
**यो मुक्तिश्रीविलासानतनुसुखमयान् स्तोककालेन याति ।**
**सोऽयं वंद्यः सुरेशैर्यमधरततिभिः खेचरैर्भूचरैर्वा**
**तं वंदे सर्ववंद्यं सकलगुणनिधिं तद्गुणापेक्षयाहम् ॥१५४॥**

ઓલી ભાષા લીધી 'વંદે તદ્દ્ગુણલબ્ધયે.' કહતે હૈં, અરે ભગવાન! તેરી નિધિ તો સુન. તું કૈસા હૈ? અમૃતકા સાગર તુમ હો. યહાં તો વૈરાગ્ય પર્યાયકો અમૃતસાગર કહા. આહાહા! વીતરાગી પર્યાય જિસકે આશ્રયસે પ્રગટ હોતી હૈ ઉસકો યહાં અમૃતકા સાગર કહા. અમૃતકા સાગર પરિણતિમેં ડોલતા હૈ, વહ તો પર્યાયકો અમૃતસાગર કહા. યે તો ભગવાન અમૃતકા સાગર ઐસી અનંતી પર્યાયકા પિંડ હૈ. આહાહા! નિજઘરકી બાત સુની નહીં ઉસને. મૈં કૈસા હૂં? કૈસે હૂં? કૈસે પ્રાપ્તિ હો? ખબર નહીં. બાકી બીજી વાત. ધર્મને નામે વ્યવહાર ઐસા ને ફૈસા ને.. જો માર્ગ નહીં ઉસકો માર્ગ માના. સમજમેં આયા?

**શ્લોકાર્થ : ઇસ પ્રકાર જો આત્મા...** કૈસા આત્મા? અંતર્મુખસ્વરૂપ વહ આત્મા. આત્મા વહ કર્તા ત્રિકાળી આનંદસાગર પ્રભુ. **આત્માકો...** અપની આત્માકી નિર્વિકારી પર્યાય. **આત્મા**

**દ્વારા...** અપની નિર્વિકલ્પ આનંદકી, શાંતિકી ને જ્ઞાનકી પર્યાય દ્વારા. રાગ દ્વારા નહીં, નિમિત્ત દ્વારા નહીં. આહાહા! **ઇસપ્રકાર જો આત્મા આત્માકો આત્મા દ્વારા...** વ્યવહાર દ્વારા, નિમિત્ત દ્વારા, ગુરુ દ્વારા ને શાસ્ત્ર દ્વારા નહીં, એમ કહતે હૈં. એ શેઠ! સિંહની ત્રાડ પડે તો સિંહના બચ્ચા ન ડરે, બકરા ભાગે. આહા.. સિંહની ત્રાડ પડે અંદરથી તો સિંહના બચ્ચા.... અમારી જાતના છે, અમારી નાતના છે એ. આવે છેને શાસ્ત્રમાં.

બકરાના ટોળામાં નાનું સિંહનું બચ્ચું પહેલેથી–શુરૂઆતસે જોડ દિયા. છોટા બચ્ચા સિંહકા. ઉસકો કુછ ખબર નહીં. એકબાર સિંહ આયા. અરે! યહાં કહાં તું રહા બકરીકે બચ્ચેમેં? હમારી જાતકા હૈ તું, દેખો! પાનીમેં દેખો. ઐસે અપના મુંહ ન દેખ સકે. પાણીમેં દેખો. હમેં દેખો, પાણીમેં દેખો. હમારી જાત હૈ દેખો! હા! અને ત્રાડ પાડી સિંહે. તો વહ બચ્ચા હિલા નહીં, બકરા ચલા ગયા. જુઓ! હમારી ત્રાડ પડી તો તુમકો ત્રાસ નહીં હુઆ. હમારી નાતકા હૈ, ચલો. સમજમેં આયા? એમ દિવ્યધ્વનિકી ત્રાડ પડી કિ તુમ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા હો. ઇસ પામરમેં કહાં ઘુસ ગયા તું? સમજમેં આયા?

રાગ મેરા હૈ, પુણ્ય મેરા હૈ, ઐસા હૈ, ફૈસા હૈ, મૈં રાગી હૂં, મૈં સંસારી હૂં. અરે! બકરેકે બચ્ચેમેં ઘુસ ગયા સિંહ. શેઠ! ભગવાન કહતે હૈં, હમ ત્રાડ મારતો હૈં વાણી દ્વારા ઔર તુજે ત્રાસ નહીં હોગા, તેરેકો ખ્યાલ હો જાયેગા. આહા.. ભગવાન કહતે હૈં ઐસા હી મૈં હૂં. સમજમેં આયા? મૈં કોઈ પામર નહીં, મૈં રાગ નહીં, મૈં અલ્પજ્ઞ નહીં, અલ્પ વીર્ય નહીં. આહાહા! સમજમેં આયા? **આત્માકો...** આત્મા કર્તા, આત્માકો કાર્ય, આત્મા દ્વારા કરણ–સાધન. યે સાધન કહતે હૈં. કોઈ કહતે હૈં, બાત તુમ્હારી સબ બરાબર હૈ, પણ સાધન? ભગવાનકી ભક્તિ કરના, ગુરુકી ભક્તિ કરના, બખબખીયા બજાના ઐસા કોઈ સાધન હૈ કિ નહીં? નહીં. લગાતે હૈ કિ નહીં? ઐસા ભજન લગાવે કિ આહાહા! અપનેકો ભી ભૂલ જાના. ભૂલ જાના?

યહાં તો કહતે હૈં, આત્મા દ્વારા... વિકલ્પ ને વ્યવહારના સાધન દ્વારા નહીં. એ ચીમનભાઈ! આ તો વાતું આકરી ભાઈ! કીધુંને અગાસ ગયા હતા ત્યારે. વાત તો બધી મહારાજ ઠીક કહે છે, પણ સાધન? ગુરુકી પ્રતિમા રખના, ફોટો રખના, ભજન કરના, શાસ્ત્ર વાંચના—વહ સબ સાધન હૈ કિ નહીં? યે સાધન-ફાધન હૈ નહીં કુછ. સમજમેં આયા? યે આત્મા, આત્માકો, આત્મા દ્વારા–યે સાધન. ભીખાભાઈ! રાડ નાખી જાય. અરે ભગવાન! તારા ઘરની તને ખબર નથી. તું તો સિંહકા બચ્ચા નહીં, સિંહ હૈ. આહાહા! હે સિદ્ધ! તો આતા હૈ કિ હે સિદ્ધ! વહી આતી હૈ આવાજ. સામનેસે આવાજ આતી હૈ, પ્રતિઘાત. પડઘા.. પડઘા કહતે હૈં હમારી ભાષામેં. પડઘા નામ પ્રતિઘાત. અવાજ આમ પડે કે હે પરમાત્મા! ત્યારે સામે આવે કે હે પરમાત્મા! તું પરમાત્મા હૈ. પ્રેમચંદજી! ઐસી બાત હૈ. બીડી-ફીડી ને.. મોટા શેઠીયા થઈ ગયા જાણે, ઉસમેં હૈ નહીં કુછ.

શ્રોતા : એ તો બધું અનાદિ કાળથી છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : અનાદિનો... વિષ્ટાના ઢગલા તો અનાદિના હતા જ તે. યે તો અમૃતકા સાગર. ત્રિલોકનાથ પરમાત્માને મંથન કરકે નિકાલા ઔર જગતકે પાસ પ્રસિદ્ધ કિયા. અંતર્મુખસ્વરૂપ જો હૈ યે અંતર્મુખ આત્માકા, અંતર્મુખકો, અંતર્મુખ દ્વારા... આહાહા! ગજબ વાત છે.

**આત્મામેં...** અપને નિર્વિકારી સ્વભાવમેં **અવિચલ નિવાસવાલા દેખતા હૈ...** આહાહા! વીતરાગી પર્યાય દ્વારા... એવું આવ્યુંને પાઠમાં. **समभावे संठवित्तु परिणामं... समभावे संठवित्तु परिणामं** એની વ્યાખ્યા કરી બીજા પદની. **અવિચલ નિવાસવાલા દેખતા હૈ...** આહાહા! એમ થયું કે પરિણામ છેને તે આત્મા દ્વારા... એમ વીતરાગી પરિણામ દ્વારા. આહાહા! હવે આવું વીતરાગી... પહલી તો વસ્તુ પૂર્ણ હૈ ઉસકી અંતર્મુખ દૃષ્ટિ હોના, સમ્યગ્દર્શન. પીછે અંતર્મુખકે આશ્રયસે વીતરાગી પરિણામ હુઆ, વહ વીતરાગી પર્યાય દ્વારા અપનેકો દેખના, વહ સાધન હુઆ. સમજમેં આયા? વ્યવહાર-ફ્યવહાર, વિકલ્પ સાધન-ફાધન હૈ હી નહીં. પંગુ હૈ તું કિ દૂસરેકા આશ્રય લેતા હૈ? રાગકા આશ્રય લેના? નપુંસક હૈ? બાયડી હોયને સ્ત્રી, આઠ વર્ષનો છોકરો હોય તો છોકરાને મોઢા આગળ લઈને પાછળ ચાલે, મોઢા આગળ પોતે ન ચાલે. સ્ત્રી ને લડકા હો તો ઉસકો અગ્ર રખે મોઢા આગળ, સ્વયં પીછે ચલે. બાયડી હૈ તું? તુજે રાગકો મુખ્ય રખકર હમારી પ્રાપ્તિ હોગી? નપુંસક હૈ? આહાહા!

આત્માકો આત્મામેં આત્માકે દ્વારા અવિચલ હોતા હૈ. **વહ અનંગ-સુખમય (અતીન્દ્રિય આનંદમય) ઐસે મુક્તિલક્ષ્મીકે વિલાસોંકો અલ્પકાલમેં પ્રાપ્ત કરતા હૈ.** વસ્તુ બતાયી, ઉસકા ઉપાય બતાયા, ઉસકા ફલ બતાયા—તીનોં બતા દિયે. સમજમેં આયા? આત્મા–વસ્તુ, આત્માકો–અપના કાર્ય, દ્વારા–કરણ, અધિકરણ–આત્મામેં. **અવિચલ નિવાસવાલા દેખતા હૈ...** આહાહા! **અનંગ સુખમય...** અનંગ એટલે અંગ વિનાના. અતીન્દ્રિય સુખ આનંદમય ઐસે **મુક્તિલક્ષ્મીકે વિલાસોંકો...** મુક્તિલક્ષ્મીનો વિલાસ... ઐસે આત્માકો અંદર દેખતા હૈ. વહ મુક્તિલક્ષ્મીકા નિવાસ, વિલાસ અલ્પકાળમેં પ્રાપ્ત કરતા હૈ. કેવળજ્ઞાન અલ્પકાળમેં હુઆ, મુક્તિ હુઈ. સમજમેં આયા? હમેં સ્વર્ગમેં જાના હૈ, ધૂળમેં જાના હૈ. ધૂળમેં જાના હૈ તુજે? રાગમેં જાના હૈ? કિ અંતરમેં જાના હૈ ઔર મુક્તિલક્ષ્મીમેં જાના હૈ તુજે? પહલે કરો, પુણ્ય કરો, સ્વર્ગમેં જાયેગા, પીછે ભગવાન.... ધૂળમેં ભી નહીં જાયેગા, સુન ન! પ્રસન્નકુમારજી!

શ્રોતા : રાગની રુચિવાળો.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : અરે! ચાલ.. ચાલ. રાગની રુચિ ... ત્યાં ભગવાન પાસે જશે? ભગવાનને ગાળ્યું આપશે. ભગવાન કહે છે, મેરી સન્મુખ ન દેખના, તેરે સન્મુખ દેખકર તુજે લાભ હોગા. આવા ભગવાનને માનવા શું કરવા?

એક જણ આવ્યો હતો ઓલો. ઓલા ટી.જી. શાહ હતાને ટી.જી. શાહ. આવ્યા હતા આહીં. મહારાજ! સિદ્ધ કેવા હોય? મેં કહ્યું કે સિદ્ધ એવા હોય કે કોઈનું કાંઈ ન કરે. હેં! એવા સિદ્ધ? આ અમે આહીં છીએ તો કંઈકનું કરીએ છીએ. એવા સિદ્ધ અમારે.... ક્યાં હતા પણ તારે? સાંભળને! એમ કહે, સિદ્ધ કોઈનું કાંઈ ન કરે? કોઈનું શું, પોતાની પૂર્ણ પર્યાયનો અનુભવ કરે. એ સિવાય કાંઈ કોઈને... દુઃખી થતો હોય ધર્મી તો સામું જુએ નહીં. એવા સિદ્ધ? ટી.જી. શાહ ઓળખોને. ત્રિભુવન ગોવિંદ. વઢવાણ તમારે. .... બહુ હતો. શું કહે છે? છીંકણીયા. છીંકણી ને બધું, ઠેકાણા વિનાના. મારી સાથે વાત થઈ હતી. એવા સિદ્ધ ભગવાન? અમે હોઈએ ઘરમાં હોઈએ તો ઘરનું કામ કરીએ, બહાર હોઈએ તો નાતનું કામ કરીએ. કાંઈ કરે નહીં તમારા ભગવાન? અરે! કોઈનું કરે નહીં. આ જૈનશાસનમાં ગમે તેમ થાતું હોય તો વિકલ્પ ઉઠાવે નહીં. આહાહા! એને હોય શેનો વિકલ્પ? હતો ક્યાં ન્યાં? આહાહા! લૂંટાલૂંટ ચાલતી હોય ધર્મને નામે, સિદ્ધને કાંઈ ન મળે. અરે પ્રભુ! જરીક કોઈ વિકલ્પ તો લાવો, ઇન્દ્રોને પ્રેરો. એ જેમ અમે કરીએ છીએ એમ તમારે કરવું પડશે. સમજાણું કાંઈ? એ વિના બીજો રસ્તો નથી.

**ઐસે મુક્તિલક્ષ્મીકે વિલાસોકો અલ્પકાલમેં પ્રાપ્ત કરતા હૈ**. આહાહા! **વહ આત્મા સુરેશોંસે...** એ આત્મા બધાથી વંદ્ય છે એમ કહે છે. **સુરેશોં** (એટલે) સુર-દેવના ઈશ્વર-ઇન્દ્રોથી પૂજનીક-વંદ્ય. **સંયમધરોંકી પંક્તોંસે** વંદ્ય. આહાહા! વીતરાગકી પરિણતિ દ્વારા આત્માકો દેખનેવાલે ઐસે સંયમધરો એની પંક્તિ... આહાહા! લાખો મુનિઓ આમ ઉભા હોય. સિદ્ધ ઉનકો ભી વંદ્ય હૈં. **ખેચરોંસે (વિદ્યાધરોંસે)...** વિદ્યાધરોસે ભી પૂજ્ય હૈ. આહાહા! **તથા ભૂચરોંસે (ભૂમિગોચરિયોંસે) વંદ્ય હૈ.** મુનિરાજ પ્રમોદમેં-આનંદમેં આકર કહતે હૈં, જો યે પરમાત્મપદ મુક્તિલક્ષ્મીસ્ત્રી વંદ્ય હૈ ઇતને-ઇતને પુરુષોંકો.... **મૈં ઉસ સર્વવંદ્ય...** સર્વને વંદ્યયોગ્ય એ ચીજ. ઔર **સકલગુણનિધિકો (-સર્વસે વંદ્ય ઐસે સમસ્ત ગુણોંકે ભંડાર) ઉસકે ગુણોંકી અપેક્ષાસે...** ગુણકી-પર્યાયકી અપેક્ષા રખકર **(અભિલાષાસે) વંદન કરતા હૂં.**

તીન બોલ લિયે. વંદનમેં ભી તીન લિયે. ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ ઉસકો વીતરાગભાવસે જિસને પૂર્ણ પ્રાપ્ત કિયા, એ સુરના ઇન્દ્રોને વંદ્ય છે, ખેચરોને-વિદ્યાધરોને, ભૂચરો-જમીન ઉપર ચાલનારા... મૈં ઉસ **સર્વવંદ્ય**-સર્વને વંદનીક ઐસા જો આત્મા (જિસે) મુક્તિલક્ષ્મી પ્રાપ્ત હુઈ. **સકલગુણનિધિ...** યે આત્મા કૈસા હૈ? કિ **સકલગુણનિધિ...** ભંડાર સબ ખુલ ગયા. આહાહા! શક્તિમેં અનંત આનંદ આદિ થા, વહ પર્યાયમેં સબ વિકાસ હો ગયા, કમળ ખીલ ગયા. ગુલાબ હોતા હૈ ન ગુલાબકા ફૂલ, (ઉસકી) કલી ખિલ જાતી હૈ ન. ભગવાનકી દશા સબ ખિલ ગઈ. વહ ભગવાન સર્વકો વંદ્ય હૈ ઔર વહ ભગવાન સર્વ ગુણોંકા ભંડાર હૈ. દો બાત. ઉસકે ગુણોંકી અપેક્ષા ઐસી પર્યાયકી પ્રાપ્તિ મેરી દૃષ્ટિમેં હૈ, એમ કહતે હૈં.

સમજમેં આયા? **વંદન કરતા હૂં.** આહાહા! મુનિની અધ્યાત્મની ધારા, એકવાર સાધારણ પ્રાણી હોય તો એને ઊંચો કરે એવું છે. હીરાભાઈ! એવી વાણી છે. ૧૫૪. હવે ૧૫૫

**आत्मा स्पष्टः परमयमिनां चित्तपंकेजमध्ये**
**ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तपुंजः पुराणः ।**
**सोऽतिक्रान्तो भवति भविनां वाङ्मनोमार्गमस्मि-**
**न्नारातीये परमपुरुषे को विधिः को निषेधः ॥१५५॥**

આહાહા! **શ્લોકાર્થ : જિસને જ્ઞાનજ્યોતિ દ્વારા પાપતિમિરકે પુંજકા નાશ કિયા હૈ...** ભગવાન આત્મા અપની જ્ઞાનજ્યોતિ દ્વારા—ચૈતન્યકી ઝલક દ્વારા—જ્ઞાનકે પ્રકાશ દ્વારા—પાપ નામ પુણ્ય-પાપકે તિમિરકે પુંજકા નાશ કિયા હૈ. પાપ શબ્દે પુણ્ય-પાપ દોનોં. **ઔર જો પુરાણ (-સનાતન) હૈ...** આહાહા! યે વસ્તુ જિસમેં પુણ્ય-પાપ હૈ હી નહીં. પુરાણ હૈ–સનાતન હૈ, અનાદિ સનાતન ભગવાન હૈ. **ઐસા આત્મા પરમસંયમિયોંકે ચિત્તકમલમેં સ્પષ્ટ હૈ.** એવા ભગવાન પરમસંયમીઓના ચિત્તકમળમાં પ્રગટ સ્પષ્ટ છે. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનમાં એ પ્રત્યક્ષ છે, પણ આ તો પરમસંયમીઓના જ્ઞાનમાં.... આહાહા! .... ચારિત્રદશા પ્રગટ હુઈ ઉસમેં સ્પષ્ટ હૈ. **વહ આત્મા સંસારી જીવોંકે વચન-મનોમાર્ગસે અતિક્રાંત...** સંસારીના વચન ને મનમાર્ગથી અતિક્રાંત છે. મનથી જણાય એવો નથી, વાણીથી જણાય એવો નથી. આહાહા! વાણીથી જણાય એવો નથી. **(વચન તથા મનકે માર્ગસે અગોચર) હૈ.** આહાહા!

**ઇસ નિકટ પરમપુરુષમેં વિધિ ક્યા ઔર નિષેધ ક્યા?** આહાહા! યે વસ્તુમેં વિકલ્પ હૈ નહીં, તો ઐસા કરના ને ઐસા નહીં કરના—યે વિધિ-નિષેધ હૈ કહાં? આહાહા! ઐસે **નિકટ પરમપુરુષ**... આહાહા! ઐસી વિધિ ક્યા? ઐસી વીતરાગી પરિણતિમેં પરિણમતા હૈ ઉસકો યે કરના ને યે નહીં કરના ઐસા હૈ કહાં? આહાહા! આચાર્ય પણ...! **आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं...** ત્રિલોકનાથના ઉપદેશમાં આ આવ્યું છે. ઇસમેંસે નિકાલા હૈ કિ વ્યવહારકી મશ્કરી કી (અર્થાત્) વ્યવહારકો યાદ હી નહીં કિયા, એમ કહતે હૈં. આને જાણ એમ કહ્યું. વ્યવહાર-ફ્યવહાર જાન, યે ભી નહીં કહા યહાં તો. ભાઈ! વ્યવહાર જાણવાલાયક છે યે ભી યહાં નહીં કહા. આહાહા! મુનિઓ–નગ્ન મુનિઓની મસ્તી છે એ. નાગા, કહે છેને, બાદશાહથી આઘા.

કહે છે, **आलोयणमिदि जाणह परमजिणंदस्स...** પરમ વીતરાગદેવકે ઉપદેશમેં યે આયા હૈ. વ્યવહાર-ફ્યવહાર કર, લે—યે બાત છોડ દે. મશ્કરી કી હૈ, એમ કહતે હૈં. તીસરે પદમેંસે નિકાલા હૈ. સમજમેં આયા? ત્રિલોકનાથ તીર્થંકર વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રનાથ ઉસકે ઉપદેશમેં તો ઐસા આયા હૈ. વ્યવહાર જાનનેલાયક યે ભી નહીં, એમ કહતે હૈ.

શ્રોતા : વ્યવહાર જાણે તો લાભ થાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ એ તો આહીં જણાઈ જાય છે આને જાણતા. રાગાદિકા જ્ઞાન ઉત્પન્ન હોતા હૈ અપનેસે, ઉસકે કારણસે નહીં. યે જાનના રહતા નહીં. આહાહા! સમજમેં આયા?

**ઇસપ્રકાર ઇસ પદ્ય દ્વારા પરમ જિનયોગીશ્વરને**–પરમ સંતોને **વાસ્તવમેં વ્યવહાર-આલોચનાકે પ્રપંચકા...** જિનેશ્વરે—યોગીશ્વરે એમ. **વાસ્તવમેં વ્યવહાર-આલોચનાકે પ્રપંચકા ઉપહાસ કિયા હૈ.** વ્યવહાર-આલોચના ઓહોહો! મજાક ઉડાઈ હૈ. જુઓ! આ વીતરાગી મુનિઓ, વીતરાગીમાર્ગ અને વીતરાગી ત્રિકાળી આત્માનું સ્વરૂપ. ઉસમેં યે રાગ-ફાગકા વિકલ્પ, આલોચના હૈ હી કહાં ચીજ? હૈ હી નહીં ન ક્યા તુમ...? ઐસે વ્યવહાર-આલોચના પ્રપંચકા ઉપહાસ–હંસી–મજાક–તિરસ્કાર... લ્યો, વ્યવહારનો તિરસ્કાર. એક જણો કહેતો હતો કે આ વ્યવહારનો તો તિરસ્કાર કરો છો, નિશ્ચય આવે તો ગળે પકડો છો. એક પંડિત કહેતા હતા. આહાહા! ભગવાન! તિરસ્કારકા અર્થ ઉસકા આદર નહીં. હૈ કિ નહીં ઉસકી દરકાર નહીં. યે હૈ ઉસકી દરકાર હૈ. ત્રિલોકનાથ ચૈતન્યમૂર્તિ આનંદ હૂં ઉસકો સાવધાનપને દેખના. ઉપહાસ કિયા હૈ, લ્યો. એ ૧૫૫.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ આઠમ, રવિવાર, તા. ૨૯-૮-૧૯૭૧**
**શ્લોક - ૧૫૬-૧૫૯, પ્રવચન નં. ૧૦૮**

ચૌથા દિન હૈ ન. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ–સરલતા. ઉસકા અર્થ ક્રોધ, માન, માયાસે રહિત તીન બોલ આયે. યે ચૌથા લોભસે રહિત. નિર્લોભતા કહો કિ શૌચ કહો.

**समसंतोसजलेण य जो धोवदि तिह्विलोहमलपुंजं ।**
**भोयणगिद्धिविहीणो तस्स सउच्चं हवे विमलं ॥३९७॥** (કાર્તિકેયાનુપ્રેક્ષા).

**જો** કોઈ ધર્માત્મા–**મુનિ...** મુનિકી મુખ્યતાસે બાત હૈ ન. **સમભાવ અર્થાત્ રાગ-દ્વેષ રહિત પરિણામ**. તૃણ અને કંચનને સમાન જાણે. વહ તો જ્ઞેય હૈ. કંચન ઠીક હૈ અને તૃણ અઠીક હૈ—ઐસા જિસકી દૃષ્ટિમેં ઔર ભાવમેં નહીં, ઉસકો સમભાવ કહતે હૈં. આતા હૈ ન. 'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સઘળા માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.' રજકણ હો કિ સર્વાર્થસિદ્ધ વિમાનની ઋદ્ધિ હો, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ. યે તો એક પ્રકારસે સબ પુદ્ગલકા સ્વભાવ હૈ, ઉસમેં કોઈ આત્મા હૈ નહીં. ધર્માત્માને અપની સ્વરૂપકી રુચિ ને દૃષ્ટિપૂર્વક સમભાવ ધારણ કરના, ઉસકા નામ યહાં શૌચધર્મ કહનેમેં આતા હૈ. ઔર **સંતોષ...** આત્મામેં આનંદ હૈ, આત્મામેં સુખ હૈ. કહીં દૂસરી કોઈ ચીજમેં અપના સુખ હૈ નહીં. લક્ષ્મીમેં, શરીરમેં, આબરૂમેં, કીર્તિમેં સુખ નહીં, વિષયભોગમેં સુખ નહીં. યે તો રાગ ને દુઃખ હૈ. ઔર પુણ્ય અને પાપકા ભાવ જો શુભ-અશુભભાવ ઉસમેં ભી સુખ નહીં. ઐસા આનંદ ને સુખ તો અપનેમેં હૈ. ઉસકો યહાં સંતોષ કહતે હૈં. ઐસી દૃષ્ટિપૂર્વક સંતોષ નામ સુખકા અનુભવ કરના, ઉસકા નામ પવિત્રતા નામ શૌચ ધર્મ હૈ. આહાહા!

**तिह्विलोहमलपुंजं... તૃષ્ણા–** આગામી (કાલ સંબંધી) કોઈ પદાર્થકી ઇચ્છા ઉસકો તૃષ્ણા કહતે હૈં. **લોભ...** પ્રાપ્ત ચીજકી આસક્તિ ઉસકો લોભ કહતે હૈં. સમજમેં આયા? તૃષ્ણા અને લોભ. તૃષ્ણા, વર્તમાન સિવા આગામી કાલ (સંબધી) કોઈ ભી પદાર્થકી લાલસા કરના, વહ તૃષ્ણા હૈ. ઔર વર્તમાનમેં સંપ્રાપ્ત–મળેલી ચીજ, ઉસમેં આસક્તિ–ગૃદ્ધિ કરના વહ લોભ હૈ. તૃષ્ણા ને લોભરૂપી ભાવકો–**મલપુંજકો... समसंतोसजलेण य जो धोवदि...** અંતરમેં આત્મામેં આનંદ હૈ ઔર સમભાવકે ધારણ કરનેસે ઐસે તૃષ્ણા ને લોભકે મલપુંજકો **ધોતા હૈ**. ઉસકા નામ શૌચધર્મ હૈ. આહાહા! **भोयणगिद्धिविहीणो...** મુનિની મુખ્યતા છેને. મુનિકો તો એક આહાર લેનેકા ભાવ હૈ, દૂસરા તો કુછ હૈ નહીં. તો ઉસમેં ભી **ગૃદ્ધિ** નહીં હોના ચાહિયે, એમ કહતે હૈં. સમજમેં આયા? લાભ-અલાભ, સરસ-નિરસ સમબુદ્ધિ રહતા હૈ, ઉસકો શૌચધર્મ કહનેમેં આતા હૈ. લોભકા ચાર પ્રકાર હૈ. એક દ્યુતકા લોભ, એની એ સ્થિતિ ટકી રહે એવા જીવિતકરણલોભ, આરોગ્ય રહનેકા લોભ... શરીરકી નિરોગતા રહે–ટીક રહે ઐસા એક લોભ.

શ્રોતા : એનાથી ધર્મ થશે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય ધર્મ થશે નહીં. શરીર ઠીક હોય તો ધર્મ સધતા હૈ, ઐસા શેઠ મશ્કરી કરતે હૈં, પૂછતે હૈં. ઐસા હોતા હૈ કિ નહીં? માંદા પડે તો ક્યાં કરે? (માંદા) પડ્યા તો ખાટલામાં પડે લ્યો, કફ ચાલે ત્યાં. શરીર સારું હોય તો ધર્મ થાય, અહીંયા અવાય. ક્યોં શેઠ? આહાહા!

શરીર તો જડ હૈ, ઉસકી નિરોગતા રહે વહ લોભ હૈ. આહાહા! સમજમેં આયા? ઔર ઇન્દ્રિય બની રહે... પાંચોં ઇન્દ્રિયાં સરખી (-ઠીક) રહે, આંખ દેખનેકા, કાન સુનનેકા, .... સુંઘનેકા, બોલનેકા, રસ લેનેકા ઔર સ્પર્શ—ઇન્દ્રિયાં સરખી રહે યે ભી એક લોભ હૈ. પરદ્રવ્યકી પર્યાય રહની-નહીં રહની ઉસકે આધીન હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા તો અતીન્દ્રિય હૈ. ઉસમેં ઇન્દ્રિયાં સરખી રહે (ઐસા) લોભ છોડના એમ કહતે હૈં. ઔર ઉપભોગકા લોભ... ઉપભોગ– વારંવાર ભોગનેકી ચીજ હો ઉસકા લોભ. ચાહે તો અપના ઔર પરકા— ઐસા ઉસકા આઠ બોલ હોતા હૈ. સબમેં લોભકા ત્યાગ કરના ને આત્માકો આનંદ નામ સંતોષમેં રખના, ઉસકા નામ શૌચધર્મ કહનેમેં આતા હૈ. આહાહા! ચૌથા ધર્મ હુઆ.

આપણે અહીંયા નિયમસાર. ૧૫૬, ૧૫૬ કળશ. નિયમસારકા અર્થ મોક્ષકા માર્ગ. નિયમ નામ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર, ઉસકા સાર વ્યવહાર રહિત. સમજમેં આયા? નિયમસાર. **नियमेण य जं कज्जं...** નિશ્ચયસે કરનેલાયક હો તો, અપના કાર્ય કરનેલાયક હો તો, અપના ભગવાન સચ્ચિદાનંદ નિર્મળ પરમાત્મા ઉસકે સન્મુખ શ્રદ્ધા ઔર સન્મુખ હોકર જ્ઞાન ઔર અંતરમેં રમણતા–લીનતા.—યે નિયમસે કરનેલાયક તીન ચીજ હૈ. પણ આ બીડીયુંનું, કહે છે, કભી કરના? બીડીના પૈસા કે દિ' લાવવા? કાનપુર જાકર ઉઘરાના?

શ્રોતા : મુનિની વાત કરો.... બીડીની ક્યાં...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આહીં મુનિને ને ગૃહસ્થને માટે છે.

શ્રોતા : .... ત્યારથી બીડીનો ધંધો કરે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ ધંધોય કોણ કરે છે? યે કહતે હૈં યહાં તો. એ ઝવેરીના ધંધા શાંતિભાઈ નથી કરતો. સમજાય છે કાંઈ? એ તો એમના ઘરે કીધું. શાંતિભાઈ કરે છે આ ઝવેરીનો ધંધો? એ તો રાગ કરે છે. ગયાને શાંતિભાઈ? ગયા કાલ રાતના. સમજમેં આયા? આહાહા!

નિયમસાર (અર્થાત્) અપના પરમાત્મા પૂર્ણાનંદ સહજાનંદમૂર્તિ, ઉસકા અંતરમેં નિર્વિકલ્પ–રાગકી અપેક્ષા બિના અંતરમેં સમ્યગ્દર્શન પ્રગટ કરના, વહ નિયમસે કર્તવ્ય હૈ. ઔર અપના જ્ઞાયક ચિદાનંદસ્વભાવ ઉસકા સ્વસંવેદન જ્ઞાન કરકે ઉસમેં ઉપયોગ લગાના. સમજમેં આયા? આહાહા! અગમ-નિગમની વાતું છે બધી. ઉસકો સમ્યગ્જ્ઞાન નિયમસે કરનેલાયક કહતે

હૈં. શાસ્ત્રજ્ઞાનસે નિયમસે કરનેલાયક હૈ ઐસા નહીં કહા યહાં. સમજમેં આયા? ભગવાન ચૈતન્યપુંજ જ્ઞાનકા ભરપૂર સાગર ઐસા ચૈતન્યકા જ્ઞાન કરના વહ નિયમસે કરનેલાયક કર્તવ્ય હૈ. ઔર સ્વરૂપમેં રમના–ચરના–જમના–અતીન્દ્રિય આનંદકા ઉગ્ર ભોજન કરના વહ ચારિત્ર, વહ આત્માકો નિયમસે કરનેલાયક હૈ. અને સાર (અર્થાત્) વ્યવહારસે રહિત. વ્યવહાર જો નિશ્ચયસે વિપરીત હૈ... વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જો કહતે હૈં વિકલ્પ–રાગ વહ નિશ્ચયસે વિપરીત હૈ. '**વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ છે**.' એમાં આવે છે ત્રીજી ગાથામાં. સમજમેં આયા? તો યહાં કહતે હૈં ૧૫૬મેં.

**जयत्यनघचिन्मयं सहजतत्त्वमुच्चैकिदं**
**विमुक्तसकलेन्द्रियप्रकरजातकोलाहलम् ।**
**नयानयनिकायदूरमपि योगिनां गोचरं**
**सदा शिवमयं परं परमदूरमज्ञानिनाम् ॥ १५६ ॥**

આહાહા! **શ્લોકાર્થ : જો સકલ ઇન્દ્રિયોંકે સમૂહસે ઉત્પન્ન હોનેવાલે કોલાહલસે** રહિત હૈ. ભગવાન આત્મા અંદરમેં કોલાહલસે રહિત અણિન્દ્રિય વસ્તુ હૈ. ઇન્દ્રિયોંસે–પાંચ ઇન્દ્રિયોંકે સંગમેં વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ, ઐસે કોલાહલસે તો યે ભગવાન આત્મા રહિત હૈ. અભી હોં. આહાહા! પાંચ ઇન્દ્રિયના વિષય તરફના વિકલ્પની કોલાહલતા, ઉસસે ભગવાન આત્મા અભી વર્તમાનમેં રહિત હૈ, અભી. કિસકી બાત ચલતી હૈ? સમજમેં આયા? પાંચ ઇન્દ્રિય તરફકા વિકલ્પ જો ઉઠતા હૈ યે કોલાહલ હૈ. ભગવાન આત્મામેં વહ હૈ નહીં. આહાહા! યે તો અણિન્દ્રિય ભગવાન આત્મા હૈ. અણિન્દ્રિયકા અનુભવ કરના ઔર ઇન્દ્રિયકે કોલાહલકો છોડના ઉસકા નામ મોક્ષમાર્ગ હૈ. સમજમેં આયા? ભાઈ! સારી (-અચ્છી) ઇન્દ્રિય હો તો દયા પાલ સકે, આંખનું તેજ હોય તો જોઈ શકાય જીવાદિને, કાન બરાબર હો તો સુન સકે. યહાં મના કરતે હૈં. ઇન્દ્રિય તરફકે સબ વિકલ્પ કોલાહલ હૈં. સમજમેં આયા? આહાહા! એનાથી તો વિમુક્ત પ્રભુ છે.

**જો નય ઔર અનયકે સમૂહસે દૂર હોને પર ભી...** નિશ્ચયસે અબદ્ધ હૈ ને વ્યવહારસે રાગ હૈ, બદ્ધ હૈ—ઐસે નયકે વિકલ્પસે તો દૂર હૈ. આહાહા! નયાતિક્રાંત હૈ. સમજમેં આયા? યે ભાગવત શાસ્ત્ર હૈ. પીછે લિખા હૈ. લિખા હૈ કિ નહીં? ભગવંતકી બાત ચલતી હૈ યે. હૈ કિ નહીં? ૩૭૨. આ વિષય નથી? કેટલામી લીટી? ભાગવત. ત્રીજી લીટી. **આ નિયમસાર શાસ્ત્ર ભાગવત શાસ્ત્ર છે.** ૩૭૨ પાના. ૩૭૨, નીચેસે ત્રીજી પંક્તિ, નીચેસે ત્રીજી પંક્તિ. હૈ? બોલો. (શ્રોતાઃ- યહ નિયમસાર શાસ્ત્ર ભાગવત શાસ્ત્ર હૈ). બસ વહ. બરાબર હૈ. શેઠીયાને બોલાવીએ તો ખરાને. આ બધા ચોપડા તપાસે એ કરતાં આ બોલાવ્યું તમને. આ નિયમસાર શાસ્ત્ર ભાગવત શાસ્ત્ર છે. નીચે અર્થ હૈ દેખો! **ભગવાનકા, દૈવી** શાસ્ત્ર, **પવિત્ર** શાસ્ત્ર. નીચે અર્થ હૈ નીચે. ભાગવતકા અર્થ નીચે હૈ. હૈ? ભગવત્... ભગવાનકા શાસ્ત્ર, દૈવી શાસ્ત્ર, પવિત્ર શાસ્ત્ર,

ઉસકો યહાં ભાગવત શાસ્ત્ર કહતે હૈં. સમજમેં આયા? અન્યમેં ભાગવત શાસ્ત્ર કહતે હૈં ન. યે ભાગવતશાસ્ત્ર હૈ. ભાગવત કથા તો યે હૈ. સાત દિવસની.... કહતે હૈં, **જો નય-અનયકે સમૂહસે દૂર હોને પર ભી**, એમ. **યોગિયોંકો ગોચર હૈ.** આહાહા!

શ્રોતા : પ્રમાણ ..... વિકલ્પાતીત?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિકલ્પાતીત.

શ્રોતા : પ્રમાણ નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આહીં એ વાત નથી. નય-અનય વિકલ્પ દૂર હોને પર ભી યોગીયોંકો તો ગમ્ય હૈ. અંતર જ્ઞાનકી દૃષ્ટિ કરનેવાલેકો–સમકિતીકો તો ગમ્ય હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા?

નય કિ કુનય જિસમેં કોઈ વિકલ્પ નહીં, ઉસસે રહિત હોને પર ભી સમ્યગ્દૃષ્ટિકો ગમ્ય હૈ. આહાહા! અસ્તિ-નાસ્તિ કરી. યે ચૈતન્ય આત્મા જ્ઞાયકભાવ ધ્રુવસ્વભાવ, ઉસકી દૃષ્ટિ કરનેવાલે ધર્મીકો તો ગમ્ય હૈ. સમજમેં આયા? આગળ કહી ગયા છે. ચાર ભાવસે ભી અગમ્ય હૈ. ઉસકા અર્થ કિ ચાર ભાવકે આશ્રયસે યે ગમ્ય નહીં. સમજમેં આયા? યે તો આ ગયા હૈ શુદ્ધભાવ અધિકારમેં. ભગવાન પૂર્ણાનંદ, અનંત જ્ઞાનસે લબાલબ ભરા ઐસા સમુદ્ર પ્રભુ યે ક્ષાયિકભાવસે ભી અગમ્ય હૈ. ઐસા પાઠ હૈ. ઉસકા અર્થ કિ ક્ષાયિકભાવકે આશ્રયસે વહ નહીં સમજમેં આતા હૈ. વહ તો ત્રિકાળીકે આશ્રયસે સમજમેં આતા હૈ. કૃષ્ણકુમારજી! સમજમેં આયા? વહ તો ઉસકે (અપને) આશ્રયસે જાનનેમેં આતા હૈ. પર્યાયકે આશ્રયસે, રાગકે આશ્રયસે ભી જાનનેમેં નહીં આતા. સમજમેં આયા?

ઐસા ચૈતન્યઋદ્ધિ ધરનેવાલા ભગવાન આત્મા તેરી પર્યાયકે સમીપમેં હૈ, આહાહા! દૂર નહીં. આ તો દૂર હતું કીધું હતુંને? એ દૂર છે, પણ દૂર નહીં, એમ. સમજે? ઇન્દ્રિયોંકે કોલાહલસે મુક્ત હૈ, નય-અનયસે દૂર હૈ. એમ આવ્યું, 'દૂર' આવ્યુંને? છતાં ધર્મી જીવને–ધર્મી જીવકો વર્તમાન પર્યાયકે સમીપ હૈ. શેઠી! આવું તો જયપુર, મુંબઈમાં તો કાંઈ મળે નહીં. બાપુજી, બાપુજી કરે, પિતાજી સાહેબ... થઈ ગયું કામ લ્યો. આહાહા! એ માટે તો આવ્યા છે અહીંયા. મીઠાલાલજી હૈ ન. મીઠામણ છે ને? કહો, સમજમેં આયા? આહાહા!

ત્રણ લોકનો નાથ અનંત સમૃદ્ધિથી શોભિત, અપની નિજ અનંત સમૃદ્ધિથી શોભિત પ્રભુ પોતે, એ ધર્મીને પર્યાયના સમીપમાં છે. એ આવે છેને. આગળ આવે છે ને. **जस्स संणिहिदो अप्पा...** આવે છેને આપણે ક્યાંક? **जस्स संणिहिदो अप्पा...** જેને સમીપ છે આત્મા. આહાહા! પાછળ છે ને? સામાયિકમાં પાછળ આવે છે. સમાધિમાં. સમાધિ.. સમાધિ.. સમાધિ છેને એ સામાયિક છે. ૨૨૭. એ આવ્યું લ્યો. **जस्स संणिहिदो अप्पा, संजमे णियमे तवे तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे...** સર્વજ્ઞ પરમાત્માના માર્ગને વિષે આત્મા સંયમ ને

સમ્યગ્દર્શનની સમીપમાં છે. આહાહા! ગાથા ૧૨૭, પાનું ૨૫૭. ઉસમેં ભી આતા હૈ, શ્વેતામ્બરમેં અનુયોગદ્વાર. ૨૨૭ હૈ ન. પાના હોં પાના ૨૫૭. ૧૨૭ ગાથા. **जस्स संणिहिदो अप्पा...** આહાહા!

**સંયમ-નિયમ-તપમેં અહો! આત્મા સમીપ જિસે રહે.** આત્મા સમીપ જિસે રહે... આહાહા! નિર્મલ પર્યાયકે સમીપ આત્મા હૈ. આ વાત! ભગવાન ત્રણ લોકનો નાથ અનંતા-અનંતા સિદ્ધો, કેવળજ્ઞાનીને ત્રણ લોકના નાથ કહેવાય કેમ? (કેમ કે) ત્રણ લોકને જાણે છે. ઐસા અનંતા-અનંતા કેવળજ્ઞાનકો પેટમેં–ગર્ભમેં રખનેવાલા ઐસા ભગવાન ત્રિલોકનાથ, સમ્યગ્દૃષ્ટિકો અપની પર્યાયમેં નજીક–સમીપ વર્તતા હૈ. નય-અનયસે દૂર હૈ, પણ સમ્યગ્દૃષ્ટિકી પર્યાયમેં સમીપ હૈ. સમજમેં આયા? એવો શબ્દ અનુયોગદ્વારમાં આવે છે શ્વેતામ્બરમાં. પાછા એના અર્થ નહીં ને બીજે ગોટા... આગળ-પાછળ વિરોધ ઘણો થતો. મેળ નહીં. આ તો અખંડાનંદ... સંતોની–દિગંબર મુનિઓની અખંડ ધારા, એકસે અબજ અનંત તક કોઈ પણ નાત લો, પણ અખંડાનંદ સત્ય એકલું ઊભું થાય છે. સમજમેં આયા?

કહતે હૈં, **યોગીયોંકો ગોચર હૈ...** ઉસકા અર્થ યે કિ જિસકી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી હૈ... સમજમેં આયા? તો સમ્યગ્દૃષ્ટિકો યે ગમ્ય હૈ કિ આત્મા કૈસા હૈ. એક વાત. **જો સદા શિવમય હૈ...** ભગવાન તો સદા કલ્યાણની મૂર્તિ છે. સદા શિવમય, નિરુપદ્રવ, અકલ્યાણ રહિત ત્રિકાળ કલ્યાણની મૂર્તિ પ્રભુ આત્મા છે. **ઉત્કૃષ્ટ હૈ...** જેનાથી કોઈ ચીજ ઊંચી છે નહીં. ઐસી ભગવાન આત્મા ચીજ–વસ્તુ સમ્યગ્દર્શનકા વિષય હૈ ઔર સમ્યગ્દર્શનમેં આશ્રય કરનેલાયક ચીજ યે સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા હૈ. આહાહા! **ઔર જો અજ્ઞાનિયોંકો પરમ દૂર હૈ...** યોગીયોંકો ગમ્ય હૈ, તો અજ્ઞાનીયોંકો દૂર હૈ. આહાહા! જિસકી બુદ્ધિ નિમિત્તમેં, રાગમેં ને એક સમયકી પર્યાયમેં રુકી હૈ ઉસકો દૂર હૈ. આહાહા! સમજમેં આયા? જિસકી બુદ્ધિ પર્યાય–એક અંશમેં અથવા વિકલ્પ શુભભાવમેં કિ નિમિત્તમેં રુકી હૈ ઐસે અજ્ઞાનીયોંકો દૂર હૈ. આહાહા! કૃષ્ણકુમારજી! આવી ચીજ છે લ્યો. આહાહા!

છોકરાઓ જ્યારે રમતાને નાની ઉંમરના ત્યારે એમ કહેતા. નાની ઉંમરની વાત છે ૧૦-૧૧ વર્ષની. મામાનું ઘર કેટલું? કે ઓલો દીવો બળે એટલું, એમ કહેતા. રમતમાં આવતું. આવતું હતું તમારે ..ભાઈ? ત્યાં અમારે મામાનું ઘર નજીક ખરુંને. રહેવાનું સ્થાન મામાનું ઘર હતું, મામાએ આપેલું હતું. કણબીવાડમાં ઘર છે. રમે તો એમ કહે, મામાનું ઘર કેટલું? એ દીવો બળે એટલું. મેડીબંધ મકાન હતુંને. એમ આત્માનું ઘર કેટલું? જ્યાં ચૈતન્ય આનંદની ઝળહળ જ્યોતિ થાય એટલું. કહો, ચીમનભાઈ! આહાહા!

**અજ્ઞાનીયોંકો પરમ દૂર હૈ...** પાછું એકલું દૂર નહીં. આહાહા! જિસકી અંતર સ્વભાવ સમીપ દૃષ્ટિ નહીં ઔર જિસકી દૃષ્ટિ પર્યાયમેં, રાગમેં ને નિમિત્તમેં રુકી હૈ ઉસકો તો અતિ–પરમ

દૂર હૈ. ક્યા ચીજ હૈ ઉસકો માલૂમ નહીં. **ઐસા યહ અનઘ...** અનઘ.. **અનઘ–નિર્દોષ, મલ રહિત, શુદ્ધ.** પુણ્ય-પાપકા મેલ–અઘ. પુણ્ય ને પાપ દોનોં અઘ હૈ. ઉસસે રહિત અનઘ ભગવાન આત્મા હૈ. આહાહા! કહો, નિરંજન! ન્યાં આવ્યું હતુ તારે અમેરિકામાં ક્યાંય? ગપ્પા માર્યા હોય ત્યાં. સમજમેં આયા? એની મેળાએ વાંચે તો ત્યાં શું સાધારણ પુસ્તક. પુસ્તક લઈ ગયો હતોને? ક્યું? સમજાણું કાંઈ? અજ્ઞાનીયોંકો પરમ દૂર હૈ.

**ઐસા યહ અનઘ-ચૈતન્યમય...** નિર્દોષ ને ચૈતન્યમય... **સહજતત્ત્વ અત્યન્ત જયવંત હૈ.** આહાહા! ઐસા કહકર ક્યા કહતે હૈં? હમારી દૃષ્ટિમેં વહ તત્ત્વ આ ગયા હૈ, તો ઐસે જયવંત હૈ. સમજમેં આયા? હૈ ઉસકા સ્વીકાર અનુભવમેં ન હો, તબ લગ 'જયવંત હૈ' કહાંસે આયા? એમ કહતે હૈં. સમજમેં આયા? પ્રભુકી મહાસત્તા ચૈતન્યસત્તા હૈ, પણ હૈ કહાંસે? જિસકી શ્રદ્ધા ને જ્ઞાનકી પર્યાયમેં આયા હૈ. ઓહો! ઐસા **સહજતત્ત્વ અત્યંત જયવંત હૈ**. શાશ્વત શાશ્વત હી હૈ યે. સમજમેં આયા? આહાહા! દિગંબર મુનિ હૈં વે. કેટલી વાત કરી છે! આહા! ગજબ વાત છે. વનવાસી. ૧૫૬ હુઆ. ૧૫૭.

**शुद्धात्मानं निजसुखसुधावार्धिमज्जन्तमेनं**
**बुद्ध्वा भव्यः परमगुरुतः शाश्वतं शं प्रयाति ।**
**तस्मादुच्चैरहमपि सदा भावयाम्यत्यपूर्वं**
**भेदाभावे किमपि सहजं सिद्धिभूसौख्यशुद्धम् ॥१५७॥**

આ તો ભગવાન આત્માને જગાડવાના મંત્ર છે. મિથ્યાત્વકા જહર ઉતારનેકા (મંત્ર) હૈ, સમકિતકા અમૃતસાગર પ્રગટ કરનેકા હૈ. કહતે હૈં, **શ્લોકાર્થ : નિજ સુખરૂપી સુધાકે સાગરમેં ડૂબતે હુએ ઇસ શુદ્ધાત્માકો જાનકર...** આહાહા! કૈસા હૈ ભગવાન અંદર નિત્યાનંદ પ્રભુ? નિજ સુખ અપના આનંદરૂપી અમૃતકે સાગરમેં ડૂબતે, ડૂબકર અંદર પડા હૈ. સુખ આનંદકે સાગરમેં ભગવાન આત્મા પડા હૈ. આહાહા! સમજમેં આયા? વસ્તુ–દ્રવ્ય–પદાર્થ, યે તો નિજસુખરૂપી અમૃતકે સાગરમેં ડૂબે હુએ... અંદર આનંદસે તરબોળ આત્મા હૈ એમ કહતે હૈં. અતીન્દ્રિય આનંદસે તરબોળ... તરબોળ કહતે હૈં? ક્યા કહતે હૈં? તરબોળ હમારી ભાષા હૈ ગુજરાતી. કંઈ ખબર નહીં. ડૂબા હુઆ...

જેમ પૂરણપોળી હોતી હૈ ન પૂરણપોળી. તરબોળ. તરબોળ તો કહા. આ તો હજી બરાબર હા કરતે, ના કરતે હૈં. યે હિન્દી હૈં કિ નહીં? તુમ્હારા શબ્દ તુમકો પૂછતે હૈં હમ. તરબોળ. (શ્રોતા : સરાબોર કહતે હૈં). પૂરણપોળી હોતી હૈ ન. પૂરણપોળી સમજે? પૂરણપોળી. રોટી ઘઉંકી, ઉસમેં પૂરણ ડાલતે હૈં ન. તુવેરકી દાલ ને સક્કર ને ઐસા બનાકર... તો ઐસી રોટી બને તો એકદમ ઘીકા તપેલા–બર્તન પડા હો પહલે ઉસમેં ડાલે, (ફિર) ઉઠાકર પરોસે. ઐસે ઉઠાકર લ્યો. તરબોળ. ટપકતે ઘીમેં તરબોળ. ..... આપણે આહીં અમારી ભાષા છે.

યહાં **સુખરૂપી સુધાકે સાગરમેં ડૂબતે હુએ**... આહા! ડૂબતે હુએ ક્યા, હૈ હી ઐસા, એમ. આહાહા! માણસ જેમ પાણીમેં ડૂબતા હૈ, ઐસે ભગવાન અતીન્દ્રિય આનંદમેં ડૂબ ગયા હૈ, અંદર પડા હૈ. આહાહા! એના ગાણા સાંભળ્યા નહીં એણે. યહ ચીજ ક્યા હૈ? ત્રણ લોકનો નાથ પરમાત્મા જેના ગર્ભમાં અનંતા સિદ્ધ પડ્યા છે. આહાહા! સમજમેં આયા? ઐસા સુખરૂપી અમૃતસાગરમેં **ડૂબતે હુએ ઇસ શુદ્ધાત્માકો જાનકર**... ઐસે ભગવાન આત્માકો જાનકર... પરકો જાનકર કિ રાગકો જાનકર કિ પર્યાયકો જાનકર (ઐસા) યહાં નહીં કહા. સમજમેં આયા? આહાહા!

**ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં...** પરમગુરુને ઐસા કહા કિ તેરી પરમાત્મ ચીજ તેરે પાસ હૈ. જૈસા કહા ઐસા પ્રગટ કિયા એમ કહતે હૈં. સમજમેં આયા? તેરા ભગવાન તેરે પાસ આનંદમેં પડા હૈ. વહાં નજર કર. હમારે ઉપરસે નજર છોડ દે. આહાહા! કહા તો યે કહા. દેખો! **પરમ ગુરુ દ્વારા**... ધર્મી, સમકિતી, જ્ઞાની, સંત આદિ ઉન્હોંને કહા તો યે કહા કિ તેરી ચીજ પરમ આનંદમેં ડૂબી હૈ, યે તેરે પાસ હૈ. વહાં નજર કર, વહાં દૃષ્ટિ લગા, વહાં ઝૂક જાઓ, વહાં લીન હો જાઓ. ઐસા ગુરુકા ઉપદેશ–ચાર અનુયોગકે સારરૂપ યહ ઉપદેશ કહા. આહાહા! સંતોંકી વાણીમેં વીતરાગતાકા પોષક તત્ત્વ આતા હૈ. વીતરાગકી પર્યાય કબ હો? ત્રિકાળી જ્ઞાયકભાવમેં જબ ઘૂસ જાય, એકાગ્ર હો, તો વીતરાગી પર્યાય હોતી હૈ. આહાહા! સમજમેં આયા? ગુરુગમ હોતા હૈ તો ગુરુ ઐસા કહતે હૈં.

**શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં**... દેખો! જૈસા આનંદમેં ડૂબા હુઆ ભગવાન ગુરુને કહા, ઉસ તરફ ઝૂક જા, ઉસકા સ્વીકાર કર, તું પૂર્ણાનંદ પરમાત્મા હૈ ઐસા સ્વીકાર કર. તો સ્વીકાર કરકે શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં. જો આનંદ પ્રગટ હુઆ યે કાયમ રહેગા. આ સંસારીને તો પાંચ-પચ્ચીસ વરસ ઠીક લાગે ને વળી અંધારા હો જાય, નિર્ધન હો જાય, એક-એક જિંદગીમેં દો-તીન બાર (ઐસી) દશા હો જાતી હૈ. બહોતોંકો દેખા હૈ ન. કરોડપતિ થા ને નિર્ધન હો ગયા, ફિર કરોડપતિ હુઆ. ઐસા ને ઐસા એક-એક જિંદગીમેં તીન-તીન ચાર-ચાર બાર... યે તો બાહરકી દુઃખકી દશા હૈ. સમજમેં આયા?

શું કહેતા હતા ઓલા, નહીં? રામજીલાલ. ચડતી-પડતી છાયા. રામજીલાલ હતોને. કોનો હતો એ? મહેન્દ્રભાઈનો? વચ્છરાજજી, આપણા ગંગવાલ ઉસકા વહ થા.. શું કહેવાય તમારે? ડ્રાઈવર. પહલે જબ ૧૩કી સાલમેં ગયે ન. ૧૩કી સાલમેં આયે ન જયપુર, તબ દીવાનકી મંજીલમેં ઉતરે થે ન બજારમેં, દીવાનકી મેડીમેં. તો એક થા માવજી કેવા? ત્રિકમ માવજી. માવજીકા લડકા થા. ઝવેરી બજારમેં ઝવેરીકી દુકાન થી. મહેન્દ્રભાઈ પહિચાનતે હૈં. ભાઈ તો પહિચાને ન. વાંકાનેર. માવજી ત્રિકમજી ઝવેરીકી દુકાન. સબ ખલાસ હો ગયા. ઉસકા લડકા ૮૦ વર્ષકી ઉંમર થી. હમ જબ નીચે ઉતરે દીવાનકે મંજીલસે, નીચે ઉતરે તો વહ માગતા થા.

ફકીરની જેમ દેખાય કપડાં. ભીખારી.. મેરી નજર ગઈ. યે શાલ દેખકર (કહા), યે પહલેસે કોઈ ગરીબ માણસ નહીં હૈ, યે ભિખારી નહીં હૈ.

વહાં મહેન્દ્રભાઈ બૈઠે થે. મહેન્દ્રભાઈ કહે, યે તો માવજી ત્રિકમકા લડકા હૈ. એણે નહીં પણ રામજીલાલે કહ્યું. મહેન્દ્રભાઈએ કહ્યું. મૈંને તો ઉસકો બહોત દિયા હૈ પહલે. ગરીબ તદ્દન ભિખારી, કપડા જીર્ણ, જૂતા જીર્ણ. ઐસે ચલતા થા. પોણોસો વરસની ઉંમર. ઝવેરીકી દુકાન થી માવજી ત્રિકમ, જયપુરમેં. મૈંને કહા, આ કોઈ ભિખારી નથી લાગતો પહેલેથી. ત્યારે એમણે કહ્યું, આ તો માવજી ત્રિકમ... દુકાન થી બડી. ત્યારે ઓલો રામજીલાલ હતો ડ્રાઈવર, (એ કહે), ચડતી-પડતી છાયા હૈ. ચડતી-ફિરતી છાયા. આ છાયા હોતી હૈ ન છાયા. તડકા ને છાયા. ઐસે છાયા આવે ને જાય, આવે ને જાય. એમ આ બધી ઋદ્ધિ ને આબરૂ આવે ને જાય. ઉસમેં કુછ હૈ નહીં. શેઠ! આહાહા! ચડતી-ફિરતી છાયા હૈ, એમ કહ્યું હતું. યે તો કહતે હૈં, આહાહા! **શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં**. શાશ્વત ભગવાન આનંદમેં ડૂબ રહા હૈ ઉસકા આશ્રય કિયા ઔર પર્યાયમેં શાશ્વત સુખ પ્રાપ્ત હોતા હૈ.

**ઇસલિયે, ભેદકે અભાવકી દૃષ્ટિસે...** ભેદકે અભાવકી દૃષ્ટિસે... આહાહા! મૈં તો અભેદ, અખંડ, આનંદકંદ, એકરૂપ સ્વભાવ હૂં. ઐસી અભેદકી દૃષ્ટિસે **જો સિદ્ધિસે ઉત્પન્ન હોનેવાલે સૌખ્ય...** દૃષ્ટિસે ઉત્પન્ન હોનેવાલા મુક્તિકા સુખ... **દ્વારા શુદ્ધ હૈ...** મુક્તિકે સુખસે વહ જીવ શુદ્ધ હૈ. દ્રવ્ય તો શુદ્ધ હૈ હી, પણ અભેદદૃષ્ટિસે ઉત્પન્ન હુઈ મુક્તિકી પર્યાય, ઉસકે સૌખ્ય દ્વારા... **ઐસે કિસી (અદ્ભુત) સહજતત્ત્વકો મૈં ભી સદા...** આહાહા! **કિસી (અદ્ભુત) સહજતત્ત્વકો મૈં ભી સદા અતિ-અપૂર્વ રીતિસે**— અપૂર્વ પ્રીતિસે–અપૂર્વ પદ્ધતિસે–અપૂર્વ માર્ગસે **અત્યન્ત ભાતા હૂં**. આહાહા! હમારે પંડિતજી કહતે હૈં ન કિ શબ્દ કમ પડતે હૈં. લિખા હૈ ન, પ્રસ્તાવનામેં લિખા હૈ. આનામાં? ઐસા સિંહની જેમ મસ્ત વનવાસ... ઐસે ચોરાશીકે અવતારકો નાશ કરકે, સિંહની જેમ ત્રાડ નાખીને, સિદ્ધિ લેનેકો તૈયાર હો ગયા હૈ. આહાહા! સમજમેં આયા?

વળી એક ગરીબની વ્યાખ્યા આવી છે હમણાં. પરમ ગરીબ તો દિગંબર મુનિ હૈ. ઋદ્ધિધારી હૈ. ગરીબ-ગરીબ... મુનિયોંકે લિયે 'ગરીબ' શબ્દ વાપરના યે ઠીક નહીં. યે તો લેખ આયા હૈ. બાદશાહનો બાદશાહ છે એ તો. આનંદકંદમેં ઝૂલતે હૈં. કૈસે? ઐસા અત્યંત અપ્રતિહત ભાતા હૂં. મૈં સ્વરૂપકી ભાવના કરતા હૂં એટલે મોક્ષમાર્ગસે મૈં દ્રવ્યકો ભાતા હૂં. આહાહા! સમજમેં આયા? અરે! દેહ છૂટવાને કાળે કોણ શરણ છે તને? યે દ્રવ્ય શરણ હૈ. દ્રવ્યકી દૃષ્ટિ કી હો, તો શરણ પ્રાપ્ત હોગા. નહીં તો કહીં શરણ હૈ નહીં. આહાહા! શ્વાસ લે... આહાહા! કોઈ શરણ નહીં લક્ષ્મી, શરીર, રાગ, કર્મ બંધાયેલા તત્ત્વ, કર્મ બંધાયેલું તત્ત્વ, એક સમયકી પર્યાય ભી શરણ નહીં. આહાહા! ક્યોંકિ વહ તો પલટતી જાતી હૈ. ત્રિકાળી ભગવાન શુદ્ધ આનંદકા ધામ અત્યંત ભક્તિસે ભાતા હૂં. આહાહા! મુનિ કહતે હૈં દેખો! ૧૫૭ હુઆ, ૧૫૮.

**निर्मुक्तसंगनिकरं परमात्मतत्त्वं**
**निर्मोहरूपमनघं परभावमुक्तम् ।**
**संभावयाम्यहमिदं प्रणमामि नित्यं**
**निर्वाणयोषिदतनूद्भवसंमदाय ॥ १५८॥**

૧૫૮ ને? **શ્લોકાર્થ : સર્વ સંગસે નિર્મુક્ત...** આહાહા! ભગવાન આત્મા તો સર્વ સંગસે છૂટા હૈ. જિસકો રાગકા સંગ નહીં, કર્મકા, નિમિત્તકા સંગ નહીં. ઐસા ભગવાન આત્મા અસંગતત્ત્વ હૈ. આહાહા! એ હમણાં બનાવ્યુંને પુસ્તક. ઓલા ધન્નાલાલ એણે એમાં કાઢ્યું છે, ટીકાકારની એમાં ભૂલ છે ઓલી આવલિકાની. આવલિકાનું છેને. નિયમસાર. કાલ જોયું કાલ. એમાં એની ટીકાકારની ભૂલ છે. ટીકાકાર ભ્રમમાં છે. અરે ભઈ! સાંભળને! આ યોગીશ્વર સંત.... કોઈ અપેક્ષાએ સાધારણ વાત હોય, લક્ષ ન કિયા હો. ઐસી બાત હૈ. લખ્યું હતું. કાલ નવું આવ્યું. ટીકાકારકી ભૂલ હૈ, મૂલ પાઠકી ભૂલ હૈ. કિસીને મૂલ પાઠમેં ફેરફાર કર દિયા હૈ. ગોમ્મટસારકે અનુસાર નહીં. અરે ભાઈ! અપેક્ષાએ ધારણા વિષયની વાત છે. યે ભગવાન હૈ ઉસે તો દેખ. સમજમેં આયા? ભૂલ-બૂલ ક્યા નિકાલતા હૈ? એ તો છે. વહ તો ગોશાળોકો બચાયાને. ગોશાળાકો બચાયાને. પંડિત ઐસા કહતે હૈં. આહાહા! આવ્યું હતું.

શ્વેતામ્બરમેં ઐસા આતા હૈ ન. ગોશાળાએ... પહેલી ભગવાન પાસે શીખ્યા લેશ્યા– તેજોલેશ્યા. તેજોલેશ્યા એક લબ્ધિ હોતી હૈ મારનેકી. પીછે અપનેકો જબ લેશ્યા પ્રગટી, સમવસરણમેં આયે, ભગવાન ઉપર તેજોલેશ્યા ડાલી. ઉસસે પહલે ગોશાળાકો બચા લિયા. ગોશાળાને ...... અટકચાળો હતોને. 'અટકચાળો' ક્યા કહતે હૈં? એક સાધુ અન્યમતી બાવા થા. જટામેં જૂ થી બહોત જૂ.. જૂ. તો ગોશાળા નિકલા. એલા! જૂ ના ઘર છો? જૂ નું ઘર. બહુ જૂ છેને. જૂ નું ઘર છો? ઐસે અનાદર બહોત કિયા. ઉસને તેજોલેશ્યા મારી ગોશાળાકો. ભગવાનને બચા લિયા. ઐસા હૈ, ઐસા આતા હૈ. સબ કલ્પિત બાત હૈ.

સમવસરણમેં આ ન સકે નહીં વિરોધી. સમવસરણમેં સાધુકો જલાયે... દો સાધુકો જલા દિયા, ઐસા આતા હૈ. સુનક્ષત્રમુનિકો જલા દિયા. પછી ભગવાન ઉપર નાખી લેશ્યા. ભગવાનને છ માસ સુધી ઝાડા થયા. ક્યા કહતે હૈં? લોહીખંડ. પેશુચી.. પેશુચી કહતે હૈં? હા, વહ. છ માસ તક રહા ભગવાનકો. પીછે દવા લિયા, શાંત હો ગયા. અભી કેવલીકો રોગ હોતા હૈ. કલ્પિત વાતું એ બધી. દવા લિયા. પીછે શરીર પુષ્ટ હો ગયા ભગવાનકા. પંદરમા શતકમાં છે. આહાહા! અરે ભગવાન! એ વાત નહીં. રોગ-બોગ કૈસા? ગોશાળો હતો જ નહીં. ના, ના, ભગવાનના શરીરમાં નહીં. એ તમને ખબર નથી.

**સર્વ સંગસે નિર્મુક્ત** ભગવાન આત્મા હૈ. ભગવાન પ્રભુ અંદર બિરાજમાન ચૈતન્યજ્યોતિ, જ્ઞાનકી-આનંદકી મૂર્તિ સર્વસંગસે વિમુક્ત હૈ. આહાહા! **નિર્મોહરૂપ** હૈ... મોહ

ઉસમેં હૈ નહીં. નિર્મોહરૂપ હૈ. **અનઘ** હૈ... પુણ્ય ને પાપ રહિત હૈ. નિર્દોષ પિંડ હૈ પ્રભુ. આહાહા! **ઔર પરભાવસે મુક્ત**—વિકારી પર્યાયસે મુક્ત હૈ. **ઐસે ઇસ પરમાત્મતત્ત્વકો...** ઐસે ઇસ પરમાત્મતત્ત્વકો... મેરા આત્મા હી પરમાત્મા હૈ. **મૈં નિર્વાણરૂપી સ્ત્રીસે ઉત્પન્ન હોનેવાલે...** નિર્વાણ નામ મોક્ષરૂપી સ્ત્રી–પરિણતિ ઉસસે **ઉત્પન્ન હોનેવાલે અનંગ સુખ**... અતીન્દ્રિય સુખ... **અનંગ સુખકે લિયે નિત્ય સંભાતા હૂં (સમ્યક્ રૂપસે ભાતા હૂં)...** અંદરમેં મેરી ભાવના નિરંતર ચાલુ હૈ. આહાહા! મૈં ચીજ જો ઐસા અનઘ ને નિર્દોષ પરમાત્મા ઉસ તરફકા મેરા ઝુકાવ નિરંતર હૈ. સમજમેં આયા? આહાહા!

દૃષ્ટાંત આયા ન. પ્રવચનસારમેં દૃષ્ટાંત આયા હૈ. એક વહાણ (-જહાજ) ઉપર પંખી બૈઠા હો કૌઆ. વહાણ ચલા સમુદ્રમેં. બહોત આગે ચલા ગયા બહોત દૂર. અબ ઉસ કાગકો ઉડકર જાના કહાં? ચારે બાજુ સમુદ્ર. ઝાડપાળા કુછ નહીં. ઔર દરિયાકે કાંઠેસે (-કિનારેસે) વહાણ દૂર હો ગયા. કૌઆ બૈઠા થા વહાણમેં. વહાણ ચલા તો કૌઆ ભી બહોત દૂર હો ગયા. તો ક્યાં ઉડીને જાય? પાનીમેં પડે? (શ્રોતા : ઘૂમ-ઘૂમકર વહીં આયે). ઐસે દૃષ્ટિમેં ભગવાન જિસકો હૈ ઉસે ઘૂમઘૂમ કર દૃષ્ટિ વહીં જાતી હૈ. આહાહા! સમજમેં આયા? કૌઆકા દ્રષ્ટાત દિયા હૈ પ્રવચનસારમેં.

ઐસે સંભાતા હૂં ઔર નમન કરતા હૂં. દો બાત આયી. આહા! અંતર ભગવાન આત્મા પૂર્ણ આનંદમેં ડૂબા હૈ ઐસા પ્રભુ, અતીન્દ્રિય અમૃત આનંદ ઉસ તરફકી મૈં ભાવના કરતા હૂં, ઉતના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(રૂપ) ભાવના મોક્ષમાર્ગ ઔર ઉસકો **ઔર પ્રણામ કરતા હૂં.** મેરા ઝુકાવ ઉસ તરફ હૈ. આહાહા! સમજમેં આયા? આવી એક શ્લોકની વાત નથી બીજે. આહાહા! એક-એક કળશ. એક ગાથાના છ કળશ. ૧૫૯.

**त्यक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**चिन्मात्रमेकममलं परिभावयामि ।**
**संसारसागरसमुत्तरणाय नित्यं**
**निर्मुक्तिमार्गमपि नौम्यविभेदमुक्तम् ॥१५९॥**

**શ્લોકાર્થ : નિજ ભાવસે ભિન્ન ઐસે સકલ વિભાવકો છોડકર...** આહાહા! મેરા નિજ સ્વરૂપ–ભાવ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા—ઐસા જો અપના શાશ્વત–નિત્ય નિજભાવસે ભિન્ન... **નિજ ભાવસે ભિન્ન ઐસે સકલ વિભાવ**... આહાહા! જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ભી વિભાવ (ઔર) મેરે નિજભાવસે ભિન્ન. આહાહા! મૂલચંદભાઈ! આવું બધું સાંભળ્યું નહોતું પહેલા અત્યાર સુધી. આ તો જરી વાત થાય છે. **નિજ ભાવસે ભિન્ન ઐસે સકલ વિભાવકો છોડકર એક નિર્મલ ચિન્માત્રકો મૈં ભાતા હૂં.** ધર્માત્મા અપને ભાવકી પ્રસિદ્ધિ કરતે હૈં. મૈં તો એક નિર્મલ ચિન્માત્ર જ્ઞાનજ્યોતિ સૂર્ય, અપના નિજ

સ્વભાવ સૂર્ય મૈં ભાતા હૂં. ઉસમેં મૈં એકાગ્ર હોતા હૂં, ઉસકી મૈં ભાવના કરતા હૂં, ઉસ ભાવકી મૈં ભાવના કરતા હૂં. રાગકી ને નિમિત્તકી ભાવના નહીં. આહાહા!

**સંસારસાગરકો તર જાનેકે લિયે...** આહાહા! અરે! આ સંસાર, ઉદયભાવ, રાગાદિ સંસારસાગર–મોટો દરિયો. વિકલ્પની જાળું, પુણ્ય-પાપની વિકલ્પની જાળ, ઉસસે તિરનેકો... સમજમેં આયા? **સંસારસાગરકો તર જાનેકે લિયે, અભેદ કહે હુએ (જિસે જિનેન્દ્રોંને ભેદ રહિત કહા હૈ ઐસે)...** કૌન? મુક્તિકા માર્ગ. વસ્તુ તો અભેદ હૈ, ઉસકી બાત યહાં નહીં. અભેદ મોક્ષમાર્ગ નામ નિશ્ચય મોક્ષમાર્ગ. પીછે શબ્દ ઐસા લિયા હૈ. **જિનેન્દ્રોંને ભેદરહિત કહા હૈ...** ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા ઉસને ભગવાન આત્માકી નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર વહ મુક્તિકા માર્ગ કહા હૈ. વ્યવહાર-ફ્યવહાર બીચમેં (આતા હૈ), વહ મુક્તિકા માર્ગ હૈ નહીં એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

**અભેદ કહે હુએ (જિસે જિનેન્દ્રોંને ભેદ રહિત કહા હૈ ઐસે) મુક્તિકે માર્ગકો...** માર્ગકો–નિશ્ચય મોક્ષમાર્ગકો અભેદ લાગુ પડતા હૈ. નિશ્ચય કહો, અભેદ કહો, સ્વાશ્રય કહો. ભારે ભાઈ આમાં. નવા માણસને (એમ થાય કે) આ શું .... લાવ્યા? કાંઈ કરવું, ઉપવાસ કરવા, ભક્તિ કરવી, પૂજા કરવા, વ્રત પાળવા, મૂલચંદભાઈ! એવું તો કાંઈ આવતું નથી આમાં. ભલેને શુભભાવ હો, પણ શુભભાવ અચેતન હૈ, જડ હૈ. નિશ્ચયસે આત્મા હૈ નહીં, અજીવ હૈ યે તો. આહાહા!

**મુક્તિકે માર્ગકો ભી મૈં નિત્ય નમન કરતા હૂં.** મુક્તિકે... પહલે આયા ન? નિર્મળ ભાતા હૂં. પહલે અંદર દ્રવ્યકી બાત આયી. હવે આહીં કહે છે કે અપની વીતરાગી પર્યાય જો નિશ્ચય મોક્ષમાર્ગ હુઆ, જિનેન્દ્રને કહા વહ, ઉસે મૈં નિત્ય નમન કરતા હૂં. આહાહા! મેરી પ્રગટ હોનેકી પર્યાય ઉસકો મૈં નમતા હૂં. સમજમેં આયા? 'વર મૂકીને જાન' એવું આવે છે ને? આત્મા ક્યા ચીજ હૈ, કૈસે શ્રદ્ધા કરના—યે બાત નહીં. આ કરો, આ કરો ને આ કરો. હવે મૂકને પડ. 'વર મૂકીને જાન' સમજતે હૈં ન? 'વર' ક્યા કહતે હૈં? દુલ્હા. દુલ્હા મૂકીને જાન.

એક હમારે ગામમેં થા કણબી. કણબી હૈ ન કૃષિકાર–કિસાન. આઠ-દસ વર્ષકી ઉંમર થી ઉસકે લડકેકી. તો ઉસકો આંગી પહનાયા. ઉસકા લગ્ન થા. લગન–વિવાહ. તો દૂસરે લકડેને પૂછા, ભાઈ! તારા જાનમાં મને લઈ જઈશ? જાન આવેને? 'જાન' શું કહેવાય? બારાત. ત્યારે એ કહે, મારો બાપ મને લઈ જશે એની પણ ખબર નથી મને. કેમકે હર વખતે જાનમાં ને દા'ડે જાય... દા'ડો સમજે? મરી જાય તો કારજ કરતે હૈં ન. ક્યા કહતે હૈં? આ મરી જાયને અંતક્રિયા. દાનમેં પીછે દા'ડા કરતે હૈં, ભોજન કરતે હૈં. મૃત્યુભોજન. મૃત્યુભોજ. તો એમ કહે કે કભી મૃત્યુભોજનમેં મુજે લે જાતે હૈં, કભી નહીં લે જાતે. કભી લગ્નમેં લે જાતે હૈં, કભી નહીં. તો મને ખબર નથી કિ મને લઈ જશે કે નહીં. પણ લગન તારા માંડ્યા છેને આ? તને ખબર નથી. આવું

છે. આ ધર્મ કરીએ, અમે કરીએ, પણ તું કોણ? એ મને કાંઈ ખબર નથી. આવા મૂઢ અજ્ઞાની. આહાહા!

યહાં કહતે હૈં, અરે! મૈં હી પ્રભુ આત્મા હૂં ઔર મેરેમેં નિશ્ચય અભેદદૃષ્ટિ ઔર અભેદચારિત્ર, અભેદજ્ઞાન ભગવાનને જો કહા, ઉસકો મૈં નમન કરતા હૂં. વ્યવહારકો છોડ દિયા, નિમિત્તકો છોડ દિયા દૃષ્ટિમેંસે. દેખો! ઉસકા નામ મોક્ષમાર્ગ–નિયમસાર હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૯, સોમવાર, તા. ૩૦-૮-૧૯૭૧**
**ગાથા - ૧૧૦, પ્રવચન નં. ૧૦૯**

આજ પંચમ દિન હૈ દસલક્ષણીકાપર્વકા. ઉત્તમ સત્ય પાંચવાં ધર્મ હૈ. ક્રોધ, માન, માયા, લોભ રહિત... ઐસા ... બતાયા ન ઉત્તમ ક્ષમા, માર્દવ, સરલતા ને શૌચ. પાંચવાં (ધર્મ) સત્ય હૈ.

**जिणवयणमेव भासदि तं पालेदुं असक्कमाणो वि ।**
**ववहारेण वि अलियं ण वददि जो सच्चवाई सो ३९८॥** (કાર્તિકેયાનુપ્રેક્ષા).

**જો મુનિ, જિનસૂત્રકે હી વચનકો કહતે હૈં...** સર્વજ્ઞ પરમાત્માને જો કહા વીતરાગવાણી, ઐસે (મુનિ) કહે, અપની કલ્પનાસે કહે નહીં. જિન-અનુસારી-સર્વજ્ઞ અનુસારી વાણી, ઉસ વાણીકે અનુસાર હી વે કહે. **तं पालेदुं असक्कमाणो...** કદાચિત્ અપની ક્રિયા-આચરણ પાલનેકી શક્તિસે અસમર્થ હો, તો ભી **ववहारेण वि अलियं ण वददि...** અન્યથા ન કહે. માર્ગ તો ભગવાનકા ઐસા હૈ ભાઈ! મુનિ તો ૨૮ મૂળગુણ (સહિત) જંગલમેં રહતે હૈં, આત્માકે આનંદમેં રહનેવાલે હૈં. પંચમકાલ હો તો વહાં ઢીલાપના હૈ ઐસા નહીં. ઐસી બાત, અસમર્થ હો તો ભી અન્યથા ન કહે. ઇતની તો ઠીક, વ્યવહારસે ભી અધિક, અસત્ય ન કહે. વ્યવહારમેં બોલચાલમેં ભી અપના અપમાન હો જાય ઐસી ભાષા ન કહે—ઐસા નહીં. સત્ય કહે. માર્ગ તો ભગવાનકા ઐસા હૈ ભાઈ! અપના શુદ્ધ આત્મ પરમભાવ ઉસકે આશ્રયસે હી સમ્યગ્દર્શન હોતા હૈ. વીતરાગમાર્ગમેં દૂસરી ચીજ હૈ નહીં. ઔર અપને સ્વરૂપકી લીનતા, આનંદમેં રમણતા વહ ચારિત્ર હૈ, ઐસી બાત અપનેસે ન પલ સકે તો ભી અન્યથા ન કહે. વહ મુનિ સત્યવાદી-ઉત્તમ સત્યધર્મ કરનેવાલા-પાલનેવાલા કહનેમેં આતા હૈ.

વ્યવહાર જો ભોજન આદિકા વ્યાપાર... આહારાદિ હૈ ન મુનિકો, ઉસમેં ઐસા ન કહે પંચમ આરા ઐસા હૈ તો કોઈ થોડા ઉદ્દેશિક ભી ચલે. મુનિકો કોઈ વાંધા-હરકત નહીં ઐસે નહીં કહે. ઉસકે માટે બનાયા હો ઔર લે લે. દૂસરા ક્યા ઉપાય હૈ? પંચમ આરાકા સાધુ હોકર મર જાના? યે શરીરસે મર જાના? એમાં શેઠીયા પણ કહે કે શું મારી નાખવા છે સાધુને? કુછ બનાના, બનાકર દેના. શેઠ! શહેરમેં આયે તો ક્યા કરે? એમ કહતે હૈં દેખો! શેઠ મોઢા આગળ-અગ્રેસર કહનેમેં આતા હૈ. ગામમેં આયે ઔર ખબર પડે તો ઉસે કુછ કરના પડે કિ નહીં? ઐસા માર્ગ ભગવાનકા હૈ નહીં. સમજમેં આયા? ભોજન આદિકા વ્યવહાર હો, પૂજા, પ્રભાવનાદિકા વ્યવહાર જિનસૂત્રકે અનુસાર વચન કહે. અપને ઇચ્છાસે જૈસે-તૈસે ન કહે. ઉસકા નામ સત્યધર્મ હૈ. વીતરાગ માર્ગ... આગે આયા ન ઉસમેં. તેરેસે ન પલે તો ભી શ્રદ્ધા તો પક્કી રખના કિ માર્ગ તો યે હૈ. સમજમેં આયા?

**दंसणभट्ठा न सिजंति...** જો શ્રદ્ધા વિપરીત કરેગા તો કભી તેરા આરા નહીં આયેગા. **चरितभट्ठा...** ચારિત્રમેં ભ્રષ્ટ હો, ચારિત્ર ન હો, પણ શ્રદ્ધામેં પક્કા હો, દર્શનભ્રષ્ટ નહીં, વહ મુક્તિ પાયેગા. ચરિત્તભ્રષ્ટ હૈ (ઔર) દર્શનભ્રષ્ટ હૈ યે મુક્તિ નહીં પાયેગા. ચરિત્તભ્રષ્ટ હૈ યે મુક્તિ પાયેગા. ક્યોંકિ ઉસકી શ્રદ્ધામેં યથાર્થ ભાન વર્તતા હૈ. સમજમેં આયા? વહ સત્યધર્મકી... આ દસ પ્રકારની વાત આવે છે. આપણે અહીંયા ૧૧૦ ગાથા, નિયમસાર. આલુંછનકા અધિકાર ચલતા હૈ ન. આલોયણકા અધિકાર આ ગયા. દૂસરા આલુંછન.

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो ।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं ॥११०॥**

ભગવાને એમ દીઠું છે એમ વળી કહે છે.

**જો કર્મ-તરુ-જડ.નાશકે સામર્થ્યરૂપ સ્વભાવ હૈ,**
**સ્વાધીન નિજ સમભાવ આલુંછન વહી પરિણામ હૈ. ૧૧૦.**

**ટીકા : યહ, પરમભાવકે સ્વરૂપકા કથન હૈ.** આહાહા! મુદ્દેકી રકમકી બાત હૈ. **ભવ્યકો...** પહલે લિયા ન ભવ્ય. '**ભવ્યકો**' ઐસા પહલા શબ્દ પડા હૈ ન. **પારિણામિકભાવરૂપ સ્વભાવ...** આહાહા! જો ભવ્યજીવ હૈ, મોક્ષ જાનેકે લાયક હૈ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરનેમેં લાયક હૈ, ઉસકા જો પારિણામિકભાવસ્વભાવ... ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી ધ્રુવભાવ, ત્રિકાળી સ્વભાવભાવ ઉસકો યહાં પારિણામિકભાવ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? એક સમયકી પર્યાયસે ભી ભિન્ન ઐસા ત્રિકાળી ભગવાન આત્મા ઉસકા સહજ દ્રવ્યસ્વભાવ–સ્વરૂપ, દ્રવ્યકે સ્વભાવકી હયાતી વહ પરમપારિણામિકભાવ હૈ. પોપટભાઈ! આવી તો ભાષા તમે સાંભળી નહીં હોય ન્યાં વાડામાં. આહાહા!

ભગવાન આત્મા... 'ભવ્યકો' યે બાત લેના હૈ. પારિણામિકભાવરૂપ સ્વભાવ, ત્રિકાળી જ્ઞાયકભાવ, વસ્તુ આત્મા નિત્ય ઐસા ઉસકા સ્વભાવ ભી અવિનાશી–નિત્ય, જ્ઞાન-દર્શન-આનંદ, સ્વચ્છતા, પ્રભુતા ઐસી શક્તિયાં અનંત વહ ઉસકા સ્વભાવ. યે ભવ્યકા પારિણામિકભાવરૂપ સ્વભાવ... આહા! **સ્વભાવ હોનેકે કારણ પરમ સ્વભાવ હૈ.** ત્રિકાળીભાવ વહ પરમસ્વભાવ હૈ. નિત્યાનંદસ્વભાવ ધ્રુવ–કાયમી, અવિનાશી– શાશ્વત સ્વભાવભાવ ઉસકો યહાં પારિણામિકભાવ કહનેમેં આતા હૈ.

**વહ પંચમભાવ...** પંચમ ત્રિકાળી ભગવાન મહિમાવંત અપના નિજ ત્રિકાળી સ્વભાવ **ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોંકો અગોચર હૈ.** આહાહા! પુણ્ય-પાપકા વિકલ્પ, વ્યવહાર રત્નત્રય ઉસસે અગમ્ય હૈ. ઔર ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકકી પર્યાય ઉસકે આશ્રયસે ભી અગમ્ય હૈ (અર્થાત્) ઉસસે આશ્રયસે પ્રગટ હોતા નહીં. આહાહા! ભારે વાત. સમજમેં આયા? નહીં સમજમેં આયા. શેઠી! ક્યા કહા? ક્યા નહીં સમજમેં આયા? આત્મા હૈ ન. ઉસમેં દો અંશ

હૈં. એક વર્તમાન પર્યાય–અવસ્થા–હાલતકા અંશ હૈ અને એક ત્રિકાળી અંશ હૈ. જો ત્રિકાળી અંશ ધ્રુવ હૈ... નયકા વિષય બતાના હૈ ન. પારિણામિકભાવ નિશ્ચયનયકા વિષય હૈ. એક અંશ હૈ ન વહ. પણ યે અંશ કૈસા? કિ ત્રિકાળ અંશ જો ધ્રુવસ્વભાવ...

આત્મા જૈસે નિત્ય હૈ, ઐસે ઉસકા જ્ઞાનભાવ, દર્શનભાવ, આનંદભાવ ઐસા સ્વભાવ અનાદિ અવિનાશી હૈ. ઐસા જો નિત્ય સ્વભાવ ઉસકો યહાં પારિણામિકભાવ, વસ્તુકી સહજ સ્થિતિકા ભાવ કહનેમેં આતા હૈ. યે ભાવ–પંમચભાવ, ઉદયાદિ ચાર વિભાવસ્વભાવોંસે અગોચર હૈ. ઉસકા અર્થ કિ ઉસકી જો પર્યાય–હાલત–દશામેં પુણ્ય-પાપકી દશા, ઉપશમ સમકિત આદિકી દશા, ક્ષયોપશમ જ્ઞાનકી દશા, ક્ષાયિક સમકિત આદિકી દશા ઉસકે આશ્રયસે વહ પ્રાપ્ત નહીં હોતા. સમજમેં આયા? વહ તો પરમસ્વભાવકા આશ્રય લેકર અવલંબન લેતા હૈ તો ભાન હોતા હૈ, પ્રાપ્ત હોતા હૈ. આહા!

ફિરસે. ભગવાન આત્મામેં દો પ્રકાર. એક વ્યવહાર આત્મા, એક સમયકી પર્યાય યે વ્યવહાર આત્મા. ચાહે તો ક્ષાયિક કેવલજ્ઞાન હો, ક્ષાયિક સમકિત હો કિ રાગ હો કિ ક્ષયોપશમજ્ઞાન ચાર જ્ઞાન ચૌદ પૂર્વકા હો, પણ વહ એક સમયકી પર્યાય યે વ્યવહાર આત્મા હૈ. ઉસસે રહિત ત્રિકાળ નિશ્ચય આત્મા... વસ્તુકી સ્થિતિકી ખબર નહીં અને ધર્મ હો જાય. ભગવાન આત્મા એક સેકંડકે અસંખ્યવે ભાગમેં વર્તમાન વિદ્યમાન ત્રિકાળભાવસ્વભાવ એક (સમયકી) પર્યાયકે સિવા, રાગ અને ધર્મકી પર્યાય સિવા... 'સિવાય' કહતે હૈં? અલાવા. જો ચીજ હૈ નિત્ય અવિનાશી આદિ-અંત બિનાકી, ઐસા પરમભાવ યે ચાર ભાવસે અગમ્ય હૈ અર્થાત્ ચાર ભાવકે આશ્રયસે વહ પ્રગટ હોતા નહીં. આહાહા! સમજમેં આયા? પહલે બાત આ ગયી હૈ બહોત.

યે તો પરમ ભગવાન આત્મા ક્ષયોપશમ સમકિત, ઉપશમ સમકિત, ક્ષાયિક સમકિતકે ગમ્ય હૈ, પણ ઉસકે આશ્રયસે ગમ્ય નહીં. આહાહા! ઝીણું બહુ ભારે! ભગવાન નિત્યાનંદ પરમાત્મા 'અપ્પા સો પરમપ્પા' ઐસા જો આત્મા ત્રિકાળી પરમભાવ, સદૃશભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, દ્રવ્યકી અસ્તિકા ત્રિકાળીભાવ. આહાહા! ઉસે યહાં પરમપારિણામિકભાવ કહનેમેં આયા હૈ. યે ભાવ અપને આશ્રયસે પ્રગટ હોતા હૈ. ચાર ભાવકે આશ્રયસે ભી પ્રગટ હોતા નહીં. આહાહા! કહો, શેઠી! ક્યા હુઆ અબ? ચાર વિભાવસ્વભાવ... ત્રિકાળીભાવ વહ સ્વભાવભાવ હૈ ઔર જો પર્યાયકા ભાવ વહ વિભાવસ્વભાવ હૈ. પર્યાય હૈ ન. વહ દ્રવ્યસ્વભાવ ત્રિકાળી. જ્ઞાન, આનંદાદિ ગુણ જો સદૃશ ધ્રુવ વહ ત્રિકાળી સ્વભાવભાવ, યે સ્વભાવભાવ, યે પારિણામિકભાવ ઔર એક સમયકી પર્યાય યે વિભાવભાવ. ચાહે તો રાગ હો કિ ચાહે તો ક્ષાયિક સમકિત હો—સબકો યહાં વિભાવસ્વભાવ કહનેમેં આયા હૈ. આહાહા! જિસમેં કર્મકે નિમિત્તકી ઉપસ્થિતિકા ભાવ હૈ વહ વિકાર ઔર કર્મકી ઉપસ્થિતિકા અણુદય અથવા અભાવકા

ભાવ હૈ (અર્થાત્) જિસમેં કર્મકી નિમિત્તતા ઔર નિમિત્તકા અભાવ ઐસે અપેક્ષિત જો ચાર ભાવ હૈં ઉસકો યહાં વિભાવસ્વભાવ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

૫૦વીં ગાથામેં ચાર વિભાવસ્વભાવકો પરદ્રવ્ય કહા હૈ. અપના ત્રિકાળીદ્રવ્ય નહીં. પરમ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જો અનુભૂતિકા વિષય હૈ, વહ સમ્યગ્દર્શનકા ધ્યેય હૈ, વહ સમ્યગ્જ્ઞાન–જ્ઞાનમેં આશ્રય કરનેલાયક ચીજ હૈ, આહાહા! ભારે વાતું ભાઈ! યે તો ચાર વિભાવસ્વભાવસે અગમ્ય હૈ. વહ પારિણામિકભાવરૂપ સ્વભાવ ઐસે કહા. જો ત્રિકાળીભાવ વહ સ્વભાવ ને ચાર ભાવ વહ વિભાવ. આહાહા! ચાર ભાવકે આશ્રયસે વહ પ્રાપ્ત નહીં હોતા. ઇસ અપેક્ષાસે ચાર ભાવસે અગમ્ય કહનેમેં આતા હૈ. બાકી તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાયસે હી ગમ્ય હૈ, પણ ઉસકે આશ્રયસે ગમ્ય નહીં એટલે અગમ્ય કહનેમેં આયા. આરે, ભારે વાત ભાઈ! સમજમેં આયા? ખરેખર આત્મા, ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર જિનેશ્વર ઉસને જો ખરેખર આત્મા દેખા વહ ધ્રુવસ્વરૂપ હૈ, વહ પરમપારિણામિકભાવ હૈ. ઐસા દેખનેવાલેકો અપના સ્વભાવકા આશ્રય લેતા હૈ તો દેખનેમેં આતા હૈ. પર્યાયકા આશ્રય લેનેસે દેખનેમેં નહીં આતા. પર્યાયકે આશ્રયસે વિકલ્પ ઉઠતે હૈં. સમજમેં આયા?

**ઇસીલિયે વહ પંચમ ભાવ ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ...** લ્યો, ઐસે લિયા. દેખો! ઉદય-ઉદીરણા ઐસે વિવિધ વિકારોસે રહિત હૈ. ઓલામાં પહેલા ચાર વિભાવ કહ્યા સમુચ્ચય. પીછે, ત્રિકાળીભાવ ઉદયસે ભી રહિત, ઉદીરણાસે ભી રહિત હૈ. ઉદીરણા કરના, પુરુષાર્થ કરકે રાગકો ટાલના—યે ઉદીરણા-ફુદીરણા વસ્તુમેં હૈ નહીં. આહાહા! અંતરમેં પુરુષાર્થ કરકે રાગકા નાશ કરના, કર્મકા નાશ કરના ઐસી જો ઉદીરણા યે ભી વિવિધ વિકાર હૈ–વિશેષ અવસ્થા હૈ. ઉસસે ભી ભગવાન ધ્રુવ પ્રભુ તો રહિત હૈ. આહાહા! સમજમેં આયા? **ઉદીરણા, ક્ષય અને ક્ષયોપશમ**... ઉદીરણા નાખ્યું ઓલામાં. ઉપશમ ઓલામાં રાખ્યું ને આહીં ઉદીરણા નાખ્યું. .....ચાર ભાવ. સમજમેં આયા? ઉપશમને ઠેકાણે ઉદીરણા નાખ્યું. કેમ? કે પુરુષાર્થથી ઉદીરણા (એટલે) નાશ થાય છે કર્મનો અને રાગનો. યે દશા તો વર્તમાન પર્યાયકી વિશેષ આકૃતિવાલી દશા હૈ. ગુણકા વિશેષ (કાર્ય)–વિકાર હૈ. ઇસસે ત્રિકાળી રહિત હૈ. આહાહા! ન પકડાણું? એની એ વાત આવી.

પર્યાયમેં જો ભાવ આયા વહ ગુણકા વિકાર હૈ. વિકારકા અર્થ ગુણકા વિશેષ કાર્ય હૈ. ચાહે તો ક્ષયોપશમ હો કિ ક્ષાયિક હો, પણ ગુણકા વિશેષ કાર્ય હૈ. તો વિશેષ કાર્યરૂપી જો ભેદ ઉસસે વહ રહિત હૈ. પર્યાય છે ને. આતા હૈ ન જૈન સિદ્ધાંત પ્રવેશિકામેં. પર્યાય કિસકો કહતે હૈં? ગુણકે વિકારકો પર્યાય કહતે હૈં. આતા હૈ ન પ્રેમચંદજી? ક્યા આતા હૈ? ગુણકે વિશેષ કાર્યકો પરિણામ કહતે હૈં, પર્યાય કહતે હૈં. કહતે હૈં કિ રાગાદિભાવ કિ રાગકા નાશ કરનેકા ઉદીરણાભાવ, ક્ષયભાવ કિ ક્ષયોપશમભાવ—ઐસે વિવિધ–અનેક પ્રકારકી વિકાર નામ વિશેષ

દશા ઉસસે રહિત હૈ. આહાહા! શરીર રહિત તો હૈ હી, યે તો માટી જડ હૈ. તત્ત્વ ક્યા હૈ ઉસકી ખબર નહીં. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ કેવલજ્ઞાનીકા કહા હુઆ આત્મા વહ સમ્યગ્દષ્ટિકો ગમ્ય હૈ, પણ ગમ્ય હૈ વહ સમ્યગ્દર્શનકી પર્યાયકે આશ્રયસે ગમ્ય નહીં. સમજમેં આયા?

વર્તમાનકાલકી પર્યાય નિર્મળ અવસ્થા ભી ત્રિકાલીમેં નહીં, ધર્મકી પર્યાય ભી ત્રિકાલીમેં નહીં. ધર્મકી પર્યાયસે રહિત પારિણામિકભાવ હૈ. આહાહા! નિશ્ચય મોક્ષકા માર્ગ જો હૈ, અપના ભગવાન પૂર્ણસ્વરૂપ ઉસકી શ્રદ્ધા–નિર્વિકલ્પ સમકિત, ઉસકા જ્ઞાન–રાગ બિનાકા સ્વસંવેદનજ્ઞાન ઔર ચારિત્ર–સ્વરૂપકી રમણતા ઐસા જો નિશ્ચય મોક્ષમાર્ગ હૈ ઉસ પર્યાયસે ભી રહિત દ્રવ્ય હૈ. સમજમેં આયા? આહાહા! આહીં તો હજી શરીરની ક્રિયાથી રહિત માનવાને પસીનો ઉતરે છે. પાટનીજી! જીવિત શરીરકી ક્રિયાસે ધર્મ હોતા હૈ કિ નહીં? ખાનિયા ચર્ચા જયપુર.. જયપુર હુઈ ન. તુમ્હારે સામને હુઈ હૈ. તુમ થે કિ નહીં હાજર? હા, એ. વહ પ્રશ્ન થા. જીવિત શરીરકી ક્રિયાસે ધર્મ હોતા હૈ કિ નહીં? હમારે રાજમલજી કહતે હૈં કિ ઐસા પ્રશ્ન ક્યા કરતે હૈં? આવા પ્રશ્ન અત્યારે જૈનમાં ચાલે! પાટનીજી! હાજર થે કિ નહીં તુમ? આહાહા! ફૂલચંદજી. ફૂલચંદજી ને? હતાને. ત્યાં બધા ઉતર્યા હતાને. આહાહા!

કહતે હૈં, અરે ભગવાન! તેરી સત્ય ચીજ જો નિત્યાનંદ પ્રભુ... તુમ અવિનાશી હો કિ નાશવાન હો? પર્યાય નાશવાન હૈ. પર્યાય નાશવાન હૈ. પણ ત્રિકાળી ચીજ નાશવાન હૈ? આહાહા! ઐસા ત્રિકાળી અવિનાશી પ્રભુ જો પર્યાયમેં લક્ષમેં આતા હૈ, યે ચીજ ત્રિકાળી પરમસ્વભાવભાવ પર્યાયકે વિવિધ પ્રકારકે ભાવસે રહિત હૈ. સમજમેં આયા? આહાહા! ઐસી બાત સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવકી પરંપરા સિવા કહીં હૈ નહીં. સમજમેં આયા? કારણ કે વહ આત્મા હૈ, પણ હૈ તો કિસ પ્રકારસે હૈ? ક્યા પર્યાયસે વહ આત્મા ત્રિકાળી હૈ? ક્યા પર્યાય હૈ તો ત્રિકાળી આત્મા હૈ? ત્રિકાળી ભી હૈ ને પર્યાય ભી હૈ. પણ વહ પર્યાયસે રહિત દ્રવ્ય હૈ, નહીં તો દ્રવ્ય સિધ્ધ હોતા નહીં. કાર્ય કરના હૈ જો દશામેં, કાર્ય, યે કાર્યસે કારણ ત્રિકાળી ભિન્ન હૈ. આહાહા! સમજમેં આયા? ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ અખંડ અભેદ વસ્તુ એક આત્મા હોં, સબ મિલકર નહીં. પ્રત્યેક આત્મા અપની અખંડતા, અભેદતા ભિન્ન રખતા હૈ. પરસે તો ભિન્ન રખતા હૈ, પણ અપની પર્યાયસે અખંડતા, અભેદતા, દ્રવ્યતા ભિન્ન રખતા હૈ. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં, **ઐસે વિવિધ વિકારોંસે રહિત હૈ. ઇસ કારણસે ઇસ એકકો પરમપના હૈ...** પરમપના તો, ત્રિકાળી ધ્રુવપનેકો હી પરમપના હૈ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જો વિકારી પર્યાય ને અવિકારી પર્યાય, અધર્મ પર્યાય ને ધર્મ પર્યાય હૈ—ઉસકી અપેક્ષાસે વહ ત્રિકાળીભાવ પરમભાવ હૈ (ઔર) ચાર અપરમભાવ હૈં. આહાહા! સમજમેં આયા? અપરમભાવમાં સ્થિત એને વ્યવહારનો ઉપદેશ છે, એ બીજી વાત. ૧૨વીં ગાથામેં આતા હૈ ન.

ઉસકા ઊલટા અર્થ કરતે હૈં. વહ તો કહતે હૈં, જબ ઉસકો આત્માકા પૂર્ણ અનુભવ ને શુદ્ધનયકી દશા પ્રગટ હો ગઈ, ઉસકો તો શુદ્ધનય જાનનેલાયક હૈ નામ ઉસકા જ્ઞાન હો ગયા. પણ જબ તક વહ આત્મા સાધકસ્વભાવમેં હૈ, અપને પરમસ્વભાવ તરફકે ઝુકાવમેં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમેં હૈ, પણ હજી પૂર્ણ દશા હુઈ નહીં, તો નીચલી દશામેં અપનેમેં જો રાગાદિ કિ અપૂર્ણ શુદ્ધતા હૈ, ઉસકો જાનના યે પ્રયોજનવાન હૈ એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

જાનના પ્રયોજનવાન હૈ. ઉપદેશ કરનેકી બાત વહાં હૈ હી નહીં. આહાહા! સાધારણ મિથ્યાદૃષ્ટિ હૈ ઉસકો તો વ્યવહારકા હી ઉપદેશ કરના ઐસે કહતે હૈં. ઐસી બાત હૈ હી નહીં વહાં. સમજમેં આયા? યે બાત દૂસરી, વહ બાત દૂસરી. વહાં તો પૂર્ણદશા હુઈ નહીં ઔર દૃષ્ટિકે વિષયમેં દૃષ્ટિ તો પડી હૈ. નિશ્ચય ઉપર દૃષ્ટિ હૈ, પણ પર્યાયમેં પૂર્ણતાકી પ્રાપ્તિ ન હો તબ લગ અપૂર્ણ શુદ્ધતા ને રાગકો જાના હુઆ પ્રયોજનવાન હૈ. એ અપરમભાવમાં સ્થિતને વ્યવહારનો ઉપદેશ આ છે. ઊંધા અર્થ કરે, ક્યા કરે? સમજમેં આયા? યહાં, ક્ષાયિકભાવ પૂર્ણ ન હો, તો નીચલી દશામેં અપૂર્ણ ભાવકો અપરમદશા કહનેમેં આતા હૈ. વહ જાનનેલાયક હૈ ઐસા. યહાં કહતે હૈં કિ જો ત્રિકાળી પરમસ્વભાવભાવ હૈ વહ પરમભાવ હૈ ને ચાર ભાવ પર્યાય હૈ વહ અપરમભાવ હૈ, બસ ઇતના. યે પરમભાવ નહીં તો અપરમભાવ હૈ. આહાહા! શું થાય? ક્યા કરે?

**ચાર વિભાવોંકોં અપરમપના હૈ...** દેખો! **ઇસ કારણસે ઇસ એકકો પરમપના હૈ...** એકકો પરમપના હૈ. ત્રિકાળી અવિનાશી અંશ જો ધ્રુવ સદૃશ રહનેવાલા ભગવાન ઐસા હૈ.. હૈ.. હૈ.. હૈ.. હૈ.. અનાદિ, ઉસકો પરમપના હૈ કિ જો આશ્રય કરનેલાયક હૈ. ઔર **શેષ ચાર વિભાવોંકો અપરમપના હૈ.** ક્ષાયિક કેવળજ્ઞાન ભી અપરમભાવ હૈ. ભાઈ! એ આહીં નથી, ન્યાં વાત કરી એ આહીં નહીં. આહીં હતી એ ન્યાં નથી. યહાં તો, ક્ષાયિક કેવળજ્ઞાન ભી અપરમભાવ હૈ. વહાં અપરમભાવમેં સ્થિત હૈ વહ કેવળજ્ઞાનમેં નહીં. સમજમેં આયા? વહાં કહા અપરમભાવ એટલે કેવળજ્ઞાન—એ નહીં. કેવલજ્ઞાન પ્રગટ હો ગયા તો શુદ્ધનયકી પૂર્ણ દશા હો ગઈ. બસ વહ તો જ્ઞાતા-દૃષ્ટા અકેલા હૈ, હો ગઈ પૂર્ણતા ઔર નીચલી દશામેં પૂર્ણ દશાકા અભાવ ઉસકા નામ અપરમભાવ કહનેમેં આયા હૈ. સમજમેં આયા?

યહાં ત્રિકાળીભાવ પરમભાવકી અપેક્ષાસે ચાર પર્યાયકો અપરમભાવ કહનેમેં આતા હૈ. ચાર તો પૂર્ણ હુઆ હૈ... **सुद्धो सुद्धादेसो णादव्वो...** પરમભાવ જો પૂર્ણ પર્યાય પ્રગટ હો ગઈ ઉસકો ભી યહાં અપરમભાવ કહનેમેં આયા હૈ. સમજમેં આયા? મીઠાભાઈ! આ તો અપરમભાવનો અપરમભાવ છે. આહાહા! વાંધા ઉઠાવે છે પાછા. ભાઈ! વાસ્તવિક વીતરાગમાર્ગ સર્વજ્ઞને કહા વહ તત્ત્વ જગતકા સત્ત્વ હૈ. વહ કોઈ કલ્પનાસે કિ અનુમાનસે ઐસા હૈ-ફૈસા હૈ, એક હી આત્મા હૈ, દૂસરા હૈ હી નહીં (ઐસા) કલ્પનાસે સિદ્ધ કરના ઐસી યે

ચીજ નહીં. યે તો સર્વજ્ઞસે સિદ્ધ હુઆ ઔર વાણીમેં આયા ઉસ અનુસાર પદાર્થકી વ્યવસ્થા હૈ. સમજમેં આયા? **ઇસ કારણસે ઇસ એકકો પરમપના હૈ**... કૌન એક? શેઠ! ત્રિકાળી પરમપારિણામિકસ્વભાવ. **શેષ ચાર વિભાવોંકો અપરમપના હૈ**. ચાહે તો કેવળજ્ઞાન હો કિ અનંત આનંદ હો, ચતુષ્ટ ચાર પ્રગટ હુએ હો, તો ભી ત્રિકાળી પરમભાવકી અપેક્ષાસે અપરમભાવ હૈ. અને વહાં બારવીં ગાથામેં જો અપરમભાવ કહા વહ કેવલજ્ઞાનાદિ નહીં. વહાં અપરમભાવ કેવળજ્ઞાન નહીં. સમજમેં આયા?

વહાં તો અપના આત્મા દ્રવ્યદૃષ્ટિ સમ્યકમેં તો દ્રવ્યકા પૂર્ણ આશ્રય લિયા, નિશ્ચયકા આશ્રય લેકર સમ્યક્ હુઆ, પણ હજી પર્યાયમેં પૂર્ણતા પ્રાપ્ત નહીં હુઈ તો અપૂર્ણ શુદ્ધતા ને રાગકા ભાવ જો પર્યાયમેં હૈ, ઉસકો જાના હુઆ પ્રયોજનવાન (કહા) હૈ. સમજમેં આયા? ભારે! શાસ્ત્રકા અર્થ કરનેમેં ગરબડ બડી હો, એક ગરબડી હો તો સબમેં ગરબડી (આતી હૈ). એક ને બે = ચાર. પછી ચાર ચોકુ સોળ, ને સોળ તેરી અડતાલીસ ને અડતાળીસ દુ છન્નુ. કરોડોમેં ચલે (જાયે) પણ વહ મૂળમેં ભૂલ હૈ. તો ઓલા પાંચ-પચ્ચીસ ઐસા પાના દેખે (તો કહે) કિ ભૂલ નહીં હૈ. પણ મૂળમેં ભૂલ હૈ. સમજમેં આયા? એક ને દો ચાર હો ગયા હૈ. પીછે ચાર ચોકુ સોળ ને સોળ તેરી અડતાલીસ ને અડતાલીસ દુ છન્નુ ને છન્નુ.... મૂળમાં ભૂલ. આપણે છપાણું છેને ઓલું પુસ્તક 'મૂળમાં ભૂલ'. એ શબ્દ તો ભાઈએ દીધો ...લાલ. સમજમેં આયા?

કહતે હૈં, આહાહા! શું પણ ટીકા! આલુંછન હૈ ન. 'આ' નામ સમસ્ત પ્રકારે, લુંછન– છેદી નાખવું. મેરે દ્રવ્યમેં પર્યાય નહીં. આહાહા! પર્યાય અપરમભાવ હૈ, પરમભાવ, મેરી ત્રિકાળી ચીજ વહ પરમભાવ હૈ. ઉસકા દૃષ્ટિવંત અપરમભાવકા આશ્રય લેતા નહીં એમ કહતે હૈં. સમજમેં આયા? સાધારણ સમાજને અભ્યાસ નહીં અને માથે જે અભ્યાસ સાધારણ શબ્દોનો કર્યો હોય, એ દીધે રાખે જય મહારાજ! જય મહારાજ! મૂલચંદભાઈ! કમાવવા આડે નવરાશ નહીં. ભાઈ કહે છે કે ....... ચાલ્યું જ એમ છે ભાઈ હોં. આહાહા!

**સમસ્ત કર્મ**... હવે અર્થ આવ્યો. એ ભાવની વ્યાખ્યા કરીને. હવે **कम्ममहीरुहमूलच्छेद-समत्थो**... એની વાત આવશે. આહાહા! ગજબ વાત છે! કુંદકુંદાચાર્ય એક-એક શબ્દમેં, એક-એક પદમેં... **कम्ममहीरुह-मूलच्छेदसमत्थो**... આ પહેલું પદ. હવે, **સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષકે મૂલકો ઉખાડ દેનેમેં સમર્થ ઐસા યહ પરમભાવ**... લ્યો, પહલે વ્યાખ્યા કરી દો કી. સમજમેં આયા? કહતે હૈં, સમસ્ત કર્મરૂપી ઝેરના ઝાડ... આઠ કર્મ જહરકા વૃક્ષ. આહાહા! અરે, ભગવાન! તીર્થંકરગોત્ર બંધાય એને? જહરકા ઝાડ હૈ. એ, ભીખાભાઈ! યે કુંદકુંદાચાર્ય ઐસા કહતે હૈં, તીર્થંકરગોત્ર પ્રકૃતિ બંધી યે જહરકા ઝાડ હૈ. સમસ્ત ૧૪૮ પ્રકૃતિ હોં. આહાહા! સમસ્ત કર્મરૂપી ઝેરકા વૃક્ષ... અબ ઇતના તો પ્રકૃતિકો દ્રષ્ટાંત દિયા હૈ ઝેરકા ઝાડ. ભાવ તો ઝેર હૈ હી, જિસ

ભાવસે પ્રકૃતિ બંધે વહ ભાવ ઝેર હૈ. ષોડશકારણ ભાવના વહ ભાવ ઝેર હૈ. જ્યંતિલાલજી! આહાહા!

આ તો દિગંબરો સંતો એ વાત કરે હોં. જગતકી પરવાહ નહીં. સત્ય યે હૈ. માનો-ન માનો, સમજો-ન સમજો, પણ માર્ગ યે હૈ. દૂસરા (માર્ગ) કરેગા (-માનેગા) તો તેરા નાશ હો જાયેગા ઔર સંસારમેં પરિભ્રમણ કરેગા. આહાહા! યે પરમભાવ કૈસા હૈ? ત્રિકાળી હૈ. સમસ્ત કર્મ ઝેરકે ઝાડકો ઉખાડનેમેં સમર્થ. ઉસકા અર્થ કિ ઉસમેં કર્મકા ઝેરઝાડ હૈ હી નહીં. એક બાત. દૂસરી. ઉસકા આશ્રય કરો તો આઠોં કર્મકા નાશ હોગા ઐસા યે પરમભાવ હૈ. સમજમેં આયા? આહાહા! અરે! મનુષ્યદેહમેં આયા ઔર સર્વજ્ઞ પરમેશ્વરને ઐસા તત્ત્વ પ્રસિદ્ધ કિયા, સંતોને સહેલી (-આસાન) ભાષામેં માર્ગ સહેલા કર દિયા હૈ. સમજમેં આયા? ઐસા માર્ગ જો ઉસકી સમજમેં ન આવે તો ક્યા કિયા? બહારમેં માન મિલે, દુનિયા વખાણે કિ બડા વિદ્વાન હૈ, બડા પંડિત હૈ. ક્યા હૈ? મુજમેં આયા હૈ ક્યા? સમજમેં આયા?

ઓહોહો! કહતે હૈં, તેરા જો પરમ પંચમભાવ યે કર્મરૂપી ઝાડકો ઉખેડનેમેં... **आलुंछण** હૈ ન? **आलुंछण** = મૂળમેંસે ઉખાડકર. આહાહા! ઐસા યહ પરમભાવ હૈ, **ઉખાડ દેનેમેં સમર્થ ઐસા યહ પરમભાવ હૈ**. પાઠ હૈ ન. **कम्ममहीरुहमूलच्छेदसमत्थो...** પહલે પદકી વ્યાખ્યા ઇતની હૈ. આહાહા! **ત્રિકાલ-નિરાવરણ નિજ કારણપરમાત્માકે સ્વરૂપકી શ્રદ્ધાસે પ્રતિપક્ષ...** ક્યા કહતે હૈં અબ? કિ ત્રિકાલ નિરાવરણ પરમાત્મા અપના નિજસ્વરૂપ, પરમાત્મા નિજસ્વરૂપ પરમસ્વરૂપ... પરમ આત્માકો પરમ સ્વરૂપ કહો કિ પરમભાવ કહો. સમજમેં આયા? અપના ત્રિકાળી પરમાત્મા, એક સમયકી પર્યાયકે બિનાકા ત્રિકાળી પરમાત્મા, પરમ આત્મા નામ પરમસ્વરૂપ અથવા પરમભાવ. ઐસા **નિરાવરણ નિજ કારણપરમાત્મા**... અપના નિજ પરમાત્મા, એમ. અરિહંત કિ ભગવાનકા પરમાત્મા નહીં.

યે નિજ કારણપરમાત્માકે સ્વરૂપકી શ્રદ્ધા, સ્વરૂપકી શ્રદ્ધા સમકિત. એનાથી વિપરીત **તીવ્ર મિથ્યાત્વકર્મકે ઉદયકે કારણ કુદૃષ્ટિકો...** આહાહા! જિસકી દૃષ્ટિ, રાગ ને એક સમયકી (પર્યાય)–અપરમભાવ પર દૃષ્ટિ પડી હૈ, આહાહા! એમ કહતે હૈં. ઉસકો ત્રિકાળ નિરાવરણકી દૃષ્ટિ હૈ નહીં. સમજમેં આયા? માળે ભારે! આવો ઉપદેશ કેવો? કહે, દસ અપવાસ કરવા દસલક્ષણી પર્વમાં, આ શેઠીયાઓ કહે ભઈ દાન દેવા, આ શરીરના બળવાળાને અપવાસ કરવા, બુદ્ધિબળવાળાને શાસ્ત્ર ભણવા.—યે તો કુછ આયા નહીં. વક્તાપનેકા ભાવ હો ઉસે ઉપદેશ દેના, શરીરકા બલ હો ઉસે અપવાસ આદિ તપ કરના અને લક્ષ્મીવાલા હો ઉસે દાન દેના. વહ ચીજ હૈ હી નહીં તેરેમેં, ક્યા દે કિસકો? બોલે કોણ? બોલે એ બીજો–જડ, એ આત્મા નહીં. આહાહા!

કહતે હૈં, **ત્રિકાળ નિરાવરણ નિજ કારણપરમાત્માકે સ્વરૂપકી શ્રદ્ધાસે પ્રતિપક્ષ**... ઉસકા અર્થ ક્યા હુઆ? કિ **મિથ્યાત્વકર્મકે ઉદયકે કારણ કુદૃષ્ટિ**... કુદૃષ્ટિ... ઉસકી દૃષ્ટિ ત્રિકાળ નિરાવરણ પરમાત્માકો સ્વીકાર ન કર, એક સમયકી પર્યાય ને રાગકો સ્વીકાર કરતી હૈ વહ કુદૃષ્ટિ હૈ. આહાહા! ગહન ગંભીર વિષય હૈ. આહાહા! પાછું, **તીવ્ર મિથ્યાત્વકર્મકે ઉદયકે કારણ કુદૃષ્ટિકો, સદા નિશ્ચયસે વિદ્યમાન હોને પર ભી**... જિસકી દૃષ્ટિમેં પર્યાય ને રાગ પડા હૈ, ઉસકો ત્રિકાળ વિદ્યમાન હોને પર ભી ભગવાન અવિદ્યમાન હી હૈ.

શ્રોતા : હોતે હુએ ભી નહીં હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં હૈ. ક્યા કહા? ભાઈને ક્યા કહા? હોને પર ભી નહીં હૈ. વસ્તુ તો વિદ્યમાન હૈ ન. દૃષ્ટિ પર્યાય ઉપર ને રાગ ઉપર હૈ. તો વિદ્યમાન હોને પર ભી ઉસકો તો નહીં હૈ. સમજમેં આયા? જિસકી દૃષ્ટિ એક સમયકી પર્યાય કિ વિકલ્પ–વ્યવહાર રાગકી મંદતા આદિ ઉસ પર દૃષ્ટિ હૈ યે કુદૃષ્ટિ હૈ. તો કુદૃષ્ટિમેં વિદ્યમાન પર્યાય ને રાગ દિખતે હૈં. વહ કુદૃષ્ટિકો પરમસ્વભાવ હોને પર ભી–વિદ્યમાન હોને પર ભી ઉસકો તો અવિદ્યમાન હૈ. આહાહા! જિસકી દૃષ્ટિમેં આવે ઉસકો વિદ્યમાન હૈ. દૃષ્ટિમેં આવે નહીં ઉસકો ક્યા હૈ? આહા! સમજમેં આયા?

**કુદૃષ્ટિકો, સદા નિશ્ચયસે વિદ્યમાન હોને પર ભી અવિદ્યમાન હી હૈ.** પરમ અવિનાશી ત્રિકાળ ધ્રુવસ્વભાવ.. દૃષ્ટિમેં 'યહ હૈ' ઐસી તો માન્યતા હૈ નહીં. ઉસકી દૃષ્ટિમેં તો પર્યાય ને રાગ હૈ ઐસી માન્યતા હૈ. આહાહા! તો ત્રિકાળ ભગવાન બિરાજતે હોને પર ભી ઉસકે લિયે તો અવિદ્યમાન હૈ. શેઠ! સમજમેં આયા? નિશ્ચયસે, **સદા નિશ્ચયસે વિદ્યમાન હોને પર ભી**... ભગવાન ધ્રુવ તો ત્રિકાળ સદા–નિત્ય વિદ્યમાન હૈ. કબ નહીં હૈ? ત્રિકાળ હૈ, ત્રિકાળ હૈ. ઐસે **સદા નિશ્ચયસે વિદ્યમાન હોને પર ભી અવિદ્યમાન હી હૈ. (કારણ કિ મિથ્યાદૃષ્ટિકો ઉસ પરમભાવકે વિદ્યમાનપનેકી શ્રદ્ધા નહીં હૈ).** આહાહા! બસ, મૈં રાગ હૂં, મૈં પુણ્ય હૂં, મૈં એક સમયકી પર્યાય જિતના હૂં, એક સમયકી પર્યાય જિતના હૂં. મિથ્યાદૃષ્ટિકો વિદ્યમાન હોને પર ભી અવિદ્યમાન હૈ. નજરમેં તો પડતા નહીં, નજર કરતા નહીં. આહાહા!

ઐસી ચીજ અભી સુનનેમેં ન મિલે, (વહ) કબ ઉસકા જાનપના કરે, કબ ઉસકી રુચિ કરે, કબ ઉસકા આશ્રય કરે દ્રવ્યકા? આહાહા! ઇસકે બિના સબ મિથ્યા થોથા હૈ. સમ્યગ્દર્શનકા આશ્રય પરમપારિણામિકભાવ હૈ, ઇસકે આશ્રય બિના કુછ ભી કરનેમેં આવે ક્રિયા, વ્રત, નિયમ ને તપ—સબ રણમેં પોક હૈ. એ અરુણ્યરુદન છે. શેઠ! ઐસા સુનનેવાલા તૈયાર નહીં થા. આહાહા! શું સંતોએ માર્ગને સાદી ભાષામાં.. સાદી ભાષામાં સરળ.. સરળ કરી દીધો છે. સમજમેં આયા? પર્યાયદૃષ્ટિ ને દ્રવ્યદૃષ્ટિકા કિતના સ્પષ્ટ કથન! જિસકી પર્યાયદૃષ્ટિ હૈ ઉસકો દ્રવ્ય વિદ્યમાન હોને પર ભી નહીં હૈ. આહાહા! **મિથ્યાદૃષ્ટિકો ઉસ પરમભાવકે વિદ્યમાનપનેકી શ્રદ્ધા નહીં હૈ**. શ્રદ્ધામેં આયા, તબ પરમભાવ વિદ્યમાન હૈ (ઐસા) ઉસકો ખ્યાલ આયા. વહ તો

ત્રિકાળી ચીજ હૈ. વહ ત્રિકાળી હૈ. નયા હુઆ હૈ, મૈં નયેકી શ્રદ્ધા કરતા હૂં ઐસા કુછ નહીં. મૈં શ્રદ્ધા કરનેવાલી પર્યાય નયી હૂં, પણ વહ ચીજ નયી નહીં હૈ. સમજમેં આયા?

**મિથ્યાદૃષ્ટિકો ઉસ પરમભાવકે વિદ્યમાનપનેકી શ્રદ્ધા નહીં હૈ.** આહાહા! શ્રદ્ધા હુઈ તો સબ હો ગયા? પીછે ચારિત્ર બિના મુક્તિ હોગી? પણ સુન તો સહી! ચારિત્ર દેવલોકમેં નહીં, મનુષ્યપનેમેં હૈ ઇસલિયે ચારિત્ર લે લો. પણ કિસકા ચારિત્ર? કહાંસે લે લેના? બહાર મિલતા હૈ કહીં? પંચમહાવ્રતકા વિકલ્પ લિયા વહ ચારિત્ર હો ગયા? સમજમેં આયા? નગ્નપના હુઆ વહ ચારિત્ર હો ગયા? અભી તો પહલે ત્રિકાળી ભગવાન પરમાનંદ ઐસા આશ્રય કરકે નિર્વિકલ્પ અનુભવ ન હો, તબ લગ ઉસકો સમ્યગ્જ્ઞાન ભી નહીં તો ચારિત્ર તો કહાંસે આયા? આહાહા! ભારે વાત ભાઈ!

એક જણો કહેતો હતો ત્યાં લલિતપુરમાં. એક પંડિત થા. હરિચંદ... ગુજર ગયે હરિચંદ લલિતપુરમેં. આ વાત તમારી એવી છે કે કોઈ એકાદ જણ સમજે તો. પણ સાચી છે કે નહીં? હવે એકાદ સમજે-ન સમજે, શું કામ છે અહીંયા? એય! એક પંડિત થા. રામજીભાઈ થે વહાં. એ ઊભા થઈને બોલ્યા હતા ખળભળાટ કરવા. રાત્રિચર્ચા પછી હોં. તુમ્હારી બાત તો કોઈ એકાદ સમજે.... એકાદ સમજે-ન સમજે યે બાત નહીં, બાત યહ સત્ય હૈ. સમજમેં આયા? ક્યા અસત્ય માર્ગસે તુમ્હેં લાભ હોગા? એને તો એમ કે આવું અમને તો કાંઈ ખબર નથી ને તમે આવું કાઢ્યું? આ પંડિત ભણી-ભણીને ભણ્યા તો પણ અમે આવું તો કાઢ્યું નહોતું. તમારી આ વાત બેસે કોને? સાચી છે કે નહીં એ વાત કર ને? બેસે-ન બેસે એ તારે ઘેર રહી.

શ્રોતા : પોતાને બેસતી નથી એટલે બીજાને....

પૂજ્ય ગુરૂદેવશ્રી : વાત એ. આહાહા! સમજમેં આયા?

આહીં તો બે વાત કરી. પરમભાવ ત્રિકાળીભાવ. અપરમભાવ વર્તમાન પર્યાયકા ચાર ભાવ. ઉસકો વિવિધ વિકાર કહા, તો ત્રિકાળીકો અવિકારી એકરૂપ કહા. અને અપરમભાવકે આશ્રયસે પરમભાવ મિલતા નહીં વહ કહા. પરમભાવકે આશ્રયસે પરમભાવકી પ્રાપ્તિ હોતી હૈ. ઔર પરમભાવ વિદ્યમાન હોને પર ભી, જિસકી દૃષ્ટિ પરમભાવ પર નહીં ઔર જિસકી દૃષ્ટિમેં.... એક સમયકા તત્ત્વ વહ ભી બાહ્યતત્ત્વ હૈ. વહ આ ગયા હૈ ૩૮ ગાથામેં. એક સમયકી પર્યાય બાહ્યતત્ત્વ હૈ ઔર ત્રિકાળી ભગવાન આત્મા અંતઃતત્ત્વ હૈ. સમજમેં આયા? ઐસે બાહ્યતત્ત્વ ઉપર જિસકી દૃષ્ટિ હૈ, એક સમયકા આત્મા–પર્યાય ઉપર દૃષ્ટિ હૈ, ઉસકો અંતઃતત્ત્વ વિદ્યમાન હોને પર ભી ઉસકે લિયે તો અવિદ્યમાન હૈ. આહાહા! સમજમેં આયા?

**પરમભાવકે વિદ્યમાનપનેકી શ્રદ્ધા નહીં.** આહાહા! નિત્ય ધ્રુવ ઉસ પર અપની પર્યાયકો ઝુકાયી નહીં તો વિદ્યમાન હૈ વહ ઉસકી પ્રતીતિમેં આયા નહીં. આહાહા! સમજમેં આયા? 'મૂળ મારગ સાંભળો જિનનો રે..' શ્રીમદ્‌માં આવે છેને એ? 'મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી

વૃત્તિ અખંડ સન્મુખ.. કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ મારગ સાંભળો જિનનો રે...' ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર જિનવરદેવ ઉસકા કહા હુઆ યે મૂલ માર્ગ સંતો જગતકે પાસ પ્રસિદ્ધ કરતે હૈં. સમજમેં આયા?

કહતે હૈં, **નિત્યનિગોદકે જીવોંકો ભી...** નિત્ય નિગોદ હૈ ન. (જો) કભી ત્રસ હુઆ નહીં, કભી એકેન્દ્રિય પૃથ્વી આદિ હુઆ નહીં ઐસે નિત્યનિગોદકે જીવ અનંત હૈં. વિદ્યમાન ભગવાન અનંત નિગોદકે જીવ નિત્યનિગોદ ઉસમેંસે, ઇતના-ઇતના અનંત કાલ અભી હુઆ, (ફિર ભી કભી) ઉસમેંસે એકેન્દ્રિય પૃથ્વી નહીં હુઆ, પ્રત્યેક પૃથ્વી નહીં હુઆ. ઐસે પડે હૈં. ઓહોહો! **નિત્યનિગોદકે જીવોંકો ભી શુદ્ધનિશ્ચયનયસે...** ઉસકા સ્વભાવ દેખો તો **વહ પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' ઐસે નામ સહિત નહીં હૈ...** યે પ્રગટ હોનેલાયક નહીં હૈ ઐસા નહીં હૈ, એમ કહતે હૈં. અભવિકો તો પરમસ્વભાવભાવ હૈ ખરા, પ્રગટ હોનેલાયક નહીં. સમજમેં આયા?

અભવ્યત્વપારિણામિકભાવ ઐસે નામ સહિત નહીં. અભવ્યકા પારિણામિકભાવ કભી વ્યવહારયોગ્ય હોતા નહીં. ઐસા (ઇસે) નહીં. સમજમેં આયા? ભારે! આવું શાસ્ત્ર ને આવી ઝીણી અટપટી વાતું, લ્યો. નિત્યનિગોદ. સિદ્ધજીવસે અનંતગુના જીવ, જો એકબાર કભી એકેન્દ્રિય હુઆ નહીં. પ્રત્યેક.... એમાં ને એમાં પડ્યા છે. સમજમેં આયા? ઉસકા જીવકા સ્વભાવ ભી શુદ્ધ હૈ, પરમભાવ પડા હી હૈ. **અભવ્યપારિણામિક ઐસે નામ સહિત નહીં હૈ. શુદ્ધરૂપસે હી હૈ**. આહાહા! અભવ્યકો તો પર્યાયમેં પ્રગટ નહીં હોગા. આ તો કોઈ નીકળે તો પ્રગટ બાહ્ય હૈ, યૂં કહતે હૈં. હા, નીકળે છે ને. નિત્યનિગોદમાંથી નીકળે છે. છ માસ ને આઠ સમયમેં છસો આઠ (મોક્ષ) જાતે હૈં, ઇતને નિગોદમેંસે નિકલતે હૈં. આહાહા! ઉસકી વિશેષ બાત કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૧૦, મંગળવાર, તા. ૩૧-૮-૧૯૭૧
## ગાથા - ૧૧૦, શ્લોક - ૧૬૦-૧૬૧, પ્રવચન નં. ૧૧૦

દશલક્ષણી પર્વમેં છઠવાં દિન હૈ. ઉત્તમ સંયમ ધર્મકી આરાધના. દસ પ્રકારકે ધર્મ હૈં વે નિશ્ચયસે તો અપની સ્વરૂપકી દૃષ્ટિપૂર્વક વીતરાગ પરિણતિ હૈ. ઉસકા નામ દશલક્ષણીપર્વ અથવા ધર્મ કહનેમેં આતા હૈ. બીચમેં વિકલ્પ આતા હૈ યે વ્યવહાર(ધર્મ) કહનેમેં આતા હૈ. યે યહાં કહતે હૈં. દો પ્રકાર કહેંગે. ઉત્તમ સંયમ. ઉત્તમ શબ્દ હૈ ન? આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન સ્વભાવી પદાર્થ ઉસકી અનુભવ, દૃષ્ટિપૂર્વક જો સ્વરૂપમેં લીનતા વહ તો ઉત્તમ સંયમ હૈ. અને સમ્યગ્દર્શન બિના અકેલી પંચમહાવ્રતાદિકી ક્રિયા યે દ્રવ્યસંયમ હૈ, યે કોઈ વાસ્તવિક સ્થિતિ નહીં. યે ધર્મ નહીં, પુણ્ય હો. પુણ્યસે સ્વર્ગાદિ મિલે, ઉસમેં કોઈ આત્માકી શાંતિ હૈ નહીં.

**जो जीवरक्खणपरो गमणागमणादिसव्वकज्जेसु ।**
**तणछेदं पि ण इच्छदि, संजमधम्मो हवे तस्स ॥३९९॥** (કાર્તિકેયાનુપ્રેક્ષા).

અપના જીવ ચૈતન્યસ્વરૂપ-સ્વભાવકી યત્ના કરનેમેં તત્પર હૈ ધર્માત્મા. ઉસકે સિવા પરજીવકી રક્ષાસે ભી દુઃખ ન હો ઐસા ઉસકા ભાવ હોતા હૈ વહ વિકલ્પ હૈ (ઔર) પીછે સ્વરૂપમેં સ્થિરતા હૈ વહ સંયમ હૈ. **જીવોંકી રક્ષામેં તત્પર હોતા હુઆ... गमणागमणादिसव्वकज्जेसु...** મુનિકો તો આહારાદિમેં ગમન કરના (હોતા) હૈ, દૂસરા તો કોઈ કામ નહીં હૈ. **ગમન-આગમન આદિ સબ કાર્યોંમેં... तणछेदं पि ण इच्छदि... તૃણકા**-તિનકેકા કટકા કરના ઇતની ભી ઉનકી ઇચ્છા નહીં. જીવકો મારના વહ તો હૈ નહીં, તૃણકા કટકા-ટુકડા હો જાય ઐસી ભી જિસકી ભાવના-ઇચ્છા નહીં. **तणछेदं पि ण इच्छदि...** આહા! ઐસે તો તૃણકા છેદન આત્મા કર સકતા નહીં. યહાં તો **ण इच्छदि...** શબ્દ હૈ. એક તૃણકા ટુકડા કરના યે આત્માકા અધિકાર નહીં. કોઈ આત્મા કર સકતા નહીં. વહ તો જડકી પર્યાય હૈ. પણ જડકી પર્યાયકા ટુકડા કરના ઐસા અસ્થિરભાવ-ઇચ્છા વહ ભી નહીં ઉસકો. સમજમેં આયા?

શ્રીમદ્‌ને લિખા હૈ એકબાર. જબ એક તૃણકા દો ટુકડા કરનેકી શક્તિ ન હો, તબ સંયમ ને ધ્યાન હોતા હૈ. એ પોપટભાઈ! આ બધા કરે છેને કામ કેટલા? એક ટુકડા ભી... ઇતના કરના વહ ક્રિયા આત્માકી હૈ હી નહીં. વહ તો જડકી પર્યાય હોતી હૈ. ઐસી દૃષ્ટિ, અનુભવપૂર્વક જિસકો તૃણકા છેદ કરનેકી ભી અસ્થિરતાકી ચાહ નહીં. સમજમેં આયા? યે સંયમ તો પરમેશ્વર પદ હૈ. જિસકો, ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વકા રચનેવાલે ગણધર જિસકો નમસ્કાર કરે યે સંયમ કૈસા હૈ? સમજમેં આયા?

અંતરમેં **संजमधम्मो हवे तस्स**... ....હૈ ઐસા લિખા હૈ. એક ઉપેક્ષા વીતરાગ હુઆ ... સંયમ. વિકલ્પસે રહિત વીતરાગતા અંદરમેં યે ઉપેક્ષા, પરસે ઉદાસીન વીતરાગતા વહ સંયમ. યે ઉત્કૃષ્ટ સંયમ. ઔર અપહૃત સંયમ. ગમનાગમન કરનેમેં કોઈ પ્રાણીકો બચાકર ચલના વહ અપહૃત સંયમમેં પહેલા નંબરકા સચ્ચા ભાવ. બહારકી બાત તો વિકલ્પ હૈ, પણ અંદરમેં લીનતા તરફકા જોર હૈ વહ બાત યહાં હૈ. સમજમેં આયા? ઔર પ્રાણીકો દેખકર... પ્રાણીકો હઠાત્–હઠાયે બિના ચલના, યે અપહૃત સંયમકા પહલા ભેદ હૈ. દૂસરા ભેદ, મયુરપીંછીસે થોડા હટાના વહ દૂસરા ભેદ હૈ. તીસરા, ચલનેમેં જીવકો દુ:ખ ન હો ઐસા કોઈ તૃણ આદિસે કિ હાથ આદિસે હટાના. વહ અપહૃતકા તીસરા પ્રકાર હૈ. ઐસી શાસ્ત્રમેં બહોત બાત હૈ. સમજમેં આયા? પણ વહ તો આત્માકા જહાં અનુભવ હૈ...

શ્રોતા : બાહ્યકી ક્રિયા સહજ હોતી હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે સહજ ક્રિયા તો હોતી હૈ, પણ વિકલ્પ ભી સહજ આ જાતા હૈ. સમજમેં આયા? અને નિર્વિકલ્પતાકી દૃષ્ટિપૂર્વક સ્થિરતા વહ સંયમ હૈ. યે સંયમ મુક્તિકા માર્ગ હૈ. વિકલ્પ આતા હૈ .... આતા હૈ. વહ છઠવાં ધર્મ હૈ. છઠવાં દિન હૈ ન. સુગંધ શું કહેવાય? સુગંધદશમી. જુઓને! કેટલી પૂજા. અહીંયા તો એકાવન પૂજા છે. એમાં એમ જ ચાલે વ્યવહારમાં. વ્યવહારની સ્થિતિ એવી છે.

હવે આપણે અહીંયા ૧૧૦ ગાથા, નિયમસાર. દૂસરા પેરેગ્રાફ હૈ. **નિત્યનિગોદકે જીવોંકો ભી...** નિયમસાર ચલતા હૈ (અર્થાત્) નિશ્ચય મોક્ષમાર્ગ. અપને આત્માકે આશ્રયસે—પરમપારિણામિક સ્વભાવભાવ ભગવાન આત્મા ઉસકે આશ્રયસે—નિશ્ચય સ્વાશ્રિત સમ્યગ્દર્શન, નિશ્ચય સ્વાશ્રિત જ્ઞાન ઔર નિશ્ચય સ્વાશ્રિત લીનતા વહ મોક્ષમાર્ગ. તો કહતે હૈં, શક્તિ તો સબ જીવકી હૈ પરમપારિણામિક સ્વભાવભાવ(રૂપ), પણ પ્રગટ હોનેકી અભવ્યકી લાયકાત નહીં. સમજમેં આયા? ઔર ભવિકી લાયકાત હૈ. **નિત્યનિગોદકે જીવોંકો ભી શુદ્ધનિશ્ચયનયસે વહ પરમભાવ...** પરમભાવ ભગવાન... રાગકે વિકલ્પસે રહિત ઔર એક સમયકી પ્રગટ–વ્યક્ત પર્યાયસે ભી રહિત ઐસા જો પરમભાવ યે નિગોદમેં **અભવ્યત્વપારિણામિક ઐસે નામ સહિત નહીં હૈ**... અભવ્યમેં તો કભી પ્રગટ હોતા નહીં. ઐસા (યહાં) નહીં. ઉસમેં પ્રગટ હોનેકી લાયકાત નિત્યનિગોદમેં હૈ, અભવ્યમેં નહીં.

શ્રોતા : નિત્યનિગોદમાં અભવ્ય પણ હોય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : અભવ્ય પણ હોય, પણ અભવિ તો દૂસરે કહે....

શ્રોતા : નિત્યનિગોદમાંથી આપણે બધાં ત્યાંથી આવ્યા...

પૂજ્ય ગુરૂદેવશ્રી : પહલે તો સબ નિત્યનિગોદમેં થે. પિયર–પિહર, માતૃસ્થાન. પહેલું પિયર તો એ હતું. કન્યા હોય એ પિયરમાં મોટી થાયને. બડી હોતી હૈ ન પહલે, પીછે સસુરાલ

જાતી હૈ. ઐસે પહલે નિગોદમેં હી થા અનાદિસે જીવ, નિત્યનિગોદ. (જિતનેકી) છ માસ ને આઠ સમયમેં મુક્તિ હોતી હૈ, તો ઇતને છ મહિના ને આઠ સમયમેં નિગોદમેંસે નિકલતે હૈં. આહાહા! ઇતને જીવકી રાશિ હૈ... લોગોંકો સમજનેમેં, પ્રતીતમેં કઠિન પડે ઐસી હૈ. આહાહા!

તો કહતે હૈં, યહાં ભી એક અંગુલકે અસંખ્યવે ભાગમેં ખાલી ભાગ હૈ ન, વહાં ભી નિત્યનિગોદ હૈ. સારે ચૌદ બ્રહ્માંડમેં–ચૌદ રાજુલોકમેં. એક ઇતના તૃણ જિતના કટકા લો, ઇતને ભાગમેં ભી અસંખ્ય નિગોદ શરીર હૈં ઔર એક શરીરમેં સિદ્ધસે અનંતગુને જીવ હૈં. સમજમેં આયા? ઐસે જીવકો ભી શુદ્ધ નિશ્ચયનયસે પરમભાવ શુદ્ધભાવ હૈ હી. ઉસકો પરમભાવ હૈ. આહાહા! અભવ્યપારિણામિક......

**જિસપ્રકાર મેરુકે અધોભાગમેં સ્થિત સુવર્ણરાશિકો ભી સુવર્ણપના હૈ...** મેરુ હૈ મેરુ. (ઉસકે) નીચેકે ભાગમેં સોના હૈ, સોના–સુવર્ણ. પણ વહ સુવર્ણ કિસી કામકા નહીં હૈ કિસીકો. કોણ ખોદે કોણ, જાય કોણ? 'ખોદના' સમજે? ક્યા કહતે હૈં? કહાં નિકાલે? નીચે પડા હૈ, મેરુ પર્વતકે નીચે. **ઉસી પ્રકાર અભવ્યકો પરમસ્વભાવપના હૈ...** અભવ્યમેં પરમસ્વભાવપના તો હૈ. **વહ વસ્તુનિષ્ઠ હૈ**... વસ્તુમેં પડી હૈ, પણ **વ્યવહારયોગ્ય નહીં હૈ**... પર્યાયમેં પ્રગટ હોનેલાયક નહીં. જૈસે મેરુકે નીચેકે ભાગમેં સુવર્ણ હૈ, વહ કોઈ કામકા નહીં. એમ અભવ્યજીવકા પરમસ્વભાવ હૈ, પણ પર્યાયમેં કામકા નહીં. આહાહા! સમજમેં આયા?

**વ્યવહારયોગ્ય નહીં હૈ...** ભાષા દેખો! મોક્ષમાર્ગકી પર્યાય વ્યવહારયોગ્ય હૈ. વ્યવહાર હૈ ન. ત્રિકાળ દ્રવ્યસ્વભાવ પરમભાવ વહ નિશ્ચય. આહાહા! ઔર અપના શુદ્ધ દ્રવ્યકા અવલંબન લેકર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાય ઉત્પન્ન હો યે વ્યવહાર હૈ. આહાહા! વ્યવહારમોક્ષમાર્ગ વિકલ્પ વહ નહીં. યહાં તો નિશ્ચય મોક્ષમાર્ગ વહી વ્યવહાર હૈ, ક્યોંકિ વહ પર્યાય હૈ. અને પરમભાવ ત્રિકાળી યે દ્રવ્ય હૈ. સમજમેં આયા? આહાહા! અરે! ઘરમેં ક્યા ચીજ હૈ ને કૈસી ભૂલ હૈ ઉસકી ખબર નહીં.

કહતે હૈં, **વ્યવહારયોગ્ય નહીં હૈ (અર્થાત્ જિસપ્રકાર મેરુકે નીચે સ્થિત સુવર્ણરાશિકા સુવર્ણપના સુવર્ણરાશિમેં વિદ્યમાન હૈ કિન્તુ વહ કામમેં ઉપયોગમેં નહીં આતા...** વ્યવહારયોગ્ય નહીં, યૂં. **ઉસીપ્રકાર અભવ્યોંકા પરમસ્વભાવપના આત્મવસ્તુમેં વિદ્યમાન હૈ કિન્તુ વહ કામમેં નહીં આતા...** પર્યાયમેં કામ નહીં કર સકતા ઐસા નાલાયક હૈ. સમજમેં આયા? **ક્યોંકિ અભવ્ય જીવ પરમસ્વભાવકા આશ્રય કરનેકે લિયે અયોગ્ય હૈ).** દેખો! આહાહા! ભવ્યજીવ ઔર અભવ્ય—દોનોંમેં પરમસ્વભાવ, ધ્રુવસ્વભાવ, આનંદસ્વભાવ, નિત્યસ્વભાવ, પરમભાવ તો પડા હી હૈ. અભવ્ય વહ પરમભાવકા આશ્રય કરનેમેં અલાયક હૈ. સમજમેં આયા? ઔર ભવ્યજીવ પરમ ત્રિકાળીસ્વભાવકા આશ્રય કરનેમેં લાયક હૈ. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ પુરુષાર્થ રાગની ક્રિયાનો. પોતાના સ્વભાવના આશ્રયનો નહીં. શરીરકી ક્રિયા... શરીરકા છેદ હો જાય, કટકા હો જાય–ટુકડા હો જાય તો ભી ક્રોધ ન કરે ઐસી ક્રિયા કરે, પણ વહ ભી પરાશ્રય હૈ. અંતર ભગવાન પૂર્ણાનંદ ઉપર નજર કરના ઐસી ઉસકી લાયકાત નહીં. સમજમેં આયા? અભવિ બહોત થોડે હૈં, ભવ્યસે અનંતવેં ભાગમેં હૈં. ભવ્યજીવ અનંતગુને હૈં. ઐસે નહીં સમજના... યે તો અભવ્યકી બાત કી હૈ. ભવિ ને અભવિ—દોનોં (યોગ્યતા વહ) આત્મા નહીં, આત્મા તો પરમભાવસ્વભાવ વહ આત્મા. સમજમેં આયા? આતા હૈ ન માર્ગણામેં? ચૌદહ માર્ગણામેં આતા હૈ. ભવ્ય-અભવ્ય આતે હૈં ઉસમેં. ભવ્ય-અભવ્ય આત્મા હૈ નહીં. આત્મા તો હૈ વહી હૈ. સમજમેં આયા?

યહાં તો ઉસકી પર્યાયમેં પ્રગટ કરનેકી ઉસકી લાયકાત હૈ. અંતર્મુખ ઢલના ઉસકે લાયક હૈ નહીં. બહિર્મુખસે સબ ક્રિયા કરતા હૈ. પંચમહાવ્રત પાલના, દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા, શરીરકા કષ્ટ, છ-છ મહિનેકા ઉપવાસ, ઉપવાસકે પારણે ભી સાધારણ લુખ્ખા આહાર—ઐસી ક્રિયા કરે, પણ વહ તો સબ પુણ્યકી ક્રિયા હૈ. અંતર ભગવાન આત્માકા આશ્રય લિયે બિના સમ્યગ્દર્શન ને ધર્મકી શુરૂઆત હોતી નહીં. સમજમેં આયા?

**સુદૃષ્ટિયોંકો—અતિ આસન્નભવ્યજીવોંકો...** આહાહા! અતિ આસન્નભવ્ય (અર્થાત્) જિસકે સંસારકા કિનારા નજીક આ ગયા હૈ ઔર આત્માકી પરમ પવિત્ર પૂર્ણ દશા ઐસા જો મોક્ષ ઉસકો અતિ નિકટ હૈ. આહાહા! અતિ આસન્નભવ્ય–સુદૃષ્ટિયોંકો... વહ સુદૃષ્ટિ હૈ જિસકી દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર પડી. એક સમયકી પર્યાય, રાગ ને નિમિત્તમેં જો રુચિ અનાદિકી થી વહ પર્યાયબુદ્ધિ થી. વહ હટ ગઈ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય આનંદઘન ઐસી જહાં દૃષ્ટિ હુઈ, ઐસે દૃષ્ટિવંતકો... ઐસે દૃષ્ટિવંતકો—**અતિ આસન્નભવ્યજીવકો—પરમભાવ સદા નિરંજનપનેકે કારણ...** પરમસ્વભાવ ત્રિકાળ ઐસા પ્રતિભાસમેં આનેકે કારણ... સદા નિરંજનપનેકે કારણકા અર્થ કિ સદા નિરંજનરૂપસે પ્રતિભાસિત હોતા હૈ. ઓહો! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ત્રિકાળ ઐસા શુદ્ધ આનંદઘન હૈ, ઐસી દૃષ્ટિમેં, પર્યાયમેં શુદ્ધતા પ્રગટી, ઉસકે કારણ યહ આત્મા **સદા નિરંજનરૂપસે પ્રતિભાસિત હોનેકે કારણ...** અંજન બિનાકા હૈ, નિર્મળાનંદ હૈ. ઐસા પ્રતિભાસિત (હોતા હૈ અર્થાત્) સમ્યગ્દૃષ્ટિકો–સુદૃષ્ટિકો–ધર્માત્માકો ઇસ નિધિકા દર્શન હોતા હૈ. સમજમેં આયા?

**સદા નિરંજનરૂપસે પ્રતિભાસિત હોનેકે કારણ...** ઐસા ખુલાસા કિયા. સદા નિરંજન તો હૈ હી, અભવિકો ભી હૈ, પણ પ્રતિભાસિત હુઆ તો 'સદા નિરંજન' ઐસા આયા. સમજમેં આયા? દૃષ્ટિમેં નિર્મલતા પ્રગટ હોકર સ્વકા નિધાન જો દેખા તો સદા પ્રતિભાસિત હૈ આત્મા. **સફલ હુઆ...** સમ્યગ્દૃષ્ટિકો પંચમભાવ સફલ હુઆ. સમજમેં આયા? આહાહા! આ ધર્મ ભારે આકરો ભાઈ! આ તો કહે, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો ને મરી જાઓ, સુકાઈ જાઓ, ધર્મ

થાશે. ધૂળમાંય નહીં થાય, સાંભળને! યહાં તો કહતે હૈં, જો પરમ ધ્રુવસ્વભાવ આત્મા અવિનાશી અનાદિ-અનંત ઐસી અંતરમેં દૃષ્ટિ હુઈ ઉસકો સફ્લ હુઆ. યે પરમભાવ હૈ વહ સફ્લ હુઆ. અજ્ઞાનીકો સફ્લ હૈ નહીં. આહાહા! સમજમેં આયા? **સુદૃષ્ટિયોંકો...** એમ ભાષા છે. એકવચન નથી, ઘણા સુદૃષ્ટિ છે ઘણા. સમ્યગ્દૃષ્ટિયોંકો.. આહાહા! નિજનિધાન અતીન્દ્રિય આનંદકા રસ ઉસકે ભાનમેં આયા, પ્રતીતમેં આયા, પ્રતિભાસિત હુઆ, સમ્યગ્દૃષ્ટિકો સફ્લ હૈ. પરમભાવકી સફ્લતા ઉસકો હૈ. સમજમેં આયા?

**જિસસે, ઇસ પરમ પંચમભાવ દ્વારા...** આહાહા! ઇસ પરમ ભગવાન ધ્રુવ સામાન્ય સ્વભાવ, નિત્યસ્વભાવ, ઉસકે દ્વારા... અતિ આસન્નભવ્યજીવકો ઇસકે દ્વારા... દેખો! **પંચમભાવ દ્વારા...** પર્યાય દ્વારા નહીં, નિમિત્ત દ્વારા નહીં, વિકલ્પ દ્વારા નહીં. **પંચમભાવ દ્વારા અતિ-આસન્નભવ્ય જીવકો નિશ્ચય-પરમ-આલોચનાકે ભેદરૂપસે...** આલોચનાનો આ બીજો ભેદ. દૂસરા ભેદ હૈ ન આલુંછન. **ઉત્પન્ન હોનેવાલા 'આલુંછન' નામ સિદ્ધ હોતા હૈ.** આહાહા! ક્યા કહતે હૈં? આલોચનાકા દૂસરા ભાગ આલુંછન કિસકો સિદ્ધ હોતા હૈ? કિ પરમ ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ ત્રિકાળ પવિત્ર ઉસકી દૃષ્ટિ કરનેવાલેકો આલુંછન સફ્લ હોતા હૈ. ઉસને મિથ્યાત્વ ને રાગ-દ્વેષકા મંથન નાશ કર દિયા હૈ. આહાહા! ભારે ઝીણું... મૂલચંદભાઈ! આ ક્રિયાકાંડમાં સલવાવી દીધા, જિંદગી બિચારાની મફ્ત (ગઈ). દાન કરો ને ભક્તિ કરો, પૂજા કરો ને વ્રત કરો. યે તો રાગની મંદતા હો (તો) શુભભાવ હૈ અને કર્તા શુભભાવકા હોના વહ તો મિથ્યાત્વ હૈ. આહાહા!

કહતે હૈં, યે પરમ પંચમભાવ દ્વારા... **નિશ્ચય પરમ આલોચનાકે ભેદરૂપસે ઉત્પન્ન હોનેવાલા 'આલુંછન' નામ સિદ્ધ હોતા હૈ.** જિસકો સ્વભાવ નિત્યાનંદ પ્રભુ ઉસ તરફ્કા સમ્યગ્દૃષ્ટિ જીવકા ઝુકાવ હૈ, તો ત્રિકાળી પ્રતિભાસમેં આયા, ઉસકો આનંદકા વેદન હુઆ, ઉસકો પરમ પંચમભાવ સફ્લ હૈ. સમજમેં આયા? ક્યા કહા? આલુંછન સાબિત હુઆ. પંચમ પરમભાવ સ્વભાવ ધ્રુવભાવ દ્વારા... ક્યોંકિ ઉસ પર દૃષ્ટિ દી તો દૃષ્ટિકા કારણ વહ દ્રવ્ય હુઆ. સમજમેં આયા? તો ઉસ કારણસે અતિ આસન્નભવ્યજીવકો.... આહાહા! અલ્પ કાલમેં જિસકી મુક્તિ તૈયાર હૈ, કેવલજ્ઞાન જિસકો નજીકમેં હૈ. આહાહા! સમજમેં આયા? પંચમ પરમપંચમભાવ દ્વારા આલોચનાકા યે ભેદ સફ્લ હુઆ એમ કહતે હૈં. સમજમેં આયા? ભાષાય કઠણ કેવી! આલુંછન અને આલોચન (એવી) બે ભાઈએ બેસીને વાત કરી છે કોઈ દિ'? બીડીની વાતું કરી હોય ત્યાં. સમજમેં આયા?

ઐસા કરો, ઐસા કરો, આને આમ આપો, આને આપો, આ કરો. આ કહે છે કે પ્રભુ! તેરી ચીજ અંદર આનંદઘન પરમસ્વરૂપ અનંત.. અનંત.. અનંત.. અનંત સ્વભાવસે ભરા હૈ. આહાહા! ઉસકે દ્વારા... ભાષા તો જુઓ! પર્યાય દ્વારા નહીં, નિમિત્ત દ્વારા નહીં, વિકલ્પ દ્વારા

નહીં. આહાહા! ત્રિકાળી સ્વભાવકે દ્વારા... ક્યોંકિ ઉસમેં દૃષ્ટિ પડી તો દૃષ્ટિકા કારણ તો યે પરમપારિણામિકભાવ હૈ. તો ઉસકે દ્વારા... અજ્ઞાન અને રાગ-દ્વેષકો મૂલમેં આલુંછન–ઉખડ જાતે હૈં. સમજમેં આયા? ગધા હો ન. ઘાસ ખાતા હૈ ગધા. મૂળમાંથી ઉખેડીને ખાય. હૈ ગધા, પણ કામ કરે ઐસા, એમ કહતે હૈં. અને ગાય હૈ વહ ઘાસ ખાય, ઉપર-ઉપરસે ખાય. નીચે ઉસકા (મૂલ) હો તો બડા હોગા. ગધા ઐસા હૈ કિ ઘાસ ઉપરથી ખાય નહીં, ખેંચીને ખાય. ઐસે જ્ઞાની રાગ અને અજ્ઞાનકો ખેંચકર નાશ કર દેતે હૈં એમ કહતે હૈ. પંડિતજી! અરે! યે બાત, ભગવાનકે નજીકમેં આનેકી બાત ભી મહા અપૂર્વ બાત હૈ. આહાહા! કહ્યું છેને. પદ્મનંદીમેં આયા ન? બાત સુનના, યહ વાર્તાપિ... અધ્યાત્મકી વાર્તા સુનના ભી ભાવિ નિર્વાણકા ભાજન હૈ. આહાહા! પણ 'બરાબર સુના'કા અર્થ રુચિમેં હુઈ, યૂં. આહાહા! સમજમેં આયા?

**સફલ હુઆ હૈ, જિસસે, ઇસ પરમપંચમભાવ દ્વારા**... ટીકા પણ ભારે ઝીણી છે હોં. **અતિ-આસન્ન ભવ્યજીવકો**... આહાહા! મોક્ષ તો જેને નજીકમાં વર્તે છે, સંસારકા કિનારા આ ગયા. આહાહા! સમજમેં આયા? ઐસે દૃષ્ટિ જહાં પંચમભાવ ભગવાન ઉપર પડી, ભગવાન નામ મહિમાવંત, ઉસ દ્વારા આલુંછન હુઆ એમ કહતે હૈં. સમજમેં આયા? ઉસ દ્વારા વિકારકા મૂલમેંસે નાશ હુઆ. દૂસરે કારણસે મૂલમેંસે વિકાર નાશ હોતા નહીં. રાગકી મંદતા તો અપના વિકારીભાવ હૈ, ઉસસે–શુભભાવસે તો બંધ પડતા હૈ. ઉસમેં આલુંછન તો આયા નહીં, ઊલટા બંધન પડા. સમજમેં આયા? આહાહા! લોગ શુભભાવ.. શુભભાવકો બહોત માહાત્મ્ય દેતે હૈં ન. યહાં તો કહતે હૈં, આત્માકા–પરમપંચમભાવકા સમ્યક્-ભાન નહીં, વહાં શુભભાવ જો હૈ વહ તો મિથ્યાત્વ સહિત હૈ. અને યે શુભભાવમેં દર્શનમોહકા રસ પડતા હૈ. સમજમેં આયા? આહાહા! યે શુભભાવમેં ભી દર્શનમોહમેં, ચારિત્રમોહમેં, દૂસરેમેં ફર્ક પડતા હૈ. આહા! યહાં તો પંચમ ભગવાન આત્મા પરમસ્વભાવભાવ ઉસકા આશ્રય કિયા, ઉસકી દૃષ્ટિ કી, તો ઉસકે દ્વારા સંસારકા મૂલમેંસે નાશ હો જાતા હૈ. ફિર સંસાર ઉગતા નહીં. આહાહા! સમજમેં આયા?

વહ આતા હૈ ન (પ્રવચનસાર)મેં. ઉત્પાદ બિનાકા વ્યય ઔર વ્યય બિનાકા ઉત્પાદ. પ્રવચનસાર. સમજમેં આયા? ક્યા કહા? સંસારકા વ્યય યે સંસારકે ઉત્પાદ બિના હુઆ. કભી અબ સંસાર ઉત્પન્ન હોગા નહીં. આલુંછન (અર્થાત્) મૂલમેંસે નાશ હો ગયા. આહાહા! સમજમેં આયા? પરમ ભગવાન આત્મા ચૈતન્યકા દળ, આનંદકા પિંડ પ્રભુ ધ્રુવ ઉસકે દ્વારા... આહાહા! પુણ્યકે દ્વારા તો કર્મમેં રસ પડતા હૈ. યહાં આત્મા સ્વભાવકે દ્વારા મૂલમેંસે સંસારકા લોપ હો જાતા હૈ. આહાહા! સમજમેં આયા? આ ચીજ દુનિયાને દૃષ્ટિમાં આવે નહીં અને પછી ધર્મ કરે. ઐસા ધૂલમેં ભી ધર્મ નહીં, સુન તો સહી! પ્રસન્નભાઈ! આહાહા! પ્રસન્ન થા. આતા હૈ કિ નહીં? આહા!

એકવાર પ્રસન્ન થા. ક્યોં? તેરી ચીજ તેરે પાસ પૂર્ણ હૈ ઐસા તુમકો બતા દિયા. પ્રસન્ન થા, ખુશી થા. આહાહા! વહ આતા હૈ ૨૩-૨૪-૨૫મી ગાથા (સમયસાર). **उवओगलक्खणो णिच्चं सव्वण्हुणाणदिट्ठो...** ભગવાનને તો સર્વદા ત્રિકાળ ઉપયોગરૂપ દેખા હૈ. ઐસા પડા હી હૈ ત્રિકાળ. તેરી ચીજ તુજે ઢંકનમે બતા દી તેરેકો કિ દેખ! ઐસી હૈ. ખુશી હો જા એકબાર. આહાહા! મૈં તો ઐસા હી હૂં ત્રિકાળ. સમજમેં આયા? ઐસી દૃષ્ટિ કરકે પ્રસન્ન હો જા. પ્રસન્નજી! તુમ્હારે નામકા બના હૈ. આહાહા! એ શેઠી! પહલે આતા હૈ ઐસા. આ તો નિયમસાર છે. સમયસાર છેને? જડ-ચેતન કભી એક નહીં હો સકે ઐસે તું સર્વ પ્રકારસે પ્રસન્ન હો. **तत्सर्वथा प्रसिद... प्रसिद**નો અર્થ કર્યો. સંસ્કૃતમાં **प्रसिद** છે. **प्रसिद**–પ્રસન્ન થા. એ મૂલચંદભાઈ! આહાહા! મૂળ તેરી વસ્તુ તેરે પાસ પડી હૈ, તું પ્રસન્ન થઈ જા, એમ કહતે હૈં. આહાહા! જુઓ! **जीवदव्यीभवत् उपयोग- अनुपयोगयोः प्रकाशतमसोरिव सहवृत्तिविरोधावादनुभूयते। तत्सर्वथा प्रसिद विबुद्धस्य स्वद्रव्य मम एत इति अनुभव॥** (ગાથા ૨૩-૨૪-૨૫ની ટીકા).

હે ભગવાન! તેરા સ્વભાવ તેરેમેં પરિપૂર્ણ પડા હૈ યે તુજે બતા દિયા. યે કભી રાગરૂપ હુઆ નહીં. સર્વપ્રકારે પ્રસન્ન થા. સર્વપ્રકારે પ્રસન્ન થા. આહાહા! તારું ચિત્ત ઉજ્જ્વળ કરી સાવધાન થા અને સ્વદ્રવ્યને 'આ મારું' એમ અનુભવ. એ જ્ઞાયક ત્રિકાળી પરમસ્વભાવ એ હું ઐસા અનુભવ (કર). રાગ ને પરવસ્તુ મેરી હૈ ઐસા અનુભવ તો અનંતબૈર કિયા, જો હૈ નહીં તેરી. અને હૈ તો ઉસકા તો કભી લક્ષ કિયા નહીં. આહાહા! યે સર્વજ્ઞ ભગવાનકે પેટકા ખુલાસા હૈ. સમજમેં આયા? સ્વદ્રવ્યને 'આ મારું' ઉસકા અર્થ કિ યે પરમપંચમભાવ યે સ્વદ્રવ્ય .... પર્યાયમેં. આહાહા! જીવ-અજીવ અધિકાર હૈ ન? જીવ અધિકાર હૈ. જીવકા અર્થ વહ કિ પરમસ્વભાવભાવ. યે જીવ ખરેખર વહ જીવ. વહ જીવ ઐસાકા ઐસા હૈ. નરકમેં ગયા તો ઐસા હૈ, નિગોદમેં રહે તો ઐસા હૈ, ઐસાકા ઐસા હૈ. તેરી શ્રદ્ધામેં લા. સમજમેં આયા? આહાહા!

**'આલુંછન' નામ સિદ્ધ હોતા હૈ. કારણ કિ વહ પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષકે વિશાલ મૂલકો ઉખાડ દેનેમેં સમર્થ હૈ.** આહાહા! એ પરમભાવ... આહા! વખાણ કરતે-કરતે ઉનકો યહાં શબ્દ મિલતે નહીં. દિગંબર સંત વનવાસી સંત હૈં. આહાહા! અંદર ધ્રુવ તેરી ચીજ હૈ, અંતર્મુખ અવલોકન બિના યે ચીજ તેરી દૃષ્ટિમેં આયી નહીં. બહિર્મુખ અવલોકનમેં તો વહ ચીજ હૈ નહીં. બહિરમેં તો પર્યાય, રાગાદિ નિમિત્ત હૈ. વહ તો તેરી કાયમકી ચીજ હૈ નહીં. તો ઇસ અવલોકનમેં તો મિથ્યાત્વભાવ હૈ. આહાહા! સમજમેં આયા? **પરમભાવ સમસ્ત કર્મરૂપી...** સમસ્ત કર્મ, એનું વિષમ-વિષવૃક્ષ... વિપરીત ઝેરનું ઝાડ–ઝેરકા ઝાડ. આહાહા! એનું આ ફળ આવે પૈસા ને ધૂળ, કહે છે, બધા ઝેરના ઝાડ-ફળ છે. ઝેરના ઝાડના ફળ છે. આહાહા! સમજમેં આયા?

કહો, દીકરા સારા ને પૈસા સારા. કહે છે, એ ઝેરના ઝાડના ફળ છે. આહાહા! યે અમૃતઝાડ તો, ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ પરમભાવ વહ અમૃતઝાડ હૈ. ઉસમેં તો અમૃતફલ પકતા હૈ. અ-મૃત નામ કભી મરે નહીં, અવતાર ન હો ઐસા મુક્તિફળ ઉસમેંસે પકતા હૈ. આહાહા! સમજમેં આયા? આ વાતની ખબર નથી. પોપટભાઈ! લોકોને એવું લાગે આહીંનું કે અરે! સોનગઢવાળા તો વ્યવહારનું નખ્ખોદ વાળી નાખે છે. એ જેઠાભાઈ! એને વળી કહે કે કર્મથી થાય એમ માનો તો ચર્ચા કરો. આહીં તો કહે કે કર્મસે તો વિકાર હોતા નહીં, પણ અપનેસે વિકાર હોતા હૈ ઐસી દૃષ્ટિ વિકાર ઉપર રખના વહ ભી મિથ્યા દૃષ્ટિ હૈ. આહાહા! અપનેસે વિકાર અપને કારણસે હોતા હૈ વહ દૃષ્ટિ (ભી) પર ઉપર હૈ. સમજમેં આયા? યે તો કર્મસે વિકાર નહીં હોતા ઇતના સિદ્ધ કરનેકો, પર્યાયમેં વિકાર હોતા હૈ (ઐસા કહા). પર્યાયમેં પર્યાય કારણ કરકે હોં, દ્રવ્ય કારણ કરકે નહીં. આહાહા! કર્મસે વિકાર હોતા હૈ (ઐસા) માનનેવાલા તો તદ્દન પર્યાયકી સ્વતંત્રકા ભી ખૂન કરતા હૈ. સેઠી! કડક ભાષા હૈ કડક. મીઠાલાલજી મીઠા બોલતે હૈં. મતલબ કી યે ચીજ હૈ. આહાહા!

કહતે હૈં, ઇસ **વિષમ**–વિપરીત **વિષવૃક્ષકે વિશાળ મૂલકો...** વિશાળ મૂળ–ઊંડું મૂળ છે. ભીંડાનો છોડ નથી. સમજાય છે? ઊંડા.. ઊંડા. વડનું મૂળિયું બહુ ઊંડું હોય. વડ હોતા હૈ ન વડ, બહોત મૂલ ઊંડા હોતા હૈ. વહ આતા હૈ. ભીંડા ઉગતા હૈ ન. ભીંડા સમજતે હો? ભીંડી–ભીંડા હોતા હૈ ન. તો ભીંડાકા ઝાડ ઉગા વડકે પાસ. વડ થા બડા વડ. દો મહિનેમેં તો ઇતના હો ગયા. વડકો કહતા હૈ, ભીંડા ભાદો માસકા, વડકુ કહે જરૂર. ભાદો માસકા... વરસાદ અત્યારે હોયને ભીંડો ઉગ્યો હોય ને એકદમ આટલો (થાય). 'ભીંડા ભાદો માસકા, વડકુ કહે જરૂર, હમ બઢ ગયે, જગ્યા કરો તુમ દૂર.' દો મહિનામેં ઇતના તો બાર મહિનેમેં કિતના હોગા? તેરે ઝાડસે બઢ જાયેગા, નિકલ જા.

વડ કહે, ધીરજ રખ ધીરજ. બે દિ'-ચાર દિ' ધીરજ રાખ, તેરા મૂલ ઉખડ જાયેગા. દો મહિનેમેં ઇતના ચાર હાથ ઊંચા હુઆ તો બાર મહિનેમેં ઇતના હોગા—યે તુજે લાગુ ન પડે. અમે તો રહેનારા જૂના.. જૂના છીએ, ત્યાં રહેશું. તું તો દો મહિનામેં ઇતના હો ગયા, સુકાઈ જશે હમણાં. આ વદ.. વદ થઈ, સુકાઈ જઈશ તું. રહેવા દે. એ છજાના છોડ નથી અમે. છજા સમજતે હો? દિવાલમેં ડાલતે થે પહલે. ગારા–પંક પછી કાંટા નાખે. પહલે તો યે હી થા ન? તો ઉસમેં બીજ ઉગે. બીજ પડા હો ન કોઈ લીંબોડીકા, પીપલ ઉગ જાય. તો લંબા કહાં જાય? યે તો છજાકા છોડ હૈ. છ મહિનામાં સુકાઈ જશે. મૂલ હૈ નહીં. એમ રાગાદિકા ઊંડા મૂલ અજ્ઞાનકે કારણસે હૈ. સ્વભાવકા ઊંડા મૂલ તો સ્વભાવસે હૈ. આહાહા! સમજમેં આયા? **ઉખાડ દેનેમેં સમર્થ હૈ.**

**ઇસ ૧૧૦વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ દો શ્લોક કહતે હૈં:** લ્યો.

एको भावः स जयति सदा पंचमः शुद्धशुद्धः
कर्मारातिस्फुटितसहजावस्थया संस्थितो यः ।
मूलं मुक्तेर्निखिलयमिनात्मनिष्ठापराणां
एकाकारः स्वरसविसरापूर्णपुण्यः पुराणः ॥१६०॥

આહાહા! **શ્લોકાર્થ : જો કર્મકી દૂરીકે કારણ...** ભગવાન આત્મા તો કર્મસે ભિન્ન.. ભિન્ન.. અત્યંત ભિન્ન હૈ. **કર્મકી દૂરીકે કારણ પ્રગટ**–વર્તમાન **સહજ અવસ્થાપૂર્વક**– સહજસ્વભાવપૂર્વક **વિદ્યમાન હૈ...** આહાહા! અવસ્થાકા અર્થ અવ–નિશ્ચય, સ્થ. ત્રિકાળી વિદ્યમાન રહનેવાલા હૈ, યૂં. પર્યાયકી બાત નહીં. **કર્મકી દૂરીકે કારણ...** મેરા ભગવાન તો કર્મકી દૂરીકે કારણ પ્રગટ સહજ અવસ્થા–નિશ્ચય સ્વભાવપૂર્વક વિદ્યમાન હૈ. આહાહા! **જો આત્મનિષ્ઠાપરાયણ...** આત્મામેં સ્થિત હૈ. **સમસ્ત મુનિયોંકો મુક્તિકા મૂલ હૈ...** ત્રિકાળ પરમભાવ હૈ યે સમસ્ત મુનિયોંકા મુક્તિકા મૂલ હૈ. વહ સંસાર પ્રકૃતિ ઝેરઝાડ હૈ. બે ખાણ છે—ઝેરની ખાણ ને આહીં મુક્તિના મૂળની ખાણ. આહાહા! એટલે આ સાધારણ પંડિત-બંડિતને ... નથી બેસતું. આવી વાતમાં કાંઈ વ્યવહાર-બ્યવહાર રહેતો નથી. અને (કહે), ટીકા નહીં. ટીકામેં ફેર હૈ, ફલાણામેં ફેર હૈ, ઢીકણામેં ફેર હૈ. આહાહા! ...... આહાહા! સમસ્ત મુનિયોં–સંસાર પર્યાયકા અભાવ કરનેવાલે સંતો, ઉનકો સંસારકે અભાવમેં મુક્તિકા મૂલ પરમસ્વભાવ હૈ. જિસકા આદર કરનેસે મુક્તિ મિલતી હૈ. સમજમેં આયા?

**જો એકાકાર હૈ (અર્થાત્ સદા એકરૂપ હૈ)**... પર્યાય-બર્યાયકા ભેદ નહીં, દ્રવ્યસ્વરૂપ. **જો નિજ રસકે ફૈલાવસે ભરપૂર હોનેકે કારણ પવિત્ર હૈ.** કૈસા હૈ અપના ત્રિકાળી અંતર ભગવાન આત્મા? કિ નિજસ્વભાવકા રસ ઐસા વિસ્તાર... અપની શક્તિકે રસસે વિસ્તાર હૈ. **ભરપૂર**... આહાહા! ભગવાન નિત્યાનંદ પ્રભુ નિજ અનંત શક્તિસે ભરપૂર, નિજશક્તિસે ભરપૂર હૈ. **પવિત્ર હૈ**... ઉસ કારણસે પવિત્ર હૈ. આહાહા! સમજમેં આયા? આવી ધર્મની રીત! પર્યુષણમાં તો કાંઈ અપવાસ કરો... આ ઉપવાસ નામ વસ્તુ જો ત્રિકાળ હૈ, ઉપ નામ ઉસકે સમીપ વસ વહ ઉપવાસ હૈ, બાકી સબ લાંઘણ હૈ. સમજમેં આયા? નિજરસકે વિસ્તારસે ભરપૂર.. ઓહોહો! ભગવાન આત્મા અપના જ્ઞાન, દર્શન, આનંદાદિ નિજ શક્તિયાં ઉસકા વિસ્તાર અનંત ઉસસે ભરપૂર હૈ. ઇસ કારણસે પવિત્ર હૈ. **ઔર પુરાણ હૈ**... પુરાણપુરુષ હૈ, યે **(સનાતન)** હૈ. આહાહા! સમજમેં આયા? **પુરાણ** પુરુષ હૈ.

**વહ શુદ્ધ-શુદ્ધ...** આહાહા! દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ ઐસા **એક પંચમ ભાવ સદા જયવંત હૈ.** સમ્યગ્દૃષ્ટિકો પર્યાયમેં વસ્તુકી વિદ્યમાનતા વર્તતી હૈ, પર્યાયમેં પૂરે દ્રવ્યકી વિદ્યમાનતા વર્તતી હૈ (વહ) જયવંત હૈ. આહાહા! સમજમેં આયા? આવો જૈનધર્મ હશે? અને બીજે આ હોય જ નહીં. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માએ જાણીને કહ્યું. સમજમેં આયા?

આહાહા! એક-એક વસ્તુ... ભગવાન અપના પંચમભાવ શુદ્ધ.. શુદ્ધ હૈ. ઐસે સમકિતીકો પર્યાયમેં શુદ્ધતા પ્રગટ હુઈ તો ત્રિકાળી શુદ્ધ હૈ ઐસા પ્રતિભાસ હો ગયા. સમજમેં આયા? આહાહા! શુભ ને શુદ્ધતામેં બડી વિપરીતતા હૈ. એની ખબર ન મળે. એ તો શુભક્રિયા કરો, શુભભાવ કરો, કરતે.. કરતે હોગા. મિથ્યાદૃષ્ટિ હૈ તો શુભ નહીં રહેગા લંબે કાલ (તક). અશુભ હો જાયેગા અને મિથ્યાત્વકા અશુભભાવ તો સાથમેં હૈ હી. સમજમેં આયા?

**સદા જયવંત હૈ**. ઐસા કહકર ક્યા કહતે હૈં? હમારી દૃષ્ટિમેં વિદ્યમાનતા પ્રત્યક્ષ ભાસતી હૈ. સમજમેં આયા? પર ઉપર દૃષ્ટિ થી તો 'વિદ્યમાન હૈ' ઐસે પહલે ખ્યાલ નહીં થા. અબ અમારી દૃષ્ટિ વહાં ગઈ તો 'વિદ્યમાન હૈ' ઐસા હમકો ભાસતા હૈ. સમજમેં આયા? આહાહા! સદા જયવંત, સદા ભગવાન. અહો! જિસકા શરણ લિયા વહ ચીજ તો સદા જયવંત વર્તતી હૈ. સમજમેં આયા? આહાહા! સાધારણ બુદ્ધિવાળાને, વ્યવહારના પક્ષવાળાને આ વાત એકાંત લાગે, એકાંત હોં. પકડાય નહીં હજી તો. ક્યા કહતે હૈં?

દો નય હૈ કિ નહીં સિદ્ધાંતમેં? કિ એક નયકા ઉપદેશ હૈ? દો નય હૈ કિ નહીં? યે તો અકેલા નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય કહતે હૈં. અરે! સુન તો સહી! યે પર્યાય ઉસ તરફ ઝુકી વહ પર્યાય હી વ્યવહાર હૈ. યે આ ગયા ઉસમેં. સમજમેં આયા? હૈ ઇતની બાત હૈ. પણ વ્યવહારસે કોઈ નિશ્ચય હોગા, પર્યાયકે આશ્રયસે કિ રાગસે નિશ્ચય હોગા—યે હૈ નહીં. હૈ, વ્યવહાર હૈ, અસ્તિ તરીકે હૈ, પણ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ (ઐસા) તીન કાલમેં નહીં. ઐસે શુભરાગ હો, પર્યાય ભી હો, હૈ. હૈ ખરા. ન હો તો તીર્થકા નાશ હોતા હૈ. પર્યાયમેં મોક્ષમાર્ગકી પર્યાયકા નાશ હોતા હૈ. આહાહા! યે વ્યવહાર હૈ, મોક્ષમાર્ગ વ્યવહાર હૈ. આવી ગયું પહેલું. આહાહા! ત્રિકાળી ભગવાન મેરા નાથ, સચ્ચિદાનંદ આનંદકી મૂર્તિ વહ જયવંત વર્તતા હૈ. જય હો અને જયવંત હૈ, એમ કહતે હૈં. લ્યો, ભગવાનકી જય ઐસે કહતે હૈં ન. આ કહે, મેરા પરમાત્મા સ્વભાવકી જય વર્તતી હૈ. આહાહા! ૧૬૦ કળશ થયોને. હવે ૧૬૧.

**आसंसारादखिलजनतातीव्रमोहोदयात्सा**
**मत्ता नित्यं स्मरवशगता स्वात्मकार्यप्रमुग्धा ।**
**ज्ञानज्योतिर्धवलितककुभ्मंडलं शुद्धभावं**
**मोहाभावात्स्फुटितसहजावस्थमेषा प्रयाति ॥१६१॥**

**શ્લોકાર્થ : અનાદિ સંસારસે સમસ્ત જનતાકો (જનસમૂહકો)...** સમસ્ત જનતા–સમસ્ત જીવ અનાદિ કાલસે **તીવ્ર મોહકે ઉદયકે કારણ...** આત્માકી શ્રદ્ધા બિના, પર્યાયમેં રાગકી શ્રદ્ધાકે તીવ્ર મોહકે કારણ **સદા મત્ત હૈ**... આહાહા! ઘેલી હો ગઈ આત્માકી પર્યાય, કહતે હૈં. સમજમેં આયા? આહાહા! **જ્ઞાનજ્યોતિ...** જ્ઞાનજ્યોતિ ભગવાન પૂર્ણાનંદ વહ રાગમેં એકત્વ હોકર મત્ત હો ગઈ હૈ–પાગલ હો ગઈ હૈ જ્યોતિ. સમજમેં આયા? **કામકે વશ હૈ...** આહાહા! કામ નામ

વિષયની મીઠાશને વશ પડી ગઈ છે. **નિજ આત્મકાર્યમેં મૂઢ હૈ**... આહાહા! અપને નિજકાર્યમેં મૂઢ હૈ ઔર પરકાર્યમેં મત્ત-ઘેલી હો ગઈ હૈ જ્ઞાનજ્યોતિ. સમજમેં આયા? બે વિશેષણ આપ્યા. મોહ ઉદયકે કારણ એટલે વિકારકી પર્યાય પ્રગટ કરનેકે કારણ જ્ઞાનજ્યોતિ સદા મત્ત-પાગલ હો ગઈ હૈ. આહાહા! અપનેમેં આનંદ હૈ ઐસે ન માનકર, વિષયમેં ને ભોગમેં ને પૈસામેં ને લક્ષ્મીમેં સુખ હૈ (ઐસા માનકર) જ્ઞાનજ્યોતિ પાગલ હો ગઈ હૈ. સમજમેં આયા?

ઔર કામકે વશ હો ગઈ હૈ. ઇચ્છાકી વૃત્તિ ઉત્પન્ન હુઈ ઉસકે તાબે હો ગઈ હૈ. **નિજ આત્મકાર્યમેં મૂઢ હૈ**... અનાદિસે ઐસા હૈ. ઐસા ન હો તો પરમ આનંદકા અનુભવ હોના ચાહિયે. **મોહકે અભાવસે યહ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવકો પ્રાપ્ત કરતી હૈ...** લ્યો, બેય વાત કરી દીધી. અનાદિકે કર્મકે કારણસે, ઐસા નહીં કહા ભાઈ યહાં. યે મોહકા ઉદય ઉસમેં જોડાણ હોનેસે, સ્વભાવ સાક્ષાત્ બિરાજમાન હૈ ઉસકે તરફકા ઝુકાવ નહીં હોનેસે યા ઉદયમેં જોડાણ હોનેસે અપની પુરૂષાર્થકી ઉલટાઇ કી. જ્ઞાનજ્યોતિ મત્ત હો ગઈ, કામકે વશ હો ગઈ, અપના કાર્ય કરનેમેં મૂઢ હો ગઈ. આહાહા! કહો, શેઠ!

યે પુણ્ય-પાપકા કામ કરનેમેં પ્રવીણ હો ગઈ. બીડીયું-બીડીયુંકા કામ નહીં. બીડી તો પર પદાર્થ હૈ. ઉસકા તો કામ તો આત્મા કર સકતા નહીં. મૂઢ ભી નહીં કર સકતા હૈ. આહાહા! સિર્ફ પુણ્ય ને પાપકા સંકલ્પ-વિકલ્પ ઉસકે તાબે હોકર વહ કાર્ય કરનેમેં કુશળ જ્ઞાનજ્યોતિ મૂઢ- અપને કાર્યમેં મૂઢ હૈ. **મોહકે અભાવસે યહ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવકો પ્રાપ્ત...** બસ. પરકી દૃષ્ટિ છોડકર સ્વભાવકી દૃષ્ટિ કરનેસે, મોહકા અભાવ હોનેસે શુદ્ધભાવકો પ્રાપ્ત કરતી હૈ. ત્રિકાળભાવ શુદ્ધ ધ્રુવ વિદ્યમાન હૈ ઉસકો પ્રાપ્ત કરતી હૈ. **કિ જિસ શુદ્ધભાવને દિશામંડલકો ધવલિત (ઉજ્જવલ) કિયા હૈ...** શુદ્ધભાવમેં ઉજ્જ્વલતા પ્રગટ હુઈ હૈ. સારી પૃથ્વી પર પ્રકાશ પ્રગટ હો ગયા હૈ. **તથા સહજ અવસ્થા પ્રગટ કી હૈ.** જિસમેં અપની નિર્મળદશા, વીતરાગીદશા પ્રગટ કી ઉસકા નામ મોક્ષકા માર્ગ ને ઉસકા નામ મોક્ષ હૈ. સંસાર સામે મોક્ષ—બેય બતાવી દીધા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૧૧, બુધવાર, તા. ૧-૯-૧૯૭૧**
**ગાથા - ૧૧૧, શ્લોક - ૧૬૨-૧૬૪, પ્રવચન નં. ૧૧૧**

દશ પ્રકારકે ધર્મ હૈં ઉસે દસલક્ષણી પર્વ કહનેમેં આતા હૈ. ઉસકા સાતવાં દિન હૈ તપધર્મ. તપ કિસકો કહતે હૈં? યે ઉત્તમ તપધર્મકી વ્યાખ્યા હૈ. (કાર્તિકેયાનુપ્રેક્ષા) ૪૦૦ ગાથા હૈ યહાં.

**इहपरलोयसुहाणं, णिरवेक्खा जो करेदि समभावो ।**
**विविहं कायकिलेसं, तवधम्मो णिम्मलो तस्स ॥४००॥**

**જો** કોઈ **મુનિ ઇસ લોક-પરલોકકે સુખકી અપેક્ષાસે રહિત હોતા હુઆ...** આલોકની પણ ઇચ્છા નહીં ને પરલોકની પણ ઈચ્છા નહીં. **સુખ-દુઃખ**માં સમભાવ... અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમેં જિસે સમભાવ વર્તતા હૈ. **શત્રુ-મિત્ર**મેં ભી સમભાવ વર્તતા હૈ. ચારિત્રમેં ઉપયોગકી ઉગ્રતાકા થંભન ઉસકા નામ તપ હૈ. અપના સ્વરૂપ સમ્યગ્દર્શનમેં, અનુભવમેં આત્મા પૂર્ણ શુદ્ધ હૈ ઐસા આયા હૈ ઔર પીછે સ્વરૂપમેં આશ્રય કરકે સ્થિરતા–ચારિત્ર પ્રગટ કી હો, યે ચારિત્રમેં અપના ઉપયોગકો ઉગ્રપને જોર કરકે થંભાના, ઉસકા નામ તપ કહતે હૈં. યે તપકી વ્યાખ્યા હૈ. આહાહા! તો કહતે હૈં કિ સુખ-દુઃખ, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમેં, શત્રુ-મિત્ર, **તૃણ-કંચન...** તૃણ હોય કિ સોના હો—સબ જ્ઞેય હૈં. મૈં તો આનંદમેં રમનેવાલા આત્મા હૂં. ઐસા જિસકો દૃષ્ટિપૂર્વક ચારિત્રમેં ઉગ્ર પુરુષાર્થ વર્તતા હૈ ઉસકા નામ તપ કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? વ્યાખ્યા તો જુઓ! જિસકો સમ્યગ્દર્શન નહીં, સમ્યગ્જ્ઞાન નહીં, ચારિત્ર નહીં, ઉસકો ચારિત્રમેં ઉગ્રપને થંભના તો હૈ હી નહીં. સમજમેં આયા?

**નિંદા-પ્રશંસા આદિમેં રાગ-દ્વેષરહિત સમભાવી હોતા હુઆ, અનેક પ્રકારકે કાયક્લેશ કરતા હૈ...** નિમિત્તકા કથન આયા. કાયક્લેશમેં સંયોગમેં ઐસી ચીજ વર્તતી હૈ અપવાસ આદિ, પણ મુનિકો નિર્મલ તપધર્મ હોતા હૈ. અંતરમેં આનંદમેં ચારિત્રમેં સ્થિર તો હૈ, પણ ચારિત્રમેં અપને ઉપયોગકો જોર કરકે વિશેષ સ્થિર કરના, બલપૂર્વક કરના, જોર કરકે કરના, ઉસકા નામ તપ હૈ. તપની વ્યાખ્યા આ છે. મૂલચંદભાઈ! જોરપૂર્વક... આગે આયેગા. **ચારિત્રકે લિયે જો ઉદ્યમ ઔર ઉપયોગ કરતા હૈ વહ તપ હૈ...** દેખો! ચારિત્રવંત હો, અપને શુદ્ધસ્વરૂપમેં રમણતા હૈ, યે ચારિત્રમેં ઉદ્યમ ઔર ઉપયોગ કરતા હૈ, ઉસમેં વિશેષ પુરુષાર્થ ને ઉપયોગ જોડતા હૈ સો તપ હૈ. સમજમેં આયા? ઉસકા નામ સમ્યગ્દૃષ્ટિકા, મુનિકા તપ કહનેમેં આતા હૈ. **વહ કાયક્લેશ સહિત હોતા હૈ.** શરીરમેં ભી ઐસા હોતા હૈ ન કાયક્લેશ આદિ. પંડિતજી!

**ઇસલિયે આત્માકી વિભાવપરિણતિકે સંસ્કાર મિટાનેકે લિયે...** સ્વરૂપકી દૃષ્ટિ હૈ, અનુભવ હૈ, ચારિત્ર હૈ, પણ વિભાવકા જરી અંશ હૈ ઇસ સંસ્કારકો મિટાનેકે લિયે **ઉદ્યમ કરના.** આહાહા! યે તપ હૈ. **અપને શુદ્ધસ્વરૂપ ઉપયોગકો ચારિત્રમેં રોકતા હૈ...** દેખો! અપના શુદ્ધસ્વરૂપ ત્રિકાળ આનંદ ધ્રુવ ઉસકા જો ઉપયોગકો ચારિત્રમેં, સ્વરૂપમેં, રમણતામેં વિશેષ રોકતા હૈ. **બડે બલપૂર્વક રોકતા હૈ** ઔર **ઐસા બલ કરના હી તપ હૈ.** શુદ્ધ આનંદસ્વરૂપ નિર્વિકલ્પ પરમાત્મા અપના નિજસ્વરૂપ ઉસકી દૃષ્ટિ ને અનુભવ હૈ, ઇસકે ઉપરાંત સ્વરૂપમેં લીનતા અને આનંદકી રમણતા ભી હૈ, પણ વિશેષ બલપૂર્વક–બડે બલપૂર્વક ઉપયોગકો સ્વરૂપમેં થામતા હૈ ઐસા બલ કરના યે તપ હૈ. અપના શુદ્ધ ધ્રુવ ચૈતન્યસ્વરૂપ ભગવાન ઉસકી દૃષ્ટિ કરના–સમ્યગ્દર્શન કરના વહ સમ્યગ્દર્શન ઔર ઉસકા જ્ઞાન કરના વહ સમ્યગ્જ્ઞાન, ઉસમેં લીનતા કરના વહ ચારિત્ર અને લીનતામેં ઉગ્ર પુરુષાર્થસે ઉસમેં એકાકાર હોના ઉસકા નામ તપ. આહીં તો એક અપવાસ કર્યા ને બે ઉપવાસ કર્યા ને થઈ ગયો તપ. મૂળ ચીજ તો ન મળે, પણ બાહ્યના નિમિત્તપણાના તપની વ્યાખ્યા... પણ નિમિત્તપના લાગુ પડતા નહીં ઉસકો. સમજમેં આયા?

**બડે બલપૂર્વક રોકતા હૈ, ઐસા બલ કરના હી તપ હૈ**. કિસમેં બલ કરના? ચારિત્રમેં. યે ચારિત્રકી વ્યાખ્યા કી ન અભી. અપના આત્મા આનંદસહિત હૈ ઐસા અનુભવ હુઆ હો સમ્યગ્દર્શનમેં, પીછે સ્વરૂપમેં બડા–ઉગ્ર દ્રવ્યકા આશ્રય લેકર સ્થિરતા હુઈ હો, વહ ચારિત્ર હૈ. નગ્નપના ને પંચમહાવ્રતકા વિકલ્પ વહ કોઈ ચારિત્ર હૈ નહીં. આહાહા! સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપમેં સ્થિરતાકી રમણતા વિશેષ હુઈ હો ઉસકા નામ ચારિત્ર ઔર ઉસમેં જોરપૂર્વક સ્થિરતા કરના ઉસકા નામ તપ. સમજમેં આયા? ચારિત્રસે આસ્રવ રુકતા હૈ ઔર તપસે પૂર્વકા કર્મ ઝરતા હૈ. વિભાવ સંસ્કાર થોડા હો, સ્વભાવકે ઉગ્ર પુરુષાર્થસે ચારિત્રમેં વિભાવસંસ્કારકા નાશ હોતા હૈ. આહાહા! વ્યાખ્યા પણ જુદી. આહાહા! કહો, સમજમેં આયા? વહ તપધર્મ હૈ લ્યો.

આપણે તો ૧૧૧. નિયમસારકી ૧૧૧ ગાથા. ત્રણેય એકડા.

**कम्मादो अप्पाणं भिण्णं भावेइ विमलगुणणिलयं ।**
**मज्झत्थभावणाए वियडीकरणं ति विण्णेयं ॥१११॥**
**નિર્મળગુણાકર કર્મ-વિરહિત અનુભવન જો આત્મકા,**
**માધ્યસ્થ ભાવોંમેં કરે, અવિકૃતિકરણ ઉસે કહા. ૧૧૧.**

આ ત્રીજો બોલ છે. આલોયણના ચાર પ્રકાર છેને. આલોચના, આલુંછન, અવિકૃત્તિકરણ, ભાવશુદ્ધિ. એમાં ત્રીજો બોલ છે. **ટીકા : યહાં શુદ્ધોપયોગી જીવકી પરિણતિવિશેષકા (મુખ્ય પરિણતિકા) કથન હૈ.** ક્યા કહતે હૈં? અપના શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન ઉસમેં અપને ઉપયોગ–શુદ્ધ ઉપયોગકો લગાયા. પુણ્ય-પાપકા શુભ-અશુભભાવ નહીં, વહ તો બંધકા કારણ હૈ. અવિકૃતિકરણ હૈ ન. **શુદ્ધોપયોગી જીવકી પરિણતિ** નામ અવસ્થા **વિશેષકા–મુખ્ય પરિણતિકા**

**કથન હૈ**. પરિણતિ વિશેષ છે ને. વિશેષ એટલે મુખ્ય. એ શુદ્ધ ઉપયોગ મધ્યસ્થભાવનામાં આવી ગયું. મધ્યસ્થભાવના હૈ ન, વીતરાગી પરિણતિ. શુદ્ધોપયોગમેં, શુભ-અશુભ ઉપયોગકો છોડકર... યે નાસ્તિકી બાત યહાં કી નહીં. અપના આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસે જિસકા પૂર્ણ સ્વરૂપ ભરા હૈ ભરપૂર, ઐસી ચીજમેં અનુભવ કરકે ઉસમેં સ્થિરતાકા શુદ્ધ ઉપયોગ કરના વહી અવિકૃતિકરણ હૈ. આહાહા! સમજમેં આયા?

**પાપરૂપી અટવીકો જલાનેકે લિયે...** ભાઈએ લખ્યું છેને નીચે. પાપાટવી ભાવકો... એ કહે છે, આ વાક્ય રહી ગયું છે. મધ્યસ્થભાવનો અર્થ ટીકામાં ન આવ્યો બરાબર ચોખ્ખો. ધ્યાતામાં ખેંચવો જોઈએ...

શ્રોતા : ટીકામાં 'ધ્યાવે છે' નથી, અધ્ધરથી નાખ્યો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : અદ્ધરથી નાખ્યો. 'ધ્યાવે છે' એમાં આવી જાય. ... નથી, એ તો રહી ગયું. 'મધ્યસ્થભાવના'નો અર્થ જ રહી ગયો આખો. સમજમેં આયા? **પાપરૂપી અટવી**... પુણ્ય ને પાપના ભાવ બેય અગ્નિ છે. રાગ આગ દાહ શુભ કે અશુભ, આહાહા! અગ્નિ દાહ હૈ. યે પાપરૂપી અટવી, શુભ-અશુભભાવ(રૂપી) વિશાલ–બડા વન હૈ. ઉસકો જલાનેકે લિયે–ઉસકો નાશ કરનેકે લિયે **અગ્નિ સમાન ઐસા જો જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ ઔર નોકર્મસે ભિન્ન આત્માકો...** અપના ભગવાન આત્મા, જડકર્મસે ભિન્ન, પુણ્ય-પાપકે ભાવકર્મ–વિકલ્પસે ભિન્ન ઔર નોકર્મ શરીર-વાણીસે ભિન્ન—ઐસે આત્માકો... ભિન્ન ઐસે આત્માકો... કૈસા હૈ આત્મા?

**કિ જો સહજ ગુણોંકા નિધાન હૈ...** સ્વભાવિક આનંદાદિ શક્તિયોંકા તો નિધાન હૈ. આહાહા! ભગવાન આત્મા અપના–નિજ સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા ઐસી અનંત શક્તિયોંકા નિધાન હૈ. આહાહા! ગુણોંકો પ્રગટ કરના હો તો ગુણોંકા ધરનેવાલા આત્મા ઉપર એકાગ્ર હોનેસે પ્રગટ હોતા હૈ. નિધાન વહ હૈ. પુણ્ય ને પાપકે વિકલ્પમેં એકાગ્ર હોનેસે જહર ઉત્પન્ન હોતા હૈ. ભીખાભાઈ! બહુ આકરું. લ્યો, ..... એક વાત. પાઠમાં છે ને. **विमलगुणणिलयं भिण्णं...** ભિન્ન—પરસે ભિન્ન, પુણ્ય-પાપકે વિકલ્પસે, કર્મસે, નોકર્મસે ભિન્ન. પણ યે ચીજ ક્યા હૈ? ભગવાન આત્મા કર્મ, શરીર અને વિકલ્પ પુણ્ય-પાપકા ભાવ ઉસસે પૃથક્ હૈ–અલગ હૈ. ઉસસે અલગ પડા હૈ. વહ અલગ હૈ, પણ વહ હૈ ક્યા? સમજમેં આયા?

**સહજગુણોંકા નિધાન... विमलगुणणिलयं...** નિલય એટલે સ્થાન.. સ્થાન. આનંદાદિ અનંત ગુણોંકા સ્થાન–આયતન–ઘર હૈ. નિલય હૈ ન, ઉસકા અર્થ નિધાન કિયા. ટીકા. 'નિધાનં'. આહાહા! આહીં તો વરના ગાણા છે. આત્મા વિના જાન જોડી દે, વર વિના જાન. દુલ્હા નહીં, જાન મિલી. પાંચસો માણસ, હજાર માણસ અને એનો મૂળ રહી ગયો વર. દુલ્હા રહ ગયા. અને દુલ્હા પણ હો, પણ ઉસકે સાથ–દુલ્હેકે સાથ... ક્યા કહતે હૈં તુમ્હારે? અણવર. ઉસકે સાથ હોતા

હૈ ન. 'વિનાયક' કહતે હૈં? દુલ્હેકે સાથ. હમારે યહાં અણવર કહતે હૈં. વરની સાથે રહેતો હોયને. હમારે યહાં અણવર કહતે હૈં. વિનાયક. દૂસરા એક આદમી હો સંભાલ કરનેવાલા. સમજમેં આયા? ઐસે સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા અપના નિજસ્વરૂપ યે તો વર હૈ. ઔર ઉસકે સાથ વ્યવહારરૂપી અણવર હોતા હૈ, દયા, દાન, વ્રતાદિ વિકલ્પ. વરકો કન્યા બ્યાહતે હૈં. અણવરકો બ્યાહતે હૈં? ખાવાનું મળે ભેગું. લડ્ડુ મિલે એક થાલમેં. એક થાળ હોયને બડા એમાં પાંચ બેસે-પંચોળું બેસે. તો ઊંચી-ઊંચી ચીજ ઉસકો બરફી, શું કહેવાય? સાટા મળે. પણ કાંઈ કન્યા મળે? એમ ભગવાન આત્મા... આહા! કહતે હૈં, સાથમેં રાગકી મંદતાકા વ્યવહાર હો, પણ ઉસસે તો યે ભિન્ન હૈ. સમજમેં આયા? ઔર રાગકે ફલરૂપ તો કોઈ સ્વર્ગાદિ મિલે, ઉસમેં મુક્તિકી પરિણતિ મિલતી નહીં. સમજમેં આયા?

ભગવાન આત્મા સ્વભાવિક ગુણોંકા તો નિલય-ઘર-આયતન-નિધાન-ભંડાર હૈ. આહાહા! અપના પ્રભુ આત્મા અવિનાશી આદિ-અંત બિનાકી ચીજ હૈ, ઉસમેં સ્વભાવિક અતીન્દ્રિય આનંદ આદિ ગુણકા તો યે ભંડાર-નિધાન હૈ. આહાહા! ઉસકો ધ્યાતા હૈ. ટીકામાં નથી. ગુણોનો નિધાન એ આત્મા. એ તો એ જ થયોને એનો અર્થ. **मज्झत्थभावणाए..** એને વીતરાગ પરિણતિએ આત્માને ધ્યાવો, ઉસકા નામ અવિકૃતિકરણ **विडीकरणं...** લ્યો. ઉસ જીવકો અવિકૃતિકરણ-વિકાર નહીં હોના અને નિર્વિકારી દશા હોના, ઉસકા નામ આલોચનાકા તીસરા ભાગ હૈ. આહાહા! સમજમેં આયા? ભાષાય જુદી જાતની આમાં. મૂલચંદભાઈ! કોઈ દિ' સાંભળી હતી ત્યાં? અવિકૃતિકરણ ને આ. આ કરો ને અપવાસ કરો, આ કરો ને મરો, પછી ચાર ગતિમાં રખડો. આહાહા! સમજમેં આયા? વીતરાગપરિણતિ ધ્યાતા કહો, મધ્યસ્થભાવ કહો કે વીતરાગપરિણતિ કહો. એ દ્વારા અંતરનું ધ્યાન કરે છે, ઉસે સહજ ગુણ નામક **પરમ આલોચનાકા સ્વરૂપ વર્તતા હી હૈ**. આહાહા!

એને સ્વભાવિક ગુણ નામક પરમ આલોચનાકા સ્વરૂપ વર્તતા હૈ પર્યાયમેં, યે વીતરાગ પર્યાય વર્તતી હૈ, ઉસકા નામ અવિકૃતિકરણ નામકા આલોયણ (-આલોચના)કા તીસરા ભેદ કહનેમેં આતા હૈ. આચાર્યે કહ્યું હતું કે ભગવાનકી દિવ્યધ્વનિમેં આયા હૈ. ભગવાનકી દિવ્યધ્વનિ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ... કલ વહ આયા થા. શરૂઆત કરીને ત્યાં? ચાર ભેદ પડ્યાને ત્યાં આવ્યું. ૧૦૮ (ગાથા). **ભગવાન અર્હંતકે મુખારવિંદસે નિકલી હુઈ....** ભગવાનકી વાણીમેં ચાર પ્રકારકે આલોચના આયી હૈ. આહાહા! અને... સાંભળો! બહુ ન બોલો. **ગૌતમ મહર્ષિકે મુખકમલસે નિકલી હુઈ...** સમજમેં આયા? ભગવાનકી વાણીમેં આયા ઔર ગૌતમ મહર્ષિને ગુંથન કિયા. ભગવાનકી વાણીમેં આયે હૈં ચાર પ્રકાર. સમજમેં આયા? પરમ આલોચનાકા સ્વરૂપ અર્થાત્ સહજગુણકા નિધાન ઉસકો દેખતે હૈં, ઉસમેં ઠરતે હૈં, ઉસકો આલોચના વર્તતી હૈ. આહાહા! વહ પર્યાય હૈ. ત્રિકાળી ગુણકા નિધાન ઉસકો દેખના, ઉગ્ર પુરુષાર્થસે દેખના,

વીતરાગ પરિણતિસે દેખના, મધ્યસ્થભાવનાસે દેખના. આહાહા! યે **આલોચનાકા સ્વરૂપ વર્તતા હી હૈ**. લ્યો.

**અબ ઇસ ૧૧૧વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ નવ શ્લોક કહતે હૈં:** ૧૧૨મેં નવ આયેંગેં. આમાં નવ (કળશ). ૧૬૨. ૧૬૨ કળશ.

**आत्मा भिन्नो भवति सततं द्रव्यनोकर्मराशे-**
**रन्तःशुद्धः शमदगुणाम्भोजिनीराजहंसः ।**
**मोहाभावादपरमखिलं नैव गृह्णाति सोऽयं**
**नित्यानंदाद्यनुपमगुणश्चिच्चमत्कारमूर्तिः ॥१६२॥**

અંબોજિની–કમળ. અંબોમાં ઉત્પન્ન થયેલા. આહાહા! શબ્દ થોડા પડે છે એને! ભગવાન આત્મા અંદર વસ્તુ ચૈતન્યસ્વભાવ સંપન્ન, ઐસે અનંત-અનંત શક્તિ સંપન્ન, ભગવાન **આત્મા** અપના **નિરંતર–**અંતર પડ્યા વિના–કાયમ–સદા... **સતતં** છે ને. **દ્રવ્યકર્મ**... આઠ કર્મ જડ નિરંતર ભિન્ન હૈ ઉસસે. **ઔર નોકર્મકે સમૂહસે ભિન્ન હૈ...** શરીરના રજકણો, વાણીના રજકણો ઉસકો નોકર્મ કહતે હૈં. ઉસસે ભિન્ન હૈ. હૈ કૈસા? અબ કહતે હૈં. **અંતરંગમેં શુદ્ધ હૈ...** અંતર-અંગ જિસકા શુદ્ધ નિર્મળ આનંદઘન હૈ. ઓહોહો! **ઔર શમ-દમરૂપી કમલોંકા રાજહંસ હૈ...** આહાહા! અતીન્દ્રિય વીતરાગી પરિણામ, ઇન્દ્રિયકા દમન–અતીન્દ્રિય ભાવરૂપ દમ ગુણરૂપી કમળકા રાજહંસ હૈ. ભગવાન આત્મા... આહાહા!

**(અર્થાત્ જિસપ્રકાર રાજહંસ કમલોંમેં કેલિ કરતા હૈ...** કમળ... કમળમેં કેલી કરે. મોટા-મોટા કમળ હોતા હૈ ન બડા-બડા. રાજહંસ ઉસમેં–કમલમેં કેલિ કરે. સમજમેં આયા? એક માનસરોવર હૈ બડા, ઉસમેં રાજહંસ રહતે હૈં. ઔર જિસકા મોતીકા ચારા હૈ, મોતીકા ચારા. વાલુ તો નહીં, અનાજ પણ નહીં, મોતીના ચારા. માનસરોવર હૈ.

શ્રોતા : ઉસમેં મોતી પકતે હોંગેં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હો, પુણ્યવંત પ્રાણી હો વહાં સબ હો. ઉસકો ટિકના હૈ ન. મહિમા ક્યા આયી? યે તો જ્ઞાન આયા. ઐસા પુણ્યવંત પ્રાણી હૈ તો વહાં ઐસા સાધન હો, ઉપસ્થિત હો. ઉસમેં કોઈ આત્માકો લાભ હૈ વહ કહાં આયા? લાભકી બાત હૈ નહીં. આહાહા!

પુણ્યવંત પ્રાણી જહાં જન્મે, સિદ્ધાંત કહતા હૈ, વહાંકા આસપાસકા પત્થરકા દલ હો તો વહ નીલમકી શીલા હો જાતી હૈ. ઉસમેં આત્મામેં ક્યા આયા? સમજમેં આયા? ઔર પુણ્યવંત પ્રાણી આરાધક હોકર જો જન્મે, ત્યાં આસપાસમેં સમુદ્ર હો તો મચ્છી ઐસી પકે કિ જિસમેં કરોડો મોતી પકે, અબજો મોતી. વહ આયા વહાં મચ્છી–માછલી ઐસી હોતી હૈ જિસકે મુખમેં મોતી (પકે). આસો મહિનાના પાણી પડેને, મોતી પાકી જાય. ઉસમેં હૈ ક્યા? વહ જગતકી ચીજ

હૈ. ભગવાન જન્મે તો આકાશમાં રજકણ છે એ રતન થઈને ઢગલા પડે નીચે. સમજમેં આયા? હા, મોતી પાકે, ઓલું ન પાકે. એ તો ગોંડલ દરબાર પણ કહેતા કેટલીકવાર. એના ગરાસદાર હોયને, શું કહે? ભાગીદાર. એના ખેતરમાં વરસાદ ન આવે અને અમારા ખેતરમાં આવે. જોડે ખેતર હોં. ગોંડલ દરબારનું ખેતર હોય ત્યાં વરસાદ આવે. જોડે ખેતર હોય ભાગીદારનું–ભાયાતનું (તો ત્યાં) ન આવે. એ તો જગતની.... દુનિયા નથી કહેતી? કર્મ-ધર્મ હૈ. કર્મમેં ધર્મ હૈ ઉસકા. જૈસા કર્મ હૈ ઐસા સંયોગ આતા હૈ. ઉસમેં આત્માકો ક્યા હૈ? વહ બાત હૈ હી નહીં યહાં.

યહાં તો કહતે હૈં કિ (રાજહંસ) કમલોંમેં કેલી કરતા હૈ, **ઉસી પ્રકાર આત્મા શાંતભાવ ઔર જિતેન્દ્રિયતારૂપી ગુણોંમેં રમતા હૈ).** આહાહા! રાજહંસ કમલોંમેં કેલી કરતા હૈ, એમ આત્મા શાં..ત શુદ્ધભાવ–પુણ્ય-પાપકે રાગસે રહિત ઐસા શુદ્ધભાવ ઔર જિતેન્દ્રિયતા ઉસમેં રમે. ગુણ શબ્દ પર્યાય છે. આહાહા! **સદા આનંદાદિ અનુપમ ગુણવાલા...** કૈસા હૈ? આનંદ પહલે લિયા હૈ. સુખકા સાગર હે આત્મા. ઐસા અતીન્દ્રિય આનંદ લબાલબ–ઠસોઠસ ભરા હૈ આત્મામેં. સમજમેં આયા? જૈસે બરફમેં ઠંડી ભરી હૈ, આઈસક્રીમમેં મીઠાશ ભરી હૈ, ઐસે ભગવાનમેં આનંદ ભરા હૈ. ભગવાન આત્મા હોં. **સદા આનંદાદિ ગુણ અનુપમ ગુણવાલા ઔર ચૈતન્યચમત્કારકી મૂર્તિ...** આહાહા! યે તો ચૈતન્યચમત્કાર... એક ક્ષણમેં ત્રણ કાળ, ત્રણ લોક જાને ઐસા ચમત્કાર આત્મામેં હૈ. કિસીકા કરે નહીં, કિસીકા સંબંધ કરે નહીં, કિસીસે લે નહીં. ઔર અપનેમેં અનંત-અનંત જ્ઞાન ને આનંદકા ચમત્કાર ઐસા હૈ. ચૈતન્ય ચમત્કાર અનંત પ્રગટ હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

**ચૈતન્યચમત્કારકી મૂર્તિ ઐસા વહ આત્મા...** આહાહા! ...... મોહનો અભાવ. **મોહકે અભાવકે કારણ...** જિસમેં મિથ્યાદૃષ્ટિપના રહા નહીં, જિસમેં શુભાશુભભાવ રહા નહીં. એકલી આત્મા શુદ્ધની સાથે રમતું માંડી. ઐસી રમતમેં મોહકા અભાવ હૈ. **સમસ્ત પરકો ગ્રહણ નહીં હી કરતા.** શુભવિકલ્પકો ભી નહીં ગ્રહણ કરતા. સમ્યગ્દૃષ્ટિ આત્મા અપનેમેં–રાગરહિતમેં રમણ કરતા હૈ, તો રમણ રાગરહિત હૈ. રાગ નહીં ગ્રહણ કરતા, રાગમેં રમતા નહીં એમ કહતે હૈં. આહાહા! કાયરને તો (લાગે કે) આવો ધર્મ? સાધારણ સમાજને માટે કાંઈ ધર્મ હળવો.. હળવો હોય કે નહીં? હળવો કહો કે જે કહો, એ માર્ગ તો આ છે. સમજમેં આયા? આહાહા!

**મોહકે અભાવકે કારણ સમસ્ત...** આ કારણ આપ્યા. રાગકો ક્યોં નહીં ગ્રહણ કરતા? કિ જહાં રાગકા અભાવભાવ હૈ વહાં રાગકા ગ્રહણ કૈસે હો? સમજમેં આયા? ૧૬૨. રાગકો ગ્રહણ નહીં કરતા અર્થાત્ ધર્માત્મા અવિકૃતિકરણ–વિકાર બિનાકી પરિણતિમેં રમતા હૈ, યે રાગમેં નહીં આતા. આહાહા! ઉસકા નામ આલોચનાકા તીસરા ભાગ કહનેમેં આતા હૈ. નિયમસાર. આ તો નિયમસાર છે. **नियमेण य जं कज्जं...** જો નિશ્ચયસે કરનેલાયક હો તો યહ હૈ. અપના ભગવાન

આત્મા ધ્રુવ સત્કા કંદ–અકેલા સત્સ્વભાવકા કંદ આત્મા હૈ, ઉસકા અનુભવ કરકે સ્થિર કરના, રાગભાવકો છોડ દેના. યે છૂટ જાતા હૈ, પણ કથન તો ઐસા આવે ન. ઉસકો આલોચના કહતે હૈં. ૧૬૩. કળશ. કળશ.

**अक्षय्यान्तर्गुणमणिगणः शुद्धभावामृताम्भो-**
**राशौ नित्यं विशदविशदे क्षालितांहःकलंकः ।**
**शुद्धात्मा यः प्रहतकरणग्रामकोलात्मा**
**ज्ञानज्योतिःप्रतिहततमोवृत्तिरुच्चैश्चकास्ति ॥१६३॥**

આહાહા! એક ગાથાના નવ તો શ્લોક! **શ્લોકાર્થ :** કહતે હૈં, **અક્ષય અંતરંગ ગુણમણિયોંકા સમૂહ હૈ...** કૈસા હૈ આત્મા? ક્ષય ન હો ઐસા અંતરંગ ગુણમણિયોંકા સમૂહ હૈ. ભગવાન આત્મામેં ઐસે અનંત ગુણ પડે હૈં, જ્ઞાન-આનંદ આદિ શક્તિયાં અનંત, અક્ષય–કભી નાશ ન હો, અવિનાશી હૈ. **જો અક્ષય અંતરંગ ગુણમણિયોંકા સમૂહ હૈ...** ગુણમણિ–ગુણરૂપ રત્ન ઉસકા સમૂહ ભગવાન આત્મા હૈ. **જિસને સદા વિશદ-વિશદ (અત્યન્ત નિર્મલ) શુદ્ધભાવરૂપી અમૃતકે સમુદ્રમેં...** લ્યો. **વિશદવિશદે...** જેને સદા નિર્મળ.. નિર્મળ શુદ્ધભાવરૂપી અમૃતકે સમુદ્રમેં... શુદ્ધ ભાવરૂપી અમૃતકા સમુદ્ર પ્રભુ... આહાહા! **શુદ્ધભાવરૂપી અમૃતકે સમુદ્ર...** અંદર ભગવાન આત્મા, વસ્તુ હૈ ન વસ્તુ, તત્ત્વ હૈ ન. તત્ત્વ હૈ તો ઉસકા ભાવ હૈ કિ નહીં? ભાવવાન હૈ તો ભાવ હૈ કિ નહીં? વસ્તુ હૈ તો ઉસકી શક્તિયાં–ગુણ હૈ કિ નહીં? સમજમેં આયા? આહાહા! કભી સુના નહીં કિ આત્મા ક્યા હૈ. કરો ધર્મ અપની ચીજકો સમજે બિના. સમજમેં આયા? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથકી દિવ્યધ્વનિમેં યે આયા, યે મુનિ જગતકે પાસ જાહેર કરતે હૈં કિ ભગવાનને તો ઐસા આત્મા કહા હૈ.

**જો શુદ્ધભાવરૂપી અમૃતકે સમુદ્રમેં...** કોઈ ધર્માત્મા **પાપકલંકકો ધો ડાલા હૈ...** આહાહા! કહતે હૈં, જિસને અંદરમેં.... વસ્તુ હી ઐસી હૈ કિ જિસમેં પુણ્ય-પાપકા નાશ હૈ અથવા પુણ્ય-પાપ હૈ નહીં. અર્થાત્ શુદ્ધભાવ અમૃતસમુદ્રમેં એકાગ્ર હોતે પુણ્ય-પાપ ઉત્પન્ન નહીં હોતા (ઉસકા અર્થ) પુણ્ય-પાપકો ધો ડાલા. આહાહા! સમજમેં આયા? પાપકલંક.. 'પાપ' શબ્દે પુણ્ય-પાપ દોનોં હોં. શુભભાવ ભી પાપ હૈ નિશ્ચયમેં તો. આહાહા! 'પાપ પાપકો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યકો પાપ કહે.' યોગસારમેં આતા હૈ ન. વ્યવહારરત્નત્રયકો પાપ કહે. યહાં તો કહે, વ્યવહાર રત્નત્રયસે નિશ્ચયરત્નત્રય હોગા. વ્યવહારરત્નત્રય કારણ ને નિશ્ચય કાર્ય. યે તો નિમિત્તકા કથન હૈ. ઐસા નિમિત્ત હોતા હૈ ઉસકા જ્ઞાન કરાયા. આકરું કામ છે ભાઈ!

**શુદ્ધભાવરૂપી અમૃતકે સમુદ્રમેં...** ચિદાનંદ સત્તા, અપની ચિદાનંદ જ્ઞાનાનંદ મહાસત્તા ઉસમેં લીન હોકર... પહલે તો સત્તામેં પુણ્ય-પાપ હૈ નહીં, યૂં (કહા). વહ ચીજ હી ઐસી હૈ. યે ચીજ હી હૈ ઐસી. દૂસરે નંબરમેં લો તો ચીજકા આશ્રય કરનેસે પુણ્ય-પાપકા નાશ હોતા હૈ.

સમજમેં આયા? આવી ધર્મકથા કેવી? એક રાજા હતો ને એક રાણી હતી. એણે ઉપવાસ કર્યા આઠ દિવસના. ...માં આ બહુ વાંચતા. પર્યુષણમાં એ મૂકે. શ્રેણિક રાજાની ... રાણી. એકેકે આટલા ઉપવાસ કર્યા. ઘણા નામ આવે ..., ફલાણું. તપના નામ આવે છે. એક-એક રાણીએ આ અપવાસ કર્યા, આ અપવાસ કર્યા. પણ સમ્યગ્દર્શન-જ્ઞાન હતું કે નહીં? એ તો કહે પહેલી વાત. પરબારી વાત.

અંતઘરમાં આવે છે, અંતઘર સૂત્ર છે ને? અગિયાર અંગ છેને. અંતઘરમાં આવે. શ્રેણિકકી રાણિયાં... એક-એક રાણીએ ભિન્ન-ભિન્ન મુક્તાફળ ને ફલાણું, શું કહેવાય? એ તપની વ્યાખ્યા. ઓલા તપની જુદી વાત હોં. ........ આ તો બહારની ક્રિયાના તપની વાત છે. પર્યુષણમાં ઝૂકી જાય બિચારા આઠ-આઠ અપવાસ, દસ-દસ અપવાસ, પંદર-પંદર, મહિના-મહિનાના. આહાહા! હા, એમાં રાગ મંદ હો તો મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય. મિથ્યાત્વ સાથમેં પડા હૈ ન. સ્વરૂપકા આદર હૈ નહીં જહાં, વહાં રાગકા આદર હૈ હી. રાગકા આદરપૂર્વક હોતા હૈ તો મિથ્યાત્વ સહિત પુણ્ય બંધતા હૈ. ઉસમેં ક્યા હૈ? આહાહા!

**તથા જિસને ઇન્દ્રિયસમૂહકે કોલાહલકો નષ્ટ કર દિયા હૈ...** આહાહા! ભગવાન આત્મા અમૃતકા સાગર પ્રભુ અપના નિજસ્વભાવ ધ્રુવ નિત્ય ઉસમેં ઇન્દ્રિયકે સમૂહકા વિકલ્પ હૈ હી નહીં. અણીન્દ્રિય ભગવાન આત્મા હૈ. આહાહા! ઉસને ઇન્દ્રિયસમૂહકે કોલાહલકો તો નષ્ટ કર દિયા. એક વાત.—યે અણીન્દ્રિયમેં ઇન્દ્રિયકા વિકલ્પ હૈ નહીં. દૂસરી બાત.—અણીન્દ્રિય ભગવાન આત્માકા આશ્રય લેતા હૈ ઉસકો ઇન્દ્રિયકા વિકલ્પ ઉત્પન્ન હોતા નહીં. આહાહા! આવો ધર્મ કેવો? ઓલા કહે, બહાર આમ કરે, આમ કરે.

ઓલામાં આવ્યું હતુંને, કાલ આવ્યું હતું. પ્રતાપરાણાને તો ઐસા પ્રતિજ્ઞા લી થી કિ જબ તક હમારા મેવાડ સ્વતંત્ર ન હો, તબ લગ થાલીમેં અનાજ ન ખાના. .... ઐસા કોઈ નિકલે અપને દેશકે લિયે પ્રતિજ્ઞા કરનેવાલા? લ્યો, કૈસા લગે લોગોંકો? એય! લોકો પણ કંઈ.... આહાહા... એ આવ્યું હતું કાલ. ભાઈએ નહીં જોયું, નહીં? ઓલા પ્રગતિ.. એક પ્રગતિ નામનું હમણાં માસિક નીકળે છે. ભિલાઈ.. ભિલાઈ. જૈનમિલન. બધા જૈન ભેગા થઈને કર્યું છે. બધા જૈનનું નાખ્યું છે. એમાં આહીંનો ફોટો પહેલો નાખ્યો છે પહેલે પાને. બધાનું.. બધાનું. વિદ્યાનંદનું. વિદ્યાનંદ એમ કહે છે કે પ્રતાપરાણાને પ્રતિજ્ઞા લી. ઐસા હૈ કોઈ દેશકે લિયે કરનેવાલા? પ્રતિજ્ઞા લી. મોંઘવારી બઢતી જાતી હૈ. અરે ભગવાન!

ચોપાનિયા આવ્યા ત્રણ. એક સાથે ત્રણ આવ્યા. એક તો પહેલાનું પ્રગતિનું ત્રણ. ત્રણ મોકલ્યા એક સાથે. અહીંનું નામ નાખ્યું છે, મોઢા આગળ મોટો ફોટો. મોઢા આગળ પહેલે પાને હોં બહાર. મોટો ફોટો અને 'નિશ્ચયનયના મુખ્ય પ્રવક્તા સોનગઢકે સંત કાનજીસ્વામી' ઐસા લિખા હૈ. વિરોધ કરતે નહીં, અનુકૂળતાનું છે. બધા.. બધાનું નાખે છે. આવે કહાંસે? દૂસરા ...

લિખા હૈ ઉસમેં. શ્વેતામ્બર હો કિ દિગંબર હો, સબકો સમભાવ રખે તો મુક્તિ હોગી. દૂસરે પન્ને પર યે લિખા હૈ. આહીં નથી? ત્યાં હશે. ત્રણ આવ્યા એક સાથે ત્રણ. પણ જૈન... બધા ભેગા થઈને કર્યું હશે, તેરાપંથી. જૈનમિલન. આહાહા! જૈનમિલન તો અપના આત્મા આનંદસ્વરૂપ ઉસમેં એકાગ્ર હોના યે જૈનમિલન હૈ. હસમુખભાઈ!

'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યે હી વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ. જિન સો હી હૈ આત્મા...' ભગવાન આત્મા વહ સ્વયં જૈનસ્વરૂપ હૈ. 'અન્ય સો હી હૈ કર્મ.' પુણ્ય-પાપ વિકલ્પાદિ સબ અન્ય હૈ. 'યે હી વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' ભગવાન ત્રિલોકનાથ દિવ્યધ્વનિકા સાર યે હૈ. સમજમેં આયા? યે કોઈ પક્ષકી બાત હૈ નહીં. વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. ઐસા જિનસ્વરૂપ ભગવાન શુદ્ધસ્વભાવકા પિંડ ઉસમેં એકાગ્ર હોના વહ સબ જૈનમિલન હૈ. બાકી રાગમેં મિલન હૈ વહ જૈનમિલન નહીં. આહાહા!

બહુ કામ પણ.... એટલું બધું ફરી ગયું–ઇતના સબ ફિર ગયા હૈ કિ આ વાત કાને પડે તો આમ હં.. હં.. કોઈ એકલો માણસ કરી શકે? .... કોઈ દિગંબર હશે એવું લાગે છે. મૂળ મોઢા આગળ નાખ્યું છે. સારું દેખાય છે. પાંચ-છ લીટી ફોટાની નીચે. બધું નાખ્યું, ઓલું છોકરાનું નાખ્યું, આ પ્રતાપરાણાનું નાખ્યું. પ્રતાપ શું કહેવાય? રાણા. કહો, એનું નાખ્યું. એલા પણ આહીં દેશનું કોણ, દેશ કોનો હતો? યહાં, રાગ આત્માકા નહીં, વળી દેશ કહાંસે આયા? એય! ભગવાન આત્મા રાગસે ભિન્ન હૈ, દેશસે ભિન્ન તો હૈ હી. દેશ તો ઉસમેં હૈ હી નહીં. અપના અસંખ્ય પ્રદેશ-દેશમેં પરદેશ તો હૈ નહીં. જેઠાભાઈ! આહાહા!

યહાં કહતે હૈં, ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકી મૂર્તિ પ્રભુ અરૂપી હૈ. ઉસમેં ઇન્દ્રિયોં–પાંચ ઇન્દ્રિયોંકા વિકલ્પ શુભ-અશુભ તો હૈ હી નહીં. ઔર ઉસકા આશ્રય લેનેવાલેકો ભી, ઉસમેં હૈ નહીં તો ઉસકા આશ્રય લેનેવાલેકો ઇન્દ્રિયકા વિકલ્પ ઉત્પન્ન હોતા નહીં. આહાહા! મુનિએ પણ ભિન્ન-ભિન્ન રીતે આત્માને ઢાળ્યો છે ને! આહાહા! નષ્ટ કર દિયા હૈ... **વહ શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ દ્વારા અંધકારદશાકા નાશ કરકે...** દેખો! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ અનાદિ-અનંત વસ્તુ હૈ. જ્ઞાનજ્યોતિ દ્વારા... અપને જ્ઞાનકી એકાગ્રતા દ્વારા... આહાહા! **અંધકારદશાકા નાશ કરકે**... અજ્ઞાન ને રાગકા નાશ કરકે **અત્યન્ત પ્રકાશમાન હોતા હૈ.** જેમ સૂર્ય હજાર કિરણસે ખિલતા હૈ, ચંદ્ર સોળ કલાસે ખિલતા હૈ, ઐસે ભગવાન આત્મા અપની ચિદાનંદજ્યોતિકા આશ્રય લેકર જ્ઞાનકે પ્રકાશ દ્વારા રાગકા અંધકાર છેદ ડાલતા હૈ. આહાહા! **અત્યંત પ્રકાશમાન હોતા હૈ**, વળી એમ. ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ કેવળજ્ઞાનકા પિંડ વહ તો હૈ. સમજમેં આયા?

જૈસે લીંડીપીપર હોતી હૈ (ઉસમેં) ચોસઠ પહોરી ચરપરાઈ ભરી પડી હૈ. લીંડીપીપર ઇતની છોટી હોતી હૈ છોટી. કદે નાની, રંગે કાળી, સ્વભાવે ચોસઠ–પૂર્ણ શક્તિવંત. ઘૂંટતે હૈં તો આતા હૈ વહ કહાંસે આતા હૈ? પત્થરમેંસે આતા હૈ. ચોસઠ પહોરી હોતી હૈ ન, ચોસઠ પહોરી ચરપરી. લીંડીપીપરમેંસે હી ઘૂંટતે ચોસઠ પહોરી ચરપરાઈ હોતી હૈ ન. કહાંસે આયી? પત્થરમેંસે

આયી? પત્થરમેંસે આતી હો તો કોલસા ને કંકર ઘૂંટ ડાલે. (વહાં) કહાં હૈ અંદર? યે તો થી અંદરમેં. હા. ચોસઠ ક્યા કહતે હૈં? ચોસઠ પહરી કહતે હૈં ન? ઝળહળજ્યોતિ... એમ ભગવાન આત્મા સર્વજ્ઞ ઝળહળ ચોસઠ પહોરીસે ભરા હૈ. આહાહા! ભગવાન આત્મા... ચોસઠ એટલે ચોસઠ પૈસા–પૂરેપૂરો રૂપિયા–સોળ આના–રૂપિયો એક અખંડ. ઐસે ભગવાન આત્મા એક-એક આત્મા ચોસઠ નામ પૂર્ણ જ્ઞાન-આનંદસે ભરા પડા હૈ. ઉસમેં એકાગ્રતા ઘૂંટનેસે ઝળહળ જ્યોતિ પ્રગટ હોતી હૈ. પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ. હૈ ઉસમેંસે આતા હૈ. આહાહા! સમજમેં આયા?

દિશા બદલની પડે. જેઠાભાઈ! આમ દિશા છે. આહાહા! મુખ બદલના પડે. વર્તમાન સમયકી પ્રગટ દશા રાગ ને વિકાર સન્મુખ હૈ. યે સંસાર હૈ. ઉસ પર્યાયમેં, અંતર વસ્તુ ઐસા બેહદ–અપરિમિત ગુણકા નિધાન ભગવાન ઉસ તરફ ઝુકનેસે પર્યાયમેં અત્યંત પ્રકાશમાન જ્યોતિ પ્રગટ હોતી હૈ. કહો, સમજમેં આયા? આહાહા! યે ક્રિયા હૈ. અંધકાર દશાકા... જુઓને! દશા કીધીને. રાગાદિ અંધકારદશા હૈ. **નાશ કરકે અત્યંત પ્રકાશમાન હોતા હૈ**. સોળ કળાસે ખીલે જૈસે ચંદ્ર, હજાર કિરણસે ખીલે સૂર્ય. ક્ષેત્ર છોટા–બડેકા પ્રશ્ન યહાં હૈ નહીં. બડા સ્વભાવ ઉસમેં અનંત-અનંત ભરા હૈ. ઉસકા વિશ્વાસ લાકર, અંતર્મુખ હોકર, એકાગ્રતાકી ધ્યાનકી ધારા લગાવે તો ઉસકો ચૈતન્યપ્રકાશ પ્રગટ હોતા હૈ, એમ કહતે હૈં. મધ્યસ્થભાવનામાં આ નાખ્યું છે. 'જ્ઞાનજ્યોતિ દ્વારા'માં શુદ્ધ ઉપયોગ નાખ્યો છે. આહાહા! ૧૬૪.

**संसारघोरसहजादिभिरेव रौद्रे-**
**र्दुःखादिभिः प्रतिदिनं परितप्यमाने ।**
**लोके शमामृतमयीमिह तां हिमानीं**
**यायादयं मुनिपतिः समताप्रसादात् ॥१६४॥**

***શ્લોકાર્થ :* સંસારકે ઘોર સહજ ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકસે...** આહાહા! સંસાર ચોરાશીકે અવતાર, ચાહે તો શેઠીયાકા અવતાર, રાજાકા અવતાર, નર્કકા અવતાર ને દેવકા અવતાર. **સહજ ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકસે પ્રતિદિન પરિતપ્ત હોનેવાલે...** આહાહા! સહજ હૈ ન સહજ. નીચે ખુલાસા. **સહજ = સાથમેં ઉત્પન્ન અર્થાત્ સ્વાભાવિક. નિરંતર વર્તતા હુઆ આકુલતારૂપી દુઃખ તો સંસારમેં સ્વાભાવિક હી હૈ...** શુભાશુભ વિકલ્પ આકુળતા ઉત્પન્ન હોના વહ તો સંસારકા સ્વરૂપ હી હૈ. ઘોર આકુળતા સહજ... સહજ નામ નિરંતર હોનેવાલી દશા. આહાહા! ભગવાન આત્મા આનંદઘનકો ભૂલકર વર્તમાન સંસારમેં, કોઈ (ભી) સ્થાન સંસારમેં આકુળતાસે ભરા હુઆ સ્થાન હૈ. સમજમેં આયા? પ્રતિકૂળ હોય તો ભી આકુળતા, અનુકૂળ હો તો ભી આકુળતા. આકુળતા હી હૈ વહાં તો. આહાહા! સમજમેં આયા?

સ્વભાવિક ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિક... રૌદ્ર.. આહાહા! પ્રતિદિન–નિરંતર. **પ્રતિદિન પરિતપ્ત હોનેવાલે...** સારા સંસાર વિકાર અગ્નિસે જલા હુઆ હૈ. ઉપરસે ભલે રૂપાળા દિખે, પૈસાવાલા દિખે, બંગલેમેં બૈઠા હો. એય! આહાહા! અંદરમેં રાગ ને દ્વેષ, સંકલ્પ ને વિકલ્પકી

અગ્નિસે જલ રહા હૈ. રૌદ્ર દુઃખ હૈ. કહો, શેઠ! આ તમારે પૈસાવાળાને દુઃખ છે, એમ કહતે હૈં યહાં તો. આહાહા! સબ અનુકૂળતા સ્ત્રી, કુટુંબ, પરિવાર, લડકા, પૈસા, મકાન, કહતે હૈં, યે સગવડતા તરફ લક્ષ જાતા હૈ તો અકેલી આકુલતા હૈ. આહાહા! બે દિકરા અમેરિકામાં.... યાદ કરે. યાદ કરે તો રાગ હૈ, આકુલતા હૈ એમ કહતે હૈં. આહાહા! ઇસ વર્ષમેં બહોત કમાઈ હૈ, બહોત કમાઈ હૈ. ક્યા હુઆ તુજે? તુજે ક્યા હુઆ? સમજમેં આયા? આકુલતા હુઈ. તેરેકો આકુલતાકા લાભ હુઆ. સમજમેં આયા? આહાહા!

ભૂરાભાઈના છોકરાઓ છેને. લોકો એમ કહે કે ઓહો.. ગામમાં વખણાય. પોરબંદર. વીસ-વીસ લાખની પેદાશ એક વર્ષની. એય! કોણ જાણે ક્યાંથી આવતું હશે? વીસ લાખ પોર હતા. અત્યારે પણ કહે છે વીસ લાખ. ખજૂરના ધંધામાં. લોકો ગામના વાત કરે કે આમ. હોય તો એમાં શું છે? ખજૂર હતોને ખજૂરની વખારું ભરેલી. ખજૂરની વખારું બહોત. ચાર ભાઈ હૈ. દૂસરા સબ કહે કિ અરે! ખોટ જાતી હૈ. ખજૂર સમજે? ખોટ. વખારો ભરેલી બહોત. ભાવ-બાવ કાંઈ ખ્યાલ નહીં આવે. ખોટ જાતી હૈ. ખોટ કહતે હૈં ન? નુકશાની. છોટાભાઈ શાંતિભાઈને કહે, તાળું દઈ દ્યો વખારને, કૂંચી લાવો મારી પાસે, તમે બોલશો નહીં, તમારે કાંઈ કરવાનું નહીં, હું કૂંચી લઈને જાઉં છું. ઉસમેં થોડા વખત હુઆ, સરકારકા હુકમ હુઆ. હિન્દુસ્તાનમેં ખજૂર લાના બંધ કરો. બાહરસે બંધ હુઆ. ઐસા યહાંસે ખરીદ હુઆ. સારે હિન્દુસ્તાનકો મિલે ઇતના ખજૂર–એટલો ખજૂર. ઘણાં લાખો પેદા કર્યાં. કોઈક કહેતું કે વીસ લાખ થયા. લોકોને એમ થઈ જાય કે આહાહા.. શું છે?

આ ૮૨નું ચોમાસું કર્યુંને. જ્યંતિ ૮૨મી એણે ઉજવી હતીને. પચ્ચીસ હજાર ખરચ્યા હતા, બાવીસ-પચ્ચીસ. કહેતા હતા, ચાલીસ હજાર ખરચના થા, પણ માણસ આયા નહીં બહોત. પચ્ચીસ હજાર ખરચ્યા. વૈશાખ સુદ બીજ. લોકોને એમ થઈ જાય કે આહાહા.. આ તો બહુ સુખી. સુખી ધૂળેય નથી. આકુળતાનો પાર નથી. આહાહા! 'સુખીયામાં જગતમાં સંત, દુરિજન દુઃખિયા.' રાગસે ભિન્ન કરકે આત્માકા ભાન કરતે હૈં વહ સુખી હૈ. જગતમેં જિતના રાગમેં રહનેવાલા યે સબ અજ્ઞાની મહા આકુળતાસે દુઃખી હૈ. આહાહા! **ઇસ લોકમેં યહ મુનિવર સમતાકે પ્રમાદસે શમામૃતમય જો હિમ-રાશિ...** આહાહા! ઓલી 'પરિતપ્ય' કહ્યુંને (એની) સામે શમામૃતમય સમતારૂપી અમૃતમય આત્મા હિમનો રાશિ. **(બર્ફકા ઢેર) ઉસે પ્રાપ્ત કરતે હૈં.** મુનિ આકુલતાકો છોડકર સ્વભાવકી દૃષ્ટિ કરતે હૈં, સમતાકા ઢેર–બર્ફકો પ્રાપ્ત કરતે હૈં. દૂસરા કુછ .... મિલતી નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૧૨, ગુરુવાર, તા. ૨-૯-૧૯૭૧**
**શ્લોક - ૧૬૫-૧૬૮, પ્રવચન નં. ૧૧૨**

...કી બાત હૈ ન યહાં. ઉત્તમ ક્ષમાદિ દસ પ્રકારકા ધર્મ ચારિત્રવંતકો હોતા હૈ. પહલે જાનના તો પડે ન વસ્તુકો કિ ઐસા ધર્મ હૈ (ઔર) ધર્મકી આરાધના ઐસે હો સકતી હૈ.

**जो चयदि मिट्ठभोज्जं, उवयरणं रायदोससंजणयं ।**
**वसदिं ममत्तहेदुं, चायगुणो सो हवे तस्स ॥४०१॥** (કાર્તિકેયાનુપ્રેક્ષા).

**જો** મુનિ... **મુનિકો સંસારકે ભોગસે મમત્વકા ત્યાગ તો પહલેસે હી હૈ.** વિરક્ત વ્યક્તિ હી મુનિપદ લેનેકા અધિકારી હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન હો, અપને આત્માકા અનુભવ કિયા હો, પીછે આસક્તિસે ભી વિરક્ત હો, રાગ-દ્વેષ આદિકી રુચિસે તો વિરક્ત હૈ હી, પણ આસક્તિસે ભી વિરક્ત હો, યે વિરક્ત વ્યક્તિ હી મુનિપદકા અધિકારી હૈ. ઔર મુનિપદમેં વિરક્તતા હૈ તો સંસારકે ભોગસે મમત્વકા ત્યાગ તો પહલે હૈ હી. સંસાર નામ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સંસાર હૈ ઉસકા ત્યાગ હૈ અંદરમેં. ભોગકા ત્યાગ હૈ. રાગકા અનુભવ, વિષય-ભોગકા ભોગના ઉસકા તો ત્યાગ હૈ અંતરમેં. આનંદકે ભોગનેમેં મશગુલ ઐસે સંતોંકો ભોગકા તો ત્યાગ હી હૈ. મમત્વકા ત્યાગ હૈ, દેહકા ત્યાગ હૈ. દેહ.. દેહ. દેહકી રુચિ તો છૂટ ગઈ, પણ દેહકી આસક્તિ છૂટ ગઈ હૈ. સમજમેં આયા?

**જિન વસ્તુઓંસે કામ પડતા હૈ ઉસકો મુખ્યરૂપસે કહા હૈ** યહાં. ઐસે તો વિરક્ત મુનિ હૈં, દિગંબર હૈં, સંત હૈં, અંતર વીતરાગતા પ્રગટ હુઈ હૈ, એક રાગકે કણકા ભી કર્તા નહીં, રજકણકા ને રાગકા. વિરક્ત હૈ. પણ ઉનકો ભી **જિન વસ્તુઓંસે કામ પડતા હૈ ઉસકો મુખ્યરૂપસે યહાં કહા હૈ. આહારસે કામ પડે તો સરસ-નિરસકા મમત્વ નહીં કરે.** ઓહોહો! 'શરીરની ઉત્પત્તિ જોજો ... રહેજો.' આહા! શરીરકી ઉત્પત્તિ માતાકે પેટમેં વીર્યકા એક બિંદુ ઔર ઋતુકા બિંદુ ઐસે ઉત્પન્ન હુઆ. શરીર, માતાકે પેટમેંસે ઐસા શરીર પરમાણુસે પુષ્ટ હોકર બડા હુઆ. યે શરીરકી ઉત્પત્તિ. ઐસે શરીરસે મુનિકો મમત્વ તો હૈ હી નહીં પહલેસે.

પણ **આહારસે કામ પડે તો સરસ-નિરસ મમત્વ નહીં કરે. ધર્મોપકરણ પુસ્તક, પીંછી, કમંડલુ જિનસે રાગ તીવ્ર બંધે—ઐસે ન રખે...** રાગ તો હૈ હી ઇતના, જિતના ઉપકરણ રખે. શુભરાગ હૈ, પણ તીવ્ર રાગ હો ઐસે ઉપકરણ ન રખે. **જો ગૃહસ્થજનકે કામ ન આવે ઐસી** મોરપીંછી, કમંડળ રખે. આહા! મુનિમાર્ગ તો પરમેશ્વરકા માર્ગ હૈ. જંગલવાસી, નગ્નપના, વર્ષાઋતુમેં ઝાડકે નીચે, ગર્મીમેં ડુંગર ઉપર શિખર ઉપર, સર્દીમેં સરોવર–નદીકે તટ પર. આહાહા! સમજમેં આયા? નદી ચલતી હો ને કિનારે બૈઠે જાડેકે દિનમેં. ગર્મીકે દિનમેં શિખર–

ટોચ ઉપર ઉના જ્યાં તડકા લગે... આહાહા! ચોમાસામેં ઝાડકે નીચે. આહાહા! એ તો મોટા શહેર રાજા આદિના..... ત્યાં તો સડકો-બડકો બહુ સારી હોયને.

અત્યારે પણ અહીં છેને આ વડોદરા મકરપુરા.. મકરપુરા. શું કહેવાય? મકરપરાની .... ઘણા શેઠીયાઓના મકાન એટલા, ચોખ્ખા રસ્તા જાના-આનેકા અભી–અત્યારે. અમારે કામ પડ્યું હતુંને. ૬૩કી સાલની બાત હૈ. સવા મહિના કામ પડા થા. શેઠીયા થા વહાંકા. ઉસકા બાગ થા બડા. ના, વહ તો જતિકા બાગ થા. શેઠિયાકા બાગ... જતિ ઉસ વક્ત થા બડા. અમારે ગાંડાભાઈને ઓળખતા હતા. જતિકા બાગ બડા. સડક-બડક, બાગ એના કેવા....રસ્તા બડા. સવા મહિનો અમે રહ્યા હતા ત્યાં. આતે-જાતે થે. કેસ ચલતા થા અફીણકા. જૂઠા કેસ ચલતા થા.

અભી ભી ઐસા રસ્તા હૈ. કીધું, ઓહોહો... મકરપરા કહેવાયને? શું કહેવાય? આ બાજુ.... હા, એ પહેલા રસ્તા અમુક હોય. એ પહેલા રસ્તા અમુક હોય. રાજા-મહારાજા હોય ત્યારે બધું હોય. પુણ્યવંત પ્રાણી હોય, ધર્માત્માકો ભી અપના નભાવ કરનેમેં ઐસા સંયોગ હોતા હૈ. સડકું-બડકું બરાબર તૈયાર. જંગલમેં રહે. ઓહોહો! વહ તો ઐસા બાગ વહાં હૈ. મકાન ભી હૈ બાગમેં હોં. કોઈ આવે-જાવે નહીં. વહાં ઉતારા થા હમારા. ૬૩કી બાત હૈ. મુનિયોંકો ક્યા...? જહાં પુણ્યવંત પ્રાણી.. પવિત્રતા જહાં હૈ ઔર નભનેકા પુણ્ય હો તો ઐસા મિલે બિના રહે નહીં. પુણ્ય ન હો તો દેહ છૂટ જાય. આહાહા!

યહાં તો કહતે હૈં, પુસ્તક, કમંડળ આદિમેં રાગ તીવ્ર હો ઐસા નહીં. ગૃહસ્થજનકે.... **બડી વસતિકા રહનેકી જગહસે...** ઐસા ભી કામ પડે જંગલમેં. **તો ઐસી જગહ ન રહે જિસસે મમત્વ ઉત્પન્ન હો...** આહા! ધન્ય અવતાર જિસકી દશા! મુક્તિ લેનેકી ઝંખના, તૈયાર. મુક્ત.. મુક્ત દશા ઇસકા નામ યહાં ત્યાગધર્મ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? અકેલે સમ્યગ્દર્શન-જ્ઞાનસે કોઈ મુક્તિ નહીં હોગી. ચારિત્ર સાથમેં આયેગા, તો બાહ્યમેં સબકા ત્યાગ હોગા, તબ ઉસકો મુક્તિકી પ્રાપ્તિ હોગી. તો ઐસી ભાવના સમ્યગ્દૃષ્ટિ કરતે હૈં. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે..' આતા હૈ ન? શ્રીમદ્માં આવે છે. 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો..' બાહ્ય ને અભ્યંતર નિર્ગ્રંથ. કિસીકી જિસમેં અપેક્ષા નહીં, સબકી ઉપેક્ષા. ઉપેક્ષા કહો, ઉદાસીનતા કહો, વીતરાગતા કહો, પરકા ત્યાગ કહો. સમજમેં આયા? યે ...મેં રહતે હૈં, ખાતે-પીતે મુનિપના હો જાયેગા—ઐસા નહીં, એમ કહતે હૈં. એ શેઠ!

શ્રોતા : ભરત મહારાજકો તો હો ગયા?

પૂજ્ય ગુરુદેવશ્રી : ભરત મહારાજકો (ભી) નહીં હુઆ. અંદરસે ત્યાગ હો ગયા થા, નવ કોટિ ત્યાગ હુઆ તો મુનિપના હુઆ. દ્રવ્યસંગ્રહમેં લિયા હૈ, ભાઈ! અલ્પકાલ થા ન (તો) ખ્યાલ નહીં આયા લોગોંકો. નવ કોટિ ત્યાગ. અરિસાભુવનમેં દેખતે થે બાલ. સફેદ બાલ આયા (-દિખા). ઓહો! ઐસી શરીરકી અવસ્થા! વૃદ્ધાવસ્થા હુઈ શરીરકી. એક સફેદ બાલ દેખકર

વૈરાગ્ય હો ગયા. નવ કોટિ ત્યાગ હોકર ધ્યાનમેં બૈઠ ગયે. કેવળજ્ઞાન, અંતર્મુહૂર્તમેં કેવળજ્ઞાન. છ લાખ પૂર્વ તક ચક્રવર્તીકે પદકા આસક્તિકા પાપ થા, અંતર્મુહૂર્તમેં ભૂકા (હો ગયા). અંતર સ્વભાવમેં જહાં ઝુક ગયે, અંતરમેં ઉતર ગયે, ઊંડે ઊંડે અંદરમેં ગયે, ખલાસ હો ગયા. ચાર ઘાતિકર્મકા નાશ હુઆ. ઊંડે નામ અંતરમેં.. અંતરમેં.. અંતરમેં પ્રવેશ કરે. અસંખ્ય પ્રદેશમેં અનંત ગુણ–શક્તિરૂપ સ્વભાવમેં પર્યાયકો અંદરમેં મોડે. આહાહા! સમજમેં આયા? ઉસકા નામ ત્યાગધર્મ હૈ લ્યો.

આપણે અહીંયા ૧૬૫. યે આયા ન? ૧૬૫ કળશ. ૧૬૪ હો ગયા.

**मुक्तः कदापि न हि याति विभावकायं**
**तद्धेतुभूतसुकृतासुकृतप्रणाशात् ।**
**तस्मादहं सुकृतदुष्कृतकर्मजालं**
**मुक्त्वा मुमुक्षुपथमेकमिह व्रजामि ॥१६५॥**

આહાહા! યે આલોચનાકા તીસરા ભાગ ચલતા હૈ, અવિકૃતિકરણ. મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ ભાવના કરતે હૈં ઉસ દ્વારા સત્યકા સ્વરૂપ જગતકો સમજાતે હૈં.

**શ્લોકાર્થ : મુક્ત જીવ વિભાવસમૂહકો કદાપિ પ્રાપ્ત નહીં હોતા...** સિદ્ધ ભગવાન– અશરીરી પરમાત્મા... ઉસકી દૃષ્ટિમેં પહલે લિયા કિ ઓહોહો! સિદ્ધ ભગવાન તો કભી વિકલ્પ ને વિભાવકો તો પ્રાપ્ત હોતે નહીં. સમજમેં આયા? **ક્યોંકિ ઉસને ઉસકે હેતુભૂત સુકૃત ઔર દુષ્કૃતકા નાશ કિયા હૈ...** શુભ-અશુભભાવકા હી નાશ કિયા હૈ. આહા! **ઇસલિયે અબ મૈં...** મૈં ભી **સુકૃત ઔર દુષ્કૃતરૂપી કર્મજાલકો છોડકર...** શુભ ને અશુભ જો વિકલ્પ–રાગ હૈ, મહાવ્રતકા રાગ શુભ, અવ્રતકા ભાવ અશુભ. યે સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાલ હૈ. આહા! મૈં સિદ્ધ સમાન હૂં. સિદ્ધકો પર્યાયમેં વિભાવકી પ્રાપ્તિ નહીં, તો મૈં ભી શુભાશુભભાવકો છોડકર... આહાહા! **એક મુમુક્ષુમાર્ગ પર જાતા હૂં.** મોક્ષકે અભિલાષી અંતમેં જો માર્ગમેં ગયે, અંતર માર્ગમેં ગયે ઉસ માર્ગમેં મૈં જાતા હૂં. સમજમેં આયા?

**(અર્થાત્ મુમુક્ષુ જિસ માર્ગ પર ચલે ઉસી એક માર્ગ પર ચલતા હૂં).** ઉસી એક માર્ગ પર ચલતા હૂં. 'એક'. નિશ્ચય એક માર્ગ, યૂં કહતે હૈં. દો (માર્ગ) નહીં વહાં. આહાહા! સુકૃત અને દુષ્કૃત ઐસે શુભાશુભભાવ ઉસે (છોડકર), મેરા મુમુક્ષુમાર્ગકા રસ્તા થા વહ રસ્તા મેં અંગીકાર કરતા હૂં. શુભભાવ મોક્ષકા માર્ગ નહીં થા. સમજમેં આયા? આહાહા! યહાં તો 'છોડકર' કહતે હૈં. મુનિ હૈં, છઠવે ગુણસ્થાનમેં વિકલ્પ આયા ને શાસ્ત્ર બનતા હૈ ઉસ ભૂમિકામેં બાત કરતે હૈં. સમજમેં આયા? ઓહો! **ઇસલિયે અબ મૈં...** આહાહા! મૈં જો આત્મા પૂર્ણાનંદ શુદ્ધસ્વરૂપ, મુમુક્ષુ જો સુકૃત-દુષ્કૃતમાર્ગકો છોડકર એક મુમુક્ષુમાર્ગ (પર) જાતે થે, વહાં મૈં જાતા હૂં. આહાહા! જો પંથ પર વે ગયે વહી પંથ મેરા હૈ, એમ કહતે હૈં. કોઈ પંથ દૂસરા હૈ નહીં. આહાહા! ભૂતકાલમેં

અપને શુદ્ધસ્વરૂપમેં રમણતા કરતે (હુએ) મુક્તિમેં જાતે થે અને અભી પંચમ કાલમેં દૂસરા કોઈ માર્ગ હૈ, વ્યવહારસે જાતે હૈં, વ્યવહાર (માર્ગ હૈ)—ઐસા દો (માર્ગ) નહીં, એમ કહતે હૈં. જિસ માર્ગમેં અનંત તીર્થંકરો ને કેવળીયોં ને મુમુક્ષુઓં અનંત.. અનંત–બેહદ આનંદ ને જ્ઞાન ઐસા સ્વભાવમેં ઝૂલતે થે, અંતરકે માર્ગમેં પ્રવેશ કરતે થે, તો મુક્તિકી પ્રાપ્તિ હોતી થી. મૈં ભી ઉસ રસ્તે જાતા હૂં.

'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' એમ કહતે હૈં. પંચમ આરાકે સાધુકા દૂસરા પંથ હૈ, ચૌથે આરાકે સાધુકા દૂસરા પંથ હૈ, મહાવિદેહકા દૂસરા પંથ હૈ અને ભરતક્ષેત્રકે મુનિકા દૂસરા પંથ હૈ ઐસા નહીં એમ કહતે હૈં. મૂલચંદભાઈ! કેટલાક એમ કહે કે આ તો પંચમકાળ છે, દેશ-કાળ પ્રમાણે થાય. પણ દેશ-કાળ પ્રમાણે ક્યા? જો માર્ગ મુનિકા મહાવિદેહમેં હૈ, જો પંચમકાલ પહલે ચૌથે આરેમેં થા વહી વર્તમાનમેં હૈ. માર્ગ કોઈ દૂસરા નહીં. આહાહા! ઇસલિયે સંધિ કી. ક્યા સંધિ? કિ પૂર્વકે સંતો દુષ્કૃત અને સુકૃતકો છોડકર અંતરપંથમેં ગયે. મૈં ભી વહ છોડકર મુમુક્ષુમાર્ગમેં જાતા હૂં. આહાહા! મુમુક્ષુ જિસ માર્ગ (પર ચલે ઉસ પર) ચલતા હૂં. માર્ગ પર ચલતા હૂં ઐસી ખબર પડતી હૈ, એમ કહતે હૈં. જો માર્ગમેં ગૌતમ ગણધર ગયે, સંતોં ગયે ઉસ માર્ગમેં હમ જાતે હૈં, આહાહા! ધન્ય અવતાર! પંચમકાળના મુનિ. ૯૦૦ વર્ષ પહલે હુએ. ભગવાન અનંત આનંદનો નાથ સચ્ચિદાનંદસ્વરૂપ ઉસકે પંથમેં અંદર જાતે થે પહલે, મૈં ભી ઉસ પંથમેં જાતા હૂં. ૧૬૬.

**प्रपद्येऽहं सदाशुद्धमात्मानं बोधविग्रहम् ।**
**भवमूर्तिमिमां त्यक्त्वा पुद्गलस्कन्धबन्धुराम् ॥ १६६ ॥**

આહાહા! **શ્લોકાર્થ :** અરે! **પુદ્ગલસ્કન્ધોં દ્વારા જો અસ્થિર હૈ** યહ શરીર. સંધ્યાકે રંગ જૈસે ક્ષણમેં બદલ જાય, ઐસે શરીરકા રંગ, ભોપાળા નીકળે ઘડીકમાં. ઘડીકમેં ઊલટી, જીવાત કે સબાકા, યહાં ઐસા હો ગયા, અહીં સંધિમાં સબાકા ઘા વાગે ઐસા હોતા હૈ. પોપટભાઈ! એવું શરીર છે એમ કહતે હૈં. આહાહા! **પુદ્ગલસ્કન્ધોંકે દ્વારા અસ્થિર હૈ અર્થાત્ પુદ્ગલસ્કન્ધોંકે આને-જાનેસે જો એક સી નહીં રહતી.** આહાહા! સમજમેં આયા? આહાહા!

ગોદિકાકા આજ સમાચાર આયા હૈ ન મુંબઈસે. એકદમ કુછ હો ગયા હૈ ગોદિકાકો. ઉસકી યહાં બાત નહીં. ગોદિકાકી અભી ચિંતાજનક (સ્થિતિ) હો ગઈ મુંબઈ. આ શું કીધું? બ્લડપ્રેશર હુઆ મુંબઈમેં. અભી આયે થે ગોદિકા. પત્ર આયા કલ. ગોદિકાકી ચિંતાજનક દેહ(સ્થિતિ) હો ગઈ હૈ. ઐસા કલ પત્ર આયા હૈ. રામજીભાઈને પઢા. કોનો હતો? ચીમનભાઈનો. ગોદિકા ૨૫ તારીખકો આયે મુંબઈ ઔર એકદમ બ્લડપ્રેશર. નીચે ઉતરતા હૈ, ઉપર ચડતા હૈ. જુઓ! આ દેહ. ઉસકા ખુદકા. સ્ત્રીકો તો...... એક ક્ષણમેં બદલ જાય. યે જડ, માટી હૈ, ધૂલ હૈ. આહાહા! એક શરીરમેં પાંચ કરોડ, અડસઠ લાખ, નેવું હજાર, પાંચસે ચોર્યાસી

રોગ હૈ. સેઠી! યે શરીરકી મૂર્તિ માટી હૈ. ભગવતી આરાધનામેં શિવભૂતિ મહારાજ કહતે હૈં કિ ભગવાન આત્મા જહાં બિરાજતા હૈ વહાં શરીર ઐસા હૈ. આત્મામેં અનંત-અનંત આનંદાદિ ગુણ હૈં, તો શરીરમેં પાંચ કરોડ, અડસઠ લાખ, નેવું હજાર પાંચસે ચોર્યાસી રોગ હૈ. આહાહા! એ જરી ઠીક લાગે ત્યારે એમ જાણે કે આપણે આહાહા.. અરે! ધૂળેય નથી. આહાહા! વ્યાધિમંદિરમ્.

હમણાં બે-ત્રણ જણાને એવું સાંભળ્યું. બેનને—કંચનબેન નેમિદાસભાઈના ઘરેથી એને શું કહેવાય? કેન્સર, પેટનું કેન્સર–પેટકા કેન્સર. હવે ઓલાએ લખી દીધું. એને હોય એ ખરું. ત્યાં તો આને કેન્સર થયું. નવનીતભાઈને વ્યાધિ તે આવી શક્યા નહીં બે પર્યુષણમાં. હવે ઠીક છે. ત્યાં આ વળી સાંભળ્યું કાલે ગોદિકાને. ઇસ્પિતાલમાં લઈ ગયા છે. ઘેર? બ્લડપ્રેશર. શબ્દ ઐસા થા. મનાઈ, બિલકુલ બોલના નહીં. .... ન જોઈએ. આહાહા! આ દેહ. માટીનું પિંડલું.

કહતે હૈં, યે પુદ્ગલ દ્વારા અસ્થિર હૈ. ભગવાન આનંદસ્વરૂપ ધ્રુવ સ્થિર હૈ. ઇસમેં કોઈ આના-જાના નહીં. કોઈ ગુણ જાયે ને કોઈ ગુણ આતા હૈ ઐસા હૈ નહીં. અગુરુલઘુકી વ્યાખ્યા કરતે થે પહલે એક. ભગત થા ન, કસ્તુર ભગત. ઉપરથી સમજે, કાંઈ સમજે નહીં વાત. કાંપમાં હતાને કસ્તુર ભગત. એય અમુલખભાઈ! એ વળી એવી મારે ગપ. અહીં સાંભળ્યું હતું એક ફેરી. અગુરુલઘુ એટલે મગનો ઢગલો હોય ને જેટલા મગ જાય ને આવે, એમ કેટલાક ગુણ આવે ને જાય. વાંચન ન મળે ને ઉપરથી ચાલી નીકળે. એમ કાંઈ ચાલે? આ તો વીતરાગ માર્ગ છે, કેવળીયોંકા માર્ગ–પંથ હૈ. સમજમેં આયા?

સો ઇન્દ્ર જિસકો પૂજતે થે ઐસે તીન લોકકે નાથ તીર્થંકરદેવ ધર્મરાજા ધર્મચક્રવર્તી... એ નમોત્થુણુમાં આવે છેને ભાઈ? અહીંયા આપણેય આવે છે હોં. કાલ વાંચ્યુ હતું, નહીં? પડિકમણાનું પુસ્તક. કાલ ઓલું બીજું જોતા હતા. હા, ઓલી ભક્તિ. બાર ભક્તિ આવીને આમાં–આ પુસ્તકમાં. આમાં.... એવી ભક્તિનું પુસ્તક છે, પડિકમણાની દસ ભક્તિ. એ વાંચ્યું છે પહેલા. એમાં ધર્મચક્રવર્તી, તીર્થંકર તો ધર્મના ચક્રવર્તી છે. આહાહા! ઉસકે મુખસે નીકલા હુઆ ધર્મ... કહતે હૈં, ઓહો! મારી ચીજ તો અંદર સ્થિર વજ્રના બિંબ જેવી ચીજ છે. આ શરીર અસ્થિર, ક્ષણમેં રાખ હો જાય, ક્ષણમેં ઈયળું પડે, યે પુદ્ગલ દ્વારા અસ્થિર હૈ. આહાહા! **ઐસી ઇસ ભવમૂર્તિ**... આ ભવમૂર્તિ શરીર–ભવકી મૂર્તિ કાયા...

કહા થા ન એક બાર? અમારે દામનગર.. લાઠી.. લાઠી. એક બાઈ છોટી–નાની ઉંમરની. માતા.. શીતળા કહતે હૈં? ક્યા કહતે હૈં? શીતળા. દાણે-દાણે ઈયળ પડી, ઈયળ–જીવડા. છોટી ઉંમર બિચારી. હમને દેખા થા. આખા શરીરમાં... આમ પડખું ફરે તો ઇયળું નીકળે હેઠે, આમ કરે તો આમ ઇયળ તળાઈમાં. કીડા.. કીડા.. આ શરીર. અમૃતના કુંભ જેવું લાગે એ ધૂળ જેવું છે. એમ બોલતી હતી ત્યારે. લગ્ન થોડા વખતમાં (થયા હતા). બા! આવી પીડા! આવા પાપ મેં આ ભવમાં નથી કર્યાં. એમ કહેતી હતી. તળાઈમાં સુતી હતી, પણ જીવડા પડ્યા એને. દાણે-દાણે

ઈયળું. હો તો પણ અંદર ઈયળ. ઈયળ નહીં સમજતે? કીડા. લટ પડતી હૈ દાણે-દાણે. આમ શરીર કરે... આહીં.. આહીં સેંકડો ઈયળો નીકળે. ઈયળ સમજતે હૈં? ધોળી જીવાત. આમ ફરે તો......

**ઐસી ઇસ ભવમૂર્તિકો (ભવકી મૂર્તિરૂપ કાયાકો)...** મૈં તો આનંદકી મૂર્તિ હૂં, મોક્ષકી કાયા હૂં મૈં તો. આહાહા! દેખો! આવશે હોં. ઇસ **ભવમૂર્તિકો છોડકર...** ઉસ તરફકા લક્ષ મૈંને છોડ દિયા હૈ. આહાહા! **મૈં સદાશુદ્ધ...** મૈં તો આત્મા સદા શુદ્ધ હૂં. પવિત્રતાકા સરોવર પ્રભુ હૈ આત્મા. આહાહા! ઉસમેંસે તો પવિત્રતા ઝરતી હૈ. આહાહા! ઉસમેંસે (શરીરમેંસે) રોગ ઝરે, ભગવાન (આત્મા)મેંસે પવિત્રતા ઝરે. ઐસા મૈં આત્મા. સમજમેં આયા? **ઐસા જો જ્ઞાનશરીરી આત્મા...** દેખો! જિસકો જ્ઞાનશરીર હૈ વહ મૈં. યે શરીર-ફરીર મેરેમેં હૈ નહીં. જ્ઞાનશરીર, સમજણકા પિંડ, જ્ઞાનકા સાગર ઐસા જ્ઞાનશરીરી મૈં આત્મા હૂં. યે જડ શરીર હૈ વહ મૈં નહીં. ઉસમેં ચાહે સો હો. થયું હતુંને શિખરચંદજીને. શિખરચંદજીકો હુઆ ન...... શેઠ કહતે થે. શરીર ઐસા હૈ. ઉસમેં માંસ ને હાડકા ભરા હૈ. પરમાણુકી એકદમ પર્યાય પલટે. ભગવાન અમૃતકા સાગર અંદરમેં ભિન્ન પડા હૈ વહ મૈં હૂં. આહાહા!

**જ્ઞાનશરીરી (આત્મા) ઉસકા આશ્રય કરતા હૂં.** દેખો! ભાષા. આહાહા! મૈં તો જ્ઞાનશરીરી ચૈતન્યસ્વભાવ ઇસકા આશ્રય મૈં કરતા હૂં. શરીરકા નહીં, રાગકા આશ્રય નહીં, મુજે પરકા આશ્રય હૈ હી નહીં. આહાહા! કહો, દેવ-ગુરુ-શાસ્ત્રકા આશ્રય નહીં એમ કહતે હૈં.

શ્રોતા : એ દેવ-ગુરુ-શાસ્ત્ર ...... સમજાવે તો પુરૂંને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ આવશે હમણાં. વાણીથી સમજાય નહીં એ ગુરુ દ્વારા સમજાય, એમ કહેશે. એનો અર્થ કે એવું સમજાવવામાં પહેલા એ હોય છે. પણ એનું લક્ષ છોડીને જ્યારે પોતે સમજે ત્યારે એનું લક્ષ કર્યું કહેવામાં આવે. વાત એવી, ભારે વાત છે.

શ્રોતા : ગુરુ આવે ત્યારે એને સમજાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આવે-જાય ક્યાં? ઉન્હોંને સુનાયા થા માર્ગ કિ તેરા માર્ગ તેરી સન્મુખ કર યે હી માર્ગ હૈ. યે સુના ને અંદરમેં દૃષ્ટિ કિયા, ભગવાનકા ભાન હુઆ, તબ ગુરુને સુનાયા થા ઐસા હુઆ, ઐસા કહનેમેં આતા હૈ. ઓહોહો!

શ્રોતા : આ ઉપાધિમાં થાય એવું નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એનું લક્ષ તો સાવ કાઢી નાખવા જેવું છે. સાવ એટલે સમજે? સર્વથા. હમારી કાઠીયાવાડી ભાષા હૈ. જ્ઞાનશરીરી ભગવાન.. આહાહા!

મૈં વ્યવહારકા આશ્રય કરતા હૂં રાગકા, વહ ભી નહીં. શરીરકા આશ્રય નામ પરકા આશ્રય... એ શેઠ! પરકા આશ્રય નામ સબકા આશ્રય. આહાહા! મૈં તો જ્ઞાનશરીરી પ્રભુ આત્મા ઉસકા આશ્રય કરતા હૂં, ઉસકા મૈં અવલંબન લેતા હૂં, ઉસકો મૈં મેરી પર્યાયકા આધાર બનાતા

હૂં. આહાહા! **उवएगे उवओगो** (ગાથા ૧૮૧, સમયસાર). આતા હૈ ન. 'ઉપયોગમાં ઉપયોગ છે.' અપની નિર્મળ પરિણતિમેં આત્મા હૈ. આહાહા! એ સંવર અધિકાર. ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં–શુદ્ધ પરિણતિમાં ઉપયોગ–આત્મા છે એમ. (શ્રોતા : ત્રિકાળ આત્મા). હા. આહાહા! સ્વકા આશ્રય લિયા તો શુદ્ધ પરિણતિમેં આત્માકા ભાન હુઆ. સમજમેં આયા? આહાહા! ભારે વાતું ભાઈ! આવો માર્ગ. જૈનમાં જન્મે છતાં, જૈન પરમેશ્વર વસ્તુકી જો સ્થિતિ હૈ ઐસા બતાતે હૈં યે ભી સુનનેમેં મિલે નહીં. ઔર ઉલટા મિલે તો કહાંસે રસ્તા નિકલે? આહાહા!

બે વાત કરી આપણે આહીં. એક બાજુ પુદ્ગલખંડકે રજકણોં આને-જાનેવાલા અસ્થિર શરીર ઔર મુમુક્ષુ જિસ માર્ગ જાતે હૈં વહાં હમ જાતે હૈં. આ ભવમૂર્તિ, આ ભવની મૂર્તિ, વેદનાની મૂર્તિ. આહાહા! અષ્ટપાહુડમેં કુંદકુંદાચાર્ય કહતે હૈં, એક તસુ–એક અંગુલમેં છિયાનવે રોગ. છન્નેં.. છન્નું–સોમેં ચાર કમ. યે અંગુલી ઇતનેમેં. સમજમેં આયા? આહાહા! આત્માના એક-એક પ્રદેશે અનંત ગુણ, શરીરમેં એક-એક અંગુલમેં છિયાનવે-છિયાનવે રોગ. અરે ભગવાન! તેરી ચીજમેં આશ્રય કર, એમ કહતે હૈં. અપની બાત કરકે દુનિયાકો કહતે હૈં હોં. ભગવાન! તેરી જ્ઞાનશરીરી ચીજ હૈ ન અંદર. ઉસકા આશ્રય કર, અવલંબન ઉસકા લે. આહાહા! વહી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ. યે અવિકૃતિકરણ. સમજમેં આયા? એક જ્ઞાનસે આશ્રય કરના વહ પર્યાય હુઈ યે અવિકૃતિકરણ હૈ. ૧૬૬ હુઆ. આહાહા!

કિસકા માનના? આહીં અરેરે! એકનો એક દીકરો મરી ગયો, સાઈઠ વરસની ઉંમર. ૨૦ વર્ષનો હતો, લગ્ન કર્યાં, છ મહિનાના લગન ને ગુજરી ગયો. કિસકા માન? ક્યા તેરા લડકા? યે શરીર તેરા નહીં તો લડકા કહાંસે (તેરા) આયા? આહાહા! દામનગર. માવજીભાઈનો દીકરો મોટો છ મહિને મરી ગયો. ૭૫માં ગુજરી ગયો. ૭૫. ૨૫ ને ૨૭ = ૫૨ વર્ષ થયા. ગૃહસ્થ. દસ લાખ રૂપિયા તે દિ' સાઈઠ વર્ષ પહેલાં. ચાલીસ હજારની ઉપજ. આ દામનગર શેઠ. દીકરા બે. એક મોટી ઉંમરનો થયો, લગન કર્યાં મોટી ધામધુમે. હતા ગૃહસ્થ ને આ બાજુ એક ...જાણનાર હતા. બે-બે મહિના પહેલા તો મોટા પાટલા ઊંચા ને .... ફલાણું. ઢીકણું. એ છ મહિને વૈશાખમાં લગન, આસો સુદ પૂનમે દેહ છૂટી ગયો. એક જ વર્ષમાં. શું કરે ન્યાં લાખો રુપિયા...? એય શેઠ! આહાહા!

એની મા સારા કુંટબની હતી. લીંબડી, વજુભાઈ દીવાન. એની મા ... થાય. એની મા હતી ને આ ગુજરી ગયો હતો. લીંબડીથી આવી.. શું એનું કહેવાય? કાણે બધા આવ્યા. મોટા ગૃહસ્થના ઘર. લેંઘીયું સાથે લઈને. મોટી દીવાન ને લેંઘીયુ એટલે બાઈઓ આવે. રોવરાવે. છાતી કૂટે ને રોવરાવે. એવી એ શીખેલી જ હોય. જ્યારે ગામમાં આવી. દામોદર શેઠ કહેતા, મરી ગયો ત્યારે આવું નહોતું થયું એવો ગામમાં કોલાહલ થઈ ગયો. સેંકડો બાઈયું, લેંઘીયું રોવરાવે. આખા ગામના વચમાં. નગરશેઠ એનો આ દીકરો. છ મહિનાના લગન. અને એ બાઈયું રોવે એટલે

છાતીફાટ. ગામમાં લોકોને શોક થઈ ગયો કે આહાહા.. કોના કરે? એ તો મરણની સ્થિતિએ મરે, મરે ને મરે. એમાં શું છે? આહાહા! શેને રોવે છે તું? રોનારા ક્યા રહેનાર છે કે તું એને માંડીને રોવે છે? આહાહા!

યહાં કહતે હૈં, અરે! હમારા ચૈતન્યશરીર વજ્ર જૈસા હૈ. જેમાં એક કણ જાય નહીં ને એક કણ આવે નહીં. ઉસકા મૈં તો આશ્રય કરતા હૂં. આહાહા! માટીકા પિંડ, જડ, ધૂળ પડે, ખરે, ઝરે. 'જૈસા માટીકા ભાંડ...' આવે છે, માટીનું ભાણું. 'લાગે ખોખું' એવું આવે છે. 'સહજાનંદી રે આત્મા' એમાં આવે છે. 'જૈસા માટીકા ભાંડ રે...' ખોખલું અંદર વાગે ખોખલું. માટીનું વાસણ હોય અને એક ધક્કો ક્યાંક લાગ્યો પત્થરનો, તડ પડી જાય ને બે કટકા. એમ આ છે માટીના પિંડ. આહા! અરેરે! આ ચીજ મારી ક્યાં છે? મૈં તો, આનંદઘન આત્મા ઉસકા મૈં આશ્રય લેતા હૂં. ઉસકો (-કાયાકો) મૈં છોડતા હૂં દૃષ્ટિમેં. હૈ છતાં ઉસમેં હૈ, મેરેમેં નહીં. આહાહા! સમજમેં આયા? ૧૬૭.

**अनादिममसंसाररोगस्यागदमुत्तमम् ।**
**शुभाशुभविनिर्मुक्तशुद्धचैतन्यभावना ॥१६७॥**

**શ્લોકાર્થ : શુભ ઔર અશુભસે રહિત...** જુઓ! આ અવિકૃતિકરણ. શુદ્ધ ઉપયોગ લીધો હતોને પહેલો. શુદ્ધ ઉપયોગ લીધો હતો. શુભભાવ ને અશુભભાવસે રહિત **શુદ્ધચૈતન્યકી ભાવના...** મેરી શુદ્ધ ચૈતન્યવસ્તુ, ઉસકી ભાવના નામ એકાગ્રતા... આહાહા! શુભ ને અશુભ જો પરિણામ ઉસસે રહિત મેરી શુદ્ધ ચૈતન્યદશા..., ચૈતન્યવસ્તુ ઉસકી ભાવના વહ પર્યાય. શુદ્ધ ચૈતન્ય વહ ત્રિકાળ, ઉસકી એકાગ્રતા વહ મેરી ભાવના યે પર્યાય. **ભાવના મેરે અનાદિ સંસારરોગકી ઉત્તમ ઔષધિ હૈ.** લ્યો. મેરા ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જિસમેં શુભ-અશુભ રાગકા અભાવ હૈ, ઐસી ચીજકી એકાગ્રતારૂપ મેરી ભાવના... ભાવના નામ યહાં કલ્પના નહીં હોં. ચૈતન્ય શુદ્ધભાવ ઉસકી ભાવના નામ એકાગ્રતા. આહાહા! પરિણમન શુદ્ધ.. એ શુદ્ધ પરિણમન એટલે નિશ્ચય મોક્ષમાર્ગ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર યે શુદ્ધચેતનાની ભાવના હૈ. આહાહા! દિગંબર મુનિઓએ તો મોક્ષનો માર્ગ ખડો કરી દીધો છે. આ માર્ગ છે ભાઈ! સમજમેં આયા? ઉસસે ઊલટા મારગ વહ સંસારમાર્ગ હૈ. જહાં રુચિ કર વહાં જા. આહાહા!

અહો! એક તો અસ્તિ કહા કિ શુદ્ધચૈતન્ય યે મેરી અસ્તિ. દૂસરી શુભાશુભ પરિણામકી મેરેમેં નાસ્તિ, તીસરી શુદ્ધ ચૈતન્યમેં એકાગ્રતા. ક્યોંકિ શુભાશુભભાવસે રહિત હુઆ તો શુદ્ધભાવની એકાગ્રતા એટલે શુદ્ધ પરિણતિ યે અવિકૃતિકરણ. યે શુદ્ધપરિણતિ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો મેરે શુદ્ધચૈતન્યકી એકાગ્રતા, સ્વસન્મુખકી શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર... અનાદિ સંસારરોગ.. અનાદિ સંસાર નામ પુણ્ય-પાપ રાગ યે મેરા રોગ હૈ (ઉસકી) ઉત્તમ ઔષધિ હૈ. યે રોગકી યહ ઔષધિ હૈ. આહાહા! સમજમેં આયા? જુઓ! (યહ) એક હી ભાવના મેરે રોગ

મટાનેકી ઔષધિ હૈ, દૂસરા વ્યવહાર મારગ-ફારગ ઔષધિ હૈ ઐસા હૈ નહીં. મના કરતે હૈં. એકેક ગાથાએ ના પાડે છે, વ્યવહાર નહીં.. વ્યવહાર નહીં. વ્યવહારસે તો રહિત કહતે હૈં. શુભભાવસે રહિત, વ્યવહારસે તો રહિત. આહાહા! જેઠાભાઈ! કાંઈ હતું આવું તમારે ત્યાં? .... કેટલા વર્ષ એણે કર્યા, ઉના પાણી પીધા ને ઢીંકણા કર્યા. આહાહા! માર્ગની જાજ્વળ જ્યોત સંતોએ પ્રસિદ્ધ કરી, જગત પાસે જાહેર કરી. માર્ગ આ છે ભાઈ! માર્ગ સહેલા કર દિયા હૈ અંતર સમજનેવાલેકો. સમજમેં આયા?

કેટલા શબ્દ મૂક્યા છે! છે તો દોઢ લીટી. શુભાશુભભાવ રહિત, વ્યવહારસે રહિત, શુદ્ધ ચૈતન્યરૂપ વસ્તુ, ઉસકી ભાવના વહ નિર્મળ પર્યાય. યે નિર્મળ પર્યાય મેરે અનાદિ સંસારરોગ–મિથ્યાત્વ ને રાગાદિ ઉસકે ટાલનેમેં ઉત્તમ ઔષધિ હૈ. યે ઔષધ હૈ. સમજમાં આવે છે ને?

આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,

ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં ઔષધ વિચાર ધ્યાન.

આત્મસિદ્ધિમાં આવે છે. ગુજરાતી હૈ. ઉત્તમ ઔષધિ. અનાદિ સંસારરોગકા નાશ કરનેમેં મેરી ચૈતન્યકી ભાવના યે ઉત્તમ ઔષધિ હૈ. મેરે સન્મુખ જાકર એકાગ્ર હોના યે પરસન્મુખ ભાવકા નાશ કરનેકા ઉપાય હૈ. સમજમેં આયા? આહા! ૧૬૮.

**अथ विविधविकल्पं पंचसंसारमूलं**
**शुभमशुभसुकर्म प्रस्फुटं तद्विदित्वा ।**
**भवमरणविमुक्तं पंचमुक्तिप्रदं यं**
**तमहमभिनमामि प्रत्यहं भावयामि ॥१६८॥**

આહાહા! **શ્લોકાર્થ : પાંચ પ્રકારકે (દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ ઔર ભાવકે પરાવર્તનરૂપ) સંસાર**... ક્યા કહા વહ? કિ જિતને પુદ્ગલ (પરમાણુ) હૈં જડ, યે સબ એકબાર સંબંધમેં આ જાય ઉસકા નામ દ્રવ્ય પુદ્ગલપરાવર્તન હૈ. એક. જગતકી ચીજ હૈ સબ યે શરીરાદિ, વાણી આદિ પુદ્ગલ, એક જીવકે સાથ એકબાર સંબંધમેં પરાવર્તનમેં આ જાય તબ ઉસકો એક દ્રવ્ય પુદ્ગલપરાવર્તન કહતે હૈ. યે **સંસારકા મૂલ** હૈ. ઔર ક્ષેત્ર પરાવર્તન. આકાશકા એકેક પ્રદેશ, .... પ્રદેશસે લેકર એક-એક પ્રદેશ.. સારે લોક પ્રમાણસે અનંત બૈર ક્ષેત્રમેં ઉપજના યે ક્ષેત્રપરાવર્તન. કાળપરાવર્તન, ઉત્સર્પિણીકા એક સમય, પહલેમેં અનંતવાર ઉપજના, દૂસરેમેં અનંતવાર, તીસરેમેં અનંતવાર, ઐસે સારે અસંખ્ય સમય એક અવસર્પિણીકા. અનંતબૈર ઉત્પન્ન હોના, મરના વહ કાળપરાવર્તન. ભવપરાવર્તન—એક-એક ગતિ નરકાદિમેં અનંત-અનંત ભવ કરકે ચાર ગતિ અનંતબૈર હુઈ વહ ભવપરાવર્તન. ભાવ પરાવર્તન—અસંખ્ય પ્રકારકા શુભ અને અસંખ્ય પ્રકાર અશુભ વિકાર અનંતબૈર હુઆ, સારે લોકમેં જિતના શુભાશુભ પરિણામ યે અનંતબાર હો જાય તબ ઉસકા નામ ભાવપરાવર્તન.

**પાંચ પ્રકારકે પરાવર્તન(રૂપ) સંસારકા મૂલ..** આહાહા! **વિવિધ ભેદોંવાલા શુભાશુભ કર્મ હૈ...** યે પાંચ પ્રકારકે પરાવર્તનકા મૂલ ક્યા? કિ વિવિધ ભેદોંવાલા શુભાશુભ કર્મ. શુભ અને અશુભ કર્મ. આહાહા! યે પાંચ પરાવર્તનકા મૂલ કારણ યહ હૈ. અનંતબૈર સર્વ પુદ્ગલ... આવ્યું હતુંને? સર્વ પુદ્ગલ એંઠવત્ અથવા સ્વપ્ન સમાન. 'સકળ જગત તે એંઠવત્..' એંઠ સમજે? એંઠ. જૂઠા. સારા જગતકા સર્વ પુદ્ગલ અપને પાસ અનંતબૈર આ ગયા હૈ. યે એંઠ હૈ. પૈસા તરીકે, શરીર તરીકે, વાણી તરીકે, આબરૂ તરીકે અનંતબૈર યહાં આ ગયા હૈ. એ શેઠ! બીડીયું તરીકે, તમાકુ તરીકે, આ મોટર તરીકે... મોટરને મોકલેને અહીંયા જાઓ. દઈ આવો એટલી પાંચ કરોડ બીડી, આહીં બે કરોડ બીડી. મોટરું... ઐસે પુદ્ગલ પરમાણુકી જિતની સંખ્યા હૈ (વહ) સબ આત્માકે સાથ સંબંધમેં આ જાય ઉસકા કારણ શુભાશુભ પરિણામ હૈ. આહાહા! ક્ષેત્રમેં અનંતબૈર ગયા ઉસકા કારણ શુભાશુભભાવ. કાળ, ભવ ને ભાવ. આહાહા!

**ઐસા સ્પષ્ટ જાનકર...** આહાહા! દેખો! વિકલ્પની જાળ, આહાહા! ભગવાન આત્મા નિર્વિકલ્પસ્વરૂપ... એ આગળ લેશે. ઐસા વિકલ્પ–શુભાશુભભાવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવકા મૂલ હૈ. **ઐસા સ્પષ્ટ જાનકર...** પ્રત્યક્ષ જાનકર... આહાહા! **જો જન્મમરણ રહિત હૈ...** 'ઉસકો જાનકર', ઇતના હૈ. કૈસા હૈ આત્મા? આત્મા કૈસા હૈ? વહ શુભાશુભ ઐસા હૈ કિ પંચપરાવર્તન દેનેવાલા હૈ. આહાહા! ભગવાન આત્મા ઉસસે રહિત હૈ. જન્મ-મરણ રહિત આત્મા હૈ, ઉસમેં જન્મ ને મરણ હૈ નહીં. અનાદિ પરમાત્મા નિજસ્વરૂપ જન્મ ને મરણસે રહિત હૈ.

**ઔર પાંચ પ્રકારકી મુક્તિ દેનેવાલા હૈ...** વહ પાંચ પ્રકાર(રૂપ) પરિવર્તનમેં શુભાશુભ(ભાવ) મૂલ કારણ થે. શુભાશુભપરિણામ પાંચ પ્રકારકા પરાવર્તન દેનેમેં કારણ થે. આહાહા! તબ ભગવાન આત્મા જન્મ-મરણ રહિત ને પાંચ પ્રકારકી મુક્તિ દેનેવાલા હૈ. યે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ ઉસસે રહિત હોનેવાલા ભગવાન આત્મા હૈ. આહાહા! સમજમેં આયા? **પાંચ પ્રકારકી મુક્તિ દેનેવાલા હૈ...** વહ પાંચ પ્રકારકા પરાવર્તન(રૂપ) સંસાર દેનેવાલા શુભાશુભભાવ હૈ. તો ભગવાન આત્મા જન્મ-મરણ રહિત હૈ, પાંચ પ્રકારકી મુક્તિ (દેનેવાલા હૈ). ઐસે **શુદ્ધાત્માકો મૈં નમન કરતા હૂં.** આહાહા! દૂસરી ભાષા લી. આશ્રય કરતા હૂં, નમન કરતા હૂં. મેરે પરિણામ ત્રિકાળ ધ્રુવ તરફ ઝુકતે હૈં. જો આત્મા પાંચ પરાવર્તનસે મુક્તિ દેનેવાલા હૈ ઔર જન્મ-મરણ રહિત હૈ, ઐસે મેરે **શુદ્ધાત્માકો મૈં નમન કરતા હૂં.** નિર્વિકલ્પ પર્યાય દ્વારા મૈં અંતર ઢલતા–ઝૂકતા હૂં. શુભાશુભ પરિણામ તો પાંચ પરાવર્તન દેનેવાલા હૈ, મેરા આત્મા હી મુક્તિ દેનેવાલા હૈ, પાંચ પરાવર્તનસે છૂટનેકા. આહાહા! આ રખડપટ્ટી, આ પૈસા આવ્યા, બંગલા બનાયા, છોકરાના લગન કર્યા, છ મહિને મરી ગયો. આહા! હોળી! પાગલ હો ગયા હૈ. આહાહા!

ભગવાન! તેરી ચીજ ઐસી હૈ અંદરમેં કિ ઉસકો નમન કરનેસે, ઉસકા આદર કરનેસે, ઉસકી પરિણતિ કરનેસે, વહ આત્મા તો મુક્તિકા દેનેવાલા હૈ, પંચપરાવર્તન(રૂપ) સંસારસે છૂટનેવાલા હૈ. કારણ કે વહ જન્મ-મરણ રહિત હૈ. આહાહા! કિતના ગાના હૈ આત્માકા! ઐસી સુની નહીં બાત કભી. આહાહા! બહારના... **નમન કરતા હૂં ઔર પ્રતિદિન ભાતા હૂં.** ભાષા હૈ? **प्रत्यहं** છેને. એ ને? **प्रत्यहं भावयामि...** સમય-સમયમેં ચૈતન્ય ધ્રુવ તરફકી મેરી ભાવના હૈ. ઉસકી મૈં ભાવના કરતા હૂં. શુભાશુભરાગકી ભાવના શુભભાવ હો... સમજમેં આયા? અભી તો ચલતા હૈ ન પૂજામેં, નહીં? '(દરશ) વિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય, જય જય નાથ પરમગુરુ હો.' શુભકી ભાવના હૈ ક્યા કરનેકો? યે તો બીચમેં આ જાતા હૈ સમકિતીકો, ઐસા વિકલ્પ આતા હૈ, પણ હેય હૈ. ભાવના હૈ? ભારે કામ આકરૂં ચાલતી પદ્ધતિથી બીજી વાત સમજવી. આહાહા! પંડિતજી!

શ્રોતા : મોક્ષ પાનેકે લિયે ભાવનાકા મતલબ એકાગ્રતા નહીં હોગી?

પૂજ્ય ગુરુદેવશ્રી : રાગકી ભાવના કરે તો ક્યા? પણ યે તો સમકિતીકો સહજ આ જાતા હૈ. મૈં તીર્થંકરગોત્ર ભાવ કરું ઐસા હૈ નહીં. યે તો રાગ હૈ. રાગકી ભાવના હોતી હૈ ધર્મીકો? પણ સમ્યગ્દૃષ્ટિ જીવકો ઉસકી પર્યાયમેં સહજ ઐસા ભાવ આ જાતા હૈ. વહ કોઈ લાવે કિ મૈં બનાઉં, ઐસા નહીં બન સકતા હૈ. આહાહા! યે તો જીવકી જાત હી અનાદિકી ઐસી હૈ. સમજમેં આયા? યે જાતમેં હી ચારિત્રગુણકી પર્યાય ઐસે હોનેવાલી હૈ. એને માટે વાત છે. આહાહા! હજી મિથ્યા દૃષ્ટિ–મિથ્યાત્વ છે અને ભાવના ભાવે તીર્થંકરગોત્રની. સમજમેં આયા? આહાહા!

મૈં તો, ભગવાન મેરા શુદ્ધચૈતન્ય પુણ્ય-પાપકે રાગસે, જન્મ-મરણસે રહિત ઐસી ચીજકી મૈં તો ભાવના ભાતા હૂં, એમ કહતે હૈં. મૈં તીર્થંકરગોત્રકી ભાવના ભાતા હૂં, મૈં તીર્થંકર હો જાઉંગા, પરમગુરુ હો જાઉંગા—(ઐસા નહીં). ભારે કઠણ ભાઈ! આ બધા ચાલતા માર્ગથી વિરુદ્ધ. પાટનીજી! આ બધા શેઠીયાએ તમે એમ ચલવ્યું. બધા માણસો ગાયને, ષોડશકારણ ભાવના ભાય, તીર્થંકર ગોત્ર પદવી પાય, પરમગુરુ હોય. એ પરમગુરુ એમ ન હોય ભાઈ! તને ખબર નથી. યે તો રાગ હૈ. રાગકી ભાવના ભાવે? યે તો 'મેરા આત્મા શુદ્ધ હૈ' ઉસકી ભાવના ભાતા હૂં. ઉતના વિકલ્પ આ જાય તો ઉસે મૈં છોડતા હૂં એમ કહતે હૈં. સેઠી! અભી તક ક્યા કિયા તુમને શેઠિયા હોકર? ઐસા માર્ગ બનાયા, .... પ્રસન્નભાઈ! ઐસે **પ્રતિદિન ભાતા હૂં.** આહાહા! સમય-સમયમેં શુદ્ધ પ્રભુ ઉસ તરફકી મેરી એકાગ્રતા સદા શુરૂ હૈ. દિન-દિન સદા શુરૂ હૈ, પરકી ભાવના મુજે હૈ નહીં, ઉસકા નામ આલોચન અવિકૃતકરણ કહનેમેં આતા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૧૩, શુક્રવાર, તા. ૩-૯-૧૯૭૧**
**શ્લોક - ૧૬૯-૧૭૦, ગાથા - ૧૧૨, પ્રવચન નં. ૧૧૩**

દશલક્ષણી પર્વકા નવવાં દિન હૈ. અકિંચન (અર્થાત્) અપને સિવા કોઈ ચીજ મેરી હૈ નહીં. વહ બાત કહતે હૈં.

**तिविहेण जो विवज्जदि, चेयणमियरं च सव्वहा संगं ।**
**लोयववहारविरदो, णिग्गंथत्तं हवे तस्स ॥४०२॥** (કાર્તિકેયાનુપ્રેક્ષા).

**જો મુનિ લોકવ્યવહારસે વિરક્ત હોકર...** ઉનકો ધંધાપાણી વહ તો કોઈ હૈ નહીં, યે તો હૈ નહીં (ક્યોંકિ) મુનિ હૈં, પણ સંઘ ને શિષ્યકે સાથ જો સંબંધ હૈ વહ લોકવ્યવહાર હૈ વહ ભી છોડે.

શ્રોતા : ગુરૂની સાથે શિષ્યનો સંબંધ...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ સંબંધ છોડે.

શ્રોતા : એ લોકવ્યવહારમાં આવે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ લોકવ્યવહાર. વ્યવહારનયકા વિષય સબ લોકવ્યવહાર હૈ.

**મુનિ, અન્ય પરિગ્રહ તો છોડતા હી હૈ...** ભાવાર્થમેં. **પરન્તુ મુનિત્વકે યોગ્ય...** એક વસ્ત્રકા ટુકડા ભી, મુનિ હૈ ઉસકો હોતા નહીં. પરંતુ વર્તમાનમેં મુનિયોગ્ય **ઐસે ચેતન શિષ્ય, સંઘ ઔર અચેતન પુસ્તક, પિચ્છિકા, કમણ્ડલુ ધર્મોપકરણ ઔર આહાર, વસતિકા...** આહાર ને રહનેકા સ્થાન અને **દેહ—યે અચેતન...** ચેતન ને અચેતન—દોનોં લિયે. ઐસે તો મુનિ બાહ્યસે તો પરિગ્રહ રહિત હૈં. વસ્ત્ર આદિ રહતે નહીં મુનિકો. વ્યવહારનયસે શિષ્ય ને સંઘકા સંબંધ હૈ ઔર પુસ્તક, પિચ્છિકા, કમંડલુ, શાસ્ત્ર વહ નિમિત્ત.... આહાર, વસતિકા, દેહ **ઇનસે ભી સર્વથા મમત્વ** છોડે. **सव्वहा** શબ્દ છે ને? સર્વથા. મેરી કોઈ ચીજ બાહ્યમેં હૈ હી નહીં. મેરેમેં હૈ વહ બાહ્યમેં નહીં, બાહ્યમેં હૈ વહ મેરેમેં નહીં. એક રાગકા કણ વહ ભી મેરી ચીજ નહીં.

‘રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.’ સમ્યગ્દૃષ્ટિકો, અપને સિવા કોઈ ચીજ અપની હૈ નહીં ઐસી અનુભવ દૃષ્ટિ તો હૈ, પણ યહાં તો મુનિપનેકી બાત ચલતી હૈ. સમ્યગ્દર્શનમેં ભી અકિંચન (હૈ અર્થાત્) રાગ કિ પરવસ્તુ મેરેમેં હૈ હી નહીં. મૈં તો નિર્ગ્રંથ આત્મસ્વરૂપ હૂં. રાગકી ગાંઠ વિકલ્પસે રહિત ઐસા મેરા સ્વભાવ હૈ તો એક સમયકા રાગ વહ ભી મેરી ચીજ નહીં. સમ્યગ્દર્શનમેં, ઐસા અકિંચનભાવ સમ્યગ્દર્શન જિતના હોતા હૈ. શ્રદ્ધામેં કોઈ એક વિકલ્પમાત્ર નહીં. યે રજકણ જો શરીર હૈ.., બિચ્છુકા ડંખકા જો જહર થા ઉસરૂપ ભી અનંતબૈર શરીરકા રજકણ પરિણમા થા, વહ પરમાણુ યહાં આયા. આહાહા!

સમજમેં આયા? ઇન્દ્રિયોંકા પરમાણુ બિચ્છુકે ડંખપને, જહરપને અનંતબૈર પરિણમા થા, વહી રજકણ યહાં શરીરકી અવસ્થારૂપ હુઆ હૈ. મેરી ચીજ તો હૈ નહીં. આહાહા!

વીંછીકે ડંખકે વક્ત ક્યોં ભાગતે થે? એમ. કાળા નાગ જહર(વાલા) ઐસા ફન ઉઠાકર ઐસે ચલતા હો... મૈંને એક ફેરી દેખા થા. જામનગર જાતે થે, રસ્તામેં સર્પ બડા સર્પ થા. હું ને જીવણલાલ—બે. જબ્બર થા. એને આમ જાવું ને અમારે આમ રસ્તે જાવું. ઉસે ડર લગા. ઐસા બડા સર્પ, ઐસે ફન ઉઠાઇ. આ લાલ હોં, કાળો નહીં. બડા–મોટા થા. પછી તો અમે ઊભા રહ્યા જરી. વહ પરમાણુ જો ઉસકી ફન ને જહરપને પરિણમા હૈ વહ પરમાણુ યહાં આયા હૈ. શેઠી! વહાં ભાગતે થે, યહાં ક્યોં નહીં ભાગતે? બાત ઐસી હૈ નહીં. શેઠ!

શ્રોતા : બાહરમેં ઐસી ચીજ દિખતી હૈ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યા દિખતા હૈ બાહ્યમેં? .... યે કમંડલ તો પર હૈ, અપના હૈ હી નહીં. લક્ષ જાતા હૈ તો રાગ હૈ. યે લોકવ્યવહાર ભી છોડ દે એમ કહતે હૈં. આહાહા! ઉત્કૃષ્ટ અકિંચનસ્વભાવકી બાત હૈ ન. યે વિચારે કિ **મૈં તો આત્મા હી હૂં**... મૈં તો આત્મા હૂં. અકિંચન... રાગાદિ કોઈ ચીજમેં મેરી આસક્તિ થી, સમ્યગ્દર્શનમેં 'મેરા હૈ' ઐસી દૃષ્ટિ છૂટ ગઈ હૈ, પણ આસક્તિ થી. મુનિ હૈં તો આસક્તિ ભી છોડ દેતે હૈં, યૂં કહતે હૈં. સમજમેં આયા? **(અન્ય) મેરા કુછ ભી નહીં હૈ**... ઓહોહો! મૈં અકિંચન હૂં. કોઈ ભી પરચીજ મેરેમેં નહીં. જગતકા રજકણ વહ તો જગતકી ચીજ અજીવ હૈ. વહ અજીવ મેરી ચીજ કૈસે હો? સમજમેં આયા? એક સમયકી પર્યાય ભી હમારે ત્રિકાલમેં નહીં આતી હૈ, (તો) યે ચીજ કહાંસે મેરેમેં આવે? આહાહા! શેઠ! યે સમકિતીકે લિયે પહલે કહા. પહલે કહા થા.........

ધર્મકી પહેલી સીઢીમેં, 'એક રજકણ ને રાગ મેરી ચીજ નહીં' ઐસી દૃષ્ટિ હુએ બિના આત્માકા સ્વીકાર હોતા નહીં. સમજમેં આયા? આહાહા! ચાહે તો શરીરાદિ સુંદર દિખે કે અસુંદર દિખે, વહ કોઈ ચીજ મેરી નહીં ઐસે સમ્યક્ દ્રષ્ટિમેં–અંતરકે સ્વભાવકે સ્વીકારમેં, પર કોઈ ચીજ મેરી નહીં ઐસા અસ્વીકાર હો જાતા હૈ. આહાહા! સમજમેં આયા? ગૃહસ્થાશ્રમમેં હો, સમ્યગ્દૃષ્ટિ હો વહ ખરેખર ગૃહસ્થાશ્રમમેં હૈ હી નહીં. વહ તો અપને આત્મામેં હૈ. ગૃહસ્થાશ્રમકી રાગદશા વહ ઉસમેં હૈ નહીં. સમજમેં આયા? આહાહા! વેપારધંધા, છ ખંડકા રાજ ઉસમેં કહાંસે આત્મા આયા? ઐસે દૃષ્ટિમેં પહલે અકિંચનપના પ્રગટ હોના ચાહિયે. પીછે સ્વરૂપકી સ્થિરતામેં અકિંચનપના (હોકર) આસક્તિકા રાગ ભી છૂટ જાતા હૈ. પહલી (બાહ્ય) ચીજમેં આસક્તિ તો સબ છોડ દી હૈ, પણ વર્તમાન શિષ્ય, સંઘ ઔર પીંછી, કમંડળ, ધર્મોપકરણકે સાથ સંબંધ હૈ યે ભી છોડ દેતે હૈં. ઐસી નિર્ગ્રંથદશા, યે કહતે હૈં દેખો!

**અન્ય મેરા કુછ ભી નહીં હૈ; મૈં અકિંચન હૂં ઐસા નિર્મમત્વ હો, ઉસકે આકિંચન્યધર્મ હોતા હૈ.** ઉસકો નિર્ગ્રંથ... જુઓ! ઉસમેં લિખા હૈ. **णिग्गंथत्तं हवे तस्स**... વહ મુનિ તો નિર્ગ્રંથ હી

હોતા હૈ. નિર્ગ્રંથ... આત્મા નિર્ગ્રંથસ્વરૂપ હી હૈ, પણ યે તો પર્યાયમેં નિર્ગ્રંથતા લાયા એમ કહતે હૈં. આહાહા! સમ્યગ્દર્શન અલૌકિક ચીજ હૈ, પીછે મુનિપના... આહાહા! અકેલા ભગવાન પરમાનંદકા નાથ ઉસકે સિવા કોઈ ચીજ મેરી નહીં. આસક્તિકા રાગ ભી છૂટ ગયા હૈ. બાહ્યમેં નગ્નપના અને અંદરમેં રાગરહિત નિર્ગ્રંથપના—ઐસી દશામેં અકિંચનધર્મ હોતા હૈ. નવમો. એક રહા એક.

યહાં પર નિયમસાર, ૧૬૯ કળશ હૈ. હૈ? ૨૨૨ પાને. અવિકૃતિકરણ નામકા આલોચનકા તીસરા ભેદ ચલતા હૈ. ઉસકે નવ કળશ હૈં. સાત હો ગયે, દો બાકી હૈં.

**अथ सुललितवाचां सत्यवाचामपीत्थं**
**न विषयमिदमात्मज्योतिराद्यन्तशून्यम् ।**
**तदपि गुरुवचोभिः प्राप्य यः शुद्धदृष्टिः**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥१६९॥**

**શ્લોકાર્થ : ઇસ પ્રકાર આદિ-અંત રહિત...** મૈં તો આદિ-અંત રહિત આત્મજ્યોતિ હૂં. આહાહા! યે આલોચનકા તીસરા ભેદ. ઐસા અપનેકો દેખના. આદિ-અંત રહિત—જિસકી શરૂઆત નહીં, જિસકા અંત નહીં **ઐસી યહ આત્મજ્યોતિ...** ભગવાન ચૈતન્યમૂર્તિ જ્ઞાનકા તેજ, અકેલા જ્ઞાનસ્વભાવકા તેજ પ્રભુ, વહ **સુલલિત વાણીકા** વિષય નહીં. ચાહે જિતની મધુર વાણી કહો, પણ યે વાણીકા વિષય નહીં. આહાહા! દિવ્યધ્વનિકા વિષય નહીં. આહાહા! **અથવા સત્ય વાણીકા ભી વિષય નહીં હૈ...** અબ વહ આયા. વીતરાગકી દિવ્યધ્વનિ વહ સત્ય દિવ્યધ્વનિ હૈ, ઉસકા ભી વિષય નહીં. દિવ્યધ્વનિસે ભી જો જાના જાતા નહીં, જાનનેમેં આતા નહીં. આહાહા! એ બીજી રીતે વ્યાખ્યા છે, દૂસરી રીતે. **તથાપિ ગુરુકે વચનોં...** અર્થાત્ ગુરુકે વચન ઐસે કહતે હૈં કિ તું તેરી અભેદદૃષ્ટિ કર. અભેદદૃષ્ટિ કરે તબ નિમિત્ત કહનેમેં આતા હૈ. ભીખાભાઈ! આહાહા! એ કહેવાનો અર્થ એ છે કે ગુરુકો યે કહના હૈ કિ તેરી ચીજ અખંડ આનંદકંદ હૈ. સમજમેં આયા? ઐસી 'દૃષ્ટિ' શબ્દ લિયા ન. **ગુરુકે વચનોં દ્વારા ઉસે પ્રાપ્ત કરકે જો શુદ્ધ દૃષ્ટિવાલા હોતા હૈ...** અપની દૃષ્ટિ અંદર દ્રવ્ય ઉપર પડતી હૈ, તબ 'ગુરુને કહા થા' ઐસી બાત કહનેમેં આયી હૈ.

શ્રોતા : .... પહેલા ગુરુના વચન આવ્યા છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આયા, પણ યે નિષેધકે લિયે આયા હૈ. પંડિતજી! આહાહા! અપના ગુરુ આત્મા હૈ. તો ઉસ ઉપર દૃષ્ટિ કરના વહ સુદૃષ્ટિવંત... વહ વાણીકા વિલાસ નહીં, ગુરુસે સમજમેં નહીં આતા એમ કહતે હૈં. વાણી લી હૈ ન ગુરુકી. ગુરુ નહીં લિયે હૈં. સમજમેં આયા?

શ્રોતા : ગુરૂના ભાવ ઉપર વજન વધારે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભાવ, વહ કહતે હૈં–વહ બતાતે હૈં, તેરી ચીજ અખંડ ... બતાતે હૈં, પણ (શ્રોતા) દેખતા હૈ તો બતાતે હૈં એમ કહનેમેં આતા હૈ. નહીં તો અનંતબૈર સુના. દિવ્યધ્વનિ અનંતબૈર સુની. તીન લોકકે નાથ પરમાત્મા સમવસરણમેં બિરાજતે હૈં ઐસે સમવસરણમેં અનંતબૈર ગયા. 'ભવોભવ જિન પૂજિયા' ઐસા પાઠ હૈ. ભવોભવ જિનકી પૂજા કી. સમજમેં આયા? વહ શુભભાવ થા. વહ તો પરલક્ષી ચીજ હૈ. ભગવાન આત્મા પરલક્ષી નહીં. આહાહા! યે તો અપને સ્વભાવસે જાનનેમેં આતા હૈ ઐસા પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા હૈ. સર્વથા અપને જ્ઞાનસે જાનનેમેં આતા હૈ ઐસા આત્મા હૈ. કહો, શેઠ! આહાહા! વહ આયેગા આગે વિશેષ.

જિસકી દૃષ્ટિમેં... **શુદ્ધ દૃષ્ટિવાલા હોતા હૈ** ઐસા કહા ન? તો શુદ્ધ દૃષ્ટિ ક્યા? સમ્યગ્દર્શન. વહ સમ્યગ્દર્શનકા વિષય યે ધ્રુવ ઐસા ગુરુને કહા થા, બસ ઇતની બાત. ઉસકા લક્ષ છોડકર, વાણીકા લક્ષ છોડકર ઔર વાણીસે જાનનેમેં આયા–ખ્યાલમેં આયા ઉસકા ભી લક્ષ છોડકર... પ્રસન્નભાઈ! શેઠી! આ પ્રસન્નભાઈને રસ છે હોં. વાણીમેં રસ આયા હૈ. આહાહા! સમજમેં આયા? આ રસ વિના ચાલશે. કાંઈક શબ્દ હતો ખરો ક્યાંક. યે રસ ફિકા હૈ સબ. એ શેઠ! આહાહા!

**शुद्धात्मतत्त्वनियताचरणानुरूपा...** એ ૧૭૨ કળશ. આચરણ તો શુદ્ધ આત્મતત્ત્વકે આશ્રિત હોતા હૈ. નીચે હૈ. ૧૭૨ નીચે. અપના આચરણ દ્રવ્યકે આશ્રયસે હોતા હૈ. સમજમેં આયા? એ બાજુ છે પાને નીચે. નિયત, **આત્મતત્ત્વમેં નિયત આચરણ...** આહાહા! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ઉસકે આશ્રયસે આચરણ હોતા હૈ. ગુરુકે આશ્રયસે, વિકલ્પકે આશ્રયસે આત્માકા આચરણ હોતા નહીં. બાત તો ઐસી હૈ, સમજમેં આયા? ગુરુને કહા, તું તેરી દૃષ્ટિ કર, હમારા લક્ષ છોડ દે. ઐસે કહા થા. હીરાભાઈ! આહાહા! કહતે હૈં, તથાપિ વચનકા વિષય નહીં, ઐસા પહલે તો નિષેધ કિયા, પણ ઐસા આલોચન આયે બિના રહતા નહીં. જબ પાતે હૈં અંતર દૃષ્ટિમેં તો ઐસા નિમિત્ત થા. સુના તો પાયા ઐસા નહીં હૈ. અંદર પાયા તો ઉસકો નિમિત્ત કહનેમેં આતા હૈ. પંડિતજી! તો નિમિત્ત કહનેમેં આતા હૈ. આહાહા! ભગવાન! તુમ તો નિરપેક્ષ હો, એમ કહતે હૈં. કિસીકી અપેક્ષાસે જાનનેમેં આવે ઐસા તેરા સ્વભાવ નહીં. આહાહા!

ભાન કરતે હૈં વહ અપની અપેક્ષાસે, પરસે નહીં એમ કહતે હૈં. શેઠ! આહા! પરકી અપેક્ષાસે ભાન હો ઐસા આત્મા હૈ નહીં. આત્મા ઐસા હૈ નહીં. વહ આ ગયા હૈ નિયમસારમેં, પહલે આ ગયા હૈ. ઉસમેં હૈ. લ્યો, સાતવે પન્ને પર હૈ. સાત પન્ના. દૂસરી ગાથા હૈ. દૂસરી ગાથા, આખિરકી દો લીટી. **શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોનેસે મોક્ષકા ઉપાય હૈ.** હૈ અંદર? અંગુઠેકે પાસ. શુદ્ધરત્નત્રયસ્વરૂપ માર્ગ... ભગવાન આત્મા... યહાં તો ઐસી બાત હૈ, દુકાન ઉઠાનેકી બાત હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા... **નિજ પરમાત્મતત્ત્વકે સમ્યક્-શ્રદ્ધા-**

**જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોનેસે**... કોઈ વિકલ્પ, નિમિત્ત આદિકી અપેક્ષા હૈ હી નહીં. આવ્યું છે કે નહીં? એય! ક્યાં? વાંચો જોઈએ. હા, બસ એ. શુદ્ધરત્નત્રયસ્વરૂપ માર્ગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય વહ મોક્ષકા માર્ગ ઉસકો પરકી કુછ અપેક્ષા હૈ નહીં. ઐસા પર્યાયકા સ્વભાવ હૈ. દ્રવ્યકા સ્વભાવકી બાત કરના હી ક્યા? કહતે હૈં. આહાહા! સમજમેં આયા? માર્ગ ઐસા હૈ ભાઈ!

અંતર્મુખ દેખના હૈ કિ બહિર્મુખ દેખનેસે અંતર્મુખ દેખના હોગા? બાત ઐસી હૈ. આહાહા! આ તો પોપાબાઈના રાજ નથી કે બાહરસે મિલ જાય. કહતે હૈં, વાણીકા વિષય નહીં, ભગવાનકી સચ્ચી વાણીકા વિષય નહીં. આહાહા! યે **શુદ્ધ દૃષ્ટિવાલા હોતા હૈ**... ભાઈ! વજન આહીં આપ્યું. આહાહા! અંતર ભગવાન પૂર્ણાનંદ ધ્રુવસ્વરૂપ વહ દૃષ્ટિવાલા હોતા હૈ. શબ્દ લિયા હૈ, **શુદ્ધ દૃષ્ટિવાલા હોતા હૈ**. આહાહા! **વહ પરમશ્રીરૂપી કામિનીકા વલ્લભ હોતા હૈ.** ઉસકો મુક્તિ અલ્પકાલમેં પ્રાપ્ત હોતી હૈ કિ જો મુક્તિ ઉસે દૂર ન હો. આહાહા! માર્ગ અને માર્ગકા ફળ દોનોં લિયે. યહાં તો, '**દૃષ્ટિવાલા હોતા હૈ**' ઇતના જોર દિયા. આહા! **શુદ્ધ દૃષ્ટિવાલા હોતા હૈ, વહ**... અંતર્મુખ દૃષ્ટિ પૂર્ણાનંદ પ્રભુ દ્રવ્ય ઉપર ગઈ હૈ ઉસ કારણસે **વહ પરમશ્રીકામિનીકા વલ્લભ હોતા હૈ**. અનંત આનંદરૂપી પરમશ્રી લક્ષ્મી મુક્તિ ઉસકો કભી છોડતી નહીં. આહા! સમજમેં આયા? (**અર્થાત્ મુક્તિસુંદરીકા પતિ હોતા હૈ**). ૧૭૦ કળશ.

**जयति सहजतेजःप्रास्तरागान्धकारो**
**मनसि मुनिवराणां गोचरः शुद्धशुद्धः ।**
**विषयसुखरतानां दुर्लभः सर्वदायं**
**परमसुखसमुद्रः शुद्धबोधोऽस्तनिद्रः ॥१७०॥**

નિદ્રા અસ્ત થઈ ગઈ છે. મુનિ હૈં ન. નિદ્રા એક અલ્પ કોઈ વખતે પોણી સેકંડની અંદર (હોય). આહાહા! મુનિ... મુનિ કિસકો કહેં? ભાઈ! દુનિયા કુછકા કુછ માન બૈઠી હૈ. મુનિ પરમેશ્વર પદમેં આયે. કહતે હૈં, **अस्तनिद्रः**... હમેં તો નિદ્રા અસ્ત હો ગઈ હૈ. આહાહા! ઐસા શુદ્ધાત્મા જયવંત વર્તતા હૈ હમારી દૃષ્ટિમેં, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? મુનિપના કિસકો કહેં? ભાઈ! બબ્બે કલાક, પાંચ-પાંચ કલાક, આઠ-આઠ કલાક નિદ્રા લે અને અમે મુનિ. વ્યવહારે પણ મુનિ નથી. સમજમેં આયા? શેઠ! ઐસી બાત કડક હૈ. 'પિછલી રૈનીમેં...' આતા હૈ ન છઢાળામેં? (શ્રોતા : પિછલી રૈનીમેં કુછ એકાસન..) એકાસન. એક આસનમેં ઐસે રહે, યા ઐસે રહે. 'પિછલી રૈની...' રાત્રિના ચોથા ભાગમાં પિછલી થોડા.... આહાહા! જાગ્રત હુઆ હૈ, તીન કષાયકા નાશ હુઆ હૈ. આહાહા! નિદ્રા મોહનીયકર્મકા નાશ કરનેકો તો તૈયાર હો ગયા હૈ. આહાહા! પ્રમાદ હૈ, નિદ્રા પ્રમાદ હૈ.

**શ્લોકાર્થ : જિસને સહજ તેજસે રાગરૂપી અંધકારકા નાશ કિયા હૈ...** આહાહા! ભગવાન આત્મા જિસકા સહજ તેજ... ચૈતન્યસ્વભાવકે તેજસે... જહાં તેજ સહજમેં આયા વહાં અંધકાર કહાંસે રહે? **જિસને**–ઐસા આત્મા, **સહજ તેજસે**... સ્વભાવિક જ્ઞાનતેજ... જ્ઞાનકા તેજ... **રાગરૂપી અંધકાર...** દેખો! ભાષા. યે વ્યવહારકા રાગ હૈ, દયા-દાન (આદિ) રાગ અંધકાર હૈ. આહાહા! સમજમેં આયા? યે ચૈતન્ય તેજ હૈ ભગવાન (આત્મા ઔર) રાગ અંધકાર હૈ. સૂર્યકે કોઈ કિરણમેં કોયલેકા કિરણ આતા હૈ? ચૈતન્યસૂર્ય ભગવાન.

ક્યા કહતે હૈં તમારા ઓલા? વહ નિકલતા હૈ ન તમારે બાહુબલીજી? વહ રખા હૈ બડા પ્રકાશ–લાઈટ–સર્ચલાઈટ. ઇસ બાજુ રખી હૈ. બાહુબલીકે સામને રખી હૈ, દો લાઈટ રખી હૈ. ઉસમેંસે કિરણ નિકલતે હૈં લાઈટમેંસે. ઐસે ભગવાન (આત્મા) અનંત લાઈટવાલી ચીજ હૈ. વહ તો હજાર કિરણ, શું કહેવાય? નંબર હોય છે ને? એક હજાર વોટ. શું કહેવાય એ? વોટ. હજાર વોટ, યે અનંત વોટ. ચૈતન્યસૂર્ય અનંત વોટસે (ભરા) પડા હૈ અંદર. ઉસકે તેજસે... આહાહા! ઐસી સ્વભાવકી ચીજકા સ્વીકાર જહાં હુઆ, ઉસકે તેજસે રાગ અંધકાર નાશ હો ગયા. આહાહા! સમજમેં આયા?

ઐસે કહતે હૈં, રાગસે રાગકા નાશ નહીં હોતા. કહતે હૈં ન વે કિ શુભરાગસે અશુભરાગ ટલતા હૈ ને પીછે શુભરાગ ચલા જાયેગા. કહતે હૈં. રેચ લેતે હૈં ન રેચ? ક્યા કહતે હૈં? એરંડકા રેચ લેતે હૈં ન દસ્ત સાફ કરનેકો. જુલાબ. જુલાબમેં એરંડિયા લેતે હૈં તો એરંડિયા ભી નિકલ જાયેગા ને વિષ્ટા ભી નિકલ જાયેગી. ઐસે શુભભાવ હૈ, અશુભ ભી નિકલ જાયેગા ને શુભ ભી નિકલ જાયેગા, એમ કહતે હૈં. ઐસા હૈ નહીં. શુભભાવ કરનેસે અશુભ ભી નિકલ જાયેગા ને પીછે શુભ ભી નિકલ જાયેગા એમ કહતે હૈં. ઐસા હૈ નહીં. તારા દૃષ્ટાંત અહીંયે લાગુ પડે નહીં. યહાં તો સહજ તેજ ભગવાન આત્મા... મન મર જાયેગા, ચૈતન્ય ઉપર દૃષ્ટિ પડનેસે તો મન મર જાતા હૈ. સમજમેં આયા? આહાહા! ઐસા ભગવાન આત્મા, ચૈતન્યકે તેજસે રાગરૂપી અંધકારકા જિસને નાશ કિયા હૈ ભગવાન આત્માને.

**જો મુનિવરોંકે મનમેં વાસ કરતા હૈ...** ઉત્કૃષ્ટ બાત ચારિત્રકી લી હૈ ન. સમ્યગ્દૃષ્ટિકે હૃદયમેં વાસ હૈ આત્માકા. સમજમેં આયા? પહલે આ ગયા હૈ. સમ્યગ્દૃષ્ટિકે ગોચર હૈ. અંતર જ્ઞાનકી પર્યાયસે ગમ્ય હૈ યે આત્મા. યહાં તો ઉત્કૃષ્ટ બાત લેના હૈ. **મુનિવરોંકે મનમેં વાસ કરતા હૈ**... હૃદયમેં વહ ત્રિકાળી આત્મા વસતા હૈ. આહાહા! સમજમેં આયા? **જો શુદ્ધ-શુદ્ધ હૈ...** વસ્તુસે શુદ્ધ ને પર્યાયસે ભી શુદ્ધ. ઐસા ભગવાન આત્મા અવિકૃતિકરણ ઉસકો કહનેમેં આતા હૈ.

**જો વિષયસુખમેં રત જીવોંકો સર્વદા દુર્લભ હૈ...** જિસકો શબ્દમેં, રૂપમેં, ગંધમેં, રસમેં, સ્પર્શમેં સુખબુદ્ધિ ઉત્પન્ન હોતી હૈ ઉસકો આત્મા દુર્લભ હૈ. સમજમેં આયા? શબ્દ આબરૂકા, કિર્તીકા સુનકર હર્ષ આતા હૈ ઉસકો કીર્તિમેં સુખબુદ્ધિ હૈ, મૂઢ હૈ, આહાહા! રૂપ શરીરકી

સુંદરતા, અવયવકી કોમલતા–અવયવની નમણાઈ ઐસે દેખકર જિસકો સુખબુદ્ધિ હો, ઐસે વિષયકી બુદ્ધિમેં–સુખબુદ્ધિમેં આત્મા દુર્લભ હૈ. સમજમેં આયા? '**વિષયસુખમેં રત**' ઐસા લિયા હૈ ન? જ્ઞાનીકો આસક્તિ આતી હૈ, (પણ) રત નહીં હૈ. આહાહા! જિસકો શબ્દ, રૂપ, રસ, સ્વાદિષ્ટ ચીજ–માખણ, આમકા રસ ઐસી ચીજમેં રસ આતા હૈ, ઉસમેં સુખબુદ્ધિ હોતી હૈ, યે વિષયકે લોલુપીકો 'આત્મા સુખવાલા હૈ' ઐસી દૃષ્ટિ દુર્લભ હૈ. સમજમેં આયા? આહાહા!

**વિષયસુખમેં રત જીવોંકો**... શબ્દ, રસ, રૂપ, ગંધ... ફૂલઝાડમેં બૈઠે હો, સબ ફૂલ.. ફૂલ.. ફૂલ. કેટલાક તો વળી સારા ઊંચા ફૂલ કળી સુગંધી હોય, નાકમાં નાખે, પછી ફરવા જાય. યે તો સબ દેખા હૈ. આ રસિકભાઈ છેને રાજકોટના. ત્રંબકલાલના મકાનમાં. એના ઝાડ હતા તે કળીયું, ઝાડની એક-એક કળિયું બહાર પડતી. નરભેરામભાઈ છેને જેતપુરવાળા. હું મોઢા આગળ નીકળ્યો ને એ પાછળ હતા. એ કળીયું કાઢી, લગાવે નાકમાં. ફરવા જાય તો હવા આવે. મોઢાથી હવા આવે, અહીંયા એનેથી હવા આવે. એય! ઊંચા ફૂલ હોતા હૈ ન કળી. બહુ ખીલેલી ન હોય. ગુલાબની, ચંપક, મોગરા. ઐસી ઝીણી કલી હો ન, એક અહીંયા નાખે ને એક અહીંયા. પછી શું કહેવાય ફરે એને? ચક્કર. રેસકોર્સ. ઘોડા ફેરવેને, ત્યાં ફરે. રેસકોર્સ. આહાહા! ભગવાન કહતે હૈં, તુજે પાંચ ઇન્દ્રિયકે કોઈ ભી વિષયમેં રુચિ હૈ, ઉસકો ભગવાન આત્મા દુર્લભ હૈ. ક્યોંકિ વહ વિષય નહીં ફિરા સકતા. પર ઉપર જહાં રુચિ હૈ વહાં વિષય નહીં ફિરા સકે, ગુલાંટ નહીં ખા સકે. આહાહા! સમજમેં આયા?

**જો વિષયસુખમેં રત જીવોકો સર્વદા દુર્લભ હૈ**... ત્રણે કાળ દુર્લભ છે. આહાહા! ક્યોંકિ ભગવાન આત્મામેં આનંદ હૈ, ઉસકો છોડકર કોઈ ભી વિષય પાંચ ઇન્દ્રિય શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ.. સ્પર્શ.. સ્પર્શ.. શરીર મખ્ખન જૈસા દેખકર અંદર રસ આવે કિ આહા! ભારી મજા આયા. ઐસા વિષયસુખમેં લોલુપીયોં... રસવાલે લોલુપી હોં. આહાહા! ઉસકો સર્વદા ભગવાન (આત્મા) દુર્લભ હૈ. ક્યોંકિ આનંદકી મૂર્તિ, અપને સ્વભાવમેં અતીન્દ્રિય આનંદ હૈ ઉસકી રુચિ ઐસે વિષયકી રુચિવાલેકો નહીં હોતી, દુર્લભ હૈ. યહાં પાંચ હજારકા પગાર, દસ હજારકા પગાર મિલે મહિનેમેં, ખુરશી, એક હાથમાં લાકડી, સોનાના મુઠિયા. મુઠી.. મુઠી.. કોટ-પાટલૂન પહેરે સરખા આમ ઓહોહો! અમે બહુ સુખી છીએ, અમે આગળ પડતા છીએ, બીજા કરતા અમે અધિક થઈ ગયા. 'આગળ પડતા' સમજે? હમારી કાઠિયાવાડી ભાષા આ ગઇ. સબસે હમ અધિક હો ગયે હૈં. શરીર સુંદર, કપડા ઐસા... લકડી, મોટા ટોપા ઉપર હોય.

શ્રોતા : બહુરૂપિયાકા રૂપ બના દિયા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : બહુરૂપિયા હી હૈ ન. ક્યા હૈ દૂસરા? અપને એક રૂપકો છોડકર ઐસા બહુરૂપમેં રત હો ગયા. પંડિતજી! આહાહા! અપના નિજાનંદસ્વરૂપ પરમાનંદકા નાથ ઉસકે રૂપકો ન દેખકર ઇસ પાંચ ઇન્દ્રિયકે રૂપમેં રત હો ગયા, ઉસકો દુર્લભ હૈ આત્મા. આહાહા!

**જો પરમ સુખકા સમુદ્ર હૈ...** જુઓ! લિખા હૈ. બાહ્ય સુખમેં રત હુઆ, પરમસુખકા સમુદ્ર તો યે રહા. પાંચ ઇન્દ્રિય–શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ઉસમેં જિસે સુખબુદ્ધિ હૈ ઉસકો યે વસ્તુ–સુખકા સમુદ્ર ભગવાન દુર્લભ હૈ. આહાહા! શું ટીકા પણ જુઓ! કળશ કૈસે કિયે હૈં મુનિરાજને! ઓહોહો!

શ્રોતા : યે તો કળશ હૈં મહારાજ! કળશ પર આપ કળશ ચઢાતે હો...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઉસમેં હૈ ઉસકા સ્પષ્ટીકરણ હોતા હૈ. હૈ ન? આહાહા! પરમસુખકા સમુદ્ર પરમાત્મા, અતીન્દ્રિય આનંદસે છલોછલ–લબાલબ ભરા હૈ. ઐસા આત્મા... ઇન્દ્રિયોંકે વિષયમેં રુચિવંતકો સુખબુદ્ધિ હૈ, ઐસા નહીં....., દૃષ્ટિ નહીં ઠરેગી તો ઉસે જાનનેમેં નહીં આયેગા. આહાહા! પરમસુખકા સમુદ્ર હૈ ઔર **જો શુદ્ધ જ્ઞાન હૈ**... દો બાત લેની હૈ યહાં. અકેલા જ્ઞાનકા તેજ પ્રભુ ઔર અકેલા સુખકા સાગર, ઐસી ચીજ પરમ શુધ્ધ હૈ, પર્યાય ભી શુદ્ધ હુઈ.

**તથા જિસને નિદ્રાકા નાશ કિયા હૈ...** આહાહા! ભગવાનકી જાગૃતિમેં નિદ્રા હોતી નહીં, કહતે હૈં. કેટલી ભાષા...! સમજમેં આયા? **નિદ્રાકા નાશ કિયા હૈ**... એમ કરીને મુનિરાજ અપની બાત કરતે હૈં. .... નિદ્રાકા નાશ કર દિયા. અલ્પ નિદ્રા હો થોડી એક સેકંડકે અંદર–પોણી સેકંડ. આઠ-આઠ કલાક, નવ-નવ કલાક ઘોરતે હૈં. 'ઘોરતે' સમજે? હં.. ગરડીયો ચાલેને ગરડીયો. નસકોરા બોલે એ ગરડીયો ચાલે. એમ બીજું શું? .... હોય. આઠ-આઠ કલાક, નવ-નવ કલાક. એ શેઠ! યહાં તો દૂસરી બાત હૈ સમકિતી હો તો... પણ યહાં તો આઠ-આઠ, નવ-નવ કલાક, પાંચ કલાક, ચાર કલાક નિદ્રા (હો તો), કહતે હૈં, આત્માકી જાગૃતિ ઉસે ઉત્કૃષ્ટ હુઈ નહીં. સમજમેં આયા? આહાહા! મુનિપનેકી જિસે જાગૃતિ અંદરમેં હો, ઉસકો તો નિદ્રા અલ્પ-અલ્પ હૈ (અર્થાત્) નહીં જૈસી હૈ.. નહીં જૈસી હૈ. સમજમેં આયા? જુઓ! એ જાગ્રતદશાનું ફળ. આહાહા!

શ્રોતા : ઊંઘ ન આવે તો માથું ચડે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો અજ્ઞાનીને જેને પ્રમાદ ને અજ્ઞાન હોય એને. સમકિતી હોય એને પણ થાય, પણ અહીંયા તો મુનિપણાની ઉગ્ર જાગ્રતિ જ્યાં થઈ, વહાં નિદ્રા લેનેકી જરૂર હી નહીં રહી. આહાહા! જાગતી જ્યોત કેવળજ્ઞાન લેનેકી તૈયારી હો ગઈ ઉસે નિદ્રા ક્યા? આહાહા! ઐસા સ્વભાવ જાને તો ખરા (કિ) ઇસકા સ્વભાવ ઐસા હૈ. આહાહા!

**નિદ્રાકા નાશ કિયા હૈ, ઐસા યહ (શુદ્ધ આત્મા) જયવંત હૈ.** આહાહા! શું કહે છે? ક્યા કહતે હૈં? ઐસા આત્મા જયવંત હૈ. હમારા આત્મા જયવંત હૈ. આહાહા! દૃષ્ટિ ઔર સ્થિરતા હમેં જાગી હૈ તો ઉસમેં યહ આત્મા જયવંત, ઐસા આત્મા જયવંત વર્તતા હૈ હમારે હૃદયમેં. ધન્ય રે ધન્ય મુનિરાજ! જુઓ! દશા પોતાની વર્ણવી છે હોં. **જયવંત હૈ**. આહાહા! જાગતી જ્યોત ઐસે કી ઐસે બિરાજમાન હૈ હમારેમેં. નિદ્રા, નિદ્રાકા નાશ કર દિયા. વહ આતા હૈ ન નિયમસારમેં. આગળ આવશે. મુનિકો જરી રાગ હોતા હૈ, (મુનિ ઔર) કેવલીમેં ઇતના ફેર હૈ, પણ નિશ્ચયસે

દેખો તો (મુનિ) અને ભગવાનમેં કોઇ ફેર હૈ નહીં, રાગ હૈ નહીં. (ફેર) માનતે હૈં વે જડ હૈં. કેવળી ઔર મુનિમેં ફેર માને વે જડ હૈં. ઐસા હૈ કલશ. કેવળી ને મુનિમેં ફેર માનતે વહ જડ હૈ, એમ કહતે હૈં. ઐસા લિયા હૈ એક ઠિકાને.

શ્રોતા : ભાવલિંગીકી બાત હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભાવલિંગીકી બાત નહીં. મૂલ તો ભાવ હૈ હી નહીં. બાહ્યકી ક્રિયાકાંડ (કરે વહ) સાધુ નહીં, વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. ઉસકો (સાધુ) માનતે નહીં. આહાહા! ભગવાન! માર્ગ તેરા જુદી જાતકા હૈ ભાઈ! આહીં તો અધમણના પોટલા રાખે, પાત્રના પોટલા રાખે, રંગરોગાનના ઢગલા રાખે, રૂપિયા મૂકે વળી પોતાના નામના રાખે લાખ-બે લાખ, પાંચ લાખ અને આમ સાધુ (નામ ધરાવે). કાળા કેર કરે છે પ્રભુ! તને નુકશાન થશે ભાઈ! તારા આત્માને નુકશાન થાય છે. સમજમેં આયા? આહાહા!

ઐસા યહ જયવંત હૈ. ઐસા કહતે ક્યા? કિ હમારા આત્મા–હમ હમારે સુખસમુદ્રમેં ગયે (તો) પાંચ ઇન્દ્રિયકા વિષયકી બુદ્ધિ નાશ હો ગઈ હૈ ઔર નિદ્રા ભી હમકો નાશ હો ગઈ હૈ. આહાહા! ઐસી વાણી દિગંબર સંતો સિવા કહાં હો? જાગૃત દશા હુઈ નહીં, સંયમદશા, સ્થિરતા, નિર્વિકલ્પતા હુઈ નહીં ઉસકો યહ આવે કહાંસે? સમજમેં આયા? આહાહા! યહ કોઇ પક્ષ નહીં, વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. સમજમેં આયા? વહ ૧૧૧ ગાથા હુઈ. આલોચનાકી આખરી ગાથા ૧૧૨.

**मदमाणमायलोहविवज्जियभावो दु भावसुद्धि त्ति ।**
**परिकहियं भव्वाणं लोयालोयप्पदरिसीहिं ॥११२॥**
**અર્હંત લોકાલોક દૃષ્ટાકા કથન હૈ ભવ્યકો**
**હૈ ભાવશુદ્ધિ માન, માયા, લોભ, મદ બિન ભાવ જો. ૧૧૨.**

અર્હંત–લોકાલોકકે દૃષ્ટાકા યે કથન હૈ. ભવ્ય માટે આ કથન છે. આહાહા! **ટીકા : યહ, ભાવશુદ્ધિનામક પરમ-આલોચનાકે સ્વરૂપકે પ્રતિપાદન દ્વારા શુદ્ધ-નિશ્ચય-આલોચના અધિકારકે ઉપસંહારકા કથન હૈ.** ચાર બોલ આયે થે ન પહલી ગાથામેં. આલુંછન, આલોચના, અવિકૃતિકરણ, ભાવશુદ્ધિ—ચાર. તીન હો ગયે, ચૌથા હૈ. ભાવશુદ્ધિ કિસકો હોતી હૈ? કિ જિસકો મદ નહીં. મદ નહીં ઉસકો ભાવશુદ્ધિ હોતી હૈ. મદકી વ્યાખ્યા—**તીવ્ર ચારિત્રમોહકે ઉદયકે કારણ પુરુષવેદ નામક નોકષાયકા વિલાસ...** મુનિ હૈ ન, તો મુનિ(કી ભૂમિકા)સે બાત કી હૈ. સમજમેં આયા? સ્ત્રી હૈ, જિસકો સ્ત્રીવેદ હો ઉસકો તો મુનિપના હોતા નહીં. સમજમેં આયા? જિસકા શરીર સ્ત્રીકા હો, ઉસકો તો મુનિપના તીન કાલમેં હોતા નહીં.

જિસકા શરીર પુરુષકા હો, તો કહતે હૈં કિ અંદરમેં કિસીકો સ્ત્રીકા વેદ હોતા ને કિસીકો પુરુષકા.. યહાં પુરુષકા લિયા હૈ. **તીવ્ર ચારિત્રમોહકે ઉદયકે કારણ પુરુષવેદ નામક નોકષાયકા**

**વિલાસ**... વિષયની વાસના એનો જે વિલાસ **વહ મદ હૈ. યહાં 'મદ' શબ્દકા અર્થ 'મદન' અર્થાત્ કામપરિણામ હૈ.** યહાં મદ અર્થાત્ અભિમાન નહીં લેના. મદ નામ કામપરિણામ લેના. યે જિસકે નહીં હૈ. સમજમેં આયા? ઉસકી ભાવશુદ્ધિ હૈ. મદ શબ્દકા અર્થ મદન કામપરિણામ યે જિસકો ન હો. એક બાત.

દૂસરી. **(૧) ચતુર વચનરચનાવાલે વૈદર્ભકવિત્વકે કારણ... એક પ્રકારકી સાહિત્યપ્રસિદ્ધ સુંદર કાવ્યરચના...** ઐસે કાવ્ય બનાવે કિ લાખો માણસો આમ આહા.. ડોલી ઉઠે. ઐસી કવિત્વશક્તિ અને ઉસ કારણસે **આદેયનામકર્મકા ઉદય હોને પર...** કવિત્વશક્તિ હૈ ઔર આદેયનામકર્મકા ઉદય હૈ, નામકર્મકા. **સમસ્તજનોં દ્વારા પૂજનીયતાસે...** આમ લોકો આહા.. આહા.. વાહ રે વાહ કવિ! જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ. એક ફેર આહીં બોલ્યા હતા ૯૨માં. સાઈઠ વર્ષનું ઉજવ્યું હતુંને ઓલું નાનાલાલ કવિનું. ત્યારે આ ચારિત્રવિજય બોલ્યા હતા, 'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ.' એ કહે છે, ઐસી કવિકી ચતુરાઈ ઉસકા માન વહ અભિમાન હૈ. આહા! અંદરમેં આ જાયે કિ મૈં બડા હૂં હોં. લાખો મનુષ્ય.. ઓહો.. મેરી કવિતાકી સુંદરતામેં મુગ્ધ હૈ. મૈં ભી મહા ઉત્કૃષ્ટ હૂં. રાજા-મહારાજા બેઠા હોય એ પણ ખુશી થઈ જાય કવિત્વ .... હૈ.

એકવાર સીકર ગયા હતા તે રાત્રિમાં મૂક્યું હતું. શું કહેવાય? રેકોર્ડિંગ. એક બાઈનું હતું અવાજ. બહુ પણ મીઠો ઝીણો. હિન્દી ભાષામાં હતું. સીકર.. સીકર, જયપુર પાસે. સીકર .... રાત્રિમાં મૂક્યું. બહુ ઝીણો એવો કોઈ કંઠ. હમણા આપણે ત્યાં જયપુર .... છેને, શું કહેવાય? આદર્શનગર. છોડી–લડકી નહોતી પંદર-સોળ વર્ષની? બોલી હતીને. દેખો તો એવો કંઠ.. એવો કંઠ. લોકો તો સાંભળવામાં આમ સ્તંભ થઈ ગયા. પંદર-સોળ વર્ષની હતી. આદર્શનગરમેં ગયે થે. શેઠ થે? વહ લડકી ગાયન બોલી થી. એવી મા... એમ સાંભળતા લોકો દસ-દસ, પચાસ-પચાસ હજાર માણસ હોય આમ... લોકો કહે, ઉસમેંસે અંદર અહંકાર આહા.. મૈં કુછ હૂં. યે અભિમાન મિથ્યાત્વ હૈ. કોઈક નહોતું કહેતું? ઓલા બાઈને નથી કંઠ? સરોજીની નાયડુ. એ વાત કરતા હોય કોઈક, આપણે સાંભળ્યું હોય ઉપરથી. ... એનો કંઠ એવો આમ ટોકરી વાગે, ટોકરી. ટોકરી સમજતે હૈં? ઘંટડી. એ બાઈ હતી કોઈક સરોજીની નાયડુ. પણ એનો કંઠ એવો....

યે **વૈદર્ભકવિત્વકે કારણ, આદેયનામકર્મકા ઉદય હોને પર**... પાછું ઓલું આદેયકર્મનો ઉદય જોડ્યું, એમ કહે છે. ત્યારે એને આકર્ષણ થાય છે. આહાહા! નહીંતર.... **સમસ્ત જનો દ્વારા પૂજનીયતાસે**... સમજમેં આયા? ઉસમેં માન આ ગયા. ઐસી ચીજ હો તો ભી માનરહિત હૈ. અરે! મેરે સ્વરૂપકા માન તો મૈં કરૂં. દુનિયાકો ક્યા ખબર હૈ? દુનિયા માન આપે, અભિનંદન દે, ઉસમેં ક્યા માન આયા? સમજમેં આયા? ઐસે માનરહિત હો ઉસકો ભાવશુદ્ધિ હોતી હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? ગજબકી મીઠાશ. ઝીલે લોકો તો આમ થઈ જાય અંદર આહાહા.. એક

બોલ બોલે, ઝીલે. આહાહા... ખુશી હો જાય. યે પૂજનીયતાસે માન હોતા હૈ. યે માન જો છોડ દેતે હૈં, એમ કહતે હૈં. મૂલ તો બાત હૈ, .... બતાના હૈ ન. યે ચારોં ભાવોંસે રહિત શુદ્ધભાવ વહી ભાવશુદ્ધિ. આગળ કહેશે. ઐસે ભાવસે રહિત આત્માકા ભાવ ઉસકો શુદ્ધ હોતા હૈ. ઐસા ભાવ હો ઉસકા તો અશુદ્ધભાવ હૈ. સમજમેં આયા? આહાહા! ઓહોહો! નિયમસાર ભારે કામ!

વળી, **માતા-પિતા સંબંધી કુલ-જાતિકી વિશુદ્ધિસે...** માતાની જાતિ અને પિતાનું કુળ. આડાઅવળા શબ્દો મૂક્યા છે. નહીં તો માતાની જાતિ છે ને પિતાનું કુળ છે. એ સંબંધી વિશુદ્ધિ... મહારાની જૈસી માતા હો, બડે કુટુંબકી હો, અબજપતિકી લડકી હો. મેરી માતા ઉસકા મૈં લડકા હૂં. યે અભિમાન. મેરી મા ઐસી થી. સમજમેં આયા? માં કહાં તેરી હૈ? માતા તેરી નહીં હૈ, આત્મા તો... વહ માતાકા જાતિ સંજ્ઞા કરકે અભિમાન (કરના કિ) કિસકી લકડીકા? મૈં દીવાનકી લડકીકા બેટા હૂં. ઐસી બાત આયે ન. આહાહા! દીવાનકા લડકા હૂં, મેરી માતા ઐસી થી. અભિમાન હૈ, કહે છે. ઐસે અભિમાન રહિત હૈ ઉસકો ભાવશુદ્ધિ હોતી હૈ. હમ તો ભગવાનકે કુલકે હૈં, પરંપરાકા કુલ હૈ હમારા. વહ (બાહ્ય) કુળ-કુળ હમારા હૈ નહીં. આહાહા! સમજમેં આયા?

'એ અમ કુળવટ રીત....' અનંત તીર્થંકરો કેવળજ્ઞાનના કેડે ગયે ને પૂર્ણ પ્રાપ્ત કિયા, ઉનકે કુલકે હમ હૈં, માતા-પિતાકે કુલકે તો હમ હૈં નહીં. આહાહા! હિંમતભાઈ! પિતા.. પિતાનું કુળ બહુ ઊંચું હોય, પોતે ભલે નમાલો હોય. પિતાકા કુલ બડા ઊંચા હો, બડા અબજોપતિ, સુંદર શરીર, રાજકુમાર... સમજમેં આયા? ઉસકે હમ પુત્ર હૈં. ઐસા અભિમાન હૈ ઉસકો ભાવશુદ્ધિ હોતી નહીં. મુનિ જો હોતે હૈં રાજકુમાર મુનિ હો, ચક્રવર્તી મુનિ હો, ચક્રવર્તીકા લડકા... આતા હૈ ન વહ, શું નામ? ૧૦૮. અર્કકીર્તિ નહીં. રવિકીર્તિ આદિ ૧૦૮ રાજકુમાર મણિરતનના પૂતળા. ગેડીએ રમતા હતા. જહાં વૈરાગ્ય હો ગયા, ભગવાનકે પાસ જાકર સાધુ હો ગયે. મણિરતનના પૂતળા જેવા શરીર. અરે! અમે આ નહીં. અમે તો આનંદના ધામ ચૈતન્ય નિર્લેપ એ ચીજ અમે છીએ. યે ચીજ કહાં હમારેમેં હૈ? આહાહા! ઐસે માનસે રહિત ઉસકા નામ ભાવશુદ્ધિ કહનેમેં આતા હૈ. માયાની વાત....

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૧૪, શનિવાર, તા. ૪-૯-૧૯૭૧
## ગાથા - ૧૧૨, શ્લોક - ૧૭૧-૧૭૨, પ્રવચન નં. ૧૧૪

આજ દશલક્ષણીપર્વકા દસવાં દિન હૈ. સ્વામીકાર્તિક લગભગ ૨૨૦૦ વર્ષ પહલે હો ગયે, ઐસા ઇતિહાસમેં હૈ. ઉનકી યે કૃતિ હૈ 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા.' દસ પ્રકારકે ધર્મ. વે બાળબ્રહ્મચારી થે. આજ બ્રહ્મચર્યકા દિન હૈ ન. ઉન્હોંને યે દસ પ્રકારકે ધર્મ(કે શ્લોક) બનાયે, ઉસમેં આજ દસવેં બોલ (દ્વારા) બ્રહ્મચર્યધર્મકો કહતે હૈં. બ્રહ્મ નામ આત્મા, અપના આત્મા બ્રહ્માનંદસ્વરૂપ ઉસમેં ચરના, રમના ઉસકા નામ બ્રહ્મચર્ય હૈ. સમજમેં આયા? સ્વામીકાર્તિકને પંચ બાલબ્રહ્મચારી તીર્થંકરોંકો યાદ કિયે હૈં શાસ્ત્રમેં. પાંચ બાલબ્રહ્મચારી તીર્થંકર હૈં ન, ઉનકો યાદ કરકે વંદન કિયા હૈ. કહતે હૈં, બ્રહ્મ નામ આત્મા અતીન્દ્રિય આનંદકા સ્વરૂપ-રૂપ ઉસકી દૃષ્ટિ કરકે... ઉસમેં દૃષ્ટિ કરના વહ તો સમ્યગ્દર્શન હૈ. બ્રહ્માનંદ ભગવાન આત્મા પૂર્ણ નિર્વિકલ્પ આનંદકા ધામ પરમાત્મસ્વરૂપ, ઉસકી દૃષ્ટિ, અનુભવ કરના વહ તો સમ્યગ્દર્શન હૈ. ઉસકે ઉપરાંત બ્રહ્મ નામ આત્મામેં ઉગ્રતા, પુરુષાર્થસે સ્થિર રમના, જમના, ઉસકા નામ બ્રહ્મચર્ય કહનેમેં આતા હૈ.

**जो परिहरेदि संगं, महिलाणं णेव पस्सदे रूवं ।**
**कामकहादिणियत्तो, णवहा बंभं हवे तस्स ॥४०३॥** (કાર્તિકેયાનુપ્રેક્ષા)

**શ્લોકાર્થ : જો મુનિ, સ્ત્રિયોંકી સંગતિ નહીં કરતા હૈ...** ક્યોંકિ વિષયમેં પ્રધાન મનમેં સ્ત્રીકા વિકલ્પ ઉત્પન્ન હોના યે પહલે... અંદર હૈ અર્થમેં. **પરદ્રવ્યોંમેં આત્મા લીન હો, ઉનમેં સ્ત્રીમેં લીન હોના પ્રધાન હૈ.** સ્વદ્રવ્યમેં લીન હોના વહ બ્રહ્મચર્ય હૈ ઔર પરદ્રવ્યમેં, રાગાદિમેં લીન હો યે અબ્રહ્મચર્ય હૈ. ઉસમેં ભી સ્ત્રી પ્રધાન હૈ. **ક્યોંકિ કામ, મનમેં ઉત્પન્ન હોતા હૈ; ઇસલિયે યહ અન્ય કષાયોંસે ભી...** સ્ત્રીકી વિષયવાસના **પ્રધાન હૈ ઔર ઇસ કામકા આલંબન સ્ત્રી હૈ; અતઃ ઇસકા સંસર્ગ છોડને પર અપને સ્વરૂપમેં લીન હોતા હૈ.** અપના સંસર્ગ કરતા હૈ, યૂં. અપના આનંદ-પૂર્ણ અતીન્દ્રિય આનંદકી કલી અંતર ભગવાન આત્મા હૈ. ઉસકી એકાગ્રતા વહ બ્રહ્મચર્યકા ખિલના હૈ. શાંતિ ને આનંદકી ખિલવટ અંદર હોતી હૈ, ઉસકા નામ દસવાં (ધર્મ) બ્રહ્મચર્ય કહનેમેં આતા હૈ.

**ઇસલિયે સ્ત્રીકી સંગતિ કરના, રૂપ નિરખના...** અપના સંસર્ગ કરતે (હી) સ્ત્રીકા સંસર્ગ છૂટ જાતા હૈ, અપના આનંદરૂપ નિરખતે (હી) પરકા રૂપ નિરખના છૂટ જાતા હૈ. આહાહા! આજ બરાબર બ્રહ્મચર્યકા આયા હૈ, દેખો! સ્વામી(કાર્તિક) યાદ આયે, પંચ બાલબ્રહ્મચારી તીર્થંકર યાદ આયે ઔર યહ અધિકારમેં બ્રહ્મચર્ય આયેગા નિયમસારમેં. નિયમસારમેં પહલે વહ આ ગયા. અભી અધિકાર ચલતા હૈ ન ઉસમેં (વહ હૈ). **કથા કરના...** સ્ત્રીકી કથા કરના વહ છોડના ઔર

આત્માકી કથા કરના. આનંદસ્વરૂપ હૈ ઉસ તરફકે વિકલ્પસે અંતરમેં એકાગ્રતા હોતી હૈ. **સ્મરણ કરના...** સ્રીકો યાદ કરના કિ ઐસે થી, ઐસે થી (વહ) છોડના (ઔર) આનંદમૂર્તિ આત્માકા સ્મરણ કરના. **ઉસકે બ્રહ્મચર્ય હોતા હૈ.** ઉસકો બ્રહ્મચર્ય કહનેમેં આતે હૈ. ઐસા અઠારહ હજાર ભેદ લિયા હૈં બ્રહ્મચર્યકે.

**णव विह बंभं हवे तस्स णव... णव विह...** મન-વચન-કાયા, કૃત-કારિત-અનુમોદનસે કરતા હૈ બ્રહ્મચર્ય. મન-વચન-કાયા, કૃત-કારિત-અનુમોદનસે છોડ દેતા હૈ પરકો. અપના આનંદસ્વરૂપ ભગવાન... જુઓને! આખિરકા દિન બ્રહ્મચર્ય હૈ. ઉસકે–શીલકે અઢાર હજાર ભેદ હૈં. શીલ કહો કિ બ્રહ્મચર્ય કહો. આહાહા! અપના અતીન્દ્રિય આનંદ પ્રભુ ઉસકી સન્મુખતા છોડકર રાગમેં લીનતા–વિકલ્પમેં લીનતા હો વહ અબ્રહ્મચર્ય હૈ. સ્વદ્રવ્યમેં લીનતા યે બ્રહ્મચર્ય ઔર પરદ્રવ્યમેં લીનતા યે અબ્રહ્મચર્ય. આહાહા! સમજમેં આયા? પીછે વિશેષ બાત કી હૈ. ઉસ મુનિકો બ્રહ્મચર્યધર્મ હોતા હૈ. મુનિકી પ્રધાનતા હૈ ન. સમ્યગ્દૃષ્ટિ ભી અપની યોગ્યતા પ્રમાણસે અપને સ્વભાવકી દૃષ્ટિપૂર્વક અંતરમેં બ્રહ્મ નામ આનંદમેં એકાગ્ર હોતા હૈ ઉસ પ્રમાણમેં ઉસકો બ્રહ્મચર્યધર્મ કહનેમેં આતા હૈ. મુનિ તો ધન્ય અવતાર! જિસકી દશા બ્રહ્માનંદમેં લિપ્ત હુઈ હૈ અંદરમેં, એકાકાર હો ગયા હૈ. અપને આનંદ સિવા કોઈ ચીજ (સુખરૂપ) ભાસતી નહીં. આહાહા! યે દસવાં ધર્મ હુઆ.

અપને ચલતે અધિકારમેં ભી વહી આતા હૈ. દેખો! માન. માન હૈ ન. માનકા ત્યાગ કરના વહ ભાવવિશુદ્ધિ હૈ ઐસા બતાના હૈ. આહાહા! કિસકા માન? હમારી માતા તો ઉત્તમ કુલકી થી, હમારે પિતા ઉત્તમ કુલકે હૈં ઉસમેં હમ જન્મે હૈં. અરે! પિતા ક્યા ને માતા ક્યા? જન્મ ક્યા ને મરણ ક્યા? આત્મામેં તો યે હૈ હી નહીં. માતા ને પિતાકી વિશુદ્ધિ–ઉજ્જવળતા. હમારી માતા મહા આઠ-આઠ પેઢીસે ઉજ્જ્વળતાકી જાતિમેં થી ઉનકે હમ પુત્ર હૈં. ઉસકા અહંકાર–માન હૈ યે છોડના ઔર અપની ભાવશુદ્ધિ–ચૈતન્ય ભગવાન નિર્મળાનંદ ઉસકી શુદ્ધિ પ્રગટ પર્યાયમેં કરના, વહ આલોચનાકા ચૌથા બોલ ભાવવિશુદ્ધિ કહનેમેં આતા હૈ. આહાહા! પીછે લિયા.

**પ્રધાન બ્રહ્મચર્યવ્રત દ્વારા...** માનકી બાત કરતે હૈં. બ્રહ્મચર્ય શરીરસે-મન-વચનસે ઇતના પલે કિ **ઉપાર્જિત લક્ષકોટિ સુભટ...** લાખ-ક્રોડ અથવા કોટિ એટલે સમુહ પણ થાય. લાખ સમુહ સુભટ **સમાન નિરુપમ બલસે...** શરીરસે-મન-વચનસે બ્રહ્મચર્ય પાલનેસે અપનેમેં નિરુપમ બલ–સામર્થ્ય ઉત્પન્ન હોતા હૈ. ઉસકા અભિમાન કરના યે ભાવ-અવિશુદ્ધિ હૈ. સમજમેં આયા? શરીરકા બલ તો જડ બલ હૈ. સમજમેં આયા? ઉસકા માન છોડના. **લક્ષકોટિ સુભટ સમાન...** લ્યો. લાખો મનુષ્ય સામે આવે તો ભી બ્રહ્મચારી બ્રહ્મકે તેજકે બલસે હાર સકે નહીં, દૂસરોંકો હરા દે ઐસી બલ–શક્તિ હો, તો ભી ઉસકા અભિમાન નહીં કરના. યે તો જડકી બાત હૈ. સમજમેં આયા?

ચૌથા બોલ. **દાનાદિ શુભ કર્મ દ્વારા...** દાન, પૂજા, ભક્તિ, નામસ્મરણ આદિ શુભકર્મ દ્વારા **ઉપાર્જિત સંપત્તિકી વૃદ્ધિ...** ઐસી પુણ્યપ્રકૃતિ બંધી હો શુભભાવસે કિ જિસકે ઉદયમેં સંપત્તિકી વૃદ્ધિ હો, ક્રોડો-અબજો રૂપિયા એક-એક મહિનેમેં વૃદ્ધિ હો પૂર્વકે કર્મકે કારણસે, ઉસકા માન નહીં કરના. વહ તો પૂર્વકા પુણ્ય થા તો મિલતી હૈ. દેખો! **દાનાદિ શુભ કર્મ દ્વારા ઉપાર્જિત સંપત્તિકી વૃદ્ધિ**... લક્ષ્મી વૃદ્ધિ હો ક્રોડો-અબજો, અબજોના અબજો... સમજમેં આયા? ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલધી, ... મધ્ય ને પારધ.

અભી અબજ તક ચલતા હૈ. હમારે વક્ત તો શાલામેં પારધ તક ચલતા થા. સો ક્રોડકા અબજ, સો અબજકા ખર્વ—ઐસે ચલતા થા. ખર્વ, નિખર્વ, સો ખર્વકા નિખર્વ. ઉસ વક્ત ચલતા થા ૬૦ વર્ષ પહલે ઉમરાળામેં. અપાસરા સામે હૈ ન પુરાની શાલા. ત્યાં અત્યારે, શું કહેવાય? ઝાડ વનસ્પતિ. શાક.. શાક. શાક બેચતે હૈં. શાકમાર્કેટ છે ત્યાં નિશાળ થઈ, અપાસરાની સામે. ખર્વ, નિખર્વ, શંકુ, જલધી, ... મધ્ય ને પારધ—ઇતની સંખ્યા. લક્ષ્મી વધે જ જાય. અબજ ને ખર્વ, ખર્વમાંથી નિખર્વ, નિખર્વમાંથી શંકુ ઐસે બઢે જાય. પૂર્વકે પુણ્યકે કારણકી બાત હૈ. સમજમેં આયા? ઉસકા અભિમાન નહીં કરના કિ હમ બરાબર ધ્યાન રખતે હૈં, વ્યવસ્થિત કરતે હૈં તો હમેં લક્ષ્મી મિલતી હૈ. ઐસા અભિમાન નહીં કરના. સમજમેં આયા?

દાનાદિ કિયા હો... એ પોપટભાઈ! આ દાનાદિ કર્યા હોય એનું ફળ હોય તમારા સાળાને, એમ કહે છે. કોઈ પૂર્વમેં શુભભાવ કિયા હોગા. સમજમેં આયા? અબજો રૂપિયા હૈ ઉસકે સાલેકે પાસ. ગોવા.. ગોવા. શાંતિલાલ ખુશાલદાસ. પોપટભાઈકા સાલા હૈ. બહોત પૈસા હૈ. દો અબજ ચાલીસ કરોડ. બસ્સો ચાલીસ કરોડ. એ શેઠ! તુમકો કરોડપતિ કહતે હૈં દોનોં ભાઈકો. હોય એ ખરા. માણસ તો પચાસ-સાઈઠ લાખ હોય તો કરોડ કહે. શેઠ! કહનેવાલે કહે ઉસમેં ક્યા હૈ? ઉસકો ખ્યાલ હોગા અંદરમેં કિ મેરે પાસ ઇતના હૈ. ચાલીસ-પચાસ લાખ... લોગ કહતે હૈં. કહે, સમજે ને માને. પણ યે તો કિતના પૈસા ઉસકે પાસ. દો અબજ ચાલીસ કરોડ. વાણિયા દશાશ્રીમાળી. વહ તો પૂર્વકા કોઈ શુભભાવ હો, ઉસકા કર્મ બંધા હો તો લક્ષ્મી મિલે. જહાં પુણ્ય ફિરેગા તો અંધકાર હો જાયેગા. યા તો સ્વયં બૈઠા હો ને (લક્ષ્મી) ચલી જાય ને (લક્ષ્મી) હો ઔર સ્વયં ચલા જાય. દોમેંસે એક તો હોગા કિ નહીં? મૂલચંદભાઈ! માન નહીં કરના. પ્રસન્નભાઈ! **સંપત્તિકી વૃદ્ધિકે વિલાસસે...** અબજો-અબજો મહિને વધે. ઓહોહો.. ક્યા હૈ? ચક્રવર્તીકી સંપદા ભી મિલી, ઉસમેં હૈ ક્યા? અહમિન્દ્ર હુઆ નવમી ગ્રૈવેયક મિથ્યાદૃષ્ટિ હોં, પીછે નિકલકર મનુષ્ય હુઆ, પીછે તિર્યંચ હોકર નિગોદમેં ચલા ગયા. આહાહા! સમજમેં આયા?

પાંચવાં બોલ. **બુદ્ધિ...** બુદ્ધિકા અભિમાન નહીં કરના. બહોત બુદ્ધિ હો સંસારમેં ઇતની... **તપ**કા અભિમાન નહીં કરના. મૈં ઇતના તપ કરતા હૂં, મહિના, બે મહિના, ચાર મહિનાના

અપવાસ... **વિક્રિયા...** વિક્રિયાલબ્ધિ પ્રગટી હો એક શરીરમેંસે લાખો કરનેકી. વહ કોઈ આત્માકો લાભ કરનેકી ચીજ હૈ નહીં. ઉસકા અભિમાન નહીં કરના. **ઔષધ...** શરીરકી એક-એક ચીજ ઔષધ હો જાય ઐસી લબ્ધિ હો જાય. કોઢ હો તો યહાં થૂંક લગાયે તો કોઢ મિટ જાય. કોઢ સમજે? ગલત કોઢ હોતા હૈ, ઐસે સફેદ હોતા હૈ. ઐસી લબ્ધિ પ્રગટી હો કિ ઉસકા થૂંક કિ પિસાબ (લગાયે તો) મિટ જાય. વહ તો પૂર્વકે પુણ્યકી લબ્ધિ હૈ, ઉસમેં કોઈ અભિમાન કરના (નહીં). મિથ્યાદૃષ્ટિ અભિમાન કરતે હૈં, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

વિષ્ણુકુમાર, જુઓને! અપની લબ્ધિ થી, ખબર ભી નહીં થી. સાતસો મુનિ જલાયે ન હસ્તિનાપુરમેં. સાતસો મુનિ. આહાહા! મુનિકો ખબર ભી નહીં થી કિ મેરેમેં લબ્ધિ હૈ. આયે ક્ષુલ્લક. મહારાજ! સાતસો મુનિકો જલાનેકે તૈયારી હો ગઈ હૈ. આસપાસ લકડી, અગ્નિ... રક્ષા કરો નાથ! ક્યા કરે? મેરેમેં તો કુછ નહીં. અરે, મહારાજ! આપકો લબ્ધિ હૈ, વિક્રિયલબ્ધિ હુઈ હૈ. વિક્રિયલબ્ધિકી ખબર નહીં. આત્માકા સાધન કરને નિકલે, ઉસમેં વિક્રિયલબ્ધિ હુઈ ઉસકા કામ ક્યા હૈ? આહાહા! લંબા હાથ કરો મહારાજ! જરી. લંબા હાથ કિયા, લાખ જોજન ચલા ગયા હાથ. ઓહો! લબ્ધિ હુઈ હૈ. જાઓ, રક્ષણ કરો. ઉસકા અભિમાન નહીં થા. સમજમેં આયા? અરે! યે મુનિ હૈં (ઉન્હેં) મુનિપના છોડકર કરના (ઐસા) કર્તવ્ય તો હૈ નહીં, પણ મુજે ઐસા વાત્સલ્યભાવ આ ગયા હૈ. ઓહોહો! મુનિ જલતે હૈં. ગયે, (જમીન) માગી ઔર સમાધાન હો ગયા. સબકો બચાયા. આયુષ્ય થા. મંત્રી ભી જૈનધર્મી હો ગયા. પણ ઉસકા અભિમાન નહીં. સમજમેં આયા? વહ ભાવશુદ્ધિ કહનેમેં આતા હૈ. આલોચનાકા ચૌથા ભાગ ભાવશુદ્ધિ.

ઔષધ, **રસ**.. રસ. શરીરકા રસ. જિતના રસ ઇતની ઔષધિ હો ગઈ હો. પસીના કોઈ પોંછે, રોગ મિટ જાય. ઉસકા અભિમાન નહીં કરના, વહ તો પરચીજ હૈ. અપના આનંદરસ બઢ જાય, કેવળજ્ઞાન હો જાય વહ અપની ચીજ હૈ. બાહ્યકી ચીજમેં ક્યા હુઆ? આહાહા! ઐસી ચીજ હૈ. આહાહા! પહેલાવહેલા ભાઈ! અમે ગયાને જેતપુર. ભાઈ હતા ત્યાં. શું નામ? શામળજીભાઈ. શામળજીભાઈ ને? શામળજીભાઈ હતા શેઠ. બહુ પુણ્યવંત એવો... (શ્રોતા : આવડી મોટી થાળી..) અરે! થાળી શું, અમે તો પહેલેવહેલે ગયા હતા. ૭૦ની દીક્ષા. પહેલેવહેલે ગયા. માગસર માસ થા. ૭૦.. ૭૦. સિત્તેર ક્યા કહતે હૈં? સાત ને મીંડુ. દીક્ષા હુએ ૫૮ વર્ષ હુઆ ન. હમ પહલે ગયે. હમ તો બાહર નહીં નિકલતે થે. નયે દીક્ષિત થે. હમારા ગુરુ થે સંપ્રદાયમેં, વે ભિક્ષા લેને જાતે થે.

તો શામજી ખોરા કહે, મહારાજ! ઉસકી બંધી થી બહાર નિકલનેકી. ગૃહસ્થ બહુ આબરૂદાર. પૈસા થોડા. પણ એ વખતે પૈસા નહીં, પણ આબરૂ મોટી, મોટી આબરૂ. ખોરા પુંજા નહીં, શામળજી ખોરા. બહુ રૂપાળું શરીર, શરીર સુંદર, ....... પણ તે દિ' પૈસાને..... મહારાજના દર્શન કરવા છે ભાઈ! મૈં ગયા. પણ વે ખાતે થે ભોજન, ઉસમેં ઇતની સામગ્રી! શેઠ! રોટલી,

દાળ, શાક, પૂરણપોળી, શીરા, કેટલી જાતની દાળ, કેટલી જાતના શાક, કેટલી જાતની બાજરીની રોટલી, રોટલા ઉસકા ગર્ભ, ઉસમેં સક્કર, ઉસમેં ઘી. ઐસી ચીજ કિતની ચીજ પડી થી. દરરોજ ઇતની ચીજ... અને ઉના પાણીનું તો, શું કહેવાય? પાણીયારું. પાણીયારું સમજે? આ પાણી લઈએને. પાણી નહીં રખતે? ક્યા કહતે હૈં? પનિહારા. પનિહારામેં સારા પાની ગર્મ થા, સબ ગર્મ. દેગડા ને દેગડા ભર્યા હોય. વહ ગૃહસ્થ થે ન. ગૃહસ્થ બનાતે થે અપને લિયે. ગૃહસ્થ અપને લિયે બનાતે થે ગર્મ પાની. ગૃહસ્થ માણસ આમ રાજા જેવો માણસ. ૭૦કી બાત હૈ. જિમનેકી ચીજ તો ઈતની.. પાટનીજી! બાદશાહી... પણ પુણ્યમેં જરી ઐસા હો જાય કિ આહા.. મૈં પુણ્યશાળી હૂં, યે અભિમાન હૈ. આહાહા!

ચક્રવર્તી જુઓને! ૩૬૦ તો રસોઈયા. એક રસોઈયાનો ઉપરી. બનાનેવાલા નહીં, પણ ઉસકા ઉપરી. બાર મહિનેમેં એક બાર કહનેમેં આતા હૈ કિ તુમ રસોઈ બનાઓ. ઐસા અમલદાર. સમજમેં આયા? અને એ ભોજન... દિનમેં એક બાર વહ ભોજન કરે બત્રીસ કવલકા. એક કવલ ૯૬ કરોડ પાયદળ ન પચા સકે ઐસી ચીજ. અરે! આ તો માટી છે. સારા લશ્કર હૈ ન છન્નુ કરોડ. તો એક કવલ ન પચા સકે. ઐસા ૩૨ કવલકા આહાર થા. અકેલી ભસ્મ. તુમ પાંચ હજારકી ભસ્મ બનાતે હો ન. વહ તો કરોડો ને અબજોકી ભસ્મ. સમજમેં આયા? અકેલી તાંબેકી, મોતીકી, હીરાકી ભસ્મ. સમજમેં આયા?

ઇતના ખોરાક કિ ઘી.. ઘી હૈ ન, ગર્મ કરકે ઉસમેં હીરા-માણેક ડાલે ઔર ઐસી ઔષધિ ડાલે કિ એકરસ હો જાય, પીછે ઉસમેં પચાસ-સો, પાંચસો-હજાર ઘઉં–ઘઉંકા દાના ડાલે. દો-ચાર મણ ઘી, ઉસમેં હીરા-માણેક અંદર ડાલે. હીરા માણેક નાખે ને ઔષધિ નાખે ત્યાં (એક)રસ–ગળી જાય ને ઉસમેં મણ-દો મણ ઘઉં (ડાલે) તો સબ ઘી પી જાય, ઉસમેંસે રોટી બનાવે. (શ્રોતા : ઘઉં વાવે કે દિ'?) વાવે સવારમાં. ઘઉં વાવે સવારે ૮ વાગે. વાવે સમજે? બોએ ઔર દસ બજે રોટી હો જાય. ઘઉં તૈયાર ઔર પિસન તૈયાર. હાથીકે નીચે ઉતરે જબ ચક્રવર્તી વહાં તો ઉસકે લિયે મકાન બના દે પચ્ચીસ-પચાસ મંજિલકા. નીચે ઉતરે ને કલાક થાય, રસોઈ તૈયાર. નયા, નયા ઘઉં પકા–બનાયા હોં. યે તો પૂર્વકે પુણ્યકી ઋદ્ધિ હૈ, ઉસમેં આત્મા ક્યા આયા? સમજમેં આયા? ઐસી ઋદ્ધિકા અભિમાન છોડના ઉસકા નામ ભાવવિશુદ્ધિ કહનેમેં આતા હૈ. યે જડકી વસ્તુ હૈ. આહાહા!

**બલ...** બલ.. શરીરકા બલ બહોત હોતા હૈ ન. **અક્ષીણ...** રસોઈ દો લડ્ડુકી હો ને કરોડો આદમી જિમ જાય, (ફિર ભી) ખૂટે નહીં. ઐસી લબ્ધિ. દો લડ્ડુ હો ચૂરમાકા, કપડા ઢાંક દે, નિકાલે તો ખુટે નહીં ઐસી લબ્ધિ, ઉસકા અભિમાન છોડના. વહ તો પરકી ચીજ હૈ, ઉસમેં આત્મા કહાં આયા? અપના આનંદમૂર્તિ પ્રભુ ઉસમેં એકાગ્ર હોકર અપની શુદ્ધિકી વૃદ્ધિ કરના ઉસકા નામ ભગવાન ધર્મ કહતે હૈં. **સાત ઋદ્ધિયોંસે, અથવા સુંદર કામિનિયોંકે લોચનકો આનંદ પ્રાપ્ત**

**કરાનેવાલે શરીરલાવણ્યરસકે વિસ્તારસે હોનેવાલા જો આત્મ-અહંકાર (આત્માકા અહંકારભાવ)...** આહાહા! ઐસા શરીર સુંદર હો, અવયવ સુંદર હો, નમણા હો–કોમલ હો ઔર સુંદર કામિનીકે લોચનકો આનંદ કરાનેવાલા સબ લાવણ્યરસ–શરીરકી લાવણ્યતા શોભા હો ઉસકા અહંકાર કિ મૈં ઐસા હૂં. ક્યા તુમ હો? ભાઈ! તેરા સ્વરૂપ તો આનંદમૂર્તિ અંદર હૈ. યે તો માટી જડ હૈ. આહાહા! યે શરીરકી લાવણ્યતા એક દિન રાખ હો જાયેગી, ભસ્મ હોકર ઉડ જાયેગી. લાવણ્યતા કહાં તેરી ચીજ હૈ? આહાહા! સમજમેં આયા? ઐસા સુંદર દિખે (ઔર) અગ્નિ નિકલ જાય યહાં, તણખા અગ્નિકા ઉઠ જાય. હળ.. હળ.. હળ.. યે તો જડ હૈ. સમજમેં આયા? ઐસી અપની સુંદરતાકા પ્રેમ જિસકો લગા હૈ ઉસકો ઐસી (જડકી) સુંદરતાકા અભિમાન હોતા નહીં. લ્યો, માન છોડ દેના ઐસે કહા.

હવે માયા. **ગુપ્ત પાપસે માયા હોતી હૈ.** યે માયા છોડ દેના એમ કહતે હૈં. ગુપ્ત–ખાનગી પાપ કરનેસે કપટ હોતા હૈ, યે છોડ દેના. આલોચના, સ્વરૂપમેં અંદર સ્થિર કરકે છોડ દેના. **યોગ્ય સ્થાન પર ધનવ્યયકા અભાવ વહ લોભ હૈ...** મુનિને નહીં, પણ આ ગૃહસ્થની વાત છે. સમજમેં આયા? યોગ્યસ્થાનમાં ધનના વ્યયનો અભાવ... અપના લડકા લગ્ન હોતા હો તો પાંચ-દસ લાખ વાપર ડાલે, પણ ધર્મના કામના યોગ્ય સ્થાનમાં વાપરવામાં કંજૂસ. એ લોભી પ્રાણી છે એમ કહે છે. એ મલૂકચંદભાઈ! છે અંદર?

તો પણ હમણા એક... શું કીધું? શું કીધું ભાઈ તમારી ભાષા? લાખનું કીધુંને. પૂનમચંદે કહ્યું હતું. ઓફર.. ઓફર.. અમદાવાદમાં ઓફર કીધી છે પૂનમચંદે. એક લાખ તમે કાઢો તો લાખ હું આપું. દો લાખ નિકાલના હૈ અમદાવાદમેં. ન્યાલભાઈએ કોઈ ઓફર કાઢી? મોટા ભાઈ પાસે બે કરોડ છે. કન્યા એક જ હતી, એના લગ્ન થઈ ગયા, છ લાખ ખરચ્યા, છ લાખ. કોઈ તો ખાનગી–ગુપ્ત પંદર (લાખ) કહતે હૈં. કોઈ કહતે હૈં ખાનગીમેં. આહાહા! કહતે હૈં, યોગ્ય સ્થલમેં... જહાં જરૂર ધર્મકી પ્રભાવના આદિ હો વહાં વ્યય ન કરે. આહાહા! પાટનીજી! આ તો એક દાખલો. ત્યાં બધે કરે છેને. ઉસકા નામ લોભ. સબ લોભ છોડના. અપને સ્વરૂપકી આનંદકી ભાવના કરકે યે લોભકો છોડ દેના, ઉસકા નામ ભાવવિશુદ્ધિ કહનેમેં આતા હૈ. યે આલોચનાકા ચૌથા ભેદ હૈ.

**નિશ્ચયસે સમસ્ત પરિગ્રહકા પરિત્યાગ...** ભગવાન આત્મા ઐસા અખંડાનંદ પ્રભુ હૈ કિ જિસમેં સર્વ પરિગ્રહકા ત્યાગ હૈ. વસ્તુમેં નહીં હૈ કુછ. રાગ નહીં, રજકણ તો કહાં આયા? રાગ નહીં ઐસા મેરા પ્રભુ.... **નિશ્ચયસે સમસ્ત પરિગ્રહકા પરિત્યાગ જિસકા લક્ષણ હૈ ઐસે નિરંજન નિજ પરમાત્મા...** નિર્મળાનંદ મેરા પરમાત્મા નિજ સ્વરૂપ ઉસકે **પરિગ્રહસે...** ઉસકે અંતર એકાગ્રતાસે સબકા ત્યાગ હો જાતા હૈ. **અન્ય પરમાણુમાત્ર દ્રવ્યકા સ્વીકાર વહ લોભ હૈ.** અપને સ્વભાવકી ભાવના સિવા એક રજકણ લેના કિ ઇચ્છા (કરના) યે સબ પરિગ્રહ હૈ, લોભ હૈ.

લોભની બે વ્યાખ્યા કરી. સમજમેં આયા? આહાહા! નિજ પરમાત્મતત્ત્વકે પરિગ્રહ... અપના સ્વરૂપકા પરિગ્રહ–પકડ કરના. આહાહા! અતીન્દ્રિય આનંદસે લબાલબ ભરા હૈ પ્રભુ, ઉસમેં નિર્વિકલ્પ રસ પીના, નિર્વિકલ્પ અંજુલી દ્વારા આત્માકા રસ પીના વહ ભાવશુદ્ધિ હૈ. આહાહા! ઉસકે સિવા અન્ય પરમાણુમાત્ર–એક રજકણકી ભી ઇચ્છા કરના વહ લોભ હૈ. આહાહા!

**ઇન ચારોં ભાવોંસે પરિમુક્ત...** ચાર ભાવ હુએ ન—મદ, માન, માયા ને લોભ. ઐસા લિયા હૈ, મદ લિયા હૈ. મદન.. મદન... યહાં તો ભાવશુદ્ધિકી બાત હૈ. ભાવશુદ્ધિકી બાત હૈ. વહાં મદ લિયા હૈ, એમ. ..... અધિકાર આયા ન. મદ, માન... ક્રોધ ન લિયા. માયા, લોભકે દો ભેદ લિયે. યથાર્થ સ્થાનમેં લક્ષ્મીકા વ્યય નહીં કરના ઔર અપના ભગવાન આત્મા સિવા એક ભી રજકણકા લેના યે લોભ હૈ. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : મહારાજ! મુનિકી બાત હૈ કિ શ્રાવકકી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે તો શ્રાવકકી બાત હૈ ન. મુનિકો કહાં પરિગ્રહ હૈ? પણ (ઉપદેશ) તો સબકો દેનેમેં આતા હૈ ન. યહાં તો ગૃહસ્થાશ્રમકી બાત સાથમેં હૈ ન. અંદર હૈ. મુખ્ય મુનિકી બાત કરતે હૈં, પણ પેટામેં સબ હૈ. શ્રાવક, શ્રાવિકા, અર્જિકા સબ હૈં ઉસમેં. સમજમેં આયા? આહાહા! મુનિકે પાસ જો ઉપકરણાદિ હો, સબ દેનેકા ભાવ હો, કોઈ લે જાઓ. હમારે પાસ કુછ હૈ નહીં. હમ તો આનંદમૂર્તિ હૈં. સમજમેં આયા? આચાર્યકી ઉપદેશકી શૈલી મુનિકી પ્રધાનતામેં સબકો લિયા હૈ. સમજમેં આયા?

ચારોં ભાવસે રહિત **શુદ્ધભાવ વહી ભાવશુદ્ધિ હૈ.** યે ચૌથા બોલ. આહાહા! યે ભાવશુદ્ધિ પર્યાયશુદ્ધિ હૈ. ત્રિકાળભાવ તો શુદ્ધ હૈ હી. સમજમેં આયા? પણ પર્યાયમેં શુદ્ધિકો યહાં ભાવશુદ્ધિ કહનેમેં આતા હૈ. આહાહા! **ઐસા ભવ્ય જીવોંકો...** ઐસા ઉપદેશ ભવ્યજીવોંકો **લોકાલોકદર્શી...** કુંદકુંદાચાર્ય કહતે હૈં, અરે! લોકાલોકદર્શી... લોક ને અલોકકો દેખનેવાલે સર્વજ્ઞ, સર્વદર્શી વીતરાગ પરમાત્મા **પરમવીતરાગ સુખામૃતકે પાનસે પરિતૃપ્ત અર્હંતભગવંતોંને કહા હૈ.** આહાહા! કૈસે હૈં ભગવાન? તીર્થંકરદેવ વીતરાગ પરમેશ્વર અરિહંતદેવ ઉસને કહા હૈ ન, તો અરિહંત લિયે. સિદ્ધકો તો વાણી હૈ નહીં. આહાહા! ભગવાન અરિહંત તીર્થંકરદેવ **લોકાલોકદર્શી પરમવીતરાગ સુખામૃતકે પાનસે પરિતૃપ્ત...** ઉન્હેં કોઈ આહાર ને પાણી હોતા નહીં. આહાહા! અનંત આનંદકા ભોજન, અનંત નિર્વિકલ્પ રસ–પાનીકા પીના, પરિતૃપ્ત.. પરિતૃપ્ત.. સમજમેં આયા? ઐસે અરિહંત ભગવંતોને ભાવવિશુદ્ધિ ઇસ પ્રકાર કહી હૈ. આહાહા!

**ઇસ પરમ-આલોચના અધિકારકી અંતિમ ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નૌ શ્લોક કહતે હૈં :** નવ.. નવ. આહાહા! કિતના પ્રમોદ હૈ! આહાહા! અપને પૂર્ણાનંદકા આલોચન કરના, ધ્રુવમેં–ઉસમેં સ્થિર હોના, ઉસમેં ઇતના દોષાદિ હો તો નિકાલ દેના. વિકલ્પ જાતા હૈ ન. ૧૭૧ કળશ.

**अथ जिनपतिमार्गालोचनाभेदजालं**
**परिहृतपरभावो भव्यलोकः समन्तात् ।**
**तदखिलमवलोक्य स्वस्वरूपं च बुद्ध्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥१७१॥**

**શ્લોકાર્થ : જો ભવ્યલોક (ભવ્યજનસમૂહ)...** પાત્ર–રૂડા જીવ... આહાહા! **જિનપતિકે માર્ગમેં કહે હુએ....** જિનપતિ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ... જિનપતિ–ગણધર જિન ઉનકે ભી પતિ. ઐસે માર્ગમેં–**જિનપતિકે માર્ગમેં કહે હુએ...** ઐસી ચીજ દૂસરે હોતી નહીં ઇસલિયે કહતે હૈં. જિસને રાગ ને અજ્ઞાન નાશ કર, વીતરાગ ને સર્વજ્ઞ પદ પ્રાપ્ત કિયા ઐસે જિનેન્દ્રદેવ ઉસને ભવ્યલોકકે લિયે... **સમસ્ત આલોચનાકે ભેદજાલકો દેખકર...** ઐસે માર્ગમેં આકર સમસ્ત આલોચનાકે પ્રકાર દેખકર... **તથા નિજ સ્વરૂપકો જાનકર...** દેખો! મેરા સ્વરૂપ આનંદ ને શુદ્ધ હૈ ઐસા જાનકર **સર્વ ઓરસે પરભાવકો છોડતા હૈ...** ચારોં બાજુસે રાગકો–વિકલ્પકો છોડતા હૈ ને નિર્વિકલ્પમેં ઘૂસ જાતા હૈ. આહાહા! **વહ પરમશ્રીરૂપી કામિનીકા વલ્લભ હોતા હૈ.** પરમશ્રી એટલે લક્ષ્મી, કેવળજ્ઞાનરૂપી મુક્તિ લક્ષ્મી, ઉસ રૂપી સુંદરી, ઉસકા વલ્લભ નામ પતિ હોતા હૈ. ૧૭૧ હુઆ. બ્રહ્મચારી મુનિ હૈં. બાત કરનેમેં ક્યા પાપ હૈ? સમજમેં આયા? દૃષ્ટાંત દેનેમેં ક્યા હૈ? દૃષ્ટાંત આતે હૈં બહોત શાસ્ત્રમેં, .... ઉસમેં ક્યા હુઆ? સત્ય ઉપદેશ ઉસકો ખ્યાલમેં આ જાય ઐસા દેના. ઉસકે અનુભવકી, લોકકી બાત હો તો ઉસકો (દૃષ્ટાંત) દેકર સમજાતે હૈં. સમજમેં આયા?

પ્રશ્ન હુઆ થા ન રાતકો? કામિની.. કામ..... ઉસમેં ક્યા હૈ? કુંદકુંદાચાર્યને બહોત દૃષ્ટાંત દિયે હૈં ઐસે. પાઠમેં દિયે હૈં, ટીકામેં દિયે હૈં, ઉસમેં ક્યા હૈ? ઓહો! આત્માકો ઐસી બાત સુનનેસે રાગ હોતા હૈ, પણ યે તો વીતરાગી કથા હૈ. સમજમેં આયા? વૈરાગ્ય કરાનેકો ઐસી બાત કરતે હૈં. તારી સુંદર સ્ત્રી માંસ, હાડકાવાળી, છોડ લક્ષ, કહે છે. પરમ સુંદર પરમાત્મદશા ઐસી મુક્તિરૂપી વધૂ ઉસકા વલ્લભ હોતા હૈ. ભગવાન આત્મામેં આનંદમેં ઝૂલનેવાલા મુક્તિકો પ્રાપ્ત કરતા હૈ, યે બતાના હૈ. યે સ્ત્રી તો મર જાતી હૈ, પચ્ચીસ-પચાસ વર્ષ રહે ત્યાં આ... અરેરે! તું જા તો હું શું કરું? ઓલો જાય તો (કહે), તમે જાઓ તો હું શું કરું?

નાની ઉંમરમાં હોય તો આમ મોઢા ફાટ.... પાછળ લગન કરજો, મરી જાય તે કહેતી જાય. તમારી પ્રકૃતિ જરી ઓલી છે. આમ ઘરના માણસ નહીં સાચવી શકે. સમજાય છે? ૫૦-૫૫ વર્ષની ઉંમર હોય ૫૫-૬૦ની, તોય મરતી હોય તો કહેતી જાય. અરે! માળા હોળી સળગી છે તું ત્યાં... હવે તારા શરીરની તો હોળી થવાની છે ન્યાં. શેની ભલામણ કરતી જા છો તું? આવા ને આવા મૂઢ જીવો. પતિનો પ્રેમ છે પત્નીને, એમ આહીં કહે છે કે મોક્ષમાર્ગકી ક્રિયા

કરનેવાલેકો તો મુક્તિરૂપી વલ્લભા પ્રાપ્ત હોગી, જો ઉસકો એક ક્ષણ ભી છોડેગી નહીં. સમજમેં આયા? ઘણા દૃષ્ટાંત છેને. સબ બહોત બાત સુની હૈ ન. (કળશ) ૧૭૨.

**आलोचना सततशुद्धनयात्मिका या**
**निर्मुक्तिमार्गफलदा यमिनामजस्त्रम् ।**
**शुद्धात्मतत्त्वनियताचरणानुरूपा**
**स्यात्संयतस्य मम सा किल कामधेनुः ॥१७२॥**

આહાહા! યે આલોચના શુદ્ધનય સ્વરૂપ હૈ, એમ કહતે હૈં. આહાહા! મેરી આલોચના તો મેરી કામધેનુ હૈ. જૈસે કામધેનુ ગાય હોતી હૈ ન. શું કહેવાય એ? કામધેનુ નથી કહેતા? જ્યારે માગે ત્યારે આપે. ત્યાં હતીને વઢવાણ. ચુનીલાલ દાદભા વઢવાણ. દાદભાને હતી. જ્યારે જોઈએ ત્યારે દૂધ આપતી. દોહે ત્યારે દૂધ આપે. મહેમાન આવ્યા હોય ને દોહે તો દૂધ આપે. સવાર ને બપોર આપે એમ કાંઈ નહીં. જ્યારે માગે ત્યારે આપે. કામધેનુ કહેતા. દાદભા વઢવાણ. ઐસી કામધેનુ ગાય હોતી હૈ લૌકિકમેં પુણ્યવંત પ્રાણીકો. ચોવીસ કલાક રાત્રિકો બારહ બજે ચાય પીના હો તો દૂધ દે. વહ તો પુણ્યકા ફલ હૈ. ઉસમેં હૈ ક્યા? આ તો કહે, હમારી આલોચના, હમારે આત્માકી હમ આલોચન દેખતે હૈં, યે આલોચના કામધેનુ ગાય હૈ હમારે. જબ-જબ દેખતે હૈં તો આનંદકી ધારા ઉઠતી હૈ. આહાહા! સમજમેં આયા? યે આનંદ દૂજતા હૈ અંદરમેંસે.

**શ્લોકાર્થ : સંયમિયોંકો સદા મોક્ષમાર્ગકા ફલ દેનેવાલી** હૈ આલોચના. અપના ભગવાન પૂર્ણાનંદ ઉસકો અંતરમેં દેખના, અંતરમેં ઘુસકર ઊંડે-ઊંડે જાકર ઉસકી તપાસ કરના કિ આત્મા કૈસા હૈ? માળે દુનિયાથી વાત બીજી. આહાહા! ત્યાં નિજ ભગવાન બિરાજે છે. સત્ત્વ.. સત્ત્વ આનંદકા સત્ત્વરૂપ પ્રભુ ઉસમેં જાકર, એકાગ્ર હોકર, **સંયમીયોંકો સદા મોક્ષમાર્ગકા ફલ દેનેવાલી...** આહા! **તથા શુદ્ધ આત્મતત્ત્વમેં નિયત આચરણકે અનુરૂપ...** આહાહા! **લીન, પરાયણ. આચરણ શુદ્ધ આત્મતત્ત્વકે આશ્રિત હોતા હૈ.** ક્યા કહતે હૈં? અપની શુદ્ધ ધર્મદશા, યે આત્મા ધ્રુવ શુદ્ધકે આશ્રયસે હોતી હૈ. યે પર્યાય કિ વિકલ્પકે આશ્રયસે હોતી નહીં. આહાહા! **સંયમિયોંકો સદા મોક્ષમાર્ગકા ફલ દેનેવાલી...** આહાહા! મોક્ષના માર્ગનું ફળ એ આનંદની શુદ્ધતા. મોક્ષમાર્ગનું ફળ એટલે પૂર્ણ પરમાત્મદશા નહીં, સુખ આહીં. **શુદ્ધ આત્મતત્ત્વમેં નિયત આચરણકે અનુરૂપ ઐસી જો નિરંતર શુદ્ધનયાત્મક આલોચના...** નિરંતર અપને સ્વરૂપ સન્મુખકી એકાગ્રતા, અપનેકો દેખનેમેં હી લીનતા. સમજમેં આયા? આહાહા!

એક ઠેકાણે કહ્યું છે કે પરકે દેખનેમેં અંધા હો જા ઔર અપનેકો દેખનેમેં હજાર સૂર્ય જૈસા નેત્ર પ્રગટ કર. સમજમેં આયા? પરકો દેખનેમેં અંધા હો જા ઔર અપના ચિદાનંદ પ્રભુ અનંત સ્વભાવ, એક-એક શક્તિકા અનંત સ્વભાવ ઐસા અનંત સ્વભાવ-સ્વરૂપ ભગવાન ઉસકો દેખનેમેં હજાર સૂર્ય જૈસા નેત્ર ખોલ દે. આહા! આ તો અંતરની વાતું છે ભગવાન!

બાહરસે કોઈ સુનનેમેં આતી નહીં. આહાહા! શેઠી! આહાહા! નિરંતર શુદ્ધનયસ્વરૂપ આલોચના... ભાષા દેખો! યે આલોચનાકી પર્યાય શુદ્ધનયસ્વરૂપ હૈ. ક્યોંકિ ત્રિકાળી જ્ઞાયકભાવકો દેખનેમેં લીન હો યે આલોચનાકી પર્યાય શુદ્ધનયસ્વરૂપ હૈ. શુદ્ધનયસ્વરૂપ તો ધ્રુવ હૈ, પણ ઉસકે આશ્રયસે હુઈ દશાકો હી શુદ્ધનયસ્વરૂપ કહનેમેં આતા હૈ. આહાહા!

સંતો–પંચમકાળના મુનિ, પંચમ આરાના મુનિ છે. આરા-ફારા કૈસા? આત્મામેં ચૌથા-પાંચવાં આરા કૈસા? વહ આત્મા તો આત્મા હી હૈ. ત્રિકાળ જ્ઞાનાનંદસ્વભાવસે ભરા ઐસે આત્મામેં નિયત આચરણકે અનુરૂપ શુદ્ધાત્મતત્ત્વકે આશ્રિત... આચરણ એને અનુકૂળ, એમ. ક્યા કહતે હૈં? ભગવાન આત્મા પરમ શુદ્ધ ચૈતન્યતત્ત્વ ઉસકે આશ્રયસે જો આચરણ હુઆ ઉસ આચરણકો અનુરૂપ–આચરણને અનુરૂપ ઐસી નિરંતર શુદ્ધનયાત્મક આલોચન. આહાહા! ભાષા તો જુઓ! સમજમેં આયા?

નિરંતર ભગવાન આત્મા અપના પરમાનંદકા ધામ ઉસ તરફકી નિરંતર દેખનેકી દશા વહ પરમાત્મતત્ત્વકે આશ્રયસે જો આચરણ હૈ ઉસકે અનુરૂપ હૈ. શુદ્ધનય(સ્વરૂપ) આલોચના **વહ મુજે...** આહાહા! દેખો! આ પંચમકાળના મુનિ. યે તો ૯૦૦ વર્ષ પહલે હુએ. વિશ્વાસ.. વિશ્વાસ.. વિશ્વાસ.. અનંત આનંદકા ધામ મૈં ઐસા વિશ્વાસ જ્ઞાન હોકર હુઆ હૈ હોં. આહાહા! ઉસમેં એકાગ્રતા... આહાહા! લ્યો, ભાઈ! આજ બડા દિન હૈ અનંત ચતુર્દશી. બાત ભી બડી અચ્છી આયી હૈ. આહા! પહલે સમજમેં તો લે. નિજ પરમાત્મા નિજાનંદસ્વરૂપમેં લીન હોના વહી શુદ્ધભાવ હૈ. શુદ્ધભાવ કોઈ પરકે આશ્રયસે ઉત્પન્ન હોતા નહીં, યે બતાયા હૈ. સ્વકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. દેવ-ગુરુ-શાસ્ત્રકે આશ્રયસે ભી શુદ્ધતા ઉત્પન્ન નહીં હોતી. સમજમેં આયા? આહાહા! શાસ્ત્ર શ્રવણ કરનેસે શુદ્ધતા ઉત્પન્ન નહીં હોતી એમ કહતે હૈં. ગજબ વાત કરે છેને! યે તો વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા?

દૂસરેકો સત્ય ઉપદેશ દેનેમેં વિકલ્પ હૈ. વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ યે સ્વાશ્રય નહીં. આહાહા! સમજમેં આયા? વિભાવ હૈ, રાગ હૈ, પરાશ્રય હૈ. તીન લોકકે નાથકી દિવ્યધ્વનિ સુનનેમેં વિકલ્પ હોતા હૈ. આહાહા! ભાઈને–નિહાલભાઈને તો સ્પષ્ટ કર દિયા હૈ ન થોડા ખુલ્લા. ભગવાનકી વાણી સુનનેમેં ભી તેરા નાશ હોતા હૈ. હાય.. હાય! લોકો રાડ નાખે. એય! આતા હૈ કિ નહીં? વાંચનમેં, સુનનેમેં, ભગવાનકે સન્મુખ દેખનેમેં વિકલ્પ હોતા હૈ ને અપની શાંતિકા નાશ હોતા હૈ. આહાહા! રાડ નાખે કે નહીં? યહાં તો ક્યા કહા? આત્મતત્ત્વકે આશ્રયસે શુદ્ધ આલોચના હોતી હૈ, પરકે આશ્રયસે નહીં. આહાહા! આગમ ને પ્રતિમા—દોનોં જીવકો આધાર. આણંદજી કહતે હૈં ન વહ? એને યાદ છે. સમજમેં આયા? ‘ભવ્યજીવનકૂ આધાર..’ રાગકા આધાર હૈ. આ વાણી... શુદ્ધભાવકા આધાર ને આશ્રય તો એક આત્મા હૈ. યે ત્રિલોકનાથકી વાણી હૈ. આહાહા!

**શુદ્ધ આત્મતત્ત્વકે નિયત–નિશ્ચય આચરણકે અનુરૂપ**... વ્યવહાર-ફ્યવહાર નહીં. ઉસકે અનુરૂપ અપની આલોચના, અપને આશ્રયસે આલોચના ઉત્પન્ન હોતી હૈ. ગુરુકે પાસ જાકર (કહે કિ મુજે) ઐસા હો ગયા, ઐસા... યે સબ પરાશ્રય વિકલ્પ હૈ. સમજમેં આયા? આહાહા! છ ખંડ નહીં સાધતે ચક્રવર્તી. ભાઈને કહા ન નિહાલભાઈને. નિહાલભાઈને ક્યાં ઉપદેશનો ટાઈમ હતો? ઉપદેશ થોડો .... તે આવી ગઈ વાત. દેવીલાલજી! ચક્રવર્તીને છ ખંડ સાધા? કે, ના. વે તો અખંડ સાધતે થે. આહાહા! એય! આહીં તો કહે છે, વ્યાખ્યાન સુનનેમેં અપના નાશ હોતા હૈ. એમ કહતે હૈં. આહાહા! ગજબ વાત છેને! ક્યોંકિ ઉસમેં પરકા આશ્રય હૈ. આતા હૈ. વસ્તુસ્થિતિ ઐસી હૈ. યે તો જબ ... સ્પષ્ટ કરના હો તબ (કહે કિ) અકેલે આત્માકે આશ્રયસે ધ્યાન હોતા હૈ, ધર્મ હોતા હૈ. પરકે આશ્રયસે તો વિકલ્પ હી ઉત્પન્ન હોતા હૈ. એ ચીમનભાઈ! બહુ આકરું કામ ભારે હોં. આહાહા!

**મુજે સંયમીકો વાસ્તવમેં કામધેનુરૂપ હો.** આહાહા! કામધેનુ.. જબ-જબ મૈં અંતરમેં એકાગ્ર હોતા હૂં તબ અતીન્દ્રિય આનંદ આતા હૈ. કામધેનુ ગાય હૈ, આહાહા! સમજમેં આયા? મેરા પ્રભુ મેરે પાસ હી હૈ, અરે! મૈં હી હૂં. આહાહા! પર્યાયકે પાસ કહના વહ તો દૂસરી (ચીજ હો ગઈ). વહ તો મૈં હી હૂં. ઐસી અંતરમેં દૃષ્ટિ કરના ઔર સ્વતત્ત્વકા આશ્રય કરના વહી ભગવાનને ભાવશુદ્ધિ કહા હૈ. આહાહા! લોકોને આ વ્યવહારના પક્ષવાળાને એવું આકરું લાગે. ભીખાભાઈ! સાંભળ્યું નથી. બાપા! તારી ચીજ ભાઈ! વ્યવહાર આવે, સાંભળના–સુનના, વાંચના હો, આવે, પણ વહ તો વિકલ્પસ્વરૂપ હૈ ભગવાન! પરકા આશ્રય હૈ. ભાઈ! યે સબકા સાર, ઉસકો છોડકર અંતર આશ્રય કરના વહ હૈ. આહાહા!

**કામધેનુરૂપ હો. स्यात्संयतस्य मम सा किल कामधेनुः**. હો કિ હૈ? ક્યા લેના હૈ? 'સ્યાત્' ઓલું 'સ્યાત્' છે એટલે. નીચે લિયા હૈ ન. આત્મતત્ત્વમેં નિયત – નિશ્ચિત. ભગવાન આત્મા ઉસમેં નિશ્ચિત એકાગ્રતા દૃઢતા, લીનતા, સ્વરૂપમેં પરાયણતા. આહાહા! 'આચરણ શુદ્ધ આત્મતત્ત્વકે આશ્રિત હોતા હૈ.' એને અનુરૂપ આલોચના છે. આહાહા! યે આલોચના ભાવશુદ્ધિમેં હોતી હૈ. ઉસકો ભાવશુદ્ધિ કહતે હૈં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૧૫, રવિવાર, તા. ૫-૯-૧૯૭૧**
**શ્લોક – ૧૭૩-૧૭૫, પ્રવચન નં. ૧૧૫**

નિયમસાર શાસ્ત્ર ચાલે છે. પરમ આલોચના અધિકાર. જેની ૧૧૨ ગાથા છે, એનો કળશ છે ૧૭૩. ૧૭૩ કળશ છે ને. શું અધિકાર ચાલે છે આ? આલોચના. આલોચના એટલે? આત્માની પરિપૂર્ણ દશા–સ્વભાવને જોવું. પોતાનો જે સ્વભાવ ત્રિકાળ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય એને અંતરમાં ઉગ્ર પુરુષાર્થથી જોવો એનું નામ આલોચના કહેવામાં આવે છે. બીજી રીતે કહીએ તો આલોચના એટલે સંવર. સંવર એટલે આસ્રવનો નિરોધ. વિકારીભાવનું અટકવું અને નિર્વિકારી દશા ઉત્પન્ન થવી, એનું નામ આલોચના અથવા સંવર કહેવામાં આવે છે. એ અહીંયા ૧૭૩ કળશ.

**शुद्धं तत्त्वं बुद्धलोकत्रयं यद्**
**बुद्ध्वा बुद्ध्वा निर्विकल्पं मुमुक्षुः ।**
**तत्सिद्ध्यर्थं शुद्धशीलं चरित्वा**
**सिद्धिं यायात् सिद्धिसीमन्तिनीशः ॥१७३॥**

ધર્માત્મા મોક્ષના અભિલાષી જીવે... '**મુમુક્ષુ**' શબ્દ પડ્યો છેને? આજ ગુજરાતી થઈ ગયું હવે. હિન્દી ચાલી ગયું, ખલાસ. હક્ક થઈ ગયો. માણસ આવ્યાને ઘણા. એ તો ઓલા કલાસ અને આ દસ દિવસ એટલું હિન્દી. જેને હિન્દી સાંભળવું હોય એણે વહેલું આવવું. મોડું આવે તો હિન્દી નહીં મળે. એ આવ્યા માટે ગુજરાતી ચાલેને. અહીં તો સદાય ગુજરાતી ચાલે. આજસે ગુજરાતી. સમજાય છે કાંઈ? **મુમુક્ષુ જીવ...** મુમુક્ષુ નામ જેને આત્મામાં પરમ આનંદ સ્વભાવ એવી જે મુક્તદશા એની જેને અભિલાષા છે તેને મુમુક્ષુ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? રાગ ને વિકારના અર્થીને સંસારાર્થી–પરિભ્રમણનો અર્થી કહેવામાં આવે છે. તો કહતે હૈં, **મુમુક્ષુ જીવ...** આત્માની પૂર્ણ આનંદરૂપી મુક્તદશા એને પ્રગટ કરવાની જેને જિજ્ઞાસા છે. તે **ત્રણ લોકને જાણનારા...** ભગવાન આત્મા એનો સ્વભાવ ત્રણ કાળ, ત્રણ લોકને એકલું જાણવું એ એનો સ્વભાવ છે. કોઈનું કરવું કે કોઈ સાથે સંબંધ કરવો એ એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ?

**ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને...** અભેદ ચૈતન્યસ્વભાવ, નિત્યાનંદ પરમપારિણામિક સ્વભાવ, પરમ જ્ઞાયકભાવ એ અભેદ શુદ્ધ તત્ત્વ છે. એને **બરાબર જાણીને... બુદ્ધ્વા બુદ્ધ્વા** છેને બે વાર? પંડિતજીને પૂછ્યું કે આ **બુદ્ધ્વા બુદ્ધ્વા** બે વાર કેમ? બરાબર જાણીને, એમ. આમ તો જાણ્યું-જાણ્યું એટલે ન જાણ્યું એમ થાય. 'જાણ્યું-જાણ્યું' એમ કહે છેને? એનો અર્થ 'ન જાણ્યું' થાય છે. સમજાય છે કાંઈ? 'જાણ્યું-જાણ્યું' એ ચર્ચા થઈ હતી ગોરા સાથે.

યુરોપિયન એક હતો યુરોપિયન. એની સાથે ચર્ચા થતાં યુરોપિયન કહે, હું બધું જાણું. ગુજરાતી બધું જાણું. બહુ સારી વાત. ઓલે કહ્યું, બધે ન જાણી શકો. તમારી દેશભાષા જુદી, અમારી દેશભાષા જુદી. પછી ગુજરાતી (માણસે) એક છોકરાને બોલાવ્યો, છોકરા! અહીંયા આવ. ફલાણું શું? કાંઈક પૂછ્યું. એનો ઓલાએ ઉત્તર આપ્યો. એટલે આણે કહ્યું, જાણ્યું.. જાણ્યું. કરો સાહેબ! અર્થ હવે. તમે એમ કહ્યું કે જાણ્યું-જાણ્યું. પૂછો છોકરાને કે મેં શું કહ્યું. કાંઈ નથી જાણ્યું એમ એ કહે છે. સમજાય છે કાંઈ? એટલે આહીં **बुद्धा बुद्धा**માં પૂછવું નથી.

આહીં તો 'જાણ્યું-જાણ્યું' છે (એટલે) યથાર્થ જેમ છે (એમ) બરાબર જાણ્યું છે. એમ ભગવાન આત્મા નિર્વિકલ્પ—એક વિકલ્પ-રાગ નહીં, પણ એક સમયની પર્યાયેય નહીં, એવો જે અભેદ ભગવાન... આહાહા! દેખો! આ નિયમસાર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો માર્ગ, એ નિયમસાર. એ નિયમસાર કેમ પ્રગટ થાય? કે ત્રણ લોકને જાણનાર આત્મા, એનો સ્વભાવ હોં, એનો સ્વભાવ તો જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું. એમ કહ્યું કે ત્રણ લોકનો જાણનાર એને-**નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને...** એટલે કે એકલી શાસ્ત્રની ધારણાથી જાણીને, એમ નહીં. આહાહા! **बुद्धा बुद्धा...** આમ વીતરાગ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્માએ કહેલો આ નિયમસાર-મોક્ષનો માર્ગ છે. એ મોક્ષનો માર્ગ ત્રિકાળી ધ્રુવ નિર્વિકલ્પ અભેદ ચીજ એને બરાબર જાણીને... જેવું એનું સ્વરૂપ છે તેમ જાણીને... સર્વજ્ઞે કહ્યું એવું તેનું સ્વરૂપ છે, સર્વજ્ઞ સિવાય બીજાઓ આત્માની વાત કરે એ આત્મા બરાબર છે નહીં. સમજાણું કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા જેણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા, એમાં આત્મા કેવો એ પણ જણાઈ ગયો. એવા ભગવાને કહેલો જેવો આત્મા, દ્રવ્યસ્વભાવ હોં, **બરાબર જાણીને તેની સિદ્ધિને અર્થે...** જાણીને એ તો સમ્યગ્દર્શન ને જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? 'જાણીને' એમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન—બે થયું. નિયમસાર છે ને! તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—ત્રણ લેવા છે. ત્યારે હવે કહે છે કે ભગવાન આત્મા નિર્વિકલ્પ અભેદ એવો આત્મા એને જાણીને... એમાં શ્રદ્ધાને ભેગું આવી ગયું. હવે, **સિદ્ધિને અર્થે...** તેની પૂર્ણ પ્રાપ્તિને અર્થે અથવા એ દૃષ્ટિમાં અને સ્થિરતામાં આવે એ રીતે **શુદ્ધ શીલને (ચારિત્રને) આચરીને...** એ ચારિત્ર આવ્યું. આહા! ભગવાન આત્મા... પહેલા સમજમાં તો લે. એ ચીજ જ્ઞાયકભાવ ત્રણ કાળ, ત્રણ લોકને દેખે એ જ એનો સ્વભાવ છે. એવી ચીજને બરાબર જાણીને એટલે કે રાગ ને મનનો સંગ છોડી, જેવી ચીજ નિર્વિકલ્પ છે એને નિર્વિકલ્પ દૃષ્ટિ અને જ્ઞાન દ્વારા જાણીને... આહાહા! સમજાય છે કાંઈ? આમ શાસ્ત્રથી વાંચીને કે ભણીને એ જાણીને ન કહ્યું. સમજાણું કાંઈ?

જ્ઞાનમૂર્તિ ચૈતન્ય ત્રણે કાળને જાણનાર પ્રભુ એને, **बुद्धा**-જેમ છે તેમ જાણીને... આહાહા! સ્વભાવ સન્મુખ જ્ઞાનની પર્યાયને વાળીને... જે વસ્તુ જ્ઞાનની (એક) સમયની પર્યાયમાં આખી ચીજ જાણવામાં આવી, એણે યથાર્થપણે આત્માને જાણ્યો. સમજાય છે કાંઈ? એને જાણીને **તેની સિદ્ધિને અર્થે શુદ્ધ શીલને આચરીને...** શીલ નામ ચારિત્રને શુદ્ધ શબ્દ વાપર્યો છે. પંચમહાવ્રતના

વિકલ્પ આદિ એ કાંઈ ચારિત્ર નથી. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ એનું જ્ઞાન કરીને. એમાં શીલને–ચારિત્રને શુદ્ધ આચરવું (અર્થાત્) એમાં રમણતા કરવી, એનું નામ ચારિત્ર છે, એનું નામ શીલ કહેવામાં આવે છે. **શુદ્ધ શીલને આચરીને**... પૂર્ણ શુદ્ધ સ્વભાવ એનું આચરણ કરીને... સ્વભાવ એનો વીતરાગ છે, તો વીતરાગનું વીતરાગપણે આચરણ કરીને.... આહાહા! આ ચારિત્ર. આ પાંચ મહાવ્રત ને આ ઢીકણું.. ફીકણું, આ ચરવું, ખાના, પીના ને લેના—એ બધો વિકલ્પ છે, ચારિત્ર નહીં. ચારિત્રથી એ વિપરીત છે. વિકલ્પ ચારિત્રથી વિપરીત છે. આહાહા!

જેવો નિર્વિકલ્પ ચૈતન્ય છે, એમ શબ્દ વાપર્યો છે ને? એવી જ નિર્વિકલ્પ દૃષ્ટિ અને રાગ વિનાનું જ્ઞાન એ રીતે આત્માને જાણીને એટલે રાગ વિનાની સ્વરૂપમાં સ્થિરતા–શીલ... શીલને આચરીને.... બ્રહ્માનંદ ભગવાન, બ્રહ્મ નામ આનંદનું ચરવું, રમવું. બ્રહ્માનંદમાં લીન હોના–લીન થવું એ ચારિત્ર. સમજાય છે કાંઈ? **સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે.** દ્રવ્ય વર્ણવ્યું, એનું જ્ઞાન ને શ્રદ્ધા કહી, એનું આચરણ કહ્યું, એના ફળરૂપે મુક્તિ કીધી. સમજાય છે કાંઈ? સિદ્ધિરૂપી સ્ત્રી–મુક્તિ એનો તે ધણી-સ્વામી થાય છે. એને પૂર્ણ આનંદની દશા પ્રાપ્ત થાય છે એમ અહીંયા કહેવામાં આવે છે. આહાહા! વ્યવહારનો તો કાંઈ ભૂક્કો ઉડાડ્યો આમાં. ક્યાં ગયા ચીમનભાઈ નથી આવ્યા? ચીમનભાઈ! વ્યવહારનું તો આહીં નામ લીધું નથી. વ્યવહાર તો પછી વાત... ભગવાન આત્માનું અંતર આચરણ, આનંદમાં રમણતા એ અંતર આચરણ. એને અહીંયા ચારિત્ર અને એને મોક્ષનો માર્ગ, સાક્ષાત્ ચારિત્ર એમ કહેવામાં આવે છે. ગુજરાતી સહેલી ભાષા છે. બહુ અઘરી નથી. કહો, સમજાય છે કાંઈ?

**સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે** એટલે કે **સિદ્ધિને પામે છે.** આહાહા! દ્રવ્ય સિદ્ધ કર્યું, દ્રવ્યની શક્તિ, ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની એમ શક્તિ સિદ્ધ કરી, એવા આત્માને વર્તમાનમાં બરાબર જાણવો અને શ્રદ્ધવો એ વાત સિદ્ધ કરી, એવા આત્મામાં સ્વરૂપમાં ઠરવું એમ સિદ્ધ કર્યું અને એ ઠરવાથી એને મુક્તિની પર્યાય પ્રાપ્ત થાય છે એમ મોક્ષ પણ સિદ્ધ કર્યો. સમજાણું કાંઈ? દ્રવ્ય, ગુણ, પર્યાય—અપૂર્ણ ને પૂર્ણ એમ સિદ્ધ કર્યું છે. આહાહા! જીવ ત્રણ લોકને જાણનારો કીધોને, એ ગુણને સિદ્ધ કર્યો. અંદર જાણનાર.. જાણનાર અભેદ વસ્તુ તે શુદ્ધ તત્ત્વ છે. સમજાણું કાંઈ? એ આત્મતત્ત્વ છે, એમ. એને 'બરાબર જાણીને' એ સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. અને તે આત્માની પૂર્ણ પ્રાપ્તિને અર્થે શુદ્ધ ચારિત્રને આચરીને... એ ચારિત્રની વ્યાખ્યા કરી. સિદ્ધિરૂપી સ્ત્રી એ મુક્તિની વ્યાખ્યા કરી. ૧૭૩ થયું. ૧૭૪

**सानन्दं तत्त्वमज्जज्जिनमुनिहृदयाम्भोजकिंजल्कमध्ये**
**निर्व्याबाधं विशुद्धं स्मरशरगहनानीकदाग्निरूपम् ।**
**शुद्धज्ञानप्रदीपप्रहतयमिमनोगेहघोरान्धकारं**
**तद्वन्दे साधुवन्द्यं जननजलनिधौ लंघने यानपात्रम् ॥१७४॥**

આહાહા! શ્લોકનો અર્થ નીચે. **શ્લોકાર્થ : તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિના હૃદયકમળના કેસરના જે આનંદ સહિત બિરાજમાન છે...** આહાહા! એ શુદ્ધ તત્ત્વ. મુનિ તત્ત્વમાં મગ્ન... ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એ તત્ત્વ, એમાં જે મગ્ન એ પર્યાય. **એવા જિનમુનિના હૃદયમકળમાં...** જિનમુનિના હૃદયકમળમાં... આ અજ્ઞાનીમાં ન હોય એ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે મુનિપણું કહ્યું અને જે દ્રવ્ય-ગુણ-પર્યાય કહ્યા એના જાણનારા હોય એને.... એ જિનમુનિ સિવાય આ વાત બીજે ક્યાંય હોઈ શકે નહીં. **જિનમુનિના હૃદયકમળના કેસર...** કમળમાં થાયને વચલા તાર–તાંતણા. તાંતણા થાય છે, ફૂલમાં હોય. ઘણે ઠેકાણે જોયા છે. એ હૃદયકમળના તાંતણા એટલે તાર. લાંબા હોય. કમળ હોયને (એના તાર) લાંબા હોય.

એક ઠેકાણે બહુ જોયેલા, નજીક (હતા). આ ઉતર્યા ત્યાં... ભાઈનું ગામ છે ને? નરસિંહ ડોક્ટરનું. નરસિંહ ડોક્ટરનું રાજકોટ, હડમતાળુ. દૂર ઊગ્યા હતા. ત્યાં ગયા હતા એક ફેરી. તે દિ' બજારમાં ઉતર્યા હતાં ત્યાં જોડે એટલા કમળ અને બધા કેસર નીકળેલા આમ લાંબા-લાંબા દળ...... હડમતાળા રાજકોટથી છે ને. બહુ જોયેલા તે દિ' કેસર. મોટા મોટા બધા કમળો હતા. જોડે કોઈ મકાન હતું. એમાં કેસર હતું. એમ હૃદયકમળ–જ્ઞાનાનંદરૂપી કમળ ખીલેલું કમળ છે, એમ કહે છે. ચૈતન્યકમળ ખીલેલું છે. એમાં જે આનંદ સહિત બિરાજમાન છે, એ કેસર એટલે આનંદની દશા એમાં એ તત્ત્વ બિરાજમાન છે. આત્મામાં આનંદ બિરાજમાન એ કરતા આનંદની દશામાં આત્મા બિરાજમાન છે. સમજાય છે કાંઈ?

બીજી ગાથામાં કહે છે કે **जीवो चरित्तदंसणणाणठिदो...** જીવ પોતે જ્ઞાન-દર્શનમાં (સ્થિત છે). ઓલા રાગમાં ને પુણ્યમાં અનાદિથી આમ છે, એ અંદર ચરિત-દર્શન-જ્ઞાનમાં આવે છે એનો અર્થ કે સ્વસન્મુખ થાય એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આત્મા આવે છે, આત્મા ત્યાં આવે છે, એમ. સમજાણું કાંઈ? એમ કહે છે કે અહો! જેણે વીતરાગભાવ પ્રગટ કર્યો છે અને એ તત્ત્વમાં મગ્ન છે, એવા હૃદયકમળના કેસરમાં મુનિઓને આનંદ સહિત પ્રભુ બિરાજે છે. **આનંદ સહિત...** આત્મા આનંદની પર્યાયમાં બિરાજમાન છે. આહાહા! સમજાણું કાંઈ? **જે બાધા રહિત છે...** કેવું છે એ તત્ત્વ ભગવાન? નિજસ્વરૂપ નિત્ય તત્ત્વ એ **બાધા રહિત...** વિઘ્ન-વિઘ્ન એને છે નહીં. વસ્તુને વિઘ્ન શું હોય?

**જે વિશુદ્ધ છે...** જુઓ! આ તો ત્રિકાળી દ્રવ્યને વિશુદ્ધ સિદ્ધ કર્યું. વિશુદ્ધ, પુણ્યપરિણામને વિશુદ્ધ કહે છે, મોક્ષમાર્ગ સાચો–નિશ્ચય એને પણ વિશુદ્ધ કહે છે અને ત્રિકાળી સ્વભાવને પણ વિશુદ્ધ કહે છે. સમજાય છે કાંઈ? 'વિશુદ્ધ' શબ્દના જ્યાં-જ્યાં લાગુ પડે તેવા અર્થ હોય. આ 'વિશુદ્ધ' તત્ત્વના સ્વભાવની અપેક્ષાએ છે. ત્રિકાળ સ્વભાવ વિશુદ્ધ છે. ત્રિકાળ વિશુદ્ધને નિશ્ચય મોક્ષમાર્ગ આશ્રયે પ્રગટે એ પણ વિશુદ્ધ છે અને એમાં રાગની મંદતાનો શુભરાગ થાય એને પણ વ્યવહારે વિશુદ્ધ કહેવામાં આવે છે. નિશ્ચય વિશુદ્ધ તત્ત્વ અને એનો આશ્રય લઈને પ્રગટ દશા એ નિશ્ચય મોક્ષમાર્ગની વિશુદ્ધતા. આહાહા! એ નિશ્ચય અને એમાં રાગની મંદતા આવે એને વ્યવહારવિશુદ્ધનો આરોપ આપીને એને વિશુદ્ધ કહેવામાં આવે છે. પંડિતજી! તકરાર કરે કે અરે!

આ વિશુદ્ધ થયું, શુભભાવને વિશુદ્ધ કહ્યો. ભઈ! કહ્યો છે, સાંભળને! એ ત્રિકાળી વિશુદ્ધ ભગવાન આત્મા છે એની અનુભવ, દૃષ્ટિ થઈ છે એ અનુભવ, દૃષ્ટિ તે વિશુદ્ધ છે–નિર્મળ છે, વીતરાગી પર્યાય છે એ. એનો આરોપ કષાયની મંદતામાં (આપીને) વ્યવહારે વિશુદ્ધ છે એમ કહેવામાં આવે છે. ત્રણેય વિશુદ્ધ થઈ ગયા. સમજાણું કાંઈ?

આહીં તો એક જ વિશુદ્ધનું કામ છે. આહાહા! જેણે પોતાની અવસ્થાને ભગવાનની સાથે ભેટા કર્યા છે. વર્તમાન દશાએ દશાવાનને જોયો, જાણ્યો ને અનુભવ્યો છે એ ત્રિકાળી ચીજને અહીંયા વિશુદ્ધ કહેવામાં આવે છે. **જે કામદેવના બાણોની ગહન (દુર્ભેદ્ય) સેનાને બાળી નાખવા માટે દાવાનળ સમાન છે...** આહાહા! કામવાસના, પાંચે ઇન્દ્રિયોના વિષયો તરફની અનુકૂળતાની વૃત્તિ–ભાવ જે ઊઠે.. આહા! અનુકૂળ પૈસા, અનુકૂળ આબરૂ આદિ, અનુકૂળ વિષય-ભોગવાસના એ બધી વાસનાને... આહાહા! કામદેવના બાણોની દુર્ભેદ્ય સેના–જે ભેદી ન શકાય એવી સેના... કેમકે પાંચ ઇન્દ્રિયના વિષયો તરફની વાસના અનાદિથી પ્રીતિમાં એને પડી છે. સમજાય છે કાંઈ? ત્યાં એને પ્રેમ છે. પાંચ ઇન્દ્રિયનો ભોગનો વિકલ્પ જે છે એમાં એની પ્રીતિ, પ્રેમ ને રુચિ પડી છે. એવી જે કામવાસના, એનું જે બાણ આત્માની પર્યાયને હણે. શાંતિ.. શાંતિ.. શાંતિને કામવાસના હણે છે. એવી જે એની સેના એને બાળી નાખવા માટે... બે વાત. એક વાત કે વસ્તુમાં કામવાસના છે નહીં એટલે બાળી નાખવા સમર્થ છે, એમ કહ્યું. સમજાણું કાંઈ?

ત્રિકાળી તત્ત્વ કહેવું છેને અહીંયા. '**તે શુદ્ધ તત્ત્વને વંદું છું**' એમ છેને આગળ? ભગવાન આત્મા શુદ્ધતત્ત્વ જે જ્ઞાનાનંદ સહજાનંદની મૂર્તિ એ કેવી છે? કામવાસનાને બાળી નાખે. એટલે? કામવાસના એમાં છે જ નહીં. બીજી રીતે, કામવાસના નથી જેનામાં એનો આશ્રય લેતાં કામવાસનાનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આરે, ભારે વાત! આવું ધર્મનું સ્વરૂપ. માણસને આ બધા દસ દિ', આઠ દિ' એ.. અપવાસ કરો, આ કરો, આ વાસના રહી છે ધર્મની. લ્યો, દસ અપવાસ હોય, આઠ અપવાસ ચોવિહારા–કેટલાક પાણી-બાણી ન લેતા હોયને. આ હમણા વરસાદ ઘણો પડ્યો. ત્રણ-ચાર.... અહીંયા.... અપવાસ કર્યા હતા પાણી વિનાના. બેને કર્યા હતા, નિર્મળાબેને સોળ અપવાસ કર્યા હતા. પાણી લેતા હશે.

આહીં કહે છે, આહાહા! ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ તત્ત્વ એની સામું જોતા વિષયની વાસના નાશ થઈ જાય છે. અણીન્દ્રિય.... આ પાંચ ઇન્દ્રિય લીધીને? પાંચ ઇન્દ્રિયના વિષયની વાસનાના બાણ છેદવા કઠણ છે. આહાહા! રાગનો પ્રેમ એને છેદવો... છતાં ભગવાન આત્મા, રાગના પ્રેમની એ ચીજમાં ગંધ નથી. સમજાણું કાંઈ? આગળ આવશે હજી. ભારે વાત નીકળી છે. સમજાણું? આગળ આવશે શબ્દનો..... એ યાદ આવી ગયું. નિરંતર સુલભ છે. **सतत सुलभं...** (કળશ)૧૭૬માં છે. સતત સુલભ છે. આહાહા! ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ નિરંતર સુલભ છે, કેમકે એનું સ્વરૂપ જ, પોતાના જ્ઞાનથી જણાય એવો એનો સ્વભાવ છે. એ કોઈ ચીજને લઈને–આશ્રયને લઈને જણાય એવો નથી. આહાહા! ભાષા જુઓને! વાપરી. **सतत सुलभं...** તત્ત્વ છે એનો જ્યાં સ્વીકાર થાય એ સતત સુલભ છે, કહે છે. શેઠ!

મુનિ, આ પદ્મપ્રભમલધારિ પોતે મુનિ છે. આહાહા! મુનિ સાચા હોય તો જંગલમાં રહેતા હોય, નગ્નદશા હોય, વિકલ્પ હોય તો પંચમહાવ્રતાદિના વિકલ્પનો–આસ્રવનો બંધ હોય, પણ એની પાછળ જે આત્મા, આહા! એ તો નિર્મળાનંદ ધર્મીને તો ધરવ છે. સમજાય છે કાંઈ? જેણે એનો આદર કર્યો એને તો સહેલો છે, કહે છે. રાગની રુચિ અને પુણ્યની રુચિ કરનારને દુર્લભ છે એમ કહે છે. આહાહા! પણ એની રુચિ કરનારને એ સુલભ છે. આહાહા! સમજાણું કાંઈ? **દાવાનળ સમાન છે**... સેનાને બાળી નાખવા દાવાનળ... દાવાનળ જેવો છે. સેનાને બાળી નાખવાની અપેક્ષાએ કહેવો છેને. બાળવું એટલે ઊભા ન થવા દેવું, એમ. એને ઊભા ન થવા દેવું, એવો એ ભગવાન છે એમ કહે છે. ભારે કામ ભાઈ! ભગવાન 'છે' એમ જ્યાં સ્વીકાર થાય, કહે છે કે એમાં કામની વાસનાની ઉત્પત્તિની ગંધેય નથી. એ દાવાનળ એમ. આહાહા! સમજાણું કાંઈ?

**અને જેણે શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે મુનિઓના મનોગૃહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...** આહાહા! કોણે? **જેણે શુદ્ધજ્ઞાનરૂપી દીપક વડે મુનિઓના મનોગૃહના**... જેણે એટલે ઓલું તત્ત્વે. ભગવાન જ્ઞાયક..... શબ્દો પણ ઓછા પડે છે આ મુનિઓને! શું કહેવું, કઈ રીતે કહેવું? જુઓને! કેવી કીધી છે! બહુ નહીં, જેમ છે એમ કહે છે. બહુ તો ક્યારે કહેવાય કે એમાં ન હોય ને વધારે કહે એ 'બહુ' કહેવાય. વાણીમાં કેટલું આવે? બહુ ઓછામાં ઓછું આવે. અરે! એની શું વાત! દિવ્યધ્વનિમાં અનંતમા ભાગે આવે છે અને સાંભળનાર ગૌતમ પણ દિવ્યધ્વનિમાંથી અમુકમો ભાગ ઉદ્ધરણ કરે છે અને એનો અમુકમો ભાગ રચનામાં આવે છે. જેનો અનંત આનંદ ને ચૈતન્ય સ્વભાવ એની શું મલાલ કરવી? કહે છે. આહાહા! એવો ભગવાન તું છો. તારું સ્વરૂપ જ એવું છે. જેવું છે એવું વાણી દ્વારા આવી શકતું નથી.

શ્રીમદ્દે કહ્યુંને. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો.' એ ગુંગાના ગોળ... ગુંગો ગોળ ખાય. કેમ ગુંગા! કેવો ગોળ? એમ કહે. પણ કેવો? ચંદુભાઈ! શું કહી દીધું? કહો. સ્વાદ જાણે છે કે નહીં? કેવો? આહાહા! ત્રણ લોકનો નાથ અતીન્દ્રિય આનંદનો કંદ એને વાણી દ્વારા શી રીતે કહેવો? કહે છે. વાણી જડ, આ ચૈતન્ય. આ અરૂપી, આ રૂપી. આ જડ ચૈતન્યનો વેરી એ જડ. વેરી દ્વારા આત્માના વખાણ કરાવવા... આહાહા! સમજાણું કાંઈ? આહાહા! મુનિઓ તો કામ કર્યા છે ને! દિગંબર સંતોએ તો સિદ્ધને હેઠે ઉતાર્યા છે. આવી વાત સાંભળવા મળે એ ભાગ્યશાળી છે. વસ્તુ એવી છે. આહાહા! કહે છે, એ **શુદ્ધજ્ઞાનરૂપી દીપક વડે**... જે તત્ત્વે... એ તત્ત્વનું જ્યાં જ્ઞાન થયું, તત્ત્વનો સ્વીકાર થયો, એવા જ્ઞાન વડે મુનિઓના મનોગૃહના ઘોર અંધકારનો જેણે નાશ કર્યો છે. રાગનો નાશ (અને) જ્ઞાનદીપકની પ્રગટ જ્વાળા પ્રગટી. એવો જે શુદ્ધતત્ત્વ ભગવાન એને લઈને, કહે છે, ઘોર અંધકારનો નાશ થઈને દીપક પ્રગટ થયો છે. આહાહા!

**તેને—સાધુઓ વડે વંદ્ય**... સંતો વડે એ તત્ત્વ વંદ્ય છે. આહા! કેમકે શુદ્ધ દશા જ્યાં પ્રગટ થઈ છે, એ આખા શુદ્ધનો સ્વીકાર કરે છે કે આ આખું શુદ્ધ આવું છે. આહાહા! સમજાણું કાંઈ?

જેને અંતરમાં વીતરાગતા–શુદ્ધતા પ્રગટ થઈ છે એને એ વંદ્ય છે એમ કહે છે. કારણ કે એણે આમ જોયો, જાણ્યો ને એમાં ઠર્યો છે. સમજાણું કાંઈ? આહાહા! વિકલ્પ વડે વંદ્ય છે એમ નહીં, એમ કહે છે. આહાહા! એનો આદર તો નિર્વિકલ્પ પરિણતિ દ્વારા થાય છે. સાધુ દ્વારા એ આત્મા વંદ્ય છે. અસાધુ–અજ્ઞાની દ્વારા, રાગ દ્વારા વંદ્ય છે નહીં. આહાહા! **અને જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ...** કેવો છે ભગવાન? આહાહા! જન્માર્ણવ–સંસારરૂપી દરિયો. જન્મ નામ ... સંસારમાં, રાગના ઉદયમાં ઉપજવું. એવો જે મોટો દરિયો એને ઓળંગી જવામાં નૌકા છે, નૌકા. ભગવાન આત્મા શુદ્ધતત્ત્વ એ જન્મરૂપી સંસાર દરિયો એને તરવા–ઓળંગી જવામાં, એ ભગવાન આત્મા વસ્તુ જ એવી છે કે ઓળંગી જવામાં નૌકા સમાન છે અને વસ્તુને આશ્રયે પ્રગટ દશા થઈ એ નૌકા સમાન છે. આહાહા!

'નાવ તરે રે મોરી નાવ તરે...' કહ્યું હતુંને એકવાર. શ્વેતામ્બરમાં આવે છે. પણ એ તો બધી કલ્પના છે. અતિમુક્તકુમાર હતો રાજકુમાર. નાની ઉંમર, બહુ નાની ઉંમર આઠ વર્ષની. ગૌતમ ગણધર આહાર લેવા–ભિક્ષા માટે આવ્યા. એમાં આ પોતે રાજકુમાર પોતાના બંગલાની બહાર ઊભા હતા અને ગૌતમસ્વામીની આંગળી પકડી. આહાર વહોરવા નીકળ્યા. શ્વેતામ્બરમાં તો એમ હોય છેને જોળી ને પાત્રા. બધી વાતું ખોટી છે. મહારાજ! ક્યાં જાઓ છો આપ? આઠ વર્ષનો બાળક રાજકુમાર. ભાઈ! અમે ભિક્ષા માટે જઈએ છીએ. પધારો મારે ઘેર મહારાજ! મારી માતા આપને ભિક્ષા આપશે. રાજકુમાર છે, મણિરતનના પૂતળા જેવું શરીર. આ રમતો હતો બંગલા બહાર. અંદર ગયા, ભિક્ષા લીધી. મહારાજ! તમે ક્યાં રહો છો? મારા ગુરુ છે ભગવાન ત્યાં. તો હું આવું સાથે? આંગળી પકડીને ગયા.

જ્યાં વીતરાગની વાણી સાંભળી વૈરાગ્ય થઈ ગયો, દીક્ષા લીધી, પાત્રાવાળી હોં. એ કાંઈ દીક્ષા છે નહીં. આ તો એનામાં વાત આવે છે. એવું કથન છે. રતિભાઈ! ભગવતીમાં એવું કથન છે. પછી ભિક્ષા માટે જાય છે. ભિક્ષા શું, સાધુ સાથે જંગલમાં દિશાએ. નાના સાધુ, સાત-આઠ વર્ષનો સાધુ, નાનો રજોહરણ, નાની પાત્રી અને જાય છે. એવું લખાણ આવે છે ભગવતીમાં. બધી વાત કલ્પિત કરેલી છે. મુનિને રજોહરણ એવું હોઈ શકે નહીં. કપડા-બપડા કેવા મુનિને? પોતાની વાત સિદ્ધ કરવા એવી કથા ગોઠવી છે. એમાં જંગલ જાતા પાછા ફરે છે ત્યાં વરસાદ આવ્યો. વરસાદ આવ્યો ને પાણી આવ્યું મોટું. બેસી ગયા પોતે. પાળ કરી આમ ગારાની. પાળ કરી એમાં પાણી ભેગું કર્યું. પાણી જાયને, ભેગું કરીને, પોતાની પાત્રી હતીને... સાંભળ્યું હશે કે નહીં? એ ભીખાભાઈ! ઘણા વખતથી ન્યાં મુંડાવ્યું છેને એણે. પછી પાત્રી મૂકીને કહે છે, 'નાવ તરે રે મોરી નાવ તરે, મુનિવર જળ સુ ખેલ કરે, એ મોહનીય કર્મના એ ચાળા..' કવિ બનાવે છે. 'મોહનીય કર્મના એ ચાળા, મુનિવર દોડે નાનડીયા બાળ.' એક એ હતા અને એક ગજસુકુમાર—બેયની વાત છે. ત્યાં મોટો સજ્જાય છે. સજ્જાય ચોપડીમાં આવે છે. છેન ચાર સજ્જાયમાળા. આ તો દુકાન ઉપર બધી વાંચેલી. આ બધું મોઢે કેટલુંક થઈ ગયેલું. વારંવાર વાંચતાને. એય! ૬૪-૬૫ની વાત છે.

'મુનિવર દોડે નાનડીયા બાળ..' ભગવાનને પૂછવા જાય છે. પાણીમાં નાખ્યુંને ઓલું, ભગવાનને પૂછવા જાય છે. પ્રભુ! આ સાધુ આવા કેવા? કેટલા ભવે મોક્ષે જશે? મહારાજ! ભગવાન કહે છે કે એ આ ભવે મોક્ષ જશે. અત્યારે આવ્યો રાગ એને, પણ સેવા કરો. .... સમજાણું? આ ભવે મોક્ષ જશે, ...જશે. આપણે એ નથી લેવું, પણ જેણે આત્માની નૌકા પ્રગટ કરી, દ્રવ્ય સ્વભાવમાં 'નાવ તરે મોરી નાવ તરે, એમ મુનિવર જળમાં ખેલ કરે.' અંતર આનંદમાં ખેલ કરે. એની મુક્તિ નજીકમાં છે. એનું નામ અતિમુક્ત. અતિમુક્ત નામ જ એ છે. ગોઠવેલું બધું ગોઠવેલું. લોકોને કઠણ પડે, આકરું પડે. શેઠ લોકોને..... ભાઈ! આવું ન હોય બાપા! એ ચીજ જ એવી ન હોય. આ તો ભગવાન આત્મા એને આહીં નૌકા કીધી છે. આહાહા! હા, પાત્રા-ફાત્રા ક્યાં હતા ને ... ક્યાં હતા? ભાઈ! અને ભગવાન આત્મા ત્રિકાળી જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ **તે શુદ્ધ તત્ત્વને...** આહાહા! જે સમ્યગ્દર્શનનો વિષય, જે શ્રદ્ધા સમ્યક્ નિર્વિકલ્પનો આશ્રય એવું જે શુદ્ધ તત્ત્વ એ નૌકા સમાન છે એટલે કે એ તત્ત્વનો આશ્રય લેનારને સંસાર રહેતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

ભાષા સહેલી છે હોં શોભાલાલજી! હવે થોડું તમારે રાખવું પડશેને. અમારે ગુજરાતીમાં શું આવું.... શેઠને હિન્દીમાં (જોઈતું) હોય તો આવવું પડશે વહેલા. નવા હોય તો પહેલાં સમજવા અભ્યાસ કરવો. જન્માર્ણવ... કૈલાસચંદજીએ લખ્યું હતું એકવાર. કૈલાસચંદજીએ લેખ લખ્યો હતો. વહાં જાના હો તો ઉનકી ભાષામેં સમજના. અપને ગુજરાતી સમજકર વહાં જાના, એમ લખ્યું છે. (ઉનસે) હિન્દી બુલાના એ ઠીક નહીં, એમ લખ્યું છે. આ તો લખાણ હતું. આહાહા! ભગવાન! કહે છે કે પોતે નૌકા તરે છે, આત્મા આમ તરતો છે, એમ કહે છે. ત્રણે કાળે ભગવાન રાગથી, પરથી, સંસારથી તરતો–જુદો છે. આહાહા! અને જેણે એનો આશ્રય લીધો, એને પર્યાયમાં મોક્ષમાર્ગની નૌકા પ્રગટ થઈ. એને અજ્ઞાનનો ને રાગનો અંધકાર નાશ થઈ અલ્પકાળમાં મુક્તિ થાય. આહાહા! સમજાણું કાંઈ? મહાભગવાન કલ્પવૃક્ષ, કામધેનુ.. આહાહા! ચિંતામણિ રત્ન.. આહાહા! ત્રણે કાળને કળનારો એ સર્વજ્ઞ ભગવાન. કળીકાળ સર્વજ્ઞ નહીં, પણ ત્રણે કાળનો જાણનારો સર્વજ્ઞ. સમજાય છે કાંઈ? આહાહા! ભાષા પણ તો જુઓ! પણ કેટલી કરી છે! મુનિઓને લાગે છે કે આહાહા! કઈ રીતે મૂકવું જગત પાસે. એ નવરંગભાઈ! હા, શબ્દો ઓછા પડ્યા. ભાઈએ લખ્યું છે, હિંમતભાઈએ લખ્યું છે મોઢા આગળ પ્રસ્તાવનામાં. આહાહા! એ ૧૭૪ થઈ. ૧૭૫.

**अभिनवमिदं पापं यायाः समग्रधियोऽपि ये**
**विदधति परं ब्रूमः किं ते तपस्विन एव हि ।**
**हृदि विलसितं शुद्धं ज्ञानं च पिंडमनुत्तमं**
**पदमिहमहो ज्ञात्वा भूयोऽपि यान्ति सरागताम् ॥१७५॥**

આહાહા! અરેરે! મુનિ! **શ્લોકાર્થ : અમે પૂછીએ છીએ કે—જેઓ સમગ્ર બુદ્ધિવાળા...** ઘણી બુદ્ધિવાળા તમે બધું જાણનારા એવું માનો છો, એમ કહે છે. સમજાણું કાંઈ? અમે જાણે ઘણી બુદ્ધિવાળા છીએ, બુદ્ધિવંતા છીએ, વિદ્વાન છીએ, ઘણા શાસ્ત્રને અમે જાણ્યા માટે અમે વિદ્વાન છીએ. અરે! આવા સમગ્ર બુદ્ધિવાળા **હોવા છતાં બીજાને 'આ નવું પાપ કર' એમ ઉપદેશે છે...** આહાહા! રાગ કર તને લાભ થાશે, એવું કહે છે. આ તે તું કોણ છો? તપસ્વી છો? એમ કહે છે.

શ્રોતા : લાભ કરો એમ તો ન કહે, પુણ્ય કરો એમ કહે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો એનું એ થયું. પુણ્ય કર, તને લાભ થશે. અરેરે! એ બુદ્ધિવાળા મોટા! તેં આ શું કર્યું? એમ કહે છે. મોટા મોટા વિદ્વાન બનીને (કહે), નહીં, એ પુણ્યપરિણામ કરતા-કરતાં કલ્યાણ થશે. વ્યવહાર ક્રિયાકાંડ કરતાં-કરતાં, મહાવ્રત પાળતાં કલ્યાણ થશે. મહારાજ! મૂરખ છો? બુદ્ધિવાળો કહીને તો મૂરખ ઠરાવ્યો છે. આ ભોળા છે, રાજા માણસ છે, એમ નથી કહેતા? એટલે મૂર્ખ કહેવાય, એનો અર્થ. આ રાજા માણસ છે ભાઈ! એટલે એનો અર્થ, ભાન વિનાનો છે. આહાહા! આવી બુદ્ધિ તેં કીધી ઘણા જાણપણાને... રાગ કહેશે, પાઠમાં છેને. **सरागताम्...** છેલ્લો શબ્દ છે. મૂળ હેતુ એ સિદ્ધ કરવો છે. આહાહા!

અરે! ઘણી બુદ્ધિવાળો હોવા છતાં (કહે), આ નવું પાપ કર. અરે! પુણ્યના રાગને કર. આ શું તને થયું? મૂલચંદભાઈ! આવી વાત છે ભાઈ! સાધુ નામ ધરાવી, જાણપણા શાસ્ત્રનો સાર આ છે. એ ... રાગ કરતા-કરતા થશે. અરે! વસ્તુનું સ્વરૂપ એ નથી. સમજાણું કાંઈ? નાંખવું છે તો એ કે 'વ્યવહાર કર' એમ કહેનારો તું આવી બુદ્ધિવાળો શું કરે છે તું આ? વીતરાગ ભગવાન આત્મા ત્રણ લોકનો નાથ... સમજાણું કાંઈ? કહેશે. આહાહા! ભગવાન! હૃદયમાં શુદ્ધ જ્ઞાન અને સર્વોત્તમ પદાર્થ એવું લક્ષમાં તને આવ્યા છતાં, લક્ષમાં (એટલે) શાસ્ત્રથી જાણવામાં, આવ્યા છતાં (કહે), આ રાગ કરવા જેવો છે, પુણ્ય કરવા જેવું છે. શું કહે છે તું આ? માથું ફરી ગયું છે તારું? તપસ્વીને કહે છે. મોહનલાલજી! આહાહા! તું ભગવાનનો દાસ નથી, રાગનો દાસ છો. સમજાણું કાંઈ?

'તું નવું પાપ કર' એવો ઉપદેશ (આપનારા) **તેઓ શું ખરેખર તપસ્વી છે?** એ શું કાંઈ સાધુ છે? એમ કહે છે. મોક્ષમાર્ગ કહેવો છે ને. નિશ્ચય મોક્ષમાર્ગ તો દ્રવ્યને આશ્રયે વીતરાગતા થાય, એ વીતરાગતાથી મુક્તિ થાય. અને આ તેં ક્યાંથી લાકડું ઘાલ્યું? આહાહા! મૂલચંદભાઈ! એ બધું સાંભળ્યું હતું અત્યાર સુધી. આ શેઠે ક્યાં સાંભળ્યું છે ત્યાં? આ દાન-બાન આપે આ થાય, તમારું ધર્મધુરંધર... ઓલામાં સમાજભૂષણ કરે, આહીં ધર્મધુરંધર. એ જ કહે છે, પણ આ ઉપદેશક કોનો તું? તું આ વીતરાગના નામનો ભેખ તારો નગ્ન અને તું રાગથી લાભ મનાવે, કોણ છો તું આ? તપસ્વી છો? એમ કીધું જુઓને! **તેઓ શું ખરેખર તપસ્વી છે?** જેઠાભાઈ! આહાહા!

ભગવાન! તારા સ્વરૂપની સ્થિતિ વીતરાગસ્વરૂપ જ છે. 'જિન સો હી આત્મા...' તો એ વીતરાગની પરિણતિ—જે વસ્તુ છે એની પરિણતિ—દ્વારા પ્રાપ્ત થાય, એ રાગથી પ્રાપ્ત થાય નહીં. આહાહા! ભારે .... કહ્યું છે હોં. પહેલા આવી ગયું છે. વ્યવહાર રત્નત્રય નામમાત્ર પણ અનંતવાર તેં સેવ્યું છે. ...માં આવી ગયું છે. કથનમાત્ર, વ્યવહારરત્નત્રય એટલે કથનમાત્ર. વસ્તુ છે વ્યવહાર? એ નિજઘરની ચીજ છે? પરઘરની ચીજે નિજઘર મળે? શું કહે છે તું આ? કોણ છો તું? વીતરાગ નામ ધરાવે ને આ તો તું અજ્ઞાન પાખંડ સેવે છે, એમ કહે છે. ભાઈ! આ શું ચીજ છે? વીતરાગના ભેખ ધારણ કર્યા, વીતરાગનો વેષ લીધો નગ્નપણું આદિ. લૂગડાં હોય તો વીતરાગનો વેષેય નથી. આહાહા! એ જયંતિભાઈ! શું આ કહે છે?

અરે! તું રાગની કણિકાથી ભિન્ન (છો અને કહે રાગથી) લાભ થાય, આવી પ્રરૂપણાનો ઉપદેશ તે તું તપસ્વી છો? કે રાગી છો? આહાહા! ઓલંભો આપે છે ઓલંભો–ઠપકો. મા કહેને છોકરાને કે માળા ગાંડો છો? આ હું બેઠી છું ને તોફાન કરે છો? એમ ભગવાન આહીં કહે છે, આહાહા! મુનિ હોં, એલા! પરમાત્મા અંદર બિરાજે છે વીતરાગ. એને તું રાગને લઈને લાભ થાય એમ બતાવે છે? શું કરે છે તું આ? આહાહા! અમરચંદભાઈ! આહાહા! વ્યવહાર આલોચનામાં આવ્યું હતુંને ભાઈ! વિધિ-નિષેધ. મશ્કરી કરી છે. વ્યવહાર આલોચનાની મશ્કરી કરી છે. આમ થાય ને આમ કરવું ને આમ ન કરવું, એ બધું વસ્તુ ક્યાં છે? રાગ કરવો ને અશુભરાગ ટાળવો ને શુભરાગ કરવો—એ વસ્તુમાં ક્યાં છે? આ શું તું....? સમજાણું કાંઈ?

અરેરે! **અમે પૂછીએ છીએ**... આહાહા! **જેઓ સમગ્ર** નામ મોટી **બુદ્ધિવાળા હોવા છતાં**... ઘણી બુદ્ધિ આ ધારણાની. **બીજાને 'આ નવું પાપ કર'**... અરે! તું રાગ કર અને રાગથી તને લાભ થાય એવો જે ઉપદેશ છે, તેઓ ખરેખર મુનિ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? **અહો! ખેદ છે કે તેઓ હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ પિંડરૂપ આ પદને જાણીને ફરીને પણ**... જાણીને ફરીને પણ **સરાગતાને પામે છે!** અરે! રાગથી લાભ પામે (એમ કહે), શું કરે છે તું આ? આહાહા! ભગવાન તો વીતરાગમૂર્તિ છે. વીતરાગ પરિણતિ દ્વારા એને મુક્તિ થાય. એને ઠેકાણે આ રાગથી થાય, મોક્ષનો માર્ગ બે, રાગથી થાય ને વીતરાગતાથી થાય... આહાહા! શું તું કરી રહ્યો છો? સમજાણું કાંઈ? જેઠાભાઈ! આવું જ બધું સાંભળવાનું મળે છે, એ જ સાંભળ્યું છે. જાદવજીભાઈ! સમજાણું આ? આ બધા અગ્રેસરો હતાં ત્યાં. હા, આમ કરો, આમ કરો, આમ કરો. શુભક્રિયા સદાચરણ કરો અને સદાચરણથી... પણ સત્ આચરણ કહેવું કોને એ ખબર છે તને? સત્-આચરણ, રાગ એ સત્-આચરણ છે? એ તો અસત્ આચરણ છે. સત્-આચરણ કોને કહીએ? સત્ એવો ભગવાન ત્રિકાળી વીતરાગમૂર્તિ, એમાં એકાગ્રતાનું જે આચરણ તેને સત્-આચરણ કહે છે. રાગભાવ એ સત્-આચરણ છે? જેઠાભાઈ કહે, અમનેય ખબર નહોતી. ધીરુભાઈ! આહાહા!

મુનિપણું વસ્તુ એક છેને અંદર. આહાહા! વીતરાગભાવનું.... અરે! **હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ પિંડ**... પદાર્થ–બળ જે બળવંત ચૈતન્ય પ્રભુ એને નિર્બળ, નાલાયક,

પામર, રાગ, રંક એનાથી પ્રાપ્તિ થાય (એમ) તું કહે છે, આ શું કરી રહ્યો છો? એમ કહે છે. **ફરીને જાણીને** (એટલે) લક્ષમાં છે કે આવું છે, એમ. જાણીને... જાણ્યું છે મગજમાં. એ તો ઓલામાં નથી આવતું સર્વવિશુદ્ધમાં. આગળ આવે છેને ભાઈ! જાણીને પણ શિવબુદ્ધિને પામતો નથી. છે? ગુલાબચંદભાઈ! સર્વવિશુદ્ધ અધિકાર. આવું તને ખ્યાલ–ક્ષયોપશમમાં આવ્યું છતાં શિવબુદ્ધિને પામતો નથી તું. હા, માનસિક ખ્યાલમાં આવ્યું જરી એમને એમ, એ ક્ષયોપશમભાવ છે એમ કહે છે. એને ઉડાડ્યો છે આહીં. સમજાણું કાંઈ? આહાહા! **સર્વોત્તમ પિંડરૂપ**... પિંડ નામ પદાર્થ અથવા બળ. આ પદને જાણીને એમ તારા ખ્યાલમાં–ક્ષયોપશમમાં આવ્યું છે, પણ ફરીને પાછું ગુંલાટ ખાઈને રાગથી લાભ થાય (એમ) સરાગતાને પામે છે, (તો) તું મુનિ નહીં હોં, તું તપસ્વી નહીં, તું સંસારી મૂઢ છો એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

સર્વોત્તમ પ્રભુ મહા.... આહીં તો તત્ત્વની–આત્માની વાત લેવી છેને. જે મહાપ્રભુ ચૈતન્ય વીતરાગની કાતળી, અરે! અતીન્દ્રિય આનંદનું ચૂસણું, જેને ચૂસવાથી અતીન્દ્રિય આનંદ આવે. એવો અતીન્દ્રિય આનંદ રાગથી પ્રાપ્ત થાય આવી વાત તું કરે છે, શું કરે છે તું આ? આહાહા! શેઠ! બાણ મારે... અરે! અમારા વીતરાગપંથમાં આવી, વીતરાગની ગાદીએ બેસીને આવા ધંધા તારા? સમજાણું કાંઈ? ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ એના મુનિમની ગાદી કેવી હોય? આ બેઠો ને આવી વાતું કરે છે ત્યાં ઘાંચીના તેલ જેવી? સમજાણું કાંઈ? આહાહા! **સર્વોત્તમ પિંડરૂપ આ પદ**... તારા ખ્યાલમાં સાંભળીને આવ્યું છે, છતાં તને રુચિ બેઠી નથી. માટે **સરાગતાને પામે છે**. રાગભાવને પામે છો, તું પાપી છો. તું તપસ્વી ને સાધુ નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા વદ ૨, સોમવાર, તા. ૬-૯-૧૯૭૧
## શ્લોક – ૧૭૬-૧૭૯, પ્રવચન નં. ૧૧૬

નિયમસાર, પરમ આલોચના અધિકાર, એનો ૧૭૬ કળશ. આલોચનાના ચોથા ભાગની ગાથા છે એના બધા કળશો છે. કેમ છે ભાઈને–રાજમલજીને? ચકરી આવી હતી. ..... ચકરી આવી હતી બે વાર. પડી ગયા ત્યાં. ગુનાવાળા રાજમલજી. ...... આમ બધા નીકળ્યા ને પડી ગયા, ચકરીમાં પડી ગયા. ..... લઈ ગયા આમ. ..... કૈસે હૈં? ...લાલજી? ઠીક હૈં. કમજોરી હો ગઈ હૈ, કમજોરી. કમજોરી હૈ. ૧૭૬ કળશ.

**जयति सहजं तत्त्वं तत्त्वेषु नित्यमनाकुलं**
**सततसुलभं भास्वत्सम्यग्दृशां समतालयम् ।**
**परमकलया सार्धं वृद्धं प्रवृद्धगुणैर्निजैः**
**स्फुटितसहजावस्थं लीनं महिम्नि निजेऽनिशम् ॥१७६॥**

શું કહે છે? **શ્લોકાર્થ : તત્ત્વોમાં તે સહજ તત્ત્વ જયવંત છે...** સાત તત્ત્વ છે, એમાં પર્યાયતત્ત્વથી આ દ્રવ્યતત્ત્વ સહજ જયવંત છે એમ કહે છે. સાત તત્ત્વોમાં જીવની પર્યાય એક સમયની, અજીવ, સંવર, નિર્જરા, બંધ, આસ્રવ, મોક્ષ આદિ—એમાં એક તત્ત્વ પરમતત્ત્વ નિર્મળ છે. ત્રિકાળ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, સાત તત્ત્વમેં વહ એક હી તત્ત્વ નિર્મલ હૈ. સંવર, નિર્જરા, મોક્ષ ભી નિર્મલ નહીં કહા. નિર્મળ કહ્યું, પરમ નિર્મળ નહીં. સમજમેં આયા? સહજ તત્ત્વ... આહાહા! જયવંત હૈ. જો સદા અનાકુલ હૈ. નિત્ય ભગવાન આત્મા જો સમ્યગ્દર્શનકા વિષય હૈ, સમ્યગ્દર્શનનું ધ્યેય છે એ **સદા અનાકુળ છે...** ત્રિકાળી આનંદસ્વરૂપ છે. આહાહા! કરીને આ કરવાનું છે. લાખ વાંચે, ભણે, સમજે, પણ ત્રિકાળી અનાકુળ આનંદકંદ ઉસ ઉપર દૃષ્ટિ દેના અને ઉસમેં સ્થિર હોના વહ કર્તવ્ય હૈ. આહાહા! સમજમેં આયા?

**કે જે સદા અનાકુળ છે...** આહા! જયવંત છે. કેવું જયવંત છે? કે ત્રિકાળ આનંદરૂપ જયવંત છે. અને **જે નિરંતર સુલભ છે...** આહાહા! પરના અભ્યાસે એ દુર્લભ દેખાય છે. પોતાનો નિજ સ્વભાવ સત્ છે એ સરળ છે, સર્વત્ર એની પ્રાપ્તિ છે. શ્રીમદ્માં આવે છે, 'સરળ છે, સુલભ છે.' દુર્લભ તરીકે માન્યું છે એમ કહે છે. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, નિર્વિકારી આનંદસ્વરૂપ, ચૈતન્યબિંબ સતત સુલભ છે. આહાહા! પોતાનો નિજ સ્વભાવ એ પોતાને પામવા માટે દુર્લભ કેમ હોય? એમ કહે છે. રાગ અને રજકણ એને પોતાના કરવા હોય તો એ દુર્લભ છે. દુર્લભ નહીં, પણ અશક્ય છે. રાગનો કણ, દયા, દાન, વ્રત, ગુરુભક્તિ, (જિન)વાણીની ભક્તિ વિગેરે— એ રાગનો કણ પોતાનો કરવો એ અશક્ય છે. કદી નહીં થાય. રજકણ તો ન થાય, શરીર, વાણી,

મન, લક્ષ્મી આદિ એનો એક રજકણ પણ આત્માનો ન થાય. કેમકે એ ભિન્ન તત્ત્વને પોતાનો કરવો અશક્ય છે. રાગ અને રજકણ બે પરવસ્તુ એને પોતાની કરવી અશક્ય છે. પણ પોતે પોતાનું સ્વરૂપ છે તે અશક્ય કેમ હોય? એમ કહે છે. જેની નજરું નાખતાં, જે વસ્તુ પડી જ છે એમ કહે છે. આહાહા!

અંતર્મુખ જ્ઞાયકભાવ ભાવ આ, એ છે, એ જયવંત છે એમ કીધું, આનંદ છે એમ કહ્યું, સરળ છે, સહજ છે, સુલભ છે. અંતર જ્ઞાન... 'યે જ્ઞાન હૈ, જ્ઞાન' એમ જે ચીજ છે એ પામવી તો સુલભ થઈ જશે. આહા! સમજાય છે કાંઈ? **જે પ્રકાશવંત છે...** એ પ્રકાશવંત છે એકલો જ્ઞાનનો નૂર, જ્ઞાનનો પૂર પ્રભુ, ચૈતન્યનો પુંજ, ચૈતન્યનો પુંજ–પ્રકાશનો પુંજ છે. ઓહો! **જે સમ્યગ્દષ્ટિઓને સમતાનું ઘર છે...** જેણે જોયું છે એને સમતાનું ઘર છે એમ કહે છે. જેને ખબર નથી એને સમતાનું ઘર ક્યાંથી આવે? એમ કહે છે. એ આત્મા એકલો સમતાનો પિંડ છે, એ વીતરાગમૂર્તિ આત્મા, અનાદિ-અનંત વીતરાગમૂર્તિ આત્મા.. આહાહા! એવું સમ્યગ્દષ્ટિને ભાસ્યું છે. અંતરમાં જોયું અને જાણ્યું છે, એથી એને સમતાનું ઘર છે. એથી એને સમતાનું સ્થાન એ છે. સમજાણું કાંઈ? આહાહા! આત્માના ગાણા!

**જે પરમ કળા સહિત વિકસિત નિજગુણોથી વિકસેલું (ખીલેલું) છે...** ત્રિકાળ હોં અંદર, પરમકળા અંદરની. જે કળા આવે છે એ પ્રગટ થયેલી છે. આ પરમકળા અંદર જ્ઞાન ને આનંદની કળાથી... જેમ મોર ખીલે, એવી ખીલેલી શક્તિ જ એવી પડી છે કહે છે. **જે પરમકળા સહિત વિકસિત નિજગુણોથી**... પોતાના અનંત ગુણોથી પ્રગટરૂપ–પ્રગટ વ્યક્તરૂપ–વિકસિત–ખીલેલું જ છે અંદર. આહાહા! સમજાણું કાંઈ? અરે! એક પણ બોલ યથાર્થ દ્રવ્યનો પકડે (તો) નિકાલ થઈ જાય, લાખ વાત બીજી હોય કંઈ. ભગવાન આત્મા, કહે છે, અનંત ગુણોથી ખીલેલું એટલે અનંત ગુણો વિકસિત પડ્યા જ છે એમ કહે છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ગુણની ખીલેલી શક્તિ બધી પ્રગટ છે, એમ કહે છે.

**જેની સહજ અવસ્થા પ્રગટ છે...** અવસ્થા શબ્દે ત્રિકાળી વસ્તુ. અવસ્થા એટલે પર્યાય ન લેવી. જેનું હોવાપણું–અવ-સ્થ, પોતાનું નિશ્ચય સહજ સ્થ–રહેવાપણું છે એ પ્રગટ જ છે. આહાહા! સમજાણું કાંઈ? જેની સહજ શક્તિ–સ્વભાવ પ્રગટ જ છે, આખો પ્રગટ ભગવાન છે. એને વિશ્વાસમાં આવવો જોઈએ, એમ કહે છે, તો પ્રગટ છે એમ ભાસે. વિશ્વાસમાં ન આવે, રાગ ને એક સમયની પર્યાયનો વિશ્વાસ (છે) એને આ પ્રગટ છે એમ વિશ્વાસ કેમ આવે? આહાહા! જુઓને! એક મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવની ટીકા! દિગંબર સંત, વનવાસી. સિદ્ધ સાથે વાતું કરે છે. પ્રભુ! હું તો થોડા કાળમાં સિદ્ધ થઈને ત્યાં આવીશ. પ્રભુ! પણ મારામાં 'તમે પૂર્ણ છો' એ મને એકવાર અનુભવમાં આવ્યું એટલે તારી સમીપે–નજીકમાં આવવાનો છું. સમજાણું કાંઈ?

**અને જે નિરંતર નિજ મહિમામાં લીન છે.** આહાહા! એની મહિમા શું! કહે છે. સહજાત્મસ્વરૂપ.. સહજાત્મસ્વરૂપ.. સ્વભાવિકસ્વરૂપ... સ્વભાવિક આનંદ અને નિર્વિકલ્પ પિંડ એની મહિમામાં એ લીન છે, એની મહિમામાં જ એ પડ્યા છે એમ કહે છે. આહાહા! એ બહાર આવતા નથી. આહાહા! સમજાય છે કાંઈ? એને, કહે છે કે પરની કોઈ મહિમાની જરૂર નથી, એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા કરે તો આ મહિમાવાળી વસ્તુ પ્રગટે એવી એ ચીજ નથી. એ ચીજ તો નિજ મહિમામાં જ લીન પડી છે. આહાહા! એની સામું જોતાં એ નિજમહિમાવાળું જે તત્ત્વ છે એને બીજા કોઈ તત્ત્વની મહિમાની કંઈ જરૂર નથી. આહાહા! સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ પોતાની પરમેશ્વરતાથી શોભિત મહિમામાં નિરંતર લીન છે. આહાહા! વસ્તુસ્વભાવ એક સમયની પર્યાય વિનાનો છે, રાગ વિનાનો તો છે જ, રાગ તો ક્યાંય રહી ગયો, પણ જે પર્યાય–અવસ્થા ત્રિકાળી તરફ ઝુકે છે, એ પર્યાય વિનાનું એ તત્ત્વ છે. સમજાણું કાંઈ?

પરિપૂર્ણ લક્ષ્મી, સ્વરૂપની લક્ષ્મીની મહિમામાં પરિપૂર્ણ લીન છે. મહિમામાં લીન... **નિરંતર નિજ મહિમામાં લીન**, એમ છેને? **अनिशम्** પહેલું આવ્યું હતું. **सततसुलभं...** અહીંયા **अनिशम्...** નિરંતર નિજમહિમા... ઓહો! કેવળજ્ઞાનની મહિમા ગાય લોકો. આ તો એવી-એવી અનંતા-અનંતા કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ પ્રભુ, એવી નિજ મહિમામાં મશગુલ–લીન છે પોતે. આહાહા! સમજાણું કાંઈ? એવા તત્ત્વને દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવવું, એ માટે આ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પ્રથમમાં પ્રથમ કર્તવ્ય આ છે. ૧૭૬ થઈને. ૧૭૭.

**सहजपरमं तत्त्वं तत्त्वेषु सप्तसु निर्मलं**
**सकलविमलज्ञानावासं निरावरणं शिवम् ।**
**विशदविशदं नित्यं बाह्यप्रपंचपराङ्मुखं**
**किमपि मनसां वाचां दूरं मुनेरपि तन्नुमः ॥१७७॥**

**શ્લોકાર્થ : સાત તત્ત્વોમાં** જે **સહજ પરમ તત્ત્વ નિર્મળ છે...** આહાહા! દેખો! ઓલા તત્ત્વોમાં સહજતત્ત્વ જયવંત છે એમ કહ્યું હતું. **સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે**, એમ કહે છે. મોક્ષની પર્યાય કરતાં પણ એ જે ત્રિકાળી તત્ત્વ છે એ પરમ.. પરમ.. પરમ નિર્મળ, પરમ તત્ત્વ નિર્મળ છે. આહાહા! સ્વભાવ છેને! સ્વભાવની મહિમા શું કરીએ? એને શું મહિમા ન હોય? એમ કહે છે. આહાહા! એક સમયનું કેવળજ્ઞાન એની મહિમા દુનિયા ગાય.. ઓહોહો! કેવળજ્ઞાન એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એક સમયમાં. એવી-એવી તો અનંતી.. અનંતી.. અનંતી.. અનંતી પર્યાયનો એક ગુણ જ્ઞાન, એવી એક-એક શ્રદ્ધાની પર્યાય, એવી અનંતીનો એક શ્રદ્ધાગુણ, એવા અનંત ગુણના માહાત્મ્યવાળું આખું તત્ત્વ. આહાહા! સમજાય છે કાંઈ?

**સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ**... સ્વભાવિક પરમતત્ત્વ... ઓલા સંવર, નિર્જરાદિ સહજ નથી, એમ. એ તો પ્રગટ થાય છે, પ્રગટ થાય છે. આ તો સ્વભાવિક ત્રિકાળ છે. સમજાણું કાંઈ? પ્રગટ થાય ત્યારે એને તત્ત્વ કહેવું. આ તો ત્રિકાળી પ્રગટરૂપ ત્રિકાળ નિર્મળાનંદ છે. આહાહા! આત્મા શું ચીજ છે એના સ્વભાવના ગાણા સાંભળ્યા નથી. આ દયા કરો ને વ્રત પાળો ને અપવાસ કરો ને. એ શેઠ! દાન કરો, એમ કહે લ્યો. અનંતા-અનંતા નિર્મળ પર્યાયનું દાન આત્મા પોતાની પર્યાયમાં આપે, નિર્મળ વીતરાગી પર્યાયનું હોં, એવી અનંતી પર્યાયનું દાન રૂપ સંપ્રદાન નામના ગુણમાં પડ્યું છે. આહાહા! 'સંપ્રદાન' નામનો ગુણ છેને આત્મામાં. 'સંપ્રદાન' ૪૭ શક્તિમાં આવે છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. રાગનું દાન એ કંઈ વસ્તુ જ નથી. પરનું દાન એ આત્મા દઈ શકતો નથી. પણ આત્માની વીતરાગી પર્યાય પ્રગટ કરીને પોતે પોતાને દે, એના કરતાં પણ અનંત ગુણું.. અનંત-અનંત ગુણું દાન સંપ્રદાનગુણમાં પડ્યું છે. એવું એ તત્ત્વ નિર્મળ છે. આહાહા!

**સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે**... સર્વથા નિર્મળ જ્ઞાનનું ક્ષેત્ર છે. પરમ જ્ઞાનનું ક્ષેત્ર (એટલે) પરમજ્ઞાન ત્યાં રહે છે એમ કહે છે. એ રાગનું રહેઠાણ નહીં, પર્યાયનું રહેઠાણ નહીં. આહાહા! રહેનારને રહેઠાણનું સ્થાન એ છે, એમ કહે છે. આવે છેને નિર્જરામાં– નિર્જરા અધિકારમાં? 'સ્થાતાનું સ્થાન'. (સમયસાર, ગાથા ૨૦૩). ઓહોહો! કહે છે... આહીં તો કહે છે કે વિમળ જ્ઞાનનું રહેઠાણ ત્રિકાળ છે. હવે જે જીવ, સ્થિર જેને રહેવું હોય એ સ્થાને, તો એ સ્થિર રહેવાનું સ્થાતાનું સ્થાન તો આત્મા છે, રહેવાયોગ્ય રહેઠાણ એ છે. આહાહા! આ મકાન કરીને રહે છેને. મકાન કર્યા, આહીં અમારા રહેવાના ઘરના મકાન થયા. ઘરનો ઓટલો કહેવો. ભૂખ્યા-તરસ્યા પણ ઓટલો હોય તો પડ્યા રહીએ, એમ વાતું કરે માણસ. ઓટલો એટલે ઘર. માને છે એવું. એમ કે આપણે મકાન ઘરના હોય તો ભૂખ્યા-તરસ્યા પણ પડ્યા રહીએ, ઓટલો ઘરનો હોય તો. એમ બાઈઓ વાતું કરે, નવરી હોયને જરી.

કાંઈ મકાન બનાવ્યું હોય ૨૫-૫૦ હજારનું, ૨૫-૫૦ હજારનું બનાવ્યું હોય, લાખ-બે લાખનું. આમ વાતું કરે. ઓહો! અંતે તો ઘરમાં રહેવું છે ને. ઘર હોયને ઘરના, તો ભૂખ્યા, તરસ્યા, રોગી હોઈએ તો પડ્યા રહીએ. એ રહેવાનાં રહેઠાણ છે અજ્ઞાનીના. એ ક્યાં રહી શકે એવું છે ત્યાં? ભર્યા ઘરમાંથી મરીને જાય સ્મશાનમાં. શરીર. શરીર.., ઓલો તો ક્યાંય ચાલ્યો જાય. આહાહા! ઝરીના કપડા, ઝવેરાત સાથે, પાથર્યા પલંગે સૂતો હોય, એ મરીને સ્મશાનમાં જાય શરીર. અને ઓલો મરીને ક્યાં જાય? કાગડો-કૂતરો થાય. એવી મમતામાં મરે, કૌઆ થાય, કુત્તા થાય, કંથવા થાય. આહાહા! આ તો રહેઠાણ ત્રિકાળ જ્ઞાનનું અને એને જેણે દૃષ્ટિમાં લીધો, એને રહેઠાણ જ્ઞાનમાં સ્થિર થઈ ગયું છે. આહાહા!

**નિરાવરણ છે** ભગવાન આત્મા. આવરણ કેવું? વસ્તુ-તત્ત્વ જે શક્તિના સમૂહનો પિંડ એને આવરણ શું? એ તો વસ્તુ છે, નિરાવરણ છે. જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ (ઇત્યાદિ) એવી શક્તિઓ જે આખી, એનું એકરૂપ નિરાવરણ છે. સમજાય છે કાંઈ? એવા નિરાવરણ તત્ત્વને પકડવું અને સ્થિર થવું એ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. બાકી બધી વિકલ્પની ક્રિયા આ ને તે. આહાહા! ભગવાન તો એમ કહે કે મારું ભજન કરવું એ તારે છોડવા જેવું છે. એય! આહાહા! હોય ખરો વ્યવહાર, પણ એ વ્યવહાર છોડવા જેવો છે કહે છે. આહાહા! ગજબ વાત છે!

**શિવ છે**... એ ભગવાન શિવ-કલ્યાણ સ્વરૂપ જ છે. કલ્યાણ કરવું એ તો પર્યાયમાં છે. આહાહા! આ તો કલ્યાણસ્વરૂપ જ છે. નમોત્થુણંમાં આવે છે 'સિવમયલમરુયમણંત..' આમાંય આવે છે, આપણેય આવે છે. પણ આ લોકોને એ ક્યાં..... નમોત્થુણંમાં આવે છે. નમોત્થુણંમાં પાઠ આવે છે, પડિકમણામાં દિગંબરમાં. 'નમોત્થુણં અરિહંતાણં' નથી આમ બોલાતું? ...... એમાં આપણામાં આવે છે 'સિવમયલમરુયમણંત મક્ખયમવ્વાબાહ...' નમોત્થુણંમાં આવે છે. હે ભગવાન! આપ શિવસ્વરૂપ છો, કલ્યાણસ્વરૂપ. શિવ એટલે કલ્યાણ. 'શિવં અયં અચળં' છે શબ્દ. અચળ છો. અયં.. 'શિવમયલયમરુયમણંત..' આ જન્મ-મરણ કંઈ છે જ નહીં આપને. એકલો ભગવાન આત્મા... 'અનંત અવ્યાબાધ' એમ શબ્દ છે.

'અણંત અવ્યાબાહ અપુણરાવિત્તિ..' ફરીને આપનું ગમન સંસારમાં છે નહીં. નમોત્થુણં કર્યું હતું કે નહીં? અર્થ આવડતા હતા? અર્થ આવડતા હતા? એમ પૂછ્યું. એમને એમ ગડિયો હાંકતા હતા. નમોત્થુણં સામાયિકમાં આવે છે. સામાયિકમાં આવે છે. સામાયિકનો પાઠ. પહેલો 'ણમો અરિહંતાણં, .... તસ્સઉત્તરિ, .... લોગસ્સ .... અને સાતમું નમુત્થુણં—સાત પાઠ આવે છે. સામાયિકમાં આવે છે. સામાયિક કરે એને ખબર પડેને? સામાયિકવાળાને દરરોજ આવે. કાયમ સામાયિક કરતા હોય સાત પાઠ પહેલા બોલે. નમોત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસ-સીહાણં, પુરિસ-વરપુંડરીયાણં.... શિવમયલમરુયમણંત-મક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ, સિધ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં... સમજાણું કાંઈ?

શ્રોતા : બાંધી ગયેલા છે, છોડવાની વાત નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : એને છોડવાની ક્યાં કોઈ ભાન છે? ગડિયા હાંકે. ભગવાન આત્મા તો કલ્યાણની મૂર્તિ છે. સમજાય છે કાંઈ? જ્યારે-જ્યારે નજર નાખો ત્યારે કલ્યાણ એમાંથી પ્રગટ થાય, એમ કહે છે. એવું કલ્યાણસ્વરૂપ છે. નિર્વિકલ્પ, નિરાકુળ આનંદનું ધામ એવું શિવ પોતે મોક્ષસ્વરૂપ જ છે.

**સ્પષ્ટ-સ્પષ્ટ છે**... **વિશદ** કીધુંને. **વિશદવિશદં**.. સ્પષ્ટ-સ્પષ્ટ (અર્થાત્) પ્રત્યક્ષ છે. આહાહા! વસ્તુ પ્રત્યક્ષ જ છે અને પર્યાયમાં પ્રત્યક્ષ થાય ત્યારે 'આ પ્રત્યક્ષ છે' એવું ભાન

થાય. સમજાણું કાંઈ? મતિ-શ્રુતજ્ઞાનમાં, મતિ-શ્રુતજ્ઞાન વસ્તુને પ્રત્યક્ષ જાણે, રાગ વિના, નિમિત્તના અવલંબન વિના, સમ્યગ્જ્ઞાનનો મતિ-શ્રુતપર્યાય આત્માને પ્રત્યક્ષ જાણે. તો કહે છે, આ તો, પ્રત્યક્ષ-પ્રત્યક્ષ વસ્તુ છે જ આ તો. ત્યારે એમાંથી પ્રત્યક્ષનો અંશ આવ્યો, એમ. સમજાય છે કાંઈ? આહાહા! મતિ-શ્રુતજ્ઞાનમાં ચૈતન્યનું સ્વસંવેદન પ્રત્યક્ષપણું થયું, ત્યારે એમાં જણાણું કે આ વસ્તુ તો પ્રત્યક્ષ-પ્રત્યક્ષ જ છે. એવી પ્રત્યક્ષ-પ્રત્યક્ષ ન હોય તો અંશે પ્રત્યક્ષપણું આવ્યું ક્યાંથી? એમ કહે છે. આહાહા! ગજબ વાત છે! હીરાલાલજી! સમજાણું કાંઈ?

પ્રત્યક્ષપણું, સમ્યગ્દર્શન થતાં જ્ઞાનમાં પ્રત્યક્ષપણું થયું (કે) આ આત્મા રાગ ને નિમિત્ત ને મનના અવલંબન વિના જણાય એવી ચીજ છે. એમ જ્યારે મતિ-શ્રુતથી જાણ્યું (કે) આ તો સ્પષ્ટ પ્રત્યક્ષ-પ્રત્યક્ષ જ છે. પ્રત્યક્ષના અંશમાં જ્યારે આવ્યો તો એ વસ્તુ તો આખી પ્રત્યક્ષ-પ્રત્યક્ષ જ છે, એમ. આહાહા! મુનિએ પણ કઈ રીતે કહ્યું છેને! આહાહા! હવે આવી વાત આવે છે ઓલામાં પદ્મનંદીમાં. એવો આત્મા સાંભળવો, એવો આત્મા પૂછવો, આવા આત્માનું ચિંતવન કરવું, એવા આત્માનું વાંચન કરવું, એવી આત્માની વાંચણી દેવી. ઘણા બોલ આવે છે. યોગસારમાં આવે છે, પદ્મનંદીમાં આવે છે. પદ્મનંદીમાં થોડા આવે છે, આમાં ઝાઝા છે. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા અધ્યાસવો, અભ્યાસવો, વિચારવો, ચિંતવવો, ધ્યાવવો, સાંભળવો, કહેવો, પૂછવો. આહાહા! પૂર્ણ પ્રત્યક્ષ છે, આ અંશે પ્રત્યક્ષ છેને. આ અંશે પ્રત્યક્ષ... ના, આ આખી ચીજ જ પ્રત્યક્ષ-પ્રત્યક્ષ હતી તો અંશે પ્રત્યક્ષપણું પ્રગટ્યું એમ કહે છે. કાંઈ બહારથી આવ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા!

સ્પષ્ટ–**વિશદ**–સ્પષ્ટ. એ **નિત્ય છે**... કાયમી તત્ત્વ છે. મોક્ષ ને સંવર-નિર્જરા તો બદલે છે, નવી (થાય છે), એ કાંઈ કાયમ તત્ત્વ નથી. કહો, મોક્ષની પર્યાય પણ કાયમ તત્ત્વ નથી. એક સમયની પર્યાય છે. આગળ આવી ગયું છે ૧૫૪ કળશમાં. સાત તત્ત્વમાં બીજા બધા તત્ત્વો નાશવાન છે. ૧૫૪ કળશમાં આવી ગયું. ત્યાંય પહેલું કહ્યું જેતપુર. સ્વાગત.... દસ હજાર માણસ. પહેલું આ કહ્યું. પર્યાય બધી નાશવાન છે. ચાહે તો સંવર-નિર્જરા ને મોક્ષ હો, એક સમય રહેનાર માટે નાશવાન છે. ભગવાન ત્રિકાળી ચીજ અવિનાશી છે. સમજાણું કાંઈ? આહાહા! હવે આ શરીર ને બાયડી ને છોકરા તો ક્યાંય રહી ગયા. વળગી પડ્યો છેને પણ. કોકની ચીજ છે, ચોર પકડીને બેઠો છે માળો. ચોર.. ચોર. આ મારી આબરૂ, આ મારા દીકરા, આ અમારા મકાન, આ અમારી ઘરવખરી. ઘરવખરી સમજતે હો? ફર્નીચર. ફર્નિચર નાખે છે કે નહીં? ધૂળેય નથી. ચોર છો માળા! કોઈકની ત્યાં ચીજ છે એમાં તું બેઠો માળા? આ ક્યાંથી આવ્યું તારું? તારો ભગવાન તો અંદર નિત્યાનંદ પડ્યો છે. આહાહા! તારી કહેવા માટે, તારી માનવા માટે એ ચીજ તો ત્રિકાળ પડી છે. સમજાણું કાંઈ?

શ્રોતા : આ તો પર્યાય અનિત્ય...

પૂજ્ય ગુરુદેવશ્રી : અનિત્ય નહીં, પર. (પોતાની) પર્યાય અનિત્ય, ઓલું તો અનિત્ય (ને) નિત્ય બધું પર છે. એની સાથે કાંઈ સંબંધ છે નહીં. આહાહા!

**નિત્ય છે**... કાયમ ટકતું તત્ત્વ પ્રભુ તારું છે કહે છે. **બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે...** લ્યો. એ બધા બાહ્યના પ્રપંચો આ ધંધા ને પાણી, રીપોર્ટ લખવા, કાગળ લખવા, બરાબર છાપ મારવી ને પોતાના નામની છાપ મારે આમ, લખો... રીપોર્ટ કરે છેને. બધા પ્રપંચ છે. એનાથી તો પરાઙ્મુખ છે તત્ત્વ. **અને મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે...** વાણી ને મનથી દૂર છે. દૂર ક્યાંય... આ ક્રિયા, વાણી, આ ક્રિયા થાય એનું કરે ને? મન ને વાણીથી અતિ દૂર છે. મનનો સંકલ્પ, વાણી, એનાથી તો ક્યાંય અતિ દૂર, એમ. એ તો ક્યાંય દૂર રહી ગયું. આહાહા! પર્યાયથી તો દૂર, પોતાની પર્યાયથી તો દૂર, પણ બાહ્ય પ્રપંચથી અતિ દૂર. આહાહા! મન અને વાણીથી અતિ દૂર.

ઓહોહો! મુનિરાજ કહે છે, **તેને અમે નમીએ છીએ.** આવું જે ભગવાન તત્ત્વ.. આહાહા! એનું અમે પરિણમન કરીએ છીએ એ નમીએ છીએ. સમજાણું કાંઈ? '**તેને અમે**' એમ છે ને? **मुनेरपि**... **मुनेरपि** છે ને.... મુનિને પણ... મુનિને પણ આવું મનથી, વાણીથી અગોચર છે. ક્રિયાને શું કરવું? **मुनेरपि**, એમ. **तन्नुमः** તેને અમે નમીએ છીએ. આહાહા! અનુભવથી દૂર છે. અનુભવ છે એ પર્યાય છે, એનાથી દૂર છે. એ ૩૮માં આવી ગયું. સંવર-નિર્જરાની પર્યાયથી દૂર છે. આહાહા! નાશ પામવાયોગ્ય સાત તત્ત્વો એનાથી ભિન્ન છે. છેને પહેલું જુઓ. ક્યાં? ૩૮. ૩૮.

'**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે**.' મોક્ષ ને સંવર ને અનુભૂતિથી દૂર છે. આ ગજબ છે ને! મોક્ષના માર્ગથી દૂર છે. ક્યા કહતે હૈં? આંતરો– એ દૂર અનંતગુણું... આહાહા! બે વચ્ચે અભાવ છે. દ્રવ્ય અને પર્યાય—બેની વચ્ચે અભાવ છે. આહાહા! વીતરાગી તત્ત્વ, પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે આવું જે કહ્યું એ માણસને કાને પણ ન પડે એ કે દિ' સમજે ને કે દિ' જાય આત્મામાં? રખડી મરવાના રસ્તે જિંદગી ગાળે. આ પ્રભુ! તારા લક્ષણ જોને! નાશ પામવાયોગ્ય (ભાવો)થી દૂર... અનુભવ નાશ પામવાયોગ્ય છે, એક સમયની પર્યાય છે. આહાહા! અતિ દૂર.. વાણી ને મનથી તો અતિ દૂર. આહાહા! પરવસ્તુ... રાગથી અતિ દૂર. આહાહા! આ સમુચ્ચય કહ્યું છે. સાત તત્ત્વથી દૂર... ખરેખર તો સંવર, નિર્જરા, મોક્ષથી દૂર, આસ્રવ ને પુણ્ય-પાપથી તો અતિ દૂર છે. આહાહા! ૧૭૭ (કળશ) થયો. ૧૭૮.

**जयति शांतरसामृतवारिधि-**
**प्रतिदिनोदयचारुहिमद्युतिः ।**
**अतुलबोधदिवाकरदीधिति-**
**प्रहतमोहतमस्समितिर्जिनः ॥१७८॥**

આહાહા! હે જિન! એમ કરીને વીતરાગની (વાત કરે છે). **શ્લોકાર્થ : જે (જિન) શાંત રસરૂપી..** એ આવ્યુંને. **અમૃતના સમુદ્રને (ઉછાળવા) માટે...** આહાહા! પાણીનો દરિયો જ્યારે ઉછળે એ ચંદ્રમાના પૂનમને કાળે ઉછળે છે. ચંદ્ર જ્યારે સોળ કળાએ ખીલે, ચંદ્ર જ્યારે સોળ કળાએ પૂનમને દિ' ખીલે, પૂનમને દિ' ખીલે. એને લઈને, કહે છે, દરિયો પણ ખીલી ઊઠે છે, આમ ઉછળી જાય છે. ભરતીના ભરપૂર પ્રવાહમાં લોટમલોટા થાય છે ન્યાં તો. આહાહા! આહીં પોરબંદર થાય છે. ગયા હતા એક ફેરી. બે-ત્રણવાર ગયા હતા ન્યાં. પૂનમને દિ' તો આમ ત્રણ-ચાર માથોડા આઘા વયા જાય ને ત્રણ-ચાર માથોડું પાણી આવે.

એમ ભગવાન આત્મા શાંતરસરૂપી અમૃતનો સમુદ્ર એટલે એ તો અકષાયરસનો સમુદ્ર છે. ભગવાન આત્મા વીતરાગરસથી ભરેલો છે, અકષાયસ્વભાવનો સમુદ્ર છે. એને ઉછાળવા માટે... છોળ મારે પાણીનું, ચંદ્રમા ઉગે પૂનમનો એટલે છોળ મારે. એને માટે **પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે...** આહાહા! ઓલો તો પૂનમને એક જ દિ'. આહાહા! મુનિઓને પણ.... પૂનમને દિ' તો એક સમયે સોળ કળા ખીલે, બીજે સમયે ઘટે. આહાહા! આ **પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે**... આહાહા! પરમ શાંતિને ઉછાળવા માટે–ભરતી લાવવા માટે, આહાહા! જેનો સ્વભાવ ચંદ્ર–સુંદર ચંદ્ર સમાન છે. તે જિન જયવંત છે, એમ કહેવું છેને મૂળ. એ જયવંત જિન, બાહ્ય જિન પણ પ્રગટ જયવંત છે, અંતરનો જિનસ્વરૂપ પણ જયવંત વર્તે છે. આહાહા!

અરે! વિશ્વાસ લાવ.. વિશ્વાસ લાવ. મારો ભગવાન પરિપૂર્ણ શાંતરસથી ભરેલો છે. એવો ભગવાન આત્મા એની નજરું નાખતા, એ પૂનમનો ચંદ્રમા જેમ ઉગે અને ઉછાળો મારે સમુદ્ર, એમ ભગવાન આત્મા શાંતરસના ઉછાળાનું કારણ છે. ભરતી લાવે શાંતરસની. આહાહા! પુણ્ય ને પાપના વિકલ્પ લાવે એ એનામાં છે નહીં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો ઉછાળો એમાં નથી એમ કહે છે. આહાહા! હા, પણ એ ક્યાં છે? એ તો કીધું. પ્રભુ! તારી પ્રભુતા એવી છે કે જ્યાં એની નજર પડી ત્યાં એ પર્યાયમાં, જેમ એ પૂનમનો ચંદ્ર ઉગે ને દરિયો ઉછળે, એમ નજર પડતા એ ઉછળી જાય છે એમ કહે છે. શાંતરસની ભરતી આવે. આહાહા!

અરે! એના ગાણાય સાંભળ્યા નહીં એણે હોં. આહાહા! લગ્નમાં બહુ ગાયા હોય. મોતીએ ભર્યા થાળ.. થાળ ભર્યો રે સગ મોતીએ, સગ મોતી પાછું હોં. ભલે એકેય મોતી ન હોય ઘરમાં તે. પણ થાળ ભર્યો સગ મોતીએ પાછો, એમ. થાળ આખો આમ આમ ઠેઠ સુધી સગ મોતીએ, એમ આત્મા સગ મોતીએ આનંદથી ભરેલો, શાંતિથી ભર્યો છે. આહાહા! એવો એ થાળ છે. એમાંય આવે છેને. 'હરખે વધાવું...' એવું કાંઈ આવે છેને. બાઈઓને બધું આવડતું હોય. 'થાળ ભર્યો રે સગ મોતીએ રે.' નથી આવતું? હરખે વધાવું, એમ આ હરખે વધાવું અંદર, એમ કહે છે. આહાહા!

વીતરાગી શાંતરસની પરિણતિ દ્વારા, આવો શાંતરસ જેમાંથી ઉછળીને આવ્યો એને હું વધાવું છું. આહાહા! સમજાય છે કાંઈ? આવી ક્યાંથી ધર્મકથા આવી? એ વ્રત કરવા, અપવાસ કરવા, ઓળી કરવી, એકટાણા કરવા, એક બેસણે કરવા... શું કહેવાય? બેસણું. આહાહા! એ તો રાગની મંદતા છે, હોય છે એ બીજી વાત છે, પણ એ કોઈ વસ્તુ છે એમ નથી. એને એવો ભાવ હોય રાગ મંદ, તો જાણવું જોઈએ કે આ તો પુણ્ય છે. સમજાણું કાંઈ? પણ પવિત્રતા જેમાં ભરી છે એનું જ્યાં શરણ ને આશ્રય લીધો, પવિત્રતાની છોળું આવે પર્યાયમાં એનું નામ ધર્મ છે, એમ કહે છે. આહાહા! છોળું નથી કહેતા? ઉછાળ. બબ્બે માથોડા, ત્રણ-ત્રણ માથોડા દરિયામાં પાણી અથડાય હોં, ભરતીને દિ'. બાઢ.. બાઢ.. દરિયાની બાઢ.

શ્રોતા : ........

પૂજ્ય ગુરુદેવશ્રી : કોણ કહે છે? કોણે કર્યા? કર્યા નથી એણે. એ તો આત્માના આનંદમાં રહ્યા હતા. આહાહા! અતીન્દ્રિય આનંદમાં એટલા મશગૂલ, અતીન્દ્રિય સ્વાદમાં, ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એને ઉછાળીને પર્યાયમાં અતીન્દ્રિય આનંદ એટલો આવ્યો કે ઇચ્છા જ ઉત્પન્ન ન થઈ. આહારની ઇચ્છા ન થઈ ત્યારે આહાર ન આવ્યો એટલે અપવાસ કર્યા કહેવામાં આવે છે. આમ છે વસ્તુ. અતીન્દ્રિય આનંદના મીણા ચડી ગયા છે અંદર. સમજાયું નથી? તમારા ઘરે બૈરા તો બધા ન્યાં અગ્રેસર હતા, નહીં? એવું સાંભળ્યું હતું. આહીં આપણને ક્યાં ખબર હતી? કો'ક વાતું કરતું હતું. મૂલચંદભાઈના ઘરે બૈરા મોઢા આગળ. ફંડફાળો કરવા.... આહાહા! એ તો પહેલું હોય તો બધાને હોયને. એમાં શું છે? એ તો બધે જ હોય છેને. એમાં શું છે? આહાહા! ઓહોહો! મુનિએ પણ... આનંદમાં આવી ગયા છે ને! જુઓને! આહાહા! પ્રભુ! તારું સ્વરૂપ તો અતીન્દ્રિય આનંદને ઉછાળે એવો તું ચંદ્રમા સમાન છો. સમજાણું કાંઈ?

**અને જેણે અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણોથી...** આહાહા! **મોહતિમિરના સમૂહનો નાશ કર્યો છે...** જિને નાશ કર્યો છે અને આત્મામાં એ છે નહીં. એમ કરીને આત્માને પણ જિન કહેવાય છે. **અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણોથી** મોહતિમિરનો નાશ કર્યો, **તે જિન જયવંત છે.** આવો જે ભગવાન આત્મા પૂર્ણ જિનસ્વરૂપ જયવંત વર્તે છે. 'જિન સો હી આત્મા, અન્ય સો હી યે કર્મ, યે હી વચનસે સમજ લે, જિન પ્રવચનકા મર્મ.' આહાહા! (કળશ) ૧૭૯.

**विजितजन्मजरामृतिसंचयः**
**प्रहतदारुणरागकदम्बकः ।**
**अघमहातिमिरव्रजभानुमान्**
**जयति यः परमात्मपदस्थितः ॥१७९॥**

એ તો 'છે, હૈ' એમાં થોડો શબ્દફેર છે. શાસ્ત્રની ભાષાથી તો સમજાય એવું છે. દાખલો કોઈ આવે તો ન સમજાય. **શ્લોકાર્થ : જેણે જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે...** આહાહા! જેના સ્વરૂપમાં જન્મ-જરા ને મૃત્યુ ત્રણ કાળમાં નથી. આહાહા! જન્મ-જરા ને મૃત્યુ જેને ચીજમાં નથી. આહાહા! જે ચીજને જન્મ-જરા-મરણ સ્પર્શ્યાં નથી એવો જે ભગવાન આત્મા.. **જેણે દારૂણ રાગના સમૂહને હણી નાખ્યો છે...** બહારમાં પણ લેવાય કે જેણે આત્માના આશ્રયે આકરા રાગાદિને હણી વીતરાગતા જેણે પ્રગટ કરી છે. અને ભગવાન આત્મા તરીકે લ્યો તો એને રાગનો સમૂહ છે જ નહીં. છે નહીં અંદરમાં એવા ભગવાન આત્માનું શરણ લેતા રાગનો નાશ થઈ જાય છે.

**જે પાપરૂપી મહા અંધકારના સમૂહને માટે સૂર્ય સમાન છે...** સૂર્ય ઉગે ને અંધકાર રહે? એક દાખલો આપતા હતા ભાઈ એક ફેરી. પંડિતજી, નહીં? જામનગર. લાલન. લાલન આપતા હતા. ભાઈ! અંધકાર ને સૂર્યને—બેને વાંધા ઉઠ્યા. કોર્ટમાં અંધારું ફરિયાદ કરવા ગયો કે અમને આવવા નથી દેતું. તો આવો બેય સાથે, તમારો ફેસલો કરી દઈએ. કોર્ટમાં બેય સાથે આવો. પણ બેય (ભેગા) ક્યાંથી હોય? સૂરજ હોય ત્યાં અંધકાર નહીં. હવે ફેસલો કરી દઈએ, જજ કહે, પણ બેય સાથે આવજો. તમારી દલીલ તો કરવા આવો. આ સૂર્ય મને આવવા નથી દેતો, અંધકાર કહે છે. સાથે તો આવો. પણ સાથે ક્યાંથી આવે? સૂર્ય હોય ત્યાં અંધકાર નહીં ને અંધકાર હોય ત્યાં સૂર્ય નહીં. આહાહા!

કહે છે, **પાપરૂપી મહા અંધકારના સમૂહને**... ઓલો ઢગલો હોં, **સૂર્ય સમાન છે**. આહાહા! **અને જે પરમાત્મપદમાં સ્થિત છે...** પોતાનું નિજસ્વરૂપ જ ત્રિકાળ પરમાત્મસ્વરૂપ જ છે. સાક્ષાત્ પ્રત્યક્ષ-પ્રત્યક્ષ પરમાત્મા છે એ. સમજાય છે કાંઈ? એમાં એ સ્થિત છે. આહાહા! **તે જયવંત છે.** જય છે એનો, જયવંત છે એનો. જગતમાં જય એનો છે. અને જયવંત હોય તો એ બિરાજમાન ભગવાન આત્મા. આહાહા! એના ઉપર દૃષ્ટિ કરવી, એનો વિશ્વાસ લાવવો, એની દૃષ્ટિ સહિતની સ્થિરતા કરવી અને એમાં ચારિત્રમાં પણ ઉગ્ર–જોરથી પુરુષાર્થ કરીને ઠરવું, એ તપ. સમજાણું કાંઈ? એ માટે આ કહેવામાં આવે છે. આહાહા! હવે અધિકાર સાતમો.

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...** મુનિ પદ્મપ્રભમલધારિ દેવ.. પદ્મપ્રભમલધારિ મુનિ ૯૦૦ વર્ષ પહેલા જંગલમાં હતાં. ઓહોહો! અમૃતચંદ્રકે પીછે (હુએ). **એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં...** ભાષા તો શું કરે? દેખો! રચ્યું કે નહીં? તમે કહો છો કે શાસ્ત્ર રચ્યા નથી. આ 'રચ્યું' એમ કહે છે. 'રચ્યું છે' એ તો કહે છે કે ત્યાં વિકલ્પ આનું નિમિત્ત હતું, બસ. સમજાણું કાંઈ? **નિયમસારની તાત્પર્યવૃત્તિ ટીકામાં (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત..** ઓહોહો! **શ્રી નિયમસાર પરમાગમની..** એ

નિયમસાર પરમ આગમ એની, **નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં)...** આ પરમાગમની ટીકા રચાવાની છે એમાં–આરસપહાણમાં હોં. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર અને પંચાસ્તિકાય એ ચારેય ટીકા એમાં આવવાની છે અને અષ્ટપાહુડની મૂળ ગાથા. કળશ-બળશ બધા આવશે. હવે આ રામજીભાઈ ઉપર છે. વજુભાઈ જરી ઓછું.... કહે છે, આ ટીકા.. આહાહા! અમૃતના કિરણ જેવી છે. સમજાણું? **પરમ-આલોચના અધિકાર નામનો સાતમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૩, મંગળવાર, તા. ૭-૯-૧૯૭૧**
**ગાથા - ૧૧૩, શ્લોક - ૧૮૦, પ્રવચન નં. ૧૧૭**

આ નિયમસાર સિદ્ધાંત છે. એનો આ આઠમો અધિકાર, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર. સાત અધિકાર પૂરા થયા. પ્રાયશ્ચિત્ત એટલે શું એનું કથન કહે છે.

**હવે સમસ્ત દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મના...** એના ત્યાગનો હેતુભૂત, વિકારના અભાવનું કારણરૂપ **શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર કહેવામાં આવે છે.** પ્રાયશ્ચિત્ત એટલે પુણ્ય-પાપના ભાવનું છેદન અને પવિત્રતાની પરિણતિની પ્રગટ દશા. સમજાય છે કાંઈ? ૧૧૩.

**वदसमिदिसीलसंजमपरिणामो...** એ અસ્તિથી વાત છે. **करणणिग्गहो भावो...** એ નાસ્તિથી વાત છે.

**वदसमिदिसीलसंजमपरिणामो करणणिग्गहो भावो ।**
**सो हवदि पायछित्तं अणवरयं चेव कायव्वो ॥११३॥**

નીચે એનું હરિગીત છે.

**વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ જે**
**તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩.**

આ જીવને મોક્ષને માટે હિતરૂપ નિરંતર આ કર્તવ્ય છે. શું? **ટીકા : આ, નિશ્ચય-પ્રાયશ્ચિત્તના સ્વરૂપનું કથન છે.** પ્રાયશ્ચિત્ત નામ સંસારનો, પુણ્ય-પાપનો, મિથ્યાત્વનો ઉદયભાવ એને છેદવું. એ નાસ્તિથી વાત છે. અને પોતાના પરમ આનંદસ્વરૂપનો આશ્રય લઈને એકાગ્ર થવું અને નિર્દોષ વીતરાગ પરિણતિના પરિણામ થવા એને પ્રાયશ્ચિત્ત કહે છે.

શ્રોતા : પ્રાયશ્ચિત્ત શું છે? દ્રવ્ય છે, ગુણ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : પર્યાય. પ્રાયશ્ચિત્ત પર્યાય છે. વીતરાગી પર્યાય તેને પ્રાયશ્ચિત્ત કહે છે. પરિણામ છે. પાઠમાં જ છે જુઓ! આ બાજુ જુઓ! આ રહ્યું. ટીકા જુઓ!

**પાંચ મહાવ્રતરૂપ...** પંચ મહાવ્રત આ વિકલ્પવાળા નહીં. જે આ પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ વિકલ્પવાળા કહેવાય છે એ નહીં. આ તો આત્મામાં–શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થઈને વીતરાગરૂપી પરિણામ થાય તેને મહાવ્રત કહે છે. આહાહા! આહીં તો નિશ્ચય મહાવ્રતની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? આ પરની દયા પાળવાનો ભાવ ને સત્ય બોલવાનો ભાવ એ બધો તો રાગ છે, એ તો આસ્રવ છે, એ ખરા મહાવ્રત નથી. ખરા મહાવ્રત તો એને પરમેશ્વર કહે છે કે જે પોતે મહાવ્રતરૂપ પરિણામ, વીતરાગી પરિણામ, વીતરાગ સ્વભાવભાવ એવો જે પોતાનો

દ્રવ્યસ્વભાવ એને આશ્રયે મનન ને ચિંતવન એકાગ્રતાથી જે નિર્દોષ, અવિકારી, વીતરાગી પરિણામ થાય તેને અહીંયા મહાવ્રત કહેવામાં આવે છે.

શ્રોતા : આ પંચ આચારને મહાવ્રત તો કીધું ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ સાચા મહાવ્રત. આ હવે કહેશે ૧૧૩મી ગાથામાં. ૧૩મી શું, આગળ. આની આગળની ગાથા આવે છે. ધ્યાન તે મહાવ્રત છે. ૧૧મી ગાથા. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત છે.

ભગવાન આત્મા નિત્ય અમૃતસ્વરૂપ... આત્મા નિત્ય અમૃતસ્વરૂપ છે. અતીન્દ્રિય અમૃત વીતરાગસ્વરૂપ આત્મા તો છે આ. એવા નિત્ય અમૃતસ્વરૂપમાં રાગની અપેક્ષા વિના નિર્વિકલ્પપણે અંદર પરિણતિ પ્રગટ કરવી, ભગવાન આત્મા અમૃતસ્વરૂપ પ્રભુ એની અપેક્ષાથી પ્રગટેલી પરિણતિ વીતરાગી એને અહીંયા પંચમહાવ્રતનું રૂપ કહે છે. કહો, શેઠ! નિર્દોષભાવ. ભાવ તો વિકલ્પ ભી ભાવ હૈ. પંચમહાવ્રતનો વિકલ્પ પણ ભાવ છે, પણ એ તો વિકારી છે. સમજાય છે કાંઈ? જુઓ! આ ભગવાન પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા પંચમહાવ્રતનું સ્વરૂપ શું છે એ કહે છે.

મૂળ તો શબ્દ છે, **वदसमिदिसीलसंजमपरिणामो**... બસ અસ્તિથી. ભગવાન આત્મા... આ આત્મા એટલે શું ચીજ, એ લોકોને ખબર નથી. આહા! એ તો એકલો અતીન્દ્રિય આનંદનો ગાંઠડો છે. અતીન્દ્રિય આનંદ જે પ્રગટ સિદ્ધને છે, એવો જ આ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદની કાતળી–ગાંઠ છે. એને ખોલતાં, એમાં એકાગ્ર થતાં એ અતીન્દ્રિય આનંદની પરિણતિ પ્રગટ થાય એને અહીંયા મહાવ્રત કહે છે. જેઠાભાઈ! આ મહાવ્રતનું રૂપેય જુદું. પંડિતજી! આ કહે, અમે મહાવ્રત પાળીએ છીએ, અહિંસા, સત્ય ને.... એ ક્યાં ઠેકાણા છે? આહાહા!

શ્રોતા : બાહ્યક્રિયાકાંડમેં લગે હુએ હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : બાહ્યક્રિયા સરખી ક્યાં છે? એકેય ઠેકાણા ક્યાં છે? ૨૮ મૂળગુણના ક્યાં ઠેકાણા છે? વસ્તુ શાસ્ત્રસે દેખના ચાહિયે ન. આગમ ક્યા કહતે હૈં? પરમેશ્વર ત્રિલોકનાથકી વાણીમેં ક્યા આયા? એમ જાણવું જોઈએને. દુનિયા શું કરે એ શું પણ? પરમાગમમાં એ વાત આવી કે ભાઈ! પરજીવને ન મારવાનો વિકલ્પ કે દયા પાળવાનો વિકલ્પ એ તો બધો રાગ છે, એ કાંઈ મહાવ્રત નથી, એ તો અચારિત્ર છે. આહાહા! મહાવ્રતરૂપ ચારિત્ર તો એને કહીએ કે પંચમહાવ્રતરૂપ વીતરાગી પરિણામ, નિર્દોષ પરિણામ, એકલા અતીન્દ્રિય આનંદના ભાવ, પ્રગટરૂપ અતીન્દ્રિય આનંદના પરિણામ એને અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ કહેવામાં આવે છે.

**પાંચ સમિતિરૂપ...** પાંચ સમિતિ પણ એને કહીએ કે જે આત્મા અતીન્દ્રિય આનંદનું રૂપ છે એના અતીન્દ્રિય આનંદના રૂપમાં પ્રવેશ કરી અને જેની અતીન્દ્રિય પરિણતિ પર્યાય થાય એને પાંચ સમિતિ કહે છે. 'સમ ઇતિ પ્રવૃત્તિ પરિણતિ.' આત્માને જોઈને.. આત્માને જોઈને જે દશા પરિણતિ થાય તે ઇર્યાસમિતિ ને તે સમિતિ. શેઠ! ઐસા હી હૈ. ભગવાન આત્મા સિવા દૂસરી ક્યા ચીજ હૈ? સમજમેં આયા? ઈર્યા, ભાષા, એષણા, આદાન અને નિક્ષેપણ—યે સબ આત્મા. આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ, જ્ઞાનસ્વભાવ એ જ્ઞાનસ્વભાવની જ્ઞાનસ્વભાવરૂપે પરિણતિ પર્યાય એને સમિતિ કહે છે. આહાહા! હજુ તો ચારિત્ર કોને કહેવું એની ખબર ન મળે અને બહારના ખોખા નગ્નપણા ને મહાવ્રતના વિકલ્પ ઉઠ્યા, થઈ ગયા ચારિત્ર. આહાહા!

વ્યવહાર આપણે આચરવો કે જેથી એનાથી નિશ્ચયને પહોંચશું. એ જૂઠ વાત છે એમ કહે છે. લોકને કોને લાભ થાય? જે ભાવે એકને લાભ થાય એ ભાવે બધાને લાભ થાય. નિયમ કાંઈ બીજો હોય? આહાહા! ભાઈ! પરમસત્ય તો એવી ચીજ છે (કે) લોકો સાધારણને તો રુચેય નહીં, ગોઠેય નહીં. આમ હા-હો, હા-હો... એમ કરવું ને આ કરના, ઐસા કરના ને ઐસા કરના. કરના-કરના હોના, દેહકી ક્રિયાકા કરના–હોના અને રાગનું થવું એ મરણ છે. આત્માનું મરણ છે. આહાહા! ભગવાન તો જ્ઞાનસ્વરૂપી છે. એને કરવું, કરવું, આ રાગ કરું એ મિથ્યાત્વભાવ છે. ઓહોહો! વીતરાગમાર્ગ લોકોને સાંભળવા મળતો નથી. બાહ્યની ક્રિયા રાગની ને દેહની એ ધર્મ, એમ છે નહીં. ભગવાન આત્મા એ તો પરદ્રવ્ય ને વિકલ્પ–આસ્રવ એનાથી તો ઉદાસીન ભિન્ન તત્ત્વ છે. સમજાય છે કાંઈ?

શરીર, કર્માદિ બાહ્ય ચીજો અજીવાદિ અને વિકલ્પ પુણ્યનો, દયા, દાન, વ્રતાદિ એ આસ્રવ, એ આસ્રવ ને અજીવ તત્ત્વથી તો ભગવાન ઉદાસીન છે. આત્મા તો એનાથી રહિત છે. આહાહા! એવા આત્મામાં અહિંસા, કહે છે, ભગવાન આત્માને અવલંબે રાગ વિનાની વીતરાગ અવસ્થા પરિણમે એને અહિંસા કહીએ. અને સત્ય એને કહીએ કે સત્ય વસ્તુ પ્રભુ પોતે સત્ છે, જ્ઞાન ને આનંદનો ભંડાર ભગવાન છે એવું જે સત્, એ સત્પણે દ્રવે–પ્રવહે, શુદ્ધ સ્વભાવપણે દ્રવે–પ્રવહે એ સત્યવ્રત છે. અને રાગ પણ જે ગ્રહે નહીં અને પૂર્ણાનંદ સ્વભાવને ગ્રહે અને પરિણતિ વીતરાગી થાય એ અદત્ત ત્રીજું મહાવ્રત છે.

ચોથું મહાવ્રત બ્રહ્માનંદ બ્રહ્મચર્ય. ભગવાન બ્રહ્માનંદસ્વરૂપ સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથે દેખ્યો એ. અજ્ઞાનીઓ આત્મા-આત્મા કહે એની વાત નહીં. અજ્ઞાનીએ આત્મા જોયો જ નથી અને એને ખબર નથી. આત્મા-આત્મા બધી વાતું કરે. તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એણે જે આત્મા જોયો એ તો આનંદની મૂર્તિ જોઈ. એ આનંદમૂર્તિ બ્રહ્મ એમાં ચરવું, એમાં રમવું, એમાં એકાકાર થઈને, તરબોળ થઈને આનંદની રમતું કરવી એને ભગવાન બ્રહ્મચર્ય કહે છે. અને એક વિકલ્પને ન પકડતાં, પૂર્ણ સ્વરૂપ પરમાત્માને પરિગ્રહ, પકડવો એ

પરિગ્રહ, એ પરિગ્રહરહિત સ્વભાવને પકડવો એનું નામ અપરિગ્રહવ્રત છે. આહાહા! હૈ કિ નહીં ઉસમેં? દેખો! પરિણતિવિશેષ... ઉસમેં હૈ. ટીકા.. ટીકા.. આ બાજુ.

**પાંચ મહાવ્રતરૂપ, પાંચ સમિતિરૂપ**... જોઈને ચાલવું ઉસકા અર્થ કિ અંદર જ્ઞાયકમૂર્તિને જોઈને અંતરમાં પરિણમન કરવું એ ઈર્યાસમિતિ છે. સત્ય બોલવું એ તો વિકલ્પ છે, પણ સત્યસ્વરૂપ ભગવાન આત્મા એનું સત્પણું જ પ્રગટ કરવું, સત્ય.. સત્યસ્વભાવનું પ્રગટ કરવું એનું નામ સત્ય ભાષાસમિતિ કહે છે. એષણા.—આહાર નિર્દોષપણે લેવો એ તો વિકલ્પ છે. આખો આત્મા એને શોધવો અંદર, શોધીને ઠરવું એનું નામ એષણા સમિતિ છે. ભગવાન આત્માને ગ્રહવું અને રાગનો છોડવો એ આદાન-નિક્ષેપણ સમિતિ છે. પરિસ્થાપન—વિકલ્પને છોડી દેવો સર્વથા (અને) નિર્વિકલ્પ પરિણતિને પ્રગટ કરવી એનું નામ પાંચમી સમિતિ છે. આહા! સમજાય છે કાંઈ? પંચમહાવ્રતરૂપ... આહાહા! કુંદકુંદાચાર્યે તો ગજબ કામ કર્યા છે. મહાવ્રતને અંદરમાં ઉતાર્યા. એને મહાવ્રત કહીએ અમે તો, કહે છે. પ્રભુ અંદર પરમાત્મા પ્રત્યક્ષ, પ્રગટ, ચૈતન્યધાતુથી, આનંદથી ભરેલો, આનંદ ને ચૈતન્યને જેણે ધાર્યા છે—એવા ટકાવેલા એવું જે તત્ત્વ ભગવાન એમાં રમણતા એને પાંચ સમિતિ અને પાંચ મહાવ્રત કહે છે. કહો, મૂલચંદભાઈ!

**શીલરૂપ**... સ્વરૂપનું આચરણ... ભગવાન જ્ઞાન, આનંદ એનું ત્રિકાળ શીલસ્વરૂપ જ છે, એમાં રમણતા, સ્વરૂપની લીનતા એને અહીંયા શીલ કહે છે, એ આત્માની પરિણતિની વીતરાગીદશારૂપ અવસ્થા છે. સમજાણું કાંઈ? આહા! એ અસ્તિ કહ્યું. **સર્વ ઇન્દ્રિયોના ને મનવચનકાયાના સંયમરૂપ પરિણામ**... એ પણ અસ્તિ છે. ઇન્દ્રિયો અને મનના, વચન ને કાયાના સંયમરૂપ પરિણામ એનાથી ખસીને (સમ્ એટલે) સમ્યક્ પ્રકારે-સમ્યગ્દર્શન સહિત, યમ એટલે લીનતા અંદર થવી એને પ્રાયશ્ચિત કહે છે, એને સંવર કહે છે. ઇન્દ્રિય ને મનને રોકવા (એવા) સંયમરૂપ પરિણામ અસ્તિ **અને પાંચ ઇન્દ્રિયોનો નિરોધ** એ નાસ્તિ. અણીન્દ્રિય ભગવાન આત્મા... આહાહા!

મલાવ્યું, પણ કેવી રીતે કહ્યું છે! હવે અણીન્દ્રિય નાખ્યું. અણીન્દ્રિય એવો આત્મા એનું અણીન્દ્રિયનું પરિણમન કરવું એ સંયમ પરિણામ છે, એ પ્રાયશ્ચિત્ત છે અને ઇન્દ્રિયનો નિરોધ, પાંચ ઇન્દ્રિય તરફના વલણના વિકલ્પનો અભાવ છે. આહાહા! આ ભગવાનની વાણી સાંભળવી એના તરફના જે વિકલ્પ એને રોકવો એનું નામ સંયમ છે એમ કહે છે. એવું અદ્ભૂતાદ્ભૂત ભગવાન આત્માનું સ્વરૂપ અંતર બિરાજે છે એની એને ખબર નથી. જ્યાં નિધાન છે ત્યાં નજર નથી. જ્યાં ખાલી ખોખા રાગાદિ ત્યાં એની નજરું પડી છે. સમજાણું કાંઈ?

કહે છે કે પાંચ... પાઠમાં છે ને? **करणणिग्गहो भावो...** ઇન્દ્રિયનો નિગ્રહ એ આમ નાસ્તિથી કહ્યું. એ પણ પરિણતિવિશેષને ઇન્દ્રિયનો નિગ્રહ કહ્યો. અણીન્દ્રિય આત્મા... આહાહા! કો'ક છોકરાનું લખાણ છે આમાં. શું કહેવાય? આત્મધર્મમાં. આફ્રિકાનો કોઈક આવ્યો હતો? સત્તર વર્ષનો જુવાન કો'ક છે. નારણભાઈ છે કે નહીં? કોણ બટુક? છોકરાનું લખાણ છે આમાં આત્મધર્મમાં. કોઈક આવ્યું હતું. આફ્રિકાનો છેને, નહીં? શું નામ છે? ધનાણી.. ધનાણી. એ ધનાણી આવ્યો હતોને હમણા. એ આવ્યો હતો એક ૧૭ વર્ષની ઉમરનો નાનો. આવ્યો હતો ધનાણી. એણે ભાઈએ બહુ સરસ લખ્યું છે. ગઢડા આવ્યો હશે. એમાં લખ્યું છે ઓહોહો! આવી આત્માની વાત! એકલી આત્માની જ વાત છે ત્યાં. આફ્રિકાના છે. કૈલાસ.. કૈલાસ. હા, કૈલાસ ધનાણી છે. એણે લખ્યું છે ભાઈ! આમાં.

ધનાણી.. ધનાણી. હા, લ્યો. '૧૭ વર્ષનો એક જુવાન આફ્રિકામાં રહે છે. હમણાં પહેલી જ વાર ભારતમાં ત્રણ માસ માટે આવેલ. જીવનમાં પહેલીવાર ગુરૂદેવના દર્શનવાણીનો લાભ બે-ત્રણ દિવસથી લે છે. એનું નામ જ્યોતિન્દ્ર ધનાણી છે. તેઓ લખે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીના વ્યાખ્યાનમાં આત્મા સિવાય બીજું કાંઈ ન મળે. જીવની વાત સાંભળીને આપણા પણ દિલમાં આનંદ આવી જાય છે.' જુવાન છોકરો છે. પણ એ તો અંદરથી પ્રેમ હોય તો જ આ વાત ગમે. આપણને ભૂલી ગયેલા આત્માને શોધવાનો વિચાર થાય. આત્મધર્મમાં એક જગ્યાએ લખ્યું છે કે હે જીવ! તું જાગ. એના ઉપર અડધો પાનું લખ્યું છે. 'અડધું પાનું' એની ભાષા છે ને. તમારી ભાષા... 'અનાદિકાળથી તું રખડે છે માટે હવે તું તારી બાજુ ધ્યાન કર. પરનું તો ગમે તેટલું કરીશ તો એનું ફળ તને આનંદવાળું નથી. આનંદવાળું નહીં આવે, એમ. આનંદનો સ્વાદ નહીં આવે. પણ જો તું કોણ છે એ શોધીને આગળ વધશું તો આપણને ખરું સુખ મળશે. બીજા ઉપદેશક તો લૌકિક સંસારી વાત કહેશે, પણ જીવને સંસારથી કેમ છૂટવું તે નથી કહેતા. પુણ્ય ને પાપ તો તું અનાદિથી કરી રહ્યો છે, પુણ્ય ને પાપ પણ રાગ છે એનાથી આપણે છૂટીએ તો જ આપણને સાચું સુખ મળશે.' લ્યો, એવું લખ્યું છે. કહો, સમજાણું? છોકરાઓ પણ હવે એવું બોલવા થયા. ચાલવા તો શીખ્યા. એય!

ભગવાન! એક શુભવિકલ્પની આડમાં તારું તત્ત્વ આખું ઢંકાઈ ગયેલું છે. એક શુભ વિકલ્પના પ્રેમમાં તારો આખો ભગવાન આત્માનો પ્રેમ છૂટી ગયો છે તને. આહાહા! વ્યવહારની અહિંસા, સત્ય, બ્રહ્મચર્યના વિકલ્પના પ્રેમમાં ભગવાન અંદરમાં આડો–ઢંકાઈ ગયો છે. ખબર નથી એને. એવો પ્રભુ ચૈતન્ય પ્રગટ સાક્ષાત્ મૂર્તિ.. આહાહા! એના અંદરમાં પરિણમન થવું, એની સન્મુખમાં આવલંબન લઈને નિર્મળ દશા થવી, **એ પરિણતિવિશેષ તે પ્રાયશ્ચિત્ત છે.** આહાહા! લ્યો, આ પ્રાયશ્ચિત્ત એટલે કે જૈનધર્મ. આહાહા!

**પ્રાયશ્ચિત્ત એટલે...** હવે અર્થ કરે છે **પ્રાયઃ ચિત્ત.** એમાં ઓલો છેને અડધો, એનો થઈ ગયો વિસર્ગ. 'પ્રાયઃ અને ચિત્ત' એમ. પ્રાયઃ અને ચિત્ત. પ્રાયશ્ચિત્ત છે ને. શું કહેવાય એ? પ્રાયશ્ચિત્ત શબ્દ છે. .... એ 'સ'નો થઈ ગયો વિસર્ગ. પ્રાયઃ ચિત્ત. પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃ ચિત્ત. એટલે? પ્રાયઃ એટલે પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત એનું નામ પ્રાયશ્ચિત્ત. આહાહા! કુંદકુંદાચાર્યની વાણીમાં તેજ એકલું હોય છે, ચૈતન્યના તેજ. આહાહા! કહે છે, **પ્રચુરપણે...** પ્રાયઃ એટલે પ્રચુરપણે–ઘણું–બહોળતાથી–ઘણું જ **નિર્વિકાર ચિત્ત...** ઘણું નિર્વિકાર ચિત્ત (અર્થાત્) વીતરાગી પરિણતિ તેને પ્રાયશ્ચિત્ત કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

એ તો ભિન્ન-ભિન્ન રીતે વીતરાગતાનું જ વલણ છે. એકની એક વાત પણ ભિન્ન ભિન્ન રીતે વર્ણવી છે. વાત તો વીતરાગતા છે આખી. પણ એ વીતરાગતાને ઘણા પડખેથી સમજાવે છે. પણ સમજાવાનું છે વીતરાગતા એટલે કે સમજાવવાનું છે દ્રવ્યનો આશ્રય. વીતરાગતા ક્યારે પ્રગટે? કે દ્રવ્યનો આશ્રય કરે તો. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ. પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ શાંતિ, એકલો શાંત અકષાયરસનો કંદ પ્રભુ એને આત્મા કહીએ. અને એની સન્મુખ થઈને જે પરિણતિ થાય તેને પ્રાયશ્ચિત્ત પરિણતિવિશેષ કહીએ. પર્યાય છે એ. એ પર્યાય અશુદ્ધતાને ઉત્પન્ન થવા દેતી નથી તેથી તેને પ્રાયશ્ચિત્ત કહ્યું છે. સમજાણું કાંઈ? લોકોને એવું લાગે કે વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહારના કીડા હોયને એકલા. હા, એ પર્યાય પોતે પણ વ્યવહાર છે. નિશ્ચય દ્રવ્ય છે. પરિણતિવિશેષ એ વ્યવહાર છે. નિશ્ચયથી એ હેય છે. આહાહા! પરિણતિવિશેષ ઉપર લક્ષ કરવા જેવું નથી. આહાહા! એક સમયની પર્યાય છે કેવળજ્ઞાન, એ પણ વ્યવહાર છે, વ્યવહાર. આહાહા!

તે પ્રાયશ્ચિત્ત **અંતર્મુખાકાર...** હવે ખુલાસો કર્યો. **અંતર્મુખાકાર પરમ-સમાધિથી યુક્ત...** આવું સ્વરૂપ છે એમ પોતાને ભાળીને વાત કરે છે. કે અંતર્મુખ-આકાર... બહિર્મુખને આકારે ઉત્પન્ન થાય એ બધા વિકલ્પો. દયા પાળવાનો, પૂજાનો, ભક્તિનો ભાવ—બધો બહિર્મુખીભાવ. બહિર્મુખી ભાવ એ રાગ. **અંતર્મુખાકાર...** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એવો અંતરમાં બિરાજે છે એના ઉપર દૃષ્ટિ કરવી એ અંતર્મુખાકાર પરિણામ કહેવામાં આવે છે. આહાહા! એવી **અંતર્મુખાકાર પરમ-સમાધિથી યુક્ત**, એમ. આહાહા! એવો ભગવાન આત્મા અંતર્મુખ છે, એ અંતર્મુખને આકારે પરિણામ જે થયા એ પરમસમાધિથી યુક્ત છે. પરમ-સમાધિ, શાંતિ. સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં અને શાંતિમાં સુખ છે ત્રણેમાં. એ અંતર્મુખ આકારે થાય તેને આ સુખના પરિણામ થાય, એને અહીં સમાધિ કહે છે. બીજી-બીજી રીતે વર્ણન છે. અરે! આ કરવું, આ કરવું, આ ન કરવું—એવા વિકલ્પનો વિધિનિષેધ સ્વરૂપમાં ક્યાં છે? એ તો ભગવાન જ્ઞાનનો સમુદ્ર પ્રભુ એ જ્ઞાનને જ્ઞાનપણે પરિણમન કરવું... જ્ઞાન અંતર્મુખ વસ્તુ છે, જ્ઞાન કહો કે આત્મા કહો.

અંતર્મુખાકાર એવી સમાધિ યુક્ત... બહિર્મુખ પરિણામ એ વિષમતા સહિત. આહાહા! પંચમહાવ્રતના વિકલ્પ વિષમતા છે, અસમાધિ છે. ભગવાનની પૂજા ને ભક્તિ ને જાત્રાનો ભાવ એ અસમાધિ છે એમ કહે છે. એય! 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' એ વિકલ્પ અસમાધિ છે, બહિર્મુખ પરિણામ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! 'ન હુએ, ન હોયેંગે' કાલ હતુંને. કુંદકુંદાચાર્ય. એક તો એ... ઓહોહો! એના ઘરના બારણા ખોલી નાખ્યા છે. રાગની એકતામાં ભગવાનનું બારણું બંધ હતું. એ રાગ નહીં, પણ હું તો ત્રિકાળી સમાધિ ને વીતરાગ સ્વભાવી (છું) એવી દૃષ્ટિ થતાં નિધાન ખુલી ગયું. સમજાણું કાંઈ?

કહે છે કે **અંતર્મુખાકાર પરમ-સમાધિથી યુક્ત**, એમ. એ અંતર્મુખાકાર તે પરમ સમાધિ, એમ. આહાહા! હા, તદ્દરૂપ પરિણમન છે. ભગવાન પરમાનંદના સ્વભાવથી–સત્ત્વથી ભરેલું સત્ત્વ પ્રભુ છે. એમાં રાગ ને પુણ્ય ને પાપના ભાવ છે નહીં. આહાહા! એવો જે અંતર્મુખ ભગવાન એનો જે આકાર એટલે અંતર્મુખ પ્રભુના પરિણામ, એ સમાધિ થઈ. આહાહા! એવા **પરમ-સમાધિથી યુક્ત**, એમ. **પરમ જિનયોગીશ્વર...** પરમ વીતરાગીયોગમાં જોડાયેલા એવા ઈશ્વર. પરમ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ વીતરાગ એને દૃષ્ટિમાં લઈ, એમાં સ્થિરતારૂપ યોગ કરી અને એના ઈશ્વર થયા છે. આહાહા!

**પાપરૂપી અટવીને (બાળવા) માટે અગ્નિ સમાન** છે. આવા ધર્માત્મા પોતાના અંતર્મુખના પરિણામ દ્વારા, પુણ્ય ને પાપ બેય અગ્નિ કષાય-અગ્નિ છે એને બાળવા માટે અગ્નિ સમાન છે. આહાહા! એને બાળી નાખવાને–પુણ્ય-પાપને બાળી નાખવાને, ભગવાન આત્મા અંતર્મુખના પરિણામથી તે બાળી નાખવા અગ્નિ સમાન છે. ઊભા જ ન થાય, કહે છે. ભગવાન આત્માના સન્મુખના પરિણામ થતા વિમુખના પરિણામ ઊભા ન થાય એનું નામ બાળી નાખવા સમર્થ છે. સમજાણું કાંઈ? દાવાનળ... આ તો ભગવાન આત્મા જે સ્વરૂપે છે એ રૂપે પરિણતિમાં થવું એનું નામ ભગવાન અને એ ભગવાનનો માર્ગ આ. આહાહા! નિશ્ચય વસ્તુ લોકોને એવી લાગે, પણ નિશ્ચય એ સત્ય છે. વ્યવહારના વિકલ્પ આદિ તો અસત્ય છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! પર્યાય જ્યાં અભૂતાર્થ કહેવામાં આવી છે ત્યાં વિકારની વાત શી કહેવી? આહાહા! જેને અતીન્દ્રિય આનંદની મસ્તી પ્રગટ થઈ, ધર્મી જીવને–સમ્યગ્દૃષ્ટિને અતીન્દ્રિય આનંદની અંદર એકાગ્રતાની મસ્તી પ્રગટ થઈ, કહે છે કે એ મસ્તી પુણ્ય-પાપને બાળી નાખવાને અગ્નિ સમાન છે. પુણ્ય-પાપની ઝાંય ઉત્પન્ન થાય એવી તાકાત જ નથી હવે. એકલી શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ. આહાહા!

**પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...** પોતાની વાત કરે છે. મુનિ છેને મુનિ! મુનિ આવા હોય એવું પોતાનું વર્ણન કરે છે. **પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...** પાંચ ઇન્દ્રિયના વિશેષમાં જાવું (એથી) રહિત થઈ ગયું છે. સામાન્ય અતીન્દ્રિય સ્વભાવમાં જાવું એ પ્રગટ્યું છે. આહાહા! આમ

પાંચ ઇન્દ્રિયના ખંડ-ખંડ ઇન્દ્રિયનો વિષય ને સાંભળવું કે જોવું આદિ, એના પાંચ ઇન્દ્રિયના ફેલાવ–વિસ્તારથી તો રહિત થઈ ગયો છે. અતીન્દ્રિય સ્વરૂપની દૃષ્ટિ થતાં અતીન્દ્રિય પર્યાય પ્રગટી છે. આહાહા!

જુઓને! 'પાંચ ઇન્દ્રિયનો ફેલાવ' શબ્દ કર્યો છેને. આમ જે આમ હતુંને, ખંડ ઇન્દ્રિય આમ જોતી, આમ સાંભળતી ને આ કરતી.—વિસ્તાર (રહિત) થઈ ગયો છે, અતીન્દ્રિયમાં આવી ગયું છે. આહાહા! કથન તો જુઓ એક! આહાહા! 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે.' આવે છે ને? તીવ્ર વચન છે. કાયરના તો કાળજા કંપી ઉઠે. આહાહા! આવો ધર્મ? વીર્યના હીજડા એને તો સાંભળતા એને એમ થઈ જાય કે અરે! આવો ધર્મ? યે કરના, ધરના નહીં હૈ? નિર્મળ પરિણતિ કરના ને પરિણતિ ધાર રખના વહ કરના-ધરના નહીં હૈ? રાગકી ક્રિયા કરના યે ધરના હૈ? યે તો અનાદિસે પાખંડી ભી કરતા હૈ ઉસમેં ક્યા આયા? આહાહા! એ તો અણાત્મા છે. પંચ મહાવ્રતના વિકલ્પ આદિ તો અણાત્મા છે. આત્મા ક્યાં છે? અરે! એક સમયની પર્યાય એને પણ આત્મા કહેવો એ વ્યવહાર છે. એ આત્મા હતો કે દિ'? એય! આહાહા! ગજબ વાત છે.

જેના ફળ મુક્તિ છે, એના કારણના ઉપાય કેવા હોય? આહાહા! ભીમજીભાઈ! જુઓ! બધા પડ્યા છેને સાંભળવા નિરાંતે આહીં. આહાહા! તારો પ્રભુ તારી પાસે પરિપૂર્ણ પડ્યો છે પ્રભુ! તારો પ્રભુ તું પરિપૂર્ણ અંદર છો. આહાહા! અરેરે! પરિપૂર્ણમાંથી એની પર્યાય પ્રગટ કરવી એ તો અનંતમા ભાગની છે. આહાહા! અને દેહમાત્ર પરિગ્રહ છે મુનિને તો, બીજું કાંઈ હોય નહીં. એક દેહ. એને વસ્ત્ર ને પાત્રા કાંઈ ન હોય. આવા ભાનવાળાને હોં, ઊંધા–ભાન વિનાના દેહ રાખે એને કાંઈ ગણ્યા નથી આહીં. એ તો પરિગ્રહધારી છે, દેહ મારો, ક્રિયા મારી એ તો પરિગ્રહધારી છે. રાગની ક્રિયા મારી એ તો મહા મિથ્યાત્વના પરિગ્રહધારી છે.

પરિગ્રહ છેને મિથ્યાત્વ? મિથ્યાત્વનો પરિગ્રહ. ચૌદ પ્રકારે અભ્યંતર પરિગ્રહ (હૈ ઉસમેં) મિથ્યાત્વ પરિગ્રહ હૈ. રાગની ક્રિયા એ મારી અને મને લાભ થાય મહામિથ્યાત્વનો પરિગ્રહ છે. પરિગ્રહ રહિત ક્યાંથી આવ્યો? ભારે આકરો.... આમાં માણસ ભેગા ન થાય સાંભળવા. વળી હા-હો, હા-હો તો માણસ... આહાહા! બાપુ! સિદ્ધ તો સંસારના જીવથી અનંતમે ભાગે સદાય રહેશે. એક શરીરને અનંતમે ભાગે. આહાહા! ... રહ્યા ને એમને એમ રહેશે. એક નિગોદના શરીરને અનંતમે ભાગે રહેશે. આહાહા! એટલા સંસારી જીવ એમને એમ રહેશે. સમજાણું કાંઈ?

કહે છે, મુનિને તો **દેહમાત્ર પરિગ્રહ** એકલો અને **સહજવૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ...** લ્યો, ઇન્દ્રિયનો નિગ્રહ કહ્યો હતોને. એની વ્યાખ્યા છે હવે. સહજ વૈરાગ્યરૂપી મહેલ, એનું શિખર, એનો શિખામણિ–માથે ટોચ મણિની. અને **અને પરમાગમરૂપી પુષ્પરસ-**

**ઝરતા મુખવાળા**... આહાહા! કહે છે, તારા મુખમાંથી તો પરમાગમરૂપી પુષ્પરસ-ફૂલનો રસ ઝરે છે. ફુલનો પરાગ હોયને. આહાહા! **પરમાગમરૂપી પુષ્પરસ ઝરતા મુખવાળા પદ્મપ્રભે આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.** આહા! એ બધું સમજીને, વાંચીને કરવાનું આ છે. સમજાણું કાંઈ? આમાં આવ્યું હતુંને. **नियमेण य जं कज्जं...** ત્રીજી ગાથામાં આવ્યું હતું. નિયમથી કર્તવ્ય છે. એ માંહ્યલું આ બધું નિયમ છે. આહાહા! ગજબ વાત કરી છે. નિયમસાર... નિયમસારે તો નિયમસાર રાખ્યો છે. કોઈ કહે કે મુનિ પોતાને એમ કેમ કહે છે? અમે આમ છીએ તો અમારા મુખમાંથી પરમાગમરૂપી ફૂલ એનો જે રસ-પરાગરસ નીકળે છે, કહે છે. એવા **પદ્મપ્રભે તો આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે**. આહાહા! કહો, જેઠાભાઈ! ત્યાં મળ્યું હતું આટલા વર્ષમાં ત્યાં? કેટલા વર્ષ મુંડાવ્યું ત્યાં?

શ્રોતા : શાકબજારમાં હીરા મળે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : શાકભાજીને દુકાને? આહાહા! ગજબ વાત છે. આ વાત જ નથી. આહા! દુકાન.... વાહ રે પ્રભુ! તારી પેઢી મૂકીને રાગની પેઢી ચલાવી તેં. તું વીતરાગસ્વરૂપ છો અને વીતરાગી પરિણતિ પ્રગટ થવી..., 'પરિણતિ વિશેષ' કીધુંને. આવી પેઢી મૂકીને રાગની પેઢી ચલાવી, એ દુશ્મનની પેઢી ચલાવી તેં. આહાહા! સમજાણું કાંઈ? દેવાળું કાઢવાની પેઢી ચલાવી તેં. શેઠ! આહાહા! જુઓ તો ખરા એક પરમાત્માની વાત! અને વીતરાગ પરિણતિ આગળ રાગની પરિણતિનો અભાવ. એને ભાવ તરીકે સ્વીકારીને એનાથી લાભ થાય, બાપુ! ભગવાનની પેઢીનો દુશ્મન છો તું. આહાહા! વીતરાગના પેઢીએ મુનિમ નામ ધરાવી અને એની પેઢીને નુકશાન કરવું, વિરોધી-દુશ્મન છે. આહાહા!

**હવે આ ૧૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે...** આ બીજા બે ઠેકાણે કહ્યો છે આ. પરમાગમ છે ને! એક છે ૩૦૯ ને ૧૯૩. બે ઠેકાણે આવી ગયું છે. પહેલા એક આવ્યું ને પછી આવશે. લખાણ થઈ ગયું છે. ૧૯૩, ૩૦૯ ત્યાં પણ આ જ શબ્દ છે.

**प्रायश्चित्तं भवति सततं स्वात्मचिंता मुनीनां**
**मुक्तिं यांति स्वसुखरतयस्तेन निर्धूतपापाः ।**
**अन्या चिंता यदि त यमिनां ते विमूढाः स्मरार्ताः**
**पापाः पापं विदधति मुहः किं पुनश्चित्रमेतत् ॥१८०॥**

**શ્લોકાર્થ :** અરે! **મુનિઓને સ્વાત્માનું ચિંતન તે નિરંતર પ્રાયશ્ચિત્ત છે...** ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો આશ્રય કરવો, એમાં એકાગ્ર થવું, એ જ મુનિઓને નિરંતર પ્રાયશ્ચિત્ત છે. એ સંસારને છેદવાની ઉપાય-રીત આ છે. સમજાણું કાંઈ? (એકલો) આત્મા.. આત્મા.. (કહે

છે), એક જણો કહેતો હતો. પણ આત્મા સિવાય વસ્તુ....? દુકાનમાં કહેને ઘણીવાર... રામજીભાઈ પૂછતાને કે કેટલી વાર શેઠ કહે? અમારે કુંવરજીભાઈને પૂછયું હતું. હજાર વાર કહે કે પાંચસે વાર? આહીં તો એક કલાકમાં કેટલીવાર આત્મા આવે? એક વાર કુંવરજીભાઈને પૂછયું હતુંને. એ ભોળાભટ માણસ કહેવાય. હા, એમ કહ્યું, ૫૦૦..... આમ બે લાખની પેદાશ દુકાનમાં. બધા થોથા જેવા. એય શેઠ! બુદ્ધિવાળા પેદા કરે છે એવું કાંઈ છે નહીં. બુદ્ધિવાળા પેદા કરે આત્મા, એને બુદ્ધિવાળો કહીએ. એમ આવે છેને. પંડિત એને કહીએ. એને શૂરવીર કહીએ, એને પંડિત કહીએ. આત્મા આત્માના સ્વભાવમાં આવીને વીતરાગતા પ્રગટ કરે એ આત્માનો વેપારી પંડિત ને શૂરવીર છે અને એને મનુષ્ય કહીએ, એમ કહ્યું પાછળ. આહાહા!

**મુનિઓને**, ધર્માત્માને... મુનિની પ્રધાનતાથી વ્યાખ્યા છે ને. **સ્વાત્મા**... પાછી ભાષા 'સ્વ-આત્મા.' વીતરાગ પર-આત્મા નહીં, સિદ્ધ ને અરિહંત નહીં, એ તો પર છે. એનું ચિંતવન તો રાગ છે. આહાહા! **સ્વાત્માનું ચિંતન** એટલે વિકલ્પ નહીં. ચિંતનના શબ્દના અર્થમાં એની ચિંતા એટલે એની એકાગ્રતા. સમજાય છે કાંઈ? આહાહા! હવે તો ઘણું બહાર આવી ગયું છે. કો'ક કહેતું હતું, નહીં? હીરાભાઈ કહેતા હતા. કોઈક કહેતું હતું, નહીં? હીરાભાઈ! બધું ઘણું બહાર આવી ગયું છે. કાલે કો'ક કહેતુ હતું. કોણ કહેતું હતું? કો'ક કહેતું હતું. બધું ઘણું આવ્યું છે. આ ભાષા... દેવીલાલજી. દેવીલાલજી. કાલ આવ્યું હતોને અધિકાર. વ્યાખ્યાન પછી આવ્યા, (કહે), આહાહા! દિગંબર ધર્મનું સ્વરૂપ પ્રગટ કર્યું હોય તો તમે એકલાએ જ કર્યું છે. આ તે સ્થાનકવાસી હતા. એની વહુ શ્વેતામ્બર છે. પોતે થયા દિગંબર, ભાઈ છે સ્થાનકવાસી. કાલે બોલ્યા હતા. વ્યાખ્યાન પછી આવ્યા હતા. માર્ગ આ છે. દિગંબર, શ્વેતામ્બર શું, (જ્યાં) વસ્તુ જ આવી છે ત્યાં?

**મુનિઓને,** ધર્માત્માને તો એક આત્માનું ચિંતવન–એકાગ્રતા એ જ ધર્મ અને એ જ પ્રાયશ્ચિત્ત છે. આહાહા! **નિરંતર પ્રાયશ્ચિત્ત**, પાછું એમ. એટલે? શુદ્ધ ચૈતન્ય ભગવાન પરમાનંદની કાતળી એને ચૂસતાં.. ચૂસતાં, અનુભવ કરતાં વીતરાગદશા જે થાય એ નિરંતર પરિણતિ વહે છે એમ કહે છે. આહાહા! અને એને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આમ પાપ લાગે ને ગુરુ પાસે જાય, મને પ્રાયશ્ચિત્ત (આપો) એ બધો વિકલ્પ છે. સમજાણું કાંઈ? પણ આ ઉદયનું પાપ લાગ્યું છે એને સ્વભાવનો આશ્રય કરીને એ ઉદયને ટાળે છે એટલે ઉદય થવા દેતો નથી, એને અહીંયા પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહાહા!

**નિજસુખમાં રતિવાળા તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે...** શું કહે છે? ભગવાન અતીન્દ્રિય આનંદનો સ્વાદિયો... પોતે અતીન્દ્રિય આનંદનો સ્વાદિયો જ્યાં થયો આત્મા–સમકિતી ધર્મી, એ અતીન્દ્રિય આનંદનો સ્વાદિયો રસીલો છે. આહાહા! સમજાણું કાંઈ? જેને ઇન્દ્રના–દેવેન્દ્રના સુખો પણ ઝેર જેવા લાગે છે, પોતાના અમૃતના સ્વાદ આગળ. કહે છે કે મુનિ ધર્માત્મા એ તો

નિજ સુખમાં રતિવાળા છે. આહાહા! પોતાનો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ એ નિજ આનંદમાં રતિવાળા છે. આહાહા! **તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે**... આનંદમાં પ્રેમવાળા ને લીનતાવાળા **તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે**, એમ. કેવું પ્રાયશ્ચિત્ત? કે નિરંતર ચિંતવન અને નિજ સુખમાં રતિવાળું એ દશા, નિજ આનંદમાં એ લીનતા એ દશા. આહાહા! **તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે**... તે એટલે અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એની અતીન્દ્રિય આનંદની જેણે દશા પ્રગટ કરી છે એવા અતીન્દ્રિય આનંદ તે... તે પ્રાયશ્ચિત્ત વડે (અર્થાત્) એ અતીન્દ્રિય આનંદની પરિણતિ દ્વારા જે **પાપને ખંખેરી મુક્તિ પામે છે.** એ પુણ્ય-પાપના વિકલ્પનો નાશ કરીને મુક્તિ પામે છે. આહાહા!

**જો મુનિઓને (સ્વાત્મા સિવાય) અન્ય ચિંતા હોય...** ભૂલી જવું હવે. આહાહા! જેને આત્માના આનંદસ્વભાવની એકાગ્રતા અને સુખમાં લીનતા એ સિવાય જો બીજી ચિંતા હોય (કે) દુનિયાનું કરી દઉં, દુનિયાને સારું કરી દઉં, દેશનું સારું કરું, ફલાણું એ હોય **તો તે વિમૂઢ...** આહીં તો બે ફડચા છે. આહાહા! સમજાણું કાંઈ? **અન્ય ચિંતા હોય તો તે વિમૂઢ કામાર્ત પાપીઓ...** આહાહા! રાગના વિકલ્પથી કાંઈ કરી દઉં પરનું અને રાગ કરું—આવી જેને ચિંતા છે.. આહાહા! **વિમૂઢ કામાર્ત**... એ અણીન્દ્રિય ભોગનો કામી નહીં, પણ કામાર્ત થઈ ગયો એ. આહાહા! રાગનો કામાર્ત પીડાઈ ગયો કામબાણથી. **પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે...** આહાહા! ફરી મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે એમ કહે છે. **આમાં શું આશ્ચર્ય છે?** વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૪, બુધવાર, તા. ૮-૯-૧૯૭૧**
**ગાથા – ૧૧૪-૧૧૫, શ્લોક - ૧૮૧, પ્રવચન નં. ૧૧૮**

નિયમસાર શાસ્ત્ર છે, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત (અધિકાર). એનો અર્થ શું? કે જે આત્મામાં, અનાદિથી પોતાનો આનંદ ને જ્ઞાન સ્વભાવ ભૂલી અને રાગ-દ્વેષ ને વિકારભાવ જે થાય છે, ચાહે તો શુભભાવ હો કે અશુભ હો, બેય દોષસ્વરૂપ અને બેય ધર્મથી વિરુદ્ધ ભાવ છે. એનો નાશ કેમ થાય? એ વિધિને અહીં પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. ૧૧૪ ગાથા છે ને.

**कोहादिसगब्भावक्खयपहुदिभावणाए णिग्गहणं ।**
**पायच्छित्तं भणिदं णियगुणचिंता य णिच्छयदो ॥११४॥**

૧૧૪ ગાથા. એનું નીચે હરિગીત

**ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના**
**ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.**

**ટીકા : (આ ગાથામાં)...** ભગવાન કુંદકુંદાચાર્ય... **સકળ** ભાવ**કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં...** પાઠમાં છે ને. 'નિજ ભાવ' શબ્દ છે ને. **'स्वकीय भाव'...** પુણ્ય ને પાપના ભાવ... શુભ દયા દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ શુભ (અને) હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ અશુભ.—બેય આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ છે. એવા સકળ ભાવકર્મને— પુણ્ય ને પાપરૂપી ભાવકર્મને—જે પોતામાં પોતાને કારણે પુરુષાર્થની કમજોરીથી ઉત્પન્ન થતાં પુણ્ય-પાપના ભાવ એને—મૂળથી ઉખેડી નાખવું. મૂલસે ઉખાડકર... **નાખવામાં સમર્થ એવું નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે.** પ્રાયશ્ચિત્ત કહો, સંવર-નિર્જરા કહો, મોક્ષનો માર્ગ કહો—એ બધી એક જ વાત છે. સમજાય છે કાંઈ?

કહે છે કે **ક્રોધાદિક સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવોના ક્ષયના કારણભૂત...** વિકારભાવ, વિભાવભાવ, એ વિભાવસ્વભાવમાં... જુઓ! 'સ્વભાવ' શબ્દ લીધો છેને. પાઠમાં લીધો છે ખરુંને. **સગબ્ભાવ** લીધો છેને. **વિભાવસ્વભાવોના ક્ષયના કારણભૂત...** એ વિકારના નાશના કારણભૂત **નિજ કારણપરમાત્માના સ્વભાવની ભાવના...** આહાહા! નિજ ભગવાન કારણપરમાત્મા, ત્રિકાળી ધ્રુવસ્વરૂપ, રાગ બિનાકા ઔર એક સમયકી પર્યાય બિનાકા, એક સમયની પર્યાય વિનાનો કારણપરમાત્મા ધ્રુવ ચૈતન્ય નિત્યાનંદ સહજાનંદ એવો જે પોતાનો કાયમી કારણપરમાત્મભાવ... અહીં પાછું કારણદ્રવ્ય લીધું આમ. ભાવ પછી લેશે. એના સ્વભાવની ભાવના હોતાં... આહા! ચૈતન્ય આત્મદળ આનંદકંદ એવો જે સ્વભાવ એની ભાવના

(એટલે) એમાં અંતરમાં એકાગ્ર થવું, એ કારણપરમાત્માના સ્વભાવની ભાવના કહેવામાં આવે છે. આહાહા! ભારે આકરી વાત.

કારણપરમાત્માનો સ્વભાવ ત્રિકાળી આનંદ ને ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ, એની ભાવના (એટલે) એની અંતર એકાગ્રતા એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. આહા! કારણપરમાત્માકા આશ્રય કરકે એકાગ્ર હોના વહી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વહ નિશ્ચય પ્રાયશ્ચિત્ત, એ નિશ્ચય સ્વધર્મ. શું કહે છે?

શ્રોતા : .........

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે કહતે હૈં ન. રાગકા અભાવ ને સ્વરૂપકી સ્થિરતા વહ ચારિત્ર હૈ. ચારિત્ર, કોઈ નગ્નપના ને પંચમહાવ્રતકા વિકલ્પ વહ ચારિત્ર નહીં. ચારિત્રકી વ્યાખ્યા દૂસરી હૈ ભગવાનકે ઘરકી. અંતરમેં અંતર આનંદમૂર્તિ પ્રભુ ત્રિકાળ ઉસમેં એકાગ્ર હોકર, રાગકા અભાવ કરના ઉસકા નામ ચારિત્ર હૈ. ચારિત્ર નામ ચરના, ચરના નામ રમના, રમના નામ જમના. પોતાનો નિજ આનંદસ્વભાવ ત્રિકાળ કારણભગવાન એમાં લીન થઈને નિર્વિકલ્પ વીતરાગીદશા પ્રગટ કરના વહ રાગકા ત્યાગ ને સ્વરૂપકી સ્થિરતા વહ ચારિત્ર હૈ. ઝીણી વાત છે ભાઈ! દુનિયાને માની હૈ દૂસરી ચીજ ને માર્ગ દૂસરા હૈ.

ચારિત્ર નામ પહલે કારણપરમાત્મા અપના ત્રિકાળી ધ્રુવસ્વરૂપ ઉસકી અંતર દૃષ્ટિ કરકે અનુભવ કરના, નિર્વિકલ્પ આનંદકા વેદન હોના, એનું નામ તો પ્રથમ સમ્યગ્દર્શન છે. પંડિતજી! થોડી થોડી ભાષા સમજના ગુજરાતી. હિન્દી .. યહાં સબ ગુજરાતી હૈં ન. આહાહા! અભી ચારિત્ર કિસકો કહના ઉસકી ખબર નહીં. યે બહારકા ત્યાગ... વહ ત્યાગ તો સબકો હૈ હી. શરીરકા નગ્નપના વહ ભી ચારિત્ર નહીં. પ્રેમચંદજી! અંદર આવો અંદર યહાં. ભગવાન કુંદકુંદાચાર્યદેવ નગ્ન દિગંબર મુનિ થે. વે કહતે હૈં કિ ચારિત્ર કિસકો કહના? કોને કહેવું? ચારિત્ર કહો કે પ્રાયશ્ચિત્ત નિશ્ચય કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો કે વસ્તુ ત્રિકાળી દ્રવ્યસ્વભાવની એકાગ્રતા કહો. આહાહા!

બહારમાં નગ્નપણું એ કાંઈ ચારિત્ર નથી, તેમ અંદર પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે દયા, અસત્ય છોડવું, બ્રહ્મચર્ય પાળવું એ તો બધો વિકલ્પ રાગ છે, એ તો આસ્રવ છે. એ ચારિત્ર નહીં. એને અજ્ઞાની ચારિત્ર માને છે. શોભાલાલજી! અજ્ઞાની અનાદિસે માનતે હૈં. બાહ્યકી ક્રિયાકો ચારિત્ર માનતે હૈં, મૂઢ મિથ્યાત્વકા સેવન કરતે હૈં. ઐસી યે બાત હૈ.

શ્રોતા : ભગવાનનો અનાદિનો માર્ગ તો આનો આ જ છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, પણ ચારિત્ર આ ચારિત્ર. યે લોગ કહતે હૈં ઐસા નહીં.

શ્રોતા : .........

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ તો ક્રિયા હૈ, રાગ હૈ, વહ કોઈ ચારિત્ર નહીં. આહાર દેનેકા ભાવ ભી રાગ હૈ, વહ ચારિત્ર નહીં. યે તો બાહરકી બાત હૈ. યે અંતરમેં આનંદમેં રહતા હૈ ઉસકા નામ ચારિત્ર હૈ. આહાર દિયા (તો) દેનેવાલેકો શુભરાગ હુઆ, ધર્મ નહીં, પુણ્ય હુઆ. પરકો દેનેમેં તો રાગ હૈ. અપને સ્વરૂપમેં એકાગ્રતા આનંદકી દશા પ્રાપ્ત કરના ઉસકા નામ ધર્મ ને ચારિત્ર હૈ. લોકોને ક્યાં કાંઈ ખબર છે? આહાર દેના યે ધર્મ હો ગયા. એ ધૂળેય ધર્મ નહીં. ત્રણ લોકના નાથને છદ્મસ્થ (અવસ્થામાં) આહાર આપે તો ભી પુણ્યભાવ હૈ, ધર્મ નહીં, સમજાય છે કાંઈ?

ઐસા તો અનંત બાર સમવસરણમેં જાકર ભગવાનકી પૂજા કી અનંતબૈર. કલ્પવૃક્ષકે ફૂલ, મણિરત્નના દીપ. જય ભગવાન. વહ કોઈ ધર્મ નહીં, વહ તો શુભભાવ હૈ. 'ભવે ભવે જિન પૂજિયો..' પરમાત્મપ્રકાશમેં કહતે હૈં. અનંતવાર જિનની પૂજા કી, પણ વહ તો શુભભાવ હૈ, વહ ધર્મ નહીં. હા, શુદ્ધ તો દૂસરી ચીજ હૈ. શુભસે ભિન્ન અપના આનંદસ્વભાવ અતીન્દ્રિય આનંદ ઉસમેં એકાગ્રતા હોના ઉસકા નામ શુદ્ધતા કહનેમેં આતા હૈ. વાત બીજી, આખી જગતની શૈલી બીજી છે. વીતરાગમાર્ગ દૂસરા હૈ. વીતરાગ દિગંબર જૈનધર્મ યે કોઈ દૂસરી ચીજ હૈ. સમજમેં આયા? વહ યહાં કહતે હૈં, દેખો!

અપનેમેં વિકલ્પ જો ઉઠતે હૈં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા યે સબ આસ્રવ હૈ, યે વિભાવ હૈ. દેખો! **ક્રોધાદિક સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવ**... સમસ્ત નામ પુણ્ય-પાપ સબ. એના ક્ષયનું કારણ સ્વભાવ... એને કરવાનું કારણ નહીં, રચવાનું કારણ નહીં, ક્ષયનું કારણ. પુણ્યભાવકી રચના વહ તો મિથ્યાત્વભાવ હૈ. મેરા ભાવ હૈ ઐસા માનના વહ મિથ્યાત્વભાવ હૈ. શુભભાવ તો રાગ હૈ અને રાગ મેરા હૈ અને મુજે લાભ હોગા, (ઐસા માને તો) મિથ્યાત્વ હૈ. મહામિથ્યાત્વ હૈ, જૈનદર્શન યે નહીં. જૈનદર્શનકી ચીજ રાગરહિત, પુણ્ય-પાપ રહિત પોતાના આત્માના સ્વભાવમાં... ક્ષયના કારણભૂત... આહાહા! ઝીણી વાત. અનંત કાળમાં નવમી ગ્રૈવેયેક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' ઐસા દ્રવ્યલિંગ ને દ્રવ્યક્રિયા તો અનંતબૈર કી, વહ કોઈ ધર્મ નહીં.

વહ કહતે હૈં ભગવાન કુંદકુંદાચાર્ય. ક્રોધાદિક માન, માયા, લોભ, પુણ્ય-પાપ શુભ-અશુભભાવ યે **સમસ્ત મોહરાગદ્વેષરૂપ**... સમસ્ત મિથ્યાત્વ ને રાગદ્વેષ, પુણ્ય-પાપના ભાવ એવો વિભાવસ્વભાવ... એ વિભાવસ્વભાવ છે. એના ક્ષયનું કારણ–એના **નાશના કારણભૂત નિજ કારણપરમાત્મા**... પર પરમાત્મા નહીં. પર પરમાત્માની ભક્તિ, પૂજા આદિ સબ શુભરાગ છે, ધર્મ નહીં. સમજાય છે કાંઈ? જેઠાલાલજી! લોકોને એવી વાતે ચડાવી દીધા છેને મિથ્યા દૃષ્ટિમાં. અહીંયા તો, ભગવાન કુંદકુંદાચાર્ય મહાવિદેહમેં સીમંધર ભગવાનકે પાસ ગયે થે. આઠ દિન રહે થે. સંવત ૪૯. પંડિતજી! કુંદકુંદાચાર્યકા સુના હૈ ન કિ ભગવાન કુંદકુંદાચાર્ય ગયે થે

મહાવિદેહમેં. આઠ દિન રહે થે ઔર આકર યે બનાયા હૈ. કહતે હૈં કિ જિતના અપની પર્યાય–અવસ્થામેં દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-નામસ્મરણ-જાત્રાદિકા ભાવ ઔર હિંસા, જૂઠું, ચોરી વિષયાદિકા ભાવ દોનોં ભાવ વિભાવભાવ હૈ. એવી વાત છે ભગવાન! માર્ગ એવો છે બહુ આકરો ભાઈ! જૈનદર્શન હી એક દર્શન હૈ. દૂસરે યે ચીજ કહીં હૈ નહીં. જૈનદર્શન સિવા કહીં યે ચીજ હોતી નહીં તીન કાલમેં. સમજમેં આયા?

તો કહે છે, **નિજ કારણપરમાત્મા**... એમ શબ્દ પડ્યા છે ને. પોતાનો... પોતાનો એટલે અપના. નિજ પ્રભુ ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી ધ્રુવભાવ, ત્રિકાળી નિત્યાનંદભાવ યે કારણપરમાત્મા. ઉસમેં સન્મુખ હોકર દૃષ્ટિ અને સ્થિરતા કરના, ઉસકી ભાવના કરના યે પ્રાયશ્ચિત્ત હૈ, યે ધર્મ હૈ, એનું નામ ચારિત્ર છે. આ ચારિત્રનો પેટાભેદ પ્રાયશ્ચિત, એમ આવ્યું છેને? ચારિત્રનો પેટાભેદનું વર્ણન થયુંને. પડિકમણું.. ઓલા પેટાના ભેદની વાત છે. આહાહા! અરે! ચારિત્ર કોને કહેવું (જ્યાં) હજી સમ્યગ્દર્શનની ખબર ન મળે. હજી સમ્યગ્દર્શન કોને કહેવું હોં, થાય એ તો (દૂરની) ચીજ. અખંડ આનંદ પ્રભુ નિત્યાનંદ નાથ આત્મા કારણપ્રભુ એની સન્મુખ થઈને, એની પ્રતીતમાં અનુભવ કરવો, એમાં પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. અમરચંદભાઈ! આહાહા! ઘણી પ્રરૂપણા ફેરવી નાખી લોકોએ. ઉપદેશની પદ્ધતિ આખી મિથ્યાત્વની પ્રરૂપણા ચાલે છે અને માને છે કે આ ભગવાનનો ધર્મ છે.

આહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય અને એની ટીકા કરનારા પદ્મપ્રભમલધારિદેવ મુનિ હતા. નવસો વર્ષ પહેલાં નગ્ન મુનિ દિગંબર વનવાસી. વે ટીકાકર્તા હૈં. કહે છે કે ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ... શરીર, વાણી, મન એ જડની ક્રિયા. આત્મામાં પુણ્ય ને પાપના આસ્રવભાવ થાય એ વિભાવભાવ, એ અધર્મભાવ. રાડ નાખે રાડ. એક ફેરી કહ્યું હતુંને. ૮૫માં કહ્યું હતું. ૪૨ વર્ષ (પહેલા) બોટાદમાં. ઉસમેં થે ન હમ તો. ઉસમેં–સંપ્રદાયમેં કહા થા હજારો માણસોમેં. પોષ માસ થા. ૮૫નો પોષ. ૮૫ સાલ સમજતે હૈં? વિક્રમ સંવત. ૧૯૮૫. ૪૨ વર્ષ હુએ. હમારી તો પ્રતિષ્ઠા બહોત થી ન ઉસમેં. હજારો માણસ... ૧૫૦૦ માણસ.... સભા બોટાદ, બોટાદકા થા ન સંપ્રદાય.

એક બાર ઐસા કહા સંપ્રદાયમેં કિ જો ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ધર્મ નહીં, યે ભાવ આસ્રવ હૈ. આસ્રવસે બંધ હોતા હૈ કિ ધર્મસે બંધ હોતા હૈ? પંડિતજી! સંપ્રદાયમેં ૪૨ વર્ષ પહલે. ઉસમેં થે ન. ખળભળાટ મચી ગયો. ગૃહસ્થોંકી હમારે પર આસ્થા બહોત થી ન. ગૃહસ્થોંકો... હમારી પ્રતિષ્ઠા બહોત થી. ૫૦ વર્ષ પહલે. પણ એક સાધુ થા. 'વોસરે.. વોસરે..' (કહકર ઉઠ ગયા). આ નહીં, આ નહીં. જો ભાવસે તીર્થંકરગોત્ર બંધે.... બંધનું કારણ હોય એ ધર્મ ન હોય. બંધનું કારણ એ આસ્રવ હોય અને પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે, ધર્મ

નહીં. આ બે બોલ કહ્યા હતા ૪૨ વર્ષ પહેલાં સંપ્રદાયમાં. ૪૦ ઔર ૨. માર્ગ ઐસા હૈ. આજ માનો, કલ માનો, પીછે માનો, ઇસે માને છૂટકા હૈ તેરા. સમજમેં આયા?

કહતે હૈં, કારણપરમાત્માકા સ્વભાવ... પુણ્ય-પાપનો ભાવ વિભાવ. શરીરાદિ-કર્માદિ અજીવ. એ તો ભિન્ન રહ્યું. પુણ્ય-પાપનો ભાવ આસ્રવ એ વિભાવ અને ત્રિકાળી ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વભાવ એ પોતાનો સ્વભાવ. એની ભાવના (અર્થાત્) એમાં એકાગ્રતા, આનંદસ્વભાવમાં એકાગ્રતા, એનું નામ ભાવના ને એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. સમજાય છે કાંઈ? એમ હોતાં... ભાવના હોતાં... એમ છે ને? ભગવાન આત્મા અખંડ આનંદમૂર્તિ પ્રભુ એની અંદરમાં એકાગ્રતા **હોતાં નિસર્ગવૃત્તિને લીધે...** ક્યા કહતે હૈં? શું કહે છે? **(અર્થાત્ સ્વાભાવિક—સહજ પરિણતિ હોવાને લીધે)...** રાગ વિનાની પરિણતિ એ તો નિર્મળ આનંદ, વીતરાગી પરિણતિ સહજ સ્વભાવને લીધે **પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે...** એને ભગવાન (દ્વારા) પ્રાયશ્ચિત–ચારિત્રનો ભેદ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ?

**ક્ષયના કારણરૂપ**... દેખો! એ ત્યાગ. પુણ્ય-પાપના વિકલ્પો એના ક્ષય–નાશનું કારણ, એના અભાવનું કારણ એવી આત્મસ્વભાવની અંદર આનંદની ભાવના એ નિસર્ગવૃત્તિ છે. સ્વભાવિક પરિણતિ, સ્વભાવિક વીતરાગી પરિણતિ. આહા! એને ભગવાને પ્રાયશ્ચિત કહ્યું છે. આહાહા! અનંત બાર દ્રવ્યલિંગી મુનિ હોકર નવમી ગ્રૈવેયક ગયા, પંચમહાવ્રત પાળ્યા, ૨૮ મૂળગુણ પાળ્યા. છઢાળામાં આતા હૈ ન પંડિતજી! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયૌ, પૈ નિજ આતમજ્ઞાન...' અંતરમાં આનંદનો અનુભવ ને સમ્યગ્દર્શન વિના થોથા નીકળ્યા તારા. સમજમેં આયા? ચાર ગતિમેં રુલનેકા ભાવ થા તેરા. અહીંયા તો ભગવાન આત્મા કારણપ્રભુ નિત્યાનંદ, અનંત આનંદ ને અનંત જ્ઞાન જેમાં પડ્યું છે અંદર આત્મામાં. કેવળજ્ઞાનની પર્યાય તો એક સમયકી હૈ. એવી અનંતી-અનંતી કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાનગુણમાં પડી છે. એવો અનંતગુણનો પિંડ એવો ભગવાન એની દૃષ્ટિ કરીને નિર્વિકલ્પ સમકિત થાય, એમાં સ્થિર થઈને વીતરાગી ચારિત્ર થાય, એને ભગવાન (દ્વારા) મોક્ષના માર્ગનું ચારિત્ર અથવા પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે. આવો માર્ગ છે ભાઈ! આથી કાંઈ ફેરફાર કરશે, મિથ્યાત્વ લાગશે એને. આહાહા!

**નિસર્ગવૃત્તિ**... ભાષા કેવી ચોખ્ખી કરી પાછી! પુણ્ય-પાપના ભાવ છે એ નિસર્ગવૃત્તિ નથી, એ તો વિભાવભાવ છે. પરાશ્રયે, પરલક્ષે ઉત્પન્ન થયેલો ભાવ છે. આહાહા! આ તો નિસર્ગવૃત્તિ... શુદ્ધ ભગવાન આત્મા પરમ પવિત્રનું ધામ એની એકાગ્રતા એ નિસર્ગવૃત્તિ છે. આહાહા! એક વાત. બીજી વાત. કારણપરમાત્માના સ્વભાવની વાત લીધીને. દ્રવ્યનો સ્વભાવ અથવા પરમાત્માના ગુણાત્મક, એમ. એકલો ગુણની હવે વાત લેવી. **અથવા, પરમાત્માના ગુણાત્મક...** પરમાત્માના ગુણસ્વરૂપ... પરમાત્મા પોતાનો પરમાત્મા હોં. પરમસ્વરૂપ ભગવાન

આત્મા અનાદિ-અનંત અવિનાશી ધ્રુવ વસ્તુ એ પોતાનો–નિજ પરમાત્મા, એનું ગુણસ્વરૂપ (એટલે) એના ગુણો, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એ અનંત ત્રિકાળી અવિનાશી ગુણો. જેવી વસ્તુ પોતે અવિનાશી અનાદિ-અનંત, એમ એનાં જ્ઞાન, દર્શન, આનંદ ગુણ પણ અનાદિ-અનંત, અવિનાશી.

**એવા જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...** જુઓ! ભાષા. ગુણને અંતઃતત્ત્વ કહ્યું છે. **એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ (નિજઃ સ્વરૂપના સહજજ્ઞાનાદિક સહજગુણો તેમનું ચિંતન કરવું...** આહાહા! સ્વભાવિક ત્રિકાળી જ્ઞાન, સ્વભાવિક ત્રિકાળી આનંદ, સ્વભાવિક ત્રિકાળી સમ્યક્ શ્રદ્ધા, ત્રિકાળી હોં, વર્તમાન પ્રગટ પર્યાય નહીં. એવા સહજ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવિક ગુણો તેમનું ચિંતન એટલે એકાગ્રતા કરવી... એમાં ઓલી ભાવના કીધી હતી, એને અહીં ચિંતન કહ્યું. જ્ઞાનગુણ, આનંદગુણ ત્રિકાળી, એનામાં દૃષ્ટિ કરીને એકાગ્ર થવું, એનું નામ સમ્યગ્દર્શન ને ચારિત્ર છે. બાકી ચારિત્ર કંઈ ક્રિયા ને નગ્નપણું ને પંચમહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર-ફારિત્ર છે નહીં. સમજાણું કાંઈ?

**તે પ્રાયશ્ચિત્ત છે.** આહાહા! ગજબ ટીકા પણ! બે વાત લીધી. પહેલા પરમાત્માના સ્વભાવ(ની વાત) લીધી હતી ને પછી ગુણોનું ચિંતવન, એમ. ત્યાં સ્વભાવ, અહીં ગુણ છે એમ. એકલા ગુણ સીધા લીધા, પરમાત્માના ગુણ કહીને. તેમની એકાગ્રતા, ગુણમાં એકાગ્રતા. અખંડ પ્રભુ ધ્રુવ એમાં સન્મુખ થઈને એકાગ્ર થવું, એમાં રાગ વિનાની નિર્વિકલ્પદશા, નિર્દોષ વીતરાગી આનંદ આદિનું પ્રગટ થવું એને પ્રાયશ્ચિત ચારિત્ર કહેવામાં આવે છે. એને ચારિત્ર કહે છે. આ પ્રાયશ્ચિત્ત ચારિત્રનો ભેદ છે. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના—એ બધા ચારિત્રના (ભેદ), પણ આ (નિશ્ચય) ચારિત્ર. દિગંબર, આવું હોય એને બાહ્યદશા દિગંબર થઈ જાય. બાહ્ય દિગંબર થઈ જાય, કરવી ન પડે.

શ્રોતા : સોનગઢવાલે... નથી માનતા.

પૂજ્ય ગુરુદેવશ્રી : વસ્તુ ઐસી હૈ. શેઠ ઠીક કહતે હૈં. જહાં ઐસી દશા અંદરમેં આનંદકી ચારિત્રકી હો, તબ નગ્નદશા સહજ બન જાય. એકલી નગ્નદશા હો ને ચારિત્ર ન હો તો એ થોથા છે. એ તો અજ્ઞાન છે. પણ જ્યારે અખંડ આનંદસ્વરૂપ એની સમ્યગ્દર્શનપૂર્વક, આનંદપૂર્વક જ્યાં સ્વરૂપની લીનતાનું ચારિત્ર થાય, એને બાહ્ય નગ્નદશા વસ્ત્ર વિનાની દશા સહજ થઈ જાય. એને માથે વસ્ત્ર રહે ને ચારિત્ર થાય એમ હોય નહીં, તેમ વસ્ત્ર છૂટી ગયા માટે ચારિત્ર છે અંદર એમેય નથી. સમજાય છે કાંઈ? પાછા કોઈ એમ કહે કે વસ્ત્ર-પાત્ર રાખે અને અંદર ચારિત્ર હોય.—એ ત્રણ કાળમાં બને નહીં. પણ વસ્ત્ર-પાત્ર નથી રાખતા માટે ત્યાં ચારિત્ર છે એમેય નથી. અંતરના આત્મદ્રવ્યનો આશ્રય લઈને જે નિર્મળ વીતરાગદશા પ્રગટ કરે એને બાહ્યમાં નગ્નદશા સહજ થઈ

જાય. ભીખાભાઈ! માર્ગ આવો છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં સર્વજ્ઞ પરમેશ્વરે આ પંથ કહ્યો છે. આહાહા!

**હવે, આ ૧૧૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ** પદ્મપ્રભમલધારિદેવે ટીકા કરી, હવે એનો શ્લોક કહે છે. ૧૮૧ છે. ૧૮૧ કળશ છે.

**प्रायश्चित्तमुक्तमुच्चैर्मुनीनां**
**कामक्रोधधाद्यन्यभावक्षये च ।**
**किं च स्वस्य ज्ञानसंभावना वा**
**सन्तो जान्त्येतदात्मप्रवादे ॥ १८१ ॥**

આહાહા! ધર્માત્મા મુનિઓને, સંત-ભાવલિંગી મુનિને... **શ્લોકાર્થ : મુનિઓને કામક્રોધાદિક અન્ય ભાવોના ક્ષયની...** પુણ્ય-પાપ આદિ અન્ય ભાવોના ક્ષયની... આ ત્યાગની, લ્યો. ક્ષયની કહો, ત્યાગની કહો કે નાશની કહો. **જે સંભાવના અથવા તો પોતાના જ્ઞાનની જે સંભાવના...** ગુણ લીધું. માથે કહ્યું હતુંને. **कोहादिसगब्भावक्खयपहुदिभावणाए णिग्गहणं। पायच्छित्तं भणिदं... णियगुणचिंता** ઓલું આવ્યુંને ચોથા પદમાં. ચોથા પદમાં એમ આવ્યુંને. પહેલામાં ક્રોધાદિભાવ કહ્યું હતુંને. **णियगुणचिंता** એટલે બે ગુણ... શું કહે છે? કે ધર્માત્મા–સાચા સંતને પુણ્ય ને પાપના ભાવના નાશની–ત્યાગની–ક્ષયની જે ભાવના એવી જે અંતરમાં સ્વરૂપમાં આનંદમાં એકાગ્રતા અથવા જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એના ગુણની સમ્યક્ ભાવના, એ ગુણમાં એકાગ્રતા, રાગમાં નહીં, રાગનો તો નાશ કરવા ગુણમાં એકાગ્રતા... આહાહા!

**તે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેલ છે.** તેને સંતોએ, કેવળીઓએ, તીર્થંકરોએ ઉગ્ર ચારિત્ર કહ્યું છે. આહાહા! આ ચારિત્ર છે. આહાહા! **સંતોએ આત્મપ્રવાદમાં આમ જાણ્યું છે.** સંતોએ, ધર્માત્માઓએ આત્મપ્રવાદમાં (અર્થાત્) આત્માનું જ્યાં કથન ચાલે, આત્માની અધ્યાત્મની વાત ચાલે એમાં આમ જાણ્યું છે, મુનિઓએ આમ જાણ્યું છે. આહાહા! ભગવાન (આત્મા) શરીર-વાણીથી તો જુદી ચીજ છે, એની ક્રિયા તો આત્માની નહીં, પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આત્માની ક્રિયા નહીં, એ વિકારી ક્રિયા છે. એવું સંતોએ આત્માના ભાનમાં ને આત્માના કથનમાં જાણ્યું છે. સમજાણું કાંઈ? આવી વાત છે. આહાહા!

ચારિત્ર તો પરમેશ્વરપદ છે, જેને ગણધર નમસ્કાર કરે છે. 'ણમો લોએ સવ્વ સાહૂણં.' શાસ્ત્ર રચે ત્યારે 'ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં..' બધે સવ્વ આવે છે. છેલ્લું પદ એ બધામાં આવે છે. 'ણમો લોએ સવ્વ આઇરિયાણં, ણમો લોએ સવ્વ ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં.' જેને, ગણધર (કે જે) ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વની રચના એક ક્ષણમાં કરે એનો નમસ્કાર પોગે એ દશા કેવી હોય ભાઈ! સમજાણું કાંઈ! એ તો અંતરમાં આનંદમાં ઝૂલતો

હોય છે. એવા મુનિને તો નિદ્રા એક પોણી સેકંડની અંદર હોય છે. સાચા સંતને નિદ્રા પોણી સેકંડની અંદર (હોય). એક સેકંડની પણ નિદ્રા આવી જાય તો ગુણસ્થાન ને મુનિપણું નહીં રહે. આહાહા! આવી માર્ગની, ચારિત્રની શૈલી છે. સમજાણું કાંઈ?

આવે છેને. છઢાળામાં નથી આવતું? 'ભૂમાંહિ પિછલિ રયનિમેં...' (ઢાળ ૬, પદ ૫). આવે છે. એક પાછલી રાતમાં એક પોણી સેકંડ.., છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકંડની અંદર છે. આહા! શું થાય? અને સાતમા ગુણસ્થાનની સ્થિતિ એનાથી અડધી છે. એનાથી ડબલ છઠ્ઠાની. એનાથી અડધી સાતમાની. સંત સાચા એને તો છઠ્ઠુ-સાતમું ગુણસ્થાન તો હજારો વાર અંતર્મુહૂર્તમાં આવે. અંતર્મુહૂર્તમાં અપ્રમત્ત.... વિકલ્પ ભૂલી જાય. આનંદની દશામાં રમતાં જેને નિદ્રા જ પોણી સેકંડની અંદર હોય એને-મુનિને ચારિત્ર કહીએ. આહાહા! અરરે! દુનિયાએ ચારિત્ર ભગવાનનું કહેલું શું છે સુના નહીં, સમજ્યો નહીં, આચરણમેં તો કહાંસે આવે? માર્ગ એવો છે ભાઈ! અનાદિનો હોં. દિગંબરધર્મ એ કોઈ નવી ચીજ નથી, અનાદિની ચીજ છે અનાદિની. સમજમેં આયા? ઝીણી વાત છે. શ્વેતામ્બર પછી નીકળ્યા. શ્વેતામ્બર—સ્થાનકવાસી, દેરાવાસી ઇસમેંસે નિકલા હૈ. નવો માર્ગ છે, મૂળ માર્ગ નથી. મૂળ માર્ગ તો આ છે. અનાદિકા સનાતન માર્ગ. ઉસકા પહલે સમ્યગ્દર્શન પ્રગટ કરના એમ કહતે હૈં. સમજાય છે કાંઈ? આહાહા!

**(અર્થાત્ જાણીને કહ્યું છે)**. એમ લખ્યુંને. સંતોએ... કુંદકુંદાચાર્ય, પદ્મપ્રભમલધારીદેવ, નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી, પૂજ્યપાદસ્વામી આદિ મહા સંતો ધર્મના થાંભલા, કેવળજ્ઞાનના કેડાયતો, કેવળજ્ઞાનના કુળના કેડાયત, કેવળજ્ઞાનીને કેડે-રસ્તે ચાલનારા. એ સંતોને આત્માના આનંદની એકાગ્રતા એને પ્રાયશ્ચિત અને ચારિત્ર આત્મપ્રવાદમાં જાણવામાં આવ્યું છે. આહાહા! ભારે કામ આકરું ભાઈ! હજી વ્યવહારનાય ઠેકાણા ન મળે ત્યાં નિશ્ચય તો ક્યાં? પણ આવો નિશ્ચય હોય ત્યારે એને વ્યવહાર, વિકલ્પને વ્યવહારનો આરોપ હોય છે. એ બંધનું કારણ છે વ્યવહાર.

નિશ્ચય છે તે મોક્ષનું કારણ છે. એક જ છે, મોક્ષના કારણ બે નહીં. મોક્ષમાર્ગ બે નહીં, મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. મોક્ષમાર્ગ એક છે. ટોડરમલજીમેં આયા હૈ. મોક્ષમાર્ગપ્રકાશ છે ને, સાતમો અધ્યાય. મોક્ષમાર્ગ દો પ્રકારકા નહીં, દો પ્રકાર માનના યે ભ્રમ હૈ. દોનોંકો ઉપાદેય માનના ભ્રમ હૈ. એક ભગવાન આત્મા અપના-નિજસ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ વીતરાગ એ એક જ મોક્ષમાર્ગ છે. એ કહે છે. આત્મપ્રવાદમાં એમ જાણ્યું એમ કહે છે. જ્યાં આત્મામાં કથન આત્માનું આવે છે, એમાં આવું સ્વરૂપ છે એમ મુનિઓએ અંતરથી જાણ્યું છે. આહાહા! ૧૧૪ ગાથા પૂરી થઈ. ૧૧૫.

**कोहं खमया माणं समद्दवेणज्जवेण मायं च ।**
**संतोसेण य लोहं जयदि खु ए चहुविहकसाए ॥११५॥**

આવો શ્લોક આવે છે શ્વેતામ્બરમાં, પણ એ અંદર સમજ્યા વિનાની વાતું છે.

**જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,**
**આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫.**

**ટીકા : આ, ચાર કષાયો પર વિજય મેળવવાના ઉપાયના સ્વરૂપનું કથન છે.** ક્રોધ, માન એ દ્વેષ, માયા, લોભ એ રાગ. શુભરાગ એ રાગમાં જાય છે અને દ્વેષ એ દ્વેષમાં જાય છે. એટલે દ્વેષમાં ક્રોધ ને માન આવે છે અને રાગમાં માયા અને લોભ. **ચાર કષાયો પર** એટલે શુભ ને અશુભભાવ ઉપર **વિજય મેળવવાના ઉપાયના સ્વરૂપનું કથન છે**. શુભભાવ–શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ બેય કષાયભાવ છે. એના ઉપર વિજય મેળવવાનો (અર્થાત્) એનો ત્યાગ કરવાનો, એનો નાશ કરવાના ઉપાયનું કથન છે. આહાહા! એના ત્રણ ભેદ વર્ણવે છે.

**જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એવા (ત્રણ ) ભેદોને લીધે ક્ષમા ત્રણ (પ્રકારની) છે.** આ ક્ષમા સમ્યગ્દર્શનના અનુભવપૂર્વકની છે. આત્મા આનંદસ્વરૂપ ને ક્ષમાની મૂર્તિ છે. ક્ષમા એટલે અકષાયસ્વભાવ. અકષાયસ્વભાવ એવો પરમાત્મા પોતાનો એવું જેને અંતરમાં જ્ઞાનમાં ભાન થયું અને પ્રતીત થઈ છે કે આ ભગવાન તો શુદ્ધ અકષાયસ્વભાવ જ છે. એને જે એ ક્ષમા હોય એને અહીં ક્ષમા ગણવામાં આવી છે. અજ્ઞાની તો અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો. ચામડા ઉતારીને ખાર છાંટે તોય ક્રોધ ન કર્યો, એ ક્ષમા નહીં. મિથ્યાદૃષ્ટિ જૈન દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, ચામડા ઉતારીને ખાર છાંટે... ખાર સમજે? નમક.. નમક. શુક્લલેશ્યા. એવી શુક્લલેશ્યા હોય એની... ભવિને હોય છે, નવમી ગ્રૈવેયકે જાય એને. શુક્લલેશ્યા તો ભવિ, અભવિ, મિથ્યાદૃષ્ટિને હોય છે. શુક્લધ્યાન જુદું ને શુક્લલેશ્યા જુદી. શુક્લલેશ્યા પુણ્યભાવ છે. આહાહા! (બાહ્ય) ક્ષમા એ ક્ષમા નહીં. એ તો પુણ્યભાવની ક્ષમા છે આહીં તો પુણ્ય ને પાપના બેય ભાવના નાશની ક્ષમા. આહાહા! વીતરાગીમાર્ગ કોઈ જુદી જાતનો છે. આહાહા!

**(૧) વિના-કારણ અપ્રિય બોલનાર મિથ્યાદૃષ્ટિને વિના-કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યોગ વર્તે છે...** પહેલી ક્ષમા જઘન્ય દરજ્જાની. **વિના કારણ અપ્રિય બોલનાર આ મિથ્યાદૃષ્ટિને વિના કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યોગ વર્તે છે, તે મારા પુણ્યથી દૂર થયો...** પૂર્વનું પુણ્ય હતો તો દૂર થયો એમ કહીને ક્ષમા કરવી એ જઘન્ય ક્ષમા છે. નીચલા દરજ્જાની સમકિત સહિતની ક્ષમા છે. આહાહા! **(૨) (મારા પર) વિના કારણ ત્રાસ ગુજારનારને...** વિના કારણ ત્રાસ... પ્રહાર કરે, **તાડન**–માર મારવો, **વધ**–મારી નાખવો... **પરિણામ વર્તે છે એ મારા સુકૃતથી દૂર થયો.** એ પણ મારા પુણ્યને લઈને દૂર થયો. **આમ વિચારી ક્ષમા કરવી તે દ્વિતીય ક્ષમા છે.** બીજા પ્રકારની છે.

ત્રીજી ઊંચી ક્ષમા. **(૩) વધ થતાં અમૂર્ત પરમબ્રહ્મરૂપ એવા મને...** હું તો અમૂર્ત પરમબ્રહ્મસ્વરૂપ છું. મને નુકશાન કરી શકે એવી કોઈ ચીજ છે નહીં. સમ્યગ્દૃષ્ટિ ધર્મીને ચોથે ગુણસ્થાનથી, પરમબ્રહ્મ કારણ-આત્મા આનંદસ્વરૂપ છે એવું સમકિતીને ચોથે ગુણસ્થાને ભાન થઈ ગયું હોય છે. આહાહા! એ મુનિ વિચારે છે કે **વધ થતાં**–મારવું–મારી નાખવું **અમૂર્ત પરમબ્રહ્મસ્વરૂપ એવા મને**... હું તો અમૂર્ત પરમબ્રહ્મસ્વરૂપ છું, પરમ આનંદની મૂર્તિ છું. એ મરે ક્યાં ને મારે કોણ? નિત્યાનંદ પ્રભુ હું અતીન્દ્રિય આનંદનો નાથ, એવા અતીન્દ્રિય આનંદને કોણ મારે? **મને નુકશાન થતું નથી એમ સમજી પરમ સમરસીભાવમાં સ્થિત રહેવું...** લ્યો. પરમ વીતરાગ સમરસી નિર્વિકલ્પ શાંતિમાં સ્થિત રહેવું એને ભગવાન (દ્વારા) **ઉત્તમ ક્ષમા** ચારિત્રનો પ્રકાર કહેવામાં આવ્યો છે. આહાહા!

**આ (પ્રમાણે ત્રણ) ક્ષમાઓ વડે ક્રોધકષાયને જીતીને...** આ ત્રણ પ્રકારની ક્ષમા આવી. ક્રોધને ઉત્પન્ન થવા ન દે એ જીત્યો કહેવાય. **માર્દવ વડે. માનકષાયને...** નિર્માન, નરમાશ, કોમળતા, નિર્માનતા એવા માર્દવ વડે માનકષાયને જીતીને... **આર્જવ વડે માયાકષાયને...** ઋજુતા, સરળતા એવા સરળપણે માયાકષાયને જીતીને, **તથા પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષથી લોભકષાયને (યોગી) જીતે છે.** આહાહા! ભાષા દેખો! પરમતત્ત્વ એવો ભગવાન આત્મા એની પ્રાપ્તિરૂપ સંતોષ, એની પ્રાપ્તિથી થયો આનંદ... આહાહા! અતીન્દ્રિય આનંદ દ્વારા લોભને જીત્યો છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. એ અતીન્દ્રિય ચતુષ્ટય જે ભગવાનને પ્રગટે છે, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને અનંત વીર્ય—અનંત ચતુષ્ટય, એ બધી શક્તિરૂપે આત્મામાં પડ્યા છે. આત્માના ધ્રુવસ્વભાવમાં એ બધું અનંત-અનંત જ્ઞાન, અનંત આનંદ પડ્યો છે. એવા અનંત આનંદને, અનંત આનંદરૂપી પોતાનું પરમ તત્ત્વની પ્રાપ્તિરૂપ... અંદર એકાગ્ર થઈને તત્ત્વને પ્રાપ્ત કર્યું. એના સંતોષથી, એના આનંદથી લોભ ઉત્પન્ન થતો નથી, એને લોભને જીત્યો એમ કહેવામાં આવે છે. આહાહા! ચારની વાત કરી.

**આચાર્યવર શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં...** દિગંબર સંત મુનિએ આત્માનુશાસન બનાવ્યું છે. ભાવલિંગ આનંદકંદ આત્મા એને સંત કહેવામાં આવે છે. એવા ગુણભદ્રસ્વામીએ આત્માનુશાસનમાં **૨૧૬, ૨૧૭, ૨૨૧ તથા ૨૨૩મા શ્લોક દ્વારા) કહ્યું છે કે**..

**चित्तस्थमप्यनवबुद्धय हरेण जाड्यात्**
**क्रुद्धा बहिः किमपि दग्धमनङ्गबुद्धया ।**
**घोरामवाप स हि तेन कृतामवस्थां**
**क्रोधोदयाद्भवति कस्य न कार्यहानिः ॥**

દૃષ્ટાંત આપ્યો છે. ગુણભદ્રસ્વામી દિગંબર મુનિ હતા, વનવાસી હતા. મુનિઓ તો વનવાસમાં–જંગલમાં જ રહે આત્મધ્યાનમાં. શિયાળામાં–જાડેકે દિનમેં નદી કિનારે, ઉનાળામાં–

ગર્મીકે દિનમેં પર્વતકે શિખર ઉપર, વર્ષાકે દિનમેં ઝાડકે નીચે. અહો! પરમેશ્વપદના સાધક... કહે છે, એણે જે વિકારને અંતરના આનંદસ્વભાવથી જીત્યો એવું સ્વરૂપ અન્યમાં હોતું નથી.

**કામદેવે (પોતાના) ચિત્તમાં રહેલ હોવા છતાં (પોતાની) જડતાને લીધે તેને નહિ ઓળખીને, શંકરે**... શંકર.. શંકર. કોઈકને બાળી મૂક્યો જાણે કામને બાળી મૂક્યો. ... તારો ભાવ તો અહીં છે અજ્ઞાન. કામ એટલે વાસના એને બાળવી જોઈએ એને ઠેકાણે કોઈકને બાળ્યો. આહાહા! સમજાય છે કાંઈ? ચિત્તમાં રહેલો કામ, પોતાના ચિત્તમાં વાસના છે ભોગની, વિષયની. સમ્યગ્દૃષ્ટિને ભોગમાં સુખબુદ્ધિ ટળી ગઈ છે. ૯૬ હજાર સ્ત્રી હોય ચક્રવર્તીને, પણ સમ્યગ્દર્શનમાં પરમાં સુખબુદ્ધિનો નાશ થઈ ગયો છે. પરમાં સુખબુદ્ધિ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? સુખ આત્મામાં છે, એને ઠેકાણે વિષયોમાં સુખ, આબરુમાં સુખ, આ પૈસા મળે એમાં સુખ... ગજરાજજી! બહોત પૈસેમેં સુખ, નહીં? લડકા-દીકરા બરાબર પાંચ-સાત તો બહોત સુખ. મૂઢ હૈ. પરમાં સુખ માનવું એ તો મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. સમજાય છે કાંઈ? સુખ તો આત્મામાં છે, આનંદ અંતર છે. એને ઠેકાણે પુણ્ય-પાપના ભાવમાં પણ સુખ માનવું, મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

પરમાં તો સુખ નથી, પણ પાપનો ભાવ થાય એમાં સુખ નથી. એમાં તો નથી, પણ પુણ્યનો ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાનનો ભાવ એમાં પણ સુખ નથી. એ તો રાગ છે, રાગ તો દુઃખ છે. આહાહા! કરના નહીં, આવે છે, પણ કરવા જેવું નથી. કરવા જેવું-કર્તૃત્વ માને તો મિથ્યાદ્રષ્ટિ છે. રાગ કરવા જેવો છે એમ માને તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આવે ખરો, પણ એ હેયબુદ્ધિએ. આદરણીયબુદ્ધિ નહીં. ધર્મી સમકિતીને શુભભાવ આવે, પણ આદરણીયબુદ્ધિએ નહીં, હેયબુદ્ધિએ આવે. કરવા જેવો છે એમ તો જ્ઞાનીને હોતું નથી. આહાહા! ભારે આકરું કામ ભાઈ! રાગ કરવા જેવો? વીતરાગતા કરવા જેવી છે, એ વાત છે વીતરાગમાર્ગમાં. રાગ આવે, હો, પણ ઝેર છે. સમકિતી એને ઝેર માને છે. શોભાલાલજી! આહાહા! ભારે!

શુભ ને અશુભ બેયને ભગવાને ઝેર કહ્યું છે. કુંદકુંદાચાર્યે સમયસારમાં, મોક્ષ અધિકારમાં 'વિષકુંભ-ઝેરનો ઘડો છે' એમ કહ્યું છે. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ બેય આત્માના સ્વભાવથી વિપરીત છે, વિભાવભાવ છે, ઝેરનો ઘડો છે. આહાહા! જગતને તત્ત્વની ખબર ન મળે અને કંઈ ને કંઈ અતત્ત્વને તત્ત્વ માને. મિથ્યાદૃષ્ટિ રહે અને માને કે અમે ધર્મ કરીએ છે. આહાહા! 'દંસણ ભટ્ઠા ન સિજ્જંતી, ચરિત્ત ભટ્ઠા સિજ્જંતી...' ચારિત્ર નહીં હોય તો, સમકિતી છે એને ખ્યાલમાં છે કે ચારિત્ર નથી. તો એને ચારિત્ર આવશે. પણ હજી ચારિત્ર નથી ને ચારિત્ર માને, તે દર્શનથી ભ્રષ્ટ છે. એનો કોઈ દિ' ઉદ્ધાર છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! પુણ્ય ને પાપના ભાવ, ભાઈ! બેય વિકલ્પ છે ભગવાને બેયને કુશીલ કહ્યા છે. એ કુશીલ તો સંસારમાં પ્રવેશ કરાવે. એને ભલો કેમ માનવો? આહાહા!

અહીંયા તો કામદેવ શંકરે પોતાના ચિત્તમાં હોવા છતાં, કો'ક જાણે કામ બહારમાં છે એને ફૂ.. કરી બાળ્યો, પણ અંદરમાં તો રહી ગયો. આહાહા! એમ આ બાહ્યનો ત્યાગ કર્યો તો

અમે થઈ ગયા સાધુ. એ તો શંકર જેવો છે કહે છે. અંદરમાં મિથ્યાત્વ ને રાગનો ત્યાગ સ્વભાવના આશ્રયે કરવો જોઈએ એ તો કર્યો નહીં. સમજાણું કાંઈ? આહાહા! **કામદેવ પોતાના ચિત્તમાં રહેલ હોવા છતાં (પોતાની) જડતાને લીધે...** ભાન ન મળે કે આ વાસના જે પુણ્ય-પાપની છે એ જ કામ છે. એને આત્માના આનંદનો આશ્રય લઈને ટાળવા ને બાળવા જોઈએ. એને ટાળવા જોઈએ, એ તો ટાળ્યું નહીં ને બહારનું ટાળ્યું. સમજાણું કાંઈ? બાયડી-છોકરા છોડ્યા, ધંધા-વેપાર છોડ્યા અને થઈ ગયા ત્યાગી. પણ અંદરમાં મિથ્યાત્વનો તો ત્યાગ છે નહીં હજી. ક્યાંથી ત્યાગ આવ્યો તારી પાસે? એય!

એ કહો છે હોં. શંકરનો તો દાખલો આપ્યો છે અહીં. ચિત્તમાં રહેલો હોવા છતાં... એમ આપ્યુંને ભાઈ? અંદરમાં રહેલો અજ્ઞાનભાવ એને ઓળખ્યો નહીં ને બહારને બાળ્યો. અજ્ઞાનને લઈને. આહાહા! અરે! તીર્થંકર પરમાત્માએ કહેલો વીતરાગમાર્ગ અલૌકિક માર્ગ છે. સમજાય છે કાંઈ? એ માર્ગ એને સાંભળવા મળતો નથી. ઊંધા માર્ગને સવળો માર્ગ માનીને બેઠા. આહાહા! શંકરે ક્રોધી થઈને બહારના (કામ) ને બાળ્યો, પણ અંદરને બાળ્યો નહીં (તેથી) વધી ગયો મિથ્યાત્વ. **બહારમાં કોઈકને કામદેવ સમજી તેને બાળી નાખ્યો. (પણ ચિત્તમાં રહેલો કામદેવ જીવતો હોવાને લીધે) તેણે કરેલી ઘોર અવસ્થાને (-કામવિહ્વળ દશાને)...** આહાહા! વાસના જે છે એને તો બાળી નહીં, અજ્ઞાન છે એને તો બાળ્યો નહીં અને બહારનો ત્યાગ કરીને બેઠા કે અમે થઈ ગયા ત્યાગી, એમ કહે છે. એય! કામવિહ્વળ દશા (અર્થાત્) રાગના પ્રેમની, પુણ્યના પ્રેમની તો દૃષ્ટિ રહી ગઈ છે, એ જ મહામિથ્યાત્વ છે. આહાહા! **ક્રોધના ઉદયથી (ક્રોધ ઉત્પન્ન થવાથી) કોને કાર્યહાનિ થતી નથી?** એમ કહે છે. ખરેખર તો પોતાના આનંદ ને જ્ઞાનનું નિર્વિકલ્પસ્વરૂપ એની રુચિ નથી અને જેને પુણ્યના રાગની રુચિ છે એને આત્મા પ્રત્યે ક્રોધ છે, એમ ભગવાન કહે છે. આહાહા! એવી વાત છે. ક્યા કહા?

આનંદઘનજી એમ કહે છે, અને ભગવાન (કુંદકુંદાચાર્ય) એમ કહે છે અહીં સમયસારમાં કે જેને આનંદ નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ આત્મા એની જેને રુચિ નથી અને પુણ્યના રાગની રુચિ છે એ આત્મા પ્રત્યે મહા ક્રોધી જીવ છે. આ તો સમજાય એવું છે. સાદી ભાષામાં છે. એમ કહે છે સમયસારમાં, કર્તાકર્મ અધિકારમાં. ક્રોધ છે એને. ભગવાન આત્મા ઉપર એને ક્રોધ છે. નિર્વિકારી નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એનો જેને રસ ને પ્રેમ નથી અને એનાથી વિરુદ્ધ પુણ્યનો દયા-દાન વ્રતના શુભનો પ્રેમ છે, એને આત્મા પ્રત્યે ક્રોધ છે એ આત્માનો વેરી છે. પંડિતજી! માર્ગ તો ઐસા હૈ ભગવાન! આહાહા! માર્ગ તો આવો છે નાથ! એમાં કોઈ આડોઅવળો ઓછું-અધિક-વિપરીત કરશે તો ઘરમાં ઘોદા ખાશે. સમજાણું કાંઈ? આહાહા! ક્રોધને લઈને કાર્યહાની છે. આહાહા! એક વાત કહી. બીજી વાત કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૫, ગુરુવાર, તા. ૯-૯-૧૯૭૧**
**ગાથા – ૧૧૬, શ્લોક - ૧૮૨, પ્રવચન નં. ૧૧૯**

૧૧૫ ગાથા. એમાં આધાર આપીને ગુણભદ્રાચાર્યની ગાથા ચાલે છે. ક્રોધને જીતવો... એમ ચાલે છેને? પ્રાયશ્ચિત્ત અધિકાર. પોતાનો જે સ્વભાવ છે ત્રિકાળ શુધ્ધ આનંદ ધ્રુવ, એની અરૂચિ એનું નામ ક્રોધ છે. એ ક્રોધ, જે ત્રિકાળ સ્વભાવ છે એમાં એ ક્રોધ નથી. એને આશ્રયે ક્રોધ ટળે. એ ક્ષમાનો અર્થ એ. એ ક્ષમાની પર્યાયે આશ્રય લીધો છે દ્રવ્યનો. આત્મા ક્ષમાસ્વરૂપ જ છે. આત્માનું સ્વરૂપ જ અકષાયસ્વરૂપ છે. એનો આશ્રય લઈને જે અંદર અકષાયભાવ હતો એ પાક પરિણમ્યો એને અહીં ક્ષમા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શંકરનો દાખલો આપ્યો છે. બહારમાં કોઈકને વેરી ગણી એને માર્યો, હણ્યો, પણ અંદર રાગ–સ્વરૂપના અભાવસ્વરૂપ રાગનો ભાગ જે કામભોગ ને વાસના એને તો હણી નહીં. હણવાલાયક તો એ હતું. અને એ હણવાલાયક ક્યારે થાય? જેમાં એ રાગ નથી, કામ નથી એવો પોતાનો નિજ સ્વભાવ એનો આશ્રય લે, એમાં નથી તો એનો આશ્રય લે તો ક્રોધ હણાય. સમજાણું કાંઈ? આગળ કહેશે.

આત્મા પોતે જ પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. વાત તો એમ લેવી છે કે જે કાંઈ નિર્મળતા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદ આદિ પ્રગટ થાય એ સ્વરૂપ જ આત્મા છે. એ સ્વરૂપ છે એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય–પરિણતિ તેને આવલંબે, તેમાં છે તેનાથી પરિણમે છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ.., નિયમસાર છેને? એ મોક્ષમાર્ગ છે. નિશ્ચય મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ રાગ વિનાનું જ્ઞાન અને નિર્વિકલ્પ ચારિત્ર—એ ત્રણેય મોક્ષનો માર્ગ. પણ એ આવે ક્યાંથી? રાગની મંદતા અને નિમિત્તને લક્ષે આવે નહીં. એ ત્રણ પર્યાયનો આખો પિંડ ભગવાન આત્મા છે. શ્રદ્ધા-ગુણથી ભરેલું તત્ત્વ, જ્ઞાનગુણથી ભરેલું, ચારિત્રગુણથી રહેલું—એવા જે તત્ત્વનો અંતર આશ્રય કરે તો એમાંથી નિર્મળ પરિણતિ વહે. મગનભાઈ! આહાહા! માર્ગ ભાઈ જુદો છે.

પછી માનનો દાખલો છે બાહુબલીનો. માનનો નાશ કરવો. કેમકે માન એ દોષ છે અને માનદોષ ટાળવા જેવો છે. કેમકે દોષ વસ્તુના સ્વભાવમાં નથી. એટલે આત્મા ત્રિકાળ નિર્માનસ્વરૂપ જ છે. નિર્માનસ્વરૂપ ભગવાન આત્મા એનું અવલંબન ને આશ્રય લેતા નિર્માન પરિણતિ પ્રગટ થાય એનાથી માન હણાય (અર્થાત્) માન ઉત્પન્ન થાય નહીં, એને અહીં નિર્માનપણું કહે છે. પાઠ તો એમ છે. માર્દવ... છે ને? **माणं समद्दवेण**... માર્દવથી માનને જીતે. એનો અર્થ એ કે માર્દવ નામ નિર્માનતા, એનાથી માનને જીતે. ત્યારે નિર્માનતા એ પરિણતિ ક્યાંથી આવે? એ તો પર્યાય થઈ.

શ્રોતા : દ્રવ્યમાંથી તો પર્યાય આવતી નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : દ્રવ્યમાંથી જ પર્યાય આવે છે, અત્યારે તો એ વાત છે. ઓલી વાત પછી. આખું સામાન્યમાંથી સામાન્ય આવતું નથી. વિશેષ ભેદ આવે છે, પણ એ સામાન્યનું સ્વરૂપ નથી. એથી એ સામાન્યમાંથી આવતું નથી એમ કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા! એવી વાત છે.

આહીં તો કહે છે જે પર્યાય નિર્મળ પ્રગટ થઈ અને જે વિકારી પર્યાયને ઉત્પન્ન ન થવા દે અથવા હણે, એનો અર્થ એ કે નિર્માનદશા નિર્દોષદશા છે નહીં એની પાસે. વર્તમાનમાં સદોષદશા છે. હવે, સદોષદશાને નાશ કરવી છે. શી રીતે થાય? કે ત્રિકાળ નિર્દોષ આત્મા છે એનો આશ્રય લેતાં, આશ્રય લીધો એ પરિણતિ નિર્દોષ થઈ. એ નિર્દોષ પરિણતિ સદોષને ઉત્પન્ન થવા દેતી નથી એને 'હણ્યો' એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? હવે માન.

**चक्रं विहाय निजदक्षिणबाहुसंस्थं**
**यत्प्राव्रजन्तु तदैव स तेन मुच्येत् ।**
**क्लेशं तमाप किल बाहुबली चिराय**
**मानो मनागपि हतिं महतीं करोति ॥**

**શ્લોકાર્થ : (યુદ્ધમાં ભરતે બાહુબલી પર ચક્ર છોડ્યું...** બાહુબલી અને ભરત બેને લડાઈ થઈ. યુદ્ધ.. યુદ્ધ. એ વિકલ્પની જાળ છે. સમ્યગ્દ્રષ્ટિ નથી લડતો, રાગ લડે છે. એવી વાતું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ ક્રોધમાં છે જ નહીં, એ કાંઈ હણતો નથી. આહાહા! દલીલનો ભાવ આવો છે કે સમ્યગ્દષ્ટિ, પોતાના પૂર્ણ આનંદસ્વભાવમાં એની દૃષ્ટિ છે. ધર્મીની દૃષ્ટિ ધર્મી એવો આત્મા પૂર્ણાનંદ એમાં એની દૃષ્ટિ છે અને એના ધર્મની પર્યાય પ્રગટી એમાં એ છે. એ રાગ ને નિમિત્તમાં છે નહીં. એનું જુદું, આનું જુદું. પંડિતજી! ..... યે જડ સારા શરીર હૈ તો ક્યા હૈ? સાથમેં શરીર રહતા હૈ વહ જડ હૈ માટી, મુર્દા હૈ મુર્દા. ઐસે રાગ ભી ચૈતન્યકી જાગૃતિસે વિરુદ્ધ મુર્દા હૈ. આહાહા! વસ્તુને અનુરૂપ જ પરિણમન છે શુદ્ધતાનું. અશુદ્ધતાનું પરિણમન એનામાં છે જ નહીં. ભિન્ન છે, ભિન્ન છે. ઝીણી વાત છે. આહાહા!

ચારિત્રની અપેક્ષાએ નબળાઈનું પરિણમન છે. સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ એ નબળું પરિણમન એની પર્યાયમાં જ નથી. આહાહા! અહીંયા તો આત્મા, આત્મા એ વીતરાગસ્વરૂપ જ છે. આત્મા એને કહીએ કે વીતરાગસ્વરૂપ એને આત્મા કહીએ. રાગ અને નિમિત્ત એ આત્મા છે? રાગ તો આસ્રવ છે, દ્વેષ આસ્રવ છે, નિમિત્ત એ પરદ્રવ્ય છે, નિમિત્ત એ પરદ્રવ્ય છે. તો પરદ્રવ્ય ને આસ્રવમાં આત્મા છે? (નહી). આહાહા! ભાઈ! વીતરાગ માર્ગ...

શ્રોતા : ધર્મી ધર્મી લડે છે...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધર્મી લડતા નથી. એ દ્વેષ નિમિત્તરૂપ થાય છે એને ને એને. સૌની પરિણતિ સૌમાં સ્વતંત્ર છે. દ્વેષમાં દ્વેષ ને ઓલાને દ્વેષ... આહાહા! એ કષાયભાવ છે. આત્માને શું? આહાહા! આત્મા તો વીતરાગમૂર્તિ છે. જો વીતરાગમૂર્તિ ન હોય તો વીતરાગતાની ધારા આવે ક્યાંથી? સમજાય છે કાંઈ? વિકાર, ક્રોધ, માન, માયા, લોભ એ કાંઈ અંતરમાં નથી, એ તો નિમિત્તના આધીન થઈને ઉત્પન્ન થયેલો પર્યાયનો વિકાર છે. અહીં આધીન થઈને આવે તો એમાં વિકાર ઉત્પન્ન થાય જ નહીં. સમજાણું કાંઈ? બે ચીજ. કાં પરદ્રવ્યને આધીન થવું સ્વતંત્રપણે હોં આધીન, એ આધીન કરે એમ નહીં, અને કાં સ્વવસ્તુ ભગવાન એને આધીન થવું. બસ બે વાત છે.

શ્રોતા : સ્વવસ્તુ ભગવાનને આધીન પૂરેપુરું થવાતું નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : નથી થવાતું, નથી થયું, એ તો એની નબળાઈ છે. પણ થઈ શકે છે એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ પૂરો જ આત્મા છે. અને પૂરાના આધીન થયો એ પર્યાય પણ પૂરી નિર્મળ છે. સમજાય છે કાંઈ? નબળાઈ-નબળાઈ બધું આત્મામાં છે જ નહીં.

શ્રોતા : ચક્રને કરાઈ લડાઈ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ રાગ અને રાગમાં ઘૂંટણ હતું અજ્ઞાનમાં, એ અજ્ઞાનભાવ રાગ. દૂસરા કુછ નહીં. દેહકી ક્રિયા દેહસે હુઈ. બહુ સૂક્ષ્મ વાત છે શેઠ! વીતરાગમાર્ગ સમજના... અપૂર્વ માર્ગ હૈ અપૂર્વ. આહા! અંતરથી જ એવું અસ્તિત્વ છે. ભગવાન આત્માનું જેવું અસ્તિત્વ છે, એની સત્તાનું હોવાપણું જે રીતે છે એ રીતે ન માને અને ન જાણે ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. પછી ભલે દયા પાળતો હોય, વ્રત પાળતો હોય, ભક્તિ ને પૂજા ને કષાય મંદ હોય, પણ વસ્તુ પોતે આત્મા જે સત્તા–હોવાપણે–અસ્તિપપણે જે રીતે અને જેમ છે એમ એની શ્રદ્ધા ને જ્ઞાન કરે નહીં અને એકલા વ્રતાદિ કરે મિથ્યાત્વ સહિત તો પુણ્ય બાંધે, એ પણ અઘાતિનું પુણ્ય બંધાય. વેષ બદલાય એમાં કાંઈ વસ્તુ બદલાતી નથી. સમજાણું કાંઈ?

કહે છે, **(યુદ્ધમાં ભરતે બાહુબલી પર ચક્ર છોડ્યું**... કથન શું આવે? ભરતે છોડ્યું બાહુબલી ઉપર. નિમિત્તનું કથન છે, સમજાવવું છે તો શી રીતે સમજાવે? **પરંતુ તે ચક્ર બાહુબલીના જમણા હાથમાં આવીને સ્થિર થઈ ગયું).** આ જમણો હાથ. ચક્ર માર્યું. ભરત હારી ગયા ત્રણ યુદ્ધમાં. પ્રજા એકઠી થઈ કરોડો. પ્રભુ! એ ઝાડે ઝાડનો ખો, પણ આ વચ્ચે અમારો ખો થઈ જશે. તમે બે તો મોટા યોદ્ધા અને આ લડાઈમાં અમારા કરોડો માણસોનો સંહાર થશે. પ્રભુ! તમે બે જણા લડો. સમાજે વિનંતી કરી. તમે બે યોદ્ધાઓ અને ચરમશરીરી–છેલ્લા ભવ તમારા છે. અમને ખબર છે. બેય(માંથી) કોઈ લડાઈમાં મરવાના નથી. અમે મરશું આ વચમાં મફતના. એવું કાંઈક કહે છેને બહારમાં? પાડે-પાડા લડે ને વચ્ચે ઝાડનો ખો. વિનંતી કરી કે પ્રભુ! આપ બે જણા લડો.

નક્કી થયું. આંખથી, પાણીથી અને હાથના બળથી. આંખ આમ કરી, પણ બાહુબલીજી સવા પાંચસો ધનુષના હતા. સવા પાંચસો ધનુષ. આ પાંચસો ધનુષ. આંખ આમ કરી ત્યાં ભરતની આંખ આમ ઓલી થઈ ગઈ. હારી ગયા આંખમાં. પછી પાણીનો લોઢ. બે જણા પડ્યા પાણીમાં, હાથ... પાણીનો લોઢ. આ સવા પાંચસો ધનુષના ઊંચા હતા આમ પાણી મારવા ગયા ત્યાં ભરતની ઉપર પાણી ફરી ગયું. બાહુબલી ઉપર ન આવ્યું. એમાંય હારી ગયા. લડાઈ કરી યુદ્ધે-યુદ્ધ. બાહુબલીએ ભરતને ઉપાડ્યા હાથથી આમ. આમ આખા ઊંચા કર્યા આખા. હાર્યા, અપમાન થયું. બાહુબલીએ ભરતને નીચે ઉતાર્યા આમ. અપમાન થયું. ચક્ર આવ્યું. ચક્રવર્તી તો એ હતા. ચક્રની એક હજાર દેવ સેવા કરતા. આ છોડ્યું. એ ચરમશરીરી છે. એ (ચક્ર) ગોત્રમર્દન ન કરે. બાહુબલીના હાથમાં ચક્ર આવી ગયું જમણા હાથમાં. કહે છે, આવીને સ્થિર થઈ ગયું.

**પોતાના જમણા હાથમાં સ્થિત (તે) ચક્રને છોડીને...** આહાહા! અરે સંસાર! અમે બે ભાઈઓ.. છેલ્લા અમારા શરીર. અરે! રાગે આ શું કર્યું? ભરતે આ શું કર્યું? મને મારી નાખવાને ચક્ર છોડ્યું. ઓહો! સંસારને ધિક્કાર છે. એમ કહીને **જ્યારે બાહુબલીએ પ્રવજ્યા લીધી...** ચક્ર હાથમાં હતું. પ્રવ્રજ્યા... આઠ હજાર રાણીયું, પોતે મહાયોદ્ધા, કામદેવ હતા. કામદેવ પુરુષ હતા. ઉદાસ... અરે! આ શું?

શ્રોતા : સંકલ્પી હિંસા ગણવી કે વિરોધી હિંસા ગણવી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વિરોધી. એનું કાંઈ નહીં. અંદર રાગમાં રાગ ગયો. પણ એ ચક્ર જ્યાં હાથમાં આવ્યું એટલે વૈરાગ્ય.. અરે સંસાર! આ ચક્ર ગરદન કાપવા ભાઈએ મૂક્યું. છોડ, પ્રવજ્યા લઈ લીધી. એ પ્રવજ્યાના કાળમાં એટલું જોર હતું, કહે છે, દીક્ષિત થઈ ગયા. અંદર આત્મા આનંદમાં ઉતરી ગયા, એ દીક્ષા. દીક્ષા એટલે નાગા થઈને બેસવું એમ નહીં. અંતર આનંદના અંદર સરોવરમાં ઉતરી ગયા. પર્યાયના કાળે થઈને અંદરમાં ગયા. આહાહા! સમજાણું કાંઈ? નિર્મળપર્યાય દ્વારા અંદર ગયા, આશ્રય લીધો દ્રવ્યનો. આહાહા! અંદરમાં ગયા, પ્રવજ્યા–ચારિત્ર પ્રગટ થયું.

કહે છે કે **તરત જ તેઓ તે કારણે મુક્તિ પામત...** એટલો વૈરાગ્ય હતો કે તે કાળે મુક્તિ પામત. **પરંતુ તેઓ (માનને લીધે મુક્તિ નહિ પામતાં)...** અરે! આ જમીન ભરતની છે. ભરત સાથે તો લડાઈ કરી. આ તો એણે અપમાન કર્યું છે. એટલી ખટક રહી ગઈ. એવા માનના અંશની ખટક રહી ગઈ. **ખરેખર લાંબા વખત સુધી પ્રસિદ્ધ ક્લેશને પામ્યા.** બહારમાં પ્રસિદ્ધ છે કે બાર-બાર મહિને સુધી વેલડીએ વીંટાણા, છેને ત્યાં? શું કહેવાય આ? શ્રવણબેલગોલ. બે વાર ગયા છીએ ત્યાં. ૫૭ ફૂટ. વેલડીએ વીંટાણા. ભરત આવ્યા અને જ્યાં પૂજા કરે છે ત્યાં, આહા! આને તો કાંઈ નથી. આ શું? ફટાક.. માનનો અંશ હતો એ ગયો, સ્વરૂપમાં ઉતર્યા ને કેવળજ્ઞાન

થયું. અંતર ભગવાન આત્માના અંદર ઉતર્યા, અંતરમાં અંતર્મુખકાર પરિણામ કર્યા, કેવળજ્ઞાન. આહાહા! સમજાય છે કાંઈ?

**ક્લેશને પામ્યા. થોડું પણ માન મહા હાનિ કરે છે!** ઓલામાં એમ આવ્યું હતુંને. ક્રોધ કોને કાર્યહાનિ ન કરે? એમ. માનપણું થોડું પણ... આહાહા! શ્વેતામ્બરમાં એમ આવે છે. ઊભા છે આમ અને બ્રાહ્મી ને સુંદરી—બે બેનોને મોકલ્યા. એમ વાત આવે છે. એ વાત બરાબર નથી. ઋષભદેવ ભગવાને મોકલ્યા બે બેનોને. આને તો ફક્ત એટલું જ હતું કે આ ભરતની જમીન. એટલું જરી અંશ રહી ગયો અંદર. બસ, બીજું કાંઈ નહીં. એ લોકોમાં એમ આવે છે, શ્રીમદ્માં પણ એમ જ આવે છે. પહેલા શરૂઆતમાં શ્વેતામ્બર શાસ્ત્રનું વાંચન હતુંને. 'વીરા મોરા ગજ થકી ઉતરો, એ ગજ થકી કેવળ ન હોય રે, વીરા મોરા ગજ થકી ઉતરો.' શું કીધું? એ શોભાલાલજી? આ ભાષા સાદી છે. ગજ નામ હાથી.

હે ભાઈ! માનરૂપી ગજથી હેઠે ઉતરો હવે. 'વીરા મોરા ગજ થકી ઉતરો, ગજ ચઢ્યે કેવળ ન હોય.' એ માનમાં ચઢ્યે કેવળજ્ઞાન ન હોય ભાઈ! એમાં એ આવે છે. આહાહા! ભગવાન આત્મામાં આરૂઢ થા, એમ ભગવાન ફરમાવે છે. આ છોડી દે. કેવળજ્ઞાન અટકે છે તારું. ભરતજી આવે છે. આ છેને ત્યાં આપણે પ્રવચનમંડપમાં. ભરત આવે છે, આમ પૂજા કરે છે. ઓહો! ફક્ત પર ઉપરના લક્ષમાં માનમાં અટક્યા હતા, કેવળ ન થયું. આહાહા! મુનિ હતા સાચા હોં, ભાવલિંગી સંત. સમજાણું કાંઈ? એટલા માનના ખટકની ખીલીએ આખા કેવળજ્ઞાનનો સંચો બંધ કરી દીધો. સંચા હોય છેને મોટા સંચા. એક ખીલી ક્યાંક નાખો ચૂંક-ચૂંક, બધો સંચો બંધ થઈ જાય આખો.

ઉજ્જૈનમાં છેને તમારે? વસંતલાલજી! ઉજ્જૈનમેં શેઠકા સંચા હૈ ન અઢી કરોડકા. વિનોદ મિલ. લઈ ગયા હતા એક ફેરી અમને. લાલચંદ શેઠ હતા. પાંચસો રૂપિયા મૂક્યા હતા જ્ઞાન ખાતે. એ સંચો એવો કે એની મેળાએ ચાલે. માણસ તો ક્યાંક એકાદ ઊભો હોય બસ. ઓટોમેટીક, જ્યાં રૂ નાખ્યું, કપડું થઈને તૈયાર. ક્યાંક દોરો તૂટી જાય તો માણસ ઊભો હોય એટલું. આમ કરી નાખે દોરો સરખો. બસ એટલું, બીજું કાંઈ ન કરે. એની મેળાએ ચાલે સંચો. એ સંચો ઉજ્જૈનમાં છે. બીજે ક્યાંય નથી આટલામાં. .... આ સંચો, ખીલી માનની રહી ગઈ તો આખો સંચો બંધ થઈ ગયો કેવળજ્ઞાન પામવાનો. એ માન જ્યાં છોડ્યું, અંદર જ્યાં ગયા, ઝળહળજ્યોતિ ચૈતન્ય કેવળજ્ઞાનમૂર્તિ, જેવો એનો સ્વભાવ હતો એવો પર્યાયમાં પ્રગટ થઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા!

શ્રોતા : (કષાય) બુદ્ધિપૂર્વક હતો કે અબુદ્ધિપૂર્વક?

પૂજ્ય ગુરુદેવશ્રી : બુદ્ધિપૂર્વક હતો. ખ્યાલમાં છે એને. બુદ્ધિપૂર્વક હોયને. અબુદ્ધિપૂર્વક... હવે, માયા. માયાનો દાખલો છે.

**भेयं मायामहगर्तान्मिथ्याघनतमोमयात् ।**
**यस्मिन् लीना न लक्ष्यन्ते क्रोधादिविषमाहयः ॥**

**શ્લોકાર્થ : જેમાં (-જે ખાડામાં) ખાડામાં સંતાઈ રહેલા ક્રોધાદિક ભયંકર સર્પો...** માયારૂપી ખાડો... ખઙ્ગા.. ખઙ્ગા.. કપટરૂપી ખઙ્ગામાં સંતાઈ રહેલ ક્રોધ-માન-લોભાદિ ભયંકર સર્પો **દેખી શકાતા નથી...** માયાવી કપટી પોતામાં રહેલા ક્રોધ-માન-માયાદિને દેખી શકતો નથી. આહાહા! **એવો જો મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો...** જોયું! એ માયામાં મિથ્યાત્વ.. એવો એક આવે છે શબ્દ. 'સાચામાં સમકિત વસે, માયામાં મિથ્યાત્વ...' કોઈ ઘણા વખત પહેલાની વાત છે. 'સમકિતનુ મૂળ જાણીએ, સત્ય વાતનો સાર..' માયાનો પછી. 'સમકિતનું મૂળ જાણીએ, સત્ય વચનકા સાર, સાચામાં સમકિત વસે ને માયામાં મિથ્યાત્વ.' આ તો ઘણા વખત પહેલાનું, ઘણું વાંચેલુંને. એમાં એ શ્લોક છે શ્વેતામ્બરમાં છે ક્યાંક. સમજાણું? શું કીધું? માયામાં મિથ્યાત્વ...

'સમકિતનું મૂળ જાણીએ, સત્ય વચનકા સાર..' સત્યનો–યથાર્થનો સ્વીકાર એનું નામ સમકિત છે. યથાર્થ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ આત્મા સિદ્ધ સમાન, એનો સ્વીકાર તે સમકિત. 'સત્ય સમકિતનું મૂળ જાણીએ..' સત્ય વચન નામ સત્યભાવ. 'સાચામાં સમકિત વસે...' સત્ય સ્વભાવનો આદર કરનારમાં સમકિત હોય. સમજાય છે કાંઈ? 'માયામાં મિથ્યાત્વ..' કપટમાં તો મિથ્યાત્વ છે એમ કહે છે. અહીં પણ એ આવ્યું જુઓને! મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળા **માયારૂપી મહાન ખાડો**.. ખઙ્ગા.. ખઙ્ગા.. **તેનાથી ડરતા રહેવું યોગ્ય છે.** આહાહા! માયાને સરળપણાથી જીતે. ઋજુપણું, સરળપણું. સરળપણું નામ નિર્વિકારી પરિણતિ અને એ નિર્વિકારી પરિણતિ–સરળતા ભગવાન આત્માને આશ્રયે થાય. કારણ કે ભગવાન આત્મા ત્રિકાળી સરળસ્વરૂપ જ છે. આહાહા! સમજાણું કાંઈ? સરળ–સીધું સત્સ્વરૂપ જ પરમાત્મા પોતાનું–નિજ છે. એનો આશ્રય લેતાં સરળ પરિણામ થાય, માયાની ઉત્પત્તિ ન થાય, તેને માયાને જીતી એમ કહેવામાં આવે છે. આહાહા! લોભ.

**वनचरभयाद्धावन् दैवाल्लताकुलवालधिः**
**किल जडतया लोलो वालव्रजेऽविचलं स्थितः ।**
**बत स चमरस्तेन प्राणैरपि प्रवियोजितः**
**परिणततृषां प्रायेणैवंविधा हि विपत्तयः ॥**

એ શબ્દ જરી ઓલો થઈ ગયો છે. **શ્લોકાર્થ : વનચરના ભયથી ભાગતી ચમરી ગાયનું પૂંછડું...** ચમરી ગાય થાય છે. એનું પૂછડું ધોળું હોય, બહુ વાળ ધોળા. એને પૂંછ ઉપર બહુ લોભ હોય છે. ચમરી ગાય. આ ચમર રાખે છેને, શ્વેતામ્બરમાં બહુ રાખે. (શ્રોતા : અન્ય સાધનયોગ .....) હા, એ. વનચરના ભયથી એ ચમરી ગાય... વનચર નામ સંહારી–શિકારી સિંહ કે વાઘ.

એવા વનમાં ફરતા એવા જીવોથી ડરથી ભાગતી ચમરી ગાય. **धावन्** છે ને? **धावन्**.. ભાગે ગાય. વાઘ આવે કે કોઈ શિકારી હોય તો દોડે. એમાં પૂંછડું **દૈવયોગે વેલમાં ગુંચવાઈ જતાં...** વેલ હોય ઝાડની કે કાંટા હોય કાંટા એમાં એક વાળાદિ. એક વાળ ચોંટી જાય, ગુંચવાઈ જાય. **ગુંચવાઈ જતાં જડતાને લીધે...** ભાન વિનાની ગાય. ભાન ન મળે કે એક વાળ અહીં ગુંચવાઈ ગયો, ભલેને તૂટીને નીકળી જાય, મરી નહીં જાઉં. એક વાળ ગુંચાણો ને એના લોભથી થંભી ગઈ ત્યાં. સમજાણું કાંઈ? એમ આ વાણિયા લોભીયા તૃષ્ણામાં થંભી ગયા છે, એમ કહે છે મૂળ તો. વાણિયા એટલે વેપારી. એ આવે છે અંદર લોભી. તૃષ્ણા જેને પરિણમી છે, એમ છે. જુઓ! અંદર છે. તૃષ્ણા જેને પરિણમી છે. શેઠ! લોભ પરિણમ્યો છે, આટલું લાવો.. આટલું લાવો.. આટલું લાવો. સખ જ ન મળે. એ છે છેલ્લા અક્ષર. વનચર...

**દૈવયોગે વેલમાં ગુંચવાઈ જતાં જડતાને લીધે વાળના ગુચ્છા પ્રત્યે લોલુપતાવાળી...** આહાહા! અહીંથી ભાગું તો વાળ તૂટી જશે. હવે બે-પાંચ-દસ વાળ તૂટે તો તારા પૂછડાંને ક્યાં વાંધો આવે એવું છે? સમજાણું કાંઈ? એમ આ વેપારીઓને તૃષ્ણા પરિણમી હોય. જાદવજીભાઈ! એમાંથી કોઈ પચ્ચીસ-પચાસ, સો રૂપિયા, પાંચસે, હજાર-બે હજાર જાતા હોય, એને માટે ન્યાં ને ન્યાં ચોંટે. આમ કરોડો રૂપિયા હોય, પણ બે હજાર રૂપિયા ન આપતો હોય તો એના ઉપર ફરિયાદ, પોલીસ, તૃષ્ણા... ન્યાં અટકે. સપનામાં પણ એમ આવે કે આ કેસ જીતીશ, એને હારી જવું, એનું આમ કરીશ, ફલાણું કરીશ. એય મલૂકચંદભાઈ! થોડું-થોડું લાગુ પડે કે નહીં? મલૂકચંદભાઈ સીધી વાત કરે છે. આ ન્યાલભાઈને લાગુ પડે કે નહીં? આહાહા! આટલા-આટલા રૂપિયા તોય આને માટે અહીં કરી દઉં, આનું આટલું કરી દઉં, આનું કર્યા પછી જાઉં, પછી કર્યા ને દેશ છોડીએ, પછી આમ કરીએ... આહા!

જુઓ! પાઠ એવો છે **परिणततृषां**... એવો પાઠ છે ને? જેને તૃષા પરિણત થઈ ગઈ છે, લોભમાં જ જેનું પરિણમન થઈ ગયું છે. ભગવાન આત્મા નિર્લોભી રાગ વિનાની ચીજ એની દૃષ્ટિનો તો જેને અભાવ છે. સચ્ચિદાનંદ પ્રભુ, પોતાનો આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદની મૂર્તિ, નિર્લોભ નામ સંતોષની મૂર્તિ. આહાહા! શાંત.. શાંત.. શાંત.. સંતોષસ્વરૂપ ભગવાન આત્મા. એનો આશ્રય લેતો નથી અને તૃષ્ણા પરિણમી છે, એ બધા દુઃખિયા છે કહે છે. ભલે કરોડોપતિ હોય કે અબજોપતિ હોય, પણ બધા ભિખારા દુઃખી છે. એમ હશે જાદવજીભાઈ? આહાહા! થોડુંક આટલું કરી લઉં હોં. એક આ દીકરો નાનો છેને જરીક, બુદ્ધિ થોડી છે, જરી મોટો થાય, પરણાવું, પછી નિવૃત્તિ કરીશ. આ છોડી છેને, એના પ્રમાણમાં ઘર કાંઈ સારું ગોતી દઈએ, પછી પરણાવીએ, પછી કરીશ. મરી ગયો કરી-કરીને આમાં. સમજાણું કાંઈ? એય મૂલચંદભાઈ! અને આઠ છોકરા, આઠ બંગલા સરખા કરું, હું જોતો જાઉં. તૃષ્ણા પરિણમી છે એટલી, કહે છે કે

જે આત્મા તૃષ્ણા રહિત સંતોષ ને આનંદનો નાથ છે એની સામું નજર કરવાનો પણ એને વખત નથી. આહા! બરાબર હશે કે નહીં? આહાહા!

**તે ગાય (પોતાના સુંદર વાળને તૂટવા નહિ દેવાના લોભને લીધે) ત્યાં અવિચળપણે ઊભી રહી ગઈ...** શિકારી મારી શકે એવી રીતે ઊભી રહી. ફટ દઈને ઊભી રહી ગઈ. શિકારે માર્યું બાણ તો ઊડી ફડાક દઈને આમ. એક બે-ચાર વાળ ગુંચાણા એના લોભને લઈને આ શરીર ગુમાવ્યું. એમ અનાદિથી તૃષ્ણા લોભ એવો જેને પરિણમ્યો છે, અંદરમાં લોભની પૂર્તિ કરવામાં આખી જિંદગી જાય છે. આહાહા! દસ હજારની મૂડી હોય તો એમાંથી લાખ થાય. તો કહે લાખ થયા, પણ ઓલા પાસે દસ લાખ છે, દસ લાખ થયા ત્યાં કહે ફલાણા પાસે કરોડ છે, કરોડ થયા ત્યાં કહે ફલાણા પાસે દસ કરોડ છે. એ ખાધીલો ઊંચો જ આવતો નથી. સમજાણું કાંઈ? બરાબર હશે આ ચંદ્રકાંતભાઈ? નથી થાતી?

ભારે વાત કરી છે હોં. આમ ભગવાન આત્મા સંતોષનો સાગર છે. સંતોષનો સાગર એમાંથી સંતોષના ફીણ આવે બહાર એવો એ પ્રભુ છે. શાંતિ.. શાંતિ.. શાંતિ.. વીતરાગતા અંદરની..... એ સંતોષની પરિણતિ સંતોષસ્વરૂપ ભગવાન એને આશ્રયે આવે છે. એને ઠેકાણે એ પરને આશ્રયે આ કરી લઉં, આ કરી દઉં, આ કરી દઉં. એમાં પોતાનું કરવું એ તો ક્યાંય રહી ગયું. તૃષ્ણામાં પરિણમી જિંદગી ગુમાવે, પછી મરતા રોવે. અરેરે! મેં કાંઈ કર્યું નહીં હોં. કર્યું બધું. તેં નથી કર્યું પાપ? આહાહા!

કાંઈ મેં ન કર્યું, એક જણો રોતો હતો. યહીં હો રહા હૈ. એક માણસ થા. કાંઈ બુદ્ધિ આ લૌકિકની. મરવા પડ્યો. જોવા આવે સારા માણસ. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. અમલદાર માણસ હોય તો જોવા તો આવેને મરવા ટાણે કે શેઠને ઠીક નથી, શેઠને ઠીક નથી, ચાલો. જાય ને આંખમાંથી આંસુ ચાલ્યા જાય. કેમ છે ભાઈ? અરેરે! મેં કાંઈ કર્યું નહીં મારું. અરે! આ જાઉં છું હવે. ખલાસ થઈ ગયું. આહાહા! અત્યાર લગી બહારની સંભાળ રાખવા મારો કાળ–સમય વયો ગયો. દેહ છૂટી ગયો. ધર્મીને મરણ તણી બીક ન હોય. હું તો આનંદસ્વરૂપ આત્મા છું. મારું મરણ ને જીવન બેય ક્યાં છે? હું તો ત્રિકાળી જીવતો ટકતો જ તત્ત્વ છું. આહાહા!

સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વભાવનો આશ્રય છે (એથી) એને (એમ છે કે) જગતના જીવને મરણ તણી બીક છે, મારે મન આનંદની લહેર છે. મુક્તિ નથી એટલે ત્યાં તો શરીરનું ખોખું બદલીને બીજું શરીર આવશે, પણ એમાં સાધન તો મારે આ જ કરવાનું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિર્લોભનો પિંડ પ્રભુ.. આહાહા! સંતોષના સાગરથી ભરેલો છે, એવી જેની અંતર દૃષ્ટિ થઈ એને લોભ હોતો જ નથી. સમજાય છે કાંઈ? આહાહા! ઇચ્છા થોડી થાય, તોપણ તે ઇચ્છાની ઇચ્છા નથી, માટે લોભ છે નહીં એમ કહે છે. એક કરોડ, બે કરોડ, પાંચ કરોડ ને દસ કરોડ કરતા કેટલાં ઢગલા થાય તોય સખ આવતો નથી.

**અરેરે! તે ગાય** ઊભી રહી ગઈ છે હોં. શિકારીના હાથમાં આવે એ રીતે ખડી રહી. ભાગતી હતી. મારવા આવ્યા તો ભાગતી હતી-દોડતી હતી. એમાં વાળ ગુંચાઈ ગયા. શેઠ! થોડું આ કરી લઉં, થોડું આ કરી લઉં, થોડું આ કરી લઉં. પછી શું કરશે ધૂળ? મકાન સળગે પછી કૂવો ખોદશે. મકાન સળગે-જલે, કૂવો ખોદો. ક્યારે પાણી નીકળે? બળી જશે બધાય. ઐસા હો ગયા. ધર્મીને દૃષ્ટિમાં લોભ છે જ નહીં, એમ કહે છે. એ લોભનો રાગ આવે, પણ રાગનો રાગ નથી, રાગની રુચિ નથી. આહાહા! ધર્મીને તો રાગની રુચિ નથી, લોભનો લોભ નથી. એને તો આત્માની સ્વભાવની ભાવના હોય છે. ક્યારે હું કેવળજ્ઞાન લઉં, ક્યારે હું પૂર્ણ સિદ્ધપદને પામું, મારા સ્વભાવના શરણે ક્યારે હું ઉગ્ર શરણ લઉં—એમ ભાવના હોય છે. સમજાણું કાંઈ? અહીં સામે મિથ્યાદૃષ્ટિના જ વાંક લીધા છે.

**ગાયે વાળના લોભમાં પ્રાણ પણ ગુમાવ્યા!** પ્રાણ પણ ગુમાવ્યા, એમ કહેવું છેને. ઓલા વાળ તો ગયા. બે-પાંચ-દસ વાળને લઈને આખું વાળનું પૂછડું તો ગયું, આ તો પ્રાણ ગયા. આહાહા! એમ આત્મા અનાદિનો પોતાના નિજ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનની ભાવના વિના એકલી બાહ્યપદાર્થની રચના ને ગોઠવણીની તૃષ્ણામાં અટકી ગયો. તારી જિંદગીનું જીવન એળે ગયું. સમજાણું કાંઈ?

**વળી આ ૧૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ—**

**क्षमया क्रोधकषायं मानकषायं च मार्दवेनैव ।**
**मायामार्जवलाभा ल्लोभकषायं च शौचतो जयतु ॥१८२॥**

પ્રાપ્તિ લીધી છે ને. **શ્લોકાર્થ : ક્રોધકષાયને ક્ષમાથી** જીતે. ક્ષમા નામ અવિકારીપરિણામ. એ અવિકારીપરિણામ ત્રિકાળી દ્રવ્યના આશ્રયે થાય. વાત પર્યાયથી કરેને. ક્ષમા પ્રગટ થાય, પણ ક્ષમા પ્રગટ થાય ક્યારે? ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ ધ્રુવસ્વરૂપ પોતાનું, એનો આશ્રય લે ત્યારે ક્ષમા પ્રગટ થાય. આહાહા! **માનકષાયને માર્દવથી જ...** એવી ગાથા છે શ્વેતામ્બરમાં આઠમી ગાથા. માનને નિર્માનપણે, નરમાશ-કોમળતાથી તેને જીતે. કપટને **આર્જવની પ્રાપ્તિથી...** છે ને? **लाभा** કહ્યું, **लाभा.** સરળતાની પ્રાપ્તિ. સરળ.. સરળ.. બાળક જેમ પોતાના દોષ કહેવાને અચકાતો નથી ને સરળ છે, એમ ધર્માત્મા પોતાની સરળદશાની ભૂમિકામાં સરળતાથી કપટને જીતે એટલે ઉત્પન્ન થવા દેતો નથી. એ સરળપણું સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે.

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ પોતાનો આનંદધામ ભગવાન એના ધામમાં જતા સરળતા પ્રગટ થાય છે. એ સરળતા છે. બાકી વ્યવહાર સરળતા તો પુણ્યબંધનું કારણ છે. **અને લોભકષાયને શૌચથી (સંતોષથી) જીતો.** સંતોષ.. સંતોષ.. શાંતિ.. શાંતિ.. અકષાયભાવ. આત્માનો આશ્રય લેતા અકષાયભાવ થાય, એનાથી લોભને ઉત્પન્ન થવા ન દે, એને લોભને જીત્યો એમ કહેવામાં આવે છે. માર્ગની રીત પણ અલૌકિક છે ભાઈ! ભગવાન ત્રિલોકનાથ

તીર્થંકર પરમાત્મા એનો પંથ અલૌકિક, વિચિત્ર–અલૌકિક. આહાહા! એની પદ્ધતિ, એની રીત ને એનો પ્રકાર બીજી જાતનો છે. ક્યાંય દુનિયા સાથે મેળ ખાય એવું નથી. ૧૧૬, ૧૧૬ ગાથા.

**उक्किट्ठो जो बोहो णाणं तस्सेव अप्पणो चित्तं ।**
**जो धरइ मुणी णिच्चं पायच्छित्तं हवे तस्स ॥१६६॥**

આહાહા! ગજબ છે એની ...!

**ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને**
**ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬.**

આહાહા! શું કહે છે? **ટીકા : શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે....** શુદ્ધ જ્ઞાન શબ્દે આત્મા. એકલો શુદ્ધ જ્ઞાનનો ભંડાર પ્રભુ એના સ્વીકારમાત્રથી પ્રાયશ્ચિત્ત છે. કેમકે શુદ્ધ જ્ઞાન પોતે પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ? કોણ? ત્રિકાળ હોં. ત્રિકાળ જ્ઞાન, શુદ્ધ જ્ઞાનનો પિંડ પ્રભુ રાગથી તો રહિત છે, પણ એક સમયની પર્યાયથી રહિત છે. આહાહા! એવો શુદ્ધ જ્ઞાન ત્રિકાળી ધ્રુવ ભગવાન એનો સ્વીકાર.. એનો સ્વીકાર કર્યો કે પૂર્ણ સ્વરૂપ આવું છે, એમ સ્વીકાર કર્યો તેની પર્યાયમાં પ્રાયશ્ચિત પરિણતિ પ્રગટ થાય છે. પ્રાયશ્ચિત–વીતરાગ પરિણતિ પ્રગટ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? હવે ત્રિકાળની વાત કરે છે.

**ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ...** આત્માનો ઊંચામાં ઊંચો–ખાસ ધર્મ... ધર્મ એટલે ત્રિકાળીભાવ. ભગવાન આત્મા નિત્ય.. નિત્ય.. નિત્ય.. નિત્ય.. કાયમ રહેનારું તત્ત્વ, એમાં કાયમ રહેનારો જે જ્ઞાન ને આનંદાદિ ભાવ... જ્ઞાનની મુખ્યતાથી વાત કરી છે. **ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ**–ખાસ **ધર્મ તે ખરેખર પરમ બોધ છે.** એ વસ્તુનો ત્રિકાળ સ્વભાવ તે પરમબોધ છે. આહાહા! જુઓને! કેવી વાત નાખી છે! પ્રાયશ્ચિતની પર્યાય છે, પણ કહે છે કે પ્રાયશ્ચિત્તની વીતરાગી પર્યાય ક્યાંથી થશે? એ ભગવાન આત્મા પોતે પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. આહાહા! સમજાય છે કાંઈ? સમ્યગ્જ્ઞાનની પર્યાય ક્યાંથી પ્રગટ થશે? એમ કે ભગવાન સમ્યગ્જ્ઞાનની મૂર્તિ છે. આહાહા! અંશીમાંથી અંશ પ્રગટ થશે. કંઈ વ્યવહારના રાગ ને નિમિત્તમાંથી પ્રગટ થશે નહીં. આહાહા!

એવી જ કોઈ વીતરાગના ઘરની કુંદકુંદાચાર્યની શૈલી જ કોઈ જુદી છે. જુઓ! આ શરીરના થોથા. હજી તો આ શરીરની આખી વાત ચાલતી હતીને. હવે શરીર તો ક્યાંય જડ રહી ગયું. એ તો માટી એને કારણે ઊભી છે આ બધી. અહીંયા તો કહે છે કે એ દયા, દાન વ્રતાદિનો વિકલ્પ પણ રાગ ને દોષ છે. એનાથી ભગવાન ક્યાંય ભિન્ન રહી ગયો. એ તો રહ્યો, પણ વર્તમાન પર્યાયમાં રાગનું જ્ઞાન થાય, એ જ્ઞાનની એક સમયની પર્યાયથી પણ ઉત્કૃષ્ટ બોધ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહાહા!

કેવળજ્ઞાનની પર્યાયથી પણ ઉત્કૃષ્ટ બોધસ્વરૂપ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? જ્યાં તારું પરમેશ્વરસ્વરૂપ બિરાજે છે એ ઉત્કૃષ્ટ સ્વરૂપ છે, એ ઉત્કૃષ્ટ જ્ઞાન ને ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત્ત છે. આહાહા! **ખરેખર પરમબોધ છે—એવો અર્થ છે,** એમ કહે છે. ઊંચો એવો જે ખાસ ધર્મ નામ સ્વભાવ તે ખરેખર પરમજ્ઞાન છે-પરમબોધ છે. આહાહા! પરમબોધ જે આત્માનો સ્વભાવ એ ખરેખર ભગવાન આત્માનો સ્વભાવ છે. **બોધ, જ્ઞાન ને ચિત્ત જુદા પદાર્થો નથી.** બોધ કહો, જ્ઞાન કહો કે ચિત્ત કહો-ચૈતન્ય ચિત્ત—એ ત્રણેય પદાર્થ જુદા નથી. બોધ—બુધ્યતે-જાણવું.. જાણવું, જ્ઞાન પણ જાણવું, ચિત્ત પણ જાણવું. એ જુદા ત્રણ શબ્દ છેને પાઠમાં? **बोहोणाणंतस्सेव-अप्पणोचित्तं... अप्पणोचित्तं** શબ્દ છે. ચિત્ત (એટલે) ઓલું મન નહીં. મન ચિત્ત નહીં, ચૈતન્યનું ચિત્ત. આહાહા! હા, એ વસ્તુ એક જ છે.

**આમ હોવાથી...** એટલે? એટલે—અર્થાત્. ઉત્કૃષ્ટ એવો ખાસ ધર્મ તે પરમબોધ છે—એવો અર્થ છે. **બોધ, જ્ઞાન, અને ચિત્ત જુદા પદાર્થો નથી.** આત્માનો અંતરભાવ બોધ કહો, અંતરભાવ જ્ઞાન કહો કે અંતરભાવ ચૈતન્યનું ચિત્ત કહો. **આમ હોવાથી જ તે જ પરમધર્મી જીવને... આમ હોવાથી જ**... આમ હોવાને કારણે... એ પરમ ધર્મી ભગવાન આત્મા પરમધર્મી જીવને **પ્રાયશ્ચિત્ત છે.** એ પરમધર્મી જીવ પોતે ધ્રુવ તે જ પ્રાયશ્ચિત્ત છે. પહેલા આવી ગયું હતુંને. 'પ્રકૃષ્ટપણે ચિત્ત' આવ્યું હતુંને પહેલું?

પ્રાયશ્ચિત્ત-પ્રચુરપણે નિર્વિકારી ચિત્ત. પ્રાયશ્ચિત્ત = પ્રાયઃ, ચિત્ત-જ્ઞાન. પ્રચુરપણે નિર્વિકારી તે જ્ઞાન છે. ભગવાન આત્માનો પ્રચુરપણે-પૂર્ણપણે નિર્વિકારી બોધ, જ્ઞાન ને ચિત્ત એ પોતાનો ધર્મ છે. એ જીવનો ધર્મ-ત્રિકાળી ધર્મ છે, એ ધર્મીનો ધર્મ છે. માટે ધર્મી પોતે બોધ, જ્ઞાનસ્વરૂપ ને પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. **આમ હોવાથી તે જ પરમધર્મી જીવને પ્રાયઃચિત્ત છે**. એ પરમધર્મી એવો આત્મા ત્રિકાળી એ પોતે પ્રાયશ્ચિતસ્વરૂપ છે. કારણ કે એને બોધ, જ્ઞાન ને ચિત્ત તે એક વસ્તુ એનો ધર્મ છે. અને ધર્મી જીવ-ધર્મ એનો ધરનાર ધર્મી... ધર્મ પોતે પ્રાયશ્ચિત સ્વરૂપ છે તો ધર્મી પોતે પ્રાયશ્ચિત્ત સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**જે પરમસંયમી એવા ચિત્તને... એવા ચિત્તને નિત્ય ધારણ કરે છે**... ભાષા દેખો! એવો જે ત્રિકાળી ભગવાન આત્મા, જ્ઞાન, બોધ ને ચિત્સ્વરૂપ પોતે પ્રભુ. એ સંયમી ચિત્તને-આવા દ્રવ્યને નિત્ય ધારણ કરે છે, વર્તમાન પર્યાયમાં આવા દ્રવ્યને નિત્ય ધારણ કરે છે... આહાહા! ધારે છે, આમ પર્યાય સ્વભાવને ધારે છે. આ સ્વભાવ જ તે હું. પરમધર્મી જીવને ઉત્કૃષ્ટપણે જ્ઞાન જે છે, એવા પરમસંયમી એવા ચિત્તને, ચિત્ત એટલે ઓલું આત્મદ્રવ્ય, **નિત્ય ધારણ કરે છે...** જેની વર્તમાન પર્યાયની દશામાં કાયમ જે દ્રવ્ય પડ્યું છે દ્રષ્ટિમાં. આહાહા! સમજાણું કાંઈ? આવો ધર્મ સાંભળ્યો ન હોય એને પ્રગટે ક્યાંથી? માસ્તર! સમજમેં આતા હૈ ન? આત્મા... એ આત્મા ત્રિકાળી.. ત્રિકાળી ધ્રુવ એ બોધ, ચિત્ત અને જ્ઞાન વહ આત્મા અને આત્મા એ પ્રાયશ્ચિત્ત.

પ્રચુરપણે નિર્વિકારી ચિત્ત તે પ્રાયશ્ચિત્ત. મુખ્યપણે નિર્વિકારી ભગવાન આત્મા તે પ્રાયશ્ચિત્ત. આહાહા! જે વર્તમાન સંયમદશામાં–નિર્વિકારીદશામાં ત્રિકાળી દ્રવ્યને ધારણ કરે છે એને નિત્ય પ્રાયશ્ચિત્ત સ્વરૂપનો આશ્રય છે (તો) એની પર્યાયમાં નિત્ય પ્રાયશ્ચિત્ત જ છે. પાપને છેદે છે એવી એની પરિણતિ છે.

સત્યને સાંભળ્યું નથી લોકોએ. બહારથી ગોટા આ કરો ને આ કરો ને આ કરો. આહા! આહીં તો કહે છે કે ભગવાન આત્મા વર્તમાન નિર્મળ સંયમ ને શ્રદ્ધા-જ્ઞાનની પર્યાયમાં, વીતરાગી પર્યાયમાં આવો ત્રિકાળી આત્મા ધારે, એ પર્યાય પ્રાયશ્ચિત્ત છે અને એ વસ્તુ પ્રાયશ્ચિત્ત છે. આહાહા! તે પર્યાય ચારિત્ર છે, વસ્તુ ચારિત્રસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ... 'સિદ્ધ સમાન સદા પદ મેરો...' આવે છે કે નહીં? (નાટક સમયસાર, મંગલાચરણ, શ્લોક ૧૧).

ચેતનરૂપ અનૂપ અમૂરતિ, સિદ્ધ સમાન સદા પદ મેરૌ.
મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહા તમ ઘેરૌ.
જ્ઞાનકલા ઉપજી અબ મોહિ, કહો ગુણ નાટક આગમ કેરૌ
જાસુ પ્રસાદ સધૈ સિવમાર્ગ, વેગિ મિટૈ ભવવાસ બસેરૌ.

આહાહા! પોતાનું નિજઘર આનંદનો બાદશાહ ભગવાન, જ્ઞાનનો સાગર.. આહાહા! કહે છે, એવો દ્રવ્યસ્વભાવ જેણે વર્તમાન પર્યાયમાં ધાર્યો, બસ એ પર્યાય નિશ્ચય પ્રાયશ્ચિત્ત (અને) વસ્તુ તો ત્રિકાળી નિશ્ચય પ્રાયશ્ચિત જ છે. **નિત્ય ધારણ કરે છે તેને ખરેખર નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે.** તેને પર્યાયમાં સાચું પ્રાયશ્ચિત્ત છે. એને વિકાર ઉત્પન્ન થતો નથી એ પ્રાયશ્ચિત્ત છે. આહાહા! દેવીલાલજી! વાડામાં તો આ વાતની ગંધ આવે એવી નથી. ઊંધી આવે ગંધ ઊંધી. આવો વીતરાગમાર્ગ... ત્રણ લોકના નાથ પરમાત્મા તીર્થંકરદેવ જેની વાણીમાં આવો આત્મા આવ્યો, એ આત્મા ઉપર જેણે દૃષ્ટિ મૂકીને દ્રષ્ટિમાં એને ધાર્યો, એની પર્યાય પ્રાયશ્ચિત્તરૂપ નિર્દોષ દશા છે, કહે છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૬, શુક્રવાર, તા. ૧૦-૯-૧૯૭૧**
**ગાથા – ૧૧૬-૧૧૭, શ્લોક - ૧૮૩, પ્રવચન નં. ૧૨૦**

નિયમસાર સિદ્ધાંત, શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત્ત (અધિકાર). ૧૧૬ ગાથાનો ભાવાર્થ છે. શું કહે છે? કે આત્મા જે છે આત્મા–જીવ, એ ધર્મી છે. વસ્તુ જે આત્મા એ ધર્મી એટલે કે ધર્મનો ધરનાર છે. ધર્મ એટલે જ્ઞાનસ્વભાવભાવ આદિ ધર્મ, એમાં જ્ઞાન મુખ્ય–ઉત્કૃષ્ટ સ્વભાવ છે એનો એ ધરનાર છે એથી એનો એ ધર્મ કહેવામાં આવે છે. ધર્મ કેમ પ્રગટ થાય એ વાત નહીં, એ પછી. ધર્મ કેમ થાય? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધર્મ. એ ધર્મ પર્યાયરૂપ ધર્મ–અવસ્થારૂપ ધર્મ–વ્યક્ત ધર્મ–પર્યાયની વ્યક્તતારૂપ ધર્મ. પણ એ ધર્મ પહેલાં, આ વસ્તુ શું છે એમ કહે છે. સ્વભાવ ભગવાન આત્મા જીવ કહીએ, એને આત્મા કહો, તો એ **ધર્મી છે...** વસ્તુ છે, દ્રવ્ય છે, તત્ત્વ છે એ ધર્મી છે. અને **જ્ઞાનાદિક તેના ધર્મો છે.** જાણવું, દેખવું ત્રિકાળી હોં. જેમ ત્રિકાળી જીવવસ્તુ ધર્મી છે, તો એમાં એનો ધર્મ એટલે સ્વભાવ–શક્તિ જ્ઞાનાદિ—જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત તેના ત્રિકાળી ધર્મો છે.

એને **પરમ ચિત્ત અથવા પરમ જ્ઞાનસ્વભાવ...** એમાં પરમ ચિત્ત અથવા પરમ જ્ઞાનસ્વભાવ **જીવનો ઉત્કૃષ્ટ વિશેષધર્મ છે.** ત્રણ બોલ કહ્યા. ભગવાન આત્મા આ શરીર, વાણી, મનથી તો જુદી ચીજ છે, કર્મથી જુદી ચીજ છે, પુણ્ય-પાપના વિકલ્પની લાગણીથી જુદી ચીજ છે અને એક સમયની જે પ્રગટ પર્યાય છે એનાથી પણ એ જુદી ચીજ છે. આહાહા! એવો જે આત્મા વસ્તુ એને ધર્મી કહીએ અને જાણવું, દેખવું, આનંદ, વીતરાગતા વિગેરે એના ત્રિકાળી ધર્મો કહીએ. ત્રિકાળી અવિનાશી તે ધર્મીના ધર્મ. સમજાય છે કાંઈ? એમાં પણ **પરમ જ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ વિશેષ ધર્મ છે**. એ ત્રીજો બોલ લીધો. સમજાય છે કાંઈ? વસ્તુ જે ભગવાન આત્મા, જેમ આ શરીર રજકણ–માટી વસ્તુ છે, એમ આત્મા વસ્તુ–તત્ત્વ–દ્રવ્ય–પદાર્થ એને ધર્મી કહીએ, ત્યારે એમાં રહેલા અનાદિ-અનંત જ્ઞાન, દર્શન, આનંદ, પ્રભુતા, સ્વચ્છતા વિગેરે એના ધર્મો કહીએ, ધર્મીના ધર્મ કહીએ. એ અવિનાશી છે. ધર્મી અવિનાશી છે, એમ એના ધર્મો પણ અવિનાશી છે, નિત્ય છે, સમજાણું કાંઈ?

એમાં પણ પરમ ચિત્ત એટલે **પરમ જ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ વિશેષધર્મ છે**. આહાહા! આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ કાયમી ત્રિકાળી સ્વભાવ ધર્મ છે, એમાં પણ પરમ જ્ઞાનસ્વભાવ વિશેષ ધર્મ છે–અસાધારણ સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આરે આવું ધર્મનું સ્વરૂપ ભારે! આ વસ્તુની ખબર ન મળે અને વસ્તુનો ધર્મ ક્યો એ ખબર ન મળે અને એને ધર્મ કરવો. અનાદિથી એમને એમ આંધળે-આંધળું ચાલે છે. સંસારમાં એનો પરિભ્રમણના કાળનો અંત

આવતો નથી. કેમકે વાસ્તવિક આત્મા અને એનો ધર્મ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરે જે કહ્યો, જોયો અને છે, એવો એણે જાણવાનો પ્રયત્ન કર્યો નથી, સમજાણું કાંઈ?

વસ્તુ પોતે આત્મા એને જ્યારે ધર્મનો ધરનાર ધર્મી કહીએ. ધર્મ એટલે પર્યાય કરવાનો એ ધર્મ નહીં, ત્રિકાળ ધર્મ. જે ધર્મ કરવાનો છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ પર્યાયરૂપી ધર્મ છે, એની અત્યારે હજી વાત નથી. આહીં તો ત્રિકાળી ગુણરૂપ ધર્મ... આહાહા! દ્રવ્ય–વસ્તુ ધર્મી અને એના જ્ઞાન–જાણવું, દેખવું, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા, જીવતર, ચિતિ, દર્શન, જ્ઞાન, શાંતિ, સુખ વીર્ય વિગેરે એ બધા ગુણો છે–એનો ધર્મ છે, ધર્મીનો ધર્મ છે, ધર્મીએ ધારી રાખેલા ભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્માએ સર્વજ્ઞજ્ઞાન ધર્મ–સ્વભાવ ધારી રાખેલો છે. ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એમ સર્વદર્શી... કહે છે.... એમાં આ અધિકાર તો અલૌકિક વાત છે. ૧૧૬. પ્રાયશ્ચિત્તસ્વરૂપ આત્મા સિદ્ધ કરવો છે. વસ્તુ પોતે ત્રિકાળી પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા!

પ્રાયઃ–પ્રચુરપણે–વિશેષપણે જેનું પરમજ્ઞાન એવો એનો ત્રિકાળી સ્વભાવ છે, પણ અહીંયા પહેલાં બધા સ્વભાવો લીધા છે. બધા ધર્મો, બધા ગુણો, બધી શક્તિઓ, અવિનાશી બધા ભાવો એ ધર્મ અને ધર્મી જીવ. ધર્મી એક, ધર્મ અનંત. એવો જે ધર્મી એનો જે આ ધર્મ, એમાં પણ ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વભાવ. આહાહા! સર્વજ્ઞ જ્ઞાનસ્વભાવ. એ દર્શન આદિ ધર્મોમાં સર્વજ્ઞ... જાણવું એટલે પછી કોને ન જાણવું એ પ્રશ્ન નહીં. એ સર્વજ્ઞસ્વભાવ એ બધા ધર્મોમાં, એના આત્માના બધા ગુણોમાં–ધર્મોમાં સર્વજ્ઞધર્મ–સ્વભાવ ઉત્કૃષ્ટ છે. આહાહા! અમરચંદભાઈ! આહાહા! અરેરે! એણે કોઈ દિ' મારું શું સ્વરૂપ છે અને પરમેશ્વર તીર્થંકરદેવ શું કહે છે એની ખબરું ન મળે. અને સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, અપવાસ કરો. અરે! શું .....? એ તો બધી વિકલ્પની ક્રિયાઓ છે. એ કાંઈ આત્મા ત્રિકાળી ધર્મી નહીં અને એ ત્રિકાળી ધર્મ નહીં અને ત્રિકાળી ધર્મને આશ્રયે ધર્મ પ્રગટ થાય, પણ એ વિકલ્પ નહીં. સમજાણું કાંઈ?

પરમેશ્વર... 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં..' આવે છે કે નહીં? મંગલિકમાં આવે. સાંજ-સવાર બોલે ગડિયા, પણ અર્થ-બર્થની કાંઈ ખબર ન મળે. 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં.., કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં..' પણ શું કેવળી, શું કહ્યું અને શું ધર્મ? આહાહા! અનંત કાળ થયા, એનો ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપનો ધરનાર–ધર્મનો ધરનાર... એનું સ્વરૂપ કહો કે ધર્મ કહો અને સ્વરૂપવાન કહો એ આત્મા. એ ભગવાન આત્મા એ સ્વરૂપવાન, એનું સ્વરૂપ જ્ઞાન, દર્શન, આનંદ આદિ એનું સ્વ-રૂપ છે, સ્વ-ધર્મ છે. એમાં પણ એનો સર્વજ્ઞસ્વભાવરૂપી ધર્મ એ ઉત્કૃષ્ટ છે. ત્રિકાળીની વાત છે હોં આ. આહા! ત્રિકાળ છે. આહાહા! એનો જ્ઞાન, અનંત ધર્મના ભાવમાં એ જ્ઞાનભાવ તો ઉત્કૃષ્ટ–વિશેષ–ખાસ ધર્મ છે. ઉત્કૃષ્ટ–વિશેષ–ખાસ ધર્મ, એમ. છે ને? **જ્ઞાનસ્વભાવ જીવનો**

**ઉત્કૃષ્ટ વિશેષ ખાસ ધર્મ છે**. કે જે એક જ જ્ઞાનને આત્મા કહીએ તો પણ એવો એક ધર્મ છે એને. સમજાણું કાંઈ?

હવે કહે છે, **માટે સ્વભાવ-અપેક્ષાએ જીવદ્રવ્યને...** એનો ત્રિકાળી સ્વભાવ, એવા ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ જીવવસ્તુને–આત્મપદાર્થને **પ્રાયઃ ચિત્ત પ્રકૃષ્ટપણે જ્ઞાન છે.** એમ કહેવામાં આવે છે. આહાહા! '**પ્રાયઃ ચિત્ત**' છે ને? (પ્રાયઃ)–પ્રકૃષ્ટપણે, ચિત્ત એટલે જ્ઞાન. એટલે આત્મા વસ્તુમાં–ધર્મીમાં એના અનંતા ધર્મો જે જ્ઞાન, દર્શન આનંદ આદિ અનંત શક્તિ છે, એમાં આ જ્ઞાન પ્રાયઃ ચિત્ત–પ્રચુરપણે, ઉત્કૃષ્ટપણે જ્ઞાન વિશેષ સ્વભાવ એનો છે, માટે એ આત્માને જ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહાહા! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, જરીક ધ્યાન રાખે તો સમજાય. સમજાણું કાંઈ? આહાહા! એવો જે સ્વભાવ અપેક્ષાએ ભગવાન આત્મા પ્રાયઃ ચિત્તરૂપ છે. પ્રાયઃ એટલે બહુલપણે, પ્રચુરપણે, વિશેષપણે જ્ઞાનભાવવાળો માટે તેને જીવદ્રવ્યને પ્રાયઃચિત્ત કહેવામાં આવે છે. આહાહા! ગજબ વાત કરે છે. કારણ કે જે રાગ ને દ્વેષને નાશ કરનારી વીતરાગી પરિણતીરૂપી ધર્મ એ ક્યાંથી આવશે? પ્રાયશ્ચિત્તરૂપ જ આત્મા છે એનો આશ્રય કરતાં પ્રાયશ્ચિત્તરૂપી વીતરાગ પરિણતિ પ્રગટ થશે. આહાહા! સમજાણું કાંઈ?

**પ્રકૃષ્ટપણે જ્ઞાન છે**. આહાહા! ભારે વાત કરી પણ આચાર્યે હોં, ગજબ કરી છે! ભગવાન આત્મા... શરીર, વાણી, મન છોડી દે, બધા ભગવાનો તીર્થંકરો આદિ પણ તારામાં નથી, છોડી દે. આહીં તો તારામાં રાગેય નથી, વર્તમાન પર્યાય પણ નથી, એવા અનંત ધર્મોવાળો ધર્મી છે એને પહેલો લક્ષમાં લે. સમજાય છે કાંઈ? આહાહા! ગુજરાતી થોડું થોડું સમજ લેના. ક્યાં ગયા જુગરાજજી? આ તમારા ગામના માણસને કહીએ છીએ. ગુજરાતી ચાલે, થોડું થોડું સમજી લેવું. મારવાડી છે. આ ભગવાન આત્મા એ વસ્તુ છે, ત્યારે વસ્તુ છે તે વસ્તુ એના ધર્મથી ખાલી ન હોય. કારણ વસ્તુ જ્યારે ધર્મી છે ત્યારે એના ધર્મો ન હોય તો એ વસ્તુ શેની પણ? એટલે આત્મા વસ્તુ–પદાર્થ છે, એનો ધર્મ નામ એનો સ્વભાવ નામ એની શક્તિ–એનો ગુણ એ જ્ઞાનાદિ અનંત ગુણોનો અવિનાશી ગુણનો ધરનાર આત્મા છે. એમાં એ જ્ઞાન તો પ્રકૃષ્ટે–ઊંચામાં ઊંચું જ્ઞાનસ્વભાવ ઉત્કૃષ્ટ, ચિત્ત નામ જ્ઞાન. એટલે બધા ગુણોમાં જ્ઞાનગુણ ઉત્કૃષ્ટ ને ખાસ છે, તેથી તે જ્ઞાનગુણના ધરનારને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આ પ્રાયશ્ચિત્ત ધર્મની ચારિત્રપર્યાય પ્રગટે એ વાત નથી. આહાહા! સમજાણું કાંઈ? ભારે અર્થ કર્યો છે. છે એમાં એ અંદર.

એને શરીર, વાણી ને બાયડી, છોકરા ને આ ધૂળધમાલ... આહા! આ તો માંસના લોચા, મડદા. આ તો મડદું, મડદું છે, આ મૃતક્ કલેવર છે. ભગવાન! એ તો મરી ગયેલ મડદા છે. આહા! જીવતી જ્યોત અનંત ધર્મનો ધરનાર... શેઠ! આહાહા! આ ભાન કે દિ' કરે છે? એ જ ભૂલ છે. સાંભળ્યું છે કે દિ'? આ સાંભળે તો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, પોષા કરો ને

સામાયિક કરો એટલે વિકલ્પ કરો. એ તો વિકલ્પ છે, રાગ છે, જે વસ્તુમાં નથી અને વસ્તુના ધર્મમાં પણ એ નથી. સમજાણું કાંઈ? એ વસ્તુની જ ખબર નથી, ધર્મ કરનાર કેવડો, કેમ છે? એ લખ્યું હતું ત્યાં. કહ્યું હતુંને એક ફેરી સોનગઢ વ્યારા. સોનગઢ વ્યારા ગયા હતાને. વ્યારા.. વ્યારા છેને. ત્યાં જયંતિભાઈ છેને પમુભાઈના જમાઈ. તમે હતા? ત્યાં લખ્યું હતું એક ચાકળામાં. જ્યારે વ્યાખ્યાન થયું. બધાય હતા દેરાવાસી બધાય. સૌને પ્રેમ કે મહારાજ.... કોઈ દિ' જિંદગીમાં ગયેલા નહીં. બધું એનું દેરાવાસીમાં....

એમાં લખ્યું હતું કે ધર્મ કરનાર, ધર્મ કરવો છે એ કરનાર કોણ છે એનું જાણ્યા વિના એને ધર્મ ને કલ્યાણ થતું નથી. એમ લખ્યું હતું. આ તો વર પડ્યો રહ્યો ને જાન જોડી દીધી. વર સમજે? દુલ્હા.. દુલ્હા. દુલ્હા પડ્યો રહ્યો, જાનમાં ૫૦૦ માણસ, એક હજાર માણસ ઔર દૂધપાક, સાટા ને જમણ. વર છે કે નહીં? દુલ્હો છે કે નહીં? દુલ્હો રહી ગયો, એકલી બારાત. આહાહા! એમ ભગવાન આત્મા જેને ધર્મ કરવો છે, જેની દશામાં ધર્મ થાય, એ ધર્મ જેની દશામાં થાય એનો ધર્મી અને એવો ધર્મસ્વભાવ એ કોણ છે? સમજાણું કાંઈ? કહે છે, એવા સ્વભાવ અપેક્ષાએ જીવદ્રવ્યને પ્રાયશ્ચિત્ત એટલે ઉત્કૃષ્ટ વિશેષ ધર્મ જ્ઞાન છે માટે તેને–વસ્તુને, વસ્તુના સ્વભાવમાં પ્રકૃષ્ટ–ઉત્કૃષ્ટ જ્ઞાનધર્મ છે માટે વસ્તુને પ્રાયશ્ચિત કહેવામાં આવે છે. આહાહા!

હવે, **જે પરમસંયમી આવા ચિત્તને શ્રદ્ધે છે...** લ્યો. હવે ધર્મ કેમ થાય? વર્તમાનમાં ધર્મ કેમ થાય? વર્તમાનમાં એને મુક્તિનો માર્ગ કેમ થાય? કે આવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત ધર્મનો ધરનાર ધર્મી, એને જે શ્રદ્ધે છે, પરમ જ્ઞાનસ્વભાવને શ્રદ્ધે છે... પ્રાયશ્ચિત્ત લીધું છેને? એની શ્રદ્ધા પરમજ્ઞાનસ્વભાવ સર્વજ્ઞજ્ઞાનસ્વભાવ મારો ત્રિકાળ એવો જ મારો સ્વભાવ અને એ જ મારું સ્વભાવવાન દ્રવ્ય, એવા સ્વભાવને જે શ્રદ્ધે છે... ક્યારે શ્રદ્ધી શકે એ? નિમિત્ત તરફનું વલણ છોડી, રાગનું વલણ છોડી, એક સમયની પર્યાય તરફના પણ ઝુકાવને છોડી, ત્રિકાળી જ્ઞાયકભાવ પરમાત્મા પ્રાયશ્ચિત્તરૂપ એનો આશ્રય કરે, ઝુકે એના તરફ, ત્યારે એની શ્રદ્ધા થાય. આહાહા! ભારે વાતું ભાઇ! બધી પર્યાય એક કોર રહી. બધું પર્યાયનું ક્ષેત્રેય ભિન્ન ને ભાવેય ભિન્ન છે. એ પર્યાય તો પછી એનો આશ્રય કરે છે. આહાહા! ગજબ વાત છેને! આ અલૌકિક વાત છે! આહાહા!

ભગવાન આત્મા ધર્મી જ્યારે કહીએ, તો એના ધર્મો અવિનાશી જ્ઞાનાદિ અનંત છે. એમાં પણ જ્ઞાનધર્મ તો પ્રકૃષ્ટ–ઉત્કૃષ્ટ એનો ખાસ ધર્મ છે. એવા ધર્મનો ધરનાર માટે તે આત્માને પ્રાયશ્ચિત્ત કહીએ, ત્રિકાળ પ્રાયશ્ચિત્તરૂપ જ છે. એનું શરણ લે, એને દૃષ્ટિમાં લે, એને શ્રદ્ધામાં વિષય બનાવે, ત્યારે એની શ્રદ્ધા થાય, એને સમકિત કહે છે. આહા! સમજાણું કાંઈ? આહીં દેવ, ગુરુ, ધર્મને શ્રદ્ધે તો સમકિત છે, નવ તત્ત્વને શ્રદ્ધે તો સમકિત છે—એમ છે નહીં. આહા! સમજાણું કાંઈ? આવો જે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતાનો નિજભાવ એનો ધરનાર, એની સન્મુખ થઈને, નિમિત્ત, રાગ ને પર્યાયથી વિમુખ થઈને... વિમુખ થઈને તો

નાસ્તિથી કથન છે, સન્મુખ થાય એટલે વિમુખ થઈ જાય છે. આહાહા!. ભારે વીતરાગ માર્ગ! આ તીર્થંકર કેવળજ્ઞાનીનો કહેલો 'કેવલી પણ્ણત્તો ધમ્મો..'–ભગવાને કહેલો આ ધર્મ છે ભગવાન! આહાહા!

એ સર્વજ્ઞસ્વભાવી પ્રભુ એને સર્વજ્ઞસ્વભાવ હોવાને કારણે, એનું ઉત્કૃષ્ટ ચિત્તસ્વરૂપ બધા ધર્મમાં પણ આ ધર્મ એનો મુખ્ય.. મુખ્ય–ખાસ હોવાને લઈને એ વસ્તુને જ પ્રાયશ્ચિત્ત અને ચારિત્રમય કહેવામાં આવ્યો છે. આ ચારિત્રનો ભેદ છેને. ચારિત્રમય જ વસ્તુ છે એટલે વીતરાગસ્વરૂપ જ આત્મા છે. સમજાણું કાંઈ? એ શક્તિ અને સ્વભાવે વીતરાગ ન હોય તો પર્યાયમાં વીતરાગતા આવશે ક્યાંથી? સમજાય છે કાંઈ? વીતરાગ શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન પર્યાયનું, વીતરાગી ચારિત્ર—એ ત્રણ દશા ક્યાંથી આવશે? શું નિમિત્તમાંથી આવશે? રાગમાંથી આવશે? પર્યાયમાંથી–એક સમયની પર્યાયમાંથી આવી પર્યાય આવશે?

કહે છે, આવા આત્માને જે શ્રદ્ધે છે અને તેમાં લીન રહે છે, તેને નિશ્ચય પ્રાયશ્ચિત્ત પર્યાયમાં છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! આ તો માર્ગ ભાઈ! બોલવાના–કાંઈ વાણીના વિલાસ નથી. અંદર વિકલ્પ ઉઠે એ કાંઈ માર્ગ નથી. આહાહા! વૃત્તિ ઉઠે કે આવો આત્મા છે, આવા એના ધર્મો છે, એવી લાગણી ઉઠે એ કાંઈ વસ્તુ નથી. વસ્તુ તો એ વૃત્તિના વિકલ્પની લાગણી વિનાની ચીજ એવો જે ભગવાન આત્મા છે, એને શ્રદ્ધામાં લેવો અથવા શ્રદ્ધાનો વિષય એને બનાવવો અથવા શ્રદ્ધારૂપી ધ્યાન એ ધ્યાનમાં તેને વિષય કરવો, વર્તમાન ધ્યાનની દશા એને ધ્યેયપણે આને–આવા આત્માને કરે, ત્યારે તેને સમકિત ને શ્રદ્ધા થાય. આહાહા! કહો, ભીખાભાઈ!

ઓહોહો! અમૃતનો સાગર ભગવાન, અતીન્દ્રિય આનંદના અમૃતના સાગરથી ભરેલો, એમાં પણ અતીન્દ્રિય જ્ઞાન, આનંદ કરતા એની અતીન્દ્રિય જ્ઞાનની વિશેષતા તો અહીંયા લીધી છે. જે ભગવાન આત્મામાં ત્રિકાળી અતીન્દ્રિય જ્ઞાન છે, એ અતીન્દ્રિય જ્ઞાન છે એને અહીંયા પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે, એટલે આખો આત્મા જ પ્રાયશ્ચિત્તરૂપ છે એમ કીધું છે. આહાહા! પ્રાયશ્ચિત્તરૂપ એટલે ચારિત્રરૂપ, એમ. સમજાણું કાંઈ? આહાહા! એવો સ્વભાવવાન એને વર્તમાન પર્યાય–અવસ્થામાં એને શ્રદ્ધવો, આહાહા! વર્તમાન દશામાં એને શ્રદ્ધવો... આહાહા! મૂલચંદભાઈ! આવી વાતો બધી ક્યાંય સાંભળી નહીં જિંદગીમાં. બૈરાએ સાંભળી હતી ન્યાં? આહાહા! ભગવાન ત્રણ લોકનો નાથ એમાં પણ ત્રણ કાળ, ત્રણ લોકને એક સમયમાં જાણે એવી એની શક્તિ ત્રિકાળ પડી છે. સમજાણું કાંઈ?

આ અત્યારે વાંધા બધા સર્વજ્ઞના લ્યો. કોઈક કહે કે સર્વજ્ઞ એ ભવિષ્યનું જાણે કે નહીં? અરે! પણ ભવિષ્યનું.... ભગવાન! પોતાને ત્રિકાળ જાણે કે નહીં? એ પ્રશ્ન હતો. પોતાનો જ્ઞાનપર્યાય પોતાને–ત્રિકાળીને જાણે કે નહીં? તો ત્રિકાળીની જે પર્યાયો છે એમાં ભવિષ્યની

સર્વજ્ઞપર્યાય પણ આવી ગઈ. સમજાય છે કાંઈ? પ્રગટરૂપે સર્વજ્ઞપર્યાય પ્રગટ થવાની છે, એ સર્વજ્ઞની પર્યાય સાદિ-અનંત રહેવાની છે. એ આત્માને માનતા એ ત્રિકાળી સર્વજ્ઞપર્યાય છે એ પણ શ્રદ્ધામાં આવી ગઈ. સમજાણું કાંઈ? આહાહા! ભારે કામ ભાઈ!

ઓહોહો! કહે છે, જે સર્વજ્ઞપર્યાય પ્રગટશે એ કાંઈ બહારથી નહીં આવે. પર્યાયમાંથી નહીં આવે, રાગમાંથી નહીં આવે. એનો પ્રકૃષ્ટ સર્વજ્ઞસ્વભાવ પ્રાયશ્ચિત્તરૂપ છે એમાંથી આવશે. ભેદની અપેક્ષાએ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા! તો કહે છે કે એ સર્વજ્ઞસ્વભાવમાંથી સર્વજ્ઞપર્યાય આવી અને એવી સર્વજ્ઞપર્યાય, ગયા કાળની પર્યાયની સંખ્યા કરતાં સર્વજ્ઞની પર્યાયની સંખ્યા અનંતગુણી છે, અનંતગુણી છે. આહાહા! અરે! ક્યાં એને નિજ સ્વભાવના સામર્થ્યનો ભરોસો? સમજાણું કાંઈ? એવો જે સર્વજ્ઞપર્યાય, વર્તમાન ચારિત્રરૂપ ને પ્રાયશ્ચિત્તરૂપ એવી દશા સાદિ-અનંત પ્રગટે છે. એ બધું ત્રિકાળી સર્વજ્ઞ ને ચારિત્ર સ્વભાવ એનો સ્વીકાર, એને શ્રદ્ધતાં, એને માનતાં, ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની માન્યતા–પ્રતીતમાં આવી જશે. આ ભગવાન તો ત્રણ કાળ ત્રણ લોકને જાણનારો જ છે. કોઈનો કરનારો ને કોઈથી કરાય એવો એ આત્મા નથી. હીરાભાઈ! આહાહા!

એ આત્મા, એની પર્યાયમાં–વર્તમાન હાલતમાં ‘નિમિત્તથી છું, રાગથી છું, એ પર્યાય જેટલો છું’ એવી જે માન્યતા છે તે મિથ્યાત્વ માન્યતા છે. આહાહા! એ મિથ્યાત્વ માન્યતાનો વ્યય અને સમ્યક્ માન્યતાનો ઉત્પાદ ક્યારે થાય? કે ત્રિકાળી જ્ઞાયકભાવ એકલો ચૈતન્યબિંબ છે એને શ્રદ્ધે તો થાય. સમજાય છે કાંઈ? હિંમતભાઈ નથી આવ્યા. ભાવનગરથી આવવાના હતાને. આ કહેતા હતાને કાલ. કહેતા હતા, કાલ આવીશ અહીં. ભગવાન આત્મા આવો એને જે શ્રદ્ધે.., ક્યારે શ્રદ્ધે? કે એના સન્મુખ થાય અને એકાગ્ર થાય ત્યારે એને શ્રદ્ધી શકાય. અને પછી એનામાં લીનતા થાય.. એનામાં લીનતા થાય એને ચારિત્ર કહીએ, એને સંયમ કહીએ. આહાહા! સમજાણું કાંઈ? એવા પરમાત્માને શ્રદ્ધે છે અને તેમાં લીન રહે છે, તેને નિશ્ચય ચારિત્ર, નિશ્ચય સંયમ, નિશ્ચય પ્રાયશ્ચિત્ત, નિશ્ચય વીતરાગદશા મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**૧૧૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :** ૧૮૩ કળશ.

**यः शुद्धात्मज्ञानसंभावनात्मा**
**प्रायश्चित्तमत्र चास्त्येव तस्य ।**
**निर्धूतांहःसंहतिं तं मुनीन्द्रं**
**वन्दे नित्यं तद्गुणप्राप्तयेऽहम् ॥ १८३ ॥**

**આ લોકમાં જે (મુનીન્દ્ર)...** મુનીન્દ્ર (અર્થાત્) મુનિમાં પણ ઇન્દ્ર સમાન, આહા! ઊંચા, ઈશ્વર. **શુદ્ધાત્મજ્ઞાનની...** જુઓ! ન્યાં પ્રાયશ્ચિત્ત શબ્દ હતો ખરોને એટલે શુદ્ધાત્મજ્ઞાન એ પ્રાયશ્ચિત્ત ત્રિકાળી. આત્માનું શુદ્ધ આત્મજ્ઞાન ત્રિકાળી, એની **સમ્યક્ ભાવનાવંત...** એ પર્યાય.

આહા! પર્યાય શું, દ્રવ્ય શું, ગુણ શું? ભગવાન જાણે, કહે છે. જે વીતરાગના માર્ગના પહેલા એકડા દ્રવ્ય, ગુણ ને પર્યાય. દ્રવ્ય તો ધર્મી, ગુણ ધર્મ અને એની સંભાવના–એકાગ્રતા થવી તે એની પર્યાય. સમજાણું કાંઈ? આહાહા! આ લોકમાં જે શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત... સમ્યક્ ભાવનાવંત કેમ કહ્યું? કે એ વસ્તુ જે છે અને વસ્તુમાં ધર્મ છે એને કદાચિત્ જ્ઞાનના ક્ષયોપશમ દ્વારા ધારે ખરો, પણ અંતર એકાગ્રતા ન કરે, માટે એને (-એકાગ્રતા કરનારને) સમ્યક્ ભાવનાવંત કહેવામાં આવે છે. ૧૧ અંગ ને ૧૦ પૂર્વ ભણ્યો હતો એમાં વાત તો આવી હતી, પણ એને આમ અંદર આ વિશ્વાસ આવીને અંદર એકાગ્રતા થવી (જોઈએ) એ નહોતી કરી.

આ ભગવાન આત્મા, આહાહા! પૂર્ણ ધર્મનો ધરનાર, વિશેષ સર્વજ્ઞસ્વભાવ, એ સ્વરૂપ જ આત્મા, સર્વજ્ઞસ્વભાવ-સ્વરૂપ જ આત્મા છે. એથી પ્રાયશ્ચિત્ત કહ્યુંને. એવા સર્વજ્ઞસ્વભાવને અંતર્મુખ થઈને એમાં એકાગ્ર થવું, એ દ્રવ્ય-ગુણમાં અંદર એકાગ્ર થવું, એ પર્યાય એનામાં ઝુકાવવી, એને અહીંયા સમ્યક્-ભાવના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ બીજું બધું આવડે, ન આવડે, ઓછું આવડે, વધારે આવડે એને એક કોર મૂક. આહાહા! જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ હોય કે ન હોય, સમજાવતા આવડે કે ન આવડે એની સાથે કાંઈ તારે કામ નથી, કહે છે. આહાહા! તારે કામ દ્રવ્ય ને ગુણ સાથે છે. એની શ્રદ્ધા ને એમાં એકાગ્રતા, બસ એ ચારિત્ર અને એ મોક્ષનો માર્ગ છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે. ચિદ્ ને આનંદ એ તો એનો સ્વભાવ ને ધર્મ છે. એમાં એ જ્ઞાન એનો ધર્મ–સ્વભાવ ઉત્કૃષ્ટ છે કારણ કે એ પોતે પોતાને જાણે, પોતે પરને જાણે. તે જ્ઞાન બધાને જાણે અને જ્ઞાન જ્ઞાનને જાણે. એ જ્ઞાનમાં, આખું દ્રવ્ય, અનંતા ગુણો એના જ્ઞાનમાં આવી ગયા. સમજાણું કાંઈ? માટે એને જ્ઞાનને ઉત્કૃષ્ટ ધર્મ કહી અને આત્માને પ્રાયશ્ચિત્તસ્વરૂપ ઉત્કૃષ્ટ જ્ઞાનમૂર્તિ કીધો છે. સમજાણું કાંઈ? અરે! ભગવાનના વિરહ પડ્યા પંચમકાળે, પણ આ કાંઈ આત્માનો વિરહ છે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! ત્રણ લોકના નાથ પરમાત્મા સર્વજ્ઞદેવ એના—પ્રગટ પર્યાયની પૂર્ણતા પ્રાપ્ત પુરુષના—ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. પણ કહે છે કે જેમાંથી પ્રગટ પર્યાય પ્રગટે છે, આહાહા! એનો ધરનાર તો તારી પાસે પ્રગટ છેને પ્રસિદ્ધ. આહાહા! શેના તને વિરહ છે? એય! આહાહા!

પ્રત્યક્ષ વ્યક્ત–પ્રગટ પરમાત્મા છે તું. એ પરમાત્મા છે તો એમાંથી સિદ્ધની પર્યાયની પરમાત્મદશા સાદિ-અનંત પ્રગટશે. એવી સાદિ-અનંત સિદ્ધપર્યાયનો, જ્ઞાનપર્યાયનો પિંડરૂપ અહીંયા આત્મા છે. એની જેણે સમ્યક્-ભાવના કરી, એવા ભાવને જેણે સમ્યક્-ભાવના દ્વારા ભાવ્યો, તેને ચારિત્ર છે, તેને પ્રાયશ્ચિત્ત છે, એ સમ્યક્-ભાવના એ પ્રાયશ્ચિત્ત છે. આહાહા! **તેને પ્રાયશ્ચિત્ત છે જ.** આહાહા! એટલે? કે ત્રિકાળી ભગવાન પ્રાયશ્ચિત્તરૂપ જ્યારે છે એટલે જ્ઞાનની પરાકાષ્ઠાવાળું સ્વભાવવાળું તત્ત્વ છે, એને જેણે એકાગ્ર થઈને સમ્યક્-ભાવના દ્વારા પકડ્યો, એ

સમ્યક્-ભાવના ખરેખર પ્રાયશ્ચિત્ત છે, એ પ્રાયશ્ચિત્ત એટલે ચારિત્ર જ છે, એ વીતરાગતા જ છે. આહાહા! સમજાણું કાંઈ?

બધું ઘણું વાંચે, ઘણું વિચારે, પણ કરવાનું આ છે. આ કર્યા વિના, ગમે એટલા જાણપણા હોય, ગમે એટલા વ્યાખ્યાન કરતા આવડતું હોય, લાખો માણસોને રીઝવતા આવડે, એ બધી બહારની વાતું છે. આહાહા! ભગવાનને રીઝવતા આવડે એ ખરો. આહાહા! જેવો છે તેવો સ્વીકાર થઈ ગયો, આહાહા! એણે બધું કર્યું હોં. એ પોતે વીતરાગમૂર્તિ થઈ ગયો પર્યાયમાં હોં. સમ્યગ્દર્શન પર્યાય એ વીતરાગપર્યાય છે, સમ્યગ્જ્ઞાન એ વીતરાગપર્યાય છે, એ જ્ઞાનના બધા પ્રકાર છે, એમ. એ રાગના પ્રકાર નથી. છે તો શ્રદ્ધાની પર્યાય... પણ એ બધા જ્ઞાન એવો આત્મા એના એ પ્રકાર છે. રાગના પ્રકાર એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. સમજાણું કાંઈ?

**સમ્યક્ ભાવનાવંત છે**... સમ્યક્ ભાવનાવાળો છે. આહાહા! અરે! જેણે ભગવાન આત્મા તરફની એકાગ્રતા કરી છે તે પોતે વીતરાગપર્યાયસ્વરૂપ છે. એ ચારિત્રવંતને સંયમી કહીએ. સમજાણું કાંઈ? આહાહા! **જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે...** હવે આવ્યું. અસ્તિ કરીને હવે નાસ્તિની વાત કરે છે. કહે છે કે જે ભગવાન આત્મા ઉત્કૃષ્ટ જ્ઞાનમૂર્તિ પ્રભુ એવો જે જ્ઞાનસ્વભાવ તે પ્રાયશ્ચિત્તસ્વરૂપ, ચારિત્રસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે. એની સમ્યક્-ભાવના કરનારો, એ સમ્યક્-ભાવનાની ઉત્પત્તિ થતાં પુણ્ય-પાપના ભાવ બેય પાપ છે. **ખંખેરી નાખ્યો છે**... પુણ્ય-પાપના ભાવ ખંખેરી નાખ્યા છે, ઝાટકી નાખ્યા છે.

આ પંખીણી હોયને પંખીણી. ધૂળ લાગીને ધૂળ, આમ ખંખેરી નાખેને. એ પંખ ઉપરથી છૂટી જાય છે રજકણ. એમ ભગવાન આત્માને અંદર ભાવતાં પુણ્ય-પાપના પરિણામ ખંખેરી નામ છૂટી જાય છે. આહાહા! એને છોડવા પડતા નથી. અરેરે! એના ઘરની વાતું એણે કોઈ દિ' મહાત્મ્યથી સાંભળી નહીં, મહાત્મ્યથી એણે એને જોયો નહીં, માહાત્મ્યથી એને અંદરમાં ભગવંતસ્વરૂપ આત્મા, ભગવતીસ્વરૂપ આત્મા, ભાગવતસ્વરૂપ ભગવાન... આહાહા! એણે પરના મહાત્મ્ય આગળ સ્વના માહાત્મ્ય કોઈ દિ' ન કર્યા અને પરના મહાત્મ્યના પડખા છોડી સ્વના મહાત્મ્યના પડખે જાય, વીતરાગ થઈ જાય. આહા! સમજાણું કાંઈ?

**જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે એવા તે મુનીન્દ્રને**... આવી વીતરાગ પરિણતિએ વીતરાગમૂર્તિ જ્ઞાનસ્વભાવ ભગવાન એને સમ્યક્ પ્રકારે ભાવ્યો છે **એવા તે મુનીન્દ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે નિત્ય વંદું છું.** એટલે કે તેની ગુણની પર્યાય આવી જે પ્રગટી એનો મને આદર છે. સમજાણું કાંઈ? એની નગ્નદશા ને વિકલ્પ એનો મને આદર નથી. એની આ જે દશા પ્રગટ કરી, ચૈતન્યરામના રમતે ચઢ્યો અને આત્મારામને જેણે પર્યાયમાં પ્રગટ કર્યો એવા સંતોના ગુણને હું વંદન કરું છું. આહાહા! સમજાણું કાંઈ? કાયમ મારું વંદન એટલે નિર્મળ પર્યાયનો જ મારે આદર છે, રાગનો આદર નથી, એમ કહે છે. બહુ અલૌકિક વાત હતી!

(ગાથા) ૧૧૭. ખૂબી તો શું હતી એમાં. પ્રાયશ્ચિત્ત ને સર્વજ્ઞપદ નાખ્યુંને જ્ઞાનભાવ, ઉત્કૃષ્ટ સ્વભાવભાવ... સર્વજ્ઞશક્તિ આવે છેને ૪૭ (શક્તિ)માં. સર્વજ્ઞશક્તિ એ દ્રવ્યનો ઉત્કૃષ્ટ વિશેષ ધર્મ છે. એવા ધર્મનો ધરનાર ભગવાન આત્મા જે ગુણમાં તો સર્વજ્ઞની અનંતી પ્રગટ પર્યાયો થવાની એ બધી અંદર પડી છે, સામાન્યપણે શક્તિપણે હોં. એવો સર્વજ્ઞસ્વભાવી ભગવાન, એનો અર્થ કે એ તો જાણનાર ને દેખનાર જ છે. એ રાગને કરે અને પરનું કરે ને પરથી લે—એ એનો સ્વભાવ જ નથી. આહાહા! સમજાણું કાંઈ? એ રાગને કરે અને પરને કરે એ એના સ્વભાવમાં નથી. રાગને ને પરને પોતાને જાણતા જાણે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ૧૧૭.

**किं बहुणा भणिएण दु वरतवचरणं महेसिणं सव्वं ।**
**पायच्छित्तं जाणह अणेयकम्माण खयहेऊ ॥ ११७॥**
**બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,**
**નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭.**

મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છેને અહીંયા. ચારિત્ર કહો, પ્રાયશ્ચિત્ત કહો, વીતરાગતા કહો, મોક્ષમાર્ગ કહો, ત્રણની એકતા—બધું એકાર્થ છે. **ટીકા : અહીં એમ કહ્યું છે કે પરમ તપશ્ચરણમાં લીન પરમ જિનયોગીશ્વરોને...** પ્રાયશ્ચિત્ત કહ્યુંને, ચારિત્ર કહ્યુંને. ચારિત્ર કહો કે તપસ્યા કહો, એનું નામ ચારિત્ર છે. તપસ્યા એટલે અપવાસ કરવા એ કાંઈ તપસ્યા-બપસ્યા નહીં. આહીં તો ભગવાન આત્મા એકલો જ્ઞાનસ્વભાવી વસ્તુ એની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની રમણતા એ એનું તપશ્ચરણ, એ એની તપસ્યા, એ એનું ચારિત્ર, એ એનું મુનિપણું. સમજાણું કાંઈ? આવા મુનિપણાની દશાને જાણે નહીં, તેને ગુરુના સ્વભાવની પણ ખબર નથી. અને એ સર્વજ્ઞપદને સાધનારા છે (કેમકે) સર્વજ્ઞપદ શક્તિમાં પડ્યું એને ભરોસો અને અનુભવ કર્યો માટે. એને ન જાણે એ તો સર્વજ્ઞદેવને પણ જાણતા નથી. આહાહા! આવી દશાવંતને ધર્મી ગુરુ કહીએ એને જાણતા નથી, એ દેવને ન જાણે, ગુરુને ન જાણે અને એની સંયમ નામ સંવર-નિર્જરાની દશા કેવી હોય એને પણ જાણતો નથી. અને એને જાણતો નથી માટે દ્રવ્યનો આશ્રય કેટલો હોય ત્યારે કેટલી સંયમદશા પ્રગટે એની ખબર નથી એને. આહા! નવજીવનભાઈ!

કહો, હવે બીજામાં અપૂર્ણ છે કે નહીં ક્યાંય? લ્યો, વળી એ યાદ આવ્યું. શું કહ્યું? તમે સમજ્યા નહીં. બીજામાં અપૂર્ણ છે અને વીતરાગની પર્યાય પૂર્ણ ધર્મ છે. એમ કાંઈક વાત ચાલી હતી. ઘણા વર્ષ પહેલાની વાત છે, ૮૩ની. ૮૨માં ચોમાસું હતુંને વઢવાણ, ત્યાંથી કાંપમાં ગયા હતા. શ્રીમદ્‌માં આવે છેને એક. એક શબ્દ આવે છે. બાકી પૂર્ણ ને અપૂર્ણ બધું આત્મામાં અંદર છે. આત્માનો જેવો સ્વભાવ ભગવાને જોયો અને છે એવો. એવો બીજે ક્યાંય છે જ નહીં

વીતરાગ સિવાય અન્યમતમાં ક્યાંય છે નહીં. પણ હવે પરીક્ષા કરવા તૈયાર ન થાય, ઓળખવા તૈયાર ન થાય, હવે એને શી રીતે આંતરો પડે? આહાહા!

કહે છે, **પરમ તપશ્ચરણમાં લીન પરમ જિનયોગીશ્વર**... ભાષા જુઓને! વાપરી કેવી! **પરમ જિનયોગીશ્વર**... જેણે આત્માના સ્વભાવ સાથે યોગ ઉત્કૃષ્ટ માંડ્યો છે. પરનો સંબંધ તોડ્યો અને સ્વભાવનો સંબંધ ઉત્કૃષ્ટપણે જોડ્યો છે. આહાહા! ધન્ય! ધન્ય! **પરમ જિનયોગીશ્વરોને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે...** એને તો નિશ્ચય ચારિત્રદશારૂપ પ્રાયશ્ચિત્ત વર્તે જ છે. પ્રાયશ્ચિત્ત એટલે પુણ્ય-પાપના નાશ કરવાવાળો ભાવ સદાય એને વર્તે જ છે. આહાહા! સમજાણું કાંઈ?

**એ રીતે નિશ્ચયપ્રાયશ્ચિત્ત સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે એમ કહ્યું છે.** લ્યો. એ રીતે નિશ્ચય ચારિત્ર–સાચી વીતરાગતા એ **સમસ્ત આચરણોમાં પરમ આચરણ**... આત્માને આશ્રયે થયું, એને પરમ આચરણ કહેવામાં આવે છે. દેહની ક્રિયાના આચરણ-ફાચરણ આત્મામાં છે નહીં. આ દયા-દાન ને વ્રતના વિકલ્પનું આચરણ પણ આત્મામાં છે નહીં. આહાહા! ભારે વાત ભાઈ! તારી પ્રભુતા તને બેઠી નથી ભાઈ! તું તો પરમેશ્વરનો પરમેશ્વર છો. આહાહા! એકલું જ્ઞાન સર્વજ્ઞસ્વરૂપ પ્રભુ... આપણે પહેલા આવી ગયું છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે.. ત્રિકાળ છે. ઉપયોગમાં આવી ગયું છે. આહાહા! નિયમસાર તો નિયમસાર છે હોં. આહાહા! નિયમ (એટલે) યથાર્થ જગતના નિયમો, વસ્તુના નિયમો, વસ્તુના સ્વભાવરૂપ નિયમ, મોક્ષમાર્ગનો નિયમ. આહાહા!

**સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે** એમ ભગવાને કહ્યું છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર વીતરાગ દિવ્યધ્વનિ દ્વારા સમવસરણમાં ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં ભગવાન આમ કહેતા હતા. સમજાય છે કાંઈ? બધા વ્યવહાર-ફ્યવહાર આચરણને ભગવાને આચરણ કહ્યું નથી એમ કહે છે. **પરમ આચરણ છે એમ કહ્યું છે**. સંતોએ એમ કહ્યું છે, સંતના મોટા મહાસંત ભગવાન તીર્થંકરે એમ કહ્યું છે. 'મહામુનિ શ્રમણ' આવે છેને પંચાસ્તિકાયમાં. 'મહાશ્રમણના મુખ...' મહાશ્રમણ એટલે કેવળી. પંચાસ્તિકાયમાં છે. આહાહા! અરે! આ વાત બાપા! સર્વજ્ઞ સિવાય વાડામાં અત્યારે ક્યાંય દેખાતી નથી. ગંધેય નથી. ભાઈ! આહાહા!

દુનિયાની કલ્પના શું હોય? નિર્ધન હોય, એકલો હોય, વાંઢો હોય, વાંઝિયો હોય, પત્ની ન હોય અને પત્નીને પતિ ન હોય અને દુઃખી હોય બહારમાં. તો 'આ દુઃખી છે' એમ અજ્ઞાની કહે છે. ત્યારે ભગવાન કહે છે કે છ ખંડના રાજ હોય, ૯૬ હજાર સ્ત્રી હોય, પણ એ મારા છે એવી માન્યતા છે એ મહાદુઃખી છે, કહે છે. એ મહાદુઃખી છે. આહાહા! અને એકલો નરકનો નારકી જીવ હોય, સાતમી નરકનો, ચોખાનો દાણો ન હોય, સૂવાને મકાન ન હોય, પાથરવાને ગાદલું ન હોય, પણ આ આત્મા આનંદની મૂર્તિ છે એવી જેને શ્રદ્ધા ને ભાન થયા, કહે છે કે એ

જીવ સુખી છે. સમજાણું કાંઈ? 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુખિયા.' બિચારા બહારમાં સગવડતાવાળા દેખાય, અબજો રૂપિયા, બાયડી-છોકરા, ખમ્મા.. ખમ્મા.. ધૂળેય નથી, સાંભળને હવે! બધા તારે દુઃખ છે. બધા ધૂતારાની ટોળીયું ભેગી થઈને લૂંટનારા છે તને. આહાહા! જેને આવો આત્મા અંદરમાં અનુભવમાં આવ્યો, શ્રદ્ધામાં લીધો અને ચારિત્રાદિ પ્રગટ થયા, એ જગતમાં સુખી છે. વિશેષ વાત કહેશે

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૭, શનિવાર, તા. ૧૧-૯-૧૯૭૧**
**ગાથા - ૧૧૭, શ્લોક - ૧૮૪-૧૮૬,**
**પ્રવચન નં. ૧૨૧ (હિંદી)**

યહ નિયમસાર (અર્થાત્) મોક્ષકા માર્ગ ક્યા હૈ વહ ચલતા હૈ. ૧૧૭, બીજો પેરેગ્રાફ–દૂસરા પેરેગ્રાફ હૈ. પ્રાયશ્ચિત્તકા અધિકાર હૈ. પ્રાયશ્ચિત્ત અર્થાત્ ચારિત્ર. ચારિત્રકે પેટાભેદકો પ્રાયશ્ચિત્ત કહતે હૈં. યે ચારિત્ર મુક્તિકા માર્ગ હૈ. ચારિત્ર, વીતરાગ પરિણતિરૂપ પર્યાય વહ ચારિત્ર હૈ. શરીરકી ક્રિયા, અંદર વિકલ્પ ઉઠે કિ મૈં આહારાદિ છોડું આદિ વહ કોઈ ચારિત્ર નહીં, વહ કોઈ તપ નહીં. સમજમેં આયા? ચારિત્રમેં ઉગ્ર પુરુષાર્થ ઉસકા નામ તપ અને તપ નામ ... ચારિત્ર કહતે હૈં અને ચારિત્રકે પેટાભેદમેં યહાં પ્રાયશ્ચિત્તકો કહતે હૈં.

**બહુ અસત્ પ્રલાપોંસે બસ હોઓ...** આચાર્ય કહે છે. મૂળ પાઠમાં છે ને? અરે! શું કહીએ વધારે? બહોત કહનેસે ક્યા? **બસ હોઓ. નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમતપશ્ચરણાત્મક ઐસા જો પરમ જિનયોગીયોંકો અનાદિ સંસારસે બંધે હુએ દ્રવ્યભાવકર્મોંકે નિરવશેષ વિનાશકા કારણ વહ સબ શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત હૈ...** આહાહા! **पायच्छित्तं जाणह** શબ્દ છેને? **जाणह** શબ્દ છે. આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્યદેવ (કહતે હૈં), **जाणह** (અર્થાત્) ઉસકો તુમ ચારિત્ર, તપ ઔર પ્રાયશ્ચિત્ત જાનો. **નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમ...** ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદકા પિંડ પ્રભુ આત્મા હૈ. ઉસ તરફકા ઝુકાવ હોનેસે શુદ્ધ પરિણતિ–વીતરાગીદશા ઉત્પન્ન હો વહ ચારિત્ર, વહ તપ, વહ પ્રાયશ્ચિત્ત કહનેમેં આતા હૈ. ભારે વાત ભાઈ! સમજમેં આયા?

**નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમતપશ્ચરણ...** વ્યવહારને નાખ્યો છે આમાં. અપના સ્વરૂપ ચૈતન્ય પરિપૂર્ણ ભગવાન આત્મા, પરિપૂર્ણ ભગવાન આત્મા હૈ. અંતરમેં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા ઐસી અનંત વિભૂતિસે ભરા પડા આત્મા અભી વર્તમાનમેં હૈ. આહાહા! ઐસે ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ દેનેસે ઔર પીછે ઉસમેં લીનતા કરનેસે, જો શાંતિ ને આનંદકી દશા ઉત્પન્ન હો, ઉસકા નામ તપ હૈ, ઉસકા નામ ચારિત્ર હૈ, ઉસકા નામ પ્રાયશ્ચિત્ત હૈ. ઓલા અનશન-બનશન કરે એને શું હોય? એ તો નિમિત્તરૂપે એવું હોય. સમજમેં આયા? બાહ્યસે અનશન કરના આદિ વહ તો નિમિત્ત હૈ.

ખરેખર તો તપ અંતરમેં **प्रतपन इति तपः** ભગવાન શુદ્ધ ચૈતન્ય અંતર્મુખ પરમાત્મા નિજસ્વરૂપસે પડા હૈ, ઉસકે પરમ અંતર્મુખ હોકર લીનતા કરના અને અપની પર્યાયમેં જૈસે સુવર્ણમેં ગેરુ... ગેરુ કહતે હૈં ગેરુ? ગેરુ ડાલતે સુવર્ણ ઓપતા હૈ–શોભતા હૈ. ઐસે ભગવાન આત્મા, નિર્વિકલ્પ રાગરહિત અપના વીતરાગી સ્વરૂપ આત્માકા હૈ. વીતરાગી પરિણતિ પ્રગટ કરના, પણ વહ વસ્તુ તો વીતરાગ પરિણામ સ્વભાવ-સ્વરૂપ હી હૈ. સમજમેં આયા? વહ આત્મા

પરિપૂર્ણ કૃતકૃત્ય દ્રવ્યસ્વભાવ–ઉસકા ગંભીર અનંત આનંદાદિ સ્વભાવ, ઉસ તરફકા ઝુકાવ–પુરુષાર્થકી ઉગ્રતારૂપ ઝુકાવ, ઉસકા નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ. એ શેઠ! યે બહિર્ચારિત્ર તો ચારિત્ર હૈ હી નહીં. વળી પાછું અંદર દ્વૈત... અંતરંગ ચારિત્ર યે હી ચારિત્ર હૈ ઔર બીચમેં વિકલ્પાદિ ઉઠતે હૈં ઉસે વ્યવહાર ચારિત્રકા આરોપ દેતે હૈં. બારદાન હૈ વહ તો. સમજમેં આયા? વિકલ્પ જો ઉઠતે હૈં વહ બારદાન હૈ, માલ નહીં. ખાલી ખોખા. બારદાન સમજતે હૈં? ગુણી.. ગુણી–બોરી. બોરી વહ તો બારદાન હૈ, અંદર ચોખા વહ માલ હૈ. આહાહા!

યહાં તો ઐસી બાત હૈ. યથાર્થમેં તો... યહાં તો પ્રાયશ્ચિત્ત ચલતા હૈ વહ દૂસરી બાત હૈ. યથાર્થમેં પરિણામ હી બારદાન હૈ અને સારા માલ હૈ વહ ચોખા હૈ. જો પરિણામ સારી ચીજકા કિંમત કરતા હૈ. સમજમેં આયા? આહા! ભારે વાત થઈ ભાઈ! એક પલડામાં તોલા.. તોલા.. તોલા સમજતે હૈં? તોલા ડાલતે હૈં ન? મણ, બે મણ, પાંચ મણ લોહા અને એક બાજુ માલ. તો કહતે હૈં, જો વિકલ્પાદિ ઉઠતે હૈં વ્યવહાર વ્રતકે, વહ તો બારદાન હૈ–બોરી હૈ, માલ નહીં. માલ તો, ભગવાન આત્મા અંદર અતીન્દ્રિય આનંદસ્વરૂપ ઉસમેં એકાગ્ર હોકર અતીન્દ્રિય આનંદકી ધારા પ્રગટ કરના વહ માલ હૈ. ઇસ દોકી અપેક્ષાસે હોં. કિસ દોકી અપેક્ષાસે, સમજે? વહ વિકલ્પ ને નિર્વિકલ્પ પરિણતિકી અપેક્ષાસે. બાકી ખરેખર તો નિર્વિકલ્પ પરિણતિ હૈ યે ભી પણ ત્રિકાળી માલકી અપેક્ષાસે બારદાન હૈ. સમજમેં આયા?

કહાં પ્રભુ પૂર્ણાનંદકા નાથ! અનંત-અનંત શાંતિ, સ્વચ્છતા, પરમેશ્વરતા આદિ શક્તિયોંસે ભરા પડા આત્મા, ઉસકા આશ્રય ને અવલંબન લેકર જો પર્યાય પ્રગટ હુઈ, વહ પર્યાયકી કિંમત નહીં, કિંમત તો વસ્તુકી હૈ એમ કહતે હૈં. પણ યહાં વિકલ્પકી અપેક્ષાસે વીતરાગી પરિણતિરૂપ ચારિત્રકી કિંમત ગિનનેમેં આયી હૈ. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : બેય કોથળા સરખા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એક ન્યાયે તો બેય (સરખા).

શ્રોતા : પરિપૂર્ણપણે કેમ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરિપૂર્ણકી અપેક્ષાસે એક સમયકી પર્યાય બારદાન હૈ ઔર શુદ્ધ પરિણતિકી અપેક્ષાસે વિકલ્પ બારદાન હૈ. યહ વ્યવહારનયકે વિષયકી અપેક્ષાસે (ઔર) નિશ્ચયકી વહ અપેક્ષા હૈ. આહાહા!

વસ્તુ આખી પરિપૂર્ણ... જો વર્તમાન પરિણામ પ્રગટ હુઆ વહ તો વ્યક્ત હૈ, પ્રગટ હૈ ઔર ત્રિકાળી વસ્તુ હૈ વહ અવ્યક્ત હૈ પરિણામકી અપેક્ષાસે. તો અવ્યક્ત હૈ વહી માલ હૈ ખરેખર તો. કારણ કે ઉસકી કિંમત પરિણામ કરતા હૈ. જિસ ચીજકી કિંમત કરતા હૈ વહ ચીજ કિમતી હૈ. આહાહા! ઝીણી વાત. લોકોએ... આખું તત્ત્વ છે વસ્તુ–દ્રવ્ય–વસ્તુ આત્મા સચ્ચિદાનંદમૂર્તિ એ તો સિદ્ધ સ્વરૂપ છે. દ્રવ્યસ્વભાવ–વસ્તુસ્વભાવ–તત્ત્વસ્વભાવ યે તો

સિદ્ધસ્વરૂપ હી વસ્તુ હૈ. ઉસ વસ્તુકી દૃષ્ટિ અને જ્ઞાન કરના ઔર લીનતા કરના, વહ મોક્ષકા માર્ગ. સમજમેં આયા? અને ઉસ મોક્ષકે માર્ગકે સાથ વ્યવહારકા પંચમહાવ્રતાદિકા જો વિકલ્પ ઉઠતા હૈ ઉસે વ્યવહાર ચારિત્ર કહતે હૈં. નહીં હૈ ઉસકો કહના. હૈ ઉસકો જાનના. આહાહા! ગજબ વાત છે.

**નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમતપશ્ચરણાત્મક ઐસા પરમ જિનયોગીયોંકો...** ધર્માત્માકો, અપના ધર્મ જો ત્રિકાળી આનંદ ને જ્ઞાનસ્વભાવ હૈ ઉસ તરફકી એકાગ્રતાકે ઝુકાવસે જો નિર્મળ વીતરાગી દશા ઉત્પન્ન હો વહ મોક્ષકા માર્ગ હૈ. આહાહા! **પરમજિનયોગીયોંકો અનાદિ સંસારસે બંધે હુએ દ્રવ્યભાવકર્મોંકે...** દેખો! કર્મ જો આઠ કર્મ હૈં જ્ઞાનાવરણાદિ, યે તો જડ હૈં ઔર અંદર પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતે હૈં વહ ભાવકર્મ મેલ હૈ. આહીં તો નિશ્ચય-વ્યવહાર સાથે લેવું છેને. મોક્ષકા માર્ગકા કથન દો પ્રકારસે આયા ન, તો દો પ્રકારસે વર્ણન કરતે હૈં. નિશ્ચયસ્વભાવ પરમ આનંદકી મૂર્તિ પ્રભુ... કેમ બેસે પણ એ વાત! એવી ચીજ છે કે એક વસ્તુમાં ત્રણ પ્રકાર. એક વિકલ્પ વિભાવ, એક નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ અને અને એક નિર્વિકલ્પ શુદ્ધ દળ આખું પદાર્થ. આહા!

હવે યહાં કહતે હૈં કિ નિર્વિકલ્પ અંદર રાગ બિનાકી ચીજ પ્રભુ ઉસ તરફકા ઝુકાવ જિસકા હૈ ઔર નિમિત્ત, વિકલ્પ ને એક પર્યાયકી ભી વિમુખતા હો ગઈ હૈ, આહાહા! ઉસકો નિશ્ચય પરિણતિ પ્રગટ હુઈ, વહ નિશ્ચય–સાચું ચારિત્ર ને સચ્ચા તપશ્ચરણ કહનેમેં આતા હૈ. અને સાથમેં વિકલ્પ જો હૈ વહ વ્યવહારચારિત્ર કહનેમેં આતા હૈ. દો મિલકર **દ્રવ્યભાવકર્મોંકે...** પાછા **દ્રવ્ય-ભાવકર્મોંકે નિરવશેષ વિનાશકા કારણ** હૈ. જો શુદ્ધ હૈ વહ પુણ્ય ને પાપ દોનોંકે નાશકા કારણ હૈ અને જો શુભ હૈ યે અશુભકા નાશકા કારણ હૈ. સમજમેં આયા? ભારે! આમાં સમજવું શું આમાં કાંઈ? અપવાસ કરવો, આ કરવો, અઠ્ઠાઈ કરવી... કેટલું આવે છે? આ ફલાણે આમ થયું, આમ થયું, સોળ .. થયા ને દસલક્ષણીપર્વમાં દસ અપવાસ કર્યા, હો-હા, હો-હા. અરે! યે તો બહારકી ક્રિયા હૈ, યે કોઈ ધર્મ નહીં. આહાહા! યે વ્યવહાર ભી નહીં. વ્યવહાર તો તબ કહનેમેં આતા હૈ કિ વિકલ્પ હો....

વહ તો યહાં કહતે હૈં કિ ભગવાન આત્મા સિદ્ધસ્વરૂપી પૂર્ણાનંદ કૃતકૃત્ય હૈ, ઐસી ચીજકી અંતર અનુભવમેં સ્થિરતા કરના, આહા! વહ સચ્ચા પુરુષાર્થ, વહ સચ્ચા મોક્ષકા માર્ગ, વહ સચ્ચા ચારિત્ર ને પ્રાયશ્ચિત્ત અને ઉસકો તપ કહનેમેં આતા હૈ. ભારે ગજબ વાત! મૂળ આખી ચીજ એ શું છે એની ખબર ન મળે. ધૂળેય થાય નહીં. રાગ કરતા કરતા થતાં હશે? લસણ ખાતે ખાતે કસ્તૂરીકા ડકાર આતા હૈ? બરાબર હૈ? લહસુન.. લહસુન. ઢોકળા નહીં કરતે હૈં? લોકોત્તરમેં યહી હૈ. મૂલચંદભાઈ! આ લસણ નથી ખાતા લસણ? ઢોકળા ચોખાના બનાવેને ચોખાના. તમારે શું કહે છે? ઢોકળા-બોકળા કરતા હશે કે નહીં? અમારે તો ચોખાના ઢોકળા

કહે. એમ કે શું? લસણ... ઢોકળા કહો.... અમારે કાઠિયાવાડમાં તો ચોખાના ઢોકળા નથી કરતા? ઉપર લસણ પાથરે, લહસુનકા મસાલા. ઘીમાં-તેલમાં બોળી-બોળીને ખાય પછી આમ. બહોત હમારે છોટી ઉમરમેં સબ દેખા હૈ.

યે મસાલા ખાયા હો લહસુનકા અને ડકાર આવે કસ્તૂરીકા, ઐસા હોતા હૈ? ઐસે રાગકી મંદતાકી ક્રિયા વહ તો લહસુન હૈ. પરંપરા કારણ, વહ તો અભાવ કરતે હૈં તો ઉસકો પરંપરા કારણ હૈ. યે માનતે નહીં ઉસે પરંપરા કારણ કહાંસે આયા? સમજમેં આયા? આકરૂં કામ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરને કહા પંથ ઉસે પિછાનના વહ બડા પુરૂષાર્થ હૈ. અનંત કાલમેં જાનનેમેં આયા નહીં. બહારકી ક્રિયાકાંડ ઐસા કરના, ફૈસા કરના ઔર માન લિયા ધર્મ. જિંદગી નિષ્ફળ. સમજમેં આયા?

યહાં આચાર્ય ભગવાન કહતે હૈં, અહો! **વહ સબ શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત હૈ ઐસા, હે શિષ્ય! તૂ જાન**. કુંદકુંદાચાર્ય કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય. **जाणह** ગાથામેં આયા હૈ. સમજમેં આયા? આહાહા! એમ તું જાણ. પહલે જાનને સમજનેમેં યે બાત લે. પરમાત્મા નિજસ્વરૂપ ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ હી અંદર હૈ. શેઠ! આતા હૈ કિ નહીં તારણસ્વામીમેં? 'અપ્પા સો પરમઅપ્પા.' યે બહોત આતા હૈ. પણ તમને કે દિ' વાંચીને ભાન હતું કાંઈ? એ શેઠ! તારણસ્વામીમેં બહોત આતા હૈ 'અપ્પા સો પરમઅપ્પા.' અંદર આત્મા યે પરમાત્મા હૈ. શક્તિરૂપે, સ્વભાવરૂપે, ગુણરૂપે સ્વયં પરમાત્મા અંદર હૈ. આહાહા! અરે! એને ખબર નહીં. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ આત્મા કિસકો કહતે હૈં, માને નહીં ને ખબર નહીં. ચલો, કરો સામાયિક, કરો પોષા, કરો પડિકમણા. યે તો વિકલ્પ–રાગ હૈ. ઉસમેં તો પુણ્યબંધ મિથ્યાત્વ સહિત (હોગા). કામ આવે રખડનેમેં, ચાર ગતિમેં રુલનેમેં કામ આતા હૈ. આહાહા!

**ઐસા, હે શિષ્ય! તૂ જાન.** કુંદકુંદાચાર્ય કહતે હૈં. પાઠ કિયા હૈ. પાઠમેં હૈ ન. **जाणह**— ઐસા તું પહલે જાન કિ ભગવાન આત્મા પરિપૂર્ણ શાંત ને આનંદકા ધામ હૈ. ઉસમેંસે વીતરાગતા ને ધર્મકી પર્યાયકી દશા પ્રગટ હોતી હૈ. રાગમેંસે, વ્યવહારમેંસે અને નિમિત્તમેંસે યે ધર્મકી દશા પ્રગટ હોતી નહીં. આહાહા!

**ઇસ ૧૧૭વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહતે હૈં:** ૧૮૪ છેને કળશ.

**अनशनादितपश्चरणात्मकं**
**सहजशुद्धचिदात्मविदामिदम् ।**
**सहजबोधकलापरिगोचरं**
**सहजतत्त्वमघक्षयकारणम् ॥१८४॥**

આહાહા! હિન્દી છે કે નહીં? હિન્દી નિયમસાર આયા કિ નહીં? હિન્દી આપ્યા હિન્દી? અચ્છા. અહીં નહીં, ત્યાં તમારા હિન્દી લોકોને. હિન્દી હૈ હિન્દી? પહલેસે હિન્દી લે લેના ચાહિયે ન. ક્યા કહતે હૈં? દેખો! ૧૮૪ કળશ.

**શ્લોકાર્થ : અનશનાદિતપશ્ચરણાત્મક (અર્થાત્ સ્વરૂપપ્રતપનરૂપસે પરિણમિત**... ભાષા દેખો! ક્યા કહતે હૈં? **(સ્વરૂપપ્રતપનરૂપસે પરિણમિત, પ્રતાપવંત અર્થાત્ ઉગ્ર સ્વરૂપપરિણતિસે પરિણમિત)**... આહાહા! ભાષા! ભગવાન આત્મા સત્ શાશ્વત અકેલા અમૃતકા કંદ હૈ, અતીન્દ્રિય અમૃતકા દલ હૈ. ઐસા ભગવાન આત્મા ઉસકા સ્વરૂપ, ઉસકા પ્રતપન.. ઉસકા પ્રતપન–પ્રકૃષ્ટ(રૂપ)સે તપના નામ ઉગ્રપને વીતરાગીદશા ઉત્પન્ન હોના. આહાહા! ઐસે પરિણમિત (અર્થાત્) ઐસી અવસ્થાકા હોના. શુદ્ધ ચૈતન્ય આનંદધામ પ્રભુ ઉસ તરફકી અંતર એકાગ્રતાસે સ્વરૂપમેંસે પ્રતપન–વિશેષ વીતરાગી દશા ઉત્પન્ન હોના ઔર ઉસ અવસ્થારૂપે પરિણમન કરના અને પ્રતાપવંત–જિસકી વીતરાગપર્યાયકા પ્રતાપ હૈ કિ જિસકે કારણસે રાગ ને દ્વેષાદિ નાશ હોતા હૈ. સમજમેં આયા? ભાષાય સૂક્ષ્મ પડે. અભ્યાસ તત્ત્વનો ન મળે ક્યાંય. ક્રિયાકાંડમાં એવું જોડાણ થઈ ગયું ત્રણેય સંપ્રદાયમાં. સત્ય ક્યા ચીજ હૈ વહ તો સારી ઢંક ગઈ.

કહતે હૈં, **સ્વરૂપપ્રતપનરૂપસે**... કૌંસમેં હૈ ન? ભગવાન આત્મા અપના નિજ આનંદ ને જ્ઞાનાદિ સ્વરૂપ, અપના નિજ ત્રિકાળી સ્વરૂપ ઉસકા પ્રતપન–ઉસકા પરિણમન, વીતરાગી પર્યાયપને, નિર્દોષ આનંદપને પ્રતપન (અર્થાત્) વિશેષે તપના–ઓપના, અપની પર્યાયમેં આનંદકી દશાકી શોભા હોના. સમજમેં આયા? આરે, આરે, ભારે વાતું! પરિણમિત ઐસા **પ્રતાપવંત અર્થાત્ ઉગ્ર સ્વરૂપપરિણતિસે પરિણમિત**... આહાહા! એમ જાણે, નક્કી તો પહલે કરે કિ યે માર્ગ હૈ ધર્મકા ને મોક્ષકા માર્ગ. **ઉગ્ર સ્વરૂપપરિણતિસે પરિણમિત**... ઉગ્ર નામ કડક–કઠણ–મહા પુરુષાર્થસે અપને નિજાનંદ પ્રભુ ઉસકે સ્વરૂપકી પરિણતિ નામ અવસ્થાસે પરિણમિત.. પરિણતિસે પરિણમિત આહાહા!

**ઐસા યહ સહજ-શુદ્ધ-ચૈતન્યસ્વરૂપકો જાનનેવાલોંકા**... ઐસા સ્વભાવિક ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપકો–અપને શુદ્ધ ત્રિકાળીકો જાનનેવાલોંકા **સહજજ્ઞાનકલાપરિગોચર**... નીચે અર્થ કર્યો છે. **સહજ જ્ઞાનકી કલા દ્વારા સર્વ પ્રકારસે જ્ઞાત હોને યોગ્ય.** કૈસા હૈ ભગવાન આત્મા? કિ અપની જ્ઞાનકી કલા નામ નિર્મળદશા દ્વારા ગમ્ય હૈ–જ્ઞાત હૈ. કોઈ નિમિત્ત દ્વારા જ્ઞાત હૈ ઐસા નહીં ઔર કોઈ કષાયકી મંદતા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઉસસે ભી વહ જ્ઞાત નહીં. આત્મા ઐસે જ્ઞાત નામ જાનનેમેં આતા નહીં. આહાહા! સમજમેં આયા? અનશનાદિ તપશ્ચરણ ઐસા સહજ શુદ્ધ... **સહજજ્ઞાનકલાપરિગોચર**... આહાહા! સ્વભાવિક જ્ઞાનકલાપરિગોચર... સહજજ્ઞાનકી કલા દ્વારા પરિગોચર–પરિગમ્ય–સર્વપ્રકારસે જ્ઞાન હોનેયોગ્ય. અપની જ્ઞાનકળા–

વર્તમાન સમ્યગ્જ્ઞાનકળા, ઐસી સમ્યગ્જ્ઞાન કળા દ્વારા સર્વથા પ્રકારસે ગમ્ય હૈ. આહાહા! ભાષા હજી સમજવી કઠણ પડે.

સહજજ્ઞાનકી કળા, યે પર્યાયકી બાત હૈ હોં. વર્તમાનમેં વિકલ્પ ને શરીરકી ક્રિયાસે રહિત અપના આનંદ ને જ્ઞાનકી કળા દ્વારા યે આત્મા ગમ્ય હૈ–જાનનેમેં આતા હૈ. સમજમેં આયા? હૈ ન. અંદર હૈ કિ નહીં નીચે? **સર્વપ્રકાર**... ભાષા જોઈ! **સર્વપ્રકાર** (અર્થાત્) સર્વથા. કથંચિત્ વ્યવહારસે ગમ્ય હૈ ને કથંચિત્ જ્ઞાનકળાસે ગમ્ય ઐસા નહીં લિયા. સમજમેં આયા? 'પરિગોચર' કહા ન? પરિગોચર એટલે પરિગમ્ય–સમસ્ત પ્રકારસે અપની નિર્મળ જ્ઞાનધારા, સ્વરૂપ સન્મુખકી જ્ઞાનધારા ઉસ દ્વારા આત્મા ગમ્ય નામ જ્ઞાત હોતા હૈ. ઉસકા જ્ઞાન જ્ઞાનકી કળાસે જાનનેમેં આતા હૈ. સમજમેં આયા?

**સહજજ્ઞાનકલાપરિગોચર**... ઓહોહો! **સહજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપકો જાનનેવાલોંકા**... સ્વભાવિક શુદ્ધ ભગવાન આત્મા નિત્ય ને ધ્રુવ ઐસે ચૈતન્યસ્વરૂપકો જાનનેવાલોંકા **સહજજ્ઞાનકલાપરિગોચર સહજતત્ત્વ**... આહાહા! ભગવાન સહજ પ્રભુ આત્મા આદિ-અંત બિનાકી ચીજ હૈ. પર્યાય એક સમયમેં પલટતી હૈ વહ દૂસરી ચીજ હૈ, દૂસરી ચીજ હૈ. પહલી ચીજ યહ. લ્યો! એમાંય પહેલી ને બીજી! સમજમેં આયા? સહજતત્ત્વ ભગવાન આત્મા સ્વભાવિક તત્ત્વ નામ ધ્રુવવસ્તુ ઉસકો **જાનનેવાલોંકા સહજજ્ઞાનકલાપરિગોચર સહજતત્ત્વ અઘક્ષયકા કારણ હૈ.** વસ્તુ જો હૈ સહજતત્ત્વ યે જ્ઞાનકે ગમ્ય હૈ વહ અઘક્ષયકા કારણ હૈ. આહાહા! ત્રિકાળી તત્ત્વ ક્ષયનું કારણ કીધું, ભાઈ! પર્યાય નહીં. ટીકામાં અંદર...... સમજાણું કાંઈ? પર્યાય લીધી છે. અને નીચે આ શ્લોક પર્યાયથી.... આહીં તો તત્ત્વ લીધું આખું. અર્થાત્ સહજતત્ત્વમેં પુણ્ય-પાપકા ભાવ હૈ હી નહીં. ઐસા તત્ત્વકા આશ્રય કરનેસે યે તત્ત્વ હી પુણ્ય ને પાપકા નાશ કરને વાલી ચીજ હૈ. 'તત્ત્વ હી.' તત્ત્વનો અર્થ એ સહજતત્ત્વનું જ્ઞાન થયુંને. યે તત્ત્વ હૈ ઐસા જ્ઞાન કિસમેં હુઆ? પર્યાયમેં હુઆ.

શ્રોતા : સર્વ પૃથકરૂપે પરિણમેલું છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરિણમેલું છેને એ તત્ત્વ. આ સ્વતત્ત્વ છે એમ શી રીતે ખ્યાલ આવ્યો? પરિણમ્યું, જ્ઞાનમાં આવ્યું ત્યારે 'આ સહજતત્ત્વ છે' ઐસા હુઆ. ઐસા પરિણમિનવાલા સહજતત્ત્વ અઘક્ષયકા કારણ હૈ. પુણ્ય ને પાપકા નાશ કરનેવાલી યે ચીજ હૈ. સમજમેં આયા?

**સ્વરૂપપરિણતિસે પરિણમિત** લીધું હતુંને પહેલું. એ પરિણમિત થયું એટલે 'આ સહજ તત્ત્વ' ઐસે જ્ઞાનગમ્ય હુઆ, ઐસા સહજતત્ત્વ વીતરાગ પર્યાયસે પરિણમિત હુઆ, વહ રાગ-દ્વેષકે નાશકા કારણ હૈ. સમજમેં આયા? આહાહા! ક્યા કહતે હૈં ખબર પડતી નહીં. એ કરતાં અપવાસ કરના, રોટી ન ખાના, આઠ દિન અપવાસ કર દેના. ધૂળેય નહીં, યે તો લંઘન હૈ સબ.

સમજમેં આયા? આત્માકે ભાન બિના વહ સબ ક્રિયા લંઘન હૈ. ઉસમેં કોઈ ધર્મ-બર્મ હૈ નહીં. આહાહા! સહજતત્ત્વ, ઐસા જ્ઞાનપરિગોચર જો સહજતત્ત્વ હૈ. યહાં તો ઐસા સહજતત્ત્વ જ્ઞાનપરિગોચર ઉસકો જાનનેવાલોંકા... જાણ્યુંને એમ, પરિણતિ થઈ. એવું **સહજતત્ત્વ અઘક્ષયકા કારણ હૈ**. આહાહા!

અઘ નામ નીચે લિખા હૈ દેખો! **અઘ–અશુદ્ધિ; દોષ; પાપ. (પાપ તથા પુણ્ય દોનોં વાસ્તવમેં અઘ હૈં.)** શુભ ને અશુભ દોનોં પાપ હૈં. આકરું કામ ભારે. પાપકા પરિણામ તો પાપ હૈ હી, પણ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવ વહ પુણ્ય ભી પાપ હૈ. અપને સ્વરૂપસે પતિત હોકર પર્યાય ઉત્પન્ન હોતી હૈ. આહાહા! ઝીરવવું, પચવવું કઠણ. ખ્યાલ ન મળે, ખબર ન મળે, ક્યા ચીજ હૈ અને કૈસે વહ પ્રાપ્ત હો, યે ચીજ કૈસે પ્રાપ્ત હો. વહ તો સહજસ્વભાવી જ્ઞાનગમ્ય ચીજ હૈ. યે રાગ ને નિમિત્તસે ગમ્ય હૈ નહીં. લ્યો આમાં એમ કહ્યું. ભીખાભાઈ! શાસ્ત્રસે ગમ્ય નહીં. આહીં તો વાત એવી થઈ ગઈ છે. એ પંચાસ્તિકાયમાં ન આવ્યું પહેલું? સુનો! સાંભળો! એમ આવ્યું કે નહીં? એ તો પરદ્રવ્ય અને સાંભળે એ તો પરલક્ષી જ્ઞાન છે.

શ્રોતા : પછી પોતે શું કામ સાંભળવાનું કીધું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વ્યવહાર વચમાં આવ્યો, બોલવાની રીત આવે. બીજું શું થાય? એમ નહીં, એટલું બધું જોર નહીં. '**सुणह**' આવ્યું હતું બીજી ગાથામાં પંચાસ્તિકાય. સવારનો સ્વાધ્યાય. નથી આવ્યું? સ્વાધ્યાય કિયા તો ધ્યાન રખના હૈ કિ નહીં? કે ગડિયો હાંક્યે રાખે? દેખો!

**समणमुहुग्गदमट्ठं...** ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા શ્રમણ–મુનિ તીર્થંકરકે મુખમેંસે નિકલા હુઆ **चदुग्गदिणिवारणं...** ભગવાનકી વાણી ઐસી હૈ કિ ચાર ગતિકા તો નાશ કરનેવાલી હૈ. વાણીમેં ઐસા કોઈ ભાવ નહીં કિ સ્વર્ગ મિલે તો ઠીક.—ઐસા નહીં. નિમિત્ત કથન કૈસે આવે? એય! યહાં બીજી વાત કહના હૈ કિ વાણીમેં ઐસા આતા હૈ અને વાણીકા ભાવ જો સમજે ઉસમેં ઐસા આતા હૈ કિ સ્વર્ગકા ભી નાશ કરે ઐસી વાણીકા ભાવ હૈ. ગતિ મિલે કોઈ ઐસા ભાવ વીતરાગકી વાણીમેં હૈ નહીં. સમજમેં આયા? આ શેઠાઈ મળે, સ્વર્ગ મળે ને સર્વાર્થસિદ્ધિનું દેવ(પદ) મળે—ઐસી ચીજ વીતરાગકી વાણીમેં હૈ નહીં એમ કહતે હૈં. દેવીલાલજી! યે તો ચઉગતિ નિવારણ અને **सणिव्वाणं...** ચાર ગતિકા નાશ કરનેવાલી ને મુક્તિકો દેનેવાલી **सुणह** એમ કહતે હૈં. **एसो पणमिय...** સ્વયં કુંદકુંદાચાર્ય કહતે હૈં કિ ઐસે પરમાગમકો મૈં પ્રણામ કરતા હૂં. વ્યવહાર આતા હૈ કિ નહીં? વિકલ્પ હૈ ન. નહીં ચલતા હૈ (ઐસા) નહીં, યે આયે બિના રહતા નહીં—એમ છે. દેખો! એક ગાથામેં કિતની બાત રખી હૈ. સમજમેં આયા?

**समणमुहुग्गदमट्ठं...** ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ ઉસસે નિકલી હુઈ વાણી... અજ્ઞાની કોઈ કહે વહ (દિવ્ય) વાણી નહીં. તીર્થંકર પરમાત્માકે મુખમેંસે ઓમ ધ્વનિ ઉસકે દ્વારા નિકલા

છ દ્રવ્ય, પંચાસ્તિકાયકા વર્ણન. **चदुग्गदिणिवारणं...** ચાર ગતિ પરતંત્રતાકા તો નાશ કરાનેવાલી વાણી હૈ. વાણીકા અર્થ ઉસમેં નિમિત્તકા કથન ઐસે આવે. ક્યા કરે? એય મૂલચંદભાઈ! વાણી નિવારણ કરનેવાલી, લ્યો. વાણીમેં જો વીતરાગતા કહી હૈ યે વીતરાગતા પ્રગટ કરે (તો) ચાર ગતિકા નાશ ઔર નિર્વાણ હોતા હૈ. સમજમેં આયા?

**एसो पणमियसिरसा...** લ્યો. કુંદકુંકુંદાચાર્ય કહતે હૈં, એવી જિનવરવાણીને વંદન કરું છું. ન કરે....... અહીં, આપ્ત વડે ઉપદેશ હોવાથી સફળ છે એમ કહ્યું. સમય પ્રણામ કરવાને, કથન કરવાને યોગ્ય છે એમ આવ્યું છે ટીકામાં. આવ્યું છે. તે સમય પ્રણામ કરવાને, કથન કરવાને યોગ્ય છે. પોતે કર્યુંને એટલે કરવાને યોગ્ય છે એમ કહ્યું. (સિદ્ધ નમઃ.....) એટલે આમ આવ્યું. આગમ તેને પ્રણામ કરીને, પોતે કહે છે, કરીને તેનું કથન કરશે. આહાહા! આ ટીકામાં આવેને બધું. અહીં આગમ ભાવેય ખરા ને નિમિત્ત વાણીય ખરી. સર્વજ્ઞ અનુસારી વાણી હૈ ન. યે વ્યવહારસે વંદનીય–પ્રણમી, એમ યથાર્થ... સમજમેં આયા? યે વ્યવહાર બીચમેં ઐસા આતા હૈ, ઐસા સમજાતે હૈં. ઐસા વ્યવહાર નહીં હૈ ઐસે કહે તો એકાંત નિશ્ચયાભાસ હો જાતા હૈ. વ્યવહાર હૈ, યે હેય હૈ, પણ હૈ. સમજમેં આયા?

આહીં તો વજન આહીં દેવું હતું. **समयमिणं सुणह...** કુંદકુદાચાર્ય કહે છે, સાંભળો! એક બાજુ કહે કિ સુનનેસે જ્ઞાન હોતા નહીં. બધું આવે. ન આવે? ... એ તો એમ જ આવેને. ભાષા શું આવે? ભાઈ! એનો અર્થ છે કે ભાઈ! યે વસ્તુસ્થિતિ ઐસી હૈ. ઐસી સ્થિતિકા વર્ણન વીતરાગકી વાણીમેં આતા હૈ. સંતોકી વાણી ભી વીતરાગવાણીસે આતી હૈ સબ. સમજમેં આયા? ઉસકો નમન કરતે હૈં. પ્રણામ કરકે... ક્યોંકિ પ્રણામ કરવાયોગ્ય એમ કરીને સિદ્ધ કર્યું. એ વાણી પ્રણામ કરવાયોગ્ય છે. પરમાત્મા સિવાયની અજ્ઞાનીની વાણી કોઈ પ્રણામ કરનેલાયક હૈ નહીં, ઐસે સિદ્ધ કિયા હૈ. દેવીલાલજી! માળે ભારે વાત!

યહાં કહતે હૈં, ઐસા આત્મા હી પરમ પરિણમિત દશાવંત ભગવાન અઘક્ષયકા–નાશકા કારણ હૈ. પુણ્ય-પાપકા નાશકા વહ તત્ત્વ હી કારણ હૈ. અભેદ પરિણતિ હુઈ... સમજમેં આયા? આ નવા માણસને તો એવું લાગે કે ક્યા કહતે હૈં યે? કભી સુના હી નહીં. બાપુ! તેરે ઘરકી બાત હૈ પ્રભુ! તેરી ચીજ કિતની કિંમતી હૈ ઉસકા મુલ્યાંકન નહીં હોતા ઐસી ચીજ હૈ. એ વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ જો પરમાત્મા પૂર્ણસ્વરૂપ હૈ, ઐસી જો અપની વર્તમાન ચીજ પ્રત્યક્ષ, પ્રગટ–વ્યક્ત હૈ. પર્યાય અપેક્ષાસે અવ્યક્ત હૈ, વસ્તુ તરીકે વ્યક્ત–પ્રગટ હૈ. આહાહા! સમજમેં આયા?

વ્યક્ત પર્યાય કરતા પણ અવ્યક્ત દ્રવ્ય ભગવાનની મહિમા અપરંપાર છે. વાણીમેં યે ભાવ કહા કિ તેરી ચીજ શુદ્ધજ્ઞાનભાવસે ભરી હૈ, ઉસકે સન્મુખ હોકર પરિણમન નામ વીતરાગી જ્ઞાનમયદશા હો કિ જો જ્ઞાનસે હી વહ ગમ્ય હૈ, ઐસા તત્ત્વ અઘક્ષયકા કારણ હૈ. આહાહા! નિર્જરાકા કારણ યહ હૈ. અપવાસ-બપવાસ કરે નિર્જરા હોતી હૈ. અભવિને ભી ઐસા

અનંતબૈર કિયા, ઉસમેં ક્યા હૈ? આહાહા! અપને ભગવાનકા અવલંબન લિયે બિના કભી કર્મકા નાશ ને સંવર-નિર્જરા હોતી નહીં. ૧૮૫. ૧૮૫ કળશ.

**प्रायश्चित्तं ह्युत्तमानामिदं स्यात्**
**स्वद्रव्येऽस्मिन् चिन्तनं धर्मशुक्लम् ।**
**कर्मव्रातध्वान्तसद्बोधतेजो**
**लीनं स्वस्मिन्निर्विकारे महिम्नि ॥ १८५ ॥**

લ્યો, ચિંતન શબ્દ આવશે. **શ્લોકાર્થ : જો (પ્રાયશ્ચિત્ત)...** ચારિત્ર કહો, પ્રાયશ્ચિત્ત કહો, વીતરાગદશા કહો કે સચ્ચા-નિશ્ચય મોક્ષકા માર્ગ કહો. યે **સ્વદ્રવ્યકા ધર્મ ને શુક્લરૂપ ચિંતન હૈ.** સ્વદ્રવ્યનું ચિંતન એ ધર્મ ને શુક્લધ્યાન છે. આહાહા! ધર્મધ્યાન, કહતે હૈં ન. ધર્મધ્યાન કરો છો? લ્યો, એ વખતે... ૯૦ની સાલમાં બોટાદ. ...... કેવું આ બરવાળા પાસે? પાણી. પાણી ને? આનો મામો રહેતોને રોજકા. ઉજમશીનો મામો. એ આવ્યો હતો પાણીએ. મૂળચંદને પૂછ્યું, ધર્મધ્યાન કરો છો? હા. ચોવિહાર કરો છો? હા. અપવાસ કરો છો? પછી ચર્ચા ચાલી આત્માની. એ તો વળી એને ૮૦માં કહેલું. આ તો ૯૦માં. ગણધર જેવી આપણને શ્રદ્ધા મળી બધાને. એ ૮૦માં ચોમાસું પુરૂં થઈ ગયેલું.....

આ ૯૦ની વાત છે. જુદા પડી ગયા પછી છેલ્લા ભેગા થયા ત્યારે. ઓલામાં માણસ ઘણું ભેગું થયેલું. ૪૦૦ માણસ બહારથી આવ્યું હતું. દસ વરસથી ભેગા નહોતા થયાને. જુદા હતાને. ભેગા ન થતા. બહુ વિરોધ કરે, કષાય. ઓલાને પૂછ્યું, ધર્મધ્યાન કરો છો? કે હા. પછી વાત ચાલી કે ઘણા રજકણોની બનેલી સોનાની કટકી છે. આ સોનું.. સોનું. ઘણા રજકણોનો પિંડ સોનું છે. ત્યારે એણે પ્રશ્ન કર્યો કે મહારાજ! કેટલા પરમાણુનો બનેલો આત્મા હશે ત્યારે? ધર્મધ્યાન કરો છો? કે હા. પણ આવડે આટલું. પાણીના હતા વીશાશ્રીમાળી. નહીં, ભાઈ તો ઓળખતાને? પાનાચંદ છે કે નહીં? નહીં, ઓલા પાણીના? પાણીના હતા ઉજમશીભાઈ. ઉજમશીભાઈ હતા, વૃદ્ધ હતા. આ આત્મા કેટલા રજકણોનો-પરમાણુનો બનેલો હશે?

એ તો વળી આહીં કીધું તમારે ઓલા વીંછીયાવાળા વકીલે. એ તો વકીલ. શું વકીલનું નામ? એય પ્રેમચંદભાઈ! નથી વીંછીયાવાળા? નથી? કેમ નહીં આવ્યા? ન્યાં ગામના વીંછીયાના હતાને વકીલ. એણે અહીં પૂછ્યું હતું ૯૮માં. ત્યારે કેટલા પરમાણુનો આત્મા બન્યો હશે? કહો, ઠીક. હવે આવા માળા. નામ ભૂલી ગયા એનું. પ્રેમચંદભાઈ અહીં છે કે નહીં? ગયા હશે. ઘરે હશે. એ ઓળખે છે. વકીલ હતા. કેટલા પરમાણુનો બન્યો હશે? જૂના વૃદ્ધ માણસ અને મૂર્તિનો પાકો વિરોધ કરે. આટલી ધર્મની ખબર. શું વાતને કાંઈ...? આહાહા! કેટલા પરમાણુનો આત્મા બનેલ છે? અરે! પણ પરમાણુ જડ. જડસે આત્મા બને? ઓલા અસંખ્ય પ્રદેશી કહીએને. કિ અસંખ્યપ્રદેશી આત્મા હૈ. ત્યારે કહે, કિતના પરમાણુકા આત્મા બના હૈ?

આહાહા! કંઈ જ્ઞાન ન મળે, સત્ય સમજણ ન મળે ઔર ઐસે-ઐસે જિંદગી બર્બાદ. ધર્મના નામે ખોખા કરે, જિંદગી ખલાસ થઈ જાય.

**ઇસ સ્વદ્રવ્યકા ધર્મ ઔર શુક્લરૂપ ચિંતન હૈ...** બહુ ટૂંકી ભાષા કરી છે. ક્યા કહા? સ્વદ્રવ્ય હોં, અપના સ્વદ્રવ્ય વસ્તુ. ત્રિકાળી નિત્ય પ્રભુ ભગવાન દ્રવ્યસ્વભાવ ઉસકા ચિંતન યે ધર્મ ને શુક્લધ્યાન હૈ. ઉસકી એકાગ્રતા ઉસકા નામ ધર્મધ્યાન ને શુક્લધ્યાન હૈ. સમજમેં આયા? ક્યા કહા? **ઇસ સ્વદ્રવ્યકા ધર્મ ઔર શુક્લરૂપ ચિંતન હૈ...** એકાગ્રતા. ચિંતન નામ વિકલ્પ નહીં, અંતર ચિંતન. શુદ્ધસ્વરૂપ પરમાત્મા અપના નિજ દ્રવ્ય-વસ્તુ ઉસ તરફકી અંતરમેં એકાગ્રતા ઉસકા નામ ધર્મધ્યાન અને શુક્લધ્યાન હૈ. આ દયા ને પૂજા ને વ્રત કરના યે ધર્મધ્યાન નહીં, એમ કહતે હૈં. યે તો પુણ્યભાવ હૈ, ધર્મ નહીં. આહા! ખુલાસો કર્યો છે. એ પ્રાયશ્ચિત્ત છે, એમ. ધર્મધ્યાન ને શુક્લધ્યાનરૂપ સ્વદ્રવ્યચિંતન યે પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિત્ત નામ ચારિત્ર, ચારિત્ર નામ વીતરાગતા. વહ પ્રાયશ્ચિત્ત વહી રાગ-દ્વેષકે નાશ કરનેકી તાકાત રખતા હૈ.

**કર્મસમૂહકે અંધકારકો નષ્ટ કરનેકે લિયે સમ્યગ્જ્ઞાનરૂપી તેજ હૈ...** આહાહા! પર્યાયકી બાત હૈ. જ્ઞાન.. જ્ઞાનનું તેજ, અકેલે જ્ઞાનકે તેજસે ભરા હુઆ ભગવાન, ઉસકી એકાગ્રતા હોતી હૈ તો સમ્યગ્જ્ઞાનકી પર્યાય પ્રગટ હોતી હૈ. યે સમ્યગ્જ્ઞાન.. સમ્યગ્જ્ઞાનરૂપી તેજ. આહાહા! ક્યોં કહા ઐસા? કિ સમ્યગ્જ્ઞાનમેં ત્રિકાળી દ્રવ્યકી શ્રદ્ધા-સમ્યગ્દર્શન વહ ભી ઉસમેં આ જાતા હૈ, સમ્યગ્જ્ઞાનમેં ઔર ત્રિકાળી દ્રવ્યકા જ્ઞાન સમ્યગ્જ્ઞાનમેં આયા ઔર ત્રિકાળી દ્રવ્યકી એકાગ્રતા— સમ્યગ્જ્ઞાનકી પર્યાયમેં તીનોં તીન આ ગયે. સમ્યગ્જ્ઞાન કહનેમેં રાગ નહીં, ઇતના લેના હૈ. સમજમેં આયા? કર્મકા અંધકાર નષ્ટ કરનેકે લિયે સમ્યગ્જ્ઞાનરૂપી તેજ હૈ. અંતરની જ્ઞાનકળા, જાગ્રત હોનેસે અંતરમેંસે (પ્રગટી) જ્ઞાનકી કળા હી અપની નિર્વિકાર મહિમામેં લીન હૈ. ઓહોહો!

યે સમ્યગ્જ્ઞાનરૂપી તેજ **અપની નિર્વિકાર મહિમામેં લીન હૈ.—ઐસા યહ પ્રાયશ્ચિત્ત વાસ્તવમેં ઉત્તમ પુરુષોંકો હોતા હૈ.** ધર્માત્માકો ઐસા પ્રાયશ્ચિત્ત હોતા હૈ. આહાહા! નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. વ્યવહારસે હોતા હૈ, વ્યવહારસે હોતા હૈ—ઐસા તો આતા નહીં. એકાંત યે તો કહતે હૈં, એમ કહતે હૈં. જાઓ, કહો મુનિકો કિ આપ એકાંત કહતે હો. કહો. આ તો કહે, આત્માકા અંદર આનંદસ્વરૂપ જ્ઞાનકી કિરણ પ્રગટતી હૈ અંદરસે, જ્ઞાનકા પુંજ પ્રભુ ઉસકી એકાગ્રતામેંસે જો જ્ઞાનકા કિરણ પ્રગટતા હૈ, ઉસ કિરણકો સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્-ચારિત્ર અને પ્રાયશ્ચિત્ત કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ઐસા પ્રાયશ્ચિત્ત એટલે ઐસી ધર્મદશા **વાસ્તવમેં ઉત્તમ પુરુષોંકો હોતા હૈ**. ધર્માત્મા ઉત્તમ પુરુષોંકી ઐસી દશા અંદર હોતી હૈ. એ ૧૮૫ હુઆ. ૧૮૬.

**आत्मज्ञानाद्भवति यमिनामात्मलब्धिः क्रमेण**
**ज्ञानज्योतिर्निहतकरणग्रामघोरान्धकारा।**
**कर्मारण्योद्भवशिखाजालकानामजस्रं**
**प्रध्वंसेऽस्मिन् शमजलमयीमाशु धारां वमन्ती ॥१८६॥**

**શ્લોકાર્થ : યમિયોંકો (-સંયમિયોંકો)–** ધર્મી જીવકો **આત્મજ્ઞાનસે ક્રમશઃ આત્મલબ્ધિ (આત્માકી પ્રાપ્તિ) હોતી હૈ...** આહાહા! દેખો! કહતે હૈં, ધર્મી ઇસકો કહીએ કે જિસકો આત્મજ્ઞાન હુઆ હૈ. આત્મા પવિત્રસ્વરૂપ પૂર્ણાનંદ ઉસકા જ્ઞાન હુઆ હૈ. યે આત્મજ્ઞાનસે ધર્મીકો ક્રમશઃ આત્મલબ્ધિ પ્રાપ્ત હોતી હૈ. ક્રમે-ક્રમે પૂર્ણ નિશ્ચય સાધકભાવકી વૃદ્ધિ કિ પૂર્ણતા યે આત્મજ્ઞાનકે કારણસે આત્મલબ્ધિ હોતી હૈ. વ્યવહારસે આત્મલબ્ધિ હોતી હૈ ઐસે નહીં, ઐસા નિષેધ કરનેકો હૈ. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : વ્યવહારનું તો નિશાન દેખાતું નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિશાન નથી એમ કહ્યું?

શ્રોતા : નામનિશાન કાઢી નાખ્યું છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમાં નામ આવતું નથી જુઓ! **આત્મજ્ઞાનસે**... ધર્મી જીવ એને કહીએ–ઉસકો કહીએ કિ જિસકો આત્મા અખંડાનંદ હૈ ઉસકા જ્ઞાન હુઆ હૈ. સમજમેં આયા? દૂસરા શાસ્ત્રકા જ્ઞાન હો-ન હો, વિશેષ દૂસરા સંસારકા જાનપના હો-ન હો, ઉસકે સાથ સંબંધ નહીં. આહાહા! ભારે ઝીણી વાત ભાઈ! હવે આ વાતમાં બધાની સાથે સમન્વય કરવો. આ (મૂળ) રકમની વાત તો આ છે. સમજ્યા વિના બધાની (સાથે) સમન્વય કરો. બધા એક હૈ.. એક હૈ.. એક હૈ.

શ્રોતા : બધા હયાત ખરાને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હયાતી ધરાવે, બાકી તત્ત્વ તો બહોત ફેર હૈ સબમેં. આહાહા! સત્ય પ્રભુ, જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ પ્રભુ ઐસે આત્માકા જિસકો સ્વસન્મુખ હોકર સમ્યગ્જ્ઞાન હુઆ, યે આત્મજ્ઞાન હી આગે શુદ્ધિકી વૃદ્ધિ ઐસી આત્મલબ્ધિ, લબ્ધિ નામ પૂર્ણ પ્રાપ્તિ આદિ, યે આત્મજ્ઞાનસે પૂર્ણ પ્રાપ્તિ આદિ હોતી હૈ, એમ કહે છે. આહાહા! બધું એમાં આવી ગયું. એ આત્મજ્ઞાનથી દર્શન, જ્ઞાન, ચારિત્ર ને મુક્તિ બધું, પણ એ આત્મજ્ઞાનથી. આહાહા!

અંતર્મુખ પ્રભુ પૂર્ણસ્વરૂપ ઉસકા જ્ઞાન, અંતર્મુખ હોકર જો જ્ઞાન હુઆ ઉસકા નામ આત્માકા જ્ઞાન. વહ સમ્યક્-દ્રષ્ટિ ને સમ્યગ્જ્ઞાન, સ્વરૂપ-આચરણ હુઆ તો વહ આત્મજ્ઞાનસે ક્રમશઃ એમ કે આગળ શુદ્ધિ વધશે, આત્માકી (પૂર્ણ) પ્રાપ્તિ. ક્યા કારણે? કે આત્મજ્ઞાનસે. વ્યવહાર અંદર રાગાદિ મંદતાકી વૃદ્ધિ કરે ઔર આત્માકી શુદ્ધિકી વૃદ્ધિ હો—ઐસે નહીં. આહાહા!

**આત્મજ્ઞાનસે**... ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યકંદ ઉસકા જ્ઞાન કરનેસે ધર્મી જીવકો હી આત્મજ્ઞાનસે, આત્મશ્રદ્ધાસે અને આત્મસ્થિરતા દ્વારા આગે સાધકકી શુદ્ધિ, વૃદ્ધિ, ટિકના—સબ આત્મજ્ઞાનસે હોતા હૈ. સમજમેં આયા?

**કિ જિસ આત્મલબ્ધિને જ્ઞાનજ્યોતિ દ્વારા ઇન્દ્રિયસમૂહકે ઘોર અંધકારકા નાશ કિયા હૈ...** આહાહા! પ્રાયશ્ચિત્ત છે ને. **જિસ આત્મલબ્ધિને**... એટલે આત્મલબ્ધિને... એમ. જેણે આત્મલબ્ધિ... પુણ્યલબ્ધિ, પાપલબ્ધિ, વ્યવહારલબ્ધિ એમ નહીં, આહાહા! વસ્તુ પરમાત્મા પોતે નિજસ્વરૂપ આનંદ ઉસકા જ્ઞાન, ઉસકી શ્રદ્ધા ને સ્થિરતા—ઐસા જો આત્મજ્ઞાન, ઉસસે ક્રમે વિશેષ આત્મલબ્ધિ પ્રાપ્ત હોતી હૈ અને ઉસ આત્મલબ્ધિને એટલે આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ દ્વારા–અપની નિર્મળ જ્ઞાનની જ્યોતિ દ્વારા ઇન્દ્રિયસમૂહકે ઘોર અંધકારકા નાશ કિયા હૈ. આહાહા! ઇન્દ્રિયસમૂહનો વિકલ્પ શુભ-અશુભભાવ અંધકાર ઉસકા નાશ કિયા હૈ અને આત્માકી પ્રાપ્તિ હોતી હૈ. વિશેષ હોગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૮, રવિવાર, તા. ૧૨-૯-૧૯૭૧**
**શ્લોક - ૧૮૬-૧૮૮, પ્રવચન નં. ૧૨૨**

આ નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર છે, એનો ૧૮૬ કળશ ચાલે છે. ૧૮૬ છે ને? એનો અર્થ. જરી સૂક્ષ્મ વાત છે, સૂક્ષ્મ વાત છે. અત્યારે ગુજરાતી ચાલશે.

**યમીઓને (-સંયમીઓને)...** સંયમી કોને કહીએ? જેને આત્મજ્ઞાન પહેલું થયું હોય. આ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ એનું જેને પ્રથમ આત્મજ્ઞાન એટલે આત્માનું ભાન, આત્માનો અનુભવ, આત્માનો અતીન્દ્રિય આનંદસ્વભાવ એનો સ્વાદ અંતર અતીન્દ્રિયનો આવ્યો હોય, એને આત્મજ્ઞાન કહીએ. સમજાય છે કાંઈ? એને સમ્યગ્દર્શન કહીએ. આ ભગવાન આત્મા, અતીન્દ્રિય જ્ઞાન ને આનંદની મૂર્તિ આત્મા છે. એની સન્મુખ થઈને એનું વેદન અંદરમાં પ્રગટ થવું. જે અનાદિનો રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ વિકલ્પ-રાગ એનું જે વેદન છે એ એકાંત મિથ્યાત્વનું વેદન છે. સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વભાવ છે. શેઠ! રાગ-દ્વેષકા અનુભવ મિથ્યાત્વ હૈ એમ કહતે હૈં. આહાહા! સમ્યગ્દર્શન-પ્રથમ ધર્મની ભૂમિકા. અતીન્દ્રિય આત્મા પુણ્ય-પાપના રાગ વિનાનો, કર્મ ને શરીર રહિત અને અનંત જ્ઞાન ને આનંદ સહિત છે. એવું આત્મજ્ઞાન, એને-સંયમીને પહેલું આત્મજ્ઞાન હોય છે. ચારિત્રવંત જે હોય, જેને આત્મજ્ઞાન હોય એને ચારિત્ર હોય. સમજાણું કાંઈ?

સંયમીઓને **આત્મજ્ઞાનથી...** સૂક્ષ્મ વાત છે ભાઈ! પરમાત્મા પોતે નિજ આત્મા અનંત-અનંત જ્ઞાન ને આનંદના સ્વભાવથી સંપૂર્ણ ભરેલો પ્રભુ એવો આત્મા, એનું જ્ઞાન.. એનું જ્ઞાન, એની શ્રદ્ધા, એવું જેને આત્મજ્ઞાન પ્રગટ હોય એવા સંયમીઓને, એ આત્મજ્ઞાન ઉપરાંત એને સ્વરૂપની લીનતા-ચારિત્ર હોય છે. અંતરમાં આનંદની લહેરીયું અંદર અનુભવાય છે. આહાહા! એને ચારિત્ર કહીએ. ચારિત્ર (એટલે) કાંઈ લૂગડાં છોડીને નગ્ન થઈ જાય ને પંચમહાવ્રતના કદાચિત્ વિકલ્પ હોય, એ ચારિત્ર નથી. કહે છે, એવા ધર્મી જીવને **ક્રમે આત્મલબ્ધિ પ્રાપ્ત થાય છે...** આહાહા! પરમાત્મા નિજસ્વરૂપ શુદ્ધ આનંદ ને જ્ઞાનનું ધામ એનું ભાન, અંતરમાં વિકાસ શક્તિરૂપ જે ભગવાન આત્મા છે એની અંશે વ્યક્ત નામ પ્રગટદશા-અનંત ગુણના અંશ વેદનમાં આવે એને આત્મજ્ઞાન અને એવા આત્મજ્ઞાનીને સંયમ જે હોય, એનાથી આત્મલબ્ધિ પ્રાપ્તિ થાય. એ વડે એને આત્માની પૂર્ણ પ્રાપ્તિ થાય. આહાહા!

આત્મલબ્ધિ, આત્મજ્ઞાનથી આત્મલબ્ધિ જ થાય, એમ કહેવું છેને. આહાહા! વાત જ આત્મા, બીજી વાત નહીં અંદર. અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ જેમાં અનંતી શાંતિ, અકષાય સ્વભાવ અનંત-અનંત જેમાં ભરપૂર ભરેલો છે. એવો ભગવાન એનું અંતરમાં જ્ઞાન, એની શ્રદ્ધા ને એમાં રમણતા (હોય) એવા ધર્મીને આત્મલબ્ધિ પ્રાપ્ત થાય છે, એટલે આત્માની શાંતિ ને

આનંદની પૂર્ણ પ્રાપ્તિ એને થાય છે. આહાહા! **કે જે આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે...** પોતાનો સૂર્ય ચૈતન્યસૂર્ય ભગવાન એના અંતરના ભાન-જ્ઞાનજ્યોતિ ભાન દ્વારા **ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...** પાંચ ઇન્દ્રિયો તરફના વલણનો વિકલ્પ એનો જેણે પોતાના આનંદસ્વરૂપના અનુભવ દ્વારા નાશ કર્યો છે. આહાહા! ભારે કામ આકરું જગતને. ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધું વિકલ્પ ક્રિયાકાંડ, રાગ છે, એ તો વિકાર છે.

શ્રોતા : એને અંધકારમાં મૂકાય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અંધકારમાં છે એ. આહા! વાત એવી છે ભાઈ! એને મળી નથી. એવો ભગવાન અંદર બિરાજે છે. પોતાનો ભગવાન પૂર્ણ જ્ઞાન ને આનંદ એનું સ્વરૂપ છે. એવા ભગવાનનો જેને સમ્યગ્જ્ઞાન ને દર્શનમાં ભેટો થયો, એને સ્વરૂપની રમણતારૂપી સંયમ ને ચારિત્ર હોય છે. આહાહા! સમજાણું કાંઈ?

એવી અંતરની જ્ઞાનજ્યોતિ દ્વારા એટલે કે અંદર જ્ઞાનસ્વરૂપ તો ત્રિકાળ હતો એમાંથી ભાન કરીને જે જ્ઞાનજ્યોતિ પર્યાયમાં-અવસ્થામાં જાણપણાના કિરણો શુદ્ધ પ્રગટ કર્યાં, એવી જ્ઞાનજ્યોતિ વડે વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ-અંધકારને નાશ કરવાની તાકાત આત્માના જ્ઞાનમાં છે. કહો, સમજાય છે કાંઈ? **જ્ઞાનજ્યોતિ વડે...** એમ કહીને કે જ્ઞાનસ્વરૂપ ભગવાન એનું સમ્યગ્જ્ઞાન અંતર અનુભવમાંથી આવ્યું, આહાહા! એ વડે **ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકાર...** આ પાંચ ઇન્દ્રિયો અને ખંડ-ખંડ ઇન્દ્રિય એના તરફના વલણનો વિકલ્પ શુભભાવ એ અંધકાર છે. એવા અંધકારને નાશ કરવાની જ્ઞાનજ્યોતિ વડે શક્તિ (મળે) છે. આહાહા! અરે! એને પોતાની જાતમાં પોતાનું શું સ્વરૂપ છે... તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ અરિહંત એણે જે આત્મા કહ્યો, એ આત્મા તો અંતર આનંદની ગાંસડી છે.

અરે! આનંદની ગાંઠ, જેમ સૂરણકંદ હોય છેને. શું કહેવાય એને? સૂરણકંદની ગાઠ નથી આવડી આવતી? સૂરણ.. સૂરણ. સૂરણ કહતે હૈં? ... જ્યાં નાખો તો એકલો રસકંદ છે, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ છે, અતીન્દ્રિય આનંદની એ સૂરણગાંઠ છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ એ તો રાગ છે. આહાહા! ઝીણી વાત બાપુ! ભગવાનનો માર્ગ... ભગવાન એટલે તું હોં. આહાહા! એનો માર્ગ (એટલે) અંતર્મુખને પંથે વળેલા, બહિર્મુખથી ખસી ગયેલા, એમ કહે છે. આહાહા!

એવા આત્મજ્ઞાનથી (પ્રાપ્ત) આત્મલબ્ધિ વડે... આત્મલબ્ધિથી એટલે જ્ઞાનજ્યોતિથી... વિકલ્પ પુણ્ય-પાપના ભાવ જે અજ્ઞાન છે, અંધકાર છે, રાગમાં કાંઈ આત્મા નથી. આહાહા! એવા અજ્ઞાન અંધકારનો જ્ઞાનજ્યોતિ વડે નાશ થાય છે. આ તો અજાણ્યા માણસને (લાગે કે) આવો ધર્મ હશે? આપણે વીતરાગ જૈનમાં તો દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, પૂજા કરવી, ભક્તિ કરવી, લ્યો. આહા! ભાઈ! તને ખબર નથી. વીતરાગનો માર્ગ, વિકલ્પ એ વીતરાગનો

માર્ગ નથી, એ તો રાગ છે. આહાહા! એ રાગરહિત ભગવાન આત્મા... જેને વીતરાગપણું પ્રગટ કરવું છે, તો વીતરાગપણું આવશે ક્યાંથી? અંદર ભર્યું છે એમાંથી આવશે. સમજાય છે કાંઈ? એ પરમાત્મા નિજસ્વરૂપ વીતરાગસ્વભાવે ભરેલું તત્ત્વ છે. આહાહા! 'પૂર્ણં ઇદં' એ પૂર્ણ પ્રભુ છે. એની અંતર દૃષ્ટિ અને એકાગ્રતાથી જે સંયમ આદિ પ્રગટ્યા એ દ્વારા..., સંયમ એટલે જ્ઞાનજ્યોતિ એમ પાછું, ઓલો રાગ નહીં એમ લેવું. એ જ્ઞાનજ્યોતિ વડે, રાગાદિના વિકલ્પ જે અંધકાર ને બંધનું કારણ (છે) એ જ્ઞાનજ્યોતિ વડે નાશ થાય છે. આહાહા! સમજાય છે કાંઈ?

ત્યાં સુધી તો આવ્યું હતું કાલ, નહીં? ત્યાં આવ્યું એટલે ફરી લીધું. રવિવાર છે એટલે ફરી લીધુંને. આવો માર્ગ, પ્રભુ! તારો છે હોં. વીતરાગનો માર્ગ ને તારો માર્ગ એક જ છે. આત્મા ને વીતરાગમાં કાંઈ ફેર નથી. 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' સિદ્ધ સ્વરૂપે જ ભગવાન આત્મા અનાદિ-અનંત છે. પર્યાયમાં ફેર છે એ તો દૃષ્ટિ રાગ ઉપર છે માટે. સમજાય છે કાંઈ? અંતર સ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં, આખો પરમાત્મા આત્મા આવો છે એવું જ્ઞાન ને ભાન થતાં, એના તરફની સ્થિરતાની દશા નામ સંયમ ને ચારિત્રભાવ પ્રગટતાં, એ બધી જ્ઞાનની જાત છે, એ બધી રાગની જાત નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... આત્મજ્ઞાન ને ભાન થતાં તો રાગથી જ્ઞાન ઉદાસ છે. આહાહા! સમજાણું કાંઈ? આખી દુનિયા, વિકલ્પથી–રાગથી માંડીને આખી દુનિયા, એનાથી (ભિન્ન) ભગવાન આત્માનું ભાન થતાં, સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં બધી ચીજથી એ આત્મા ઉદાસ છે એટલે કે એનાથી ભિન્નપણે રહેલો છે. સમજાણું કાંઈ?

એવી આત્મલબ્ધિ... આહાહા! આ ઓલા ચમત્કાર કહે છેને કે આને આ ચમત્કાર થશે. ધૂળેય નથી, સાંભળને હવે! આ આત્મલબ્ધિ એ ચમત્કાર છે. આહાહા! માણસને ક્યા આત્મા અને એની દૃષ્ટિ શું (એની) ખબર નહીં અને ધર્મ કરીએ છીએ (એમ) માને. એ રખડવાના રસ્તાના અંત નહીં આવે. આહાહા! જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવી આત્મચીજ છે, એવી આત્મચીજનું જ્ઞાન ને આત્મલબ્ધિ, નિર્મળદશા સ્વભાવને આશ્રયે પ્રગટ થતાં, **જે કર્મવનથી ઉત્પન્ન (ભવરૂપી) દાવાનલ...** આહાહા! પુણ્ય-પાપરૂપી વન, એનાથી ઉત્પન્ન ભવ એવો જે દાવાનળ એની **શિખાજાલ...** એ દાવાનળ સળગે છે શિખાજાળ હોં. આહાહા! શું કહે છે? શુભ-અશુભ રાગ જે છેને, એ તો કર્મરૂપી વનનો દાવાનળ છે. આહાહા! (શ્રોતા : શુભ ને અશુભ બન્ને?) બન્ને. શેઠ! દાવાનળમાં સળગતો સળગે છે એમ કહે છે આહાહા!

'રાગ આગ દાહ..' આવ્યું હતુંને? (શ્રોતા : રાગ આગ દહે સદા, તાતૈ સમામૃત પીજીએ). તો એમાં આ શુભરાગ આવતો હશે? એકે પ્રશ્ન કર્યો હતો કે રાગમાં આ આવે? શુભાશુભરાગ બેય રાગ દાહ છે, અગ્નિ છે. આહાહા! અરેરે! કેમ એને (બેસે)? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો વિકલ્પ એ અગ્નિ છે, એમ કહે છે. રાગ છે, તને ભાન નથી. અને હિંસા, જૂઠ્ઠ, ચોરી, વિષયભોગ, વાસના તો તીવ્ર અગ્નિ છે. એ દાવાનળ સળગ્યો છે કષાયનો, એમ કહે

છે. ભાઈ! તને ખબર નથી પ્રભુ! તારી ચીજમાં શું છે અને તારી ચીજમાંથી શું નીકળી જાય છે (એની) ખબર નથી એને. ભગવાન આત્મા એ તો અનાકુળ આનંદ અને અકષાયસ્વભાવની પૂતળી પ્રભુ છે. એવા અકષાયસ્વભાવનો આશ્રય લઈ અને જેણે અકષાયસ્વભાવ જ્ઞાનજ્યોતિ પ્રગટ કરી, એને આત્માની પ્રાપ્તિ (અર્થાત્) આ આખો આત્મા આવો છે એમ પર્યાયમાં પ્રાપ્ત થયો, એણે પુણ્ય-પાપરૂપી વનથી ઉત્પન થયેલો ભવનો દાવાનળ, એની શિખાજાળ... દાવાનળ સળગતો એમાં પાછી શિખા નીકળે ઝાળ, હળહળ હળહળ અગ્નિ... આહાહા! વીતરાગી સંતો કહે છે કે ભગવાન! એકવાર સાંભળને પ્રભુ! તારી દશામાં પુણ્ય ને પાપના વિકલ્પ ને રાગ થાય એ દાવાનળની શિખાજાળ છે. એ મૂલચંદભાઈ!

શ્રોતા : પહેલા અશુભ છૂટે એમાં શુભ છૂટતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ બધું..... એ શુભ પણ અશુભ છે. કારણ કે બેય અશુદ્ધ છે માટે અશુભ છે. શાસ્ત્રમાં તો એમ કહ્યું કે બેય અશુભ છે. શુભ તો, રાગરહિત આત્માની શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ પ્રગટે છે એને શુભ કહે છે. આહાહા! વીતરાગનો માર્ગ દુનિયાથી તદ્દન નિરાળો છે. સમજાણું કાંઈ?

કહે છે, અરે! કર્મવનથી ઉત્પન્ન ભવરૂપી દાવાનળ, એમ. એની **શિખાજાળનો નાશ કરવા માટે...** આહાહા! આ જ્ઞાનજ્યોતિ... સૂર્યમાંથી જેમ પ્રકાશના કિરણો નીકળે, એમ ભગવાન ચૈતન્યજ્યોત, આત્મજ્ઞાનની પુંજ મૂર્તિ, એમાં એકાગ્ર થતાં જે જ્ઞાન, શાંતિ, શ્રદ્ધા આદિના કિરણો–દશા ફૂટે. એ વડે ભવના દાનાવળની શિખાને નાશ કરવા માટે **તેના પર સતત શમજલમયી ધારાને ઝડપથી છોડે છે...** આહાહા! ઉપમા તો જુઓ! આ બાજુ પુણ્ય-પાપની દાવાનળની ભવ અગ્નિ, આ બાજુ ભગવાન આત્મા અવિકારી ચૈતન્ય વીતરાગમૂર્તિ. એનો આશ્રય લઈને વીતરાગતાની શમજલદશા પ્રગટે. એ શમજળરૂપી ધારા, કહે છે, શમજળની ધારા છૂટે છે અંદરથી. આહાહા! એ પણ ઝડપથી છોડે છે. આહાહા! ભાષા તો જુઓ! આહાહા! પૂર્ણ આનંદસ્વરૂપ એવો ભગવાન આત્મા, એનો આશ્રય લઈને શમજળ–શાંતિરૂપી ધારા–નિર્મળ વીતરાગી પરિણતિરૂપી ધારા, એ પણ ઝડપથી, એકદમ સ્વભાવ સન્મુખ જાય છે તો ઝડપથી નિર્મળતા પ્રગટ થતી જાય છે. એ નિર્મળતાની ઝડપથી એ પુણ્ય-પાપના વિકલ્પોને છોડી નાખે છે. આહાહા!

**સતત...** ભાષા કેવી વાપરી છે! એના પર સતત–નિરંતર શમજળરૂપી **ધારાને ઝડપથી છોડે છે—વરસાવે છે.** અગ્નિજ્વાળા હોય ને બંબા આવતા નથી? બંબા તમારા. એમ ભગવાન આત્મામાં શાંતિ ને આનંદ ભર્યો છે. શાંતિજળથી ભરેલો ભગવાન આત્મા છે, એનો આશ્રય કરીને, શરણ લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિ અંતરને આશ્રયે પ્રગટ થઈ એમાંથી ધારા છૂટે છે, કહે છે. એ વિકારના પર્યાયને ઉત્પન્ન ન થવા દેવામાં એટલે કે નાશ કરવામાં એ વરસાદ છે.

આહાહા! એની વાત સાંભળી નથી એણે. કેવો, કોણ છે, શું છે? આત્મા તે કોણ છે? પામર માને એને, લ્યો. અમે કર્મવાળા છીએ, અમે પુણ્યવાળા છીએ. માળા! પુણ્ય એટલે રાગ. રાગવાળો છે આત્મા? સમજાણું કાંઈ? અમે પાપપાળા છીએ. પાપવાળો છે આત્મા? એ તો અનંત જ્ઞાન ને આનંદવાળો આત્મા છે. એવા આત્માનું અંતર જ્ઞાન ને ભાન–સમ્યગ્દર્શન થતાં સ્વરૂપની લીનતાની ધારા ચારિત્ર વહે, એ કર્મના ભવવનને નાશ કરવાને સમર્થ છે. બીજામાં તાકાત છે નહીં. એ મૂલચંદભાઈ! આવું બધું સાંભળ્યું નહીં હોય આટલા વર્ષમાં. સાંભળવાની દરકાર કરી નહીં તમે. ભાઈ કહે છે કે સાંભળ! આહાહા!

કહે છે, પ્રભુ! તું એવડો... આ સાકર નથી થાતી? આવડી મોટી સાકર હોય, પણ સ્વાદ થોડો હોય. અને સિકેન.. શું કીધું? સેક્રીન આટલી હોય તોય સ્વાદ ઘણો હોય. એક જુઓ! તો ખરા. એ સાકર ઝાઝી મોટી માટે સ્વાદ ઝાઝો એમ નથી. ... મોટું ને ઝાઝા રજકણો માટે (સ્વાદ ઝાઝો) એમ નથી. એની પર્યાયમાં મીઠાશ ઉપજાવે છે સેક્રીન. એમ (કર્મ) એ તો અનંતા રજકણનો પિંડ છે. આ તો પ્રભુ એક અખંડ દ્રવ્ય છે. એના અંતરમાં અતીન્દ્રિય આનંદ, શાંતરસ, સ્વચ્છતા ને પ્રભુતાથી ભરેલો એ પ્રભુ છે. એની અંતર સન્મુખ થઈ દશાને પલટાવી, સ્વભાવ સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરે, એને અંતરમાં સ્વરૂપની રમણતાનું ચારિત્ર હોય. અજ્ઞાનીને ચારિત્ર-ફારિત્ર હોય નહીં. સમજાણું કાંઈ? આહાહા!

એવો ભગવાન આત્મા, કહે છે કે અંદરની એકાગ્રતા દ્વારા, શુદ્ધ પ્રભુ ચૈતન્યના દળની સન્મુખતા દ્વારા જે શાંતરસ ને સમભાવ (અર્થાત્) પુણ્ય-પાપના વિકલ્પ વિનાની દશા પ્રગટ થાય, એ દશા શુભાશુભભાવરૂપી કર્મવન એને શાંત કરવાને (અર્થાત્) નાશ કરવાને એ સમર્થ છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આહીં તો માની બેસે કે પામર છીએ હોં, અમે બાયડી છીએ, અમે છોકરા છીએ, અમે આદમી છીએ, અમે શેઠીયા છીએ, ભિખારી છીએ. બધું મૂર્ખાઈ છે. સમજાણું કાંઈ? અરે! વિકલ્પના પુણ્યના રાગવાળો હું છું, એ મૂર્ખાઈ છે તારી. આહાહા! રાગ તો વિકાર છે. તારું સ્વરૂપ તો નિર્વિકારી સચ્ચિદાનંદ સિદ્ધ સમાન શુદ્ધ છે. એને રાગવાળો માનવો એ મૂર્ખાઈ, અજ્ઞાન છે. અને એ અજ્ઞાનમાં રહીને ગમે તે કરે એ બધું અજ્ઞાન જ ઊભું થાય એમાંથી. એમાં કાંઈ ધર્મ-બર્મ થાય નહીં. ભારે કામ ભાઈ આવું! સમજાણું કાંઈ? આહાહા!

ભાષા જુઓને! **शमजलमयीमाशु... आशु**–શીઘ્ર. **धारां वमन्ती**—વરસાવે છે. ભગવાન આત્મા પૂર્ણ શાંત ને આનંદની ગાંઠ છે. એ ગાંઠને રાગની એકતા દ્વારા એણે ખોલી નથી. એ ગાંસડો છે આનંદનો ને જ્ઞાનનો. પણ રાગ, દયા, દાન, વિકલ્પ ને આત્મા એક છે એવી માન્યતા–ગ્રંથિ મિથ્યાત્વ છે. આહાહા! એ મિથ્યાત્વની ગાંઠ વડે આત્માને એણે તાળાબંધ કરી દીધો છે. એ રાગ ને આત્મા તો સ્વભાવે ભિન્ન છે એમ સ્વભાવ સન્મુખ થઈને એકતા જેણે તોડી છે, એવા સમ્યગ્જ્ઞાનીને આત્માના નિધાન ખુલ્લા થઈ ગયા છે, કપાટ ખૂલી ગયો છે.

આહાહા! ભલે તે ગૃહસ્થાશ્રમમાં બાળક, ૮ વર્ષની કન્યા હોય, પણ સમ્યગ્દર્શન થયું, એના કપાટ ખુલી ગયા છે. અને સાધુ થઈને બહાર પંચ મહાવ્રતની ક્રિયા કરતો હોય, નગ્ન થઈને વનમાં વસે, પણ જેને એ દયા, દાનના વિકલ્પની સાથે અંદર એકતા છે, એ મૂઢ અજ્ઞાનીને એના નિધાન બંધ છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત છે. આહાહા!

સિંહણના દૂધ લોઢાના પાત્રે ન રહે, એને સોનાના પાત્ર જોઈએ. સમજાય છે કાંઈ? એમ વીતરાગની વાણી અને વીતરાગીભાવ સમજવા માટે એને પાત્રતા જોઈએ. સમજાણું કાંઈ? આહાહા! આવો ભગવાન અંતરથી અનંત આનંદ ને જ્ઞાનથી ઓપતો-શોભતો પ્રભુ, એની જેને અંતરની ધારા વહી, એ બાહ્ય ધારાને નાશ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ૧૮૬ થઈ ગયો. ૧૮૭ કળશ. મુનિએ તો એટલું ભર્યું છે! એકેક કળશમાં ગજબ કર્યો છે! દિગંબર સંત-મુનિ વનવાસી હતા પદ્મપ્રભમલધારિદેવ. અનંત તીર્થંકરના કેડાયતો-એને કેડે ચાલનારા. આહાહા! ૧૮૭.

**अध्यात्मशास्त्रामृतवारिराशे-**
**र्मयोद्धृता संयमरत्नमाला ।**
**बभूव या तत्त्वविदां सुकण्ठे**
**सालंकृतिर्मुक्तिवधूधवानाम् ॥१८७॥**

**અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્રમાંથી...** આ અધ્યાત્મશાસ્ત્ર છે. ભગવાન આત્માને જણાવનાર, અનુભવવામાં બતાવનાર આ અધ્યાત્મશાસ્ત્ર છે. અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્ર... ઓહોહો! અમૃતના સમુદ્રમાંથી **મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી...** આવો સંયમ હોય એવું મેં કહ્યું, કહે છે. અધ્યાત્મશાસ્ત્રમાં, સંયમ કોને કહેવું એ મેં અહીંયા કહ્યું. સમજાય છે કાંઈ? અધ્યાત્મશાસ્ત્ર નામ ભગવાને જેમાં આત્માની મુખ્યતાનું વર્ણન (કર્યું) હોય, તેને અધ્યાત્મશાસ્ત્ર કહીએ. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મુખથી, પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં, આખા લોકના સ્વામી ઇન્દ્રો અને સંતના સ્વામી ગણધરો એની મધ્યમાં ભગવાનની વાણી આ હતી. સમજાણું કાંઈ? આહાહા! કહે છે, એવા અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતનો સમુદ્ર. આહાહા! શાસ્ત્ર, પોતે અધ્યાત્મશાસ્ત્ર અંદર સમુદ્ર છે અને આત્મા તો એકલો અમૃતનો સમુદ્ર છે. અતીન્દ્રિય આનંદનો દરિયો છલોછલ ભરેલો છે. ક્યાં ગોતવો પણ? આહાહા!

જ્યાં છે ત્યાં નજર નહીં ને નથી ત્યાં નજરું. આહાહા! શરીર, વાણી, મન, પુણ્ય ને પાપના રાગ છે ત્યાં આત્મા નથી, ત્યાં નજર છે. અને પુણ્ય ને પાપ, શરીર વિનાની ચીજ એના ઉપર નજર ન મળે. એવો અમૃતનો સમુદ્ર પ્રભુ અને શાસ્ત્ર અમૃત બતાવનારા, એવા અમૃતના દરિયાને બતાવનારા સિદ્ધાંત. આહાહા! એમાંથી મેં... આ મુનિ કહે છે. દિગંબર મુનિ હતા, સંત

વનમેં રહનેવાલા, સંતો તો વનમાં રહેતા હતા પહેલે. સમજાણું કાંઈ? જેની દશા દિગંબર– માતાએ જન્મ્યા એવી દશા શરીરની (હોય). અંતરમાં જેની વીતરાગી દશા.

કહે છે, એવા માટે **મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે...** અધ્યાત્મશાસ્ત્રમાંથી સંયમ કેવું હોય એ મેં બતાવ્યું છે. આહાહા! **તે રત્નમાળા મુક્તિવધૂના વલ્લભ...** એ મુક્તિ એટલે સિદ્ધદશા–પરમાત્મા–મુક્ત સિદ્ધદશા. એના જે વહાલા–એ મુક્તદશાના પ્રિય... આહા! જેને મુક્તિ એટલે મુક્તદશા પ્રિય છે **એવા તત્ત્વજ્ઞાનીઓ**... એવા તત્ત્વજ્ઞાની જેને સંસાર અને રાગ પ્રિય નથી. આહાહા! **મુક્તિવધૂના વલ્લભ એવા તત્ત્વજ્ઞાનીઓના...** એવા તત્ત્વજ્ઞાનીઓના **સુકંઠનું આભૂષણ બની છે.** આહાહા! આભૂષણ પહેરે છેને અહીં? ડોકમાં પહેરે. વળી પાછું લૂગડું હેઠે રાખે, પછી આમ બતાવે. એમ આમ ઢંકાઈ જાય તો દેખે કોણ? એય! બાયડીઓ તો આમ રાખે કપડું... આદમી હોય તો કોટનું બટ ખુલ્લું રાખે. બટન એટલામાં ન બીડે. આહાહા! એ બહારની ચીજ બતાવવાને ખુલ્લી કરે છે. અરે! અંતરની ચીજ બતાવવાને ખુલ્લી તો કર એકવાર! આહાહા!

ભાઈ! તારા ભગવાનમાં તો અનંતા ભગવાન બિરાજે છે. આહાહા! તું પામર નથી પ્રભુ! તું રાગવાળો નથી, તું દીન નથી, તું સંસારી નથી. તું ભવ ને ભવના ભાવવાળો, પ્રભુ! તું નથી. આહાહા! જુઓને! એકવાર તો અમૃતના સાગરમાં નજર તો કર. અરે! તેં નજરુ બહુ કરી પુણ્ય ને પાપ ને શરીર ને વાણી ને જડ ઉપર. આહાહા! એના ફળ આવ્યા ધૂળમાં, આ પાંચ-પચાસ લાખ-કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ ધૂળ મળે. એ શેઠ! અરે! એ ધૂળના ઢગલા બધા વિષ્ટાના ઢગલા, આહાહા! એના ઉપર તારી નજરું જાય પ્રભુ! અને તારી નજરું આનંદનો સાગર–ડુંગર અંતર પ્રભુ એમાં તારી નજરું ન જાય! આહાહા!

જુઓને! **મુક્તિવધૂના વલ્લભ... ધવાનામ્...** ધવાનામ એટલે? પતિ. તત્ત્વજ્ઞાની ધર્માત્મા જેણે આત્મજ્ઞાન–તત્ત્વજ્ઞાન... અને રાગાદિ આસ્રવ એમાં નથી એવું જ્ઞાન. એ આસ્રવનું જ્ઞાન થઈ ગયું, પણ આ આમાં નથી, એમ. એવા ચૈતન્યના તત્ત્વનું જ્ઞાન જેને છે એવા જ્ઞાનીઓનું આ સંયમરત્નમાળા સુકંઠનું આભૂષણ બની છે. અરે બાપુ! સંયમ કોને કહીએ! હજી સમકિત કોને કહેવું એ ખબર ન મળે. સમકિત કેમ થયું ને થાય એની ખબરું ન મળે અને આ સંયમ ને ચારિત્ર ને વ્રત લઈને બેઠા. લીધા અધ્ધરથી. નામ પાડી દીધા, વસ્તુ ન મળે. કાંઈ ખબર ન મળે. આહાહા! ૧૮૮. ૧૮૮ કળશ. આ બધા કળશો છે અમૃતથી ભરેલા. અધ્યાત્મશાસ્ત્ર છે ને!

**नमामि नित्यं परमात्मतत्त्वं**
**मुनीन्द्र चित्ताम्बुजगर्भवासम् ।**
**विमुक्तिकांतारतिसौख्यमूलं**
**विनष्टसंसारद्रुमूलमेतत् ॥ १८८॥**

આહાહા! **શ્લોકાર્થ : મુનીંદ્રોના ચિત્તકમળની અંદર જેનો વાસ છે...** એવો ભગવાન આત્મા પરમાત્મા... પોતાનું નિજસ્વરૂપ ત્રિકાળી પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા! એ અરિહંત ને વીતરાગ પરમાત્મા તો ભિન્ન-દૂસરા છે. એમાં તું નથી અને એ તારા નથી. આહાહા! સમજાણું કાંઈ? આ પરમાત્માના વિશેષણ છે. **મુનીંદ્રોના ચિત્તકમળની અંદર જેનો વાસ** પરમાત્માનો **છે...** જેના હૃદયમાં જ્ઞાનની પર્યાયમાં પરમાત્મા વસે છે. જેની જ્ઞાનની દશામાં રાગ ને સંસાર વસતો નથી. આહાહા! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનમાં આ પરમાત્મા વસે છે. આહાહા! મિથ્યાદૃષ્ટિના જ્ઞાનમાં રાગ ને વિકાર ઝેર વસે છે. આહાહા! સમજાય છે કાંઈ? જે પુણ્યભાવ-શુભને ધર્મ માને, પાપના ભાવમાં મજા લાગે—એવા જે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, અજૈન એને વીતરાગ તત્ત્વ શું છે એની ખબર નથી. એવા અજૈનોના હૃદયમાં ઝેર વસે છે. આહાહા! સમજાણું કાંઈ?

અને જૈન એટલે વસ્તુનું સ્વરૂપ પરમાત્મા પોતાનો, એવું જેને અંતરમાં ભાન થઈને દશા નિર્મળ કરી છે, એ નિર્મળદશામાં તો એને પરમાત્મા વસે છે. એ નિર્મળદશાની સમીપ તો પરમાત્મા છે. એ 'સમીપમાં' આવી ગયું છે. ધર્મી એને કહીએ કે જેની વર્તમાન જ્ઞાનદશા નિર્મળ-રાગ વિનાની થઈ, એની દશામાં તો પરમાત્મા વસે છે. આહાહા! પોતાનો નિજ આત્મા પરમાત્મા વસે છે. આહાહા! અરે! એણે ધીરજથી એની તત્ત્વની ચીજ શું છે એને સાંભળ્યા નથી. આહા! અભિમાન કર્યા કે અમે ધર્મ કરીએ છીએ, અમે આમ છીએ, આમ છીએ. અરે, ભગવાન! ધર્મના મોઢાં મોટા છે ભાઈ! આહાહા!

કહે છે, મુનીંદ્રોના ચિત્તકમળની જ્ઞાનની દશામાં-ખીલતી જ્ઞાનની દશા... જ્ઞાનની દશા કમળની (જેમ) ખીલેલી છે, એમાં અંદર પરમાત્મા વસે છે. કમળમાં જેમ ભ્રમર વસે, આમાં જ્ઞાનના કમળમાં પરમાત્મા વસે છે. એક મ્યાનમાં બે ન સમાય. મ્યાન એક ને તલવાર બે, ન રહી શકે પ્રભુ! એમ રાગના પ્રેમીલાને પર્યાયમાં પરમાત્માનો પ્રેમ રહે એમ બની શકે નહીં. સમજાણું કાંઈ? આરે! આવી મોટી વાતું છે. અરે! મોટી નથી પ્રભુ! આ તો હજી નાનામાં નાની સમ્યગ્દર્શન પામવાની દશા કેવી હોય અને એને કોના પ્રત્યે પ્રેમ હોય અને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં આખો પરમાત્મા કેમ વસે છે, એની વ્યાખ્યા છે આ તો. આહાહા!

**જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે...** આહાહા! કેવો છે આ ભગવાન આત્મા? કે મુક્તદશા-મુક્તિ, આ સિદ્ધ પરમાત્મા... એ પોતે સિદ્ધ થવાના છે એવી જે મુક્તિરૂપી કાંતા નામ સ્ત્રી, એનું રતિસુખ-એની સાથે રમતનું જે સુખ, એનું મૂળ પરમાત્મા પોતે છે. પૂર્ણાનંદરૂપી મુક્તિની રતિનું સુખ એનું મૂળ ભગવાન આત્મા છે. એ મુક્તિનું આનંદનું સુખ ભગવાન આત્મામાંથી આવે એમ કહે છે. સમજાણું કાંઈ? આવો આત્મા! આત્મા મૂકીને વાત. વર મૂકીને જાન-દુલ્હા મૂકીને બારાત. એમ આત્મા કોણ, કેમ, ક્યાં છે એની ખબરું નહીં (અને) કરો ધર્મ, કરો અપવાસ ને કરો પૂજા ને કરો જાત્રા, કાઢો એક દસ લાખનું સમવસરણ બનાવો, પાઠશાળા બનાવો, મંદિર બનાવો, આ ધર્મ. એ ધર્મ નથી ભાઈ! સમજાય છે કાંઈ? આહાહા!

ભારે પણ. વાસ્તવિક ચૈતન્યતત્ત્વ ભગવાન, કહે છે, પરમાત્મા છે પોતે. એ પરમાત્માનું એન્લાર્જ થઈને પર્યાયમાં સિદ્ધ થાય છે. એ પરમાત્મા છે પોતે. શક્તિરૂપ, તત્ત્વરૂપ, સ્વભાવરૂપ પરમાત્મા છે, એનો અનુભવ કરતાં જે પૂર્ણદશા પ્રાપ્ત થાય, એવા આનંદના સુખનું મૂળિયું એ આત્મા છે. કહો, સમજાણું?

**મુક્તિના અતીન્દ્રિય આનંદનું મૂળિયું** ભગવાન (આત્મા) છે એમ કહે છે. લ્યો ઠીક. મોક્ષમાર્ગેય નહીં આહીં તો. આહાહા! **અને જેણે સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે...** ત્રિકાળ (વસ્તુ). વિનાશનો અર્થ, એમાં સંસાર છે જ નહીં. આહાહા! **એવા આ પરમાત્મતત્ત્વને...** એવું મારું પરમસ્વરૂપ ભગવાન આત્માને **હું નિત્ય નમું છું.** મારી દશા તે તરફ ઢળેલી–વળેલી છે. રાગ ને નિમિત્તથી મારી દશા ખસી ગઈ છે એમ કહે છે. ચંદુભાઈ! ભારે માર્ગ ભાઈ! અરે! જેને સાંભળતા મીણા ચડે, એના અનુભવમાં શું હોય? અને એની પૂર્ણ પ્રાપ્તિનું શું? અને પૂર્ણ પ્રાપ્તિનું કારણ એવું જે દ્રવ્ય એમાં શું? એમાં કેવું છે? આહાહા! સમજાણું કાંઈ?

હવે અમારે કરવું શું? પણ આ બધી આવડી મોટી વાત કરીને. ભઈ! શું કહેવાય છે? એ પૂર્ણ આનંદસ્વરૂપ આત્મા છે એની તું દૃષ્ટિ કર, એનો આશ્રય કર, ત્યારે તારું કલ્યાણ શરૂ થાય. નહીંતર કલ્યાણ શરૂ થતું નથી. સમજાણું કાંઈ? કરના-ધરના યે હૈ. ..... પંડિતજી કહેતા હતા ત્યાં આગ્રા. કોણ રામચંદ્રજી? બાબુલાલ. બડે આનંદકી બાત હૈ મહારાજ! કરના-ધરના કુછ નહીં, આનંદકી બાત. વાત આ કે કાંઈ કરું, આમ કરું, રાગ કરું ને પુણ્ય કરું ને ક્રિયા કરું, આ કરું. પણ એ કરવું તો મિથ્યાત્વભાવ છે. કરના કરના હોગા. રાગ ને ક્રિયાનો જડનો કર્તા થાય તેને ભગવાન તો મિથ્યાદૃષ્ટિ મૂઢ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા! આનંદમૂર્તિ ભગવાન આત્માની શ્રદ્ધા ને સ્થિરતા કરના એ કરવું, એ જીવવું છે. જીવનું જીવન વધે છે એમાં. આહાહા! સમજાણું કાંઈ?

**સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો એવા આ પરમાત્મતત્ત્વ** જે ત્રિકાળી ભગવાન આત્મા એને હું–પોતે આત્મા, આહાહા! નિત્ય નમું છું. મારી વર્તમાન દશા દ્રવ્ય તરફ–ધ્રુવ તરફ જ ઝુકેલી છે. મારી વર્તમાનદશા, ધર્મી કહે છે, મારી વર્તમાનદશા ધ્રુવ તરફ ઢળેલી છે. વ્યવહારના વિકલ્પ ને નિમિત્ત તરફથી ખસી ગઈ છે. ...... નથી. હા, નથી. ટોડરમલજીને મળ્યું છે. છે પાઠમાં ક્યાંક. નિયમસાર ટીકા સહિત વાંચ્યું છે. શ્રીમદ્‌ને મળ્યું નથી. આ ને પંચાધ્યાયી—બે શાસ્ત્ર મળ્યા નથી. પંચાધ્યાયી. અત્યારે બધું તો બહાર ઘણું આવ્યું છે. ભગવાનની મૂડી બધી ઘણી બહાર આવી છે. આહા! હવે એને ભોગવવી એ તો એનું કામ છે. આહાહા! યે ખજાના લૂંટના હૈ. આહાહા! આહાહા!

એકવાર એવો વિચાર આવ્યો હતો કે અરે! આ પુણ્યનો જોગ ન હોય, સ્ત્રી હોય બાર વર્ષની, રાંડી હોય... રાંડે છેને ૧૨ વર્ષે. તમારે.. જોઈ હતીને. આ શું કહેવાય? ડેલામાં. બાર વર્ષના છોડી છે વિધવા. એ પહેલા તો એવું હતું. બાર વર્ષની હોય, રાંડી હોય. મારે બીજું કહેવું હતું. એ બાર વર્ષની કન્યા હોય શરીરની સ્થિતિ, રાંડેરાંડ હોય, મા-બાપ મરી ગયા હોય, કોઈ ન

હોય, શરીર પણ સરખું કાળું હોય, ખાવાના સાધન ન હોય, પણ જો એને આત્મા શું ચીજ છે એનું ભાન થયું હોય તો એ મોટો બાદશાહ ભગવાન છે. સમજાણું કાંઈ? એ સુખી છે, એને દુઃખી ન કહો. સમજાણું કાંઈ?

અને આ બધા પૈસાવાળા, કરોડો રૂપિયા, મોટા બંગલા–હજીરા છ-છ લાખ ને દસ લાખ ને ચાલીસ લાખના, એમાં પડ્યા એને સુખી ન કહો. એ સુખી નથી. આહાહા! એ રાગના વિકલ્પની એકતા માનનારાઓ દુઃખી છે ભાઈ! એટલી સગવડતાના સંસ્કારમાં દેખાય છતાં એ દુઃખી છે. બરાબર હશે? આ તમારો ન્યાલ દુઃખી? ત્યાં શું કરવા ગયા હતા તમે? દુઃખ જોવા ગયા હતા? આહાહા! કહે છે, જેને આત્મભાન–સમ્યગ્દર્શન છે, પરમાત્મા જેને પીછાણમાં અંતરમાં આવી ગયો છે, એ ભલે શરીર કાળું, વિધવા બાઈ હોય, ધણી મરી ગયો, દીકરો એકેય નહીં, મા-બાપ મરી ગયા, દુકાન છે નહીં, કોઈ પૈસા મૂકી ગયું નથી.. આહાહા! મજૂરી થોડી કરી ચાર-આના રળી આઠ-આના... હવે મોંઘુ થઈ ગયું, પહેલા બે આના હતા. એકલો રળીને રોટલો કરીને ખાય, એ સુખી છે. આત્માનું સમ્યક્ થયું, આત્માનો સ્વીકાર થયો, એ સુખી છે. અને અજ્ઞાની અબજોપતિ ને બહારના સાધનના ઢગલા, એ પુણ્યના વિકલ્પને પોતાનો માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ મોટો દુઃખી છે. મલુકચંદભાઈ! આહાહા!

પછી ધોળા પિંડલા જેવા શરીર હોય માખણ જેવા રૂપાળા, દીકરાઓ મોટા પાંચ-છ જોધા જેવા અને બંગલા હોય ચાલીસ-ચાલીસ લાખના, (છતાં) મૂઢ દુઃખી છે. એને સુખી કહેનારા મૂઢ છે. એય, ચંદ્રકાંતભાઈ! આહાહા! જેને સમ્યગ્દર્શનમાં આત્માનો ભેટો થયો, પરમેશ્વર જેને મળ્યા ઘરે, હવે એને શું ખામી છે? એ શેઠ! કેવળજ્ઞાન પામીને મુક્તિ હોગી.. હોગી ને હોગી. ભલે વર્તમાન દુઃખી હોય, વિધવા હોય. આહાહા! બાર વર્ષની કન્યાને જોઈ હતી ચેલામાં. નાની ઉંમરમાં પરણાવી ને નાની ઉંમરમાં વિધવા. ..... બહારથી તો બીજા લગ્ન ન કરે. પહેલાં તો એવું હતુંને. હવે તો એવું કાંઈ નથી. હવે તો તરત પુનર્લગ્ન કરે. બધી વાત, આવી લાઈન બદલી ગઈ. પહેલી તો એવી બાર વર્ષની હોં. ... ફેરફાર થઈ ગયો. એ વખતે હતું ચેલામાં બાઈ કો'ક. દરવાજામાં. ...ની દીકરી હતી. એને બતાવી હતી, અમે વહોરવા ગયા હતાને. એ વિધવા બાઈ છે બિચારી.

એમ ન જો. એનું આત્માનું એને ભાન છે કે નહીં એ ઉપર એની વાત છે. સમજાણું કાંઈ? એને ભગવાનનો સ્વીકાર છે કે નથી, જેને રાગ ને પર્યાયનો પામરતાનો સ્વીકાર છે કે નથી—એ ઉપર આખું ... છે. અહો! **એવા આ પરમાત્મતત્ત્વને હું**–પોતે આત્મા **નિત્ય નમું છું**. કોઈ સમય મારા સ્વભાવ સન્મુખની દૃષ્ટિ વિનાનો છે નહીં. આહાહા! એને ધર્મી અને સંયમી અને એને જ્ઞાની કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૯, સોમવાર, તા. ૧૩-૯-૧૯૭૧**
**ગાથા - ૧૧૮, શ્લોક - ૧૮૯, પ્રવચન નં. ૧૨૩**

આ નિયમસાર સિદ્ધાંત છે, એમાં આ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત (અધિકાર). પ્રાયશ્ચિત્તનો અર્થ ચારિત્રનો એક ભાગ છે. આત્માનો અનુભવ–સમ્યગ્દર્શન થયા પછી અંતર ચૈતન્યસ્વરૂપમાં રમણતા, લીનતા, પુરુષાર્થની વિશેષ ઉગ્રતા સ્થિર થવાની, એનું નામ અહીંયા પ્રાયશ્ચિત્ત અથવા ચારિત્ર અથવા વીતરાગમાર્ગનો મોક્ષમાર્ગ કહે છે. નિયમસાર છે ને. (ગાથા) ૧૧૮. '**અનંતાનંત ભવો વડે**' એમ છે પાઠમાં. અનંતાનંત ભવના ઉપાર્જેલા કર્મ, એમ છેને પાઠ? ખરેખર તો અનંતાનંત ભવના કર્મ આત્મા પાસે હોય નહીં. શું? એટલા ન હોય, સિત્તેર કોડાકોડીનો (હોય) બહુ તો સાત ચોવીસી (જેટલો). કર્મની સ્થિતિ સિત્તેર કોડાકોડી (અર્થાત્) સાત ચોવીસી હુઈ. ૧૦-૧૦ કોડાકોડીએ એક ચોવીસી હોં. એથી વધારે કર્મ હોય નહીં. પણ એની પરંપરા અનાદિથી ચાલી આવે છે એ વાત લે છે. સમજાય છે કાંઈ? અનાદિથી અનંતાનંત ભવ વડે ઉપાર્જિત શુભાશુભ કર્મરાશિ... **कर्मसंदोहः** છે ને? **कर्मसंदोहः** (એટલે) કર્મની પેટી. સંદોહ (એટલે) પેટી થાય ત્યાં. સંદોહ (એટલે) પેટી થાય ત્યાં. સંદોહ આવે છે ક્યાંક. તપશ્ચરણ.. તપશ્ચરણથી વિનાશ પામે છે. એ તપશ્ચરણ એટલે? એનો ખુલાસો કરશે. આ અપવાસ કરવા ને ઉણોદરી એ કાંઈ તપ નથી. એ કહે છે જુઓ!

**ટીકા : અહીં (આ ગાથામાં), પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં...** લ્યો, આમ તો પહેલી આ વાત લીધી કે જે આ ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ કારણપ્રભુ દ્રવ્ય–વસ્તુ ત્રિકાળ એ તો પ્રસિદ્ધ છે, કહે છે. જેમ સિદ્ધ પ્રસિદ્ધ છે, એમ ભગવાન આત્મા દ્રવ્ય–વસ્તુ ધ્રુવ અવિનાશી એનો ભાગ, એ અવિનાશી વસ્તુ પ્રસિદ્ધ છે.. પ્રસિદ્ધ છે. એવા શુદ્ધ કારણપરમાત્મતત્ત્વમાં... ભારે! આ શરીર, વાણી, મન તો નહીં, પુણ્ય-પાપના વિકલ્પો જે દયા, દાન, વ્રત, રાગ આદિ એ તો નહીં, પણ એક સમયની રાગને જાણવાની પર્યાયનો ક્ષયોપશમભાવ એ પણ નહીં. ત્રિકાળી કારણપરમાત્મા શુદ્ધ કારણપરમાત્મા.. ત્રિકાળી ધ્રુવ નિત્ય શુદ્ધ કારણપરમાત્મા એવું જે તત્ત્વ, એમાં **સદા અંતર્મુખ રહીને...** સદા–નિરંતર એ વસ્તુ તરફની અંતર દૃષ્ટિ કરીને... આરે! આવો ધર્મ. એમાં શું સમજે? વસ્તુ છે આત્મા, તો વસ્તુમાં વસેલા અનંત ગુણો છે. એ અનંત ગુણોનું પિંડ–પુંજ પ્રભુ આત્મા એને, અહીંયા શુદ્ધ કારણપરમાત્મા આ આત્માને કહ્યો છે. સમજાણું કાંઈ?

એ **શુદ્ધ કારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને** (અર્થાત્) નિરંતર દ્રવ્યસ્વભાવ સન્મુખ થઈને... **જે પ્રતપન તે તપ પ્રાયશ્ચિત્ત છે...** એવો જે અંતરમાં ત્રિકાળી કારણપરમાત્મા અપના નિજસ્વભાવ એમાં એકાગ્રતા–સન્મુખતા.. નિમિત્ત, રાગ ને એક (સમયની) પર્યાયની વિમુખતા અને ત્રિકાળી વસ્તુની સન્મુખતા, એ દશાને પ્રતપન (અર્થાત્) ઉગ્ર અંદર વિશેષે તપ્યો,

ઉજ્જ્વળ દશા થઈ, એને તપ કહે છે, એને તપ પ્રાયશ્ચિત્ત કહે છે. આહાહા! તપની વ્યાખ્યા તો જુઓ! આ કહે, અપવાસ કર્યો આઠમનો. ઓલા કહે, જાઓ, થઈ ગયો તપ. તપ કર્યા ને 'તપસા નિર્જરા'

શ્રોતા : એ નાનો તપ ને આ મોટો તપ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય નથી. તપ હતો કે દિ' એ? બાહ્યતપ તો, આ અંતર કરે ત્યારે એને બાહ્યતપ કહેવાય. એવી વાત છે. આવી વાત.

વીતરાગસ્વરૂપ એવું છે. એનો અંતર સ્વભાવ અનંત આનંદ, અનંત જ્ઞાન બેહદ સ્વભાવ, એક-એક શક્તિ બેહદ સ્વભાવી, એવી અનંતી અપરિમિત શક્તિનું માપ ન મળે અનંતાનંત શક્તિઓ, આહા! એવી જે શક્તિરૂપ તત્ત્વ–સત્ત્વ એને અહીંયા શુદ્ધ કારણપરમાત્મા કહેવામાં આવે છે. આહાહા! આ તો જેને આત્માનું કલ્યાણ કરવું હોય, પેઢી–દુકાન સંસારની ઉઠાવવી હોય, એની આહીં વાત છે. જેમાં સંસારનો રાગ જ નથીને, જેમાં એક સમયની વર્તમાન પ્રગટ દશા પણ નથી. આહા! સમજાણું કાંઈ? એવું તત્ત્વ આત્મા વસ્તુ, અનંત શક્તિઓ–ગુણથી વસેલી વસ્તુ, એ કારણપરમાત્મા શુદ્ધ પ્રસિદ્ધ છે કહે છે. એ તો અનાદિનું પ્રસિદ્ધ જ સ્વરૂપ છે. આહાહા! સમજાય છે કાંઈ? એમાં તપન–પ્રતપન (અર્થાત્) અંતર્મુખ રહીને વિશેષ નિર્મળતાની દશા ઉત્પન્ન થાય, વીતરાગી નિર્દોષ આનંદાદિ દશા (થાય) એને અહીંયા પ્રતપન–તપ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહાહા!

અનશન, ઉણોદરી, વૃતિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ (આદિ) આવે છેને બાર (તપ)? એ બહારનું પ્રાયશ્ચિત્ત તપ કોને કહેવું, એની વ્યાખ્યા છે આ. અનશન, ઉણોદરી, વૃતિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રતિક્રમણ એ છ બાહ્ય. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સજ્ઝાય, ધ્યાન ને વ્યુત્સર્ગ એ છ અભ્યંતર. પણ હવે એ પ્રાયશ્ચિત્ત જે અભ્યંતર તપ છે, એ પ્રાયશ્ચિત્તની સ્થિતિ શું? પ્રાયશ્ચિત્ત તપ કહેવું કોને? આહાહા!

કહે છે કે એ ભગવાન આત્મા... પહેલું કહી ગયા છે કે પ્રાયશ્ચિત્તસ્વરૂપ જ આત્મા છે. પ્રચુરપણે જ્ઞાનની ઉત્કૃષ્ટ દશાવાળું એ તત્ત્વ છે. એમાં એકાગ્રતા, ઊંડે ઊંડે એકાગ્રતા થઈ અને જે નિર્મળ વીતરાગી નિર્દોષ આનંદ દશા આવી શોભે–તપે–પ્રતપે, જાજ્વલ્યમાન શુદ્ધતા જ્યાં પ્રગટ થાય ત્રિકાળી આત્મદ્રવ્યના અંતર્મુખના આશ્રયે, આહાહા! એને તપ પ્રાયશ્ચિત્ત કહે છે. લ્યો, અભ્યંતરનો પહેલો આને તપ પ્રાયશ્ચિત્ત કહે છે. કંઈ દોષ લાગ્યો હોય ને પ્રાયશ્ચિત્ત લેવું એ બધું બાહ્ય વિકલ્પ પુણ્યબંધનું કારણ છે. એ તપ નહીં. આહા! પ્રાયશ્ચિત્ત એ તપ નહીં. પ્રાયશ્ચિત્ત તપ તો આને કહીએ કે જે ભગવાન આત્મા પૂર્ણાનંદ નાથ કારણપ્રભુ પ્રસિદ્ધ, 'છે' એવો પ્રસિદ્ધ છે કહે છે, એમ કહે છે. પ્રસિદ્ધ છેને, સત્તા છેને? એવો પ્રસિદ્ધ શુદ્ધ કારણપરમાત્મતત્ત્વમાં

અંતર્મુખની દૃષ્ટિ નિરંતર રહેવી અને એનાથી ઉત્પન્ન થતી નિર્મળ વીતરાગીદશા એને પ્રાયશ્ચિત્ત તપ, સત્યતપ એને કહેવામાં આવે છે. શબ્દોય સાંભળ્યા ન હોય. મૂલચંદભાઈ!

અપવાસ કરો, અઠ્ઠમ કરો, શું કહેવાય આ તમારે? રત્નત્રય. ત્રણ રત્નત્રય કરો. રત્નત્રયના ત્રણ અપવાસ આવેને. સોળ કરો, આઠ.. ભાઈ! એ બધી વ્યવહારની વાતો છે. વિકલ્પ આવે ત્યારે એ સ્થિતિ રાગની મંદતાની ઉભી થાય, એટલું. એ વસ્તુ નથી, એ તપ નથી, એ પ્રાયશ્ચિત્ત નથી. સમજાય છે કાંઈ? એ ધ્યાન નથી. પ્રાયશ્ચિત્ત ને તપ ને ધ્યાન તો આને કહીએ, એમ કહે છે. આહા! જેમાં માલ પડ્યો છે આખો. સમજાય છે કાંઈ? એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પ્રભુ અનંતી-અનંતી સિદ્ધપર્યાયનો સ્વામી, અંદરમાં–એના ગર્ભમાં–આત્માના ગર્ભમાં–પેટમાં–સ્વભાવમાં અનંતા સિદ્ધ પડ્યા છે કહે છે. સમજાણું કાંઈ? સિદ્ધની દશા એક થાય, બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી—એમ અનંતી સિદ્ધની દશા થાય છેને. એ બધા અંદર આત્માના ગર્ભમાં–પેટમાં છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, એવો ભગવાન આત્મા નિરંતર દૃષ્ટિનો એને વિષય બનાવી અને એમાં પ્રતપન થવું, ઉગ્રતાપણે અંદર લીનતા થવી, એને તપ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહાહા! કહો, શેઠ! આવું તો સાંભળ્યું નહીં હોય કોઈ દિ' આવું તપ પ્રાયશ્ચિત્ત. આનું નામ ચારિત્ર છે, એનું નામ પ્રાયશ્ચિત્ત તપ છે, એનું નામ મોક્ષનો માર્ગ છે, એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહીએ. નિયમસાર છે ને. એના પેટાભેદો આ બધા વર્ણવ્યા છે. આહાહા! **અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને...** એમ પ્રતપન છેને! **પ્રતપવું** એટલે **પ્રતાપવંત વર્તવું.** પોતાનો જ પ્રતાપ પ્રસિદ્ધ થાય અંદરમાં, રાગાદિની હાની થાય અને નિર્મળ શાંતિની પ્રતાપદશા પ્રગટ થાય, અવિકારી ઉપશમરસ, આનંદરસ ઉત્પન્ન થાય, એને અહીંયા તપ કહે છે. **અને એ તપ પ્રાયશ્ચિત્ત છે એમ કહ્યું છે.** એમ તીર્થંકરો સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવે એને તપ કહ્યું છે. કહો, સમજાણું આમાં?

આ નવની સાલમાં આવ્યા હતાને? મોટા(ભાઈ), શું? તોલારામજી. અહીં નવની સાલમાં આવ્યા હતા. શું કહેવાય? આખી–સ્પેશ્યલ રેલ. સ્પેશ્યલ આવી હતીને અહીં પાંચસો માણસની. શેઠ આવ્યા હતા એમાં, તોલારામ હતા, ગજરાજજી હતા. ત્રણેય હતા. ગજરાજજી હતા, તોલારામ હતા, વચ્છરાજજી હતા. પાંચસો માણસ આવ્યું હતું. તોલારામ અહીં બેઠા હતા. એક માણસ હતો કોઈક, ત્યાંનો લાડનુનો કોઈક હતો. કહે, શેઠ! પૂછો મહારાજને. 'તપસા નિર્જરા' શાસ્ત્રમાં આવે છેને? તત્ત્વાર્થસૂત્રમાં આવે છેને. 'તપસા નિર્જરા.' એ તપસા નિર્જરા. એ જુવાન માણસ હતો. એ પછી આવ્યો... ૫૦૦ સાથે હતો. કોઈક જાતી હતીને સ્પેશ્યલ. બાહુબલી જાતી હતી, બાહુબલી. ત્રણેય ભાઈઓ ભેગા થયા હતા ત્યારે. તોલારામજી, વચ્છરાજજી અને ગજરાજજી. એણે પૂછ્યું હતું તોલારામને કે શેઠ! પૂછો. એમાં–ત્રણ ભાઈઓમાં ગજરાજજીની

બુદ્ધિ વિશેષ હતી. પણ પરિચય રહ્યો નહીં. એમને એમ રળવું.. રળવું.. રળવું અને માન છોડવું નહીં. વયા ગયા.

એણે પૂછ્યું કે 'તપસા નિર્જરા' શાસ્ત્રમાં કહી છેને? પૂછો. આ તપસ્યા કરવી, અપવાસ કરવા—એ નહીં? ના, એ નહીં. એ તો નિમિત્તનું કથન છે. અંતરમાં આત્મામાં અંતર ઊંડે ઉતરીને સ્થિર થવું, રમણતા કરવી, વીતરાગતા પ્રગટ કરવી, એનું નામ તપ છે. ભગવાન ત્રિલોકનાથે એને તપ કહ્યો છે. ભારે બેસવું કઠણ જગતને. રસ્તે ચડાવી દીધા છેને બહાર. અપવાસ એક કરે, પાંચ કરે ને આઠ કરે ને દસ કરે ને વીસ કરે. પછી ઉજવે બે-પાંચ, દસ-વીસ હજાર ખરચીને એના પ્રમાણમાં–એની સ્થિતિના પ્રમાણમાં આહાહા! તપ કર્યો અને ઉજવ્યો પણ ખરો પાછો. ક્યાં ગયા જુગરાજજી? ન્યાં બેઠા છે.

આ ગૃહસ્થ લોકો તપ કરે ને પછી ઉજવે પૈસા ખરચીને. એ તપ નહીં, ઉજવે તો આ અંદર, કહે છે. અંદર ઉજવણી.. ઉજવણી.. તપ થયો અંદર. એ આનંદમૂર્તિ ભગવાન આત્મા એમાં એકાગ્ર થઈને જે ઉજ્જ્વળતા પ્રગટ કરી એણે તપ કર્યો અને એણે તપને ઉજવ્યો. કોની પ્રભાવના? આત્મામાં થાતી હશે કે બહારમાં? કોણ કરતો હતો બહારમાં? એ તો શુભવિકલ્પ હો અને બહારનું બનવાનું હોય તો બને. એની સાથે શું સંબંધ છે? એ વિકલ્પ પણ બંધનું કારણ છે. એ પ્ર-ભાવના—પ્ર–વિશેષે... આવશે જુઓ અંદર. સમજાણું કાંઈ? ઓલામાં આવશે પછી. ભાવમાં આવશે. ઓલામાં આવશે ૧૧૯માં આવશે. **ભાવોનો અભાવ**... ભાવ.. ભાવનો અભાવ.. એમાં આવે છે. **પારિણામિકભાવની ભાવનાથી**... એ બીજી લીટી છે અહીં. ૧૧૯માં. ૧૧૯માં બીજી લીટી છે. બીજો પેરેગ્રાફ. '**પરમારિણામિકભાવની ભાવના**' એમાં બધું સમાડી દીધું છે. આહાહા! આવશે. એ તો બહુ સરસ ગાથા છે. ૧૧૯, ૧૧૯.

**અનાદિ સંસારથી જ ઉપાર્જિત...** એનો અર્થ કર્યો ઓલો 'અનંતાનંત ભવનો.' પાઠમાં છેને **णंताणंतभवेण...** એનો (અર્થ) **અનાદિ સંસારથી ઉપાર્જિત**... અનાદિથી નિરંતર ઉપાર્જે છેને રાગ-દ્વેષ.. રાગ-દ્વેષ.. રાગ-દ્વેષ ને કર્મ, એમ. ભલે એની પાસે અમુક મુદતના હોય, પણ પરંપરાના રસવાળા એમને એમ છેને, એમ કહે છે. કોઈ દિ' રસ તુટ્યો નથી. રસ તોડ્યો નથી કોઈ દિ'. એમને એમ પ્રવાહ ચાલ્યો આવે છે. મિથ્યાત્વનો રસ ને મિથ્યાત્વનો ભાવ અનાદિથી નિત્ય નિગોદમાંથી એમ છે. આહીં તો દ્રવ્યસ્વભાવ ભગવાન પણ અનાદિથી સમીપ પડ્યો જ છે. એને ભૂલીને અનાદિથી રાગ-દ્વેષના ભાવ ને દુઃખ ઉત્પન્ન કરે છે એમ કહે છે.

**અનાદિ સંસારથી જ,** એમ. એટલે કે સંસાર નવો અંદરમાં થયો છે એમ છે નહીં. અનાદિ.. અનાદિ.. વસ્તુ જેમ ભગવાન અનાદિ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એમ પર્યાયનો વિકાર મિથ્યાત્વનો એ અનાદિનો છે એમ કહે છે. **દ્રવ્યભાવાત્મક શુભાશુભ કર્મો..** દ્રવ્યકર્મ નામ જડ, ભાવકર્મ શુભ-અશુભ પરિણામ. એનો જે સમૂહ... **સંદોહ** કીધોને? **સમૂહ—કે જે પાંચ પ્રકારના**

**સંસારનું સંવર્ધન કરવામાં સમર્થ છે...** આહાહા! કહે છે કે પુણ્ય ને પાપના વિકલ્પો અને પર્યાય જેટલો હું એવો જે મિથ્યાત્વભાવ—એ અનાદિથી ભાવમિથ્યાત્વ અને દ્રવ્યમિથ્યાત્વ–દર્શનમોહ જડકર્મ—બે. **જે પાંચ પ્રકારના સંસારનું વર્ધન કરવામાં સમર્થ છે**... એ મિથ્યાત્વભાવ અને જડકર્મ—બેય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ ને ભાવ (જે) સંસાર પાંચ પ્રકારનો, એ રચવામાં સમર્થ છે. સમજાણું કાંઈ?

**જે પાંચ પ્રકારના સંસારનું**... દ્રવ્યસંસાર આ પરમાણુ એનો સંબંધ, ક્ષેત્ર–દરેક ક્ષેત્રે જન્મવું-મરવું, એમ કાળ એ સમયે-સમયે, ભવ ને ભાવ–શુભ-અશુભભાવ એવા અનંત વાર કર્યા કે જે ભાવ સંસારના સંવર્ધન કરવાને સમર્થ છે. આહાહા! **તે ભાવશુદ્ધિલક્ષણ પરમતપશ્ચરણથી વિલય પામે છે...** બહુ ટૂંકુ વાક્ય. આહાહા! પુણ્ય ને પાપના રાગભાવ અને એટલો હું અને એ મને લાભદાયક—એવો જે દ્રવ્ય ને ભાવ મિથ્યાત્વભાવ, મિથ્યાત્વભાવ અને દ્રવ્ય-દર્શનમોહ બેય પાંચ પ્રકારના સંસારને વધારવાની તાકાત રાખે છે. એવા પાંચ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ ને ભાવ એવા સંસારના કારણરૂપ ભાવ, એને **ભાવશુદ્ધિલક્ષણ**... ભગવાન આત્મા પરમ-આનંદ પ્રભુ એના અવલંબે આનંદની, ભાવની શુદ્ધિ થાય, જેમાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે. આહાહા!

ભાવશુદ્ધિ... અતીન્દ્રિય આનંદભાવમાં પડ્યો છે વસ્તુ, એની એકાગ્રતાથી પર્યાયમાં–દશામાં–હાલતમાં ભાવશુદ્ધિ જેનું લક્ષણ છે એવો પરમ તપસ્યાનો ઉત્પાદ થાય છે. આહાહા! એને પરમ તપસ્યા અને એને મોક્ષનો માર્ગ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **ભાવશુદ્ધિલક્ષણ પરમતપશ્ચરણ**... શું કીધું? પરમ તપસ્યાનું લક્ષણ શું? કે ભાવશુદ્ધિ. પુણ્ય-પાપના વિકલ્પ એ નહીં. વીતરાગી શુદ્ધિ અંતરથી અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ થાય એ ભાવશુદ્ધિ, તપનું લક્ષણ છે. આહાહા! ભારે ભાઈ! સમજાણું કાંઈ? ભાવશુદ્ધિલક્ષણ... એને તપશ્ચરણ કહીએ કે જેમાં ભગવાન આનંદમૂર્તિ પ્રભુ ધ્રુવ કારણપરમાત્મા એની સન્મુખ થઈને જે એકાગ્રતા પ્રગટ થઈ અને એ એકાગ્રતામાં વીતરાગી શુદ્ધોપયોગ પ્રગટ થયો, એને પરમતપશ્ચરણ કહેવામાં આવે છે. એનાથી, ઓલો અનાદિનો મિથ્યાત્વનો ભાવ ને દર્શનમોહ આ ભાવથી નાશ પામે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

કેવી ટીકા છે જુઓને! આ આકરું લાગે વ્યવહારવાળાને, વ્યવહારના આગ્રહીને. વ્યવહારથી બંધ થાય. આનાથી નિર્જરા થાય કહે છે. વ્યવહારતપ છે એ વિકલ્પ છે, આ કર્યું, એ તો બંધનું કારણ છે, એ તો પુણ્યબંધનું કારણ છે. એમાં લાભ માને તો મિથ્યાત્વનો બંધ સાથે થાય છે.

શ્રોતા : બંધ તો ઠીક, પણ સાથે... મિથ્યાત્વ છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : મિથ્યાત્વ છેને પણ એમાં. એની દૃષ્ટિ તો ત્યાં છે. અહીં દ્રવ્યસ્વભાવ એમાં અટવાયો નથી. ત્રિકાળી ભગવાન આનંદમૂર્તિ એમાં તો આવ્યો નથી. એની દ્રષ્ટિ પર્યાય, રાગ ને નિમિત્ત ઉપર છે–ત્રણના હારાડામાં છે. હારડા સમજતે હૈં હારડા? હારડા નહીં સમજતે? હારડા. પતાસાના હારડા કરતાને. પહેલા પતાસાના હારડા કરતા. પતાસું હોયને પતાસું. પતાસું વચ્ચે દોરી નાખે, ડોકમાં નાખતા હારડા. જૂની રૂઢીમાં હતું. અત્યારે નથી, પહેલા હતું ઘણા વર્ષ પહેલા. આહાહા!

કહે છે, બહુ જ ટૂંકામાં ઘણું સત્યનું રહસ્ય (ખોલ્યું છે). પરમાત્મા પોતે ત્રિકાળી ભગવાન આત્મા... હવે ત્રિકાળી ભગવાન પોતે, હજી એની ખબર પડતી નથી. હું ભગવાન? આહાહા! એ ભગવાન પોતે ત્રિકાળ.. (ભગવાન)—ભગ નામ જ્ઞાન ને આનંદની લક્ષ્મી, જેનું વાન નામ રૂપ છે. જ્ઞાન ને આનંદ એવી જેની લક્ષ્મી છે એવો જે ભગવાન આત્મા નિત્યાનંદ નિધાન, જેની ખાણમાં અનંતા-અનંતા આનંદ અને અનંત-અનંત જ્ઞાન પડ્યા છે, એવા દ્રવ્યમાં અંતર દૃષ્ટિ કરીને શુદ્ધતા પ્રગટ કરે, પુણ્ય-પાપ તે અશુદ્ધ છે, આવી શુદ્ધતા પ્રગટ કરે એને ભાવશુદ્ધિલક્ષણ તપ કહેવામાં (આવે છે). તપ લક્ષ્ય છે, ભાવશુદ્ધિ એનું લક્ષણ છે, એમ કહે છે.

એ તપસ્યાનું લક્ષણ શું? તપસ્યા–તપનું લક્ષણ શું? લક્ષણ હોયને બધાના લક્ષણ? લક્ષણથી ઓળખાય. ત્યારે કહે, પરમતપશ્ચરણનું લક્ષણ શું? કે ભાવશુદ્ધિ. આહાહા! ભાવશુદ્ધિ એટલે શું? આહાહા! કે ત્રિકાળી દ્રવ્યને આશ્રયે વીતરાગદશા પ્રગટ થાય તે ભાવશુદ્ધિ. જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઉગ્રપણે આવે, અતીન્દ્રિય આનંદનો ઉગ્રપણે સ્વાદ આવે એવી તપસ્યા એનું લક્ષણ ભાવશુદ્ધિ. આહાહા! નિશ્ચય સત્ય તો જાણે કોઈ ચીજ જ નહીં અને આ વ્યવહાર આ કર્યા ને તે કરવા. આહા! અરે પ્રભુ! પરમાત્માનો અંદર મોટો અનાદર થાય છે. હવે એનો અનાદર કર્યે જે કરવું હોય એ કર. રખડવા માટે છે એ બધું. **(ભાવશુદ્ધિ જેનું લક્ષણ એવા) પરમતપશ્ચરણ**... જેનાથી અનાદિથી ભ્રમણા ને અજ્ઞાન ઉપાર્જેલું છે એનો નાશ થઈ જાય છે. આહાહા! આવી તપસ્યાથી નિર્જરા થાય એમ કહે છે, લ્યો. સમજાણું કાંઈ?

**તેથી સ્વાત્માનુષ્ઠાનનિષ્ઠ...** આહાહા! અરે! નિધાન બહાર આવ્યા નિયમસાર જેવા શાસ્ત્રો. કહો! કેટલાય વરસથી ક્યાંય પડ્યું હતું. શીતલપ્રસાદના હાથમાં આવ્યું જયપુરમાં.. જયપુરમાં.. એ શું કહેવાય? ભંડાર. જયપુરના ભંડારમાંથી હાથ આવ્યું. આવું નિધાન ચીજ પુસ્તક બહાર નહોતું. ટોડરમલના હાથમાં હતું. પણ એ તો જયપુર હતાને. મોક્ષમાર્ગપ્રકાશમાં આવે છે. નિયમસાર મોક્ષમાર્ગપ્રકાશના પહેલા ભાગમાં. પછી હાથમાં... શીતલપ્રસાદે અર્થ કર્યા એની દૃષ્ટિ પ્રમાણે. પણ બહાર આવ્યું આ, એટલી વાત છે. પ્રકાશમાં આવ્યું. એમાં અહીં થયું આપણે હિંમતભાઈથી અર્થ ગુજરાતીમાં. કહો, સમજાણું કાંઈ? આહાહા!

કહે છે, **તેથી સ્વાત્માનુષ્ઠાનનિષ્ઠ**... ભાષા તો જુઓ! સ્વ-આત્મા, પાછો પર-આત્મા ભગવાન–પરમાત્મા નહીં. સ્વ-આત્મા પોતાનો ત્રિકાળી ભગવાન આત્મા એના અનુષ્ઠાનમાં નિષ્ઠ–એના આચરણમાં લીન. આહાહા! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એના **આચરણમાં લીન...** એના આચરણમાં લીન... આહાહા! તે પરમતપશ્ચરણ... એવું **પરમતપશ્ચરણ જ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે.** એને જ ભગવાને સાચું–નિશ્ચય પ્રાયશ્ચિત્ત કહ્યું છે. આહાહા! હજી સમજણમાં પણ ન આવે, જેને હજી સમજણની ધારામાં આ વાત ન આવે, એને અંતર્મુખ થવું અને લીનતા પ્રગટ કરવી, અલૌકિક વાત છે. દુનિયાને તો એવું લાગે આ નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. નિશ્ચય, સમ્યક્ એકાંત એ જ નિશ્ચય છે. વ્યવહાર-ફ્યવહાર અંદર હો, નિષેધ છે, આદરણીય છે નહીં. છે ખરો, હા, વ્યવહાર હોય છે ખરો. હોતા હૈ તો આખી દુનિયા છે, એમાં શું? એ ત્રિકાળી વસ્તુ નથી.

કેટલી વાત કરી જુઓને! ઓહોહો! સ્વ-આત્મ અનુષ્ઠાનનિષ્ઠ... નિજ આત્મા એનું અનુષ્ઠાન, જુઓ! આચરણ. ભગવાન પરમાત્મસ્વરૂપ આત્મા ત્રિકાળી એનું આચરણ, એમાં રમણતા, જ્ઞાન આચરણ, દર્શન આચરણ, ચારિત્ર આચરણ, આનંદ આચરણ, તપ આચરણ. આવે છેને પાંચ? એમ પાંચેય આચરણ. આહાહા! પાંચ આચરણ આવે છેને, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર. તપાચાર, આ તપાચાર. આહાહા! **વિલય પામે છે, તેથી...** આવા નિજ આત્માના આચરણમાં લીન એવું **પરમતપશ્ચરણ એ જ શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે**... એને સાચું પ્રાયશ્ચિત્ત પરમેશ્વરે કહ્યું છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન ઇન્દ્રોની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં આમ કહેતા હતા. આહાહા! સમજાણું કાંઈ?

ગોટો તપમાં આ ગોટો. હમણાં એક છેને આપણે વેજળકાનો, નહીં? શું નામ? વડોદરા, ચંદુભાઈ. જુવાન છોકરા રસવાળા છે. હમણા એવા કેટલાક પાક્યા છે. ઘાટકોપર પાંચ-છ છોકરા છે, વડોદરામાં ન્યાં દરજીના દીકરા છે બે. દરજી સમજે? સઈ. એના છોકરાઓ છે માળા.. આ રસવાળા હોં વૈષ્ણવ અન્યમતી. એવા રસવાળા. આપણા ભાઈ લ્યોને શશીભાઈ. કાલ આવ્યા હતા. શશીભાઈ વૈષ્ણવ મોઢ. કેટલો એને રસ છે! કાલ વખાણ કરતા હતા જયંતિભાઈ. જયંતિભાઈ આવ્યા હતાને. આહા! અમે જૈન પહેલેથી અને આ વૈષ્ણવ. અમને થંભાવી દે છે સાંભળવા.... આત્મા વિષ્ણુ કહાં હૈ? આત્મા ચંડાળ કહાં હૈ? આત્મા સ્ત્રી-પુરુષ કહાં હૈ? આત્મા નપુંસક કહાં હૈ? આત્મા તો ભગવાન ત્રિલોકનાથ ચિદાનંદ હૈ.

**હવે આ ૧૧૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :** બહુ સરસ! વાત એ છે. આ મોક્ષની વાત છે. ભગવાન આત્મા અંદર વસ્તુ છે એ મુક્તસ્વરૂપ જ છે. જેને નિમિત્ત સાથે કાંઈ સંબંધ નથી. દ્રવ્યને સંબંધ શું હોય? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દ્રવ્યનેય નથી. એ તો એક સમયની પર્યાય ને કર્મના ઉદયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ આહીં તો પર્યાય જ જ્યાં નથી, ત્યાં પછી નિમિત્ત સંબંધ રહ્યો ક્યાં? એવો જે ભગવાન પૂર્ણસ્વરૂપ,

મુક્તસ્વરૂપ, બસ મુક્તસ્વરૂપનો આશ્રય લઈને જે મુક્તિનો માર્ગ પ્રગટ થાય એને તપસ્યા, એને પ્રાયશ્ચિત્ત ને એને ચારિત્ર કહે છે. એને સમ્યગ્દર્શન, એને જ્ઞાન ને એને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? બીજા માને-ન માને, આકરૂં લાગે, એકાંત માને, (પણ) માર્ગ તો આમ છે ભાઈ! સમજાણું કાંઈ? ટીકા. ૧૮૯ કળશ.

**प्रायश्चित्तं न पुनरपरं कर्म कर्मक्षयार्थं**

પહેલી લીટીએ કહ્યું. આ પ્રાયશ્ચિત્ત કહ્યું એ સિવાય કોઈ કાર્યથી કર્મનો ક્ષય થાય એમ ત્રણ કાળમાં છે નહીં. આહાહા!

**प्रायश्चित्तं न पुनरपरं कर्म कर्मक्षयार्थं**
**प्राहुः सन्तस्तप इति चिदानंदपीयूषपूर्णम् ।**
**आसंसारादुपचितमहत्कर्मकान्तारवह्नि-**
**ज्वालाजालं शमसुखमयं प्राभृतं मोक्षलक्ष्म्याः ॥१८९॥**

પ્રાભૃતનો અર્થ 'ભેટણું' થાયને? દહેજ કીધું. દે એને દહેજ. આ કન્યા પાછળ દહેજ નથી આપતા? શું કહેવાય? કરિયાવર. એ શેઠ! क्या कहते हैं? लग्नमें देते हैं न. દહેજ.. દહેજ.. દહેજ. દહેજકા અર્થ 'ભેટણા' હૈ. ભેટ કન્યાને આપેને કાંઈ? આ પાંચસો તોલો સોનું, આ પચાસ સાડલા, પચાસ કાપડા, પચાસ ફલાણું-ઢીકણું. એને દહેજ કહે છેને દહેજ. આ દહેજ છે આ. મોક્ષલક્ષ્મીનું દહેજ છે–ભેટ છે. આહાહા! ઓલામાં દહેજ લખ્યું છે આમાં–નિયમસારમાં. ટીકામાં પ્રાભૃતનો અર્થ દહેજ કર્યો છે, અહીં પ્રાભૃતનો અર્થ ભેટણું કર્યો છે. આ હમણાં જોયું હોં. આહાહા! કેવો છે તપ? આનંદમૂર્તિ પ્રભુ એમાંથી આનંદને વિકાસ કરીને આનંદના સ્વાદિષ્ટમાં પડેલો જીવ એવો જે તપ. કેવો છે એ તપ? આહાહા!

**અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી કર્મોની મહા અટવીને...** અનાદિકાળથી સંસારથી સમૃદ્ધ થયેલી કર્મની મહાવન અટવી... આહાહા! બાળી નાખવા માટે એવી અગ્નિ... સંસારની મિથ્યાત્વરૂપી (અટવી), કષાયરૂપી (અટવી)... અનાદિથી... અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી, પાછી, એમ. આ પૂરી.. પૂરી સમૃદ્ધિ, અજ્ઞાનની પૂરી રુદ્ધિ. એવી કર્મોની મહા અટવી **બાળી નાખવા માટે** સમર્થ **અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે...** બાળી નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે. કોણ? આ પ્રાયશ્ચિત્ત.

**શમસુખમય છે...** લ્યો! કેવી દશા છે એ તપની? વીતરાગી સુખમય છે. દેખો! આહાહા! સમભાવી સુખમય આનંદમય છે. આહાહા! આને તપસ્યા કહીએ ભાઈ! સમભાવી આનંદ, સમભાવી સુખમય, એમ પાછું. સુખમય છે એ તપ. એ તપસ્યા એને કહીએ કે જેમાં સમભાવી આનંદમય દશા છે. એને તપ કહીએ. આહાહા! શમસુખમય અને **મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે...** એ મોક્ષલક્ષ્મીનું ભેટણું એ તપ, એ તપ દહેજ છે. ભગવાન મોક્ષલક્ષ્મીને પામે છે એનું દહેજ છે,

ભેટ છે. જાઓ..... આહાહા! સમજાણું કાંઈ? કોણ? ઓલો તપ. આનંદસ્વરૂપ ભગવાન એમાં આનંદની દશા પ્રગટ કરી, વીતરાગી આનંદમયદશા એને તપ કહીએ. એ મોક્ષલક્ષ્મી માટેનું ભેટણું છે, એ મોક્ષલક્ષ્મીનું ભેટણું છે. આહાહા! એને મોક્ષરૂપી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

અહીંનું પુસ્તક મોકલ્યા હોય કેટલાક. કહે, અરે! અમે તો વ્યવહારમાં પડ્યા છીએ ક્યાંક. જુગરાજજીએ મોકલ્યા હતા પુસ્તક. જુગરાજજી! વહ નાનાલાલજીકો. ખબર હૈ ન? નાનાલાલને પહેલું મોકલ્યું હતું. એવું સાંભળ્યું હતું. વહ પઢ કર કહે કિ અમે તો વ્યવહારમાં પડ્યા છીએ ભાઈ! પણ વ્યવહારેય ક્યાં હતો? શેઠે મોકલ્યા હતા પુસ્તક. નાનાલાલજી છેને જવાહરલાલજીના શિષ્ય ગણેશલાલના શિષ્ય. આમ શિવલાલજી હતા. શિવલાલજીને તમે જોયા હશે. મોરબી ચોમાસું હતું ૬૮.. ૬૮. શિવલાલજી એના શિષ્ય જવાહરલાલજી, એના શિષ્ય ગણેશલાલજી, એના શિષ્ય નાનાલાલજી. ખબર છેને. બધાને જાણીએ છીએને. શિવલાલજીનું આહીં ચોમાસું હતું મોરબી, ૬૮ સાલ. વહાં ગયે થે.

૬૯માં એનું ચોમાસું હતું જોધપુર. મારવાડ જોધપુર. સંવત ૧૯૬૯. વહાં ભી હમ ગયે થે, આઠ દિન રહે થે. જોધપુર. શિવલાલજીનું ચોમાસુ હતું. બધી વાતું બહારની. તત્ત્વની એકેય ન મળે. .... એને આ પુસ્તક મોકલ્યા હતા શેઠે. પછી આ વાત આવી હતી. કોઈક કહેતું હતું. આ ભાઈ નહીં ઓલો તમારો? રાયપુરનો એક આવે છે. સ્થાનકવાસી રાયપુરના. એ નહીં, આ તો થોડો જુવાન માણસ છે. હા, સુગનચંદ. એને પ્રેમ છે અહીંનો. એ રાયપુરનો છે. કોની સાથે કોનો સંબંધ? શેઠનો સંબંધ લ્યો. શેઠ! તમારા સુગનચંદજી. બહોત આતા હૈ, પ્રેમ હૈ. વહ કહતા થા લ્યો. વહ કહતા થા. નાનાલાલ હૈં ન યહાં. સ્થાનકવાસીકા સાધુ થા. એને શેઠે પુસ્તક મોકલ્યા હતા. ત્યારે સુગનચંદજીને અહીંનો રસ છે. વહ ભી સ્થાનકવાસી હૈ. નાનાલાલકા.... વહ કહે, ઐસે કહતે હૈં કિ હમ તો વ્યવહારમેં પડે હૈં. યે સબ વાત તો નિશ્ચયકી હૈ. હમણા આવ્યા નથી બે વર્ષથી.

આ અમે કરીએ એ અત્યારે ઠીક છે, એમ. અમારે માટે આ બરાબર છે. ત્યારે નિશ્ચય ક્યાં? નિશ્ચય સમકિત કોને કહેવું એની ખબર નથી. આહાહા! નિશ્ચય સાચું સમકિત કોને કહેવું, કેમ થાય, એની ખબરું નથી. અને આખી વાતમાં મોટો ઉગમણો-આથમણો ફેર છે. લોકોને તત્ત્વની સત્યતાની ખબર ન મળે, એમને એમ વાડા હાંક્યા. દિગંબરમાં એમ છે, એને ક્યાં છે? વાડા બાંધી નગ્ન થાય, ક્રિયાઓ કરે, લ્યો થઈ ગયા સાધુ. ધૂળેય સાધુ નથી. આત્મા અંતર પૂર્ણનંદનો નાથ અંદરમાં અનુભવમાં આવ્યા વિના એને સમ્યગ્દર્શન થાય નહીં અને ત્યાં સુધી મોક્ષની શરૂઆતનો અવયવ પણ આવે નહીં. આહાહા! વસ્તુ એવી છે ભાઈ!

કહે છે, એ **શમસુખમય છે**... આહાહા! તપસ્યા તો એને કહીએ, પ્રાયશ્ચિત્ત એને કહીએ, વિનય ને વૈયાવૃત્ય ને ધ્યાન ને સજ્ઝાય એને કહીએ, આહાહા! કે જેમાં શમસુખમય વીતરાગી આનંદની દશા આવે એને તપ ને પ્રાયશ્ચિત્ત એને કહીએ. જે **મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે,** આહાહા! **તે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને...** આહાહા! દેખો તો ખરા! એ તપ એને કહીએ કે જેમાં ચિદાનંદ-જ્ઞાનાનંદ અમૃતથી ભરેલો તપ, એમાં તો જ્ઞાનના આનંદનો રસ છે એને તપ કહીએ. આહાહા! આહીં તો અપવાસ કરે તો થઈ જાય આહાહા.. શુભભાવના ઠેકાણા ન હોય. દુઃખ લાગે, અંદર ભીંસ લાગે તો તો અશુભભાવ છે. એ સાધારણ હોય એને શુભભાવ હોય, મિથ્યાત્વભાવ તો સાથે પડ્યું છે. તેની દ્રષ્ટિ તો ત્યાં છે. આત્મા અખંડ આનંદ છે એનો તો અનાદર છે. આહાહા!

પાઠ છેને! **चिदानंदपीयूषपूर्णम्**... પિયૂષ એટલે અમૃત. જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલો તપ છે એને તપ કહીએ. જ્ઞાનનો જેમાં અતીન્દ્રિય આનંદ આવે. આહાહા! એવા જ્ઞાન.... દુઃખ તો ત્યાં છે નહીં, શુભભાવ તો છે નહીં. આહાહા! **चिदानंदपीयूषपूर्णम्**... એ જ્ઞાનાનંદના અમૃતનું પીણું પીવે છે એ તો. આહાહા! એ અમૃતના ઘૂંટડા પીવે એને તપ કહીએ, કહે છે. સમજાણું કાંઈ? આહાહા! અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એને અંદરથી એકાગ્ર થઈને ચૂસે. કુલ્ફી નહીં ચૂસતે? કુલ્ફી. કુલ્ફી કહતે હૈં ન તુમ? એમ ભગવાન આનંદની-અતીન્દ્રિય આનંદની કુલ્ફી છે. એને ચૂસવું (અર્થાત્) અતીન્દ્રિય આનંદની દશાનું વેદન થવું, એને ભગવાન તપ કહે છે. આહાહા! વ્યાખ્યા સાંભળતા કાયરના તો કાળજા કંપી જાય એવું છે. સમજાણું કાંઈ? અથવા એને મોક્ષમાર્ગ કહે છે. નિયમસાર છેને! એ નિયમસાર એટલે મોક્ષમાર્ગ. જેમાં ચિદાનંદરૂપી અમૃતથી ભરેલી દશા એને મોક્ષનો માર્ગ ને તપ કહેવામાં આવે છે. અરે! આવી મોજુદ ચીજ પડી છે. શાસ્ત્ર મોજૂદ ચીજ છે અને તું મોજૂદ ચીજ છો. અરે! એને સમજવાની દરકાર નહીં, સાંભળવા મળે નહીં અને જિંદગી (ચાલી) જાય. આહાહા! સમજાણું કાંઈ?

**चिदानंदपीयूषपूर्णम्**... તપ તો એને કહીએ (કે જેમાં) જ્ઞાનાનંદની અમૃતની ધારા વેદાય. આહાહા! એવી શૈલી મૂકી છેને! ઓલામાં તો રાગ વેદાય છે, કષાય વેદાય છે. રાગ ને કષાય વેદાય એ તો ઝેર વેદાય છે. એને તપ કહીએ નહીં. આહાહા! શેઠ! આ બધા તમને સુખી કહે છે. ખોટી વાત છે એમ કહે છે. બે ભાઈઓ સુખી છે. મોટા બુંદેલખંડના બાદશાહ. આહીં તો કહે છે, દુઃખી છે. રાગના વેદનારા છે માટે દુઃખી છે, એમ કહે છે. શેઠ! આ આત્માના ભાવને-શુદ્ધ આનંદને વેદે તે સુખી છે. એનો માર્ગ સુખમય છે એમ કહે છે. કંટાળો આવે એમ નથી. મોક્ષનો માર્ગ આનંદમય છે, અતીન્દ્રિય આનંદમય છે. હજી તત્ત્વ આવું છે એને ન માને અને વિપરીત માને એ તો શ્રદ્ધામાં મિથ્યાત્વ ભરેલું છે. આહાહા!

પદ્મપ્રભમલધારિદેવ મુનિ ૯૦૦ વર્ષ પહલે, આહાહા! કામ તો કર્યું છેને! વનમાં ટીકા થઈ છે આ બધી. મુનિઓ તો વનમાં રહેતાને. એને પગરવ–મનુષ્યનો પગરવ એને હોય ક્યાં? આ મોટા શહેરમાં રહેવા. આ (મુનિ) ક્યાં હતા?

શ્રોતા : વનમેં ભય રહતા હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વનમેં ભય રહતા હૈ, એમ શેઠ બચાવ માટે કહે છે. અહીં ગામમાં નિર્ભય રહે છે એમ કહે છે. ઘણાએ મુંડાવ્યું છેને. ઘણાને આણે વહોરાવ્યા હોય કરી કરીને બનાવીને. માર્ગ તો છે એ છે ભાઈ! તું માર્ગ (બીજો) કરે એ કાંઈ માર્ગ કહેવાય? આહાહા! શું પણ કહે છે ને! કેટલી ઉપમા આપી!

**પરંતુ અન્ય કોઈ કાર્યને નહીં**. જુઓ અસ્તિ-નાસ્તિ કરી ભાઈ! એનાથી કહ્યું હતુંને. **नपुनरपरं कर्म कर्मक्षयार्थं...** દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ કે તપ અનશન કર્યો એવો વિકલ્પ આદિ એ કર્મક્ષયનું કારણ બિલકુલ નથી. આહાહા! વ્યવહારરત્નત્રય પોતે બંધનું કારણ છે. એ કાંઇ કર્મક્ષયનું કારણ નથી. ભગવાનની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, અંતર્મુખ ચીજનો વિકલ્પનો ભાવ એ બધોય બંધનું કારણ છે, ક્ષયનું કારણ બિલકુલ નથી, નિર્જરાનું કારણ બિલકુલ નથી. આહાહા! સમજાણું કાંઈ? **અન્ય કોઈ કાર્યને નહીં**. **नपुनरपरं** એમ શબ્દ છે. આકરું લાગે માણસને. આવું તપસ્યા ને આ જ મોક્ષનું કારણ, નિર્જરાનું કારણ? એ સિવાય ભગવાનનો વિનય કરવો (આદિ) એ નહીં? ભગવાનનો વિનય કરવો લ્યો. તીર્થંકરની પ્રતિમાનો વિનય કરવો, અશાતના ટાળવી—એ બધું? એ બધું શુભરાગ છે. કહો, સમજાણું કાંઈ? મૂલચંદભાઈ! આવું છે ભાઈ!

એવા તપને **સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે...** એમ કહ્યુંને. 'સંત' (શબ્દ) છેને અંદરમાં. **सन्तःतप प्राहुः** છેને. બીજી લીટી. **प्राहुःसन्त...** સંતો, ધર્માત્મા, જૈનદર્શનના મુનિઓ–સંતો આને તપ કહે છે. કુંદકુંદાચાર્ય આદિ મહામુનિઓ, મોક્ષના માર્ગે ચાલનારા, મોક્ષમાર્ગને પ્રાપ્ત થયેલા... આવે છેને પ્રવચનસારમાં? પામ્યા છીએ, કૃતકૃત્ય છીએ. આહાહા! એ સંતો આવી તપસ્યાને—જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલું તપ એને—સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે. આ ગુજરાતી છે, પણ આ તો સાદું છે. તમારે તો અહીં બરાબર પાકું થઈ જવું ગુજરાતીમાં. શેઠને હળવે હળવે થાશે. હજી એને શેઠને ન્યાં મોટું માથું... કહો, સમજાણું આમાં? મોટું માથું તો આ કરવા જેવું છે. ભગવાનદાસ શોભાલાલ શેઠ. આ ભગવાનદાસ. આ ભગવાનના દાસ થવાનું છે. એની શોભા છે. લ્યો, બેય આવ્યા. આહા! જુઓને! મુનિરાજ કહે છે, **પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.** બસ. (ગાથા) ૧૧૯ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૧૦, મંગળવાર, તા. ૧૪-૯-૧૯૭૧**
**ગાથા - ૧૧૯, પ્રવચન નં. ૧૨૪**

૧૧૯ ગાથા. નિયમસાર, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત એનો અધિકાર છે.

**अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं ।**
**सक्कदि कादुं जीवो तम्हा झाणं हवे सव्वं ॥११९॥**

અલૌકિક વાત છે.

**આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને,**
**ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.**

એનો પહેલો શબ્દાર્થ–અન્યવાર્થ લઈએ. અન્યવાર્થ છેને. [**आत्मस्वरूपालम्बन-भावेन तु**] **આત્મસ્વરૂપ...** ત્રિકાળી જે ધ્રુવસ્વરૂપ... જે આત્મસ્વરૂપ.. આત્મસ્વરૂપ–જે ત્રિકાળી આત્માનું નિજસ્વરૂપ... જ્ઞાન-આનંદ આદિ ધ્રુવસ્વભાવ એ આત્માનું નિજસ્વરૂપ... લ્યો, પર્યાયને નિજસ્વરૂપ ન લીધું અહીંયા. પર્યાય એક સમયની પલટતી છે–બદલતી (દશા) છે એથી તેને કાયમનું મૂળ સ્વરૂપ ન લીધું. મૂળ સ્વરૂપ ભગવાન આત્મા... **આત્મસ્વરૂપ** એમ શબ્દ છેને? આત્મસ્વરૂપ... ૫૬મી ગાથા (પંચાસ્તિકાય)માં એ આવ્યુંને.

**द्रव्यात्मलाभहेतुकः परिणामः** (એટલે) પારિણામિકભાવ. એમાં શું સમજાય? દ્રવ્ય એટલે વસ્તુ આત્મા, એનો આત્મ એટલે સ્વરૂપ, એનો લાભ એટલે 'છે'. આત્મસ્વરૂપ છે... આત્મસ્વરૂપ છે, આત્મસ્વરૂપની હયાતી છે. સમજમેં આયા? દ્રવ્ય એટલે વસ્તુ એક સમયકી પર્યાય બિનાકી. એવો જે આત્મા... દ્રવ્ય એટલે વસ્તુ, એનો આત્મ એટલે સ્વરૂપ. અહીં **अप्पसरु** એમ કહ્યું છે (એટલે) આત્મસ્વરૂપ. ત્યાં દ્રવ્યસ્વરૂપ (લીધું). દ્રવ્ય-આત્મ એમ કહ્યું. ૫૬માં પંચાસ્તિકાય. દ્રવ્યસ્વરૂપ એટલે દ્રવ્ય-આત્મા. એનો લાભ એટલે 'છે'. દ્રવ્યના સ્વરૂપની હયાતી છે. આહાહા!

શ્રોતા : દ્રવ્યને છે, પર્યાયને નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : પર્યાયની વાત નથી. સમજાણું કાંઈ? જૈનદર્શનનો આત્મા એટલે જે આત્મા છે તેવો. આવો જૈનદર્શન સિવાય ક્યાંય હોય નહીં. સમજાય છે કાંઈ?

એવો જે દ્રવ્ય-આત્મા–દ્રવ્યસ્વરૂપ એનું ધારવું, રાખવું, હયાતી–છે એવો જે ત્રિકાળીભાવ એને પારિણામિકભાવ, પરમસ્વભાવભાવ, ધ્રુવભાવ કહેવામાં આવે છે. એ **આત્મસ્વરૂપ જેનું આલંબન છે...** એટલે? કે જે પર્યાયને–જે ભાવને... ભાવ શબ્દે પર્યાય થાય છે. ઓલો ત્રિકાળી આત્મસ્વરૂપ લીધો. સૂક્ષ્મ છે શેઠ! આહાહા! મૂલચંદભાઈ! આ બધા શેઠીયાઓએ પણ હજી બરાબર આગળ.... શેઠિયાએ પ્રશ્ન કર્યો, ભાઈ! કે આ જીવનો પર્યાયસ્વભાવ એ શું? મૂળ આ

વાત જ ચાલતી નથી. મૂળ આ શેઠિયા કહેવાય ...ના અગ્રેસર. એવો પ્રશ્ન કર્યો હમણાં. કાલ નહોતું આવ્યું? જીવનો પર્યાય એ જીવનો સ્વભાવ છે. એટલે એ વાત જ અત્યારે (ચાલતી નથી). આ દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો. આ શેઠિયા મોઢા આગળ બેસે ત્યાં.

શ્રોતા : શેઠીયા કહો તો ઠપકો મળે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : શેઠીયા તરીકે હોય એને ઠપકો વધારે મળે.

શ્રોતા : પણ સુધારા કરવાનો લાભ વધારે મળેને.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આહાહા! અહીં જીવ કહો કે આત્મા કહો. એ આત્માનું સ્વરૂપ... આત્માનું સ્વરૂપ પોતાનું રૂપ જે કાયમી પરમસ્વભાવભાવ એની હયાતી (અર્થાત્) એવા ત્રિકાળીભાવને જેણે ધારી રાખ્યો છે એવો ભાવ તેને આત્મા કહીએ, તેને પરમપારિણામિક સ્વભાવ કહીએ. આહાહા! એવા પરમસ્વભાવભાવ ત્રિકાળી દળ ધ્રુવ એને જ અહીંયા તો આત્માનું સ્વરૂપ કહ્યું. આહાહા! રાગ, પુણ્ય-પાપ તો નહીં, કર્મ-શરીર તો નહીં, એક સમયની એની પર્યાય (જે) પોતામાં–પ્રમાણના વિષયમાં આવે એ નહીં. આહાહા! શેઠ! આમાં તો બહુ ધ્યાંન રાખે તો સમજાય એવું છે હોં. આ તો બહુ ગાથા ઊંચી છે, એકલું માખણ છે.

કહે છે, ભાઈ! પ્રભુ! તું ક્યાં છો? તું કેવડો છો? એ એવડો છે કે ત્રિકાળીસ્વરૂપ સ્વભાવભાવ એવડો એ આત્મા છે. આહાહા! સમજાય છે કાંઈ? તું ક્યાં છો? કે હું ક્યાં છું? કે કાયમી મારો ધ્રુવ સ્વભાવ ત્યાં હું છું. આહાહા! **આત્મસ્વરૂપ**... આપણે અન્વયાર્થ થોડો કરીએ, પછી ટીકા (લઈએ). ગજબ વાત કરી છે! **જેનું આલંબન એવા ભાવ**... એમ પાઠ છેને? **आत्मस्वरूपालम्बन-भावेन**... એટલે કે ભગવાન આત્મા નિત્ય ધ્રુવસ્વભાવ, પરમભાવ, સ્વભાવિકભાવ એવો ભાવ, એનું જે ભાવને આલંબન છે (કે) જે વર્તમાન પર્યાય છે.., આ ભાવ એટલે પર્યાય. ધર્મ પર્યાયમાં હોય છે, મોક્ષ પર્યાય છે, મોક્ષમાર્ગ પણ પર્યાય છે. કાર્ય તો પર્યાયમેં હી હોતા હૈ ન. પણ વહ કાર્ય કિસકે અવલંબનસે હોતા હૈ યે બાત ચલતી હૈ. સમજમેં આયા? આહાહા!

ભગવાન આત્મા વસ્તુ એક સેકંડના અસંખ્ય ભાગમાં–એક સમયમાં... 'આત્મસ્વરૂપ' એમ શબ્દ છેને પહેલો? 'દ્રવ્ય-આત્મ-લાભ' એમ શબ્દ છે ત્યાં. વસ્તુના સ્વરૂપની પ્રાપ્તિ, છે– હયાતી, જેને વસ્તુએ પોતાના કાયમી સ્વરૂપને ધારી રાખ્યું છે. ઓલા તો કહે, વ્રત કરો, અપવાસ કરો. કાંઈ છે આમાં સમજવાનું? મોંઘી તે આ ચીજ છે કે મોંઘી તે એ ચીજ છે? અપવાસ કરવા એ મોંઘું હોય તો એ તો અનંતવાર કર્યા છે. આ મોંઘી છે સમજવી. છતાં છે એને માટે સોંઘી છે. એય! સમજાણું કાંઈ? આહાહા! ઓલા ગયા બગડીવાળા? પાલીતાણા ગયા છે.

કહે છે, એવો જે ત્રિકાળી આત્મભાવ, એનું જે ભાવે અવલંબન લીધું છે... ઉપશમભાવ, ક્ષયોપશમભાવ કે ક્ષાયિકભાવ—એ નિર્મળ વીતરાગી પર્યાયે, એ પર્યાય એ ભાવ, એણે ત્રિકાળી

સ્વરૂપનું આલંબન લીધું છે, ત્રિકાળીસ્વરૂપનો એણે આશ્રય કર્યો છે. સમજાણું કાંઈ? સામે છે પુસ્તક. તેથી તો આ હેઠે રાખ્યું છે. આહાહા! ઓહો! શું પણ સંતોએ સહેલો કરીને માર્ગ બતાવ્યો છે! ભગવાન આત્મા એક સમયની પર્યાય વિનાનો છે. પુણ્ય-પાપની વાત તો ક્યાંય રહી, એ વિભાવ તો ક્યાંય રહી ગયો. કર્મ ને શરીર વિનાનો એ તો બહુ સ્થૂળ થઈ ગયું. એને એમ થાય કે કર્મ વિનાનો આત્મા? લે! ભગવાને તો કર્મસહિત આત્મા કીધો છે, જ્ઞાનાવરણીય કર્મ સહિત. અરે સાંભળને! એ તો વ્યવહારનું રૂપ બતાવ્યું છે એનું. સમજાણું કાંઈ?

અત્યારે કર્મરહિત? અરે! કર્મરહિત તો ઠીક, પણ સંસારની પર્યાય રહિત છે. સંસારની પર્યાયરહિત તો ઠીક, પણ નિર્મળ પર્યાય રહિત છે. સમજાય છે કાંઈ? અસ્તિત્વ, વસ્તુત્વ આદિ છેને? ભાઈ! એની પર્યાય નિર્મળ છે. ઓલી નિર્મળ છે, વિકારી નથી. અસ્તિત્વગુણની વર્તમાન પર્યાય નિર્મળ છે, વસ્તુત્વની વર્તમાન પર્યાય નિર્મળ છે, દ્રવ્યત્વની વર્તમાન પર્યાય નિર્મળ છે. આહાહા! અગુરુલઘુની ષટ્ગુણહાનિ-વૃદ્ધિ એ પણ નિર્મળ છે. તો કહે છે, વર્તમાનમાં અત્યારે એ કર્મ ને શરીર રહિત તો છે જ, પણ પુણ્ય ને પાપના રાગ રહિત અત્યારે છે અને વર્તમાન નિર્મળ પર્યાયથી રહિત અત્યારે છે. આહાહા! એ વિના તો વસ્તુ સિદ્ધ શી રીતે થાય? એટલે કે આ બધાને ઓળંગીને દ્રવ્યસ્વરૂપમાં દૃષ્ટિ મૂકવાની છે એમ કહે છે. સમજાણું કાંઈ? બીજા હોવા છતાં—કર્મ, શરીર, રાગ ને પર્યાય આ બધું હોવા છતાં—દૃષ્ટિને એને ઓળંગીને દ્રવ્ય ઉપર મૂકવાની છે. આહાહા! સમજાણું કાંઈ?

**આત્મસ્વરૂપ**... આપણે શબ્દાર્થમાં જરી ભગવાન કુંદકુંદાચાર્યના સીધા શબ્દોમાં કેટલું ભર્યું છે (એ જોઈએ). જેનું આલંબન છે એવા ત્રિકાળી ભગવાન પરમાનંદની મૂર્તિ ધ્રુવસ્વરૂપ જેની હયાતી જ એટલી ગણવામાં આવી છે. પર્યાયની હયાતી એ એની હયાતી ગણવામાં આવી નથી. આહાહા! સમજાણું કાંઈ? નિયમસારમાં તો બહુ ગજબ કર્યો છે! આહાહા! મોક્ષમાર્ગ છેને પર્યાયનો. પર્યાયનો ધર્મ છેને... આહાહા! કહે છે, ભગવાન! જેટલો જેવડો તારી હયાતીમાં તું છો એની તને ખબર નહીં અને ધર્મ તને થાય? આ તો સાદી ભાષાએ સમજાય એવું છે. મૂલચંદભાઈ! કહે છે, ભાઈ! શબ્દો થોડા ભલે હો, કાળ ભલે થોડો હો, વસ્તુ તો મહાપ્રભુ છે. અને તે એક સેકંડમાં જ પકડાય એવી ચીજ છે એમ કહે છે. કહેશે. પરિહાર કરવાને એ દ્રવ્ય સમર્થ છે. સમજાય છે? ઘણા વાપર્યા છે ન્યાય આમાં. એક તો એ કહ્યું કે આત્મસ્વરૂપ ત્રિકાળ એનો આલંબન લેવાવાળો ભાવ એ નિર્મળ પર્યાય છે. દ્રવ્ય-વસ્તુ તરફ ઝુકતી, વસ્તુ તરફનું આલંબન લેતી, વસ્તુનો આશ્રય કરતી જે નિર્મળ પર્યાય, એ નિર્મળે દ્રવ્યનું આલંબન લીધું છે. એ પર્યાયે રાગનું ને પોતાનું પણ આલંબન લીધું નથી. આહાહા! સમજાણું કાંઈ?

કહો, અમુલખભાઈ! જયંતિભાઈ! લ્યો, આવો માર્ગ છે. આવો તું છો એમ કહે છે. આહાહા! તારામાં પર્યાય સમાય નહીં, કહે છે. ગજબ વાત છે! સોનગઢકા હૈ? ક્યા? યે ગ્રંથ કિસકા હૈ? ભગવાન કુંદકુંદાચાર્યકા તો ગ્રંથ હૈ. અંદર હૈ કિ નહીં? વહ શબ્દ લગાકર તો કહતે હૈં. આ અમારા પંડિત બેઠા જુઓ! અહીં ચંદુભાઈ પંડિત છે, બધા પંડિત છે, છોટાભાઈ પંડિત છે

અમારા. એય! સમજાય છે કાંઈ? આ અમારા હીરાભાઈ રહ્યા. આમાં શબ્દનો (અર્થ) થાય છે કે સોનગઢનો થાય છે? અંદર શબ્દો પડ્યા છે એનો અર્થ ચાલે છે. અર્થ તો એના હતા ભરેલા. એણે શીતલપ્રસાદે પહેલા ભરેલા, એમાં બહુ સ્પષ્ટ ભાઈએ કર્યું. દલીલ તો કરેને શેઠ સામા વતી. આહાહા!

**આત્મસ્વરૂપ જેનું આલંબન છે...** જેનું એટલે જે ભાવનું. ભાવ એ પર્યાય છે. પર્યાય નિર્મળ. ઉપશમ, ક્ષયોપમશમ કે ક્ષાયિક એવી વીતરાગી નિર્મળ પર્યાય એ ભાવનું આલંબન દ્રવ્ય છે, એ ભાવનો આધાર દ્રવ્ય છે, એ ભાવનો આશ્રય વસ્તુ છે, જે આત્મસ્વરૂપ ત્રિકાળી છે તે. આહાહા! સમજાણું કાંઈ? આ તો ગુજરાતી સાદી ભાષા છે. બહુ એવી નથી. આહાહા! એવો જીવ... ભાષા જુઓ! **सक्कदिकादुंजीवो** છેને પાછું? આવા આત્મસ્વરૂપનું જે ભાવને આલંબન છે એવો જીવ... આહાહા! એવો **જીવ સર્વભાવોનો પરિહાર**... આવો જીવ એટલે એકલું દ્રવ્ય નહીં, પણ આવો આલંબન લઈને થયેલો ભાવ એવો જીવ, એમ.

**સર્વભાવોનો (પરિહાર)**–ત્યાગ... લ્યો, આ ત્યાગ આવ્યું. આહાહા! લોકો કહે, ત્યાગ. પણ ત્યાગ શેનો? સમજ તો ખરો પહેલો. સમજાય છે કાંઈ? શરીર, વાણી, મનનો તો ત્યાગ જ છે આત્મામાં ત્રણે કાળે. હવે એનામાં ઉદયભાવ જે પુણ્ય-પાપ આદિ વર્તે છે... આહીં તો ચારે ભાવનો ત્યાગ કહેશે. એ કઈ અપેક્ષા છે, એ બીજી વાત છે. પણ અત્યારે પહેલું આમ કે જે પુણ્ય ને પાપનો ઉદયભાવ છે એનો ત્યાગ કેમ થાય? એનો ત્યાગ. સમજાણું કાંઈ? પરનો ત્યાગ તો છે જ. અહીં એની પર્યાયના અસ્તિત્વમાં છે એનો ત્યાગ કેમ થાય એની વાત છે. એની પર્યાયમાં શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ એ કાંઈ છે જ નહીં. આહાહા! હવે એની દશામાં.. દશામાં ચાર ભાવની હયાતી છે. ભગવાન ત્રિકાળીસ્વરૂપ એની દશામાં–પર્યાયમાં અનાદિમાં તો એક જ ભાવ છે ઉદય (અને) ક્ષયોપશમ પરલક્ષીવાળો. ઉપશમ, ક્ષાયિક તો છે નહીં. સમજાય છે કાંઈ?

આહીં તો સમુચ્ચય વાત કરતાં.... પહેલો કે જે ચીજમાં નથી એનો ત્યાગ શું? હવે એની ચીજમાં જે છે પુણ્ય ને દયા, દાન, વ્રત, ભક્તિ શુભરાગાદિ એનો ત્યાગ એને કેમ થાય? એનો ત્યાગ (કે જે) છે–હયાતી છે એની પર્યાયમાં. શરીર, કર્મ, કુટુંબ તો એની પર્યાયમાંય નથી. બરાબર છે? બે ભાઈઓમાં ..... બીજો .... નથી? રામ-લક્ષ્મણ જેવા કહેવાઓ છેને તમે બેય. આહાહા! એકે-એક જુદું છે ત્યાં. કોઈની પર્યાયમાં કોઈ બીજું આવે છે? બીજું દ્રવ્ય, બીજું ગુણ ને બીજા ગુણની પર્યાય—એ ત્રણે આવે છે? હવે એનામાં આવ્યું શું છે અનાદિથી? ઉદયભાવ. પુણ્ય ને પાપ, મિથ્યાત્વ આદિ ભાવ એ એની પર્યાયમાં છે. હવે એનો ત્યાગ કરવાની વાત છે. છે એનો ત્યાગ. સમજાણું કાંઈ?

તો કહે છે, કેમ ત્યાગ થાય? કે એ ત્રિકાળી ભગવાન આત્માનું ધ્રુવસ્વરૂપ એનું જે ભાવે આલંબન લીધું એ ભાવથી જીવ... એ ભાવથી જીવ, એમ, એ ભાવવાળો જીવ.... આહાહા! સર્વ ભાવોનો ત્યાગ કરવાને સમર્થ છે. આહાહા! એની તાકાત છે–આવા ભાવવાળા જીવની તાકાત છે કે ઉદયભાવ રાગ-દ્વેષનો ત્યાગ થઈ જાય અને આનંદની ઉત્પત્તિ થાય. એવી એનામાં તાકાત

છે. સમજાણું કાંઈ? પ્રેમચંદજી! સમજમેં આતા હૈ થોડા થોડા? ભાષા ગુજરાતી હૈ પણ.... હવે ગુજરાતી શીખના યહાં. હવે મકાન તુમ્હારા કિયા હૈ (તો) યહાં રહેના પડેગા થોડા. આહાહા!

ભગવાન! તારું સ્વરૂપ કેવડું? કે ત્રિકાળ સ્વરૂપે રહે એવડું. એનું જે ભાવે આલંબન લીધું એવા ભાવવાળો જે જીવ, એમ. એવા ભાવવાળો એટલે એવી પર્યાયવાળો જીવ. નિર્મળ પર્યાયે જેનો–દ્રવ્યનો આશ્રય લીધો એવી નિર્મળ પર્યાય(વાળો) જીવ વિકારના ભાવનો અભાવ કરવાને તે જીવ સમર્થ છે. આહાહા! આહીં તો ચારે ભાવ કહેશે. સમજાણું કાંઈ? બીજી અપેક્ષાએ ચાર ભાવ કહેશે. એનો આશ્રય કરવા જેવો નથી એ અપેક્ષાએ. સમજાણું કાંઈ?

**સર્વભાવોનો પરિહાર**... પરિહાર એટલે ત્યાગ. આહીં તો 'ત્યાગ' શબ્દ છેને જરી, એ ઉપર વજન છે. અહીં જ્યારે આલંબન જે ભાવ લે છે.. સમજાણું કાંઈ? એ પરિહારનો અર્થ ત્યાગ. એક નિર્મળ પર્યાય ત્રિકાળનું આલંબન લે છે એવી નિર્મળ પર્યાયવાળો જીવ ચાર ભાવને ત્યાગ કરવા સમર્થ છે. પણ એમાં આપણે મૂળ લેવું છે રાગ–ઉદય. મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, વિષય-વાસનાની કલ્પનાનો વેદનો ભાવ—એને આવો જીવ ત્યાગ કરવાને–અભાવ કરવાને સમર્થ છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો ધીમે ધીમે ચાલે છે. એ શાંતિભાઈ! બધું ઓલું ભણાવ્યું હતું કલ્પસૂત્ર એવું નથી આ કાંઈ. આહાહા! આઠ વર્ષનો બાળક હોય સમજી જાય એવી વાત છે આ તો.

**કર્તું**.. એમ છેને? **શક્નોતિ કર્તું**.. આહાહા! ભગવાન આત્મા પોતાનું પૂર્ણ સ્વરૂપ એનું જે ભાવે આલંબન... એટલે પર્યાય આવી ગઈ પાછી. ધ્રુવ એનું કાયમી સ્વરૂપ. આલંબન લેનારી પર્યાય આવી ગઈ. સમજાણું કાંઈ? એ પર્યાયે–નિર્મળ પર્યાયે જેનો આશ્રય લીધો છે એવો જીવ, જે પર્યાયે દ્રવ્યનું આલંબન લીધું છે એ જીવ, એવો જીવ અજ્ઞાન ને રાગ-દ્વેષના ત્યાગ કરવાને સમર્થ છે. આહાહા! ગજબ વાત. સંતોએ–દિગંબર મુનિઓએ તો એકેક કડીમાં કેટલું ભર્યું છે ગંભીર! ગજબ કર્યું છે. આ તો અંદર ઓગાળવાની વાત છે. સમજાણું કાંઈ? ઢોર ખાયને ઢોર, પહેલું ખાય, પછી બેસીને વાગોળે. એક ગાયને ટેવ પડી, વેળુ ઉપર આવીને ઓગાળે. ઘણા દિવસથી ટેવ પડી ગઈ છે ગાયને. ખાઈ આવે ક્યાંક અને વેળુ છેને (ઉપર) બેસે, વાગોળ્યા કરે. અંદરથી કાઢે. વાગોળે સમજતે હો? થોડા-થોડા ધીરે-ધીરે પાછું કાઢે. આહાહા! એમ આ પહેલા ધીરે ધીરે સમજી લેવું, પછી ધીરે ધીરે એને ઓગાળવું અંદરમાં. આહાહા! ધન્ય રે ધન્ય!

કહે છે, પોતાના ત્રિકાળીસ્વભાવભાવના આલંબનવાળો જીવ પોતાના ભાવ સિવાય બીજા બધા ભાવનો ત્યાગ કરવા એટલે એનો આશ્રય છોડવા સમર્થ છે. લ્યો. સમજાણું કાંઈ? જેણે આ ભગવાનનો આશ્રય લીધો એવો જીવ ચાર ભાવના આશ્રય છોડવાને શક્તિવાન છે. આહાહા! એમ છે. સમજાણું કાંઈ? આહાહા! દેવીલાલજી! **સર્વભાવનો**... સર્વભાવ એટલે પર્યાય આવી ગઈ. સર્વભાવ શબ્દે આ પર્યાય છે. પર્યાયના ચાર પ્રકાર છે—ઉદયભાવરૂપ પર્યાય, ઉપશમભાવરૂપ પર્યાય, ક્ષયોપમભાવરૂપ અને ક્ષાયિકભાવરૂપ. એટલે બધું આખું તત્ત્વ આવી ગયું. એકલો પરમસ્વભાવભાવ એનું જે ભાવે આલંબન લીધું એવો જીવ... પાછું

**आत्मस्वरूपालम्बन-भावेन** પહેલું નાખ્યુંને પાછું જીવ નાખ્યું. એ આત્મા કહો કે જીવ કહે—બેય એક જ છે, એમ. એવો જીવ એ ચાર ભાવના આશ્રયને છોડવાને લાયક છે. જ્યારે આની કોર આશ્રય લીધો એટલે ચારનો આશ્રય છોડવાને લાયક છે. સમજાણું કાંઈ?

અરે! આવું સ્વરૂપ સાંભળવા મળ્યું નથી કોઈ દિ'. મૂલચંદભાઈ! શું તમારે બૈરા અગ્રેસર હતા અપાસરામાં? એવું સાંભળ્યું હતુંને? આ તો જુની વાત યાદ થાય. બેન મોઢા આગળ બેઠા છેને, સાંભળે છેને એ તે. સાંભળ્યું હતું. લોકો કહેતા. આપણે ક્યાં જોવા ગયા છીએ? કોઈ કહે, એમને ઘરેથી બૈરામાં મોઢા આગળ છે. ઝટ ફરવું મુશ્કેલ પડશે. એમ વળી કોઈક કહેતું હતું. આહીં તો..... માણસો ઘણા (એટલે) ઘણા પ્રકારની વાત આવે. આ તો ઘરના માણસ કહેવાયને. અહીંના મુખ્ય શેઠીયાઓ. એટલે આમનું આમ છે, આનું એમ છે, ઘરે આમ છે—એમ બધી વાતું તો આવેને અહીં. સાચી વાત છે. આ તો જાણવા માટેની વાત છે. આહાહા! આવો માર્ગ, આવો પરમ નિર્મળ માર્ગ સર્વજ્ઞ વીતરાગનો અનાદિ-અનંત ધોખમાર્ગ ચાલ્યો આવે છે. એ કોઈ નવો નથી. સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ ભગવાન આત્મા... આહા! શાંતિથી ધીરેથી અંતર્મુખ વળે એવી જે પર્યાય, અંતર્મુખ વળેલી પર્યાયવાળો જીવ... આહાહા! અહીંયા આશ્રય લીધો એટલે એ ભાવને ચારના આશ્રયનો અભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**તેથી ધ્યાન તે સર્વસ્વ છે.** શું કહ્યું? ઓલો જે ભાવ કહ્યો હતોને. જે ભાવે આલંબન લીધું એ ભાવ એ ધ્યાન. એ ધ્યાને ધ્યેય બનાવ્યું હતું દ્રવ્ય. એ ધ્યાન એટલે ભાવ, આલંબનવાળો ભાવ, એ આલંબનવાળો ભાવ એ ધ્યાન. એ અંતરના આલંબનવાળો ભાવ તે ધ્યાન. એવો ધ્યાન કરનારો જીવ ચાર ભાવનો... ચાર ભાવનો આશ્રય છોડવાને શક્તિવાન છે. આહાહા! આપણે આહીં મુખ્ય તો વિકારનો ત્યાગ કરવાને આ જીવ સમર્થ છે, એમ સિદ્ધ કરવું છે. પછી તો આશ્રયથી બતાવવું છે કે અહીં એક (જીવ) લીધો માટે ચારનો આશ્રય નથી. સમજાણું કાંઈ?

આ મિથ્યાત્વ ને રાગ ને દ્વેષના ત્યાગ કેમ થાય? પહેલા એમાં આવતું હતું કે શાસ્ત્રમાં એમ છે કે ત્યાગ... પણ ત્યાગ કેમ કરવો એનો ખુલાસો નથી. એય પાટનીજી! શું? ત્યાં આવ્યું હતું? તમારા તરફથી આવ્યું હતું. ખબર નથી ત્યારે એને. એની કોરથી આવ્યું હતું–તમારી કોરથી. નામ લેવાય નહીં. નામ લેવા જેવું નથી. પણ એક ગૃહસ્થ આવ્યો હતો એણે વાત કરી હતી. અમદાવાદ કે ક્યાંકથી આવ્યો હતો. રાજકોટથી આવ્યો હતો. મહારાજ! આ વિકારનો ત્યાગ કરવો એવું આવે છે શાસ્ત્રમાં, પણ વિકારનો ત્યાગ કેમ કરવો એ આમાં નથી. અમે આવીએ છીએ ત્યાંથી–ઇસરીથી. એમ ન્યાં કહેવાય છે કહે છે. એમ કહેતો હતો. શ્રાવક હતો રાજકોટનો. એ વાત કહેવાય છે જુઓ! ગુજરાતી હતો, માણસ ગુજરાતી હતો. માણસો ઘણા આવેને આહીં તો. ચારે કોરથી આવતા હોય. આહાહા! દોષનો ત્યાગ કરવો એ આવે છે શાસ્ત્રમાં, પણ દોષનો કેમ ત્યાગ કરવો એનું આવતું નથી. તો આ શું કહે છે? (શ્રોતા : ૧૧મી ગાથા....) એ તો દરેક ગાથામાં આવે છે. પોતાનો આશ્રય લેતાં જે ઉદયભાવ છે એ ખરી જાય

છે–વ્યય થાય છે, એમ કહે છે, એનો ત્યાગ થાય છે. સમજાણું કાંઈ? આહાહા! શું થાય? આખી વાતનું રૂપ જ બદલાઈ ગયું છે.

**તેથી ધ્યાન તે સર્વસ્વ છે. सर्वम् भवेत्** એમ છે ને? આહાહા! જે કાંઈ કહે છે એ ધર્મ હોય, તો એ પર્યાય દ્રવ્ય તરફ વળી તે પર્યાય ધર્મ છે. આહાહા! **सर्वम्** આ વસ્તુ છે. ધર્મી એવો ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપની હયાતીવાળું તત્ત્વ, એમાં જેણે–જે ભાવે–જે પર્યાયે આલંબન લીધું એવી પર્યાયના આલંબનવાળો જીવ એ મિથ્યાત્વ ને રાગનો વ્યય કરવાને (સમર્થ છે). એ તો એનો અર્થ કે ઉત્પન્ન ન થાય એવી જ દશાવાળો આ જીવ એને ઉત્પન્ન ન થાય. આહાહા! ત્યાગ તો, ઉપદેશની શૈલી શું આવે? એકનું ગ્રહણ થાય, બીજાનો ત્યાગ કહેવામાં આવે. એવી શૈલી શું ભાષાની વાત... ભાષાથી કહેવું ને વસ્તુ બીજી કાંઈ, માટે... આહાહા!

ત્યાગ તો નામમાત્ર છે, એ તો પહેલા આવી ગયું આપણે. 'રાગનો ત્યાગકર્તા આત્મા' એ પરમાર્થે છે જ નહીં. પણ ઉપદેશની શૈલી એવી છે કે એવી શૈલીમાં આવા જ પ્રકાર આવે. સમજાણું કાંઈ? આ શબ્દાર્થ કર્યો. શબ્દાર્થમાં આટલું થઈ ગયું ચાલીસ મિનિટ. આ તો ત્યાગ, આલંબનભાવ, કોનું આલંબન (લે), એ આલંબનવાળાને ત્યાગ થઈ જાય છે એને બધા ભાવનો ત્યાગ થઈ જાય છે, તેથી તે ધ્યાન તે સર્વસ્વ છે. એ ધ્યાનને મહાવ્રત કહો, સમિતિ કહો, એ આવા નહીં, એને પ્રતિક્રમણ કહો, એને આલોચના કહો, એને ભક્તિ કહો. ભક્તિ, આ ભાવને ભક્તિ કહીએ. આગળ આવશે ભક્તિ. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાનની બહારની ભક્તિ તો રાગ છે, એ કાંઈ ખરી ભક્તિ નથી. સમજાણું કાંઈ? માળો આવો ભાવ! વળી મૂર્તિ, વળી મોટા પંચકલ્યાણક... એ તો એને કારણે થાય, ત્યાં જે જીવ હોય એનો શુભભાવ નિમિત્ત કહેવાય, શુભભાવ. પણ એ ભાવ પૂર્ણ વીતરાગ ન હોય એને આવે. નામસ્મરણ આવે કે નહીં? પ્રભુ.. ભગવાન.. એ વિશેષ રાગ છે. આવે, પણ એ ભાવ કોઈ ચીજનો ત્યાગ કરી શકે છે એમ નથી. જુઓ! આ તો શુભભાવ અશુભને છોડે છે એ આમાં નથી, અહીં તો એ કહે છે. આહાહા! એય! ના, ના, એ બાંધ્યું... એ બીજી વાત છે આમાં. એમ કે શુભભાવમાં અશુભનો ત્યાગ થાય છે એમ છેને. વ્યવહારની વ્યાખ્યા છે. અશુભભાવ નિવૃત્તિ ... પ્રવૃત્તિ એ સંવર કહે છે વ્યવહારથી. પણ એ ખરો ભાવ આ છે.

આવો જે આત્મા પોતાના નિર્મળભાવે જેણે ત્રિકાળી ભગવાનના ભેટા કર્યા, ત્રિકાળી ભગવાનને ભેટ્યો. પર્યાય છે એ તો એક સમયની દશા. ત્રિકાળી જે એક સમયથી અનંત.. અનંત.. અનંતગુણો કાળ એવો રહેનારો ભાવ. આ એક સમય રહેનારો, આ ત્રિકાળી. એવા ત્રિકાળીભાવનું જેણે આલંબન લીધું એવો જે ભાવ એને અહીં ધર્મધ્યાન કહીએ અને એ ધર્મધ્યાનને મહાવ્રત કહો. આવા ધર્મધ્યાનને મહાવ્રત કહો, સમિતિ કહો, ગુપ્તિ કહો. એ તેર પ્રકારનું ચારિત્ર આને (કહીએ). અને પડિકમણુ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત્ત, સમાધિ, ભક્તિ, આવશ્યક—એ બધું આને કહીએ. આહાહા! સમજાણું કાંઈ? હવે ટીકા. આટલું તો આ પાઠમાંથી સીધું લીધું.

**ટીકા : અહીં આ ગાથામાં, નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચય-ધર્મધ્યાન જ...** જુઓ! ખુલાસો કર્યો. ભાવનો અર્થ જ અહીં ધર્મધ્યાન કરી નાખ્યું. સમજાણું કાંઈ? આને ધર્મધ્યાન કહીએ, એમ ખુલાસો કર્યો. ઓલા કહે છેને કે ધર્મધ્યાન શુભભાવમાં જ હોય, શુદ્ધમાં શુક્લધ્યાન જ હોય. અરે, ભગવાન! શું કહે છે તું આ? પ્રભુ! તારી મોટપની તને ખબર નથી હોં. આહાહા! સમજાણું કાંઈ? **આ ગાથામાં, નિજ આત્મા...** જુઓ! **અપ્પસરૂ** એમ છેને? એટલે પોતાનું સ્વરૂપ. જેનો આશ્રય છે... જેનો એટલે જે ભાવનો, ભાવનો એટલે ધર્મધ્યાનનો. એવું નિશ્ચય ધર્મધ્યાન, દેખો! વિકલ્પ હોય શુભ એને વ્યવહારધર્મધ્યાન આરોપથી કહેવાય, પણ એ ખરેખર (ધ્યાન) છે નહીં.

નિશ્ચય ધર્મધ્યાન... ત્રિકાળી જ્ઞાયક ભગવાન નિજસ્વરૂપ એનો આશ્રય જે ભાવે લીધો, એ ભાવને સાચું ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહાહા! કહો! આ દેહની ક્રિયા એ (ધ્યાન) નહીં, વિકલ્પ–રાગ દયા, દાન, વ્રતનો એ (ધ્યાન) નહીં. આહાહા! વ્યવહારના પાંચ મહાવ્રતનો વિકલ્પ એ (ધ્યાન) નહીં. નિયમસારમાં તો રત્ન, એકલા પરમપારિણામિકસ્વભાવના રત્નો ભર્યા છે. ઓહોહો! મોક્ષમાર્ગનું વર્ણન છેને. આહાહા! પ્રભુ! તારી મોટપ તેં સાંભળી નહીં ભાઈ! કેવડો મોટો એ તને બેસવું કઠણ પડે છે. આહાહા! આહીં વર્તમાન ધર્મધ્યાન છેને એકલું? શરૂઆત કરે છે એની વાત છે. આગળ લેશે, બેય લેશે. શરૂઆત એ ધર્મધ્યાન જ છે, શુક્લધ્યાન એ ધર્મધ્યાન છે. પર્યાયમાં ત્રિકાળીનું ધ્યાન તેને ધર્મધ્યાન કહીએ. પછી શુક્લધ્યાનને ધર્મધ્યાન કહેવાય. ઠીક! ધર્મીનું ધ્યાન તે ધર્મધ્યાન કહેવાય. આહાહા! ભલે એ હો, પણ છે એ ધર્મધ્યાન. વસ્તુના સ્વભાવનું ધ્યાન.

શ્રોતા : વત્થુસહાવો ધમ્મો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : બસ. એ તો પછી ભિન્ન-ભિન્ન અર્થે સમજાવેને. વિશેષ શુદ્ધિ છે તે શુક્લ કીધું. છે તે એ પણ ધર્મધ્યાન. ધર્મ એટલે વર્તમાન શુદ્ધતાની એકાગ્રતા એ છે. બસ! પછી એને નીચે ધર્મધ્યાન કહો કે ઉપર શુક્લધ્યાન, એ બધું ધર્મ. ધર્મી એવો આત્મા અથવા એના ધર્મો જે છે અનંતા આનંદાદિ એનું ધ્યાન તેને ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહાહા! **એવું નિશ્ચયધર્મધ્યાન જ...** પાછું એમ કહ્યું. દેખો! **સર્વ ભાવોનો અભાવ કરવાને...** આ બાજુનો આશ્રય લેતા બીજા બધા ભાવોનો આશ્રય છોડવાને **સમર્થ છે.** સમજાણું કાંઈ? **એમ કહ્યું છે.** એમ ભગવાન કુંદકુંદાચાર્યે.. ભગવત્કુંદકુંદાચાર્ય આમ કહે છે. આહાહા!

શ્રોતા : અભેદની વ્યાખ્યા લેતાં ભેદ નહીં, વહ ધર્મધ્યાન કહતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભેદ-બેદની વાત અહીં નથી. ભેદ-અભેદને લક્ષે જે પર્યાય થઈ, છે ભેદ, પણ ભેદ આમ જુદો પાડીને નથી. પર્યાય લક્ષ ભેદનું કરે એમ નહીં. લક્ષ તો આહીં છે એમ અભેદના આશ્રયે જે પર્યાય થઈ એવું પરિણમન જેનું છે, એને આશ્રય આનો છે, માટે એને ચાર ભાવનો આશ્રય નથી. બસ રહે શેનો? અહીં આશ્રય.... એક બાજુ જ્યાં ત્રિકાળીનો આશ્રય

હોય પછી ત્યાં પર્યાયનો આશ્રય રહેતો નથી. બસ, એને એ અપેક્ષાએ સમજાવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા!

**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...** સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત... એનો અર્થ એ કે શરીર-વાણી-કર્મ પરદ્રવ્ય, રાગ પરદ્રવ્ય, એક સમયની પર્યાય પણ પરદ્રવ્ય. સમજાણું કાંઈ? સમસ્ત પરદ્રવ્યોના ત્યાગ.. પરિત્યાગ—પરિ (એટલે) સમસ્ત પ્રકારે અભાવસ્વરૂપ. લક્ષણથી લક્ષિત એવું અખંડાનંદ પ્રભુ દ્રવ્ય. આહાહા! ટીકા પણ કેવી કરી છે! હવે આ ટીકા પસંદ નથી પંડિતોને. રતનચંદજીને. અરે, ભગવાન! શું કરે? બાપુ! આ પંડિતાઈની ચીજ નથી. આ તો આત્માના અવલંબનથી પ્રગટેલો ભાવ એ બધું છે. ભલે એને જાણપણું ઓછું હોય બહારનું, કહેતાંય ન આવડતું હોય, પણ વસ્તુ આવી એમાં કેવળજ્ઞાન લેવાના એ. સમજાણું કાંઈ? બધાને જાણનારું કેવળજ્ઞાન લેવાના છે. આ બધા ખોટા ગડિયા હાંક્યે રાખે એ બધા નિગોદમાં જવાના છે. દૃષ્ટિ મિથ્યાત્વ ને ભ્રમ છે, સમજાણું કાંઈ? એ બધા અંધારા થઈ જવાના. ઓલાને ઉઘડી જવાના. આહાહા! બાપુ! આ તો વસ્તુની સ્થિતિ છે ભાઈ!

**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત**... ત્યારે લક્ષિત કોણ છે? કે **અખંડ નિત્ય નિરાવરણ સહજ પરમપારિણામિકભાવ...** સમજાણું કાંઈ? અખંડ વસ્તુસ્વરૂપ પ્રભુ નિત્ય શાશ્વત વજ્રબિંબ... અખંડ અને નિત્ય—કાયમ રહેનારું. ખંડ નહીં ને નિત્ય, એમ. અને નિરાવરણ... ત્રિકાળ નિત્ય નિરાવરણ... ભગવાન વસ્તુસ્વરૂપ તો ત્રિકાળ નિરાવરણ છે. આવરણનો સંબંધ તો પર્યાય સાથે છે. કર્મનો નિમિત્ત સંબંધ, પર્યાય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આહીં તો આવરણરહિત છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહિત વિનાનું તત્ત્વ છે. આહાહા! સમજાય છે કાંઈ?

**અખંડ નિત્યનિરાવરણ...** નિત્ય નિરાવરણ **સહજ-પરમપારિણામિકભાવની...** દેખો! સ્વભાવિક જે ત્રિકાળીભાવ સહજ, સ્વરૂપલાભ—સ્વરૂપની હયાતી, પર્યાય વિનાનો ત્રિકાળી જ્ઞાનાનંદભાવ, જ્ઞાયકભાવ એને અહીં પરમપારિણામિકભાવ કહ્યો છે. એવા પરમપારિણામિક-ભાવની ભાવના, એ પર્યાય આવી. જે પાઠમાં હતું **आलंबणभावेण**... જે ભાવે ત્રિકાળનું આલંબન લીધું હતું એવો ભાવ, એ આ ભાવના. વર્તમાન પર્યાયે ત્રિકાળનું અવલંબન લીધું તે ત્રિકાળીભાવ એની ભાવના. ભાવના એટલે વર્તમાન પર્યાય. એને અહીંયા આલંબનવાળો ભાવ કહ્યો, એને ધ્યાન—ધર્મધ્યાન કહ્યું, એને અહીં ભાવના કીધી. સમજાણું કાંઈ? રાતે પૂછે તો આમાંથી કેટલું યાદ રહે? ભીખાભાઈ! એ ન આવડે. આમ થંભી ગયા. આહાહા!

પરમપારિણામિકભાવની ભાવના એટલે જે ભાવે પરમપારિણામિકનું આલંબન લીધું એ ભાવને અહીં ભાવના કીધી, પર્યાય. આહા! એનાથી—**ભાવનાથી ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો...** જે ત્રિકાળીભાવથી અનેરા ચાર ભાવ છે. ભાવાંતરો છેને? ભગવાન જે દૃષ્ટિનો વિષય—સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનની પર્યાયે ત્રિકાળી જ્ઞાયકભાવનું આલંબન લીધું એવી જે પર્યાય—એવી જે ભાવના... આમ જ્યારે આશ્રય એકમાં

લીધો એટલે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એવા ચાર ત્રિકાળી પારિણામિકસ્વભાવથી ભાવાંતર... એ ચાર અનેરા ભાવ છે. આહાહા! જુઓ તો ખરા!

ક્ષાયિકભાવ તે પારિણામિકથી અનેરો ભાવ છે. આરે, ગજબ વાત કરે છે! સમજાણું કાંઈ? ત્રિકાળીસ્વરૂપ એનું જેણે–જે ભાવે આલંબન લીધું એને અહીં ભાવના કીધી. એને પાઠમાં ભાવ કીધો, એને અર્થમાં ધ્યાન કીધું હતું, પણ (ટીકામાં) એને નિશ્ચયધર્મધ્યાન કીધું. એવા ધર્મધ્યાનવાળી પર્યાયવાળો આત્મા એને આ ચાર ભાવનો આશ્રય નથી. અહીં એકનો આશ્રય છે એને ચારને આશ્રય નથી, એમ વાત છે. એ તો ઠીક, પણ બીજી વાત એ કે 'અનેરાભાવ' એ શબ્દ પડ્યો છે. ભાવાંતર... ભગવાન આત્મા જે ધ્રુવસ્વભાવભાવ છે એનાથી ચાર ભાવ અનેરા ભાવ છે. આહાહા! એ પર્યાયનો ક્ષાયિકભાવ પણ અનેરો ભાવ છે. ગજબ છે ને! આવી વાત દિગંબર સંતોની મુખમાંથી આવી છે, વીતરાગના મુખથી આવી છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : ક્ષાયિકભાવ નિત્યની અપેક્ષાએ લેવો કે અનિત્યની અપેક્ષાએ લેવો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ આ ભાવની અપેક્ષાએ અનેરો. ત્રિકાળીભાવની અપેક્ષાએ અન્ય ભાવ છે એ. આ ભાવમાં એ નથી, એના ભાવમાં એ છે. સમજાણું કાંઈ? બાપુ! વીતરાગમાર્ગ, એમાં દિગંબર ધર્મ, એ દિગંબર ધર્મ એ જ જૈનદર્શન છે. બાકી એ વાત ક્યાંય છે જ નહીં. શેઠ! એક કડીમાં કેટલું નાખ્યું જુઓને! કોઈ દિ' વાંચ્યું નહીં હોય ત્યાં. આહા! તમે તો વાંચો છો કેટલીક વાર. કાનપુરમાં જઈને વાંચતા નહીં હોય નિયમસાર ને બધું? પૈસા ઉઘરાવવા જાય છે ને? વાંચતા હશે. આ નિયમસાર ઘરમાં પડ્યું છે ને? એ ભાઈ કહે છે, પડ્યું તો અમારે ઘરેય છે. આહાહા! વાંચવું. વાંચે તો એને ખબર પડે કે અહીં મને સમજાણું નહોતું, એનો ભાવ આમ છે, ત્યારે એને કિંમત આવે.

અમારે માસ્તર એવો હતો. ભાઈ! નરોત્તમ માસ્તર એક હતો. બૈરા નહોતા, વાંઢો હતો. સુતાર શેરીમાં રહેતો. અમને કહે, જુઓ! વાંચીને આવજો મારે ઘરે. એમ કહે. તમારે એમ કહેતા કે વાંચ્યા વિના.... આ એવો હતો. મને ખબર છે. નરોત્તમ માસ્તર. સારા-સારા હોયને મુખ્ય છોકરાઓ એને ઘરે બોલાવે રાંધતા વખતે. કારણ કે રાંધેય ખરો, દાળ-ભાત-રોટલી કરતો હોય હાથે. એને વખત હોયને. બોલતા-બોલતા ચીંધે છોકરાઓને. લો આ વાંચો આ પાઠ. વાંચીને આવ્યા છે ને? વાંચો. જુઓ! આનો આ અર્થ. આ અર્થ સૂઝ્યો હતો તમને? ના. તો એનો અર્થ આ છે. એનું એટલું મહાત્મ્ય આવે ઓલાને. માળું! આપણે વાંચીએ તો એમાં કાંઈ આ ભાવ સૂઝતો નહોતો, ખબર નહોતી પડતી.

સુતારની શેરી હતી, એકલો હતો, વાંઢો માણસ હતો. રાંધતા-રાંધતા હુશિયાર છોકરા હોય એને બોલાવે એક-બેને. મને ખબર છે. મને બોલાવતા ત્યાં. રાંધતો જાય. રોટલી વણતો હોય તો બોલવામાં કાંઈ વાંધો છે? રોટલી વણતો હોય, ચોખા રાંધે, દાળ... વખત ઘણો મળે એને. આમ પાછો વખત મળે નહીં. એ વખતે રાંધવા વખતે બોલાવે. પછી ખાવાનો ટાઈમ ન થયો હોય, અમારે ખાવાનું ટાણું ન થયું હોય, એ હજી રાંધતો હોય. અહીં પૂરો થાય... તમે વાંચો

જાઓ. તમે આવું વાંચ્યું હતું? ખબર છે? આ ગાથાનો આવો અર્થ આવડતો? ભાઈ! અમે તો આમ કરતા. જુઓ! આનો અર્થ આવો છે. આહાહા! સમજાણું કાંઈ? આમાં તો ઘણી વાત લીધી છે. કહે છે, આહાહા! ગજબ વાત. ટીકા પણ ટીકા તે અમૃતના રેલ ચાલ્યા જાય! આહાહા!

**પરમપારિણામિકભાવની ભાવના**... ભાવના... અહીં પાછી ભાવના એટલે કલ્પના નહીં. ઓલા રતનચંદજી કહે છે કે સામાયિકમાં... એમ આવે છે શાસ્ત્રમાં. શ્રાવકને સામાયિકમાં શુદ્ધ ઉપયોગની ભાવના કોઈ વખતે હોય છે. તો એ ભાવના એટલે એમ કે વિચાર, કલ્પના. એમ નહીં. સામાયિકમાં, શુદ્ધ ઉપયોગ હોય છે કોઈક વાર સામાયિકમાં. પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક અંદર ધ્યાનમાં કોઈ વખતે આવી જાય ને કોઈ વખતે ન આવે. કોઈ વખતે સામાયિકમાં શુદ્ધ ઉપયોગ આવી જાય છે. એ શુદ્ધ-ઉપયોગ ભાવના એટલે એકાગ્રતા છે. કલ્પના નહીં. ભાવના એટલે આમ ભાવીએ કે શું થાશે, કેમ થાશે. એમ નહીં. એવો અર્થ કરે છે. બધા અર્થ ફેરવી નાખ્યા. એ કહે કે તમે ફેરવ્યા. વાત સાચી.

આવા ભાવનાથી ચાર ભાવાંતરો. એટલે પારિણામિકભાવથી અનેરા ભાવો... ગજબ વાત છેને! એલા! શરીર, વાણી અનેરું, રાગ અનેરો, પણ ક્ષાયિકભાવ પારિણામિકભાવથી અનેરો? એનો **પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે.** એ ચાર ભાવનો આશ્રય છોડવાને અતિ-આસન્ન (અર્થાત્) નજીકમાં જેની મુક્તિ છે એવો જીવ તે સમર્થ છે. એની વ્યાખ્યા આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૧૧, બુધવાર, તા. ૧૫-૯-૧૯૭૧**
**ગાથા - ૧૧૯, પ્રવચન નં. ૧૨૫**

શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત એટલે કે વીતરાગી પરિણતિ જે મોક્ષનો માર્ગ. પુણ્ય-પાપના ભાવ રહિત વીતરાગદશા એનું નામ નિશ્ચય મોક્ષમાર્ગ. એ નિશ્ચય મોક્ષમાર્ગની પરિણતિ કોને આધારે પ્રગટ થાય છે? અને એ વીતરાગ પરિણતિ એ બધું મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણાદિનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એ વાત છે અહીંયા.

**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...** કહે છે, એ મોક્ષમાર્ગની દશા જે શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત એ મહાવ્રત, એ સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, સમાધિ, ભક્તિ વિગેરેના ભાવ કોને આશ્રયે–આલંબને પ્રગટે છે? એ વાત કરે છે. કે જે દ્રવ્ય **સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત** છે. ભગવાન આત્મા અંતર્મુખ ચીજ ધ્રુવ એ સમસ્ત પરદ્રવ્યોના અભાવસ્વરૂપ છે. સમસ્ત રાગાદિ કે એક સમયની પર્યાય એ બધાના અભાવસ્વરૂપથી–એવા લક્ષણથી એ લક્ષિત છે. સમજાય છે કાંઈ? એ પરદ્રવ્યના અભાવ–ત્યાગસ્વભાવરૂપ લક્ષણથી લક્ષિત છે. ભાષા દેખો! સમજાણું કાંઈ? **સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગસ્વરૂપ લક્ષણથી લક્ષિત** એવો **અખંડ નિત્યનિરાવરણ...** ભગવાન નિત્ય ધ્રુવ અખંડ નિત્યનિરાવરણ **સહજ-પરમપારિણામિકભાવ...** એ વસ્તુ, એનું આલંબન એ એની ભાવના, આહાહા! કહો, સમજાણું કાંઈ?

આ સ્થાનકવાસી ને દેરાવાસીમાં બહારના આલંબનની તકરાર બહુ. ઓલા દેરાસર ને મૂર્તિનું આલંબન છે, આ કહે કે એનું આલંબન નહીં. બેયમાં એ વાંધા છે બધા. સ્થાનકવાસી કહે, મૂર્તિ-બૂર્તિ પરદ્રવ્યનું આલંબન આત્માને ન હોય. દેરાવાસી કહે, એનું આલંબન ભક્તિમાં હોય. ... આલંબન લ્યો. ચીમનભાઈ કહે છે. એ સાચી વાત છે. એમાં એ આવે છે. પણ એ તો શુભભાવ વખતની વાત છે. શુભભાવ હોય છે ત્યારે એ આલંબન તરીકે નિમિત્ત કહેવામાં આવે છે, પણ વસ્તુના વીતરાગી મોક્ષમાર્ગના પરિણામમાં એ આલંબન નથી. આહાહા! સમજાણું કાંઈ? નિશ્ચય મોક્ષમાર્ગ એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્-ચારિત્ર એવા જે નિર્દોષ, નિર્વિકલ્પ વીતરાગી પરિણામધારા એનું આલંબન તો વસ્તુ છે. સમજાણું કાંઈ? બધા વ્યવહારના ઝઘડા. આહીં તો કહે છે, એવો જે પરમપારિણામિકભાવની ભાવના... ભાવના કહો કે એનું આલંબન લીધેલો ભાવ. ત્રિકાળી પરમસ્વભાવ નિત્ય દળ, એનો આશ્રય, એની ભાવના, એમાં એકાગ્રતા, એ મોક્ષનો માર્ગ, એ નિયમસાર. સમજાય છે કાંઈ?

એવા પરમસ્વભાવભાવ નિત્યાનંદ પ્રભુ એના આલંબનનો જે ભાવ, એની એકાગ્રતાનો જે ભાવ, એની ભાવના... એ ભાવને ભાવના કીધી છે. એ ભાવનાથી ઉદય... નીચે ખુલાસો કર્યો

છે. શુભાશુભભાવ ઉપશમ.. ઉપશમ સમકિત આદિનો, ક્ષયોપશમ અપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ પર્યાયનો, ક્ષાયિકભાવનો–સર્વથા શુદ્ધપર્યાયનો પણ. **ચાર ભાવાંતરોનો પરિહાર કરવાને**... એવી પર્યાયમાં ચાર પ્રકારના ભાવ છે, પણ એ ભાવ પરમસ્વભાવ ધ્રુવથી અનેરો ભાવ છે–અન્ય ભાવ છે. સવારમાં 'દ્રવ્યથી પર્યાય અન્ય છે' એમ આવી ગયું કે નહીં? અન્યમાં કઈ બાકી રહી ગઈ? કેવળજ્ઞાન? દ્રવ્ય જે વસ્તુ છે ધ્રુવ નિત્ય, એનાથી અનેરી પર્યાય એ બધો અનેરો ભાવ. ભગવાન પરમભાવ એનાથી, એ પર્યાય ક્ષાયિક હો તોપણ એ ભાવથી અનેરો ભાવ છે. એ આ ભાવ નહીં. સમજાણું કાંઈ? આહાહા!

એવા **ચાર ભાવાંતરોનો...** એવા જે ચાર પર્યાયો એટલે એને ચાર ભાવ કીધા અહીંયા. એવા ભાવરૂપી પર્યાય જે ભાવાંતર (અર્થાત્) પરમસ્વભાવ ધ્રુવ એ ભાવથી અનેરા ભાવનો **પરિહાર કરવાને...** એ ચારને છોડવાને–ત્યાગ કરવાને **અતિ આસન્નભવ્ય જીવ સમર્થ છે.** સમજાણું કાંઈ? એટલે? કે ભગવાન આત્મા પરમસ્વભાવભાવ એના આલંબનવાળી જે દશા–એની એકાગ્રતારૂપી જે ભાવના... એ વસ્તુમાં એકાગ્રતા એ પર્યાય છે અને વસ્તુ ત્રિકાળી છે, એમાં એકાગ્રતારૂપી જે ભાવ ને ભાવના ને પરિણામ એ મોક્ષમાર્ગના પરિણામ. એ ચાર ભાવનો આશ્રય એમાં હોતો નથી. એકનો આશ્રય હોય એટલે ચારનો આશ્રય હોતો નથી અને ચાર ભાવના આશ્રયનો અભાવ.., એક ત્રિકાળીના આશ્રયે ભાવ થતા ચારનો આશ્રય એને રહેતો નથી.

બીજી રીતે લઈએ તો, કહે છે કે જે આત્મા વસ્તુ ત્રિકાળીદ્રવ્ય નિશ્ચય આત્મા જે પર્યાય વિનાનો છે, એવા આત્માની ભાવનાથી ચાર ભાવનો ત્યાગ થાય છે. એ ભાવના પાછી ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક છે. ભાવના છે એ ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક છે, પણ એ ભાવના દ્રવ્યને આશ્રયે થયેલી છે. એટલે સ્વદ્રવ્યને આશ્રયે થયેલી ભાવનાથી ચાર ભાવોનો આશ્રય ત્યાં થતો નથી અથવા ચાર ભાવનો ત્યાં ત્યાગ–અભાવ થઈ જાય છે. આરે, ભારે ભાઇ! મૂલચંદભાઈ! આવું સ્વરૂપ ... ભારે જગતને.

શ્રોતા : ...મેં તો ઇસકા આલંબન લિયા જાતા હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કિસીકા આલંબન-ફાલંબન નહીં. ધર્મકી પર્યાયમેં આત્મા દ્રવ્ય સિવા કોઈ આલંબન નહીં. બાત તો ઐસી હૈ. ક્યા દ્રવ્યનું? પૈસાનું ને બહારના દ્રવ્યનું? એ કહે છે. ભગવાનનું, દેવ-ગુરુનું એ બહારનું આલંબન. એ આલંબન, ધર્મની પર્યાયમાં એનું આલંબન નથી. એ તો પુણ્યભાવમાં એનું આલંબન છે. પુણ્યભાવ તો બંધનું કારણ છે. આહીં તો મોક્ષમાર્ગની વ્યાખ્યા ચાલે છે, નિયમસાર ચાલે છે. સમજાણું કાંઈ?

પછી નિયમ લેશે ૧૨૦માં. નિયમથી આ વસ્તુ છે. આહાહા! ઓહોહો! ભગવાન પરમાનંદનો ધામ, જે અતીન્દ્રિય આનંદનું ચોસલું છે. જેમ આ મોહનથાળના ચોસલા પાડે છે કે

નહીં? શેઠ! શું હતું તમારે ત્યાં? બરફી, ચૂરમા હતું. પૂછ્યું હતું કોઈકને. ચોસલા.. ચોસલા.. કટકા એ ચોસલા કહેવાય. મીઠાઈકા ચોસલા હોતા હૈ ન? ચાર બાજુ. આ મૈસૂબના ચોસલા હોય. એમ ભગવાન આત્મા એકલું અતીન્દ્રિય આનંદનું ચોસલું–પિંડ છે. આહાહા! એવા આત્મા પ્રત્યેના આશ્રયથી પ્રગટેલી એકાગ્રતારૂપી ભાવના, એ ભાવના ચાર ભાવનો ત્યાગ કરવાને સમર્થ છે. એવી ભાવનાવાળો જીવ, એમ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પરમસ્વભાવભાવ એની એકાગ્રતાવાળો–ભાવનાવાળો જીવ... ભાવનાવાળો જીવ... એ ટીકામાં આવી ગયું છે. ચાર ભાવનો અભાવ, પરિહાર એટલે ત્યાગ એટલે એનો આશ્રય છોડવાને આ લાયક (-સમર્થ) છે. જેણે સ્વદ્રવ્યનો આશ્રય લીધો, એ ભાવ ચારનો આશ્રય છોડવાને સમર્થ છે. આહાહા!

**પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ...** ઓહો! જેને અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનું છે. અતિ-આસન્ન–ઘણો નિકટ છે મોક્ષ. મોક્ષ જેને ઘણો નિકટ છે. આહાહા! એવા અતિ–નિકટ ભવ્યજીવ આવી ભાવનાવાળો એ જીવ... જીવ આવી ગયું ત્યાં પાછું. ઓલામાં હતુંને ટીકામાં. ત્યાં હતું, '**આત્મસ્વરૂપ જેનું આલંબન છે એવા ભાવથી જીવ**' એમ હતુંને એમાં. તે અહીં આવ્યું ટીકામાં. આવો **જીવ સમર્થ છે**. આહાહા! જેની ભાવના–એકાગ્રતા દ્રવ્ય તરફ ઢળી છે, વ્યવહારના પર્યાયની જેને ભાવના નથી, એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? ત્રિકાળ ચિદાનંદ ભગવાન નિત્યાનંદ પ્રભુ એની જેને સન્મુખતાની એકાગ્રતારૂપ ભાવના છે એવી ભાવના એટલે નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયવાળો જીવ.. આહાહા! ચાર ભાવનો ત્યાગ કરવાને એ સમર્થ છે. કહો, સમજાણું કાંઈ? નીચે ખુલાસો નોટમાં.

**અહીં ચાર ભાવોના પરિહારમાં ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાયનો પણ પરિહાર કરવાનું કહ્યું છે.** એક શુદ્ધ પર્યાયનો આમાં ત્યાગ છે. ત્યાગ કરવાનું કહ્યું છે **તેનું કારણ આ પ્રમાણે છે : શુદ્ધાત્મદ્રવ્યનું જ...** શુદ્ધાત્મદ્રવ્યનું જ (એટલે) અંશીનું... અંશી એને અપેક્ષાએ કહ્યો છે. નહીં તો છે તો એ દ્રવ્ય એક અંશ. નિશ્ચયનયનો વિષય છે ને? એ કંઈ પ્રમાણનો વિષય નથી. નયનો વિષય અંશ જ છે. પણ અહીં અંશી કહેવાનું કારણ કે ઓલો પર્યાય છે એ એક સમયનો છે અને આ આખું દ્રવ્ય છે. નહીંતર પરમપારિણામિકભાવ એ પણ નિશ્ચયનયનો વિષય છે, નયનો વિષય. નયનો વિષય તો એક અંશ જ હોય. ભાઈ! સમજાણું કાંઈ? શું કહ્યું? છતાં અહીં 'અંશી' શબ્દ વાપર્યો છે. ત્રિકાળ દ્રવ્ય ખરું, પણ પર્યાય નથીને એમાં? અંશ થયો એ અપેક્ષાએ. સમજાણું કાંઈ?

એ છે તો ત્રિકાળી દ્રવ્ય. પર્યાય વિનાનું હોં. એથી એ અપેક્ષાએ એક અંશ થયો. અંશી પણ એક અંશ થયો, પણ આખું દ્રવ્ય છે માટે અંશી કહેવામાં આવે છે. આખું એટલે ઓલું પર્યાય વિનાનું. સમજાણું કાંઈ? નયના બે પડખા લ્યો, ત્યારે પર્યાય પણ એક અંશ છે અને ત્રિકાળી

પણ એક અંશ છે. બે અંશ મળીને પ્રમાણનો વિષય થાય છે. અહીંયા મોટો અંશ છે, ત્રિકાળી અંશ છે માટે અંશી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવી વાત છે ભાઈ! **શુદ્ધાત્મદ્રવ્યનું જ...** શુદ્ધાત્મદ્રવ્ય જે ત્રિકાળી છે એ તો નયનો વિષય છે. સમજાણું કાંઈ? અને પર્યાય ને દ્રવ્ય બે મળીને આખા પ્રમાણજ્ઞાનનો વિષય છે અને પ્રમાણનો અવયવ એવો આ નયનો આ વિષય છે. સમજાણું કાંઈ?

આ બધું ક્યારે શીખવું? સંસારમાં ચક્રવૃદ્ધિ વ્યાજ નથી કાઢતા વાણીયા? ચક્રવૃદ્ધિ વ્યાજ સમજે? શેઠ! દસ લાખ ધીર્યા હોય આઠ આના તરીકે... અભી તો (વ્યાજ) દોઢ રૂપિયા હો ગયા હૈ. પહલે આઠ આના થા ન, સો રૂપિયે આઠ આના. અભી દોઢ રૂપિયો હો ગયા દોઢ ટકા. આ ગયા હૈ. સુના હૈ ઐસા. તમને તો બધી ખબર જ હોય, આહીં તો સાંભળ્યું હોય. આઠ આના થઈ ગયા, સો રૂપિયે આઠ આના. હજાર હોય તો પાંચસો રૂપિયા એક મહિને. હવે તો દોઢ રૂપિયો થઈ ગયો. આહીં તો કહે છે, દોઢ રૂપિયા–ટકે વ્યાજે હોય દસ લાખ, એ દસ લાખનું એક દિવસનું વ્યાજ ગણી પાછું બીજે દિવસે એ વ્યાજસહિત પૈસાનું પાછું દોઢ ટકે વ્યાજ ગણે. પાછા ત્રીજે દિવસે એના વ્યાજસહિત એનો દોઢ ટકાનું ગણે. એવું બાર મહિને ગણે એનું નામ ચક્રવૃદ્ધિ વ્યાજ કહેવાય.

વ્યાજસહિત મૂડીનું વ્યાજ પાછું. મૂડી સહિત વ્યાજનું પાછું વ્યાજ. આહાહા! આ કાઢે ત્યાં નવરા હોય તે. કાનપુર જાય ત્યાં બધે ધ્યાન રાખે. શેઠ! પૈસાનું બહુ ધ્યાન એ રાખે છેને ન્યાં. કાનપુર જઇએ.... પાછા કોઈકને દેવા પડે એમ કહે છે, એટલે લેવા જાય છે. આહાહા! એમ આહીં તો કહેવું છે કે વાણિયા એમાં–ચક્રવૃદ્ધિ વ્યાજમાં મશગૂલ હોય. આ સૂક્ષ્મ જ્યાં વાત ચાલે તો (કહે), શું કહે છે? કહે છે, ભગવાન આત્મા ધ્રુવ અવિનાશી જે અંશ છે ત્રિકાળી. પર્યાય નાશવાન અંશ છે. પર્યાય છે એ તો નાશવાન અંશ છેને. ચારેય ભાવ નાશવાન અંશ છે. આહાહા! કેવળજ્ઞાનનો પર્યાય પણ નાશવાન અંશ છે. કારણ કે કેવળજ્ઞાન બીજે સમયે રહેતું નથી. આહાહા! બીજે સમયે કેવળજ્ઞાન બીજું થાય છે. એનો એ પર્યાય બીજે સમયે કેવળજ્ઞાનીને ન રહે, સિદ્ધને ન રહે. આહાહા!

વસ્તુસ્થિતિ આવી છે. એને દ્રવ્ય-ગુણ-પર્યાય શું કહેવું કાંઈ ખબર ન મળે. દરકાર ક્યાં છે? ઓલા પૈસા માટે એકલા શું કરતા હતા ચારેકોર રખડપાટ? સાઈકલ બેસીને આમ જાય ને આમ જાય, આવે ને જાય. છોકરા-બોકરા નહોતા ત્યારે તો એકલા કરતા હતા. .... આહાહા! જેનો રસ છે એમાં પ્રયત્ન કર્યા થયા વિના રહે નહીં. કેમ બરાબર હૈ? શેઠ! જિસકી જરૂરિયાત જાને ઉસ તરફ પુરુષાર્થ ઝુકે બિના રહે નહીં. આહાહા! કહે છે કે ભગવાન આત્મા શુદ્ધાત્મદ્રવ્ય અંશીનું જ **આલંબન લેવાથી, ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય પ્રગટે છે.** એ ત્રિકાળીદ્રવ્યનું આલંબન લેવાથી ક્ષાયિકસમકિત આદિ પ્રગટે છે. ભગવાનની સમક્ષમાં ક્ષાયિકસમકિત થાય, એમ આવે

છેને શાસ્ત્રમાં? શ્રુતકેવળી કે કેવળી કે તીર્થંકરની સમીપમાં ક્ષાયિક સમકિત થાય. અહીં કહે છે કે ક્ષાયિકસમકિત દ્રવ્યના આલંબને થાય. એ તો વ્યવહારની વાત કરી. સમજાણું કાંઈ? આહાહા!

લ્યો, અંશીનું **આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય પ્રગટે છે**. ભગવાન આત્મા નિત્યાનંદ એમાં એકાગ્ર થવાથી ક્ષાયિકસમકિત આદિ પ્રગટે છે. ક્ષાયિકસમકિત થયું હોય એને આશ્રયે નવી ક્ષાયિકપર્યાય પ્રગટ થતી નથી, એમ કહે છે. કારણ એ પર્યાય પલટતી છેને. શું કહ્યું એ? ક્ષાયિકસમકિત પ્રગટ્યું શ્રેણિક રાજાને. એ દ્રવ્યને અવલંબે પ્રગટ્યું. એક વાત. હવે નવી પાછી બીજે સમયે ક્ષાયિક સમકિતની પર્યાય થાય. પર્યાય છેને એ તો? એ પર્યાય, ક્ષાયિક સમકિત થયું એને અવલંબને એ પર્યાય નથી થતી. જુઓને! એની રમતું. સમજાણું કાંઈ?

અરે! દ્રવ્યને અવલંબે ક્ષયોપશમભાવવાળી ચારિત્રપર્યાય પ્રગટી અને સાથે ક્ષાયિક સમકિત હો, પણ એ ક્ષાયિક સમકિત ને ક્ષયોપશમ ચારિત્રની પર્યાય એને અવલંબે, બીજી પર્યાય જે થાય એ એને અવલંબે ન થાય. સમજાણું કાંઈ? આહાહા! દ્રવ્યનો દરિયો... દ્રવ્યસ્વભાવનો દરિયો એમાંથી તરંગ ઉઠે, કહે છે. તરંગમાંથી તરંગ ઉઠે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? **આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય પ્રગટે છે. ક્ષાયિકભાવનું—શુદ્ધપર્યાયનું—આલંબન કરવાથી**... લ્યો, ક્ષાયિક સમકિત પ્રગટ્યું છે પહેલે સમયે અને બીજે સમયે પાછી પર્યાય પલટે છેને ક્ષાયિકસમકિતની, તો બીજે સમયે જે ક્ષાયિકસમકિતની પર્યાય થાય એ પૂર્વના ક્ષાયિકસમકિતના અવલંબને ન થાય. આહાહા! સમજાણું કાંઈ? આહા! આવો બાદશાહ પરમાત્મા પોતે રાંકો થઈને ફરે. મને અહીં આપો.. મને અહીં આપો, મને માન આપો, મને મોટો કહો, હું કાંઈ સારો કહું. આહાહા! તારી મોટપ કેટલી? કે તને પ્રગટેલી ક્ષાયિક સમકિતની બીજી પર્યાય પણ તારા આધાર સિવાય એ પ્રગટે નહીં. આહાહા! પાટનીજી! આહાહા! પરમ સત્ય હૈ, પરમ સત્ય. ઓહો! સત્ય સ્વભાવનો પિંડલો પ્રભુ.

**ક્ષાયિકભાવનું—શુદ્ધ પર્યાયનું** એટલે અંશનું... ઓલા ત્રિકાળીને અંશી કહ્યું માટે. **આલંબન કરવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય કદી પ્રગટતો નથી.** આહાહા! સમજાય છે કાંઈ? **માટે ક્ષાયિકભાવનું પણ આલંબન ત્યાજ્ય છે.** ક્ષાયિક સમકિત પ્રગટયું એને પણ, ક્ષાયિક સમકિતની બીજી પર્યાય માટે ક્ષાયિક સમકિતની (પૂર્વ) પર્યાય ત્યાજ્ય છે. સમજાણું કાંઈ? આહાહા! હવે વ્યવહારનો ત્યાગ એ તો ક્યાંય રહી ગયો. વ્યવહારથી આ થાય ને વ્યવહારથી આ થાય. નિશ્ચયપર્યાય વ્યવહારથી થાય. અરે ભગવાન! ક્ષાયિકની પર્યાય થઈ એને આશ્રયે ક્ષાયિકની નવી પર્યાય ન થાય, તો રાગને આશ્રયે નિશ્ચય સમકિત થાય એ ત્રણ કાળમાં હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

**આલંબન ત્યાજ્ય છે. ક્ષાયિકભાવનું પણ...** પ્રગટેલી વર્તમાનદશા ક્ષાયિક સમકિત... શ્રેણિક રાજા જે બીજે ભવે તીર્થંકર થવાના છે. અત્યારે છે નરકમાં. એને પણ ક્ષાયિક સમકિતની પર્યાય ક્ષણે-ક્ષણે પલટે છે. પણ એ ક્ષાયિક સમકિતની પર્યાયનું પલટવું એટલે નવું ઉપજવું એ દ્રવ્યને આશ્રયે ઉપજે છે. ક્ષાયિક સમકિતની પર્યાય છે એને આશ્રયે નવી ઉત્પન્ન થાય એમ નથી. આ નરકમાં. આહાહા! પણ આત્મા ક્યાં નરકમાં હતો? આત્મા પર્યાયમાં આવતો નથી, આ તો વળી નરકમાં ક્યાંથી આવ્યો? આહાહા! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે (એવું) હજી સાંભળ્યું નથી એણે. સમજાણું કાંઈ?

એને આમ અંતરમાં વિશ્વાસ (આવે) કે આ પૂર્ણસ્વભાવનો સાગર પરમાત્મા એને અવલંબે સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. એ ક્ષાયિક સમકિત થયું એને અવલંબે પણ કેવળજ્ઞાન ન થાય. લ્યો, ઠીક! આ નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ્યો છે અને પછી મોક્ષ–કેવળ થાય એ નિશ્ચયમોક્ષમાર્ગને આશ્રયે ન થાય. આરે આરે! ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને આશ્રયે કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ? આહાહા!

**અહીં એમ ઉપદેશ્યું કે...** બીજો પેરેગ્રાફ નોટમાં. **પરદ્રવ્યોનું અને પરભાવોનું આલંબન તો દૂર રહો...** લ્યો, એ દેવ-ગુરુ-શાસ્ત્ર, મનુષ્ય ને સંહનન–હાડકાની મજબૂતી અને પરભાવ વિકલ્પ રાગ એનું આલંબન તો દૂર રહો. અરે! આવું સત્ય એને કાને ન પડે, આવું પરમસત્ય એને શ્રવણમાં ન આવે ત્યારે સ્વીકાર તો ક્યાંથી કરે? આહાહા! સમજાણું કાંઈ? **પરદ્રવ્યો અને પરભાવોનું આલંબન તો દૂર રહો, મોક્ષાર્થીએ પોતાના ઔદયિકભાવોનું...** એટલે એ શુભાશુભ વિકારની પર્યાય, એ શુભાશુભભાવનું... જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવા શુભભાવનું પણ આલંબન છોડવું. આહાહા! મોક્ષાર્થીએ, એને તીર્થંકર(ગોત્ર) બાંધવાનો ભાવ આવ્યો, પણ એનું આલંબન એણે છોડવું આહાહા! **મોક્ષાર્થીએ પોતાના ઔદયિકભાવનું...** જોયું? વળી પોતાના... ઔદયિકભાવ એનો નથી, પણ પર્યાયમાં છેને એ અપેક્ષાએ.

**સમસ્ત શુભાશુભ...** ચાહે તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, જે ભાવે આહારક શરીર બંધાય, જે ભાવે સર્વાર્થસિદ્ધિનો ભવ બંધાય. આહાહા! સહદેવ અને નકુલ–પાંડવો સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાણું ત્યાં શેત્રુંજય. પાંચ મુનિઓ યોદ્ધા. નગ્ન દિગંબર આત્મધ્યાનમાં મસ્ત આમ. દ્રવ્યના આલંબને લીન હતા અંદર. ચડાવ્યા.... ધર્મરાજા, ભીમ ને અર્જુન—ત્રણ તો આલંબનમાં ઉગ્ર થઈને કેવળ, મોક્ષ પામ્યા. ઓહોહો! બેને જરી વિકલ્પ આવ્યો જરી સ્વના આલંબનથી ખસીને. અરે! ધર્મરાજા એટલે મહાપુરુષ, સમર્થ ભીમ અને અર્જુન બાણાવળી. એની બાણ-આવળી એટલે બાણ અટકે નહીં. એ પુરૂષ ધ્યાનમાં મસ્ત. લોઢાના આભૂષણ પહેરાવ્યા. અંતરના આલંબને ઘૂસી ગયા છે. કેવળજ્ઞાન, મુક્તિ શેત્રુંજયને ક્ષેત્રે.

એ ક્ષેત્રે ઉપર બિરાજે છે. એ સિદ્ધક્ષેત્રે ઉપર બિરાજે છે, એ હેતુ છે જાત્રાનો. બીજો કોઈ (હેતુ નથી). ત્યાં નીચે સ્મૃતિ માટે છે (કે) ઓહોહો! ભગવાન અહીંથી મોક્ષ પધાર્યા છે. ત્યાં મોક્ષ પધાર્યા છે. સાદિ-અનંત એ ક્ષેત્રમાં માથે રહેશે. એક ક્ષેત્રમાં ત્રણને (મોક્ષ અને બે) સર્વાર્થસિદ્ધે ગયા. આહાહા! એટલું આલંબન આત્માનું છૂટી ગયું, વિકલ્પ થઈ ગયો જરી. શેઠ! બાહ્યનો વિકલ્પ થયો. મુનિને બે ભવ થઈ ગયા. સર્વાર્થસિદ્ધ ને એક બીજો મનુષ્યનો ભવ. ૩૩ સાગર (માટે સ્વર્ગ) ગયા. એના પછી હજી મનુષ્યનો ભવ થાશે ત્યારે મોક્ષ જશે. યે રાગ હૈ ન. તે પણ ધર્માત્માનો રાગ. ઠીક! પ્રશસ્ત. આહાહા! તારા સ્વભાવની જાત નહીં, એ કજાતભાવ ભવનું કારણ છે. આહાહા! શુભરાગ–સાધર્મી ધર્માત્માનો રાગ, એમાં વળી બંધવ–એક કૂંખે–કુંતાની કૂંખે–એક માતાના પેટે જન્મેલા પાંચે ને એમાં ધર્મ મુનિઓ, સંતો. આહાહા! જુઓ તો વીતરાગમાર્ગ. આહાહા!

શ્રોતા : વાત્સલ્યભાવ હુઆ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે વાત્સલ્ય વિકલ્પ હૈ, દો ભવ હો ગયે. વાત્સલ્ય, અપના વાત્સલ્ય ક્યોં છૂટ ગયા? શેઠ! ઇતના સ્વ-આલંબનસે ચ્યુત હુઆ. ત્રણ લોકનો નાથ પરમાત્મા સમીપમાંથી ખસી ગયો એટલો. આહાહા! સમજાણું કાંઈ? આ શત્રુંજય. જુઓને! પાંચે... એ લોકો કહે છે શ્વેતામ્બરમાં કે પાંચે મોક્ષ ગયા. બે જણા સર્વાર્થસિદ્ધિમાં ગયા છે, ત્રણ જણા મોક્ષ ગયા છે. ઉપશમ...

શ્રોતા : એના સ્પર્શથી પથરા......

પૂજ્ય ગુરૂદેવશ્રી : કાંઈ થયું નથી. પથરા તો પથરા છે.

**પોતાના ઔદયિકભાવોનું**... શુભાશુભભાવોનું... આહાહા! મોક્ષાર્થીએ એનું પણ આલંબન છોડવું જોઈએ. આહાહા! ગજબ છેને! શું છોડાવે છે અહીંયા? આ પ્રવચનસારમાં આવે છે ને? ભક્તિને કાળે એને રાગ આવે છે. ભક્તિ કરવી મુનિઓની. 'કરવી' એ તો વ્યવહારના કથન છે. એ કાળે એવો સંયોગ છે ત્યાં (અને) અહીં પણ એ પ્રકારનો રાગનો કાળ છે. કરવું ને કરવા જેવું છે એમ છે જ ક્યાં? આહાહા! આવો માર્ગ તે પણ માર્ગ! આ મુનિ આવા છે માટે મારે રાગ કરવો જોઇએ અને એની વૈયાવૃત્ય કરી શકું છું—એ વાત જ ક્યાં છે? પણ એ કાળના સમયે એવો રાગ હોય છે. એથી એની વૈયાવૃત્ય કરે છે એમ કહેવામાં આવે છે. વૈયાવૃત્ય કોણ કરે? પરદ્રવ્યની એટલી વૈયાવૃત્ય, રાગ આવ્યો એ થઈ ગઇ. આહાહા! રાગ એ પરદ્રવ્ય છે એકલું. આહાહા!

ભગવાન આત્મા જ્યાં નિધાન પડ્યું છે એની નજર છોડી અને જો બીજાનો આશ્રય લેવા જાય તો નુકશાન થશે. આહાહા! આહીં તો સાંભળવાનો આશ્રય એ પણ, કહે છે, નુકશાન છે.—એમ કહે છે અહીં. શેઠ! ક્યા કરના? આરે! ગજબ વાત છે. પરદ્રવ્યનું (તો શું), પણ શુભભાવનું

આલંબન છોડવું. આહાહા! એય પોપટભાઈ! આહાહા! એની પ્રતિ શ્રદ્ધામાં તો લે કે આ આલંબન, એ કરવા જેવું દ્રવ્યનું છે. પરદ્રવ્યનું આલંબન... આહાહા! કરવા જેવું નથી બીજા દ્રવ્યનું આલંબન. આનું જ કરવા જેવું છે. ઓલું ઠેકાણું નથી ત્યાં, એમ શ્રદ્ધામાં તો લે. સમજાણું કાંઈ? આવે, પણ એને હેય જાણે. આહાહા!

શુભાશુભભાવનું, અરે! ઉપશમભાવનું, ઉપશમ સમકિત આદિનું આલંબન છોડવાનું કીધું. આહાહા! ઉપશમ સમકિત થયું છે એને છોડ (એટલે) આલંબન છોડ. પર્યાય છે એ તો. સમજાવે છેને. ઉપશમ સમકિત. ઉપશમ સમકિત આદિ એટલે ચારિત્ર (આદિ). ક્ષયોપશમ સમકિત–(**અપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિની પર્યાય**)... ઓછી શુદ્ધ જ્ઞાન-દર્શનની પર્યાય એનું પણ આલંબન છોડવા જેવું છે. પર્યાયનો આશ્રય નહીં, એમ કહે છે. **તેમ જ ક્ષાયિકભાવોનું**... (**સર્વથા શુદ્ધ પર્યાયોનું**)... ઓલામાં અપૂર્ણનું.... ક્ષાયિક સમકિત આદિ... એય! આમાં નવરો ક્યાં થાય? જો આત્મા ઉપર એની દૃષ્ટિ પડે, આલંબનમાં બહાર આવવાને નવરો ક્યાં છે એ? પુરુષાર્થની કમીને લઈને આવે તો એને હેય સમજવું. આહાહા! ત્રણ લોકના નાથનું આલંબન છોડવું, એમ કહે છે આહીં તો. એના ભાવનું આલંબન છોડવું શુભનું, પ્રભુ એમ કહે છે. આહાહા!

જ્યાં આવું આલંબન છોડવું (કહ્યું), વળી ત્યાં મૂર્તિ ક્યાંથી આવી પાછી? વળી એમ બીજા કહે છે. અરે, સાંભળને! આહાહા! જ્યારે આટલી બધી વાત કરો ત્યાં આ ક્યાંથી આવ્યું? ભાઈ! તને ખબર નથી. એમાં આલંબન પૂર્ણ ન હોય ત્યારે શુભભાવનો પ્રસંગ, કાળ હોય, તેથી આવે. ત્યારે એ કાળમાં શુભભાવમાં સામે એ જ ચીજ નિમિત્ત હોય, પણ હેયબુદ્ધિએ હોય. ગજબ વાત છે. સમજાણું કાંઈ? કરે છે ક્યાં? થાય છે. થાય છે ત્યાં જાય છે, લક્ષ આમ જાય છે. જાણે છે (કે) છે સાથે ભાવ, બસ. (પણ) હેય છે. ત્યારે કહે કે હેય છે એને કરવું શું કરવા? પણ કરવાને પ્રશ્ન જ ક્યાં છે અહીંયા? આવે છે વચમાં, પૂર્ણ સ્વરૂપ ન હોય ત્યાં બાધકપણું વચમાં ઊભું થાય.

શ્રોતા : નબળાઈને કારણે......

પૂજ્ય ગુરૂદેવશ્રી : નબળાઈ-બબળાઈ કાંઈ નહીં, એ ન્યાં છે. અપૂર્ણ છેને એટલે એવો ભાવ આવે અને એ ભાવ ઉપર પણ લક્ષ જાય, પણ એ હેયબુદ્ધિએ જાય ન્યાં. આહાહા! આવો માર્ગ વીતરાગનો. જૈનમાં જન્મ્યાને પણ મળે નહીં સાંભળવા. એ મૂલચંદભાઈ! આહાહા! જિંદગીયું જાય ૬૦-૬૦ વર્ષ, ૫૦, ૭૦-૭૦ વયા ગયા. અમે જૈન છીએ, દિગંબર છીએ. દિગંબર પણ, જૈન શું કહે છે એની ખબર ન મળે. આહાહા!

ક્ષાયિકભાવ (સર્વથા શુદ્ધ પર્યાય)... ક્ષાયિક સમકિત તો ચોથે-પાંચમે, છઠ્ઠે-સાતમે હોય છે. ક્ષાયિક સમકિત ચોથેથી શરૂ થઈ જાય છે, છતાં એનું આલંબન છોડવા જેવું છે. આહાહા! અરે! માર્ગ તે પણ માર્ગ છે ને. વીતરાગભાવ છે ને! વીતરાગભાવને આલંબન તો આત્માનું

આવે. વીતરાગભાવને આલંબન પરનું હોય? ત્યારે કહે કે અમને (પૂર્ણ) વીતરાગ(ભાવ) પ્રગટ્યો નથી ત્યાં સુધી? ત્યાં સુધી રાગ હોય, છે એટલું જાણવું. વ્યવહારનયનો વિષય નથી એમ નહીં, છે, (પણ) આશ્રય કરવાલાયક અને લાભદાયી છે એમ નહીં. આહાહા! આમાં ઝઘડા કરે તો પાર ન આવે. વ્યવહાર કારણ ને નિશ્ચય કાર્ય, વ્યવહાર હેતુ... છઢાળામાં આવે છે ને? 'નિયતનો હેતુ..' એ બધું.... પણ વીતરાગની વાણી પૂર્વાપર વિરોધ રહિત હોય. વિરોધ સહિત હોય? અહીં એમ કહે, ચાર ભાવનો ત્યાજ્ય થવાને આશ્રય કરવા જેવો છે. ત્યાં વળી એમ કહે કે એને લઈને લાભ થાય? સમજાણું કાંઈ?

'**जो जाणदि अरहंतं**...' ન્યાં આવ્યું નથી? પરદ્રવ્ય આવ્યું છે લ્યો. પરદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે એને સમકિત થાય, આત્માનું ભાન થાય, એમ આવે છે લ્યો. એક બાજુ કહે કે રાગના આલંબથી લાભ નહીં, પરદ્રવ્યના આલંબનથી લાભ નહીં. પરદ્રવ્યનું, શુભભાવનું આલંબન પણ છોડવું. ત્યાં એમ કહ્યું કે જેણે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા એ આત્માને જાણે ને મોહનો ક્ષય થાય. એ તો નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે. એ વખતે અરિહંતના પર્યાયનું એને જ્ઞાન છે, એ લક્ષ છૂટીને જ્યાં સ્વના આશ્રયે જાય છે ત્યારે એને સમકિત થાય છે. એમાં નિમિત્ત એ વખતે લક્ષમાં આ હતું એટલું જણાવ્યું છે. આરે, ભારે! પાઠ તો એવો છે, '**जो जाणदि अरहंतं दव्वत्तगुणपज्जयत्तेहि, सो जाणदि अप्पाणं**...' લ્યો, છે? કરો તકરાર, વાદ કરો વાદ, લ્યો. ચર્ચા કરો એમ કહે. ચર્ચા કરો આપણે વિચારથી. ચર્ચા નહીં, તારે વાદ કરવો છે. બહોત ચર્ચા હો ગઈ. બહોત પુસ્તક પડા હૈ.

શ્રોતા : પણ નિમિત્તથી થાય..... જેને કરવું હોય એને રખડવું...

પૂજ્ય ગુરૂદેવશ્રી : જેણે નિર્ણય કરી રાખ્યો છે કે અમારો સાચો હોય..... ભાઈ! સિદ્ધાંત તો એક સરખો હોવો જોઈએને. ત્યાં એમ કહે કે અરિહંત પરદ્રવ્ય છે એનું જ્ઞાન કરે એને સ્વનું જ્ઞાન થાય. એનું પરનું આલંબનથી સ્વનું આલંબન પ્રગટે? જ્ઞાન–સમ્યગ્જ્ઞાન તો સ્વ-આલંબને થાય. એ તો એ વખતે પહેલું આ હતું, સર્વોત્કૃષ્ટ અરિહંતદેવ પરમાત્મા જગતમાં હોય છે એવી પર્યાયની પૂર્ણતાનું લક્ષ જેને પહેલું થયું, એ લક્ષવાળો ઠરી જાય છે પોતા....જાય. સમજાણું કાંઈ? એના લક્ષથી આ લક્ષ થાય છે એમ નથી. આરે, આરે, ભારે વાત ભાઈ! નહીંતર તો પૂર્વાપર વિરોધ થઈ જશે. પૂર્વાપર વિરોધ વીતરાગના માર્ગમાં હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

**આલંબન છોડવું, માત્ર પરમપારિણામિકભાવનું**... ભગવાન! પોતાની પર્યાયનું આલંબન નહીં, તો ત્યાં વળી પરદ્રવ્યનું આલંબન તો ક્યા રહ્યું? કહે છે. એ તો પહેલું આવી ગયું. પરદ્રવ્યનું ને પરભાવનું આલંબન દૂર રહો. એ તો પહેલું આવ્યું. સમજાણું કાંઈ? **માત્ર પરમપારિણામિકભાવનું**... ત્રિકાળી ધ્રુવસ્વભાવ નિત્યાનંદ પ્રભુ એ **શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું**... પરમપારિણામિકભાવ એટલે કે શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય, એમ. શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય ધ્રુવ ત્રિકાળી

સદૃશ સ્વભાવ. **આલંબન લેવું**. લ્યો, **તેને આલંબનારો ભાવ જ**... ભગવાન ત્રિકાળી ધ્રુવસ્વરૂપ એનો આશ્રય લેનારો ભાવ જ, એને આલંબન લેનારો ભાવ જ **મહાવ્રત** છે. એને મહાવ્રત સાચા કહીએ. આ બધા પરદ્રવ્યને લક્ષે મહાવ્રત-ફહાવ્રત, એ બધા સાચા મહાવ્રત છે જ નહીં. સમજાણું કાંઈ? ૨૮ મૂળગુણ તો પાળે છેને? મહાવ્રત તો પાળે છેને? અહીં કહે છે કે તું કહે છે એ મહાવ્રતનો ભાગ એ રાગ છે, વિકલ્પ છે. એ મહાવ્રત જ નથી. આહાહા! સમજાણું કાંઈ?

જેમાં આત્મા પરમસ્વભાવી ત્રિકાળી આનંદકંદ પ્રભુ જે ભાવને આધાર એનો મળ્યો, જે ભાવે એનું આલંબન લીધું, જે ભાવે દ્રવ્યનો આશ્રય લીધો, એ ભાવમાં મહાવ્રતપણું છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આવી વ્યાખ્યા છે. આહાહા! એટલે? કે શુદ્ધ ભગવાન આત્મા ત્રિકાળી પરમસ્વરૂપ એના આશ્રયથી પ્રગટેલી પર્યાય તે અહિંસા છે, તે સત્ય છે, તે અણદીધેલી ચીજ છે, અણ..થી આવેલી છે, એ સમ્યક્ તે બ્રહ્મચર્ય છે. આ બ્રહ્માનંદને આશ્રયે પર્યાય પ્રગટે તે બ્રહ્મચર્ય છે. આહાહા! પરને આશ્રયે વિકલ્પ ઉઠે તે બ્રહ્મચર્ય નહીં. આહાહા! ચાહે તો શરીરથી બ્રહ્મચર્ય પાળતો હોય, પણ આલંબન તો પરનું (છે કે) આ મારે ન કરવું, આ મારે ન કરવું એમ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતર્મુખ પ્રભુ બિરાજે છે સાક્ષાત્, એને આલંબને પ્રગટેલી દશા એને અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ કહીએ. સમજાણું કાંઈ? નગ્નદશા એ અપરિગ્રહભાવ છે એમ નહીં. એમ મહાવ્રત, પરને ન મારે એવા પંચમહાવ્રતના વિકલ્પ એ પણ અપરિગ્રહવ્રત એ નહીં. ત્રિકાળી જેમાં રાગ ને પર્યાયનો અભાવ છે એવા દ્રવ્યને આશ્રયે જે પ્રગટ થાય તે પર્યાયને અપરિગ્રહવ્રત કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**આલંબનારો ભાવ જ**... એકાંત નથી થઈ જતું? **ભાવ જ મહાવ્રત છે**... પછી આ કથંચિત વ્યવહાર મહાવ્રત છે એ? એ નહીં, એ વ્રત જ નથી. મહાવ્રતના વિકલ્પ એ વ્રત જ નથી, એને વ્રત કહેવું એ તો દોષ છે. સમજાણું કાંઈ? એ તો શુભભાવ છે. એ તો પહેલું કહ્યું. શુભભાવનું આલંબન છોડવું. આહાહા! ભારે માર્ગ પણ ભાઈ! અનંત કાળના સંસારના અંત લાવવા અને અનંત-અનંત કાળ આનંદની સમાધિ રહે એવું કારણ એ તો અપૂર્વ જ હોયને! આહાહા! સ્પષ્ટ જ છે ત્રિકાળ. એમાં ક્યાંય (શંકા) નથી. આહાહા! અરે! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એના માર્ગમાં શું હોય બીજું? અરે! ગોટા લોકો વાળે. અજૈનમાં ગોટા, જૈનના વાડામાં ગોટા... ભાઈ! તને નુકશાન છે એમાં. એ નુકશાનના ફળ આકરા છે ભાઈ! આના ફળ મોટા મહાન કેવળજ્ઞાન. મારા ચૈતન્યને આલંબને, મારા પ્રભુને આશ્રયે જે પર્યાય થાય તેને અહીં મોક્ષમાર્ગ કહે છે. નિશ્ચય મોક્ષમાર્ગના પર્યાયના જ આ બધા પ્રકાર છે. પડિકમણું, પ્રત્યાખ્યાન, આલોચના ને પ્રાયશ્ચિત્ત બધાય. નિયમસાર.. નિયમસાર.. ઓહોહો!

શ્રાવણ વદ બીજે ભાઈ બહાર પાડ્યું છે. તમારું ન્યાં એમાં છે લખાણ આમાં મોઢા આગળ. આમાં મોઢા આગળ છેને રામજીભાઈનું પ્રકાશકીય (નિવેદન). તે દિ' શ્રાવણ વદ બીજ હતી. ભાઈએ પહેલો ઉપોદ્ઘાત કર્યો છે એ શ્રાવણ વદ ૧. અહીં કર્યો છે શ્રાવણ વદ બીજ. વીર સં. ૨૪૭૭. કેટલા વર્ષ થયા? વીસ. સાત ને સત્યાવીસ (વચ્ચે) વીસ વરસ થયા.. બેનના જન્મ દિ'એ આ બહાર પડ્યું લ્યો. વદ બીજ છે એમાં હોં. રામજીભાઈના અક્ષરનું છે. આ નિયમસાર!

**તેને આલંબનારો ભાવ જ...** ભાઈ! વીતરાગમાર્ગમાં 'જ' ન હોય. આવે છેને શ્રીમદ્‌માં કે મારો મહાવીર 'જ' ન કહે? એ તો આખા (-પ્રમાણ) દ્રવ્યની અપેક્ષાની વાત છે કે આત્મા નિત્ય જ છે, અનિત્ય જ છે એમ (ન આવે). પણ દ્રવ્યે નિત્ય જ છે, એમ મહાવીર પરમાત્મા કહે છે. એમ **આલંબનારો ભાવ જ મહાવ્રત છે**... બીજા મહાવ્રતના વિકલ્પો એને મહાવ્રત કહેતા નથી. આહાહા! મહાવ્રત... પાંચ થઈ ગયા. **સમિતિ**... ઇર્યા, ભાષા, એષણા એ બધું આ. ભગવાન આત્મા ત્રિલોકનો નાથ પોતે, જેના જ્ઞાનમાં, આવા લોકાલોક અનંત હોય તોપણ જેના જ્ઞાનની એક પર્યાયમાં જણાય, એવી અનંતી પર્યાયનો સાગર ભગવાન, આહાહા! કહે છે, એને આલંબને જે દશા થાય એને સમિતિ કહીએ. આમ જોઈને ચાલવું (આદિ) એ તો બધો વિકલ્પ છે, એ સમિતિ નહીં, એમ કહે છે. એ તો શુભભાવ છે.

શ્રોતા : વ્યવહારભાવ તે બધા ખોટા છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ખોટા ક્યાં? છે એમ જણાવ્યું છે, વ્યવહારે છે એમ જણાવ્યું છે. પણ છે એ સ્વરૂપદશા છે એમ કહ્યું ત્યાં?

શ્રોતા : અમૃત તો કહ્યું છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અમૃત એટલે પછી વ્યવહાર. નિશ્ચય અમૃતનો આરોપ આપીને વ્યવહાર (કહ્યો). નિશ્ચય મહાવ્રત આ થયા એને–રાગને વ્યવહાર મહાવ્રત (કહ્યો). નિશ્ચય ચારિત્ર આવ્યું તો રાગને વ્યવહાર ચારિત્ર (કહ્યું). એ તો બધો આરોપિત કથન છે, નિરૂપણના આ કથન છે. સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે ભાઈ! એમાં ક્યાંય ફેરફાર હોય જ નહીં. સોળેસોળ આની કરે તો કાંઈ થાય એવું નથી એવો માર્ગ છે.

**સમિતિ**... આ જોઈને ચાલવું, નિર્દોષ આહાર લેવા એ (સમિતિ) નહીં. એ તો બધો વિકલ્પ છે કહે છે.

શ્રોતા : ગમે એવો આહાર લઈ આવે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગમે એવાની વાત ક્યાં છે આ? નિર્દોષ આહાર–એને માટે ન કરેલો લ્યે તો પણ વિકલ્પ છે, પરલક્ષીભાવ છે. સ્વ-આલંબનનો ભાવ એ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

સમિતિ, આ **ગુપ્તિ**... તેર પ્રકારનું ચારિત્ર. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ. તેર પ્રકારનું ચારિત્ર જે લોકો કહે છે, પણ એ આત્માના અવલંબને થાય એ. તું આમને અવલંબે માન એ નહીં. આહાહા! તેર પ્રકારનું ચારિત્ર કહે છેને ભાઈ! પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ—એ બધું આત્માને આલંબનારો ભાવ જ એને કહેવાય છે. સમજાણું કાંઈ? અને એને જ મોક્ષનો માર્ગ કહેવાય છે. પરના આલંબનનો ભાવ વ્યવહારરત્નત્રય જેને કહીએ, એ મોક્ષમાર્ગ જ નથી. આહાહા! બંધમાર્ગને મોક્ષના માર્ગનો આરોપ અપાય છે. માટે સ્વને આશ્રયે જે થાય પર્યાય એને મોક્ષમાર્ગ કહીએ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૧૨, ગુરુવાર, તા. ૧૬-૯-૧૯૭૧**
**ગાથા - ૧૧૯, પ્રવચન નં. ૧૨૬**

(નિયમસાર) સિદ્ધાંત છે, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત (અધિકાર). એટલે કે સંસારનો નાશ થવાનો ઉપાય. એમાં શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત કહે છે. મોક્ષમાર્ગ કહો, સંસારના ઉદયભાવનો નાશ કરવાનો ઉપાય કહો—એક જ પ્રકાર છે. અહીંયા આવ્યું હતું અંદર, નોટ. આ આત્માનો પરમસ્વભાવ જે ત્રિકાળી ધ્રુવ નિત્યસ્વભાવ એનું આલંબન લેનાર ભાવ એ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અને એ બધુંય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં અનાદિ-અનંત પૂર્ણ વીતરાગમૂર્તિ આત્મા છે. એવા ધ્રુવનું આલંબન લેવું, જે ભાવે આલંબન હોય, એ ભાવ જ મોક્ષનો માર્ગ, નિશ્ચયપ્રાયશ્ચિત્ત, મહાવ્રતાદિ એને કહેવામાં આવે છે. અને એ સિવાય ચાર ભાવનું આલંબન છોડવું. અહીં આવ્યું ત્યાં સુધી નોટમાં. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય છે, એ પર્યાયનો આશ્રય છોડવો–આલંબન છોડવું, એનું નામ ચાર ભાવનો ત્યાગ કહેવામાં આવે છે. આહાહા!

ચાર ભાવનો ત્યાગ આવે છેને પાઠમાં? પરિહાર કરવો. ઉદય—મિથ્યાત્વ, રાગાદિ, ઉપશમ—સમકિત આદિ, ક્ષયોપશમ—જ્ઞાનાદિ, ક્ષાયિક—સમકિત આદિ. એ બધી પર્યાયો છે. પર્યાયનો ત્યાગ કરવો એમ કહ્યું છે અંદર. પર્યાયનો ત્યાગ કરવો એટલે કે એનો આલંબન ત્યાગ કરવો. એનો આશ્રય ત્યાગ કરી અને એકલો પરમસ્વભાવનો આશ્રય કરવો. એ ભાવ જૈનશાસન ને વીતરાગભાવ છે. સમજાણું કાંઈ? એ કહ્યું, **આલંબન છોડવું, માત્ર પરમપારિણામિકભાવનું—**... એકલો સાર તત્ત્વ છે. **શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું—આલંબન લેવું**, આ તો બાર અંગનો નિચોડ છે. વસ્તુ અંતર પ્રભુ પૂર્ણ પરમસ્વભાવભાવ, દ્રવ્યસ્વભાવભાવ એનું આલંબન લેવું, એનો આશ્રય લેવો, એમાં લીન થવું તે જૈનશાસન છે. લ્યો, આ જૈનશાસન. બાકી ચાર પર્યાયનો ત્યાગ કર્યો એટલે કે એના આલંબનનો ત્યાગ એને ત્યાગ કહેવામાં આવે છે. આરે ભારે!

શ્રોતા : દ્રવ્યનું આલંબન.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : આલંબનનો અર્થ? પ્રગટ ક્ષાયિકસમકિત છેને સમકિતીને. બધાની વાત છે ને. એકની ક્યાં વાત છે? ક્ષાયિક સમકિત કહો, ક્ષયોપશમ સમ્યગ્જ્ઞાન બાર અંગના વિકાસવાળો હો, એ પણ આલંબન કરવાલાયક નથી. સમજાણું કાંઈ? ત્રિકાળ વસ્તુ સચ્ચિદાનંદ શુદ્ધસ્વરૂપ નિત્યાનંદ એવો પરમભાવ છે, એ સિવાય ચાર પર્યાયો અપરમભાવ છે. એ ચાર ભાવો તે આત્માના ત્રિકાળીભાવની અપેક્ષાએ અનેરા ભાવ છે–અન્ય ભાવ છે. ગજબ વાત છે ને! આહાહા! એક કોર રાજા ભગવાન આત્મા અને એક કોર ચાર પર્યાયની પ્રજા. પ્રજાનો

આશ્રય ન લેવો, રાજાનો લેવો, એમ કહે છે. પ્રેમચંદજી! ભાષા સમજતે કિ નહીં? આ તો સાદી ભાષા છે. થોડા-થોડા... યહાં મકાન રખા હૈ તો સમજના પડેગા બરાબર. સમજાણું કાંઈ? આહાહા! આ તો સાદી ભાષા છે. એમાં કાંઈ ગુજરાતી ને હિન્દીમાં સિદ્ધાંતિક શબ્દો આવે એમાં કાંઈ ફેર ન આવે. સમજાય છે કાંઈ?

આત્મા, એક સમય–સેકંડના અસંખ્યમા ભાગમાં એના બે અંશો છે. એક પર્યાય અંશ અને એક ત્રિકાળી અંશ. આ તો સીધી વાત છે. એ ત્રિકાળી જે વસ્તુ છે એના અંતર્મુખ થવું, એનો આશ્રય લેવો કે જેમાંથી નવી ચારિત્ર, સમકિત આદિની પર્યાય જેને આશ્રયે પ્રગટ થાય છે. ક્ષાયિક સમકિતીને પણ ક્ષાયિક સમકિતની બીજા સમયની પર્યાય એ ત્રિકાળી દ્રવ્યના આશ્રયે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ આવો! **તેને આલંબનારો ભાવ જ**... વસ્તુ જે વીતરાગીમૂર્તિ ત્રિકાળ જ્ઞાયકભાવ એને આલંબનારો ભાવ, એનો આશ્રય કરનારો ભાવ એ પર્યાય છે. એ **ભાવ જ મહાવ્રત** છે... એ ભાવને મહાવ્રત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એને **સમિતિ** કહેવામાં આવે છે, એને **ગુપ્તિ** કહેવામાં આવે છે. એ તેર પ્રકારનું ચારિત્ર છે. તેર પ્રકારનું ચારિત્ર, ત્રિકાળ જ્ઞાયકભાવને અવલંબે જે ભાવ થાય તેને તેર પ્રકારનું ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ?

લ્યો, આ ચારિત્ર. પંડિતજી! યે મહાવ્રત પાલના ચારિત્ર હૈ. મહાવ્રતના બે પ્રકાર. એક નિશ્ચય મહાવ્રત, એક વ્યવહાર મહાવ્રત. નિશ્ચય મહાવ્રત–સચ્ચા મહાવ્રત એ ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થાય. ખોટા મહાવ્રત પરને લક્ષે થાય. સાચા મહાવ્રત ત્રિકાળી પરમસત્યને આશ્રયે થાય. કહો, સમજાય છે કાંઈ? આહાહા! મહાવ્રતના બે પ્રકાર—સાચા મહાવ્રત, એક આરોપિત કહો કે જૂઠા કહો, અસત્ય કહો —બધું એક જ છે. સમજાય છે? અમરચંદભાઈ! જેમાં આનંદ ને જ્ઞાનાદિ ભરપૂર ભર્યા છે પૂરા–પરિપૂર્ણ એવો જે વસ્તુસ્વભાવ–દ્રવ્યભાવ–સામાન્યભાવ, એના આલંબને મહાવ્રતાદિ જે ભાવ પ્રગટ્યા એ સાચા મહાવ્રત કહેવાય. અને એ મહાવ્રત પ્રગટ્યા હોય એને હજી પૂર્ણ સ્થિરતા ન હોય તો પરલક્ષી મહાવ્રત આવે, એને વ્યવહાર મહાવ્રત કહેવાય. વ્યવહાર એટલે જૂઠા. આહાહા! સમજાણું કાંઈ?

એને **પ્રતિક્રમણ** કહીએ. જેણે પોતાનો ભગવાન એનું આલંબન–આશ્રય–આધાર લીધો એવા ભાવને પ્રતિક્રમણ કહીએ. આરે, વ્યાખ્યા ભારે આ! એને **આલોચના** કહીએ. એટલા શબ્દો રાખ્યા એણે. નહીં તો પ્રતિક્રમણ પછી પ્રત્યાખ્યાન છે. એમાં આલોચના અહીં આવ્યું. પ્રત્યાખ્યાન એને કહીએ. બીજે નંબરે આવ્યું હતુંને પ્રત્યાખ્યાન? પચ્ચક્ખાણ. પચ્ચક્ખાણ એટલે કે રાગના અભાવ-સ્વભાવરૂપ જે ભાવ એવું જે પચ્ચક્ખાણ જેણે જ્ઞાનભાવનું પરિણમન કર્યું છે. સમયસાર(માં આવે છે), જ્ઞાન તે પચ્ચક્ખાણ છે. એટલે? જે ત્રિકાળી જ્ઞાનસ્વભાવ ભગવાન એનું આલંબન લઈને જે પર્યાય પ્રગટી, તે જ્ઞાનસ્વભાવરૂપ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ?

ઓહો! આવું સ્વરૂપ તો હજી કાને પડે. નહીં જેને, પંડિતજી! સુનનેમેં ન આવે, એ સમજે– સમજણમાં લે કે દિ? પરિણમન કે દિ' કરે?

આલોચના એને સંવર કહીએ. ભગવાન પૂર્ણ ચૈતન્યવસ્તુ એનો આશ્રય કરતાં જે ભાવ આવ્યો, એ ભાવને સંવર કહીએ. સંવર ને નિર્જરા એ મોક્ષનું કારણ છે ને. એને સંવર કહીએ. આ સંવર-પોષા નથી કહેતા? જામનગરમાં બહુ થાય છે. આઠમ, પાખી. .... આખા કાઠિયાવાડમાં ત્યાં જામનગરમાં, બીજે ક્યાંય નહીં. ત્યાં કાયમ પોષા આ બહારની ક્રિયા... સંવર-પોષા કર્યા, ફલાણા કર્યાં. કોને કહેવો સંવર-પોષો એની ખબર ન મળે. સમજાણું કાંઈ? કેટલાક તો વળી કામકાજ કરે સવારમાં કલાક-બે કલાક, પછી આવે પોષો કરવા આવે. દુકાનમાં જઈને બેસે પછી આઠ વાગ્યે આવે. નામ નોંધાવે. અને સંવર-પોષા અમે કર્યાં, એમ. પણ આ ભાઈ છેને તારાચંદભાઈ–વીરજીભાઈના પિતાશ્રી, એ તો વહેલા આવે. સાંજે આવે. પોષો કરવો હોયને વહેલા સાંજના આવે. સવારમાં ચાર વાગે ઉઠીને કરે. ૭૧માં .... લાઠી અમે હતા. મારી પાટ પાસે સૂતા હતા. ચાર વાગે પચ્ચક્ખાણ પોષાના કરવા ઉઠે. એ લોકો વહેલાં કરે વેપાર કરીને... પણ એ બધા વિકલ્પનો–રાગનો પોષો. આહાહા! વીતરાગી પ્રૌષધ અને સામાયિક એ તો ત્રિકાળીદ્રવ્યને આશ્રયે થાય. સમજાણું કાંઈ?

સામાયિક છેને? સાચી સામાયિક કોને આશ્રયે થાય? જાદવજીભાઈ! સામાયિક કેટલી કરી હશે? ઘણી કરી છે. સામાયિક સાચી એને આશ્રયે થાય કે ત્રિકાળી ભગવાનની નજર કરતા, એનું આલંબન કરતા જે ભાવ થાય એને સાચી સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! એ તીર્થંકરની સ્તુતિ... ચોવીસ તીર્થંકરની સ્તુતિ છેને ચોવિસંથો? તીર્થંકરની સ્તુતિ સાચી એને થાય કે જે ત્રણ લોકનો નાથ આત્મા એને આશ્રયે ભાવ થાય એને સ્તુતિ કહે છે, એને કેવળીની સ્તુતિ કહે છે. એક જ છે. આહાહા! દિગંબર સંતોએ તો વાત મૂકી છે ચારેકોરથી. ભારે ગજબ વાતું! ઓહોહો! પાતાળકૂવા ફોડ્યા છે અંદરથી. અંદરથી ધારા આવી છે.

એવો ભગવાન આત્મા પૂર્ણાનંદ તરફના ઝુકાવવાળો ભાવ, એના વલણવાળો ભાવ, એમાં એકાગ્રતાનો ભાવ, એના આશ્રયનો ભાવ, એને વંદન કહીએ. છ આવશ્યક છે ને? એને સામાયિક કહીએ, એને તીર્થંકરની સ્તુતિ કહીએ. અને વંદન એને કહીએ કે જે વંદનયોગ્ય ત્રિકાળી ભગવાન આત્મા એનો આશ્રય લઈને જે વીતરાગી ભાવ પ્રગટ થાય, એને વંદન કહીએ. સામાયિક, ચોવિસંથો, વંદન.., પડિકમણ એ તો આવી ગયું, પ્રત્યાખ્યાન આવી ગયું. કાયોત્સર્ગ એ આવશે આમાં. પાઠમાં આવશે કાયોત્સર્ગ. સમજાણું? કાયોત્સર્ગ આવશે. છેલ્લા શ્લોકમાં છે. છેલ્લામાં છે. .... કાયોત્સર્ગ. 'તાવ કાય ઠાણેણં, મોણેણં, જાણેણં...' જાદવજીભાઇ! 'અપ્પાણં વોસિરામિ' કરતા હતાને? એય, જયંતિભાઈ! કાયોત્સર્ગ એને કહે કે જેણે વર્તમાન પર્યાય ને રાગનું આલંબન છોડી ત્રિકાળી ભગવાનનું આલંબન લેતાં જે ભાવ થાય તેને કાયોત્સર્ગ

(કહીએ). કાયા શબ્દે વિકલ્પ ને પર્યાયનો ભાવ, તેને ઉત્સર્ગ કર્યો–છોડી દીધું આલંબન. સમજાણું કાંઈ? લ્યો, એ સામાયિક, વંદના, પડિકમણું, કાયોત્સર્ગ ને પચ્ચક્ખાણ થયું. બધું આવી ગયું એમાં.

શ્રોતા : તાપમાં કલાકો સુધી સામાયિક કરે તડકામાં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : તડકામાં? તડકામાં ઊભા રહે .... ઊભા નથી. રાગમાં ઊભા-ઊભા કરે છે એમ. અંદર ભગવાન આત્મા ચિદાનંદનો નાથ ઠંડા બરફ જેવો શાંતરસ, એકલો શાંતરસનો બરફ ભગવાન, એનો આશ્રય ને અવલંબનનો ભાવ એને કાયોત્સર્ગ અને ઉપવાસ પણ એને કહીએ. એવો જે ત્રિકાળી વસ્તુસ્વભાવને ઉપ નામ સમીપે, વાસ (એટલે) એકાગ્ર થવું એને ઉપવાસ કહીએ. સમજાય છે કાંઈ? આરે આરે !

**પ્રાયશ્ચિત્ત વગેરે બધુંય છે**. એને તપ કહીએ. આરે ભારે ભાષા! આત્મા ત્રિકાળી જ્ઞાયકભાવનો ભંડાર એનો અંતર આશ્રય લેનારો ભાવ, એનું આલંબન લેનારો ભાવ, એના આશ્રયથી પ્રગટેલો ભાવ—વીતરાગી પર્યાય એ બધુંય છે. વીતરાગમાર્ગમાં જેટલા મોક્ષના માર્ગ કહેવાય એ આમાં સમાઈ જાય છે. આમાં તો નિશ્ચય મોક્ષમાર્ગ એક જ મોક્ષમાર્ગ રહ્યો. સ્વને આશ્રયે પ્રગટેલી શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર એ મોક્ષમાર્ગ થયો. પરને આશ્રયે પ્રગટેલો મોક્ષમાર્ગ હોઈ શકે જ નહીં. આવી વાત ભાઈ! એ **પ્રાયશ્ચિત્ત વગેરે બધુંય છે**.

**આત્મસ્વરૂપનું આલંબન...** હવે વ્યાખ્યા કરે છે. શુદ્ધપરિણમન એ **આત્મસ્વરૂપનું આલંબન, આત્મસ્વરૂપનો આશ્રય...** ભગવાન ત્રિકાળી આનંદ પ્રભુ ધ્રુવ, એને ધ્યેય બનાવીને જે પરિણામ પ્રગટ થાય એ **આત્મસ્વરૂપનો આશ્રય, આત્મસ્વરૂપ પ્રત્યે સંમુખતા...** ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની અંતર્મુખતા, એની અંતર્મુખતા એટલે સંમુખતા. એ બધું એક સ્વરૂપ છે એમ કહે છે. **આત્મસ્વરૂપ પ્રત્યે વલણ...** વલણ.. વલણ.. આ સટ્ટામાં વલણ નથી કરતા? વલણ સમજતે હૈં? સટ્ટા હોતા હૈ ન? પછી વલણનો દિ' હોય એક એનો શુક્રવાર. પૈસા ચૂકવવાનું એને વલણ કહે. ચુકાદાકો યહાં વલણ કહતે હૈં. ચુકાદા હોતા હૈ ન. આજ સટ્ટેકા ચુકાદા હૈ, સટ્ટેકા વલણ હૈ. એમ ભગવાન આત્માનું વલણ... આહાહા! એનું નામ મોક્ષનો માર્ગ ને એનું નામ ધર્મની વાસ્તવિક સ્વભાવિક ક્રિયા. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ? આહાહા!

શીતળ છાંયે આવી જાઓ અંદરમાં, કહે છે. બહારમાં નથી કાંઈ. આહાહા! બહારમાં નીકળે, તડકા છે એકલા. અમારા આત્મારામ આજ પૂછતા હતા કે મુનિને તો સજ્ઝાય ને ધ્યાન બેય હોય છે ને? આ સજ્ઝાય કરવામાં તો પછી પુણ્યબંધ થાય. વાત સાચી. મુનિને ધ્યાન ને સજ્ઝાય બે જ આચરણ હોય. પણ સ્વરૂપમાં ઠરી શકે નહીં ત્યારે શાસ્ત્રના સ્વાધ્યાયનો શુભ વિકલ્પ હોય છે, અશુભમાં ન જાય માટે. રોગ છે, પણ શું કરે? ધ્યાન જ એક જ વસ્તુ છે ખરેખર તો. આ ગાથા શેની ચાલે છે? **झाणं हवे सव्वं...** ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની

અંતરની એકાગ્રતારૂપી ધ્યાન જ બધું છે. એ સજ્ઝાય નહીં. પણ એ ધ્યાનમાં સ્થિર રહી શકે નહીં ત્યારે એને આવો શુભ વિકલ્પ હોય છે.

શ્રોતા : શું કરવા સ્થિર નથી રહેતા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : રહી શકે નહીં. એટલી દશા જ નથી. નીચલી દશા એટલી હોય જ નહીં.

શ્રોતા : નથી તો રહેતા તો પ્રયત્ન કરે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પ્રયત્ન કરે. પ્રયત્ન કરું-કરું એ પણ વિકલ્પ છે. સમજાણું કાંઈ?

શ્રોતા : સ્વાધ્યાયનું શું કામ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : સ્વાધ્યાય, એ વિશેષ સ્વરૂપ સ્પષ્ટ થવા માટે સ્વાધ્યાય હોય એને. અંદરમાં ઘોલન કરે એ સ્વાધ્યાય છે. આ આત્મા આવો છે, પરિપૂર્ણ ... છે એ વિશેષ. સામાન્યપણે એમાં એકાગ્રતા થોડી રહે, પછી જ્યારે વિચાર ભલે એના જ આવે, પણ એ બધો વિકલ્પ છે. એ સ્વાધ્યાય છે, બીજું શું છે? કે પાનું વાંચીને જ સ્વાધ્યાય કરવું એમ કાંઈ છે? વિકલ્પ આ જાતનો આવે. આવ્યા વિના રહે નહીં, પૂર્ણ નથી (એટલે). છે એ બંધનું કારણ. પરાશ્રયે જેટલો વિકલ્પ ઉઠે એ બધો રાગ–વિકાર છે. આહાહા! આ માર્ગ જેને અંતરથી બેસે, મુક્તિ એને નજીક છે. આહાહા! સમજાણું કાંઈ?

**ધ્યાન**... એની તો વ્યાખ્યા ચાલે છે આ. ધ્યાન જ સર્વસ્વ છે.

શ્રોતા : સમ્યગ્દ્રષ્ટિને ચોવીસે કલાક ધ્યાન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ધ્યાન નથી, અંદર એકાગ્રતા છે એટલું ધ્યાન છે. જેટલી શુદ્ધ પરિણતિ પ્રગટી એટલું ધ્યાન છે, પણ હજી આ વિકલ્પ છેને બીજા.

શ્રોતા : વિકલ્પાત્મક ધ્યાન કહ સકતે હૈં.....

પૂજ્ય ગુરુદેવશ્રી : વિકલ્પ હો, પણ જાનનેલાયક ઐસા કહનેમેં આતા હૈ. આશ્રય કરનેલાયક યે નહીં. આહાહા! આવે, એ આવે. સ્વાધ્યાય તો સર્વાર્થસિદ્ધિના દેવ ૩૩ સાગર સુધી કરે છે. શાસ્ત્રસ્વાધ્યાય ૩૩ સાગરોપમ.

શ્રોતા : ન્યાં શાસ્ત્ર છે ક્યાં?

પૂજ્ય ગુરુદેવશ્રી : સ્વાધ્યાય કંઠસ્થમાં છે ને? પુસ્તકો પણ છે શાશ્વત. પુસ્તકો છે, હીરા, મણિ, રત્નના (જડેલા) પુસ્તકો છેને ત્યાં દેવલોકમાં. શાસ્ત્રો મણિરત્નના (જડેલા) પુસ્તકો છે. એ શેઠ! એ તો બધુંય હોય ત્યાં, છતાં અંદર ચકચકાટવાળો–તેજવાળો ભગવાન ત્યાં નજર હોય છે એની. તેજના તેજને પણ તેજનું તેજ કોણ જાણે? એ આત્મા જાણે. એવા તેજ ઉપર જ્ઞાનીની દૃષ્ટિ નિરંતર હોય છે. જેટલી અંતરમાં એકાગ્રતા તેટલો ધર્મ. આ વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથનું કથન

છે. વસ્તુ જે ત્રિકાળ આનંદકંદ પ્રભુ એમાં જેટલી એકાગ્રતા, ધ્યાન એ ધર્મ. આહાહા! જેટલી વિકલ્પવાળી દશા, ચાહે તો શુભ હો, એ ધર્મ નહીં. આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

**આત્મસ્વરૂપ પ્રત્યે વલણ, આત્મસ્વરૂપ પ્રત્યે ઝોંક**–ઝુકાવ... **આત્મસ્વરૂપનું ધ્યાન...** લ્યો આવ્યું હવે મૂળ ગાથામાંથી. **પરમપારિણામિકભાવની ભાવના...** એ બધું એને કહીએ. પરમ ત્રિકાળીસ્વભાવની એકાગ્રતા એને ધ્યાન કહો, સન્મુખતા કહો, આશ્રય કહો, આલંબન કહો, વલણ કહો. **'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી પરિણતિ...** અલૌકિક માર્ગ છે ભાઈ! આ તો પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ અરિહંતના મુખે નીકળેલી વાણી છે. આહાહા! અરિહંતના કથનોમાં એ આવ્યું છે કે તારું દ્રવ્ય છે એનો જેટલો આશ્રય લે એટલો ધર્મ છે. આહાહા! ત્રણ કાળ, ત્રણ લોકના તીર્થંકરો કેવળીઓ આ કહેવા માગે છે. સમજાણું કાંઈ? જયંતિભાઈ!

આહીં તો આ કરો.. આ કરો.. ને આ કરો. આ કહે, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, અપવાસ કરો, ઓલા કહે શાંતિવિધાન કરો ને શું કહેવાય? સિદ્ધચક્રનું વિધાન કરો, ઢીકણું કરો. દિગંબરમાં વળી આમ ખાઓ, આમ લ્યો ને આમ લ્યો ને આમ કરો, લૂગડાં છોડો બધા. અરે! મૂળ ચીજ રહી ગઈ. ભગવાનને જે કહેવું હતું મુખ્ય, એ તો રહી ગઈ. જેના સામું જોવું છે એ વાત તો રહી ગઈ. જેની સામું જોવું નથી એની સામે જોવાની વાત રહી. એમાં તો છે, એમાં કર્યું શું તેં નવું? આહાહા! પોષા ને પડિકમણા ને સામાયિક—બધું પરલક્ષી વાત છે. એ બધા વિકલ્પ છે–રાગ છે. આહાહા! પરલક્ષી શાસ્ત્રનું ભણતર પણ બંધનું કારણ છે. સ્વાશ્રય ચિદાનંદ પ્રભુ, આહાહા! એનું અવલંબન અંતરમાં લઈને જે ભાવ.. એને અવલંબે તો વીતરાગીભાવ જ પ્રગટે. નિર્દોષ, નિરવદ્ય, રાગ વિનાનો ભાવ એને અવલંબે પ્રગટે. એ ભાવને આખા જૈનશાસનની ધાર્મિક ક્રિયા કહેવામાં આવે છે. આહાહા! માણસને એવું લાગે કે નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. પણ નિશ્ચય એટલે આ સત્ય.

શ્રોતા : આત્માના આલંબનને જ્ઞાનપર્યાય કહીએ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : જ્ઞાનપર્યાય, શ્રદ્ધાપર્યાય બધા આલંબન એનું લે છે. એ અનંતી પર્યાય વળી ગઈ છે. બધી વળી ગયેલી છે. એક પર્યાય વળી, બીજી બહાર રહી ગઈ (એમ) ચાલે? એમાં જ વળી છે. એક સાથે પર્યાય આમ વળેલી છે. મુખ્યપણે જ્ઞાન ને શ્રદ્ધાની વાત અહીં કરવી છે (અને) ચારિત્ર—ત્રણ. આહાહા!

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં–એક સમયમાં પરિપૂર્ણ પરમસ્વભાવભાવનો કંદ, બસ એના ઉપર દૃષ્ટિ કરવી અને એનો આશ્રય કરવો. એવો જે આશ્રય થયેલો ભાવ, એમ કહ્યું છેને? 'આલંબનવાળો ભાવ' એમ પાઠ છેને આમાં? પાઠ એમ છે. **अप्पसरूवालंबणभावेण...** આલંબનવાળા ભાવથી.... આહાહા! સર્વભાવો પરિહાર થાય છે. સમજાણું કાંઈ? હવે આવી ધર્મકથા! લોકો કહે, આમ સોળભત્તું કરવું, સિંહ..... એવું આવે છે

ઉપવાસની વિધિ. સિંહ કુદેને એવા અપવાસ કરે. પહેલા બે અપવાસ, પછી એકદમ દસ અપવાસ, વળી સોળ અપવાસ. 'સિંહનિષ્ક્રીડિત' એવું આવે છે શાસ્ત્રમાં. આવે છે. સિંહનિષ્ક્રીડિત. ...... એક અપવાસ, .... પંદર અપવાસ, વળી પારણું ને તેર અપવાસ, વળી પારણું ને સત્તર અપવાસ. ઓહોહો! લોકો જાણે કે આહાહા.. આ લોકો તો મૂકે પોક. લોકમાં ક્યાં ભાન હતું?

આહીં તો ભગવાન આત્મા ત્રિકાળી પ્રભુ પુરુષાર્થ વડે કરીને, જોર કરીને અંદર જાય છે. આહાહા! એ જૈનશાસન છે. જૈનશાસનની ધાર્મિક ક્રિયા બધી એને કહેવામાં આવે છે. આહાહા! એવી વાત છે ભાઈ! કહો, ભીખાભાઈ! આ બધું વયું જાય છે, ઊડી જાય છે. આહાહા! કુંદકુંદાચાર્ય ભગવાનનાં કહેલા તત્ત્વો દ્રવ્યસ્વભાવના આશ્રયમાં ચારિત્ર પ્રગટ કરી અને આ કથન કરે છે. નગ્ન દિગંબર વનવાસમાં રહેતા. વનમાં સિંહ જેમ ત્રાડ મારે, એમ ત્રાડ મારી છે આ. આખો પ્રભુ ત્રિલોકનો નાથ છે અંદર છે એમાં જાય, એમાં એકાગ્ર થાય, એટલો ધર્મ છે. બાકી બધી તારી વાતું. આહાહા! સમજાણું કાંઈ? બાકી બધી વિદ્વત્તા ને આચરણ વ્યવહારના એ બધે ખોખેખોખા, થોથા. આહાહા! ક્યા કહતે હૈં?

શ્રોતા : જ્ઞાનની પર્યાયનો આલંબન ભેદ.........

પૂજ્ય ગુરૂદેવશ્રી : આલંબન શું? શું કહે છે કંઈ સમજાતું નથી.

શ્રોતા : આલંબન તો કર્યા જ કરે એ તો...

પૂજ્ય ગુરૂદેવશ્રી : કર્યા કરે કોનું? આત્મા તરફનું આલંબન છે, એમાં આલંબન વિશેષ નથી થઈ શકતો એટલે આમ વલણ જાય છે, પણ છે એ હેય, છે એ હેય. હેય તરીકે આલંબન આવે છે.

શ્રોતા : .... એનો ઉપદેશ શું કામ કર્યો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અરે! પૂર્ણ નથી એટલે એને ઉપદેશ ન હોય? એને અહીં ઉપદેશ બધાને શુદ્ધોપયોગવાળાને જ આપ્યો છે. આહીં તો શુદ્ધ-ઉપયોગવાળાને કહ્યુંને. આગળ આવી ગયું. શુદ્ધ-ઉપયોગ સન્મુખ છે, ફલાણું છે, ઢીકણું છે એને. ઉપદેશ તો આપે બધાને. ગણધર હોય તો ઉપદેશ ન આપે એને? અને છતાં ઉપદેશ સાંભળ્યાથી એને લાભ થાય છે એમેય નથી. આહાહા! ગજબ વાત છે.

શ્રોતા : બોલવાથી લાભ ન થયો તો સાંભળવા જાવું શું કરવા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : છતાં સાંભળવાનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. એવી વાત છે. યે સૂક્ષ્મ બાત હૈ. પંડિતજી! શેઠ! કાલ આવ્યું, નહીં? ચાર અનેરા ભાવ છે ચાર. હવે અનેરા ભાવનો આશ્રય લે એનાથી લાભ છે? સાંભળવાનો ભાવ એ વિકલ્પ છે, ઉદયભાવ છે. આ તો

વીતરાગમાર્ગ છે બાપા! આ કાંઈ ઓલા કહે કે થોડું તમે આમ (નમતું) મૂકો, થોડું અમે આમ (નમતું) મૂકીએ.

વાણિયા હોયને બાંધછોડ કરે. પાંચ હજાર લેણા હોય કણબી પાસે. કણબી–ખેડૂત (પાસે લેણું) હોય પાંચ હજાર. આમ જાણતા હોય શેઠ કે આની પાસે બે હજારથી વધારે કાંઈ છે નહીં. ઓલોય જાણે કે બે હજારથી વધારે અમારી પાસે નથી તો નહીં દઈ શકું. પણ ઓલો બોલે કે શેઠ! હરામ મારી પાસે પાંચસો સિવાય કાંઈ (હોય તો). પાંચસે રૂપિયા દઈશ. ઓલો કહે કે હરામ છે, પાંચ હજારમાં એક પાઈ ઓછી લેવી નથી. પછી કરતાં.. કરતાં.. કરતાં ઓલો શેઠ કહે કે ચાર હજારે આવે. ત્યારે ઓલો છસે આવે. ઓલો ત્રણ હજારે આવે ત્યારે ઓલો હજારે આવે. કરતા.. કરતાં.. બે હજારે આવે બેય ભેગા થઈને—એવું હશે આ?

અહીં બાંધછોડ થોડી... આહાહા! એ ભાઈ કહે છે તમારે પૂનમચંદ ઘાસીલાલ. પહેલું કહ્યું હતું. સ્વામીજી બહુ આવું કહે છે. એ કરતાં થોડું કાંઇક છૂટું (-નમતું) મૂકે તો અમે થોડું છૂટું મૂકીએ, તો બધા ભેગા થઈ જઈએ. પૂનમચંદ ઘાસીલાલ. અરે! પણ શું છૂટું મૂકે? વસ્તુ જ અલગ-અલગ છે. આહાહા! ત્રણ કાળ, ત્રણ લોકમાં એક જ પંથ છે મોક્ષનો. કે ધાર્મિકક્રિયા એ ધર્મસ્વરૂપ એવો ભગવાન આત્મા એમાં લીનતા, એકાગ્રતા ને આશ્રય, અવલંબન એક જ ધર્મ છે. બાકી બધી વાત છે. મરે ત્યારે વાત મૂકે છે કે નહીં? 'વાત આવી છે' એમ નથી કહેતા? વાત એક આવી છે, પછી બધા ભેગા થાય સ્નાન કરવા. એમ આ સ્નાન કરવા જેવું છે બધાનું. આહાહા!

આઠ વર્ષની બાલિકા જેણે આત્માનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે... અને જેને છ ખંડના રાજ હોય છે અને જેને રાગની એકતાબુદ્ધિ વર્તે છે એ મહા અજ્ઞાની પાપી છે. ધર્મી એ પવિત્ર છે. આહાહા! કહો, સમજાણું? પરાશ્રયવાળા ભાવ શુભ મહાવ્રતનો કરનાર દ્રવ્યલિંગી ૨૮ મૂળગુણ પાળે, હજારો રાણીઓનો ત્યાગ, પણ જેને રાગ તરફની બુદ્ધિ ને રાગની એકતા છે એ અધર્મી છે. શેઠ! આઠ વર્ષની બાલિકા.. મા-બાપ મરી ગયા હોય, રોટલા મળતા ન હોય, ક્યાંક માગીને ખાતી હોય. સમજાણું? આહાહા! એને, આમ આત્મા ભગવાન ત્રિલોકનો નાથ અંદર પડ્યો છે એનો જેણે આશ્રય લીધો, ચક્રવર્તી બાદશાહ થઈ ગયો, એનું ચક્ર ચાલતાં ચાલતાં કેવળજ્ઞાન લેશે. સમજાણું? 'આરોહી' આવ્યું હતુંને? કાલે નહોતું કહ્યું? આરોહી. સમકિતી આગળના ગુણસ્થાનને આરોહણ કરવાને લાયક છે. એમ આવ્યું હતું કાલ. આરોહી. આહાહા! સમયસાર નાટક. સમજાણું કાંઈ?

કહે છે, **'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી પરિણતિ—એ બધાંનો એક અર્થ છે).** ભિન્ન-ભિન્ન રીતે સમજાવે. બાકી તો સ્વ-ચૈતન્ય ભગવાન એની સન્મુખ થઈને જે દશા પ્રગટ થાય એને સમકિત કહો, જ્ઞાન કહો, ચારિત્ર કહો, પ્રાયશ્ચિત્ત કહો, પ્રતિક્રમણ કહો, સમિતિ કહો,

ગુપ્તિ કહો, ચારિત્ર કહો—બધું એક છે. આહાહા! આ છે. પરમસત્ય આ છે ભાઈ! કહો, પુરૂષોત્તમભાઈ! આવું છે ભારે!

હવે આપણે ઉપર આવ્યું. **અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે.** ત્રીજી લીટી. ઉપર. કેવો જીવ? કે જેને પરમપારિણામિક ત્રિકાળીભાવની ભાવના–એકાગ્રતા છે એવો જીવ ચાર પર્યાયરૂપી ભાવનો ત્યાગ કરવાને એટલે આલંબન છોડવાને તે શક્તિવાન છે. આહાહા! સમજાણું કાંઈ? વર્તમાનના બ્રહ્મદત્ત ચક્રવર્તી મિથ્યાદૃષ્ટિ એ સાતમી નરકનો નારકી થયો. નિશ્ચયથી કહો તો વર્તમાનમાં એ ભવિષ્યત્ નારકી જ હતો. આહાહા! ભવિષ્યમાં થવાનો નારકી એને ભવિષ્યત્ નારકી કહે વર્તમાનમાં. ચક્રવર્તીને ... ક્યાં હતો એને? પૂર્વે સમકિત હતું એમાં આ નિદાન કરેલું. મિથ્યા દૃષ્ટિ લઈને આવ્યો ને મિથ્યા દૃષ્ટિ લઈને ગયો. આહાહા! સાતસો વર્ષ, ૯૬ હજાર સ્ત્રી, ખમ્મા.. ખમ્મા.. સોળ હજાર દેવ. ભવિષ્યત્ નારકી એને કહે. સાતમા નારકમાં જવાનો એટલે વર્તમાનમાં જ એને નારકી કહે. નારકી છે ભવ્યનો. એમ જેને આત્માનો આશ્રય પ્રગટ્યો, એ ભવિષ્યમાં અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાનો છે એટલે વર્તમાન જ એને મુક્તિ–ભવિષ્યત્ મુક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા! 'આસન્નભવ્ય' આવ્યું હતુંને? અતિ-આસન્ન ભવ્યજીવ.. **અતિ-આસન્ન ભવ્યજીવ સમર્થ છે**. આહાહા!

**તેથી જ તે જીવને...** તેથી જ... તેથી જ એટલે? કે ચાર ભાવને છોડવાને સમર્થ, પોતાના ત્રિકાળીભાવની ભાવના દ્વારા છોડવાને સમર્થ છે, તેથી જ તે જીવને **પાપાટવીપાવક કહ્યો છે...** પાપરૂપી અટવી–સંસાર... પુણ્ય ને પાપનું ફળ એવો આખો સંસાર અને પુણ્ય ને પાપ બેય પાપ છે. આહાહા! પાપાટવી... એ સંસારરૂપી અટવી, પાપરૂપી વન, એને બાળનારો અગ્નિ કહ્યો છે. સમજાણું કાંઈ? એક તો એ કહ્યું કે જેણે ભગવાન આત્માનો આશ્રય લીધો એવો જીવ ચાર પર્યાયને છોડવાને લાયક છે. એમ કહ્યું અને પછી કહ્યું કે એ પાપરૂપી વન–અટવી–જંગલ એને બાળવાને અગ્નિ સમાન એ જીવ છે. આહાહા! સમજાણું કાંઈ!

'આ કારણે તે જીવને' એમ કહ્યુંને? 'તેથી' શબ્દ છેને? આહાહા! પરમસ્વભાવનું ધ્યાન જેને પ્રગટ્યું છે, ધ્યાન કીધુંને આ? એ જીવ ચાર પ્રકારના ભાવ–પર્યાય–અનેરા ભાવને છોડવાને (લાયક) છે. આલંબન લેવાને અલાયક છે એટલે આલંબન છોડવાને લાયક છે. અને એ પુણ્ય ને પાપની સંસારરૂપી અટવી એને બાળવાને ઝળહળતી અગ્નિ સમાન ધર્માત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? છ ખંડના રાજમાં ચક્રવર્તી મિથ્યાદૃષ્ટિ હોય, એને પણ સમકિતી મોટો નથી માનતો અને પંચમગુણસ્થાન જેને પ્રગટ્યું હોય એને પોતાથી મોટો માને છે. ભલે પ્રશુ હોય, ઢોર હોય, મગરમચ્છ હોય, પાંચમા ગુણસ્થાને અસંખ્ય પડ્યા છે બહાર. સમકિતી એને મોટો માને છે. આહાહા! સમજાણું કાંઈ?

સર્વાર્થસિદ્ધના દેવ સમકિતી હોય એ પણ, પંચમ ગુણસ્થાનવાળો પશુ હોય એને અધિક માને. લે! પાણી પીવે તળાવના, ન્યાંના કૂવાના, દરિયાના, રોટલી-રોટલા ન મળે, સૂવાનું ન મળે... ૩૩ સાગર અવધિજ્ઞાનવાળો આહા... ભલે ઓલાને–તિર્યંચને અવધિજ્ઞાનેય ન હોય અને સર્વાર્થસિદ્ધના દેવ અવધિજ્ઞાની અને સાહ્યબી તે, એને નીચે ઉતરવાનું નથી ભગવાન પાસે. સમજાય છે? ત્યાંને ત્યાં દર્શન કરે. બાયડી નથી, છોકરા નથી, ઘરબાર નથી, કાંઈ નથી. ધંધો-વેપાર કાંઈ નથી. એ મોટર-મોટર હૈ? શેઠને છે મોટર, કહે, કેટલી. ધૂળમાં મોટર.. એ તો જગતની ચીજ છે. એમાં આને ક્યાંથી લાવ્યો? એની પાસે નથી ને કોઈ પાસે નથી. આહાહા!

પણ એ પંચમ ગુણસ્થાનવાળો કૂતરો હોય કૂતરો.. આહાહા! એને સર્વાર્થસિદ્ધનો દેવ જાણે કે મોટો છે. મારાથી મોટો છે. સમજાણું કાંઈ? પતિ હોય મિથ્યાદૃષ્ટિ અને પત્ની હોય સમકિતી, પણ જે મિથ્યાદૃષ્ટિ છે એને ભાવથી હીણો માને છે સમકિતી. મિથ્યાદૃષ્ટિ હોવા છતાં, ઓલો જો ખ્યાલવાળો હોય, સ્ત્રી સમકિતી હોય (તો જાણે કે) મારાથી અધિક છે, મોટી છે, ધર્મમાં એ મોટી છે. આહાહા! પતિને ચોથું ગુણસ્થાન હોય, પત્નીને પાંચમું હોય, ધન્ય રે અવતાર! જેણે દ્રવ્યનો વિશેષ આશ્રય લીધો એ મોટો છે જગતમાં. સમજાણું કાંઈ? બહારની ઋદ્ધિ આદિની કાંઈ કિંમત નહીં. બહારનો ભણેલો હોય અને પાંચમા ગુણસ્થાવાળાને બહારનું જ્ઞાન ન હોય, થોડું હોય અલ્પ, તોપણ બહારના ભણેલા સર્વાર્થસિદ્ધિના દેવો એને અધિક જાણે છે. આહાહા! સમજાણું કાંઈ?

તે જીવને અગ્નિ (કહ્યો) છે, કહે છે. આહાહા! **આમ હોવાથી...** આમ હોવાથી **પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત, આલોચના વગેરે બધું ધ્યાન જ છે,** લ્યો. અંતર ભગવાન આત્માની એકાગ્રતા એ આ બધું છે. આહાહા! દયા, દાન, વ્રતના વિકલ્પમાં એકાગ્રતા એ ધર્મ નહીં. આહાહા! હજી તો ખબર ન હોય, સાંભળ્યું ન હોય કોઈ દિ'. શેઠ! શેઠને બરાબર ગોઠવતા આવડે છે. શેઠ! ત્યારે તમે છોડીને રાખ્યુંને મકાન અહીં. ભાઈ! આ પહેલી સમજણ કરવાનું છે, સમજવાનું છે. સ્વીકાર કરે એમાં સત્યમાં આ સમજવાનું છે કે દ્રવ્યનો આશ્રય કરવો તેટલો ધર્મ, બાકી બધું સમજવા જેવું છે. ચાહે તો સત્‌સમાગમ કરે, પણ અંતરના સત્સમાગ વિનાની પર્યાય તે વીતરાગીપર્યાય ન હોય. સમજાણું કાંઈ? આહાહા!

આવો વીતરાગમાર્ગ તીર્થંકર અનંત તીર્થંકરોએ કહેલો, અનંત અરિહંતોએ કહેલો, પંચ પરમેષ્ઠીઓએ આદરેલો છે. સમજાણું કાંઈ? અનંત આચાર્યોએ આચરીને સ્વનો આશ્રય કર્યો, અનંત આચાર્યોએ આ કહ્યું. આચાર્ય છેને પોતે આ. આહાહા! હવે આમ આચાર્ય ને સાધુ નામ ધરાવે ને રાગથી લાભ મનાવે, એ જૈનશાસનના સાધુ ને શ્રાવકેય નથી, મિથ્યાદૃષ્ટિ છે. ભારે બહુ આકરું કામ છે. પરાશ્રયભાવમાં ધર્મ મનાવે અને ભગવાનનું કથન તો સ્વાશ્રયમાં ધર્મ છે. મોટો વિરોધ છે.

એ **બધું ધ્યાન જ છે**. આહાહા! ગાથા પણ ગાથા છેને! એ ગાથા આત્માની ગાથા હોં. **अप्पसरूवालंबणभावेण...** એક શબ્દ તો આહાહા! આત્માનું સ્વરૂપ ભગવાન તીર્થંકર કેવળજ્ઞાની પરમાત્મા એણે આ કહ્યું. ભાઈ! તને ખબર નથી. ભગવાન સાચા.. ભગવાન સાચા.. એમ કરે. પણ ભગવાન સાચા શી રીતે પણ? એણે આ કહ્યું એ તો તું માનતો નથી, એટલે સાચા ક્યાંથી થયા? એ કહે કે આ, તું કહે કે એ નહીં. સમજાણું કાંઈ? ભગવાન તીર્થંકરો એમ કહે કે સ્વદ્રવ્યનો આશ્રય તે ધર્મ છે. આ કહે કે સ્વદ્રવ્યનો આશ્રય નહીં, પણ પરને આશ્રયે પણ ધર્મ થાય. માને ક્યાં છે વીતરાગને? સમજાણું?

શ્રોતા : પરને આશ્રયે એવું અનેકાંત માને તો?

પૂજ્ય ગુરુદેવશ્રી : અનેકાંત આ આવે. સ્વને આશ્રયે થાય ને પરને આશ્રયે ન થાય એ અનેકાંત છે. આહાહા! ધન્ય રે ધન્ય અવતાર! સમજાણું કાંઈ?

કહે છે... ભારે ગાથા! ગજબ વાત છે! ગાથામાંથી બહાર નીકળવું એમાં ત્રણ દિ' થયા. આહાહા! ગજબ કામ. એમાં શશીભાઈ આવ્યા તો ફરીને આજ આવ્યું. એકમાં આવ્યા હતા, નહીં? રવિવારે, ક્યારે? જુઓ! આ મોઢ છે. વૈષ્ણવ હતા. શશીભાઈ મોઢ વાણિયા. ત્યાં વાંચે છે શાસ્ત્ર. મુંબઈ મોકલ્યા હતા. આ વાણિયાને જૈનમાં જન્મ થયો એને ભાન ન મળે. આ પહેલી રુચિ થવી જોઈએ આની. સમજાણું કાંઈ? માર્ગ તો આ છે, બીજો કોઈ માર્ગ છે નહીં. ચાહે તો ઇન્દ્રો ઉતરીને કહે, ઓલા માર્ગના ભણનારા ઉતરીને કહે, બીજું તો કહે શેના, પણ એવા મોટા બીજું કાંઈ કહે, (પણ) બીજો માર્ગ છે નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ'. સમજાણું? એ ગાથા પૂરી થઈ.

**પ્રાયશ્ચિત્ત આદિ બધુંય છે). પરમપારિણામિકભાવની ભાવનારૂપ...** પરમપારિણામિકભાવ એ વસ્તુ અને એની ભાવના એ પર્યાય. દ્રવ્ય ને પર્યાય બે આવ્યા. પરમપારિણામિકભાવ એ ત્રિકાળી વસ્તુ, એની ભાવના વર્તમાન એકાગ્રતા. **જે ધ્યાન તે જ મહાવ્રત-પ્રાયશ્ચિત્તાદિ બધુંય છે.** આખું જૈનશાસન એમાં આવી જાય છે. એનો કળશ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૧૩, શુક્રવાર, તા. ૧૭-૯-૧૯૭૧**
**શ્લોક - ૧૯૦, ગાથા - ૧૨૦, પ્રવચન નં. ૧૨૭**

આ નિયમસાર છે, ચારિત્રનો અધિકાર. ચારિત્રના પેટામાં આ નિશ્ચયપ્રાયશ્ચિત્ત એ ચારિત્રનો ભાગ છે. **૧૧૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :** ૧૯૦ કળશ.

**यः शुद्धात्मन्यविचलमनाः शुद्धात्मानमेकं**
**नित्यज्योतिःप्रतिहततमःपुंजमाद्यन्तशून्यम् ।**
**ध्यात्वाजस्रं परमकलया सार्धमानन्दमूर्तिं**
**जीवन्मुक्तो भवति तरसा सोऽयमाचारराशिः ॥१९०॥**

શું કહે છે? ભગવાન આત્મા, એક સેકંડના અસંખ્યમાં ભાગમાં એટલે સૂક્ષ્મ કાળમાં એનું ત્રિકાળી સ્વરૂપ જે છે એ તો ધ્રુવ છે. અનંત આનંદ ને અનંત શાંતિથી ભરેલો જે પદાર્થ આત્મા છે. તો કહે છે, કેવો છે એ ભગવાન ત્રિકાળી? **જેણે નિત્ય જ્યોતિ વડે...** ત્રિકાળી શુદ્ધ ધ્રુવ એવું જે એનું સ્વરૂપ છે એણે **તિમિરપુંજનો નાશ કર્યો છે...** એટલે કે એમાં અજ્ઞાન ને મિથ્યાત્વાદિ છે નહીં. વસ્તુ છેને આત્મા. આ શરીર, વાણી તો જડ છે. અંદર દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ થાય એ પણ અચેતન, પુણ્ય ને જડ છે. હવે એની વર્તમાન પ્રગટ દશા, જે અનાદિની દશા ઉપર જ દૃષ્ટિ છે એ દૃષ્ટિ દશા ઉપરથી છોડી અને ત્રિકાળી નિત્ય ધ્રુવ પોતાનો સ્વભાવ ધ્રુવ ચૈતન્ય આનંદકંદ સ્વભાવનો આશ્રય કરતાં એને અજ્ઞાન ને મિથ્યાત્વ રહેતું નથી, અધર્મ રહેતો નથી અને એનો આશ્રય કરતાં ધર્મ થાય છે. આહીં તો કહે છે કે એ તિમિર એનામાં છે જ નહીં. નાશ કર્યો છે એનો અર્થ એ. ચિદાનંદ સહજાનંદમૂર્તિ આત્મા, એમાં તિમિર–અજ્ઞાન કેવું? એ તો જ્ઞાનનો પુંજ છે. એણે નિત્ય જ્યોતિ વડે અજ્ઞાનપુંજનો નાશ કર્યો છે.

**જે આદિ-અંત રહિત છે...** આત્મા વસ્તુ છે એ તો આદિ-અંત રહિત છે. ક્યાંક શરૂઆત થઈ છે આત્માની? ક્યાંક અંત આવશે આત્માનો? એ તો છે, છે ને છે. આદિ-અંત રહિત છે. જેને આદિ નામ શરૂઆત નથી, જેનો નાશ નામ અંત નથી. એવી ચીજ આત્મા અંદર ધ્રુવ નિત્યાનંદ **જે પરમ કળા સહિત છે...** આહાહા! શું કહે છે? એ આત્મામાં પરમકળા ભરી છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના અધિકારે આવે છે આપણે 'કળા'. ત્યાં તો કળા પર્યાયને લીધી છે. કેમકે પુણ્ય-પાપનો અધિકાર છેને. શુભ-અશુભ રાગ એ કાંઈ આત્માની ચીજ નથી, એ તો વિકાર છે, વિભાવ છે. એનો અભાવસ્વભાવ એવો ચૈતન્ય એનો આશ્રય કરતાં, અંતરનું

અવલંબન કરતાં જે શ્રુતજ્ઞાન ને મતિજ્ઞાનની સમ્યક્ દશા સ્વસંવેદનથી પ્રગટ થાય એ પુણ્ય-પાપ રહિત છે એમ ત્યાં બતાવવું છે. આરે, ભારે આ!

ભગવાન આત્મા એની કળાના ત્રણ પ્રકાર. એક તો ત્રિકાળ કળા પડી છે. જ્ઞાન-આનંદાદિ બધી શક્તિનું સ્વરૂપ એ કળા છે. સમજાણું કાંઈ? એ કળાબાજ છે આત્મા. અનંત-અનંત જ્ઞાન ને અનંત આનંદ આદિ ગુણો એ એની કળા છે. આહાહા! એ કળાવંત પરમાત્મા પોતે છે એનો આશ્રય કરતાં, અવલંબન કરતાં... પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ એ તો બંધનના કર્તા છે. એનાથી રહિત થઈ અને ભગવાન અનંત કળાસ્વરૂપ પ્રભુ એનો આશ્રય કરતાં, એનું અવલંબન લેતાં, એમાં એકાગ્ર થતાં શુદ્ધ મતિ-(શ્રુત)જ્ઞાન આદિ જે મોક્ષનો માર્ગ છે એ પ્રગટે એને અહીંયા કળા કહેવામાં આવે છે, પુણ્ય-પાપના અધિકારમાં. સમજાણું કાંઈ? અને એ કળાએ કેવળજ્ઞાન કળા સાથે રમત માંડી છે.

જેમ બીજનો ચંદ્ર હોય એનું પૂનમ થવાનું જ છે, એમ ભગવાન આત્મા જેણે અંતરમાં પુણ્ય-પાપના રાગના વિકલ્પની લાગણીઓથી રહિત છે એવું નિજસ્વરૂપ જે પરમકળાબાજ છે, જ્ઞાનકળા, દર્શનકળા, આનંદકળા એવી અનંત શક્તિઓ એની કળા છે. આહાહા! સમજાણું કાંઈ? એ અનંત કળા સંપન્ન પ્રભુ આત્મા છે. એ કળાનું અંતરમાં આલંબન લઈ અને જે જ્ઞાન સમ્યક્ શાંતિ પ્રગટે એને સાધકજ્ઞાનની કળા કહેવામાં આવે છે. અને એ સાધકજ્ઞાનની કળા દ્વારા, નહીં કે દયા, દાન, વ્રત ને પૂજા વ્યવહાર દ્વારા... એમ ત્યાં પુણ્ય-પાપમાં કીધું છે. એ સમ્યગ્જ્ઞાનની કળા દ્વારા કેવળજ્ઞાનની કળા એને લઈને પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

અહીંયા એ કહે છે, જે સમ્યગ્જ્ઞાન, શાંતિના વેદનવાળું જ્ઞાન, આનંદના વેદનવાળું જ્ઞાન, એ કળા જે આત્માના અંતરમાં આશ્રય કરતાં પ્રગટ થાય એ ચીજ પોતે કળાવંત છે. સમજાણું કાંઈ? મોર આમ કળા પૂરે છેને મોર. એ કળાની શક્તિ અંદર પડી છે એની પાસે. એમાંથી કળાબાજ આ મોર... એ કાંઈ ચકલી આમ કરે તો મોરકળા થાય એમ ન હોય. એની પાસે છે જ ક્યાં એ? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદની કળા, પૂર્ણ જ્ઞાનની કળા (આદિ) અંદર શક્તિરૂપ બધી કળાઓ સત્ત્વરૂપ પડી છે, પણ એનો એને સ્વીકાર નથી. સમજાય છે કાંઈ? એનો સ્વીકાર પુણ્ય ને પાપના ભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા બસ એ હું અને એને જાણનારી પ્રગટ અવસ્થા–જ્ઞાનનો અંશ દેખાય તે હું.—આમ માનીને ત્રિકાળી જ્ઞાનાનંદની કળાનો એ અનાદર કરે છે. કહો, પંડિતજી! આહાહા!

સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માએ જે કેવળજ્ઞાન કળા પ્રગટ કરી એ ક્યાંથી આવી? કહે છે. એ શું બાહ્ય સંયોગથી આવી? કે એના પુણ્ય-પાપના વિકલ્પ થયા એમાંથી આવી? કે એ પર્યાય પર્યાયમાંથી આવી? પર્યાય શું.... મૂલચંદભાઈ! શેઠિયા માણસ થઈને પર્યાયને સમજે નહીં. પર્યાય એટલે અવસ્થા. એનો સ્વભાવ, દરેક દ્રવ્યનો પર્યાય–અવસ્થા–

હાલત સ્વભાવ છે. સમજાણું કાંઈ? જેણે નિમિત્ત સંયોગી ચીજને બહુમાન આપ્યું, જેણે પુણ્ય ને પાપને બહુમાન આપ્યું અને જેણે એક સમયની પ્રગટ અવસ્થાને બહુમાન આપ્યું, એ પરમકળાવંત ધ્રુવનો એણે અનાદર કર્યો છે. સમજાણું કાંઈ? આહાહા!

એ પરમકળા સહિત જે આત્મા છે... આહાહા! એ કેવળજ્ઞાનની કળા કે શ્રુતજ્ઞાનની કળા–અંશો જે ધર્મની કળા પ્રગટ થાય. કેવળજ્ઞાન પણ અંશ છે, આ પણ અંશ છે. એ બધા અંશો ક્યાંથી આવે છે? એ પરમકળાબાજ આત્મા છે એનું લક્ષ કરે તો એમાંથી આવે છે. સમજાણું કાંઈ? ભારે આવો ધર્મ ભાઈ! જૈનધર્મ આવો હશે? એકેન્દ્રિયની દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, રાત્રે ચોવિહાર કરવો (એટલે) આહાર ન કરવો ને કંદમૂળ ન ખાવા, લ્યો એ ધર્મ. એય! ધૂળમાંય ધર્મ નથી, સાંભળને હવે! એ તો વિકલ્પની ક્રિયા છે. આહાહા! ધર્મ તો એને કહીએ કે જે ધર્મી એવો ભગવાન આત્મા જેમાં જ્ઞાન-દર્શન અનંતી શક્તિરૂપ કળા ભરેલી છે, એનો આશ્રય કરે, અંતર્મુખ થાય, ત્યારે અંતર્મુખ થતાં શક્તિની વ્યક્તતા પ્રગટ થાય એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા! કળાબાજ એવો ભગવાન આત્મામાં અનંતી કળાઓ પડી છે. આહાહા! સમજાય છે કાંઈ?

આ દુનિયાની કળાની વાત નથી હોં. આ વકીલાતની કળા, ડોક્ટરની કળા, શું કહેવાય એ તમારી? દવાની કળા. એય! એ બધી પાપની કળા છે. એ તો એમાં છે જ નહીં, એમ કહે છે. .... કે દિ'? આહાહા! ભગવાન આત્મા જે આદિ-અંત રહિત વસ્તુ છે પોતે. આહાહા! એકલો આવે ને એકલો જાય. પણ વસ્તુ તો અનાદિ-અનંત એકલો જ છે. આહાહા! જ્યાં-ત્યાં એણે બેકલો માન્યો છે એ જ મિથ્યાભ્રમ છે. રાગવાળો છું, પુત્રવાળો છું, લક્ષ્મીવાળો છું, ધૂળવાળો છું, મકાનવાળો છું, આબરૂવાળો છું—એ મિથ્યાત્વ અધર્મભાવ છે. ... આહાહા! એને ખબર નથી. એ તો અનંત જ્ઞાન-દર્શનાદિ કળાવાળો આત્મા છે અનાદિનો હોં. આહાહા!

ખબર ન મળે ખબર. જૈનના વાડામાં જન્મે અને વાડાની બહારની ક્રિયાઓ કરે ને માને કે આપણે ધર્મ થઈ ગયા. સમજાણું કાંઈ? એ તો જૈન વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ શું કહે છે એની પણ ખબર નથી. કહે છે, ભગવાન આત્મા એવો અનાદિનો છે કે અજ્ઞાનપણું એનામાં છે જ નહીં. અને આદિ-અંત રહિત છે. બે. આદિ-અંત રહિત છે, પણ સ્વભાવ શું છે? કહે છે. એનો ભાવ કહે છે. **પરમ કળા સહિત છે**... આહાહા! જેમાં જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ... આનંદને મુખ્ય લેશે. કારણ કે અજ્ઞાનનો નાશ કર્યોને ત્યાં જ્ઞાનસ્વભાવ આવી ગયો અંદરમાં. અહીં આનંદ લેશે. જ્ઞાન ને આનંદની મુખ્યતા છે. આહાહા! પોતાનો જે પરમકળા શક્તિરૂપે જે સ્વભાવ એને અહીં પરમ કળા, ધ્રુવસ્વરૂપને પરમ કળા કહે છે.

**અને જે આનંદમૂર્તિ છે**... અતીન્દ્રિય આનંદનું ચોસલું છે. 'ચોસલું' શબ્દ કહેતાને? શેઠ! ચોસલાનો અર્થ કર્યો છે એકવાર. ક્યા? ચોસલું. બરફી ચૂરમાનો દાખલો નહોતો આપ્યો?

બરફી ચૂરમાનું ચોસલું... ઉસકો ચોસલા કહતે હૈં. ચાર (ખૂણા) છેને આમ. ....હોયને ચોસલા. એમ આ ભગવાન આત્મા... અરે! એની ખબર ન મળે. એ તો અતીન્દ્રિય આનંદનો નાથ છે, અતીન્દ્રિયના આનંદના સ્વાદથી ભરેલું સત્ત્વ છે, સચ્ચિદાનંદ આત્મા છે. એની ખબર ન મળે. આહાહા! સમજાય છે કાંઈ? સચ્ચિદાનંદ (અર્થાત્) એક તો સત્ છે–શાશ્વત છે પ્રભુ અંદર અને એમાં ચિદ્... ચિદ્ નામ જ્ઞાન, અને આનંદ નામ સુખ. એ સુખ ને આનંદથી ભરેલો પદાર્થ છે. એવો અનંત-અનંત કળાબાજ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

ભાઈ! આવો ધર્મ હશે? જૈનમાં જન્મ્યા હોય અને ૬૦-૬૦ વર્ષ ગયા હોય તોય સાંભળ્યું ન હોય. અમે જૈન છીએ, અમે સ્થાનકવાસી, અમે દેરાવાસી, ઓલા કહે અમે દિગંબર છીએ, ઓલા કહે તેરાપંથી છીએ. પંથી છે પંખી ચાર ગતિમાં રખડનાર. આહાહા! ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં આનંદની મૂર્તિ એ છે. **એવા એક શુદ્ધાત્માને**... એવા એક શુદ્ધાત્માને... આ ત્રણ વિશેષણ આપ્યાને. એક તો, એમાં અજ્ઞાન ને મિથ્યાત્વ છે જ નહીં. એ આદિ-અંત કાળથી લીધું, આદિ-અંત વિનાનું તત્ત્વ છે. ભાવમાં અનંત કળાઓ ભરેલી છે અને જે આનંદમૂર્તિ છે. આનંદને ખાસ વિશેષ જુદું પાડ્યું. પરમકળામાં આનંદ આવી જાય છે. એ આનંદનો કામી છે, પણ એને આનંદ ક્યાં છે એની ખબર નથી. આનંદની મૂર્તિ પ્રભુ અંદરમાં અતીન્દ્રિય આનંદ છે.

**એવા એક શુદ્ધાત્માને...** એવા એક શુદ્ધાત્મા અંદર વસ્તુને **જે જીવ શુદ્ધ આત્મામાં અવિચળ મનવાળો થઈને...** આહાહા! એવો ભગવાન નિજસ્વરૂપ અંદર અમૃતના સાગરથી ભરેલું તત્ત્વ અમૃતરૂપ છે. આવો અમૃતસ્વરૂપ કેમ બેસે? બહારમાં જ્યાં હોય ત્યાં માન્યું હોય કે આહીં સુખ છે, સુખ છે. આહાહા! 'સરોવર કાંઠે રે મૃગલો તરસ્યો..' આહાહા! બહાર ભમ્યા કરે પાણી માટે. એલા! પણ ભરેલો છેને અહીં? પણ હું આવડો છું એની એને ખબર નથી. આ રાગ કરીને આ કરવું.. આ કરવું.. આ કરવું, એ હું. આહીં તો કહે છે, ભાઈ! તારી વર્તમાનદશા જે પ્રગટ છે એટલોય તું નહીં. આહાહા! ભાઈ! તારે જો ધર્મ કરવો હોય, ધર્મ એટલે પવિત્ર શુદ્ધ દશા, તો જેમાં પવિત્રતા પડી છે તેમાંથી શુદ્ધ દશા થશે. કાંઈ પુણ્ય-પાપમાં કે નિમિત્તમાં તારી પવિત્રતા પડી છે ન્યાં? સમજાણું કાંઈ?

એવા શુદ્ધ એક જ આત્માને, બસ. બે નહીં પાછું, એમ. ભેદ નહીં, પર આત્મા નહીં. **એવા એક શુદ્ધાત્માને**... પહેલું છેને **शुद्धात्मन्यविचलमनाः** પહેલું પદ છે એ. **शुद्धात्मन्**... **शुद्धात्मन्यविचलमनाः** એવો ભગવાન અંદર આત્મા અવિચળ શુદ્ધ ચૈતન્ય... મનને ચળવા ન દેતા એમાં સ્થિર થાય, એની પ્રથમ દૃષ્ટિ સ્થિર થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા! પછી ચળે નહીં એ રીતે ભાવને અંદર સ્થિર કરે એને ચારિત્ર કહે છે. એ આચારનો રાશિ છે. એ ચારિત્રનો ઢગલો પ્રગટ થાય છે અંદરમાંથી. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ તે કેવો હશે?

જૈનનો માર્ગ આવો હશે? આ ૫૦-૬૦ વર્ષથી આવું સાંભળતા નહોતા. એય જાદવજીભાઈ! એ તો પડિકમણા કરો, સામાયિક કરો, પોષા કરો, ચોવિહાર કરો, કંદમૂળ ન ખાઓ, છ પરબી પાળો—આવું સાંભળતા જૈનમાં. આ તમે નવું ક્યાંથી કાઢ્યું આવું? એ જાદવજીભાઈ! આહાહા!

ભાઈ! તને ખબર નથી. એ જૈનપણું નહીં તું જે માને છે એ. જૈન પરમેશ્વર એને જૈન કહેતા નથી. એ તો વિકલ્પ રાગની ક્રિયા છે. આ ન ખાવું, આ ન પીવું—એ તો રાગની ક્રિયા છે. એ તો જેના સ્વરૂપમાં છે જ નહીં એને તું કરીને માને કે ધર્મ, એ તો મિથ્યાત્વના પોષક છે, અધર્મમાં પુષ્ટિ આપે છે એ તો. આહાહા! ધર્મનો ધરનાર, પરમકળાનો નાથ આત્મા એમાં જે ભાવથી અવિચળપણે ઠરે છે એને ધર્મ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આ બધું બહારનું કાંઈ કરી દઈએ, લોકનું કરી દઈએ, લોકનું કામ કરીએ.. કહેવાય. આગળ પડતો માણસ કહેવાય. આમ કરીને નાસ્તિક બનાવીએ, પછી લોકોને આમ કરીએ. એવો લોકોને રસ પડે.

આહીં કહે છે, ત્યાં બહાર સામું જોવું નથી. બહાર સામું જોયે તારું લુંટાઈ જાય છે ભાઈ! આહાહા! અંતર કળાબાજ ભગવાન ત્યાં તું નજર કરને અંદર! આહા! જ્યાં નિજ નિધાન સચ્ચિદાનંદ આત્મા સિદ્ધસ્વરૂપ છે. જે સિદ્ધ થયા, એ સિદ્ધ તો પર્યાય છે, સિદ્ધ તો દશા છે. સંસારદશા અને સિદ્ધદશા—એ તો દશા છે. એ દશા આવી ક્યાંથી? સિદ્ધને સિદ્ધદશા થઈ ક્યાંથી? સંસારદશામાંથી? પુણ્ય-પાપમાંથી? અને સંસારદશાનો અભાવ થયો એમાંથી? આહાહા! એ અંતરમાં પડી છે, પ્રભુ! તને ખબર નથી. તેથી અહીં ‘કળા’ શબ્દ આવ્યો. બધી કળાનો પિંડ એકલો છે. આહાહા! એની ભાવના કરતાં અથવા એમાં ભાવ રાખતા અવિચળપણે ભાવવાળો થઈને... હેઠે **મન એટલે ભાવ** અર્થ કર્યો છે. **નિરંતર ધ્યાવે છે.** આહાહા! **તરસા... તરસા** એટલે? નિરંતર ધ્યાવે છે, એમ. **अजस्त्रं** આવ્યું છે. **अजस्त्रं** આવ્યું છેને. **ध्यात्वजस्त्रं... अजस्त्रं** ત્યાં નિરંતર આવ્યું છે. આ પણ એક શીઘ્ર.... આહાહા! આ તો મોક્ષના માર્ગની વાતું છે.

અરે! અનંતકાળથી દુઃખી.. દુઃખી.. દુઃખી.. એકલો રખડતો, કોઈ સગું નહીં–સાંઈ નહીં. ‘સગુંસાંઈ’ અમારે કહેવાય છે. સાંઈ કહેજો. શું કહે છે? ‘સાંઈ પૂછજો’ એવી ભાષા છે. સાંઈનો અર્થ મૂળ શાતા. સાંઈની સાથે બીજો શબ્દ છે. સાંઈ કહેજો. બેનને કહે, સાંઈ કહેજો. ‘સાંઈ’ ભાષા એવી છે. સાંઈનો અર્થ મૂળ શાતા છે. ભાષા એવી કાઠિયાવાડી થઈ ગઈ છે. સગાસાંઈ.. સગાસાંઈ એમ કહે છેને? કોઈ સગુંસાંઈ નથી તારું બાપા! તારો ધર્મનો સગો તો તારો સ્વભાવ અંદર પડ્યો છે. આહા! સાંઈ કહેજો માને, બાને સાંઈ કહેજો. સાંઈ.. સાંઈ પણ શું હશે? સમજી જાય કે એ કાંઈક સારું કહેવા માગે છે. અમારે કાઠિયાવાડમાં.... તમારે એવું કાંઈ હશે બીજું. ભાષા બીજી જાતની હોય. છોકરાઓ જાયને બેન પાસે. એની બા કહે, બેનને સાંઈ કહેજો. છોકરાઓ બીજું ન સમજે તો એને એમ કહે એટલું. આપણે વળી એમ કહે કે સુખશાતા પૂછજો.

વળી આવું આવે તો એમ કહે. સુખશાતા પૂછજો. સુખી છોને, એમ. સુખી શેના? ધૂળના. બિચારા દુઃખી છે. આહાહા! કુશળક્ષેમ પૂછે છે ને. આહાહા!

જેણે નિજભાવની સંભાળ લીધી નથી કોઈ દિ'. મહાપ્રભુ ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. આહાહા! એની સામું જોયું નથી અને સામું જોવું એ ઠીક છે એમ પણ માન્યું નથી એણે. એમને એમ બહારમાં રખડાઉ... વર્તમાન જ્ઞાનની દશા ને રાગ ને પુણ્ય ને પાપમાં રખડાવી છે એણે. સમજાણું કાંઈ? ભાઈ! આ નિશ્ચય પ્રાયશ્ચિત્તનો અધિકાર છેને. શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહો કે ચારિત્ર કહો, વીતરાગદશા કહો, મોક્ષમાર્ગ કહો—બધું એક છે. કહે છે, અરે! શુદ્ધાત્મા ભગવાન આનંદનો ધામ પ્રભુ છેને. એવું તારું સ્વરૂપ નિત્ય પડ્યું છે એની સામું જો અને એમાં ભાવને અવિચળપણે સ્થાપ. આહાહા! **નિરંતર ધ્યાવે**... નિરંતર ભગવાન આત્માનું–પોતાનું ધ્યાન કરે. આહાહા! સમજાણું કાંઈ?

**ધ્યાવે છે, તે આ...** તે આ, એમ. **सोऽयम** એ ને? 'અયં' શબ્દ પડ્યો છેને. **सोऽयमाचारराशिः** ચોથી લીટી. આ આચારરાશિ. આહાહા! કહે છે, ચારિત્રનો પુંજ, ચારિત્રનો સમૂહ, આનંદનો નાથ થયો એ તો, કહે છે. અતીન્દ્રિય આનંદ ને પરમ કળાસ્વરૂપ ભગવાન આત્મા છે એમાં જે મન ન ફરે એવો એકાગ્ર થયો, એની દશામાં ચારિત્રની પૂર્ણ દશા પ્રગટી, વીતરાગતા પ્રગટી, આનંદનો પુંજ પ્રગટ્યો. આહાહા! સમજાણું કાંઈ? એવો **આચારરાશિ જીવ...** જોયું! એકલો જીવ એમ ન કીધો. જીવ તો જીવ કીધો પહેલો, પણ એમાં અવિચળ મનવાળો જીવ. એકલો જીવ મુક્તિને પામે, એમ ન કીધું, પણ આવા ભાવવાળો જીવ. આહાહા!

અરે! નિજઘરમાં શું ચીજ છે એ એણે સાંભળી નહીં. મરી ગયો એમ કરી-કરીને. સમજાણું કાંઈ? સાધુ થયો, લૂગડાં ફેરવ્યા, નગ્ન થયો, બાયડી-છોકરા છોડીને બેઠા તો સંસાર છોડીને બેઠા. સંસાર ક્યાં છોડ્યો હતો? સાંભળને! માળા! સંસારની ખબર નથી કે સંસાર ક્યાં રહેતો હશે. બાયડી-છોકરા એ સંસાર છે? તને કોણે કહ્યું કે એ સંસાર છે? તારામાં રાગનો ભાવ થાય વિકલ્પ એ મારા, એ માન્યતા મિથ્યાત્વ એ મોટો સંસાર છે. હવે એ સંસાર તો છોડતા આવડતું નથી. બાયડી-છોકરા એને છોડીને બેઠા (એટલે) સંસાર છોડીને બેઠા. ધૂળેય સંસાર છોડ્યો નથી, સાંભળને! એ શેઠ! કાલ પૂછતા હતાને. સંસાર ન્યાં ક્યાં છે કે છોડે? કોને છોડે? આ અજ્ઞાની મૂઢને ક્યાં ભાન છે? પાગલને ભાન કે દિ' હતું? એય! પાગલથી ભરેલા છે બધા. આ બાયડી-છોકરા છોડ્યા (તો) છોડ્યો સંસાર.

ભગવાન તો કહે છે કે રાગનો કણ દયા, દાન, વ્રતનો ઉઠે, એટલો કણ પણ હું છું એવી જે મિથ્યાત્વની માન્યતા એ મહાસંસાર છે. એ મિથ્યાત્વથી... આવી ગયું છે આપણે (સમયસાર) નાટકમાં. 'જાહેર થાઓ કે મિથ્યાત્વ એ સંસાર છે.' આહાહા! નાટકમાં. સમજાણું કાંઈ? જૈનદર્શનમાં પ્રસિદ્ધિ પામો કે રાગ ને સ્ત્રી-કુટુંબ એ મારા ને પુણ્ય-પરિણામ દયા-દાન એ મારા—

એ મિથ્યાત્વ તે સંસાર છે એમાંથી નરક ને નિગોદમાં જવાના એ પંથ છે. આહાહા! અરે! ચીજ ક્યાં શું છે અને કઈ ચીજમાં એકાગ્ર થવાથી મને ધર્મ થાય (એની) ખબરું ન મળે. આંધળે આંધળા. ચાલનારા આંધળા ને બતાવનારા આંધળા. અંધોઅંધ પિલાય.

આહીં કહે છે, ઓહો! **આ**... આ એટલે? જે આનંદમૂર્તિ આત્મા અતીન્દ્રિયનો નાથ પ્રભુ આત્મા છે અને અનંત ગુણની કળાથી ભરેલો પ્રભુ ધ્રુવ છે. એમાં મનને ઠરવા ન દેતાં અવિચળપણે ભાવને સ્થાપે એ જીવ.. એ જીવ આચારરાશિ છે. એ તો ચારિત્રનો ઢગલો પ્રગટ્યો એને. આ ચારિત્ર છે. નગ્નપણું થયું ને આ કર્યું તો ચારિત્ર. જય નારાયણ! શેઠિયા પણ પછી કાંઈ છોડી શકે નહીં. એટલું છોડવું... આ છોડીને બેઠા છેને? છોડીને બેઠા છે આત્માને.

શ્રોતા : દરેક માણસ મરી જાય તો અહીં બધું છોડીને જાય છે. ક્યાં લઈને જાય છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કહો, સમજાણું કાંઈ? શરીર એ તો પડ્યું રહ્યું. આ નારણભાઈ ચાલ્યા ગયા. આહાહા! કાલ તો હજી વ્યાખ્યાનમાં બેઠા હતા અહીં. પછી ભક્તિમાં આવ્યા હતા. અઢી વાગે ઊડી ગયા. ઊડી કોણ જાય? અહીંથી બીજે જાય. આહાહા! કાંઈ આત્મા નાશ પામે છે? આહાહા! શરીર બદલ્યું, અવસ્થા અંતરની બદલી એને લોકો મરણ કહે. કોણ મરે? આહાહા! જડ મરે? આત્મા મરે? મરે કોણ? આહાહા! દેહ રૂપાંતર થાય. આહાહા!

અરેરે! એણે પોતાના નિજઘરને સાંભળ્યા નથી કે કેવો (આત્મા) પરમાત્મા તીર્થંકર કહે છે. સર્વજ્ઞ પરમાત્મા એનો દિવ્યધ્વનિ દ્વારા અવાજ છે. ભાઈ! તું તો ગુણનો કળાથી ભરેલો છોને પ્રભુ! જેમાંથી માલ નીકળે, એ માલવાળું તત્ત્વ કોણ છે એની તને ખબર ન મળે. ચોખાની ગુણમાંથી ચોખા નીકળે. કંઈ (ખાલી) કોથળામાંથી નીકળતા હશે? ...માંથી ચોખા નીકળે. આ તો કોથળો જડ છે માટી. આ પુણ્ય-પાપના રાગ થાય એ પણ માટી, અચેતન, જડ છે. આહાહા! એ જીવ નહીં. જીવ જે મારો જીવ છે એ તો આનંદ ને શાંતિ ને અનંત જ્ઞાનાદિથી ભરેલો પદાર્થ છે. એ પોતે તું એ છો. એવા તત્ત્વમાં સ્થિર થવાના ભાવથી ચળ્યા વિના સ્થિર થાય એ જીવ. એ જીવ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રનો એ પુંજ છે. ચારિત્રનો પુંજ કીધો એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન આવી ગયું. આહાહા! સમજાણું કાંઈ?

એ જીવ **શીઘ્ર જીવન્મુક્ત થાય છે.** એ અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશે એમ કહે છે. સમજાણું કાંઈ? પદ્મપ્રભમલધારિ મુનિ છે દિગંબર સંત જંગલવાસી. આહા! એકેક કડીમાં કેટલું લખ્યું છે! **શીઘ્ર**... હવે ક્રમબદ્ધ હતુંને શીઘ્ર ક્યાંથી આવ્યું પાછું? કે આવો જે આત્મા પૂર્ણાનંદ એમાં એકાગ્ર થાય એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય એવી જ એની રીત છે, એમ કહે છે. એને કેવળજ્ઞાન થવાને અસંખ્ય સમય જ લાગે. એને અનંત સમય લાગે નહીં. એવો જ એના ક્રમમાં નિયમ છે આહાહા! સમજાણું કાંઈ? અરે! એણે જાતને કોઈ દિ' જાણી નહીં અને જાત વિના

ભાત કાંઈ પડે નહીં. સમજાણું કાંઈ? ભાત સમજતે હૈં? ભાત નહીં કરતે? ડિઝાઈન. જાત વિના ભાત ન પડે, એમ કહે છે.

શ્રોતા : સબ કલા શીખી, યે હી કલા નહીં આયી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય.. એ બધી કળા તો અજ્ઞાનની છે. આહાહા! વિષ્ટાને ચોપડી. એ ઝેરને ચોપડે છે. આ બીડી આવી ને તમાકું આવી—એ કળા તો ધૂળની કળા છે, કહે છે શેઠ! આહાહા! અમારે એક જણ કહેતો હતો, મહારાજ! અમે બધા મૂઢ? આચાર્ય પોતે કહે છે કે અજ્ઞાની મૂઢ છો! તારી ચીજની તને ખબર નહીં અને તું ખબરો બહારમાં ડાહ્યો. સમજાણું કાંઈ? દેવનો દીકરો થઈને બેસે કાંઈ લગન-બગન હોય તો. આનું આમ કરું.. એનું આમ કરું ને એનું આમ કરું. અને બૈરાઓ જોઈએ તો, એકના એક છોકરો લગન થતા હોય તો આમ ઘાંટો બેસી જાય. ગાંઠિયા ને મરચા ખાતાં હોય, ઓલા ભજીયા-બજીયા. પણ હવે થોડું... પણ ભાઈ! આવો વખત મળે નહીં, વાંધો નહીં, વાંધો નહીં. એનો ઘાંટો બેસેલો હોય તોય વાતો કરે. મૂર્ખાઈનો પાર છે? આ પાગલ બધા છે. એય!

ત્રણ-ચાર દિ'નો ઓલો હોય, મહેમાન સાથે વાતું કરી હોય, આખો દિ' ને રાત બાર વાગ્યા સુધી વાતો કરે, કંઠ બેસી જાય પછી. કઢી ને એવું ખાધું હોય, મરચા.... એ પરાણે બોલે તો ખુશી થાય. એ તો લહાવો છે બાપા! ઝેર પીવે છે ને લ્હાવા છે એમ કહે છે આહાહા! આહીં તો પ્રભુ કહે છે કે આત્મા તારો આવો પ્રભુ ભર્યો છેને. જેમ માખણનો પિંડલો એમાં મીઠાશ ને સફેદાઈ જ ભરી છે, એમ પ્રભુ તારો આનંદનો પિંડ અનંત ગુણનો સાગર છે એ. અરે! એની સામું એકવાર જો તો ખરો! એ આવ્યો છે ભગવાન તને આમ દેવા, એની સામું તો જો. આહાહા! અનાદર કરે છે. આહાહા! રાગ કરવો, પુણ્ય કરવું ને આમ કરવું.. આમ કરવું. એમાં મજા છે મારે. આહાહા!

ભગવાન આત્મા અંતરમાં આનંદની મૂર્તિ પ્રભુ, એમાં અંતર્મુખ થતાં... અંતર્મુખ થતાં કહો કે ભાવને સ્થિર કરતાં કહો. એમાંથી પ્રગટ દશા, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની, આનંદની દશા પ્રગટ થાય, એને અહીં આચારરાશિ કહેવામાં આવે છે. આત્માનો આચારની રાશિ, એમ. દયા, દાન ને વ્રત એ આત્માનો આચાર નહીં, એ તો વિકારનો આચાર છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એવો **જીવ શીઘ્ર જીવનમુક્ત**... એ જીવન રહેવા છતાં કેવળજ્ઞાનને પામશે. આહાહા! અને આમ જે આત્માને ઓળખે નહીં, આત્માની ભાવના નહીં કરે, તો રાગ ને પુણ્ય ને પાપની ભાવના કરશે, નરક-નિગોદમાં રખડશે. આહાહા! ૧૧૯ થયો. ૧૨૦.

**सुहअसुहवयणरयणं रायादीभाववारणं किच्चा ।**
**अप्पाणं जो झायदि तस्स दु णियमं हवे णियमा ॥१२०॥**

એ નિયમ કંઈ પાળ્યા, એમ નથી કહેતા? એ નિયમ કોને કહેવા એની ભાન નથી, કહે છે. કાંઈ વ્રત-નિયમ તો પાળો, કાંઈ વ્રત-નિયમ તો કરો, એમ નથી કહેતા? વ્રત-નિયમ કહેવા કોને? સમજાણું કાંઈ? એ વાત છે અહીં.

**છોડી શુભાશુભ વચનને રાગાદિભાવ નિવારીને.**
**જે જીવ ધ્યાવે આત્મને તેને નિયમથી નિયમ છે. ૧૨૦.**

એને નિયમ છે. કંઈ નિયમ લીધો, એમ નથી કહેતા? કાંઈ નિયમ લીધા કે અમારે કંદમૂળ ન ખાવું, ફ્લાણું ન ખાવું. એ નિયમ નહીં. 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ અથાગ લહ્યો.' એ નિયમ એટલે અભિગ્રહ ધારણ કર્યા. ભિક્ષા માટે જાઉં, મોતીબાઈ એનું નામ હોય, મોતીચૂર લાડવો ખાતી હોય, એની પાસે મોતી.. ઠોળીયું ભાંગીને સૂકવીને છેડે બાંધ્યું હોય. એ મોતીબાઈ મોતીચૂર ખાતી હોય એ વહોરાવે તો વહોરાવું. એવા નિયમ લીધેલા અનંતવાર. એ પણ વિકલ્પ છે. કહે છે, એ નિયમ સાચો નહીં એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો,
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો.
મન પૌન નિરોધ સ્વબોધ કિયો હઠજોય પ્રયોગ સુ તાર ભયો,
સબ શાસ્ત્રનકે નય ધાર હિયે, મત મંડન ખંડન ભેદ લિયે
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો
અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે.

એ સાધન નહીં એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આહા! આ નિયમ કહે છે. શું કહે છે? જુઓ!

**ટીકા : આ, શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.** શુદ્ધ સાચા નિયમના સ્વરૂપનું કથન છે. **જે પરમતત્ત્વજ્ઞાની મહાતપોધન...** આહાહા! સાધુની અપેક્ષાએ વાત મૂકી છેને મુખ્યપણે. **જે પરમતત્ત્વજ્ઞાની**... ભગવાન આત્મા આનંદસ્વરૂપનું જેને જ્ઞાન અંતર પ્રગટ્યું છે, આત્મજ્ઞાન જેને પ્રગટ્યું છે, શાસ્ત્રજ્ઞાન ને બહારના જ્ઞાનથી પાર. આહાહા! **પરમતત્ત્વજ્ઞાની**... પરમતત્ત્વ એવો જે આત્મા એનું જેને જ્ઞાન પ્રગટ્યું, અંતરનું ભાન પ્રગટ્યું અને **મહાતપોધન**... મહા તપરૂપી જેને ધન પ્રગટ્યું છે, સ્વરૂપની રમણતાનું ચારિત્રરૂપી ધન પ્રગટ્યું છે. આહાહા! જુઓ! આ ધન આવ્યું મુનિને. આ ધન તો ધૂળ છે. કાલ નહોતું કીધું? એ લક્ષ્મી મારી. તું મરી ગયો છે, કહે છે. લક્ષ્મી કે દિ' તારી? એ તો જડ છે. સમજાણું કાંઈ? આહાહા! હું પૈસાવાળો છું, આબરૂવાળો છું. મરી ગયો છો, સાંભળને! જીવતી જ્યોતનો તો નકાર કરે છે અને આવાવાળો છું... સમજાણું કાંઈ?

તને જીવન-મરણની ખબર નથી. જીવતો જીવ કેવો હોય? સમજાય છે કાંઈ? અને મરણ પણ સમાધિમરણ કેવું હોય? આહાહા!

જેને આત્મા આનંદમૂર્તિ પ્રભુ અંદરમાં વેદનમાં ભાન થયું છે અને એમાં અવિચળપણે સ્થિરતા છે જેની, એવો જે મહાતપોધન મુનિ. આહાહા! કહે છે કે એને તો દેહ છૂટવાકાળે મહા સમાધિ વર્તતી હોય છે. આહા! આનંદની શાંતિમાં એ દેહ છૂટી જાય છે. કદાચિત્ વિકલ્પ હો, તોપણ તે વિકલ્પનો જ્ઞાતા રહીને દેહ છૂટે છે. આહાહા! સમજાણું કાંઈ? એનું નામ સમાધિ મરણ છે. આવી ગયું છે પહેલા. ૪૨ આચાર્યને પૂછીને... ઉત્તમાર્થ... ઉત્તમાર્થ પ્રતિક્રમણ. (ગાથા ૯૨) આહાહા! બહારથી બધી વૃત્તિઓને છોડી અને અંતર્મુખ ભગવાન આત્મામાં જ્યાં દૃષ્ટિને જોડે, અહીં તોડે ને ત્યાં જોડે, એની આનંદમૂર્તિમાં રહેતો જે દેહ છૂટે એનું મરણ બાળમરણ નહીં, પણ બાળમરણને મટાડનારું પંડિતમરણ છે. આહાહા!

**મહાતપોધન સદા સંચિત સૂક્ષ્મકર્મોને...** જે અજ્ઞાનમાં બાંધેલા કર્મો એને **મૂળથી ઉખેડી નાખવામાં...** સમજાય છે કાંઈ? ગધેડા ખાયને એ મૂળમાંથી ઉખેડીને ખાય. આહાહા! એમ કહે છે, કર્મના રજકણો જડ માટી. **સંચિત સૂક્ષ્મકર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ...** કર્મ શું? ક્યાં રહેતા હશે ને હું ક્યાં છું? કાંઈ ખબર ન મળે. 'વિહુયરયમલા' નહોતું કહ્યું એક ફેરી? કાંઈ ભાન ન મળે. ડોશી હતી ડોશી વૃદ્ધ. દશાશ્રીમાળી ને વિશાશ્રીમાળી બે નાત છેને અમારે. સમજાણું? રામજીભાઈ દશાશ્રીમાળી, આ વિશાશ્રીમાળી છે. બેય સાથે-સાથે બેઠા છે. આ વિશાશ્રીમાળી છે. નાત છે નાત બે–દશા-વિશા. એમાં પડેલી તકરાર બેને લીંબડીમાં, દશા-વિશાને. એમાં દશાવાળી બાઈ હશે ડોશી. સામાયિક કરીને બેઠેલી. એણે માનેલી સામાયિક. સામાયિક કે દિ' તને ભાન ન મળે ત્યાં? પણ ઓલું લઈને બેસેને ઘડીયું. બે ઘડી જોઈએ. બે ઘડી થઈ પૂરી થઈ ગઈ, સામાયિક થઈ ગઈ, ઉઠી જાઓ.

એમાં આવ્યો લોગસ્સ. બોલવામાં આવે છે. 'લોગસ્સ ઉજ્ઝયરગરે..' ચોવીસ તીર્થંકરની સ્તુતિ આપણે આવે છે, પણ ... નથી. દિગંબરમાં આવે છે. 'લોગ્ગસ ઉજ્ઝયગરે ધમ્મતિત્થયરેજિણે..' ચોવીસ ભગવાનની સ્તુતિ આવે છે. એમાં આ શબ્દ આવ્યો 'વિહુયરયમલા.' એમાં 'વિહુયરયમલા' આવે છે લોગસ્સમાં. કાંઈ ભાન ન મળે ડોશીને, સામાયિકમાં બેઠી. એમાં (આવ્યું) વિશા રોઈ મળ્યા. 'વિશા રોઈ મળ્યા' અહીં ક્યાંથી આવ્યું આમાં? આપણે આવે છે, સામાયિકના પાઠમાં આવે છે. દિગંબરમાં આવે છે આપણે સામાયિકના પાઠમાં. પાઠમાં આવે છે, વાંચ્યું છે કોઈ દિ'? વિહુયરયમલા.. વિહુયરયમલા. વિહુય એટલે વિશેષે ટાળ્યા છે, રય એટલે કર્મની રજ સૂક્ષ્મ રજકણ, મળ એટલે પુણ્ય-પાપના ભાવ ટાળ્યા. એને અર્થની ખબર મળે, વસ્તુની તો ખબર ન મળે. વિસા રોઈ મળ્યા. એલા! આપણી તકરાર આમાં લોગસ્સમાં ક્યાંથી આવી? કહો, ચંદુભાઈ! ચંદુભાઈ વિશાશ્રીમાળી છે. નારણભાઈ દશાશ્રીમાળી હતા. છૂટી ગયું ભાઈનું. આહાહા!

વિહુય.. વિહુય નામ ટાળ્યા છે રજ અને મળ. એ બાઈ શું બોલી? કે વિશા રોઈ મળ્યા. દો જાત હૈ યહાં. વિશા નાત છે એ રોઈ મળી. એલા! આપણે અહીં ક્યાંથી આવ્યું આમાં? અર્થ તો જુઓ! ત્યાં જોયું તો, વિશેષે ટાળ્યા છે કર્મરૂપી રજ જેણે અને પુણ્ય-પાપનો પૂર્ણ નાશ કરીને પરમાત્મા થયા છે. ન્યાં તો એવો અર્થ છે. ભાન કાંઈ ન મળે. ગડીયો હાંક્યે જાય. 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' ણમો અરિહંતાણં એટલે શું? અરિ શું, હંતા શું? ણમો શું? એ આપણે કાંઈ નહીં. 'ણમો અરિહંતાણં' ગડિયો બોલે, ભાન ન મળે કાંઈ. પૂરી થઈ ગઈ. હવે કેટલી વાર થઇ એ વાટ જુએ. એમાં જો કણી આવી ગઈ તો વાર લાગે. ભાઈ! વાર કેમ લાગી? કણી જાડી આવી ગઈ હોય ઓલામાં. કાચનું હોય છેને ઘડિયાળુ. આહાહા!

કહે છે, અનાદિ અજ્ઞાનમાં પૂર્વે શુભકર્મ જે બાંધેલા હતા, એને ધર્મી મૂળથી ઉખેડી નાખવા સમર્થ છે. આવો ભગવાન આત્મા અંદરમાં લીન થતાં સદા સંચિતકર્મને મૂળથી ઉખેડી નાખવા સમર્થ છે. **નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં પરાયણ રહેતો થકો...** સ્વરૂપની અંદરમાં લીનતા રાખતો થકો, એ નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે. એ નિશ્ચય એટલે સાચું ચારિત્ર છે, એ સાચો મોક્ષનો માર્ગ છે. આહાહા! **નિશ્ચયપ્રાયશ્ચિતમાં પરાયણ રહેતો થકો મન-વચન-કાયાને નિયમિત કર્યાં હોવાથી...** દેખો! ભાષા 'નિયમિત' છેને એમાં. (એટલે) સંયમિત કર્યો. મન-વચન ને કાયા ત્યાંથી લક્ષ છોડી દીધું છે અને પુણ્ય-પાપના વિકલ્પથી પણ લક્ષ છોડી દીધું (અને) સ્વરૂપમાં જામી ગયો છે. એને ચારિત્ર ને એને પ્રાયશ્ચિત્ત, એને કર્મનો નાશ થાય એવો ભાવ છે. અજ્ઞાનીને કર્મનો નાશ થાય એવો ભાવ છે નહીં. નવા કર્મ બાંધે એવો ભાવ છે એને. આહાહા! સમજાણું કાંઈ? નિયમિત... મન-વચન-કાયાને સંયમિત કર્યું એટલે કે વિકલ્પ તરફથી પાછો ખસી ગયો છે. દેહ-મન-વાણીની ક્રિયાથી ખસી ગયો છે (અને) અંતર ભગવાન આત્માના આનંદમાં લીન થયો છે, એને ચારિત્ર ને એને સંયમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**ભવરૂપી વેલનાં મૂળ-કંદાત્મક...** આહાહા! શું કહે છે? આ ચોરાશીરૂપી વેલડી અવતાર, એનો મૂળ-કંદ–એનું મૂળિયું શુભ ને અશુભ ભાવ. **શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત** ભાવ અને વચન. આહાહા! સારા શબ્દ બોલજો વચનો. કહે છે કે એ ભવના કંદનું કારણ છે. આહાહા! ભવરૂપી કંદનું ઉત્પન્ન થવાનું કારણ છે અને એમાં શુભભાવ થાય એ પણ સંસારમાં રખડવાનું કારણ છે. વચન.. વચન નિમિત્તથી વાત છે. ઉપાદાનમાં તો શુભ-અશુભ ભાવ છે એ ભવરૂપી વેલનું મૂળ-કંદ છે, એ મૂળિયું છે. આહાહા! ગજબ વાત છેને! વ્રત-તપ ને અપવાસ ને ભક્તિનો જે ભાવ, એ સંસારની વેલડીનું મૂળ-કંદ છે. એમાંથી (વિકાર) ઉત્પન્ન કરી રખડશે એ. એ તો વિકલ્પ છે–રાગ છે. આહાહા! વીતરાગ માર્ગ આખી દુનિયાથી જુદો. ખબર ન મળે.

**શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાનું નિવારણ** કરીને... વાણી કરવી વ્યાખ્યાનની–પ્રવચનની એ પણ શુભવચન છે. એ છોડી દે, નહીંતર ન્યાં વિકલ્પ છે ભેગો, એમ કહે છે. આહાહા! ગજબ વાત છેને! સમ્યગ્દર્શન સહિત... નિશ્ચયપ્રાયશ્ચિત્ત એટલે ચારિત્રનો અધિકાર છે. **શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાનું નિવારણ કરે છે, કેવળ તે**

**વચનરચનાનો જ તિરસ્કાર કરતો નથી...** એમ પાછું તિરસ્કાર. એકલા મન-વચન-વાણી બોલતો નથી, હું મૌન છું. એમાં શું થયા દાળિયા? અંદરનો શુભરાગનો વિકલ્પ–જલ્પ જે ઉઠે છે, એને છોડીને ઠરે તેને સંયમિત અને ચારિત્રવંત કહેવામાં આવે છે, એને સાચા નિયમનો પાળનારો કહેવામાં આવે છે. પંડિતો અત્યારે વાંચતા નથી નિયમસાર. હાથેય આવતું નથી. વાંચે તો અર્થ કરે ઊંધા. આહાહા! પહેલું સમ્યગ્દર્શનમાં આવી ચીજો, એ તો સમજ પહેલો. સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ છે. એ પણ ત્રિકાળી દ્રવ્યસ્વરૂપનો આશ્રય લેતા થઈ શકે છે. એ સિવાય વિકલ્પની ક્રિયાથી થતું નથી. આહાહા!

**પરંતુ...** કહે છે, એકલા વચનનો ત્યાગ નહીં. **સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનું નિવારણ કરે છે...** આહાહા! શુભ-અશુભ જે વિકલ્પ–રાગ ઉઠે છે એનો અભાવ કરે છે–નિવારણ કરે છે. એ તો નાસ્તિથી વાત કરી. હવે અસ્તિ. **નિરંતર અખંડ, અદ્વૈત, સુંદર-આનંદસ્યંદી** એવો **અનુપમ, નિરંજન નિજકારણપરમાત્મતત્ત્વની સદા શુદ્ધોપયોગના બળથી સંભાવના કરે છે...** એ અસ્તિ. રાગ અને વાણીનું લક્ષ છોડી દઈ અને ભગવાન નિત્યાનંદ પ્રભુ... કેવો છે? અનવરતપણે નિરંતર અખંડ છે એ તો. એકરૂપ વસ્તુ પરમાત્મા આ પોતાનો આત્મા હોં. અદ્વૈત છે લ્યો. ગુણ-ગુણીનો ભેદ પણ જેમાં નથી, એકલું અદ્વૈતતત્ત્વ. આ અદ્વૈતતત્ત્વ હોં. બધા થઈને આત્મા એક છે એમ નહીં. આહાહા!

**અભેદ સુંદર-આનંદસ્યંદી**... સુંદર આનંદ ઝરતો... આહાહા! આનંદ ઝરતા **અનુપમ નિરંજન નિજકારણપરમાત્માના શુદ્ધોપયોગના બળથી**... કહે છે કે શુદ્ધ ઉપયોગ જ્યાં અંદર જામ્યો, નિરંતર આનંદ ઝરે છે એમાંથી. અતીન્દ્રિય આનંદનું ઝરણું આત્મા છે. એ પુણ્ય-પાપના વિકલ્પનું ઝરણું આત્મા નથી. સમજાણું કાંઈ? આહાહા! પુણ્ય-પાપના ભાવ એ તો દુઃખરૂપ છે. એ આત્મામાં ક્યાં હતા કે ન્યાંથી ઝરે? આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. **સુંદર આનંદસ્યંદી અનુપમ**... જે આનંદની ઉપમા ન મળે. આહાહા! ઝરે છે તો આનંદ, પણ આનંદનો ઝરો થાય એવો આત્મા છે. અનુપમ–જેને કોઈ ઉપમા નથી. **નિરંજન નિજકારણપરમાત્મા**... નિરંજન ભગવાન આત્મા વર્તમાનમાં અંજન–રાગરહિત છે એવો **નિજકારણપરમાત્માના સદા શુદ્ધોપયોગના બળથી**, લ્યો. શુદ્ધોપયોગના બળથી... પુણ્ય-પાપના ભાવ છે એ અશુભ છે.. અશુભ છે. એના (શુદ્ધોપયોગના) બળથી સમ્યક્ કરે છે, એ અંતરમાં ભાવના અંદર એકાગ્ર કરે છે, એને સાચું પ્રાયશ્ચિત ને સાચું ચારિત્ર ને સાચો ધર્મ હોય છે. વિશેષ એક પદ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા વદ ૧૪, શનિવાર, તા. ૧૮-૯-૧૯૭૧
## ગાથા - ૧૨૦, શ્લોક – ૧૯૧ - ૧૯૪, પ્રવચન નં. ૧૨૮

આ નિયમસાર ચાલે છે. શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર એટલે કે ચારિત્રનો અધિકાર. ચારિત્ર (એટલે) સ્વરૂપની રમણતા એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. એ ચારિત્ર સમ્યગ્દર્શન ને જ્ઞાન વિના હોય નહીં અને એ સમ્યગ્દર્શન અને જ્ઞાન ત્રિકાળી આત્માના આશ્રય વિના હોય નહીં. કહો, સમજાય છે કાંઈ? તેથી અહીંયા કહે છે, જુઓ!

**નિરંજન નિજકારણપરમાત્મતત્ત્વની...** ૧૨૦ ગાથાની ટીકાનો છેલ્લો ભાગ. **અનુપમ નિરંજન નિજકારણપરમાત્મતત્ત્વની...** પોતાનો સ્વભાવ ત્રિકાળી ધ્રુવ એની, સદા એની ભાવના કરવી એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની નહીં, કારણ કે એ વિકલ્પ છે. સમજાણું કાંઈ? પર્યાયની નહીં. ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્ય ધ્રુવ નિત્ય નિજકારણપરમાત્મા–પોતાનો કારણપરમાત્મા જેમાંથી કાર્યદશા પ્રગટ થાય. એમ કહીને (સિદ્ધ કર્યું કે) નિમિત્તકારણથી પણ એ કાર્ય ન થાય, વ્યવહારરત્નત્રયના રાગથી પણ એ કાર્ય ન થાય, પર્યાયને આશ્રયે પણ એ કાર્ય ન થાય. આહાહા! જગતને આકરું. દેવ-ગુરુ-ધર્મથી ધર્મ ન થાય એમ કહે છે.

શ્રોતા : કોઈ ઠેકાણે વિવાદાસ્પદ ચર્ચા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : અડવા દેતા નથી. યે શાસ્ત્રકા અર્થ કહતે હૈં હમ. એમ કહતે હૈં કિ તારામાં ક્યાં ખામી છે, ક્યાં ઓછપ છે, ક્યાં વિરોધતા છે કે તું પરનો આશ્રય લેવા જા છો? એમ કહે છે. સમજાણું કાંઈ?

એમ કહ્યું જુઓને! એ અનુપમ... સુંદર આનંદ ઝરતી ચીજ છે. આહાહા! આ લીમડામાંથી જેમ ગુંદર ઝરે છે, જુઓને! ઓલું શું કહે છે? અફીણ. અફીણના થાયને આ ડોડવા, એમાંથી અફીણ ઝરે અફીણ. આ ખસખસના ડોડવા થાય એમાંથી અફીણ નીકળે. એમ આનંદમૂર્તિ ભગવાન ત્રિકાળી નિત્યાનંદ એમાંથી આનંદ નીકળે એટલે મોક્ષમાર્ગ નીકળે. આહા! આનંદનું નામ મોક્ષમાર્ગ. સમ્યગ્દર્શન એ આનંદ છે. અતીન્દ્રિય આનંદની દશાનો અંશ છે. સમ્યગ્જ્ઞાન એ આનંદ છે, ચારિત્ર તો છે જ વિશેષ આનંદ. એવી વાત છે.

કહે છે, નિરુપમ–**અનુપમ નિરંજન નિજકારણપરમાત્મતત્ત્વની સદા...** એમ કહે છે. કોઈ વખતે પણ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી આત્માને સંવર-નિર્જરા થાય એમ નથી. સમજાણું કાંઈ? આ સમ્મેદશિખર ને શેત્રુંજયની જાત્રા કરવાથી સંવર-નિર્જરા થાય એમ નથી. થઈ ગઈ પણ... એ વચ્ચે હોય શુભરાગ, પણ એ બંધનું કારણ છે. આહાહા! આ વાત તો... '**સદા**' એમ કહે છે. 'સદા' એમ કહેતાં કોઈવાર–કોઈ વખતે શુભરાગથી પણ સંવર-નિર્જરા થાય અને કોઈ

વખતે ત્રિકાળીના આશ્રયે શુદ્ધભાવથી પણ નિર્જરા થાય—એમ નથી. સમજાણું કાંઈ? જેના શ્રદ્ધાના ઠેકાણા નથી એને સંવર-નિર્જરા કેવી? ધર્મદશા કેવી? એમ કહે છે.

**સદા શુદ્ધોપયોગના બળથી...** એમ કહે છે. શુભના બળથી નહીં. શુભના બળથી શુદ્ધ થાય ને શુદ્ધોપયોગના બળથી નિર્જરા થાય એમ નહીં. ભારે કામ! **શુદ્ધોપયોગના બળથી સમ્યક્ ભાવના કરે છે...** વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ એના સન્મુખનો જે શુદ્ધ ઉપયોગ એના બળથી જે અંતર એકાગ્રતા કરે છે **તે** તપોધનને–**મહાતપોધનને નિયમથી**–નિશ્ચયથી **શુદ્ધનિશ્ચય નિયમ છે** નિયમ એટલે મોક્ષનો માર્ગ. આ નિયમસાર છેને. નિયમ એને હોય છે. સાર તો, વ્યવહારરહિત છે તેથી (સાર) કહ્યું. સમજાણું? આમાં આવી ગયું નિયમસારમાં. નિયમ એટલે મોક્ષનો માર્ગ–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ ત્રિકાળી દ્રવ્યસ્વભાવના આશ્રયે, શુદ્ધોપયોગના બળે એ નિયમ પ્રગટ થાય છે. જે નિયમમાં શુભરાગનો અભાવ છે. સાર એટલે વ્યવહારનો અભાવ. સમજાણું કાંઈ? આહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી પણ રાગ થાય એમ કહે છે. ત્રિકાળી ભગવાન આત્મા એના શુદ્ધોપયોગના બળથી જ સંવર ને નિર્જરા થાય. ભારે કામ આકરૂં! માણસને સાંભળવાને કઠણ પડે.

એવા **નિયમથી શુદ્ધનિશ્ચય નિયમ છે**. આવા નિશ્ચય અંતર કર્તવ્યથી એને શુદ્ધનિશ્ચય નિયમ નામ મોક્ષનો માર્ગ છે. આહાહા! આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગ પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટ થાય. પરાશ્રયે જેટલો વિકલ્પ એ બધોય બંધનું કારણ છે. આહાહા! તીર્થંકર એમ કહે કે મને માનવાથી પણ તને પુણ્ય થાય. આહાહા! એને શુદ્ધનિશ્ચય નિયમ છે. **એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે**. પોતે ટીકાકાર મુનિ નવસો વર્ષ પહેલા દિગંબર સંત વનવાસી હતા, અનંત કેવળીઓના કેડાયત સંત હતા. એ એમ કહે છે કે **ભગવાન સૂત્રકાર...** લ્યો, ટીકામાં છે જુઓ! **भगवतां सूत्रकृतामिति..**

મુનિ પોતે છે પંચમહાવ્રતધારી અને શુદ્ધોપયોગની પરિણતિ સહિત. શુદ્ધ પરિણતિ છે. એ એમ કહે છે કે અરે! ભગવાન કુંદકુંદાચાર્યનો તો આ અભિપ્રાય છે ભાઈ! તું બીજો અભિપ્રાય કરીશ તો જાઈશ ચાર ગતિમાં રખડવા. આહીં એમ કહે છે. ભગવાન કુંદકુંદાચાર્ય એનો આ અભિપ્રાય છે કે ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા એનો આશ્રય કરીને એકાગ્ર થાય એને નિયમ ને મોક્ષનો માર્ગ સાચો હોય છે. બીજાને સાચો માર્ગ હોતો નથી. એમ ભગવાન કુંદકુંદાચાર્યનો અભિપ્રાય છે, એમ લખ્યું જુઓને! **भगवतां सूत्रकृतामिति अभिप्रायोः** આહાહા! કુંદકુંદાચાર્યના અભિપ્રાયથી વિરુદ્ધ કહે અને અમે કુંદકુંદાચાર્યને માનીએ છીએ એમ કહે (તો એ માનતો નથી). સમજાણું કાંઈ? માનતો નથી. સ્વચ્છંદને સેવનાર છે. સમજાણું કાંઈ?

શ્રોતા : યે શાસ્ત્ર તો ભવ્યજીવોંકે લિયે રચી ......

પૂજ્ય ગુરુદેવશ્રી **:** ધર્મ જીવોને માટે જ છે. અભવ્યોને માટે નથી. ક્યા હૈ?

શ્રોતા : એટલે ઉપકારી માનવું જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી : ઉપકારનો વિકલ્પ આવે એ બીજી વાત છે, છતાં એ બંધનું કારણ છે. એ શિવલાલભાઈ! તમારા બાપા તો આમ ટોકરી વગાડતા હતા સવાર-સાંજ. શ્રીમદ્નો ફોટો લઈ વાંચે, ટોકરી વગાડી ભક્તિ કરે અને આનાથી આપણને કલ્યાણ થઈ જશે (એમ માને), આપણે શ્રીમદ્‌ને પકડ્યા છે. આહીં તો કહે છે, ત્રણ લોકના નાથ સાક્ષાત્ તીર્થંકર હોય એને પકડ તો એ રાગ છે. આહાહા! એવો ભગવાન કુંદકુંદાચાર્યનો અભિપ્રાય છે, એમ મુનિરાજ પોતે કહે છે. સમજાણું કાંઈ?

ન્યાં **अप्पाणं जो झायदि** .. એમ છેને? **सुहअसुहवयणरयणं रायादीभाववारणं किच्चा। अप्पाणं जो झायदि**.. એમ કહ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું ધ્યાન કરે એને સાચું સમ્યગ્દર્શન છે એમ નથી કહ્યું. **अप्पाणं जो झायदि तस्स दु णियमं हवे**... તેને મોક્ષનો માર્ગ એટલે તેને સમકિત થાય. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : ભગવાને જૈસે હૈં વૈસે માને તો રાગ કહાં હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ પરદ્રવ્ય હૈ ઉસકા લક્ષ હૈ તો રાગ હૈ. પરદ્રવ્ય હૈ, સ્વદ્રવ્ય નહીં. પરદ્રવ્યાનુસારી વૃત્તિ રાગ હૈ. **परदव्वाओ दुग्गई**... એમ પાઠ છે કુંદકુંદાચાર્યનો. પરદ્રવ્યને આશ્રયે વૃત્તિ એ દુર્ગતિ છે, આત્માની ગતિ નહીં. ભલે સ્વર્ગ મળે, પણ એ દુર્ગતિ છે. આહાહા! માર્ગ આકરો. માણસને અંતર ચીજની મહિમા આવતી નથી કે એને કોઈ બહારની અપેક્ષા છે જ નહીં. આહાહા! તીર્થંકર કહે છે એમ કુંદકુંદાચાર્ય કહે છે અને કુંદકુંદાચાર્ય કહે છે એનો અભિપ્રાય આ મુનિરાજ કહે છે. કુંદકુંદાચાર્યનો આ અભિપ્રાય છે કે નિજ કારણપરમાત્માને શુદ્ધ ઉપયોગથી જે ભાવના કરે છે એને જ મોક્ષનો માર્ગ હોય છે એટલે સમ્યગ્દર્શનથી માંડીને ચારિત્ર એને હોય છે. સમજાણું કાંઈ?

**૧૨૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે:** લ્યો.

**वचनरचनां त्यक्त्वा भव्यः शुभाशुभलक्षणां**
**सहजपरमात्मानं नित्यं सुभावयति स्फुटम्।**
**परमयमिनस्तस्य ज्ञानात्मनो नियमादयं**
**भवति नियमः शुद्धो मुक्त्यंगनासुखकारणम् ॥१९१॥**

આ 'भव्यः' શબ્દ આવ્યોને એટલે શેઠે કાઢ્યું પહેલેથી. મહામુનિરાજ ૨૮ મૂળગુણોના વિકલ્પો હોવા છતાં, આ લખવાનો વિકલ્પ હોવા છતાં, એ કહે છે કે વિકલ્પથી મને લાભ નથી.—એમ કહે છે. શાસ્ત્રની રચના થાય છે એમાં નિમિત્તપણું વિકલ્પનું છે, પણ વિકલ્પથી મને લાભ નથી કાંઈ, એમ કહે છે. આહાહા!

**શ્લોકાર્થ** : **જે ભવ્ય શુભાશુભસ્વરૂપ વચનરચનાને છોડીને...** આહાહા! એ શાસ્ત્રના વચનો કે બોલવું એને છોડી અને એ સંબંધીનો રાગ છોડી **સદા સ્ફુટપણે...** એમાં નાખી દીધું. પહેલા પાઠમાં તો એ હતુંને. વચનરચનાને છોડે ને રાગાદિ ભાવને છોડે—એમ બેય હતું. આમાં નાખી દીધું એકમાં બેય. શુભવચન... આહાહા! ધર્મની પ્રરૂપણા એ શુભવચન, એ આત્માનું કર્તવ્ય નથી, હિતકારી નથી. વચન હિતકારી છે? એવી વાતું છે ભાઈ! અગમ-નિગમની વાત છે. આ તો વીતરાગ... જે કોઈ ભવ્યપ્રાણી–યોગ્યતાવાળો જીવ **શુભાશુભસ્વરૂપ વચનરચના...** જૈનશાસ્ત્રની સ્વાધ્યાયના વચનો પ્રરૂપવાના, કહેવાના, એ પણ છોડી દઈને... એના તરફનું લક્ષ છોડતાં રાગ છૂટી જાય છે. **સદા સ્ફુટપણે**—સદા પ્રગટપણે... ભગવાન ત્રણ લોકનો નાથ આત્મા સદા પ્રગટપણે બિરાજમાન ચૈતન્ય ધ્રુવ છે. **સહજપરમાત્મા...** પોતે સ્વભાવિક પરમાત્મા છે. આહાહા! સમજાય છે કાંઈ?

'સહજાત્મસ્વરૂપ' આવે છેને શ્રીમદ્માં? એ સહજાત્મસ્વરૂપ આ આત્મા પોતે છે. સમજાણું કાંઈ? સદા પ્રગટપણે **સહજપરમાત્માને...** સ્વભાવિક ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ એને **સમ્યક્ પ્રકારે ભાવે છે.** એટલે કે વિકલ્પથી નહીં, પણ સ્વભાવ સન્મુખ થઈને એકાગ્રતા કરે છે. નિમિત્તથી, રાગથી ને પર્યાયથી—બધાથી વિમુખ થયો છે અને સ્વભાવ અંતર ધ્રુવ તેના સન્મુખ થયો છે. એ આત્માની ભાવના કરનારો કહેવામાં આવે છે. **તે જ્ઞાનસ્વરૂપ પરમ યમીને...** દેખો! એ શું કહ્યું? જે સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે ભાવે છે એની દશા જ્ઞાનસ્વરૂપ થઈ ગઈ છે. રાગરૂપ ન રહી, પુણ્યના વિકલ્પવાળી દશા નહીં.

**જ્ઞાનસ્વરૂપ પરમ યમીને...** જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ ત્રણેયને જ્ઞાનસ્વરૂપ કહ્યું છે. એવા સંયમીને–પરમસંયમીને **મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ એવો આ શુદ્ધ નિયમ નિયમથી (અવશ્ય) છે.** ઓહો! પરમાત્મપદ, મુક્તિરૂપી સ્ત્રી એનું જે સુખ અતીન્દ્રિય આનંદ... સિદ્ધને મુક્તિમાં જે અતીન્દ્રિય આનંદ એનું કારણ આ જીવનો શુદ્ધ નિયમ એ નિશ્ચયથી હોય છે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન–નિજસ્વરૂપ ભગવાનનું જે ધ્યાન કરે છે, એના સન્મુખની ભાવનામાં એકાગ્ર છે, એ જીવને મુક્તિરૂપી અનંત આનંદ છે એનું કારણ, એની નિયમની પર્યાય છે એ કારણ થાય છે. માટે શુદ્ધ-ઉપયોગ કહ્યો, અહીંયા એને નિયમ કહ્યો. સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ?

એને એવો **આ શુદ્ધ નિયમ...** શુદ્ધ નિયમ... પરમાત્મા નિજસ્વરૂપ શુદ્ધ આનંદસ્વરૂપ આત્મા એની એકાગ્રતા, એવી જે શુદ્ધ ઉપયોગદશા અથવા એ મોક્ષના માર્ગની દશા એ પૂર્ણ આનંદનું કારણ થાય છે. સમજાણું કાંઈ? એ નિયમ–**શુદ્ધ નિયમ નિયમથી છે...** જરૂર છે. આહાહા! ભગવાન આનંદસ્વરૂપ પરમાત્મા નિજાનંદથી ભરેલો ભગવાન એની એકાગ્રતા એટલે શુદ્ધ ઉપયોગ, એની એકાગ્રતા તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એવી એકાગ્રતા તે નિયમ, તે નિયમ

મુક્તિનું નિયમ નિશ્ચયથી થાય છે. આહાહા! કહો સમજાય છે કાંઈ? **નિયમ નિયમથી છે**, એમ. આવો નિયમ મોક્ષનું કારણ નિશ્ચયથી છે. આહાહા! અરે! એને વીતરાગભાવ એવો આત્મા જેને કાંઈ અપેક્ષા જ નથી પરની. સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાં આવે છેને એ દસમો બોલ. સૂરજમાં જેમ મેલ (ગ્રહણ) નથી, એમ ભગવાન આત્મામાં વિકાર છે જ નહીં શુભપરિણામના. શુભ પરિણામનો વિકાર હોં. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ને દેવ-ગુરુને માનવા એ રાગ વિકાર છે. એ વિકાર સ્વરૂપમાં નથી. એ શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે એમ કહ્યું છે. વીસ બોલ અલિંગગ્રહણના છે, પ્રવચનસાર–વીતરાગની વાણીનો સાર. એના અલિંગગ્રહણના વીસ બોલ, એનો એ દસમો બોલ છે. ઉપયોગનું હરણ નથી ને ઉપયોગમાં વિકાર નથી, એને–શુદ્ધ ઉપયોગને આત્મા કહેવામાં આવે છે. એ શુદ્ધઉપયોગની દશા તે આત્માની દશા. રાગની દશા એ આત્માની દશા નથી. આહાહા! સમજાણું કાંઈ?

એને તો શુદ્ધ ઉપયોગ સ્વભાવી જ આત્મા કહ્યો છે. શુભરાગવાળો દયા, દાન ને વ્રત ને ભક્તિ ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ ને એ બધો આત્મા નથી. એ આત્મા નહીં, એ આત્માની પર્યાય નહીં. આહાહા! આવી વાત તો જગતને કાને પડવી મહાપુણ્યે છે. આહાહા! એ ભગવાન આત્મા શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે. શુભ ને અશુભ પરિણામવાળો–વિકારવાળો આત્મા છે? સ્વભાવ છે એ શુદ્ધ છે એને વિકારવાળો આત્મા (કહેવો)? એ તો શુદ્ધ ઉપયોગી સ્વભાવી આત્મા છે. એ શુદ્ધઉપયોગના બળથી આત્મા એકાગ્ર થાય છે અને તેને નિયમ નામ મોક્ષનો માર્ગ કહેવાય છે. ૧૯૧ કળશ થયો. ૧૯૨.

**अनवरतमखंडाद्वैतचिन्निर्विकारे**
**निखिलनयविलासो न स्फुरत्येव किंचित् ।**
**अपगत इह यस्मिन् भेदवादस्समस्तः**
**तमहमभिनमामि स्तौमि संभावयामि ॥१९२॥**

ત્રણ શબ્દો વાપર્યા છે આમાં. આહાહા! ભારે માર્ગ. લોકોએ એવો વીંખી નાખ્યો છે. વીતરાગ માર્ગને ઊંધી રીતે ચીતર્યો છે અને માને છે કે અમે વીતરાગ માર્ગને માનીએ છીએ. સમજાણું કાંઈ?

**શ્લોકાર્થ : જે અનવરતપણે...** અનવરત–(-**નિરંતર) અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે...** ભગવાન આત્મા એક તો નિરંતર અખંડ, અદ્વૈત, ચૈતન્ય એવું એનું ત્રિકાળી સ્વરૂપ છે. એને લીધે **નિર્વિકાર છે...** આહાહા! જે નિરંતર અખંડ છે આત્મા, અદ્વૈત છે–બેપણું નથી એમાં. ગુણ-ગુણીનો ભેદ પણ નથી, એ તો અખંડ અદ્વૈત છે. આહાહા! એવા **ચૈતન્યને લીધે નિર્વિકાર છે... તેમાં (-તે પરમાત્મ પદાર્થમાં)...** ત્રિકાળી પરમાર્થ પદાર્થ. પોતે પરમાત્મા ત્રિકાળ છે ભગવાન

પોતે. એને પર્યાયમાં પ્રગટ થાય ત્યારે સિદ્ધ કહેવામાં આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાં છે એ આવે છે બહાર. એવા ચૈતન્ય પરમાત્મ પદાર્થમાં **સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી.** હું અબદ્ધ છું, શુદ્ધ છું—એવો નિશ્ચયનયનો વિકલ્પ પણ ત્યાં છે નહીં. આહાહા! હું વ્યવહારવાળો છું, રાગવાળો છું ને નિમિત્તના સંબંધવાળો છું—એવા નય તો એમાં નથી, પણ હું એકલો અબદ્ધ ને શુદ્ધ છું એવો જે વિકલ્પ એમાં પણ નથી. એવું આત્માનું ત્રિકાળી શુદ્ધ આનંદઘનનું સ્વરૂપ છે. આહાહા!

શ્રોતા : હું કેવો છું એવો વિકલ્પ નથી...

પૂજ્ય ગુરૂદેવશ્રી : હું કેવો છું એવો વિકલ્પ એમાં નથી. વિકલ્પ ક્યાં છે? એ તો રાગ છે. પોતે પરમાત્મા છે, બીજો પરમાત્મા નહીં. આહાહા! 'હું કોણ છું' એ વૃત્તિ ઉઠે છે એ તો રાગ છે. એ રાગ વસ્તુમાં ક્યાં છે? બહુ ઝીણી વાત છે મૂલચંદભાઈ! નયવિલાસ વિકલ્પ છે. હું નિશ્ચયથી આવો છું ને વ્યવહારથી આવો છું. એવું એમાં છે નહીં. અંદર જ્ઞાનાનંદસ્વરૂપ સચ્ચિદાનંદ—સત્–શાશ્વત, જ્ઞાન ને આનંદનું ધામ છે..., એમાં નયવિલાસ (એટલે) નય એટલે જ્ઞાનના અંશોના ભેદો–વિકલ્પો એમાં છે નહીં. **જરાય સ્ફુરતો જ નથી**, પાછું એમ. **નયવિલાસ** એટલે ભેદો, નયના પ્રકાર **જરાય સ્ફુરતો જ નથી**. આહાહા! આ તો માણસને વ્યવહારના પક્ષવાળાને તો આ એવું લાગે. એ તો અનાદિનો વ્યવહારનો પક્ષ છે, એમાં નવો શું છે? આ ઘા વાગે છે. હાય! હાય! વ્યવહારનો તો નાશ થઈ જાય છે. પણ વ્યવહાર એમાં છે જ નહીં, પછી પ્રશ્ન ક્યાં? આહાહા! સમજાણું કાંઈ? જેને હજી બહારની શ્રદ્ધાના ઠેકાણા નથી. પરથી થશે, રાગથી થશે, આનાથી (થશે)—એને તો બહારની વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. સમજાણું કાંઈ? પરલક્ષી શ્રદ્ધાનાય ઠેકાણા નથી એને. આહાહા!

કહે છે, **જેમાંથી સમસ્ત ભેદવાદ દૂર થયેલ છે...** જુઓ! નયવિલાસ ભેગું લેશે. ભેદ–નયાદિ વિકલ્પો દૂર થયેલ છે એટલે એમાં છે જ નહીં.. છે જ નહીં. ભગવાન આત્મા એકલો સહજાત્મસ્વરૂપ, પૂર્ણ ચૈતન્યદળ, વીતરાગબિંબ પ્રભુ ત્રિકાળી આત્મા, એમાં આ નયના ભેદો દૂર છે એટલે છે જ નહીં. આહાહા! **તેને તે પરમાત્મપદાર્થને...** મુનિરાજ કહે છે કે **હું નમું છું.** આને હું નમું છું. મારું વલણ હોય તો ધ્રુવ આત્મા તરફ છે. નિત્યાનંદ આત્મા અવિનાશી અનાદિ-અનંત એવી ચીજમાં મારું વલણ છે, એમાં હું નમેલ છું. આહાહા! કહો, સમજાણું? અન્યમતમાં આવે છે ઓલું. કૃષ્ણનું રૂપ લઈને આવ્યા. તુલસીદાસ કહે છે, એને ન નમું, રામને નમું. મારા રામ આવે તો નમું.

લગ્નમાં પણ એમ આવે છે. જ્યારે... 'નહીં નમે રે નહીં નમે રે, મોટાના છોરું નહીં નમે.' એવું આવતું. સાંભળ્યું હતું. ઘણાં વરસનું સાંભળેલું હોય, ૫૦-૬૦ વર્ષ. એ વખતનું કાંઈ યાદ નથી આપણને. તે દિ' નાની ઉંમર ૧૮ વર્ષની ઉંમર. અમારા ફાવાભાઈની ૧૪ વર્ષની. લગન

એના હતા. પણ એવું આવે. એ બધા કુંવરજીભાઈને લગનમાં.... ગઢડાના અપાસરામાં હતા ત્યાં. જાન આવી ત્યારે અમે ત્યાં હતા. કુંવરજીભાઈના આ બીજા લગ્ન છે. પહેલા લગન તો ઉમરાળા. બીજા લગન થયા ત્યારે હું ત્યાં હતો. મારો નાનો ભાઈ સાથે લગનમાં આવ્યો હતો. ભાઈ નહોતા આવ્યા ખુશાલભાઈ. દુકાને..... મારાથી નાનો હતો એ... ત્યારે એ બધા બોલતા બસમાં બેસાડ્યા ત્યારે. 'નહીં નમે રે નહીં નમે, મોટાના છોરુ નહીં નમે..' કન્યા દીધે છૂટકો છે, એમ કહે. અહીં આત્માની પ્રજા નિર્મળાનંદ એ રાગને નહીં નમે, એ તો આત્માને જ નમશે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને જેણે દૃષ્ટિમાં લીધો છે એ ત્યાં જ નમીને પરિણમન કરે છે. એ રાગ, પુણ્યને, નિમિત્તને નમતો નથી. આહાહા! સમજાણું કાંઈ? એને 'હું નમું છું' એમ કરીને પોતાની વાત કરીને જગતને સત્ય પ્રસિદ્ધ કરે છે. આહાહા! એને હું **સ્તવું છું...** એની પ્રશંસા કરું છું. રાગ ને નિમિત્તની પ્રશંસા નહીં એમ કહે છે. **સમ્યક્ પ્રકારે ભાવું છું**. હું એમાં એકાગ્ર થાઉં છું. ભાવના મારી નિર્મળ પરિણતિમાં છે. રાગની ભાવના એ મારી ભાવના નથી. આહાહા!

ત્રણ બોલ લીધા. અહીં **अहमभिनमामि** છેને? **तमहमभिनमामि**.. એમ છેલ્લી લીટી છે. **स्तौमि** અને **संभावयामि**.. પાછું નમામિમાં **अभिनमामि** એમ છે. **अभिनमामि**—એની સન્મુખ થઈને એમાં વળેલું છે, એમ. આહાહા! એક બોલ પણ સાચો સમજે તો એને અંદરથી ઉઘડી જાય ન્યાય. સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય. પણ એક પણ બરાબર જાણવો જોઈએને. હોંકારા નાખે આડાઅવળા, એ તો અનંતવાર કરી માથાકૂટ. આહાહા! લ્યો, એને હું સમ્યક્ પ્રકારે એટલે કે એવા વિકલ્પથી નહીં, પણ અંદર એવા યથાર્થપણે શુદ્ધ ચિદાનંદ ભગવાનમાં હું એકાગ્ર થાઉં છું. એમાં એકાગ્ર થઈને એની જ મારી ભાવના છે. આહાહા! શુભભાવ હજો, નિમિત્ત સારા મળજો—એ મારી ભાવના છે નહીં. આહાહા! ૧૯૩.

**इदं ध्यानमिदं ध्येयमयं ध्याता फलं च तत् ।**
**एभिर्विकल्पजालैर्यन्निर्मुक्तं तन्नमाम्यहम् ॥ १९३॥**

ઓહોહો! **શ્લોકાર્થ** : જેમાં નિમિત્ત તો નથી, નિમિત્ત તરફનો વિકલ્પ છે એ તો નથી, પણ **આ ધ્યાન છે...** નિર્મળ સમ્યક્ શુદ્ધોપયોગ એ ધ્યાન છે અને આ ધ્યેય, આત્મા **ધ્યેય છે** અને એ ધ્યાન કરનારો **ધ્યાતા છે અને પેલું એનું ફળ છે...** અને એનું ફળ મુક્તિ છે. —**આવી વિકલ્પજાળોથી જે મુક્ત છે...** કહો, સમજાણું કાંઈ? ધ્યાન, ધ્યાતા અને ધ્યેય અને એનું ફળ—એ બધા ભેદની વિકલ્પજાળ છે, એનાથી ભગવાન ત્રિકાળ મુક્ત છે. આહાહા! શ્લોક એક અને એના કળશ ચાર. એકમાં નવ-નવ આવ્યા હતા. એનો ભાવ મૂકેને. આવી વિકલ્પ ભેદજાળો એનાથી, ભગવાન પરમાનંદની મૂર્તિ આત્મા ભેદજાળથી તો રહિત જ છે. જેનાથી રહિત છે એનાથી સહિત થઈને આત્માને લાભ મળે, એ કેમ બને? એમ કહે છે. ભારે પણ! આ જુઓને

ઝઘડા કેટલા! એક કહે કે નાચો, બસ આમ કરો ને ભૂલી જાઓ, શૂન્ય થઈ જાઓ વિકલ્પથી. આ વિકલ્પથી શૂન્ય... શૂન્ય ક્યાં? કઈ ચીજને લક્ષમાં લીધી તે શૂન્ય થાય? શૂન્ય જ છે, આહીં કહ્યું, વિકલ્પથી શૂન્ય છે. જુઓને! એ વસ્તુ જે છે એને દૃષ્ટિમાં લેતાં વિકલ્પથી શૂન્ય થઈ જાય છે. સમજાણું કાંઈ? કેમકે વિકલ્પ તો એમાં છે જ નહીં, શુભરાગ પણ એમાં નથી. આહાહા!

પંચમહાવ્રતનો વિકલ્પ, આહાહા! શાસ્ત્રસ્વાધ્યાયનો વિકલ્પ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો પણ વિકલ્પ જેની ચીજમાં નથી **તેને (-તે પરમાત્મતત્ત્વને) હું નમું છું.** છેને છેલ્લું. **તન્નમામ્યહમ્**... એવો ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ પ્રભુ એમાં મારું વલણ છે, એને હું નમું છું. આહાહા! બહારના ત્રિલોકનાથ તીર્થંકરને નમવું એ પણ એક વિકલ્પ છે, રાગ છે.—એમ તીર્થંકર ફરમાવે છે. પોતાની કલ્પનાથી શાસ્ત્ર વાંચે અને અર્થ બેસાડે પોતાની કલ્પનાથી ખોટે-ખોટા. 'નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્ર માત્ર માનનો આંબળો.' આંબળો માનનો કે આપણે વાંચ્યો છે ને આપણને આવડે છે.

આહીં તો કહે છે કે જેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી-કુટુંબ-પરિવાર કે મુક્તિશિલા કે શેત્રુંજય કે સમ્મેદશિખર નથી, એને લક્ષે વિકલ્પ થાય એ પણ એમાં નથી, પણ એનામાં ચાર ભેદ પડે એ પણ એનામાં નથી, એમ કહે છે. શેઠ! આવી વાતું ભારે ઝીણું બહુ ઝીણું. આ બહારથી હો-હા થઈને મળી જાય મને. પ્રભાવના કરી ને બે લાખ ખર્ચ્યા, પાંચ લાખ ખર્ચ્યા ને. માણસો પાંચ-પાંચ હજાર આવ્યા ને શીખ્યા, માટે આપણને એમાંથી ધર્મ થઈ ગયો. ભારે કામ. આવો જે પરમાત્મા હું ત્રિકાળી, જેમાં ધ્યાન, ધ્યાતા, ધ્યેય ને ધર્મનું ફળ એ ભેદો–પ્રકાર છે જ નહીં એમાં. આહાહા! એવી વિકલ્પજાળોથી જે રહિત છે **તેને (-તે પરમાત્મતત્ત્વને) હું નમું છું**. પરમાત્મતત્ત્વ પોતે છે એમ કહે છે. 'અપ્પા સો પરમપ્પા' બહુત ચલતા હૈ તારણસ્વામીમેં. મમલપાહુડ, જ્ઞાનસમુચ્ચયસાર. પણ એ પણ ક્યાં તમે વાંચ્યું છે કોઈ દિ'? વાંચ્યું છે? લ્યો, ભાઈ ના પાડે છે. એમ કે...... ૧૯૪. આહાહા!

**भेदवादाः कदाचित्स्युर्यस्मिन् योगपरायणे ।**
**तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्यार्हते मते ॥१९४॥**

આહાહા! તીર્થંકરદેવ, ત્રિલોકનાથ, અરિહંતના મતમાં–પરમેશ્વર વીતરાગદેવ એના મતમાં **યોગપરાયણમાં કદાચિત્ ભેદવાદો ઉત્પન્ન થાય...** ધર્માત્મા અંતરમાં અભેદ આનંદમાં એકાકાર રહે એમાં ભેદ ઉત્પન્ન થાય કે હું શુદ્ધ છું, આ પર્યાય છે—એવો વિકલ્પ–ભેદ ઉત્પન્ન થાય... **અર્થાત્ જે યોગનિષ્ઠ યોગીને...** અહીં યોગપરાયણ કીધુંને? યોગ નામ સ્વરૂપમાં જોડાણમાં પ્રીતિવાળા, રુચિવાળા, સ્થિરતાવાળા. **ક્યારેક વિકલ્પો ઊઠે...** આ દ્રવ્ય છે ને આ ગુણ છે ને આ પર્યાય છે, એમ કહે છે. ધ્યાતા છે ને આ ધ્યાન છે—એવી વૃત્તિ ઉઠે રાગ-ભેદ **તેની અર્હંતના મતમાં મુક્તિ થશે કે નહિ થાય તે કોણ જાણે છે?** એવાઓને મુક્તિ થશે નહીં. ભગવાનના મતમાં એમ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ અરિહંત પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના મતમાં અભેદથી મુક્તિ થાય, પણ એમાં ભેદ ઉત્પન્ન થયો એનાથી મુક્તિ

થશે કે નહીં થાય કોણ જાણે? એ તો અજ્ઞાની માને છે, એમ કહે છે. લ્યો, આવો માર્ગ છે આ. આ પંચમકાળના પ્રાણીને માટે કહે છે. સમજાણું કાંઈ?

આ ચોથા કાળની વાત હશે કે આ પંચમકાળની વાત છે? મુનિ પંચમ કાળના છે. પંચમ કાળના જીવને કહે છે. ભગવાનના માર્ગમાં પંચમ શું, ત્રણેય કાળમાં (એક જ વાત હોય). અંતર સ્વરૂપની એકતા, અભેદતા તે જ મુક્તિનું કારણ છે. જેટલો ભેદ પડે, વિકલ્પ ઉઠે કે હું શુદ્ધ છું આ પર્યાય છે ને આ દ્રવ્ય છે... દ્રવ્ય-ગુણ ને પર્યાય પોતાના હોં, પરની તો વાત છોડી દીધી, પણ પોતાના દ્રવ્ય છે ને ગુણ છે ને પર્યાય છે એવા ભેદ વિકલ્પ ઉઠે, એનાથી વીતરાગના મતમાં મુક્તિ નથી. એ વિકલ્પ બંધનું કારણ છે, ભેદ બંધનું કારણ છે. આહાહા! કહો, આવું છે. એમ પાઠ લીધો છેને જુઓ! **जानात्यार्हते मते**... વીતરાગ માર્ગની અંદરમાં રાગ ને ભેદથી ધર્મ થાય ને મુક્તિ થાય (એમ) કોણ જાણે? અજ્ઞાની માનતો હોય તો ભલે માને. સમજાણું કાંઈ? વીતરાગમતમાં એ છે નહીં. આહાહા!

નિમિત્તથી મુક્તિ થાય એ નથી, નિમિત્તની શ્રદ્ધાના રાગથી ધર્મ થાય એ નથી, પણ ગુણ-ગુણીનો ભેદ ઉપાડીને વિકલ્પ ઉઠ્યો, એનાથી મુક્તિ નામ સંવર-નિર્જરા ત્રણ કાળમાં નથી. આહાહા! હીરાલાલજી! ભારે વાત. મૈં આત્મા હૂં, મૈં આત્મા હૂં. રાજા થઈ ગયો પછી એને 'હું રાજા છું.. રાજા છું' એમ થાય એને? એ ગાદીએ ન બેઠો હોય ત્યાં સુધી એમ થાય કે રાજા છું... રાજા છું. પણ ગાદીએ બેઠા પછી 'રાજા છું' એમ થાતું હશે? છે એમાં પછી 'હું છું' એમ ક્યાં આવ્યું? છે જ. સમજાણું કાંઈ? દિગંબર સંતોએ કથની કરી એ તો અલૌકિક કેવળીના ઘરની કરી છે. સમજાય છે? એને મૂકીને જે વાતું કરે, એ બધી આત્માના ઘરની ને કેવળીની નહીં. અર્હંતના મતની નહીં, એમ કીધુંને, અર્હંતના મતની નહીં. આહાહા!

વાહ રે વાહ! મુનિએ પણ કળશો કરીને તે કેટલું સ્પષ્ટ કર્યું છે! ભિન્ન-ભિન્ન રીતે... આહાહા! તારી ચીજ આવી છે તને બતાવી, પ્રસન્ન થા.. પ્રસન્ન થા. સમજાય છે કાંઈ? આવે છેને પહેલા સમયસારમાં. આનંદમાં આવી જા એકવાર. આહાહા! આવો સ્વભાવ જેને ભેદની અપેક્ષા નથી, રાગ ને નિમિત્તની તો શેની હોય? અભેદ ભગવાનની અભેદ ભક્તિમાં એકાકારમાં ભેદની ગંધ નથી. ભેદ ઉઠે અને એને લાભ થાય, એ અર્હંતના મતમાં નથી. અજ્ઞાનીઓના મત હો તો ભલે માનો. આહાહા! સમજાણું કાંઈ? મુનિએ પણ.....!

મુનિએ પણ **तस्य मुक्तिर्भवेन्नो वा**... એને મુક્તિ થશે કે નહીં? અજ્ઞાની માને ભલે, કહે છે. આહાહા! વિકલ્પ ઉઠ્યો ને એનાથી મુક્તિ થાય, ભેદથી મુક્તિ થાય (એમ) અજ્ઞાની માને. વીતરાગ મતમાં તો એ છે નહીં. આહાહા! ભારે કામ. આવું હશે તો કોઈ કોઈનો વિનય નહીં કરે, બીજાને સમજાવે શું કરવા? કંઈ માન આપે, બહુમાન આપે એ માટે સમજાવવું છે કે નહીં? મોટો ઠરાવે. આ તો કહે, બીજાને જો મોટો ઠરાવવા જઈશ તો તારું ઘર જાશે. પણ પંડિતનો ઉપકાર કોઈ નહીં માને. પંડિત થોથા રહી જશે. થઈ ગયું લ્યો. અમે તમને ભણાવ્યા એનું ફળ

શું? તમે તો અમને માનો નહીં. છતાં એને વિકલ્પમાં માન આવ્યા વિના રહે નહીં, છતાં એ વિકલ્પ બંધનું કારણ છે. આહાહા! યોગપરાયણ–આત્મામાં એકાગ્રતાની લીનતા, સ્વભાવ–સ્વરૂપમાં નિષ્ઠ એવા ધર્મીને ક્યારેક વિકલ્પ ઊઠે. પણ વિકલ્પ ઊઠે એવા ધર્મીને મુક્તિ થશે કે નહીં કોણ જાણે? જ્યાં સુધી લગી વિકલ્પમાં છે ત્યાં લગી મુક્તિ નહીં થાય. આહાહા!

ભાઈ! કુંદકુંદાચાર્યે કહ્યું પંચાસ્તિકાયમાં ૧૭૦ ગાથા. તીર્થંકર કહે છે કે જ્યાં સુધી મારી રુચિ રહેશે, નવ તત્ત્વની રુચિ રહેશે, આ આગમની રુચિ જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી મુક્તિ તને નહીં થાય, ત્યાં સુધી મોક્ષ દૂર છે. આહાહા! સમજાણું કાંઈ? એ ગાથાનો અર્થ શ્રીમદ્‌માં બીજો લખાઈ ગયો છે. શ્રીમદ્દે એમ લખ્યું. ગાથા છે.... પણ એમાં દુરતર નથી એમ લખ્યું છે. ઊંધો આખો અર્થ ગોટે ચઢી ગયો. ઓલા માણસ અર્થ કરવા જાય કે શું લખ્યું છે. મહારાજ! દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાથી મુક્તિ દૂર? એવું હોય? એમ લખો કે દૂર નથી. છેને આમાં? આમાં નથી. ... નહીં લખ્યું હોય. કહો, સમજાણું કાંઈ? એમાં અર્થ ભર્યો છે. પાઠમાં બીજું છે ને અર્થમાં બીજું છે. એના વાંચનારને એમ જ લાગે કે આમાં મુક્તિની નજીક છે. પંચાસ્તિકાયનો અર્થ છેને..... એનો પાઠ–કુંદકુંદાચાર્યની ગાથા આ છે. જ્યાં સુધી તીર્થંકરની રુચિ છે, પરદ્રવ્ય છે તીર્થંકર, એનો વિકલ્પ છે, રુચિ છે એ વિકલ્પ છે, આગમની રુચિ રહેશે ત્યાં સુધી વિકલ્પ છે, નવ તત્ત્વની શ્રદ્ધા રહેશે ત્યાં સુધી ભેદનો વિકલ્પ છે, એને મુક્તિ દૂરતર છે એવો પાઠ છે. મોક્ષ એને દૂર છે, ઘણો દૂર છે. પંચાસ્તિકાયમાં અર્થ કર્યો છે. કેટલામી છે પંચાસ્તિકાય? આમાં નથી?

'પરમેષ્ઠીપદને વિષે જે તત્ત્વાર્થપ્રતીતિપૂર્વક ભક્તિ છે અને નિર્ગ્રંથ પ્રવર્તનમાં રુચિપણે જેને બુદ્ધિ પરિણમી છે તેમજ તે સંયમ તપ સહિત વર્તે છે તો તેને મોક્ષ કાંઈ દૂર નથી.' કુંદકુંદાચાર્યના સિદ્ધાંતમાં એમ છે કે મોક્ષ દૂર છે. એટલે અર્થમાં ફેર કરી નાખ્યો. અર્થ ઊંધા થઈ ગયા. 'તેને મોક્ષ કાંઈ દૂર નથી.' આ પંચાસ્તિકાય છેને ? એ ગાથાનો અર્થ છે. આ ૧૭૦ ગાથા. જેને **સંયમતપસંયુક્ત હોવા છતાં**... મુનિ છે, સમકિતી છે, સંયમ તપ છે, પણ **નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે**, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ... **અને સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે છે તે જીવને નિર્વાણ દુરતર–વિશેષ દૂર છે**. આહાહા! સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યનું આ કથન છે. અર્થકારે 'મોક્ષ દૂર નથી' (એમ) ઊંધું બધું કર્યું. એ વાંચનારની બિચારાની દૃષ્ટિ વિપરીત પડી રહે અને જિંદગી વઈ જાય, થઈ રહ્યું. સમજાણું કાંઈ? હીરાભાઈ! લ્યો, ગાથા આ છે. વસ્તુ તે એ છે. વીતરાગમાર્ગ છે, આ કાંઈ રાંકાનો માર્ગ–કલ્પેલો માર્ગ નથી. ત્રણ લોકના નાથ વીતરાગ, એવો જ પોતે વીતરાગ ભગવાન છે. એના માર્ગમાં ભેદથી મુક્તિ માને (એમ) અર્હંતના મતમાં નથી, કહે છે. કહો, ઓલામાં માથે કીધું હતું કે આ કુંદકુંદાચાર્યનો અભિપ્રાય આ છે. એના કળશમાં આ નાખ્યું કે અરિહંતનો મત એ નથી. વિકલ્પથી–ભેદથી ધર્મ માને, મુક્તિ માને એ ભગવાનનો અભિપ્રાય નથી. આરે! અરિહંત દેવ ને

ગુરુ બેય નાખ્યા. આહાહા! પાટનીજી! એમાં કંઈ છાશ લેવા જાય ત્યાં પછી દોણી ન સંતાડે. આ છે ભાઈ! માર્ગ આ છે. માનો-ન માનો, પછી માનો. બીજી રીતે માનો તો રખડવું પડશે. આહાહા! તીર્થંકરના ઘરમાં જ આ વાત હોય. બીજા તો કહે કે અમને આપો, અમને આહાર-પાણી આપો, ભક્તિ કરો, તમારું કલ્યાણ થશે. આહીં કહે છે કે અમારી ભક્તિ કરો, આહાર-પાણી આપો, પુણ્ય થાશે, ધર્મ નહીં થાય. આરે, આરે, ગજબ વાત છે! એય, મૂલચંદભાઈ!

પદ્મપ્રભમલધારિદેવ મુનિરાજ દિગંબર મુનિ વનવાસી સંત હતા. કહે છે કે જે અંતર ધ્યાનમાં સ્થિરતામાંથી ખસી જાય અને વિકલ્પ ઉઠે દેવ-ગુરુની શાસ્ત્રની ભક્તિનો, દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ ઉઠે, એવાને અરિહંત મતમાં મુક્તિ (નથી). કેવળીના અભિપ્રાયમાં–ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વરના મતમાં... 'મતમાં' આમ કહ્યું છે ને? મુક્તિ થશે કે નહીં થાય કોણ જાણે? એટલે થશે નહીં, આહાહા! વિશેષ સ્પષ્ટ કર્યું. કહો, ઠીક! ૧૨૦ છેને. '**નિયમથી**' કીધું છેને? **નિયમથી નિયમ છે** એમ કીધું છેને? આવું ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. નિયમથી નિયમ છે. એનું સ્પષ્ટ કર્યું આ. કુંદકુંદાચાર્યનો આ અભિપ્રાય ને ભગવાનનો આ અભિપ્રાય છે. સમજાણું કાંઈ?

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૩૦, રવિવાર, તા. ૧૯-૯-૧૯૭૧**
**ગાથા – ૧૨૧, શ્લોક – ૧૯૫,**
**પ્રવચન નં. ૧૨૯ (હિન્દી)**

યે નિયમસાર, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર ચલતા હૈ. ૧૨૧ ગાથા.

**कायाईपरदव्वे थिरभावं परिहरत्तु अप्पाणं ।**
**तस्स हवे तणुसग्गं जो झायइ णिव्वियप्पेण ॥१२१॥**

નીચે હરિગીત.

**પરદ્રવ્ય કાયા આદિસે પરિત્યાગ સ્થૈર્ય, નિજાત્મકો,**
**ધ્યાતા વિકલ્પવિમુક્ત, ઉસકો નિયત કાયોત્સર્ગ હૈ. ૧૨૧.**

ક્યા કહતે હૈં? દેખો! **ટીકા : યહ નિશ્ચયકાયોત્સર્ગકે સ્વરૂપકા કથન હૈ.** ક્યા કહતે હૈં? ઇસ ગાથામેં નિશ્ચય અપના ધર્મસ્વરૂપ, કાયોત્સર્ગ નામ કાયા ને રાગસે રહિત અપને નિજ સ્વરૂપમેં સ્થિરતા, નિર્વિકલ્પ આનંદમેં લીનતા ઉસકા નામ કાયોત્સર્ગ હૈ. આયેગા અંદર. યે ઉપર ઉપોદ્ઘાત કિયા હૈ થોડા. કાયા છેને કાયા. કાયા... ત્યાગ છે. કાયાકા–શરીરકા ત્યાગ અંતર દૃષ્ટિમેં ઔર વિકલ્પકા ત્યાગ ઔર સબ રમણીય ક્ષેત્રાદિ લેંગે. અંતર નિજસ્વરૂપ અખંડ આનંદધામ ભગવાન નિત્ય ધ્રુવ ઉસમેં દૃષ્ટિ લગાકર ઉસમેં–નિર્વિકલ્પદશામેં સ્થિર હોના, ઉસકા નામ કાયોત્સર્ગ નામ ધર્મ હૈ. પંડિતજી! સમજમેં આયા? વહ કહતે હૈં દેખો!

**યહ નિશ્ચય** એટલે યથાર્થ, **કાયોત્સર્ગકે**... આત્માકે સિવા–અલાવા રાગાદિ સબકો કાય કહતે હૈ. શુભભાવ, દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિકા ભાવ વહ ભી કાયા હૈ–કર્મકાયા હૈ, યે આત્મા નહીં. કાયોત્સર્ગકા સચ્ચા સ્વરૂપ યહાં કહતે હૈં. કાયોત્સર્ગ કહો... આવે છેને તસ્સઉત્તરિમાં 'તાવ કાયં ઠાણેણં મોણેણં..' એના અર્થ-બર્થની ખબર ન હોય. હિંમતભાઈ! 'તસ્સઉત્તરિ કરણેણં પ્રાયચ્છિત કરણેણં તાવ કાયં ઠાણેણં મોણેણં જાણેણં..' કાંઈ અર્થની ખબર ન મળે, ભાવની ખબર ન મળે. તાવ ઉતરી જાય. આહાહા! આવે છેને જયંતિભાઈ? અહીંયા તો પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિસને એક સેકંડકે અસંખ્યવે ભાગમેં તીન કાલ, તીન લોક દેખા, ઐસે તીર્થંકર પરમેશ્વર કાયોત્સર્ગ કિસકો કહતે હૈં? કાયોત્સર્ગ કહો, મોક્ષમાર્ગ કહો, નિર્મળ નિર્વિકલ્પદશા કહો, ધર્મધ્યાન (કહો). આ ધર્મ. ધર્મધ્યાન કહો—યે એક હી ચીજ હૈ. આહાહા! વીતરાગમાર્ગ સમજવો કઠણ જગતને. સર્વજ્ઞ તીર્થંકર પરમેશ્વર જિસને એક સમયમેં તીન કાલ, તીન લોક દેખા, ઉસને ધર્મકા યથાર્થ સ્વરૂપ ઐસા કહા. કાયોત્સર્ગ કહો કિ ધર્મ કહો—એક હી બાત હૈ. પહેલી ટીકા.

**સાદિ-સાંત...** આ શરીર.. શરીર જડ હૈ ન માટી. યે કાયા તો માટી જડ હૈ, પુદ્ગલ હૈ. **સાદિ**... યે તો સાદિ (અર્થાત્) નયા ઉત્પન્ન હુઆ. યે કોઈ અનાદિકી ચીજ નહીં. યે (શરીર) તો માતાકે પેટમેં નયા ઉત્પન્ન હુઆ હૈ, માટી જડ હૈ. સાદિ હૈ વહ. સાદિ નામ આદિ હુઈ હૈ ઔર અંત હૈ. દેહકા અંત હો જાયેગા. યે શરીર સાદિ-સાંત હૈ. **મૂર્ત** હૈ. જડ મૂર્ત રંગ, ગંધ, સ્પર્શવાલી આ ચીજ હૈ. **વિજાતીય** હૈ. આત્મા ચૈતન્ય હૈ તો યે જડ જાત હૈ. કાયોત્સર્ગ શબ્દ હૈ ન, કાયોત્સર્ગ. તો કાયા, યે કાયા–શરીર જડ માટી દેહકી સાદિ–શુરૂઆત હુઈ હૈ. આત્માકે સંબંધમેં સાદિ હુઈ હૈ (ઔર) અંત આયેગા. યે કોઈ આત્માકી ચીજ નહીં. આહાહા! ઔર મૂર્ત હૈ. જિસમેં રંગ, ગંધ, સ્પર્શ ભરા હૈ. વિજાતીય છે. આત્મા ચૈતન્ય ભગવાનસે યે વિજાત હૈ–કજાત હૈ– આત્માસે દૂસરી જાત હૈ. આહાહા! સમજમેં આયા? વિજાતીય લિયા હૈ ન. જૈસે બ્રાહ્મણસે હરિજન-ભંગી વિજાત હૈ, ઐસે આત્માસે શરીર વિજાત હૈ. આહાહા!

પછી **વિભાવ-વ્યંજનપર્યાયાત્મક...** યે એક પરમાણુ નહીં, યે તો અનંત પરમાણુકા પિંડ હૈ જડ. તો વિભાવ હૈ, યે વિભાવ હૈ. વિભાવ, વ્યંજન નામ આકૃતિ. શરીરકી આકૃતિ હૈ ન. વ્યંજનપર્યાય. વ્યંજનપર્યાય આકૃતિ **અપના આકાર** ધરતી હૈ **વહ કાયા.** એક વાત. **'આદિ' શબ્દસે ક્ષેત્ર...** મકાન, ખેતર, બંગલા આદિ. ... કહેંગે અભી. **ગૃહ**—મકાન, **કનક**—સોનું, **રમણી** સ્ત્રી-પુત્રાદિ **આદિ. ઇન સબમેં સ્થિરભાવ–સનાતનભાવ છોડકર...** ક્યા કહતે હૈં? યે ચીજ કાયમ રહેગી ઐસી જો દૃષ્ટિ હૈ... યે સ્ત્રી, કુટુંબ, પરિવાર સબ તો અસ્થિર હૈ જડ, માટી–ધૂળ. સમજમેં આયા? સ્થિરભાવકી દૃષ્ટિ છોડકર... સ્થિર તો, મૈં સનાતન આત્મા અનાદિ-અનંત સ્થિર હૂં. સમજમેં આયા? આહાહા! આ ધર્મ હજી કેમ થાય એની ખબર ન મળે. કહે છે, આ શરીર, ક્ષેત્ર, ગૃહ, કનક ને સ્ત્રી-પુત્ર આદિ એ કાયમ રહેશે—ઐસી જો દૃષ્ટિ અજ્ઞાનીકી હૈ ઉસે છોડ દે. યે સબ તો નાશવાન પદાર્થ હૈં. યે તેરી ચીજ નહીં, તેરેમેં નહીં, તું ઉસમેં નહીં. આહાહા! સમજમેં આયા? કિસકો ધર્મ હોતા હૈ ઉસકી બાત ચલતી હૈ. સમજમેં આયા? કાયોત્સર્ગ કહો કિ ધર્મ કહો.

સાદિ સ્થિરભાવ... હૈ તો અપની ચીજ અનાદિ-અનંત સ્થિર, પણ અનાદિસે અપની સ્થિર વસ્તુકી ખબર નહીં, તો યે (કાયાદિ) સ્થિર રહેગી ઐસી અજ્ઞાનીકી માન્યતા હૈ. વહ દૃષ્ટિ છોડકર... **કાયાદિક સ્થિર હૈં...** ક્ષેત્ર સ્થિર હૈ, મકાન જડ સ્થિર હૈ, સોના, સ્ત્રી આદિ સ્થિર હૈ— ઐસા સબ છોડકર... ઉસમેંસે દૃષ્ટિ છોડ દે પ્રભુ! યે તેરી ચીજ નહીં. આહાહા! યે તેરેમેં નહીં. ઔર તુમ ઉસમેં નહીં. ખબર નહીં.. ખબર નહીં. આહા! **નિત્ય-રમણીય નિરંજન**... અબ ઉસ (જડ)કી દૃષ્ટિ છોડકર... ભગવાન આત્મા અપના નિજસ્વરૂપ કૈસા હૈ? કિ નિત્ય હૈ. આત્મા નિત્ય ધ્રુવ અનાદિ-અનંત હૈ. યે સાદિ-સાંત હૈ, યે આત્મા અનાદિ-અનંત હૈ. હૈ?

**નિત્ય-રમણીય**... આત્મા તો આનંદદાયક, ઉસમેં રમણ કરનેલાયક ચીજ હૈ. આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસે ભરા હુઆ પદાર્થ હૈ. સમજમેં આયા? આચાર્ય પદ્મપ્રભમલધારીદેવ દિગંબર મુનિ છે. વે ટીકા કરતે હૈં પાઠકી. પાઠ તો કુંદકુંદાચાર્યકા હૈ. ઉસકી ટીકા કરતે હૈં કિ ભાઈ! તુમ તો નિત્ય રમણીય હૈ ન. યે કાયામેં રમતા હૈ 'યે મેરી હૈ' (ઐસી) દૃષ્ટિ છોડ દે. આહાહા! સમજમેં આયા? નિત્ય રમણીય પ્રભુ આત્મા શાશ્વત આનંદદાયક પ્રભુ હૈ. આહાહા! અંતર રમનેલાયક યે ચીજ હૈ. સમજમેં આયા?

**નિત્ય-રમણીય નિરંજન નિજ કારણપરમાત્મા...** નિરંજન હૈ, ઉસમેં અંજન-બંજન, કર્મકા બંધ ને રાગ-બાગ હૈ નહીં. આહાહા! ઐસી અપની ચીજ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન નિત્યાનંદ રમણીય નિજ કારણપરમાત્મા–અપના કારણપરમાત્મા, ઉસમેંસે મોક્ષકા કાર્ય પ્રગટ હોતા હૈ. આહાહા! સમજમેં આયા? ભારે વાત! એકેય વાત સાંભળી ન હોય, સમજ્યો ન હોય અને ધર્મ કરીએ છીએ એમ માને. અનાદિથી અજ્ઞાની એમને એમ માનીને જિંદગી વ્યર્થ જાય.... આત્મા અંદર ચીજ નિત્ય-રમણીય ધ્રુવ આનંદદાયક ચીજ નિજ કારણ–અપના કારણપ્રભુ ધ્રુવ, જિસમેંસે કેવળજ્ઞાનાદિક કાર્ય પ્રગટ હોતા હૈ ઐસા અપના આત્મા. આહાહા! આવો આત્મા છે એની ખબર ન મળે. સમજમેં આયા? ઐસા અપના સ્વરૂપ....

ક્રિયા **વ્યવહાર ક્રિયાકાંડકે આડંબર સંબંધી વિવિધ વિકલ્પરૂપ કોલાહલ રહિત...** એમાં દયા પાળું, ભક્તિ કરું ને પૂજા કરું, વેપાર કરું—એવી વિકલ્પની જાળ આત્મામાં નથી. સમજમેં આયા? વ્યવહાર ક્રિયાકાંડ દયા, વ્રત ને તપ ને અપવાસ ને પૂજા ને ભક્તિ ને જાત્રા—એ બધો વિકલ્પ–રાગજાળ છે. શાસ્ત્રનું સાંભળવું ને વાંચવું એ વિકલ્પની જાળ છે. ચંદુભાઈ! આરે, ભારે વાત. ભગવાન! તારો આત્મા પરને સાંભળે ને ... સમજાય એવી ચીજ જ નથી, કહે છે. ઝીણી વાત છે ભાઈ! એણે અનંત કાળમાં સમ્યગ્દર્શન શું ચીજ છે અને સમ્યગ્દર્શનનું ધ્યેય–વિષય શું ચીજ છે એની ખબર કરી નથી. એમને એમ મિથ્યાદૃષ્ટિ–અંધે-અંધા અનંતવાર દિગંબર સાધુ હો ગયા, આત્માકે ભાન બિના. સમજમેં આયા? આહાહા!

કહતે હૈં, વ્યવહાર ક્રિયાકાંડ વ્રત ને તપ ને અપવાસ ને દયા ને દાન ને પૂજા ને નામસ્મરણ, ભક્તિ આદિ યે સબ વ્યવહાર ક્રિયાકાંડકા વિકલ્પ–રાગ હૈ. યે સબ તો આડંબર હૈ. આહાહા! મણીભાઈ! આવી વાત છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માને કેવળજ્ઞાનમેં દેખા કિ તેરા આત્મા તો ઐસા હૈ ભાઈ! ઇસકી તુજે ખબર નહીં. આહાહા! ઐસા **આડંબર સંબંધી વિવિધ વિકલ્પરૂપ કોલાહલ**... આહાહા! ઐસા કરના ને ઐસા નહીં કરના, ઐસા ખાના, ઐસા નહીં ખાના ને ઐસા પીના ને ઐસા નહીં પીના, ઐસા પાલના ને ઐસા નહીં પાલના—ઐસા વિવિધ વિકલ્પકા કોલાહલ યે રાગકી જાત હૈ સબ. આહાહા! એનાથી તો રહિત છે. વસ્તુ એનાથી રહિત–ઉસસે રહિત હૈ. આહા! સમજમેં આયા? કભી સુના નહીં ઇસલિયે લગે કિ યે

ક્યા ચીજ હૈ. આ કાંઈ વીતરાગની ચીજ હશે આવી? ક્રિયાકાંડમેં માન લિયા સબ મિથ્યાત્વભાવમેં. વહ તો કહતે હૈં કે ક્રિયાકાંડકે વિકલ્પકી જાલસે તો રહિત હૈ પ્રભુ અંદર. સમજમેં આયા?

ઐસે આત્મામેં **સહજ-પરમ-યોગકે બલસે...** આ વસ્તુ. અંતર નિત્યાનંદ ભગવાન અપના નિજસ્વભાવ શુદ્ધ ધ્રુવ ત્રિકાળ ઉસમેં સ્વાભાવિક યોગકે બળકે–શુદ્ધ ઉપયોગકે બલસે... પુણ્ય ને પાપની ક્રિયાકાંડના વિકલ્પથી રહિત અપના નિત્ય રમણીય ભગવાનમેં સહજ યોગ... સહજ યોગકે બલસે... સ્વભાવિક સ્વરૂપની એકાગ્રતાની ક્રિયા શુદ્ધ ઉપયોગની, એના બળ વડે, એ ધર્મ. આહાહા! સમજમેં આયા? **સહજ-પરમ-યોગકે બલસે...** સ્વભાવિક પોતાનો જે આત્મા નિર્મળાનંદ સહજ પ્રભુ નિત્યાનંદ, એની અંદરમાં સહજ નિર્વિકલ્પ રાગ વિનાની શુદ્ધ પરિણતિરૂપી યોગબળ એ વડે... આહાહા! હજી તો શબ્દોનો અર્થ સમજવો કઠણ છે. એવું માને અજ્ઞાની. ધર્મ તો નથી, પણ ધર્મ કેમ થાય એ સાંભળ્યું નથી. આહાહા! ઊલટું સાંભળેલું? વાત સાચી. ઊંધું સાંભળેલું બધું. દરકાર નહીં. આ જુઓને! ઉપડવાના છોને આજ હવે. દરકાર કરી નથી હજી. એ શેઠ! આહાહા! **સહજ-પરમ-યોગકે બલસે**... ભાષા દેખો! ભગવાન આત્મા નિત્યાનંદસ્વરૂપ ઉસ પર દૃષ્ટિ કરનેસે... સહજ સ્વભાવનો ઉપયોગ—શુદ્ધ ઉપયોગના બળથી... યે શુદ્ધ ઉપયોગ ધર્મ હૈ. આહાહા! સમજમેં આયા?

**સહજ-તપશ્ચરણરૂપી ક્ષીરસાગરકા ચન્દ્ર...** એવો આત્મા, અપના ત્રિકાળી નિજ કારણપરમાત્મા, શુદ્ધ ઉપયોગ દ્વારા એનું ધ્યાન, એ આત્મા સ્વભાવિક તપસ્યા... વીતરાગી દશા અંદરમેં પ્રગટ હુઈ. એવી સહજ તપશ્ચરણરૂપી ક્ષીરસાગર એનો એ ચંદ્ર... સ્વભાવિક ચારિત્રરૂપી **ક્ષીરસાગરકો ઉછાલનેમેં ચંદ્ર સમાન ઐસા જો જીવ...** આહાહા! કૈસા જીવ? નિત્ય-આનંદ પ્રભુ ઉસમેં લીનતા કરનેવાલા જીવ, અપને શુદ્ધોપયોગ દ્વારા ઉસમેં રમનેવાલા જીવ. આહાહા! જૈસે પૂનમકા ચંદ્ર ખીલતા હૈ, પૂનમકા ચંદ્ર, (તો) સમુદ્ર ઉછલતા હૈ. પૂનમને દિ' ચંદ્ર ઉછળે છે— ઐસા સંબંધ હૈ. ચંદ્રમા પૂનમ(કે દિન) જબ ખીલે તબ ભરતી આતી હૈ બાઢ. બાઢ.. બાઢ કહતે હૈં? ક્યા કહતે હૈં? ઐસે ભગવાન આત્મા, આહાહા! અપને આનંદસ્વરૂપમેં રમણતા કરનેવાલા ઐસા જો આત્મા, એ સ્વભાવિક ચારિત્રરૂપી ક્ષીરસાગરનો ચંદ્ર છે. આહાહા! એ તો આનંદની રમણતાને વૃદ્ધિ કરે એવો એ આત્મા છે, કહે છે. આત્મામાંથી–ઉસમેંસે અતીન્દ્રિય આનંદ ઉછલે. આહાહા! વીતરાગ તીર્થંકરદેવ આવું સ્વરૂપ અનાદિથી કહેતા આવ્યા છે. એણે દરકાર કદી કરી નથી. મનુષ્ય જન્મ ઐસે ને ઐસે ગંવાયા પશુકી તરહ. સમજમેં આયા?

કહતે હૈં, સ્વભાવિક ચારિત્રરૂપી ક્ષીરસાગરનો ચંદ્ર એવો એ જીવ... જુઓ! કેવો એ જીવ? કે આત્માના ત્રિકાળી આનંદમાં રમણતા જેણે પ્રગટ કરી છે એવો એ જીવ. કહો, ભીખાભાઈ! આ વાતો ભારે. આવો વીતરાગનો ધર્મ હશે? આ જૈનમાં તો આ કંદમૂળ ન ખાવા,

આ ખાવું, પીવું, લેવું... અરે! એ તો વિધિ-નિષેધનો વિકલ્પ છે, એ તો આત્માનું સ્વરૂપ જ નથી. આહા! એનાથી રહિત છે આત્મા. એ તો કોલાહલ, વિકલ્પની જાળ છે. કહે છે, એવો આ જીવ કે જેણે નિત્યાનંદ પ્રભુની દૃષ્ટિ કરીને એમાં રમણતા આદરી છે–રમણતા શુરૂ કી હૈ. આહાહા! ઔર વિકલ્પસે લેકર સબ સ્થિર હૈં ઐસી દૃષ્ટિ જિસને છોડ દી હૈ. કહો, શેઠ! આમાં વાચ્યુંય નહીં હોય ઘરે. વાચ્યું છે આ? ઢીલુંઢપ બોલે. બીડીયુંમાં એમ બોલતા હશે ત્યાં?

શ્રોતા : વાંચે તો (પણ) નીકળે નહીં આમાંથી સાર. ભાવ જ કાઢી ન શકે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ પહેલું વાંચે ત્યારે ખબર પડેને કે ભાવ નીકળે છે કે નહીં? આહાહા! દિગંબર સંતોએ જગત પાસે સત્યને જાહેર કર્યું. આહાહા! ભાઈ! વીતરાગનું સત્ય તો આ છે. તેરી કલ્પનાસે તુમ માનતે હો તો મિથ્યાદૃષ્ટિ મૂઢ અનંત કાળસે રુલતે હો. સમજમેં આયા?

**નિત્ય ધ્યાતા હૈ...** આહાહા! અપના સહજાનંદ પ્રભુ ઉસકી દૃષ્ટિ કરકે જિસને અંતરમેં રમણતા પ્રગટ કી હૈ વહ ઐસે આત્માકો નિત્ય ધ્યાતા હૈ, ધ્યાનમેં લેકર લીન હોતા હૈ, ઉસકો કાયોત્સર્ગ હોતા હૈ. સમજમેં આયા? ભારે આકરું કામ. આહાહા! એવો જે ધર્માત્મા... અપના આનંદ ભગવાન અતીન્દ્રિય આનંદનો એકલો પુંજ પ્રભુ ઐસી રમણીય ચીજમેં રમતા હૈ, ઐસી રમણીય ચીજમેં રમતે લીન હોતા હૈ, નિર્વિકલ્પ દશામેં રમતા હૈ વહ આત્માકો નિત્ય ધ્યાતા હૈ. **ઉસ સહજ વૈરાગ્યરૂપી મહલકે શિખરકે શિખામણિ...** ક્યા કહતે હૈં? કાયોત્સર્ગ કહના હૈ ન? આમાં (-અપનેમેં) રમતે હૈ ને પરસે વૈરાગ્ય હો ગયા હૈ. વિકલ્પસે લેકર કુટુંબ, શરીરાદિ સબ ચીજ મેરી નહીં. સમજમેં આયા? યે વિકલ્પ ઉઠતે હૈં વહ મેરે હૈં યહ માન્યતા મિથ્યાદૃષ્ટિકી હૈ, અજૈનકી હૈ. યે જૈનકી શ્રદ્ધા નહીં. સમજમેં આયા? ક્યોંકિ વિકલ્પ ઉઠતે હૈં વહ રાગ હૈ, રાગ મેરા માનના વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ, વહ જૈન નહીં.

જૈન તો (માને કિ) રાગસે રહિત મેરી ચીજ હૈ. ઔર સ્ત્રી મેરી હૈ, પુરુષ–પતિ મેરા હૈ, પુત્ર મેરા હૈ—ઐસી માન્યતાવાલા મિથ્યાદૃષ્ટિ અજૈન હૈ. સમજમેં આયા? આહાહા! જયંતિભાઈ! આહીં તો, યે માન્યતા છોડકર, એમ કહતે હૈં. વીતરાગ માર્ગ છે ભાઈ! તીર્થંકર કેવળી... 'કેવળી પણત્તો ધમ્મો શરણં..' આતા હૈ ન માંગલિકમેં? બોલે ગડિયા, ભાવનું કાંઈ ભાન ન મળે. 'કેવળી પણત્તો ધમ્મો શરણં.' કેવળી પણત્તો પણ ક્યો ધર્મ, કૈસે? આ દયા પાળીએ, વ્રત કરીએ, એ ધર્મ. ધૂળેય ધર્મ નહીં, સુન તો સહી! આહાહા! પંડિતજી! આવો માર્ગ ભારે આકરો. બધા કંઈ કરી શકે? આત્મા હૈ કિ નહીં? આત્મા હૈ ઉસસે હો સકે. અણાત્માસે ન હો સકે. આહાહા!

કહે છે... આ બાજુથી કીધુંને કે નિત્ય ધ્યાવે છે. તો આ બાજુથી 'વૈરાગ્ય છે' એમ કહેવું છે. સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલ એનો શિખરનો શિખામણિ **(પરમ સહજ વૈરાગ્યવન્ત જીવકો)**

**વાસ્તવમેં નિશ્ચયકાયોત્સર્ગ હૈ.** ખરેખર ઉસકો કાયોત્સર્ગ હોતા હૈ. અજ્ઞાની (માને કિ) પત્ની મેરી, લક્ષ્મી મેરી, દયા, દાનકા વિકલ્પ મેરા—ઐસે અજ્ઞાનીકો કાયોત્સર્ગ ને ધર્મ હોતા નહીં. મણીભાઈ! આવો માર્ગ ભાઈ કઠણ. સાંભળવો મળતો નથી. અત્યારે તો ઊંધે ઊંધી વાતું બધી. જાઓ ધર્મ હો ગયા. જિંદગી વ્યર્થ કરકે, પશુની જેમ જિંદગી ગાળે છે અજ્ઞાની.

શ્રોતા : ...... ગોટાળા.

પૂજ્ય ગુરુદેવશ્રી : ગોટાળા તમે માન્યું શું કરવા? તમે માન્યું છેને. તુમકો રુચિ હૈ તો માનતે હો. જુઓ! આ મલુકચંદભાઈ સવળું લે છે. ......... આહાહા!

ભગવાન! જો તેરે ધર્મકી પર્યાય પ્રગટ... ધર્મ એક પર્યાય હૈ, અવસ્થા હૈ. તો યે અવસ્થા કહાંસે આયેગી? ક્યા દયા-દાનકે વિકલ્પસે આયેગી? વહ તો રાગ હૈ. ક્યા નિમિત્તસે આયેગી? શરીરમેંસે આયેગી? અપની એક સમયકી વ્યક્ત–પ્રગટ પર્યાય હૈ ક્યા ઉસમેંસે ધર્મપર્યાય આયેગી? આજ તો હિન્દી હોતા હૈ. ભૈયા પ્રેમચંદજી! આજ તો સમજમેં આતા હૈ. જાના હૈ ન આજ. આહાહા! ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ જિસમેં રમનેલાયક હૈ. પર્યાયમેં રમનેલાયક હૈ? રાગમેં રમનેલાયક હૈ? રાગ તો કોલાહલ હૈ. આહા!

ઐસી નિજ ચીજ અંદરમેં નિત્યાનંદ પ્રભુ ઉસકો ધ્યાતે હૈં, ધ્યાનમેં લેકર રમતે હૈં, (ઉન્હેં) બાહ્ય વિકલ્પસે લેકર (સબ ચીજસે) સહજ વૈરાગ્ય હૈ. પરકા વૈરાગ્ય હૈ ઔર સ્વમેં લીન હૈ. આહાહા! ભારે વાતું ભાઈ! ઉસકો ધર્મ હોતા હૈ, ઉસકો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ, ઉસકો કાયોત્સર્ગ હોતા હૈ.—એમ ત્રિલોકનાથ પરમાત્માનું ફરમાન છે. ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે ભગવાનકી ઐસી દિવ્યધ્વનિ આયી થી વહ સંતો કહતે હૈં. આહાહા! **(પરમ સહજ વૈરાગ્યવંત જીવકો)...** અર્થાત્ શુભ વિકલ્પસે લેકર સબ પરચીજ ઉસસે ઉદાસ હોકર, ઉસસે રહિત હોકર સહજ વૈરાગ્ય (ઔર) અપને નિત્યાનંદ ભગવાનમેં લીન હોના ઉસકા નામ કાયોત્સર્ગ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉસકા નામ હૈ, ઉસકા નામ ધર્મ હૈ, ઉસકા નામ ધર્મધ્યાન હૈ. આહાહા! માથામાં પેસવું કઠણ છે. આ તે ભાષા જ આવી છે. વીતરાગના ઘરની ભાષા જુદી છે.

**અબ ઇસ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકારકી અંતિમ ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ...** દિગંબર સંત થે ઉન્હોંને યહ ટીકા બનાયી હૈ ૯૦૦ વર્ષ પહલે. વનવાસી, મુનિ તો વનવાસી થે–વનમેં રહતે થે. અંતર આનંદમેં ઝૂલતે થે મુનિ. અતીન્દ્રિય આનંદમેં ઝૂલનેવાલે પ્રચુર આનંદકા વેદન... ઉસમેં–જંગલમેં વસતે થે ઐસે મુનિને યે બનાયી હૈ ટીકા. મૂળ શ્લોક કુંદકુંદાચાર્યકા હૈ. **શ્રી પદ્મપ્રભમલધારિદેવ પાંચ શ્લોક કહતે હૈં,** લ્યો. અસ્તિ ને નાસ્તિ બેય આવી ગયું. અસ્તિ—પૂર્ણ પ્રભુ આનંદઘન વહ અસ્તિ ઔર રાગાદિસે નાસ્તિ. ઐસી અપની ચીજ ઉસમેં લીનતા ઉસકા નામ ધર્મ હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા?

દેવ-ગુરુ-શાસ્ત્ર, ઉસકી શ્રદ્ધા વહ ભી વિકલ્પ–રાગ હૈ. રાગસે રહિત આત્મા હૈ. આહાહા! એવો માર્ગ છે. બીજી રીતે કહીએ તો, યે દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય હૈં. ઉસકી માન્યતા કરતે હૈં વહ રાગ હૈ. ખરેખર પરકી માન્યતા કરના રાગ યે આત્માકે સ્વભાવમેં હૈ હી નહીં. અપની માન્યતા કરના યે આત્માકે સ્વભાવમેં હૈ. આહાહા! સમજમેં નહીં આયા એ શેઠ! ક્યા કહા? દેવ-ગુરુ ને શાસ્ત્ર, સ્ત્રી-કુટુંબ-પરિવાર તો ક્યાંય ભિન્ન રહી ગયા. પણ દેવ-ગુરુ ને શાસ્ત્ર અપની ચીજસે પર દ્રવ્ય હૈં. તો પરદ્રવ્યકી માન્યતા વહ રાગ હૈ. વહ રાગ આત્માકે સ્વભાવમેં હૈ નહીં અર્થાત્ પરદ્રવ્યકી માન્યતા કરના યે આત્માકા સ્વભાવ હૈ હી નહીં એમ કહતે હૈં. આહાહા!

પરદ્રવ્યકી શ્રદ્ધા કરના યે આત્માકે સ્વભાવમેં હૈ હી નહીં. આરે, આરે! ગજબ વાત કરતે હૈં ન! અપના ભગવાન પૂર્ણાનંદકી શ્રદ્ધા–સમ્યગ્દર્શન યે અપના સ્વભાવ હૈ. ઉસમેં હૈ ઉસમેંસે (શ્રદ્ધા) આતી હૈ. આહાહા! સમજમેં આયા? હીરાભાઈ! ક્યા કહા–શું કહ્યું? અરિહંત ને સિદ્ધ એને માનવા એ વિકલ્પ છે, તો કહે છે કે એને માનવાનો વિકલ્પ એ આત્માના સ્વભાવમાં નથી, એટલે એને માનવું એ આત્માના સ્વભાવમાં નથી એમ કહે છે. આહાહા! ગજબ વાત છે. ભગવાન આત્મા... કહે છે, ઉસકે સ્વભાવમેં નહીં હૈ. કોઈ એમ કહે કિ એ તો વિકલ્પ છેને? વિકલ્પ હોય ત્યાં સુધી મુક્તિ ન થાય. પણ પહલેસે વિકલ્પ જો હૈ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ, વહ રાગ આત્માકે સ્વભાવમેં નહીં. ઉસકા અર્થ કિ પરદ્રવ્યકી શ્રદ્ધા કરના આત્માકે સ્વભાવમેં હૈ નહીં. ચંદુભાઈ! આવી વાત છે ભગવાન! શું કહે? આહાહા!

નિજ ભગવાન આત્મા ચિદાનંદ નિત્ય ધ્રુવ ઉસકા સમ્યગ્દર્શન કરના–ઉસકી શ્રદ્ધા કરના વહ આત્માકે સ્વભાવમેં હૈ. શ્રદ્ધા કરના યે આત્માકા સ્વભાવ હૈ. આહાહા! આ તે કોઈ...? વીતરાગમાર્ગમેં ઐસા હોતા હૈ. દેવીલાલજી! ગયા લાગે છે. દૂર ક્યોં બૈઠે? પીછે નહીં, આગે અહીં આવો. ક્યા કહી યે આખિરી બાત? દેવ-ગુરુ ને શાસ્ત્ર... સ્ત્રી-કુટુંબ-પરિવાર તો હમારે આત્મામેં હૈ નહીં ને ઉસકી શ્રદ્ધા કરે તો મિથ્યાત્વ હૈ. પણ અરિહંતદેવ (આદિ) પંચપરમેષ્ઠીકી શ્રદ્ધા કરના વહ રાગ હૈ. પરદ્રવ્ય હૈં ન. તો ઉસકી શ્રદ્ધા કરનેકા રાગ ને શ્રદ્ધા કરના ઐસા આત્મસ્વભાવમેં હૈ નહીં. ચંદુભાઈ! આહાહા! આ વાત તો વીતરાગ કરે હોં. બીજા તો મોં આગળ કોળિયો કોને ખરાબ લાગે? હમકો માનો, તુમ્હારા કલ્યાણ હોગા. યહાં તો (કહે કિ) તેરે કલ્યાણમેં હમકો માનના ઐસા ભાવ હૈ હી નહીં.

શ્રોતા : અભવ્યને પરરૂપ શ્રદ્ધા કરે...

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરરૂપ શ્રદ્ધા એટલે? એ તો નાસ્તિરૂપ જ્ઞાન થયું. પરદ્રવ્યને લક્ષમાં લઈને 'આ છે' એમ માન્યતા એ તો રાગ છે. વ્યવહાર પરાશ્રિત હૈ. વ્યવહાર પરાશ્રિત હૈ તો વ્યવહાર આત્માકે સ્વભાવમેં હૈ હી નહીં. વસંતભાઈ! એવી છે વાત. આહાહા!

શ્રોતા : શ્રદ્ધાકો ભી ઉડા દિયા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : શ્રદ્ધા ક્યા? યે તો રાગ થા. શ્રદ્ધાકો નહીં ઉડાયા. રાગકો ઉડાયા. આહાહા!

શ્રોતા : રાગ ઉડાયા વહ જ્ઞાનકો ભી ઉડાયા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : જ્ઞાન ઉડાયા... એ તો એકલું પરલક્ષી જ્ઞાનને ઉડાવ્યું. સ્વમાં પરનું જ્ઞાન થઈ જાય એને ઉડાવ્યું નથી. સ્વલક્ષી–સ્વચૈતન્યને આશ્રયે જે શ્રદ્ધા, જ્ઞાન થાય એ તો એનો સ્વભાવ છે એમ કહ્યું અને એ જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણે એ બીજી વાત છે. પણ 'આ મારા છે ને મારા ગુરુ ને મારા દેવ છે' એ વસ્તુના સ્વભાવમાં નથી. આહાહા! કહો, હિંમતભાઈ! આવું ઝીણું છે ભાઈ! અરેરે! એને સાંભળવા મળે નહીં જિંદગીમાં, એ સમજે કે દિ' ને રુચિ કરે કે દિ'? ત્રણ લોકના નાથ તીર્થંકરોએ ગણધરો ને ઇન્દ્રોની સમક્ષમાં આ જાહેરાત કર્યું હતું, આ ઢંઢેરો પીટ્યો હતો. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : કુંદકુંદાચાર્ય એમ કહેતા હશે કે મારે પ્રતાપે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, કુંદકુંદાચાર્ય કહે છે કે મારી સામું જોઈને મને શ્રદ્ધ એ તારા સ્વભાવમાં નથી. આહાહા! પણ પરદ્રવ્ય આશ્રયે ભાવ થાય એ તો બધો વ્યવહાર છે. વ્યવહાર આત્મામાં છે? (નહીં). સમ્યગ્દૃષ્ટિ તો વ્યવહારથી મુક્ત છે. એનો અર્થ શું થયો–ક્યા હુઆ? 'સમ્યગ્દૃષ્ટિ વ્યવહારસે મુક્ત હૈ' ઉસકા અર્થ ક્યા હુઆ? કે પરદ્રવ્ય એની શ્રદ્ધાનો રાગ એનાથી મુક્ત છે. એનો સ્વભાવ એ છે. આહાહા! આવી વાત કઠણ પડે માણસને હોં. માર્ગ તો આ છે. ગૂઢ મળે એમાં... આહાહા!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર એમ કહે કે અમે તારાથી ભિન્ન છીએ અને ભિન્ન છે એને ભિન્નની ઉપર લક્ષ રાખીને શ્રદ્ધા કરવી એ રાગ છે. એ તારા સ્વભાવમાં નથી. એનો અર્થ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ અને શ્રદ્ધા કરવી કે આ છે—એ આત્માના સ્વભાવમાં નથી. એવી દૃષ્ટિ થયા વિના એને સમકિતદર્શન નહીં થાય. .... વિકલ્પ છેને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા... આવ્યું છેને ૧૭૦ ગાથા, પંચાસ્તિકાય. તીર્થંકર એમ કહે છે પંચાસ્તિકાયમાં કુંદકુંદાચાર્ય. મારી શ્રદ્ધા.... તીર્થંકર એમ કહે છે. પંચાસ્તિકાય ૧૭૦. બતાવી નહોતી કાલે? ૧૭૦. લ્યો, આ ૧૭૦ દેખો! ૧૭૦ (ગાથા)મેં ભગવાન કુંદકુંદાચાર્યદેવ કહતે હૈં. પંચાસ્તિકાય. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર ને પંચાસ્તિકાય.

'સંયમ તપ સંયુક્ત હોવા છતાં...' કોઈ પ્રાણી અપને સ્વરૂપમેં દેવ-ગુરુ-શાસ્ત્રકે વિકલ્પસે રહિત અપની શ્રદ્ધા કી, અપને સ્વરૂપમેં સંયમ કિયા, ઐસે આનંદમેં આયા, ઐસા હોતે છતે જબ નવ પદાર્થોંકી શ્રદ્ધા રહેગી, વહ રાગ હૈ. તીર્થંકર પ્રતિ શ્રદ્ધા રહેગી... 'તીર્થંકર' પાઠમેં પડા હૈ. **सपयत्थसूत्ररोचिनः तित्थयरं...** તીર્થંકર એમ કહતે હૈં કિ હમારી શ્રદ્ધા–વિકલ્પ જબ તક રહેગી, તબ તક મુક્તિ નહીં હોગી. આહાહા! જુઓ! 'તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે

છે...' '**अभिगतबुद्धेः**' એમ છેને? **सूत्ररोचिनः** અને આગમ પ્રત્યે રુચિ-પ્રીતિ વર્તે છે. ભગવાનના કહેલા આગમ એના પ્રત્યે જ્યાં સુધી પ્રીતિ વર્તે છે, તે જીવને નિર્વાણ દૂરતર છે. દૂર નહીં, પણ દૂરતર છે.

શ્રોતા : શ્રદ્ધા થવાની... પુરૂષાર્થ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરકી શ્રદ્ધા છોડ ને તારી શ્રદ્ધા કર એમ કહે છે. હા, હમારી શ્રદ્ધા છોડ ને તેરી શ્રદ્ધા કરનેકો .... એમ કહતે હૈં. શેઠ ઠીક કહે છે. કોણે રચ્યા છે? યે વાણી તો જડકી અવસ્થાસે હો ગઈ. આહાહા! વાત તો આકરી વાત છે. સમ્યગ્દર્શન અને ઉસકા વિષય ને ઉસમેં પરકી નાસ્તિ—બહુ સૂક્ષ્મ બાત છે. એ થયું તો મુક્ત થઈ જાય.

આહીં તો (કહ્યું કે) નિર્વાણ દૂરતર છે. દૂર નથી કહ્યું ભાઈ! દૂરતર. તીર્થંકર એમ કહે છે હમારી શ્રદ્ધા જબ લગ તુજે રહેગી તબ તક તુજે મોક્ષ દૂર હૈ.. મોક્ષ દૂર હૈ. એય! આ તો વીતરાગ એમ કહે છે હોં. આહાહા! ઓલામાં લખ્યું છે કે દૂરતર નથી. આહીં તો દૂરતર કીધું છે. દૂર નહીં, પણ દૂરતર. રાગ છે એ વિકલ્પ છે. આહાહા! શ્રીમદ્‌માં ઉલ્ટું લખાઈ ગયું છે, છાપી નાખ્યું છે, ભૂલમાં છાપી નાખ્યું છે. છાપવામાં કોઈએ ભૂલ કરી છે. એ સુધારે નહીં, એ તો અક્ષરે-અક્ષર રાખે. **અરિહંતાદિની ભક્તિરૂપ પરસમય પ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ** છે. પરંપરા થાય એટલે રાગને છોડશે, એમ... કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે. માને-ન માને, સ્વતંત્ર છે જગતમાં પ્રાણીઓ. વસ્તુનું સ્વરૂપ તો આ છે. આથી કંઈપણ ઉલ્ટું માને એ મિથ્યાત્વના પોષક છે, સંસારની વૃદ્ધિના કરનારા છે. આહાહા! શ્લોક ૧૯૫. પાંચ શ્લોક છે.

**कायोत्सर्गो भवति सततं निश्चयात्संयतानां**
**कायोद्भूतप्रबलतर सत्कर्ममुक्तेः सकाशात् ।**
**वाचां जल्पप्रकरविरतेर्मानसानां निवृत्तेः**
**स्वात्मध्यानादपि च नियतं स्वात्मनिष्ठापराणाम् ॥१९५॥**

આહાહા! એનો **શ્લોકાર્થ** : ધર્મી જીવ **જો નિરંતર સ્વાત્મનિષ્ઠાપરાયણ**... ..... આહીં કીધું હોય તો લક્ષમાં લેવું, આ ચીજ પણ સાંભળી ન હોય. પરિચય નહીં, ...પરિચય નહીં, સત્યનો પરિચય નહીં. આહાહા! શ્લોકાર્થ. **જો નિરંતર સ્વાત્મનિષ્ઠાપરાયણ**... આ મુનિની કથા. મુનિ સ્વયં કહતે હૈં. દિગંબર મુનિ આત્મધ્યાની, આનંદમેં રહનેવાલે. **નિરંતર સ્વાત્મનિષ્ઠાપરાયણ**... સ્વ-આત્મ-નિષ્ઠા-પરાયણ એટલા શબ્દ પડ્યા છે. આહાહા! જો નિરંતર સ્વ-અપના આત્મા આનંદમૂર્તિ ઉસમેં પ્રીતિસે પરાયણ-રુચિસે તત્પર **નિજ આત્મામેં લીન હૈં...** આહાહા! ઐસે **સંયમિયોંકો...** રાગ ને નિમિત્તસે હઠકર અપના ધ્રુવ શુદ્ધ ઉપાદાન ત્રિકાળી ભગવાનમેં લીન હોનેસે... ઐસે સંયમીયોંકો... રાગ અને પરસે હઠકર (અર્થાત્) અપનેમેં નાસ્તિ માનકર, અપના અસ્તિ નિત્યાનંદ પ્રભુ ઉસમેં લીન હોતે હૈં.

**કાયાસે ઉત્પન્ન હોનેવાલે અતિ પ્રબલ કર્મોંકે...** આહાહા! આ કાયાની ક્રિયા—ઐસા ચલના ને ઐસા બોલના, ઐસા ચાલચલન ને સ્વાહા—યે ક્રિયા સબ શરીરકી... કાયાસે ઉત્પન્ન હોનેવાલી અતિપ્રબલ ક્રિયા-શરીરની ક્રિયા... **(કાયા સંબંધી પ્રબલ ક્રિયાઓંકે ત્યાગકે કારણ)...** કાયાની ક્રિયા એ મારી નહીં. સમજમેં આયા? આહાહા! અનાદિથી અભ્યાસ નહીં તત્ત્વનો. માણસને એવું લાગે કે આ તે કાંઈ વીતરાગનો માર્ગ આવો હશે? આહીં તો ભઈ! અપવાસ કરવો, દસલક્ષણીપર્વમાં અપવાસ દસ કરવા લ્યો. આહીં તો કહે છે, એ બધા તારા અપવાસ માઠા વાસ છે. નિજાત્મા અંદરમાં સ્વરૂપની દૃષ્ટિ કરીને ન ઠર ત્યાં સુધી તારી બધી લાંઘણું છે. જાદવજીભાઈ! એવી વાત છે. લંઘન.. લંઘન. આહીં તો સ્વ-આત્મા આનંદનો ધામ પ્રભુ અતીન્દ્રિય આનંદકા ધામ, ઐસા અનુભવ કરકે લીન હોના, ઉસકો કાયાકી ક્રિયાસે રહિત(પના) હૈ. સમજમેં આયા?

લ્યો, ભગવાન પાસે કરેને સ્વાહા. યે સબ ક્રિયા જડકી હૈ. ઉસસે ધર્માત્મા રહિત હૈ. આરે, ભારે વાત ભાઈ! લખ્યું છેને દેખો! પ્રબળ કર્મો.. કર્મો એટલે ક્રિયા. કાયા સંબંધી પ્રબળ ક્રિયા. હાથ ને પગ, આંખ્યું ફરે ઐસે-ઐસે, યે તો કાયાકી જડકી, માટીકી ક્રિયા હૈ. ઉસસે ધર્મી રહિત હૈ. કાયોત્સર્ગની વ્યાખ્યા છે ને. આહાહા! એના ત્યાગને કારણ... એ કાયાની ક્રિયાનો ત્યાગ જેને અંદર વર્તે છે અને આનંદમૂર્તિ ભગવાનની સ્વભાવની એકાગ્રતાની ધાર્મિક ક્રિયા અંદર વર્તે છે એને કાયોત્સર્ગ હોય છે. કહો, સમજાણું કાંઈ? હવે સાંભળે નવું. અનંત કાળમાં સાંભળ્યું નથી. કુંદકુંદાચાર્ય કહે છે, 'શ્રુતપરિચિત્ અનુભૂતા..' રાગ ને રાગની કથા તેં અનંતવાર સાંભળી, વિકલ્પની વાર્તાઓ તેં અનંતવાર સાંભળી, પણ વિકલ્પ રહિત આત્માની વાત તેં સાંભળી નથી કોઈ દિ'. આહાહા! બહુ કઠણ કામ છે. આ તો ક્રિયાકાંડમાં મશગુલ અને માને કે અમારે ધર્મ છે.

અતિપ્રબલ કાયકી ક્રિયાસે રહિત ઔર **વાણીકે જલ્પલમૂહકી વિરતિકે કારણ...** ઓલામાં ત્યાગ કીધો, અહીં વિરતી કીધી. વાણીનો વિકલ્પ... વાણીનો વિકલ્પ ને વાણી બેય જેનામાં નથી. વાણી તો જડ હૈ. જડ બોલતા હૈ ભાષા. આત્મા બોલતા નહીં. આત્મામેં ભાષા હૈ હી નહીં. આ ભારે! અવાજ નિકલતા હૈ યે તો જડ હૈ, વાણી હૈ. આત્મામેં હૈ હી નહીં. **વાણીકે જલ્પસમૂહકી વિરતિ...** વાણીનો વિકલ્પ ઉઠે છે અંદર એનાથી વિરતિને કારણે. દો આયે—કાયા અને વચન. **ઔર માનસિક ભાવોંકી (વિકલ્પોંકી)...** શુભરાગ ઐસા દયા, વ્રત, તપ, ભગવાન ભક્તિ, પૂજા આદિ માનસિક વિકલ્પ, એની નિવૃત્તિને કારણે (એટલે) એનો નિવૃત્તિનો ભાવ-એનો અભાવ-સ્વભાવ, એને કાયોત્સર્ગ ને ધર્મ કહેવામાં આવે છે. આહાહા! સમજમેં આયા?

ત્રણેયની નિવૃત્તિ કીધી. કાયાની ક્રિયાનો ત્યાગ, વચનની નિવૃત્તિ-વિરતિ અને માનસિકની નિવૃત્તિ. ત્રણેય જુદા-જુદા શબ્દ છે. ભગવાન આત્મામાં આ કાયાની ક્રિયાનો ત્યાગ,

વાણીની ક્રિયાની વિરતિ અને માનસિક ક્રિયાની નિવૃત્તિ. આહાહા! ઐસે **નિવૃત્તિકે કારણ...** બસ ઇતના લિયા. આમ પરથી હઠીને... કાયોત્સર્ગ લેના હૈ ન. **તથા નિજ આત્માકે ધ્યાનકે કારણ...** યહાં નિવૃત્તિકે કારણ અને નિજ આત્માકે ધ્યાનકે કારણ—અસ્તિ. નિજ આત્મા હોં, પાછું પરમાત્મા વીતરાગી એનું ધ્યાન નહીં, એનું ધ્યાન એ વિકલ્પ છે. ભડકે છે? હવે મૂલચંદભાઈ ભડકે એવું નથી. માર્ગ આવો છે એની પહેલી શ્રદ્ધા તો કરે. માર્ગ એવો છે ભાઈ! તને ગમે તે લાગે, પણ માર્ગ તો આ છે. ત્રણથી નિવૃત્તિ ને એકમાં લીનતા, એમ આવ્યુંને? મન-વચન ને કાયાના વિકલ્પો ને ક્રિયાઓથી નિવૃત્તિ અને આત્મામાં ધ્યાનની લીનતા. સમજાણું કાંઈ? કાયાની ક્રિયા ને વચનની ક્રિયા ને માનસિક ક્રિયા ધર્મમાં મદદ કરે એમ નથી. શાંતિભાઈ છે કે નહીં? કહો, આવું આવ્યું આ રવિવારે તમારે. રવિવારે આવે સારું હોં. આહાહા!

અરે! તને તારી ખબર ન મળે. તું કોણ છો ને કયાં ને કેવડો કેમ છો—એની તને ખબર ન મળે. અને બહારની બધી પરની માંડી પડ, જેમાં તારું કાંઈ નથી. રાગમાં, દેહની ક્રિયામાં, મનમાં, વાણીમાં કાંઈ નથી. એમાં ત્યાં 'કાયોત્સર્ગ' લીધો છેને? એટલે કાયા, મન ને વાણી ત્રણથી નિવૃત્ત થઈને... કાયાની ક્રિયાથી નિવૃત્ત થઈને (એટલે) ત્યાગ કરીને, ત્યાગને કારણે, વાણીના જલ્પથી વિરતિ કરીને અને માનસિકભાવથી નિવૃત્તિ કરીને. ભગવાન આત્મામાં અંદર ધ્રુવ ચૈતન્યમાં લીનતા કરે એને કારણે (એટલે) **આત્માકે ધ્યાનકે કારણ**, એમ. **નિશ્ચયસે સતત કાયોત્સર્ગ હૈ.** એવા ધર્માત્માને નિરંતર કાયોત્સર્ગ છે. જ્યારે આમ બેસે કાયોત્સર્ગ કરીને એમ નહીં, પણ નિરંતર કાયોત્સર્ગ જ છે. આહાહા! **નિશ્ચયસે સતત**–નિરંતર... આત્મા નિત્ય હૈ ઔર નિત્ય આનંદસે ભરા હૈ, ઉસ તરફકી લીનતા નિરંતર હૈ એમ કહતે હૈં. આહાહા! દૃષ્ટિ, જ્ઞાન, ને લીનતા પ્રગટી એ તો નિરંતર છે. નિરંતર ધર્મીકો તો કાયોત્સર્ગ હૈ. આહાહા! સમજમેં આયા?

નિરંતર ઉસકો ધર્મદશા હૈ, **प्रबलतर सत्कर्ममुक्तेः कर्ममुक्तेः**.. ત્યાગ એમ (અર્થ) કર્યો. **कर्ममुक्तेः... वाचां जल्पप्रकरविरतेर्मानसानां निवृत्तेः...** બરાબર છે. પહેલા મુક્ત હતું ત્યાગનું, કાયાની ક્રિયાથી મુક્તિ, વચનની ક્રિયાથી વિરતિ... વચન છેને એટલે વિરતિ, એમ. કાયાની ક્રિયાથી મુક્તિ, વચનની ક્રિયાથી વિરતિ, માનસિક ક્રિયાથી નિવૃત્તિ. ઐસા આત્મા–ભગવાન આત્મા ઉસસે નિવૃત્ત હોકર, અંતર આત્મામેં ધ્યાન કરકે, ધ્યેય બનાકર લીન હોતા હૈ ઐસે ધર્માત્માકો નિરંતર ધર્મ હૈ. ઐસે ધર્માત્માકો નિરંતર ધર્મ હૈ. સમજાય છે કાંઈ? કારણ.. કહ્યુંને કારણ. ત્રણની—મુક્તિ, વિરતિ અને નિવૃત્તિને કારણે. એક વાત. સદાય નિવૃત્તિ છે. સદાય આત્મા ઉપર ધ્યાન ને લીનતાને કારણે સતત ધર્મ છે, એને સતત કાયોત્સર્ગ છે, નિરંતર મોક્ષકા માર્ગ ઉસકે પાસ હૈ. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૧, સોમવાર, તા. ૨૦-૯-૧૯૭૧**
**શ્લોક – ૧૯૬ – ૧૯૮, પ્રવચન નં. ૧૩૦ (હિન્દી)**

યે નિયમસાર, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર ચલતા હૈ. ઉસકા ૧૯૬.. ૧૯૬ કળશ હૈ. હિન્દી હૈ ન હિન્દી. હિન્દી હૈ હિન્દી? સમજતે નહીં. શબ્દકા ક્યા અર્થ હોતા હૈ વહ કભી સુના નહીં. ૧૯૬.

**जयति सहजतेजःपुंजनिर्मग्नभास्वत्-**
**सहजपरमतत्त्वं मुक्तमोहान्धकारम् ।**
**सहजपरमदृष्ट्या निष्ठितन्मोघजातं (?)**
**भवभवपरितापैः कल्पाभिश्च मुक्तम् ॥ १९६ ॥**

ક્યા કહતે હૈં? સૂક્ષ્મ બાત હૈ. અનંત કાલકા અભ્યાસ નહીં તો ક્યા ચીજ હૈ વહ સમજનેમેં બડા પરિશ્રમ–પુરુષાર્થ ચાહિયે. **શ્લોકાર્થ** : કહતે હૈં, **સહજ તેજઃપુંજમેં નિમગ્ન ઐસા વહ પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ...** મૈં પરમ તત્ત્વ શુદ્ધ આનંદ ને શાંતિસે ભરા હુઆ દ્રવ્યસ્વભાવ મેરા **સહજ તેજઃપુંજમેં નિમગ્ન...** વસ્તુ તો જ્ઞાનકે પ્રકાશમેં નિમગ્ન ચીજ હૈ. સમ્યગ્દર્શનકા વિષય, સમ્યગ્દર્શન પાનેકા આધાર, પ્રથમ ધર્મકી પર્યાય–સીઢીકે પાનેમેં અવલંબન(રૂપ) ચીજ વહ તો અંદર ત્રિકાળ ભગવાન અપના સ્વભાવિક તેજપુંજ, સ્વભાવિક જ્ઞાનપ્રકાશકા પુંજ ઉસમેં નિમગ્ન હૈ. આહાહા! અપની ચીજ નિત્યાનંદ ભગવાન અપને જ્ઞાનપ્રકાશકે સ્વભાવમેં નિમગ્ન હૈ. ઐસા પ્રકાશમાન **સહજ પરમ તત્ત્વ જયવંત હૈ.** ઐસે ક્યોં કહા? ધર્મીકી દૃષ્ટિમેં, ઐસા તત્ત્વ દૃષ્ટિમેં આયા હૈ. સમજમેં આયા? પ્રથમમેં પ્રથમ ધર્મ જિસકો પ્રગટ હુઆ હો, ઐસી ધર્મકી દૃષ્ટિમેં યે અંતર ચીજ વિષય ક્યા હૈ વહ ખ્યાલમેં આ ગયા હૈ. તો કહતે હૈં કિ જયવંત વર્તતા હૈ. આહાહા! સમજમેં આયા?

અહો! મૈં પરમ તત્ત્વ સહજ તેજકે પુંજમેં નિમગ્ન ઐસા પ્રકાશસ્વરૂપ–પ્રકાશમાન પ્રભુ ચૈતન્ય, ધ્રુવ નિત્ય, જિસમેં દૃષ્ટિ કરનેલાયક હૈ ઔર જિસમેં રમણ કરનેલાયક હૈ ઐસી ચીજ હૂં. સમજમેં આયા? ધર્મ ઐસી ચીજ હૈ, અપૂર્વ ચીજ હૈ. લોકોએ ધર્મને સાધારણ સાધારણ કરી નાખ્યો. સમજમેં આયા? જિસકો ધર્મદૃષ્ટિ હો ઔર ધર્મદશા પ્રગટ હો, તો યે તો સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિ પ્રગટ હુઈ, ઉસમેં–દૃષ્ટિમેં તો આત્મા જયવંત વર્તતા હૈ. ઓહો! ઐસા પ્રકાશપુંજ તત્ત્વ ત્રિકાળ ઐસા ને ઐસા વર્તતા હૈ. આહાહા! સમજમેં આયા? **કિ જિસને મોહાંધકારકો દૂર કિયા હૈ...** કૈસા હૈ મેરા પરમ તત્ત્વ? સચ્ચિદાનંદ સ્વરૂપ—સત્ નામ શાશ્વત, જ્ઞાન ને આનંદકા

સ્વભાવસે ભરા હુઆ ભંડાર હૈ. કિ **(જો મોહાંધકાર રહિત હૈ)** અર્થાત્ જિસને મિથ્યાત્વ ને અજ્ઞાનકો દૂર કિયા હૈ. યે ચીજમેં મિથ્યાત્વ ને જ્ઞાન હૈ નહીં. આહાહા! સમજમેં આયા?

ભગવાન આત્મા, પહલે તો ઐસા લિયા કિ જયવંત વર્તતા હૈ ઐસા તત્ત્વ હૈ. ઐસે તત્ત્વમેં મોહાંધકાર હૈ હી નહીં અર્થાત્ ઐસી દૃષ્ટિ જબ હુઈ તો પર્યાયમેં મોહાંધકાર નહીં (ઉત્પન્ન હુઆ), પણ દ્રવ્યમેં નહીં થા તો પર્યાયમેં નહીં (ઉત્પન્ન) હુઆ. સમજમેં આયા? આહાહા! હજી પ્રથમ સમ્યગ્દર્શન–ધર્મકી પહલી સીઢી ઉસકી બાત હૈ. આહાહા! કહતે હૈં કિ ભગવાન આત્મા સહજ પ્રકાશમાન જયવંત વર્તતા હૈ ઐસા દૃષ્ટિમેં આત્મા આયા તો ઉસ આત્મામેં મોહ-મિથ્યાત્વ અંધકાર હૈ હી નહીં. મિથ્યાત્વ અંધકારસે રહિત તત્ત્વ ઉસકી દૃષ્ટિ હુઈ તો પર્યાયમેં મિથ્યાત્વ અંધકાર રહા નહીં. પંડિતજી! આહાહા! આગળ કહેશે. અરેરે! મૈં ઐસી ચીજ (હૂં કિ) મેરી સમાધિ, શાંતિકા વિષય હૈ, મેરે સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિકા વહ વિષય હૈ. યહ વિષય કભી જાના નહીં (તો) હૈરાન હૈરાન હો ગયા ચોરાશીકે અવતારમેં. સમજમેં આયા?

**જો સહજ પરમ દૃષ્ટિસે પરિપૂર્ણ હૈ...** વાહ! કથન તો જુઓ! ક્યા કહતે હૈં? કિ હમારા સ્વભાવ ભગવાન આત્મા તેજપુંજસે સહજ નિમગ્ન હૈ તો પ્રકાશમાન જ્યોતિ જયવંત વર્તતી હૈ, ઐસા હમારી દૃષ્ટિમેં આયા હૈ. અને ઉસ ચીજમેં મોહાંધકર નહીં તો હમને ઉસકી દૃષ્ટિ કી તો પર્યાયમેં ભી મોહાંધકાર રહા નહીં. આહાહા! દૂસરા. **જો સહજ પરમ દૃષ્ટિસે પરિપૂર્ણ હૈ...** આહાહા! જો સમ્યગ્દર્શન વર્તમાનમેં પ્રતિતી–ભાન હુઆ કિ મૈં પરિપૂર્ણ તત્ત્વ હૂં. તો કહતે હૈં કિ સમ્યગ્દર્શનકી પર્યાયમેં ભાન હુઆ વહ ચીજ તો પરમ દૃષ્ટિ સંપન્ન અનાદિસે હૈ. ત્રિકાળ દૃષ્ટિ, પરમ દૃષ્ટિ સંપન્ન હૈ, દેખો! **સહજ પરમ દૃષ્ટિ...** સ્વભાવિક પરમ સમ્યગ્દર્શન–દૃષ્ટિ સહિત હી વહ તત્ત્વ હૈ. હૈ તો ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન પ્રગટ હુઆ. આહાહા! સમજમેં આયા? વીતરાગધર્મ અલૌકિક હૈ ભાઈ! યે બાહ્ય ચીજસે પ્રાપ્ત હો ઐસી ચીજ નહીં. સમજમેં આયા?

ભગવાન આત્મા... પહલે ઉસકી સમજમેં તો લે કિ યે ચીજ હૈ અને ઉસી ચીજ ઉપર દૃષ્ટિ કરનેસે હી ધર્મકી શરૂઆત હોતી હૈ (ઐસી) યે ચીજ હૈ. મલૂકચંદભાઈ! આવી વાત છે. સાંભળી ન હોય કોઈ દિ'. જય ભગવાન. આહાહા! કહે છે, વહ તત્ત્વ—મેરા સ્વરૂપ મેરી દૃષ્ટિ જબ ઉસકે ઉપર પડી ઔર સમ્યગ્દર્શન હુઆ, વહ ત્રિકાળી ચીજ સહજ પરમ દૃષ્ટિસે પરિપૂર્ણ હી હૈ. આહાહા! વસ્તુ સ્વભાવિક સમ્યગ્દર્શનકી દૃષ્ટિસે પરિપૂર્ણ ભરા હી હૈ. સમજમેં આયા? તો ઉસકી દૃષ્ટિ કરનેસે—ઐસી ચીજકી દૃષ્ટિ કરનેસે—પર્યાયમેં સમ્યક્ દ્રષ્ટિકી પર્યાય ઉત્પન્ન હુઈ. ભારે માર્ગ. સમજમેં આયા? ઔર કૈસી ચીજ હૈ મેરી? મેરી દૃષ્ટિમેં આયા વહ ભગવાન આત્મા જયવંત વર્તતા હૈ. યે આત્મા કૈસા હૈ?

**ઔર જો વૃથા-ઉત્પન્ન ભવભવકે પરિતાપોંસે...** આહાહા! **મોઘ**—મફત, નિષ્ફલ. રાગ ને દ્વેષ–વિકલ્પકી જાળ, પુણ્ય ને પાપ—ભવભવકે પરિતાપોંસે (તથા) કલ્પના ઉસસે મુક્ત હૈ.

આહાહા! મેરા ભગવાન વૃથા ભવભવની કલ્પનાના જે દુઃખો–આકુળતા ઉસસે તો મુક્ત હૈ. ચીજ મુક્ત હૈ. સમજમેં આયા? મેરી ચીજ હી ભવભવકે પરિતાપોંસે મુક્ત હૈ. ઐસી મેરી દૃષ્ટિ મુક્ત આત્મા ઉપર હુઈ તો મેરી પર્યાયમેં ભી ભવભવકે પરિતાપોંસે રહિત મેરી દૃષ્ટિ હો ગઈ. સમજમેં આયા? સૂક્ષ્મ હૈ ભાઈ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ હૈ અને તે પણ દિગંબર ધર્મમાં છે, દૂસરે (કહીં) યહ ચીજ હૈ નહીં. જિસમેં હૈ (ઉસમેં) સુનનેમેં આતી નહી. આહાહા! લોગોંકો ઐસા લગે કિ આ ક્યા હૈ? ભાઈ! યે તેરી ચીજમેં ઇતના વૈભવ પડા હૈ. સમ્યગ્દર્શનકી પર્યાય, કહતે હૈં કિ કિસમેંસે આયી? સમજમેં આયા? દર્શન–દૃષ્ટિ ત્રિકાળી દૃષ્ટિસે પરિપૂર્ણ ભરા થા. આહાહા! ઉસકી દૃષ્ટિ કરનેસે જો પર્યાય પ્રગટ હુઈ તો સમ્યગ્દર્શનકી પર્યાયમેં પરિપૂર્ણતા પ્રગટ હુઈ. આહાહા! ઉસમેં મિથ્યાત્વ અંધકાર રહા નહીં. સમજમેં આયા? પાટણીજી! એવો માર્ગ છે ભાઈ!

'વૃથા' શબ્દ કહ્યો. અરે! એમાં નથી. ઉસમેં હૈ નહીં. ભવભવકે પરિતાપ તો વસ્તુમેં હૈ નહીં. **मोघ**–વૃથા–ફોગટ. **मोघ**.... આહાહા! ફોગટ–નિષ્ફળ.. આહાહા! **निष्ठितन्मोघजातं भवभवपरितापैः कल्पाभिश्च मुक्तम्**.. યે સુખ-દુઃખકી કલ્પના... સુખ એટલે દુઃખ. સુખ-દુઃખકી કલ્પના પરિતાપ–જ્વાલા હૈ. ઉસસે ભગવાન આત્મા તો મુક્ત હૈ. સમજમેં આયા? તો દૃષ્ટિ જબ ઉસકે આશ્રયસે હુઈ તો યે મેરી દૃષ્ટિ–પર્યાય ભી ભવભવકે પરિતાપસે મુક્ત હૈ. દ્રવ્ય મુક્ત હૈ તો મેરી પર્યાય ભી મુક્ત હો ગઈ. આહાહા! સમજમેં આયા? અરે! ભગવાન ત્રણ લોકનો નાથ પૂર્ણાનંદ પ્રભુ અપની ચીજ ઉપર કભી ઉસને દૃષ્ટિ દી નહીં. અપના નિધાન–પરિપૂર્ણ નિધાન ભરા હૈ, પણ કભી નજર દી નહીં ઔર પુણ્ય-પાપકી આકુલતા–મિથ્યાજાલમેં–કલ્પનામેં રુક ગયા. સમજમેં આયા? કિ જો મિથ્યાજાલ કલ્પના સ્વરૂપમેં હૈ નહીં. આહાહા! સમજમેં આયા?

**વૃથા-ઉત્પન્ન ભવભવકે**... આહાહા! **मोघजातं** એ છે ને? નિષ્ફળ. મોઘનો અર્થ નિષ્ફળ છે. મફત, ખોટી વાત, ખોટી કથની. આ હું, પરમાં સુખ છે, વિષયમાં સુખ છે, દેવમાં સુખ છે, શેઠાઈમાં સુખ છે, નરકમાં દુઃખ છે—એ બધી કલ્પનાઓ છે, કહે છે. દુઃખ.. દુઃખ.. કલ્પનાનું દુઃખ લાગ્યું છે ને? આહાહા! વસ્તુ તો ઐસી હૈ. ભગવાન આત્મા અનંત ગુણસંપદાસે ભરા પડા હૈ. અનંત-અનંત આનંદ ને અનંત જ્ઞાન સિદ્ધકો પ્રગટ હુઆ, ઐસી અનંતી-અનંતી સંપદાસે તો ભરા પડા હૈ આત્મા. સિદ્ધ તો એક હી સમયકી પર્યાય હૈ. યે તો દ્રવ્યમેં, સિદ્ધકે દ્રવ્યમેં ભી, યે દ્રવ્યમેં ભી વસ્તુ આત્મા તો અનંત-અનંત ચૈતન્ય કેવળજ્ઞાનકે પુંજમેં પડા હૈ. ઓહોહો! અરે! આત્મા કિસકો કહના અને કૈસા આત્મા હૈ ઉસકો કૈસે માનના? ઐસે આત્માકો ઉસ પ્રકારસે માને બિના કભી સમ્યગ્દર્શન હોતા નહીં. આહાહા! સમજમેં આયા?

**વૃથા–ઉત્પન્ન**... ફોગટ, મફત **ભવભવકે પરિતાપોં**... દેખો! યહાં ઐસે નહીં લિયા હૈ કિ નરકમેં હી પરિતાપ હૈ. સ્વર્ગકે ભવ ભી પરિતાપકા હી કારણ હૈ. આકુળતા.. આકુળતા..

આહાહા! સમજમેં આયા? કરોડો ઇન્દ્રાણીઓ અને કરોડો અપ્સરાઓ એની ઉપર લક્ષ જાય છે તો આકુળતા.. આકુળતા (થાય). દાહ અગ્નિ સુલગતી હૈ, રાગકી અગ્નિ. સમજમેં આયા? આહીં તો એક સ્ત્રી હોય ત્યાં આહા..હા. હવે અમે લગ્ન કર્યા ને હવે અમે સુખી થયા. શું કાંઈ કહે છેને લગ્ન વખતે? મોટાને પગે લાગે... પ્રભુતાના પગલા. હા, એ વાત.... એ કહે છે, વાત સાચી. હા, એમ કહે છે. પ્રભુતાના પગલા માંડ્યા. રાંકાઈમાં પગલા માંડ્યા. સળગતી અગ્નિમાં પગ મૂક્યા છે. પગે લાગે બધાને, બાપને... બહુ સારું કર્યું, મને નાખ્યો ભઠ્ઠીમાં. ...ભાઈ! તમારે તો કાંઈ નથી એટલે શું. આ તમારે છે–સાઢુભાઈને છેને. આશીર્વાદ. બેટા! સુખી થાજો રખડવામાં. આહાહા! ગજબ વાત છે. સંસાર.. સંસાર..

કહે છે, અરેરે! સાચા મુનિ, પોતે દિગંબર સંત છે, વનવાસી છે. સમજમેં આયા? આહાહા! પરમાત્મા–અપના નિજ સ્વરૂપકા ભક્ત હૈ. સમજમેં આયા? ઉસકા ભજન કરનેવાલા હૈ. આહાહા! ઐસા ભગવાન... **ભવભવકે પરિતાપોં**... નરક ને સ્વર્ગ—બધા ભવ. પ્રત્યેક ભવમેં પરિતાપ, આકુળતા.. આકુળતા હૈ. આહા! સમજમેં આયા? **તથા કલ્પનાઓંસે મુક્ત હૈ.** કહ્યુંને **मोघजातं** અને **कल्पाभिश्च मुक्तम्**... ત્યાં **मोघजातं**, અહીં **कल्पाभिश्च मुक्तम्**... આહાહા! મુનિઓએ પણ વનમાં મસ્તી કરી છેને સિદ્ધ સાથે! આહાહા! ભગવાન આત્મા... ભાઈ! એ રાગને–વિકલ્પને પડદે પ્રભુ પડ્યો રહ્યો અંદર. વિકલ્પની રુચિના પ્રેમે એ આત્મા ભાસતો નથી–આત્માકા ભાસ હોતા નહીં. ક્યા ચીજ હૈ ખબર નહીં. સમજમેં આયા?

વ્યવહાર, રાગાદિ વ્યવહાર ઉસકી રુચિમેં ભગવાન પરમાનંદ નિધાન ઉસકી નજર નહીં કરતા. સામને પડા હૈ (તો) વહાં નજર નહીં કરતા. સમજમેં આયા? વહ કલ્પનાસે હૈ તો મુક્ત. ઉસકા અર્થ કિ મેરી દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર હુઈ, સ્વભાવમેં કલ્પના ઔર વૃથા ભવભવકા પરિતાપ નહીં તો મેરી પર્યાયમેં ભી અબ રહા નહીં. ભવભવકા પરિતાપ, સમજમેં આયા? ઔર કલ્પના વહ ચીજ મેરી પર્યાયમેં નહીં. સમ્યગ્દૃષ્ટિ તો કલ્પનાસે મુક્ત હૈ. આહાહા! સમજમેં આયા? અરે! જિન વીતરાગકા માર્ગ યહ હૈ. જૈનમેં જન્મે, પણ જૈન ક્યા કહતે હૈં ઇસકી ખબર નહીં. સમજમેં આયા? વહ ૧૯૬ હુઆ. ૧૯૭.

**भवभवसुखमल्पं कल्पनामात्ररम्यं**
**तदखिलमपि नित्यं संत्यजाम्यात्मशक्त्या ।**
**सहजपरमसौख्यं चिच्चमत्कारमात्रं**
**स्फुटितनिजविलासं सर्वदा चेतयेहम् ।।१९७।।**

**संत्यजाम्यात्मशक्त्या**... આહાહા! મેરી આત્મશક્તિસે છોડતા હૂં. વિકલ્પસે છોડતા હૂં ઐસા નહીં. આહા! કેવા અમૃત કળશ બનાવ્યા છે!

૧૯૭. **શ્લોકાર્થ** : **અલ્પ (તુચ્છ) ઔર કલ્પનામાત્રરમ્ય માત્ર કલ્પનાસે હી રમણીય લગનેવાલા ઐસા જો ભવભવકા સુખ...** લો. સ્વર્ગકા, શેઠાઈકા, દેવકા સુખ ભ્રાંતિસે–કલ્પનાસે માના હૈ. સુખ હૈ નહીં. આહાહા! સમજમેં આયા? સુખ તો ભગવાન આત્મામેં હૈ. અતીન્દ્રિય આનંદસે તો પરિપૂર્ણ છલોછલ–લબાલબ ભરા હૈ. સમજમેં આયા? આહાહા! દ્રષ્ટિસે પરિપૂર્ણ, આનંદસે પરિપૂર્ણ. વસ્તુ અપના સ્વભાવ–શક્તિ, એક-એક શક્તિસે પરિપૂર્ણ હૈ. એક-એક શક્તિમેં અપરિમિત અનંત-અનંત બેહદ સ્વભાવ હૈ. ક્ષેત્રકી જરૂર નહીં. ઉસકે સ્વભાવકી શક્તિકા માહાત્મ્ય હૈ, ઐસા ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમય ભગવાન... કહતે હૈં કિ ભવભવના સુખ કલ્પનામાત્ર **વહ સબ મૈં આત્મશક્તિસે નિત્ય સમ્યક્ પ્રકારસે છોડતા હૂં.** દેખો! આહાહા! પુણ્યકે પરિણામમેં ઠીક–સુખબુદ્ધિ યે કલ્પનામાત્ર હૈ. આહાહા! **સબ મૈં**... સબ મૈં... કોઈ ભી શુભ-અશુભભાવ–સબ પરિતાપ આકુલતા હૈ. ધર્મ તો ગહન હૈ. સમજમેં આયા? ગૂઢ હૈ. અપરંપાર ફલદાયક ધર્મ હૈ. સમજમેં આયા?

કહતે હૈં, મૈં સબ પુણ્ય-પાપકા વિકલ્પ ચાર ગતિના ભવના પરિતાપ... અલ્પ ને કલ્પના બે વાત કરી. એક તો તુચ્છ.. આહાહા! સ્વર્ગના ભોગના સુખ તુચ્છ, ઝેર જેવા છે. કલ્પનામાત્ર રમ્ય હૈ, (વાસ્તવમેં) હૈ નહીં. કલ્પનાસે માના કિ હમકો અનુકૂલ હૈ, હમકો ચૈન પડતા હૈ, હમકો પ્રેમ પડતા હૈ–મજા પડતી હૈ, મૂઢ હૈ કહે છે. ઓહો! ભગવાન આત્મા અતીન્દ્રિય અનંત આનંદસે પરિપૂર્ણ.. પરિપૂર્ણ ભરા હૈ. ઐસી **આત્મશક્તિસે નિત્ય સમ્યક્ પ્રકારસે**... મૈંને તો ત્રિકાળ દ્રવ્યસ્વભાવકા આશ્રય લિયા હૈ તો ઇસ આત્મશક્તિસે નિર્મળ પર્યાય ઉત્પન્ન હોતી હૈ ને મલિન પર્યાયકા વ્યય હોતા હૈ. છોડતા હૂં નામ વ્યય હોતા હૈ. સમજમેં આયા?

**સબ મૈં**... ચાર ગતિ, શેઠની હોય કે નિર્ધનની હો, નરકની હો કે સ્વર્ગની હો—સબ ગતિ દુઃખરૂપ હૈ. આહાહા! આ તે કાંઈ અંક–માપ? અબજોપતિ ખમ્મા.. ખમ્મા.. ખમ્મા અન્નદાતા.. શું મોઢું માગે છે. મોઢું માગે છે એટલે શું ખાવું છે? એમ. રાજા હોય એને લખીને આપે. પચાસ-સો ચીજ હોયને. સાહેબ! આમાંથી ખાસ ચીજ કંઈ પસંદ છે. પૂછાય નહીં બહુ, મોટા રાજા હોય. પચાસ-સો ચીજ લખેલી હોય, એના પાના છાપેલા–લખેલા હોય. પૂરણપુરી, લાડવા, ચૂરમું, ફલાણું, ઢીકણું, મોસંબીનું પાણી, સુગંધી પાણી, ફલાણું પાણી, ચોખ્ખું પાણી એવા બધા.... જે પાંચ-સાત લેવાયને.... કહો, મૂલચંદભાઈ!

આ અત્યારે મોટા રાજાને એમ હોય. એ ઝટ પૂછે નહીં. આ મોટા... કરોડોની ઉપજ હોય જેને, એવા રાજા હોય છે. પુણ્યથી બધું હોયને. એ ચોપાનિયા–કાગળ છાપેલા જ પડ્યા હોય એને ભોજનના. મોળી રોટલી, પૂરણપુરી, ગળી રોટલી, ચૂરમું કે લાપસી કે સાટા કે વિગેરે, વિગેરે નામ બધા હોય અને શાકના નામ હોય. એય વજુભાઈ! આ છે આ તો સાંભળેલું છે બરાબર.

આહીં તો અમારે ઘણા અનુભવ હોયને. શાકના નામ હોય ટીંડોરા ને ફલાણા ને ફલાણા. ...... મીંડું મૂકી દઈએ એ ઓલા રાંધે. એવું સાંભળેલું છે રાજાના માણસો પાસે.

અમારે ઘણો અનુભવ હોયને. દુનિયાના બધા ઘણા આવે..... આ બધા સુખી હશે? દુઃખી છો, સાંભળને! માળા પરાધીન. દાસ છો રાગનો–રાગકા દાસ હૈ. ભિખારીમેં ભિખારી હૈ તું. આહાહા! એવા કલ્પનામાત્ર સુખ... એ સુખને... એ સુખની કલ્પનાને **સબ મૈં આત્મશક્તિસે નિત્ય સમ્યક્ પ્રકારસે છોડતા હૂં.** ખરેખર મેરી આત્મશક્તિમેં હૈ નહીં, પણ મેરી પર્યાય જબ ઉસ તરફ ઝુકી તો યે પર્યાયસે રાગાદિકા સુખ હૈ વહ મૈંને છોડ દિયા. પર્યાયમેંસે છોડ દિયા હૈ. આહાહા! સમજમેં આયા? **આત્મશક્તિસે...** ક્યા કહતે હૈં? વહ કલ્પના હૈ સુખકી, વહ પાપકી કલ્પના પુણ્યસે છૂટ જાયેગી—ઐસે નહીં હૈ. શુભભાવસે અશુભ છૂટ જાયેગા. યે શુભ ને અશુભ દોનોં દુઃખરૂપ હૈ. આહાહા! વિભાવ હૈ.

**(ઔર) જિસકા નિજ વિલાસ પ્રગટ હુઆ હૈ...** વિલાસ તો વિલાસ પ્રગટ હૈ હી, અંદર પ્રગટ હૈ હી, યૂં. 'વિલાસ પ્રગટ હુઆ'કા અર્થ મેરા આનંદકા વિલાસ તો ત્રિકાલ અંદર હૈ હી. સમજમેં આયા? મેરી પર્યાયમેં અંદર આશ્રય હુઆ તો મેરી પર્યાયમેં ભી વિલાસ પ્રગટ હુઆ હૈ. યહાં તો 'વિલાસ પ્રગટ હુઆ' યે ત્રિકાળમેં હૈ ઐસે બતાના હૈ. સમજમેં આયા? **જિસકા નિજ વિલાસ પ્રગટ હુઆ હૈ** (અર્થાત્) ત્રિકાળ હૈ, યૂં કહતે હૈ. આહાહા! અતીન્દ્રિય અમૃતકા સાગર ભગવાન, અતીન્દ્રિય અમૃતકા સ્વરૂપ પ્રગટ પડા હૈ અંદર. ઐસા અનાદિ પડા હી હૈ, પ્રગટ હી હૈ. સમજમેં આયા? પણ જબ દૃષ્ટિમેં ભાન હુઆ તો અનાદિ-અનંત અતીન્દ્રિય આનંદસે પ્રગટ ભરા હી હૈ. નિજ વિલાસકી રમતમેં પડા હૈ આત્મા તો. આહાહા! સમજમેં આયા?

ઐસા દૃષ્ટિમેં જબ આયા, તબ આત્મા ઐસે વિલાસમેં પડા હૈ ઐસા ભાન હુઆ. રાગમેં વિલાસ કરતે હૈં ઉસમેં આત્માકા આનંદકા વિલાસ કહાંસે પ્રગટેગા? આહાહા! ભારે વાત ભાઈ! દિગંબર સંતોની કથની. એય ચેતનજી! સાંભળ્યું ક્યાંય આવું? નહીં. હિતની વાત છે આ. માંડવાને શણગારેને, એમ આ શણગાર્યો છે આત્માને. શણગારેલો છે જ તે. આહાહા! એની શણગારની શું વાત! આહાહા! જેના ઘરમાં અનંત-અનંત આનંદ, અનંત-અનંત જ્ઞાન, અનંત શક્તિ, અનંત એક-એક શક્તિ—એવા શણગારસે ભરા પડા, વિલાસસે ભરા પડા હી હૈ આત્મા. આહાહા!

અરે! ઐસે આત્મા પર કભી મહિમા નહીં આયી ઔર પુણ્યના પરિણામમેં મહિમા, પાપમેં મહિમા, પુણ્યના ફળ કંઈ ધૂળ મળે પાંચ-પચ્ચીસ કરોડ રૂપિયા ત્યાં આહાહા.. ગરીબ માણસને જ્યાં પચ્ચીસ હજાર, પચાસ હજાર થાય ત્યાં આહાહા.. આપણને બાદશાહી મળી. મૂરખના સરદાર છે. કહો, શિવલાલભાઈ! આવું આ તો કહે છે. તમને ત્યાં સુખી કહે છેને? વેપાર બહુ કરતા આવડે છે શિવલાલભાઈને. લોકો વાતું કરે ગામમાં. ત્રણ ભાઈમાં હુશિયાર આ

કહેવાય. છોકરા ન મળે તો બાયડી-ભાયડા બેસે. એ પછી રળે.... વેપાર કરતા બહુ આવડે એમ લોકો કહે છે. અમનેય આવડે. મલૂકચંદભાઈ! આહાહા! કોની આબરૂ ભગવાન! તારી આબરૂને તેં જોઈ નહીં. તેરી ચીજમેં આબરૂકા ભંડાર ભરા હૈ. ઉસકો તો દેખા નહીં ને આ બહારની આબરૂ અમારી વધી છે, હમારા નાક બઢા હૈ. ધૂળેય નાક નહીં. નાકની તો રાખ થાશે. આહાહા! ઓલામાં આવે છેને. સમયસાર નાટકમાં એમ આવે છે. 'ત્રગડો' એમ કીધું. જુઓને! આમ છેને. ત્રણ.. ત્રણ.. તીન હોતા હૈ ન. નાકકી ફાંકમેં 'તીન' લિખા હૈ. એ આવે છે સમયસાર નાટકમાં. બનારસીદાસ. અરે! એ તારી નાકની રાખ થશે. ભગવાન શાશ્વત વજ્રબિંબ ચૈતન્ય પ્રભુ હૈ, નિજ વિલાસ પ્રગટ હૈ. આહાહા!

**જો સહજ પરમ સૌખ્યવાલા હૈ...** ભગવાન તો સ્વભાવિક આનંદ–સુખવાલા હૈ. સ્વતંત્ર અનંત-અનંત આનંદસે ઠસોઠસ વજ્રસે ભરા હૈ. આહાહા! ઐસી દૃષ્ટિ હુઈ તબ 'ઐસા આત્મા હૈ' ઐસા ભાન હુઆ. સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં ઐસા આત્મા ભાસ હોતા હૈ એમ કહતે હૈં. હવે સમ્યગ્દર્શનના ઠેકાણા નહીં અને આ વ્રત ને તપ ને સાધુ હો ગયા, બાર વ્રત ને પડિમા. એકડા વિનાના મીંડા છે. અંક સમજે ન? અંક બિનાકા શૂન્ય. આહાહા! સમજમેં આયા? જિસે ઐસા ભગવાન આત્મા દૃષ્ટિમેં મુખ્યપને ન આયા, સમજમેં આયા? (તો) સબ ચીજકી ક્યા કિંમત? એ વ્રત ને પડિમા, ૨૮ મૂળગુણ—સબ ઝેરકી ક્રિયા હૈ. સમજમેં આયા? પાટનીજી! સંપ્રદાયને આકરું લાગે. ઓહો! આહીં સોનગઢમાં તો શું? પરમ સત્ય, પણ સત્ય તે કેવું હોય? ભાઈ! તારો સત્ સાહેબ, આહા! કૈસા હૈ ઉસકી ખબર નહીં.

શ્રોતા : સાંઈબાબો...

પૂજ્ય ગુરુદેવશ્રી : સાંઈબાબો એ તો મફતનો ખોટો રખડતો છે. સાંઈબાબો નામેય ન લેવું. આ તો પરમેશ્વર છે. સાંઈબાબા તો જાશે ચાર ગતિમાં રખડવા. મિથ્યાદૃષ્ટિ, ગૃહીત મિથ્યાત્વી છે. સમજમેં આયા? એ ત્રણ ભગવાન કહેવાય છે હમણાં. સાંઈબાબો એક, એક આ રજનીશ ને એક બાઈ કો'ક છે નીલકંઠમાતા. બાઈ છે એ ભગવાન થઈ ગઈ. છાપામાં આવ્યું હતું. ભગવાનતુલ્ય માને, એની જન્મજયંતિ મનાવે લાખો માણસો... લોકો ભગવાન માને છે. ભગવાનના ભાન વિના રાંકાને ભગવાન માને, મરીને ઢોરમાં જશે. આ ચાર ગતિમાં રખડશે બધા. ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. સમજમેં આયા?

ત્રણ લોકનો નાથ પરમાત્મા અપના નિજસ્વરૂપ ઉસકી ખબર બિના ઐસી જંજાલમેં ભટકતે હૈં કિ મેરેમેં ચમત્કાર હૈ, મૈં ઐસા બનાતા હૂં. જાદુગરી હૈ, જાદુગર. વહ તો કહતે થે હમારે. જાદુગર આયા થા ન. કે. લાલ. આયા થા ન રાજકોટ. બડા જાદુગર હૈ. લાખો રૂપિયા પેદા કરે એક મહિનામાં. જાદુગર છે આપણા જગજીવન બાવચંદ, નહીં? કુંડલાવાળા. ઉસકા સાલા હૈ. ઉસકા સાલા હૈ કાકા... સોલહ દિન વહાં રહે થે રાજકોટ. અમે ત્યાં હતાં. આયે દર્શન કરનેકો.

સોલહ દિન રહા. પાંચ-પાંચ, છ-છ હજાર એક દિનમેં પેદાશ. કહે, અભી તો હમ જાતે હૈં પરદેશમેં. લાખો, એક મહિનેમેં અનેક લાખ પેદા કરે. લોકો તો ફીદા થઈ જાય એવો છે દેખાવ. જાદુગર પણ એ તો મોટા માંધાતાને હલાવી નાખે એવી... એણે આવીને દર્શન કર્યા. વીસ મિનિટ બેઠો. અભી રાજકોટ થે ન.

મહારાજ! હમારા સબ ધતીંગ હૈ. બોલા હમારે પાસ. મહારાજ! હમારા તો સબ ધતીંગ હૈ. હમારા તો ધતીંગ હૈ, પણ રજનીશ ને સાંઈબાબા ભી જાદુગર હૈ સબ. હમારી જાદુગરીકી શક્તિસે સબ કરતે હૈં. પણ અમે બાયડી-છોકરાવાળા છીએ તો નજરબંધી હમકો કહે અને એ ત્યાગી ગણાય એટલે શક્તિવાન કહે. બાકી છે સરખા. બહુ જાદુગર, જબરો જાદુગર. આમ કાપી નાખે ને કોણ જાણે ક્યાંથી...? હાથ કટકા કરે પાછી આમ આ બાઈ.... એવી કલ્પના ... અમારે નજરબંધી એમ કહે છે. અભી તો પરદેશમેં ગયા હૈ. વહાંસે કચ્છમેં જાયેગા ભુજ. પણ પૈસાના તો ઢગલા થાય છે. મોટા મોટા કાર્યકર અમારી પાસે આવે, કહે, અમારી પાસે... એક તો મોટો જબ્બર હતો કાર્યકર. આવ્યોને હાથ આમ કર્યો, અડ્યો નહોતો. આમ કર્યું ત્યાં ઝુકી ઉઠ્યો. લોકોને એમ થાય કે આ તો જાદુગર છે જબ્બર. એ જાદુગર બધા ચાર ગતિ(માં રખડવાના છે).

મેં તો એને ક્હયું, આ તારા પુણ્ય બળી જાય છે, કીધું. જે આ પુણ્યફળ લઈને આવ્યો છે, તેરા પુણ્ય જલ જાતા હૈ. પછી આ પુસ્તક આપ્યા. આમ નરમ માણસ છે. જાદુગર જબરો, પણ છે નરમ. આમ અકડાઈ નહીં. આ ઓલા પુસ્તક આપ્યા બે, નહીં? આત્મસિદ્ધિ ને કંઈક આપ્યા બે પુસ્તક. કહે, વાંચીશ હોં. નરમ માણસ. પણ પાવર એવો છે, જુવાન એવો છે. ચાલીસ વર્ષનો.... અહીં ઉષાબેન છેને એના મામા થાય છે. આમ જ્યારે જાદુગર આવે છેને જાદુગરખેલમાં, માથે બાંધીને. અમારી પાસે (કહે), મહારાજ! હમારા તો ધતીંગ હૈ. એમ કહે. અરે! બહારમાં કલ્પનાથી કોઈ પુણ્યને લઈને..... વાણીયા છે વિસાશ્રીમાળી. આહાહા! આ ભગવાન ચૈતન્યનો વિલાસ, આહા! એ જાદુગરી જુદી જાતની છે આત્માની. સમજમેં આયા? અરે! અપને ચૈતન્યકે ખેલમેં પડા પ્રભુ, ઉસકા ખેલ ઉસને કભી દેખા નહીં. અરે! એની સામે નજરું નાખી નહીં (કે) યે ક્યા ચીજ હૈ આત્મા. સમજમેં આયા?

**સહજ પરમ સૌખ્યવાલા હૈ**... આહાહા! યે આનંદસે ભંડાર ભરા હૈ અંદર. આનંદ.. આનંદ.. આનંદ.. અતીન્દ્રિય આનંદ હોં. જિસકે પાસ કરોડો અપ્સરાકા સુખ ઝેર જૈસા દિખે. ઝેરને પીવે છે અજ્ઞાનીઓ. સમજમેં આયા? ચક્રવર્તીકો ૯૬વેં હજાર સ્ત્રીયાં. એ ભોગ ઝેરના ભોગ છે. ધર્મી સમકિતીકો અપને આનંદ–સુખસે ભરા હુઆ પ્રભુ ઉસકી દૃષ્ટિ હુઈ તો ઉસમેં સુખકી લહેજત આ ગઈ. આહાહા! એ આનંદ આગળ ચક્રવર્તીને દુઃખી દેખે છે. સમજમેં આયા? દુઃખી છે બિચારા. બ્રહ્મદત્ત ચક્રવર્તી, ૯૬ હજાર (સ્ત્રી), સાતસો વર્ષકા આયુષ્ય. બ્રહ્મદત્ત ચક્રવર્તી, રવરવ નરકમેં સાતવી નરકમેં અભી હૈ. સાતમી નરક અપરિઠાણે. હજી તો થોડા વર્ષ

થયા. રવરવ નરકમાં અપરિઠાણે. સાતસો વર્ષકી મુદતમેં યહાં રહા તો ઉસકી મિનિટ કરો મિનિટ, તો એક મિનિટમેં અસંખ્ય અબજ વર્ષ(કા નરકકા દુઃખ). એક મિનિટકે સુખકી કલ્પનાકા ફળ અસંખ્ય અબજ વર્ષ દુઃખ નરકમેં. આહાહા! પાટનીજી!

સાતસો વર્ષ થા ન આખિરકા ચક્રવર્તી બ્રહ્મદત્ત. બાર ચક્રવર્તી હોતે હૈં ન. બ્રહ્મદત્ત ચક્રવર્તી, સાતસો વર્ષ હતા. સાતસો વર્ષની મિનિટની સંખ્યા કેટલી? ત્યાં ૩૩ સાગર. એક સાગરમેં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. એક પલ્યોપમકે અસંખ્યવે ભાગમેં અસંખ્ય અબજ વર્ષ. એક મિનિટમેં અસંખ્ય અબજ વર્ષકા દુઃખ આયા. આ સુખ. ઉસકી (મુખ્ય) સ્ત્રીકી એક હજાર દેવ સેવા કરે ઐસી એક સ્ત્રી હૈ ચક્રવર્તીકી રાણી. રાણી રત્ન હૈ ન રાણીરત્ન. એક હજાર દેવ. મરીને સાતમી રવરવ નરકે. દુઃખી.. દુઃખી.. દુઃખી.. વર્તમાનમેં–ચક્રવર્તીકે ભોગકે કાલમેં દુઃખી થા. ઉસકે ફળમેં તો મહા દુઃખી હૈ. ધર્મી જીવકો અપને આત્મા સિવા આનંદ કહીં ભાસતા નહીં. અને અજ્ઞાનીઓ લક્ષ્મીવંતને અબજોપતિ દેખે તો 'યે સુખી હૈ' ઐસા ભાસતા હૈ. દુઃખી બિચારા ભિખારી દુઃખી હૈ. આહાહા! ઐસી અપની નિજ ચીજ હૈ ઐસી (ઉસકી) મહિમા જગી, દૂસરેકી મહિમા ઉડ જાતી હૈ. સમજમેં આયા? આહાહા!

**ઔર જો ચૈતન્યચમત્કારમાત્ર હૈ...** લ્યો, યે ચમત્કાર આ ગયા, કહતે હૈં. આત્મા તો ચૈતન્યચમત્કાર હૈ. જિસમેં એક સમયકા જ્ઞાન પ્રગટ હો (કિ જો) તીન કાલ તીન લોક જાને. સમય એક અને ત્રણ કાળ. આહાહા! યે ચમત્કાર કૈસા! સમજમેં આયા? જિસમેંસે કેવલજ્ઞાન પ્રગટ હો... એક સમયકી પર્યાય, એક સમય–કાલ ઔર તીન કાલ ને તીન લોક ઉસકી ઓર દૃષ્ટિ કિયે બિના એક સમયમેં અપની પર્યાયમેં જાનનેમેં આતા હૈ. ઐસા ચૈતન્યચમત્કાર ભગવાન હૈ. એક સમયમેં તીન કાલ, તીન લોકકા જ્ઞાન હો. ઐસી એક સમયકી પર્યાય ઔર અનંતી પર્યાયકા પિંડ આત્મા હૈ. ચૈતન્યચમત્કારસે ભરા હૈ. આહાહા! સમજમેં આયા? ચૈતન્ય ચમત્કાર. આ જાદુગરી કેવી? એક સમયકી પર્યાયમેં તીન કાલ, તીન લોકકો જાને ઐસી અનંતી પર્યાય જિસમેં પડી હૈ ઐસા ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન હૈ. યે ચમત્કાર હૈ. આહાહા!

**ઉસકા (-ઉસ આત્મતત્ત્વકા) મૈં...** મુનિરાજ કહતે હૈં. અપના નામ લેકર દુનિયાકો કહતે હૈં. મૈં ઐસે આત્માકો **સર્વદા અનુભવન કરતા હૂં.** તો તુમ ભી ઐસે આત્માકા અનુભવ કરના (કિ જો) તુમ્હારે કલ્યાણકા હેતુ હૈ. આહાહા! આહીં તો હજી બે-ચાર લાખની ઉપજ હોય, કાંઈ પાંચ-પચ્ચીસ લાખ એકઠા થયા હોય, આખું કુટુંબ (કહે), કર્મી જાગ્યો અમારામાં. એય મલૂકચંદભાઈ! શું? કર્મી જાગ્યો. બહુ કર્મી ભાઈ! આહાહા! આવો.. આવો.. આવો ભાઈ! આવો. મોટા વેપારનો રાગ કરતા હોયને. રાગ હોં, વેપાર કરતાં ક્યાં આવડે છે એને? રાગ કરતા આવડે રાગ. વેપાર તો પરકી ક્રિયા હૈ. વહ આત્મા કર સકતા નહીં કભી. રાગ કરે બડા. બડા

હુશિયાર હૈ. મૂઢ હૈ તું, કહતે હૈં. ઐસેકો હુશિયાર માનતે હો. આહાહા! અપના ભગવાન ચૈતન્ય ચમત્કારસે ભરા ઉસકી જિસને દૃષ્ટિ કી, યે પંડિત, શૂરવીર ને બડા હૈ. સમજમેં આયા?

ઐસે **મૈં સર્વદા**.. ઐસે ભગવાન આત્માકો મૈં નિરંતર... ઉસ તરફકી રુચિ મેરી પડી હૈ. નિરંતર મેરા પરિણમન ઉસકે અનુભવમેં હી હૈ, એમ કહતે હૈ. સમજમેં આયા? **મૈં સર્વદા**– ત્રિકાળ... ઉસ તરફકી અનુભવકી દૃષ્ટિમેં ત્રિકાળ... ઐસા અનુભવ કરતા હૂં. ઉસકા નામ ધર્મ હૈ. મુનિકા યે માર્ગ હૈ. આહાહા! ધર્મીકા સમકિતીકા માર્ગ યે હૈ. ૧૯૮.

**निजात्मगुणसंपदं मम हृदि स्फुरन्तीमिमां**
**समाधिविषयामहो क्षणमहं न जाने पुरा ।**
**जगत्रितयवैभवप्रलयहेतुदुःकर्मणां**
**प्रभुत्वगुणशक्तितः खलु हतोस्मि हा संसृतौ ॥१९८॥**

આહાહા! પૂર્વનું યાદ કરે છે, જ્ઞાન કરવા માટે. **શ્લોકાર્થ : અહો! મેરે હૃદયમેં સ્ફુરાયમાન ઇસ નિજ આત્મગુણસંપદાકો કિ જો સમાધિકા વિષય હૈ...** ક્યા કહતે હૈં? મેરી ચીજ જો આનંદકંદ પ્રભુ હૈ યે તો સમાધિ નામ વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિકા વિષય હૈ. યે પુણ્યકે પરિણામ, વ્યવહારકે પરિણામકા વિષય હૈ નહીં. સમજમેં આયા? ભગવાન આત્મા... આ જરી સમાધિ કેમ લીધું? બધું અમૃતચંદ્રાચાર્યની શૈલી છે. સમાધિ અધિકાર આવે છે ને? અહીં છેલ્લો સમાધિ.... આમ સંધિ કરે છે. અમૃતચંદ્રાચાર્યની શૈલી એ છેને. સમજમેં આયા? સમાધિ અધિકાર આયેગા ન. તો આખિરકે કલશોંમેં.... અરે! મેરે હૃદયમેં સ્ફુરાયમાન હૈ. ચૈતન્ય ઝળહળ જ્યોતિ આનંદસે ભરા પ્રભુ મેરી નજર વહાં હૈ, તો મેરે હૃદયમેં યે ભગવાન સ્ફુરાયમાન હૈ. આહાહા! દેખો! યે મુનિકા વિષય આત્મા. મુનિકા વિષય, વ્યવહાર-ફ્યવહાર ક્રિયા યે મુનિકા વિષય હૈ નહીં એમ કહતે હૈં. ૨૮ મૂળગુણ પાલના યે સાધુ હૈ. અરે! ચાલ.. ચાલ. યે તો વ્યવહારકા કથન હૈ. સમજમેં આયા?

**અહો!** ઐસા શબ્દ પડા હૈ. **મેરે હૃદયમેં**–જ્ઞાનકે ભાવમેં **સ્ફુરાયમાન નિજ આત્મગુણ સંપદા**... અપની નિજ આનંદ ગુણાદિકી સંપદા... અપની રુદ્ધિ–સંપદા ધૂળસંપદા નહીં. આહાહા! ધૂળકે ધણી માનતે હૈં વે જડ હૈં. હમારી સંપદા, હમારા મકાન, અમારે હામ, દામ ને ઠામ. કહતે હૈં ન ભાઈ? અમારે હામ, દામ ને ઠામ, છોકરા સારા, અમારો પુરુષાર્થ ઘણો, દામ–પૈસા ઘણા, ઠામ નામ ઠેકાણા ઘણા, ઘર ને મકાનો ને દુકાનો. લે, આ બધું ક્યાંથી આવી ગયું તારે? મૂલચંદભાઈ! બે છોકરા અમેરિકા ગયા, બે અહીં રહ્યા હોય, ફલાણા.... ઉપરથી ઉતરે, જ્યારે બહારથી આવે ત્યારે આહા.. શું લઈને આવ્યા? એય!

એનો છોકરો આવ્યો છેને હમણાં. અમેરિકાથી અહીં આવ્યોને નિરંજન. અહીં આવ્યો હતો, રહી ગયો. પણ છોકરો નરમ હોં. આમ ઉદ્ધતાઈ નથી જરીયે. આહાહા! નરમાશથી

સાંભળતો હતો. એ ન્યાં હતો ત્યારે લખતો કે ભાઈ! ..... આવું સાંભળવાનું ત્યાં છે નહીં. એમ લખતો. કાગળ આવતોને. હા, સાચી વાત છે. લખતો હતો. અમેરિકાવાળા મૂરખ છે એમ લખતો હતો. પોતે ન્યાં હતોને લખતો. ...... ધૂળમાં.... આહાહા! અમર નગરી પોતાની અપને પાસ હૈ, ત્યાં અમેરિકામાં જાને અંદર. આહાહા! વખાણ એવા કરે કે ત્યાં તો આમ થાય. એક ચીજ પડી હોય તો કોઈ લે નહીં. પાછી એમ કહી વખાણ કરે એ દેશના. એ લોકો આવેને, બધા અમારી પાસે ઘણા આવે. ત્યાં એવી નીતિ છે કે આમ ખુલ્લી પડી હોય ચીજ તો લે નહીં. એ માણસ પાછો આવે અડધો કલાકે-કલાકે તો મળી રહે, એવું જીવન છે. અરે! જીવન, ધૂળમાં શું જીવન છે એમાં? આહાહા!

આહીં તો કહે છે કે હે ભગવાન! મેરે હૃદયમેં તો સ્ફુરાયમાન સંપદાવાલા મૈં હૂં. આહાહા! મેરે નિજ લક્ષ્મી મેરે પાસ હૈ. આહાહા! **નિજ આત્મગુણસંપદાકો કિ જો સમાધિકા વિષય હૈ**... આહાહા! એવી વાત કરીને.... ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ યે અંતર નિર્વિકલ્પ વીતરાગી પર્યાયકા હી વિષય હૈ. ઉસસે જાનનેમેં આતા હૈ. આહાહા! ગજબ વાત છે હોં. મુનિને પણ વાત કરી છેને, ગજબ કરી છે! એકેક કળશમેં (અમૃત ભરા હૈ). આહાહા! શ્રીમદ્‌માં બોલે છેને, 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત, એ ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.' 'અમૃત વરસ્યા પંચમકાળમાં' એ આ છે. આહાહા! સમજમેં આયા? આહાહા!

કહે છે, મેરી નિજ-આત્મસંપદા કિ જો મેરી શાંતિકા વિષય હૈ. અરે! મેરી અકષાયભાવ પરિણતિકા વહ વિષય હૈ. ઓહોહો! સમજમેં આયા? દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજાકે વિકલ્પકા વહ વિષય નહીં. આહાહા! યે તો રાગ હૈ. આહાહા! એક બાતમેં કિતની બાત કરતે હૈં દેખો! વ્યવહારમોક્ષમાર્ગકા વિષય નહીં. નિશ્ચય મોક્ષમાર્ગકા વહ વિષય હૈ. આહાહા! સમજમેં આયા? **સમાધિકા વિષય હૈ ઉસે—મૈંને પહલે એક ક્ષણ ભી નહીં જાના.** આહાહા! અરે ભગવાન! મેરે પાસ મૈં હૂં. મેરી નજર નહીં (પડી) વહાં. આહા! સમજમેં આયા? મેરી આત્મસંપદા મેરે પાસ પડી હૈ ઔર મુજે સ્ફુરાયમાન પ્રગટ હૈ. પણ અરેરે! **મૈંને પહલે એક ક્ષણ ભી નહીં જાના.** એક સમયમાત્ર ભી મૈંને પહલે નહીં જાના, એમ કહતે હૈ. આહાહા!

એક સમય ભી જાનનેમેં આ જાય, તો મુક્ત હો જાય. સમજમેં આયા? આહાહા! ભારે ભાઈ! અરેરે! મૈંને પહલે, આજસે પહલે હોં, એમ. અનંતભવમેં એક ક્ષણ ભી... 'એક ક્ષણ' શબ્દે એક સમય, એક સમય ભી નહીં જાના. ઓહોહો! ૧૧ અંગ પઢા, નવ પૂર્વ પઢા, શુક્લલેશ્યા પંચમહાવ્રતકી કી, ૨૮ મૂળગુણ પાલે, પણ વહ વિષય કૈસે જાનનેમેં આતા હૈ યે એક સમય ભી મૈંને નહીં જાના. ઉસકો–રાગ ને પુણ્યકો જાના. આહાહા!

**વાસ્તવમેં તીન લોકકે વૈભવકે પ્રલયકે હેતુભૂત દુષ્કર્મોંકી પ્રભુત્વગુણશક્તિસે અરેરે! મૈં સંસારમેં મારા ગયા હૂં.** આહાહા! અરે! દેવના ભવ મળ્યા તોય, કહે, મરી ગયો તું, મારી નાખ્યો. અબજોપતિ હુઆ, અરેરે! મૈં સંસારમેં મારા ગયા હૂં. મેરા ચૈતન્યસંપદાકા જીવન મૈંને કભી પિછાના નહીં. સમજમેં આયા? ત્રણ લોકનો વૈભવ એવો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, ઉસમેં કર્મકે નિમિત્તકી પ્રભુત્વશક્તિસે... ઉસકી પ્રભુત્વશક્તિ... મેરી પ્રભુત્વશક્તિ (મેરી) પર્યાયમેં ઉસકે નિમિત્તસે નાશ હો ગઈ હૈ. આહાહા! નિમિત્તની વાત છે. હેતુભૂત કહ્યોને. **પ્રલયકે હેતુભૂત...** નિમિત્ત હૈ. ઐસી બાત કહી ન. પર્યાયમેં વિકાર કરનેકા ભાવ–સ્વભાવ નહીં. નિમિત્તસે હુઆ હૈ સબ, યૂં. અરેરે! ઉસસે મૈં મારા ગયા. મેરી સંપદા મૈંને ન જાની. સમજમેં આયા? અરેરે! મૈં સંસારમેં મારા ગયા. અભી તક સ્વર્ગના ભવ, શેઠાઈના ભવ.. મારા ગયા હૂં. મેરા જીવતર મૈંને જાના નહીં. ઐસે કરકે સ્વભાવકી મહિમા ગાકર અપની દૃષ્ટિકા વિષય બતાતે હૈં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૨, મંગળવાર, તા. ૨૧-૯-૧૯૭૧
## શ્લોક - ૧૯૯, પ્રવચન નં. ૧૩૧

આ નિયમસાર સિદ્ધાંત–નિયમસાર શાસ્ત્ર છે. નિયમસાર એટલે–એનો અર્થ શું છે? મોક્ષનો માર્ગ. જે આત્મા અનાદિથી રાગ-દ્વેષ ને અજ્ઞાનથી ચાર ગતિમાં રખડે છે એ દુઃખી છે. જ્યાં-જ્યાં એ સ્વર્ગ-નરકમાં ગયો... અનાદિનો છે એ આત્મા, આત્મા કાંઈ નવો છે નહીં. પોતાના સ્વરૂપની સંપદા નિજાનંદ આત્મા અંતર અતીન્દ્રિય આનંદ અને શાંત વીતરાગરસ આત્મામાં પડ્યો છે, એના ભાન વિના વિકારના ભાવ દ્વારા ચાર ગતિમાં–ચોરાશીમાં રખડ્યો છે. બધે દુઃખી છે એ. નરકમાં ને પશુમાં પ્રતિકૂળ સંયોગ છે માટે દુઃખી છે એમ નહીં. અને સ્વર્ગમાં અનુકૂળતા અથવા શેઠાઈ જેને દુનિયા કહે, પાંચ-પચ્ચીસ કરોડ રૂપિયા કે અબજ-બે-પાંચ અબજ હોય એને સુખી કહે. એ સુખી નથી. કેમકે એ પરવસ્તુનો જ્યાં પરિચય ને આશ્રય કરવા જાય છે ત્યાં એને રાગ ને દ્વેષની આકુળતા ઉત્પન્ન થાય છે. એ આકુળતાનું વેદન એ દુઃખનું વેદન છે.

પણ સનેપાતિયાને જેમ ભાન નથી... સનેપાતિયો જીવ હોય છેને સનેપાત? વાત, પિત્ત ને કફનું વકરેલું રૂપ... વાત, પિત્ત ને કફનું વકરેલું રૂપ એને સનેપાત કહે છે. એમ અનાદિથી અજ્ઞાની મિથ્યા શ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને રાગ-દ્વેષના મિથ્યા આચરણ એના સનેપાતને લઈને એ જ્યાં-જ્યાં રખડ્યો ત્યાં- ત્યાં અનુકૂળતામાં સુખ માન્યું, પ્રતિકૂળતામાં દુઃખ માન્યું. એ સનેપાતિયો જીવ છે. આહાહા! આ શરીર તો માટી જડ છે, આ તો ધૂળ છે. એ કાંઈ એની ચીજ નથી. લક્ષ્મી આદિ એની ચીજ નથી, એ તો પર છે. સ્ત્રી-કુટુંબ પરિવાર પણ એની ચીજ નથી. એ તો પર અસ્તિ તરીકે–પરની હયાતી તરીકે ટકી રહ્યા છે. એ કાંઈ તારામાં આવ્યા નથી અને તારામાં નથી અને તું એનામાં નથી. આહાહા! એવું એને ભાન નથી. જ્યાં-જ્યાં ગયો ત્યાં-ત્યાં સંસારમાં રખડવાના દુઃખને ભોગવ્યા છે. એ ૧૯૯માં આવે છે જુઓ! ૧૯૯ કળશ છેને કળશ. જરી–થોડી ઝીણી વાત છે. આ તો બહુ સાદી ને ટૂંકી (ભાષા) છે આમાં.

**भवसंभवविषभूरुहफलमखिलं दुःखकारणं बुद्ध्वा ।**
**आत्मनि चैतन्यात्मनि संजातविशुद्धसौख्यमनुभुंक्ते ॥१९९॥**

શ્લોક તો બહુ નાનો છે, પણ ભાવ ઘણાં ઊંડા છે. **શ્લોકાર્થ** : કહે છે, **ભવોત્પન્ન...** છેને અર્થ? ૧૯૯. (**-સંસારમાં ઉત્પન્ન થતા) વિષવૃક્ષના સમસ્ત ફળને...** આહાહા! ચાર ગતિમાં એણે જે પૂર્વે પુણ્ય ને પાપના ભાવ કરેલા, એના એને બંધન થયા. એના ફળ તરીકે, ઝેરના ઝાડના ફળ જેમ હોય, એમ આ ચાર ગતિના ભવ ને ફળ એ ઝેરના ઝાડના ફળ છે. આહાહા! ખબર નથી. ભગવાન આત્મા અમૃતનો સાગર છે, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. સત્ નામ શાશ્વત. હેઠે

બે જ વાત કહેશે. એક. સંસારના ફળને અનુભવતો હતો એ હવે છોડી દઉં છું, એમ કહે છે. ...ભાઈ!

શ્રોતા : મૂર્ખાઈને છોડે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ મૂર્ખાઈને છોડે એમ કહે છે. એ મૂર્ખાઈ છે મારી. આહાહા! કાંઈ સ્વર્ગનો ભવ મળ્યો... એ તો અનાદિનો છે આત્મા. નિત્ય છે. એની ઉત્પત્તિ ક્યાંય છે? સાદિ છે? અનાદિ છે. અને અનંતકાળ સત્ તરીકે તો રહેશે. એ ચીજને ભવની અંદર.., ભવ નામ ચોર્યાસીના અવતાર... આહાહા! સ્વર્ગનો અવતાર પણ ઝેરના ઝાડના ફળ છે. આ શેઠાઈ, મલૂકચંદભાઈ! ઝેરના ઝાડના ફળ છે.

શ્રોતા : મુનિ તો એમ જ કહેને.

પૂજ્ય ગુરૂદેવશ્રી : મુનિ નહીં, વસ્તુનું સ્વરૂપ એમ છે. બરાબર હશે? આ શું કહે છે? જુઓ!

**ભવોત્પન્ન...** ભવ નામ સંસાર, ચાર ગતિ, ચોર્યાસીના અવતાર. એમાંથી ઉત્પન્ન થતા ઝેરના વિષવૃક્ષના સમસ્ત ફળને... અરેરે! પુણ્ય ને પાપના ફળ એ બધા ઝેરના ઝાડના ફળ છે. ઝીણી વાત છે ભગવાન! તેં તારી જાતને જાણી નથી અને જાતમાં શું છે એની એને ખબર નથી. અને ખબરું વિના જગતની ઝંઝાળની ખબર કરી, ડાહ્યો થઈ, એ સંસારના ઝેરના ઝાડને અનુભવે છે. પાંચ-પચ્ચીસ કરોડવાળો આસામી હોય કે નિર્ધન હોય... નિર્ધનતા એ દુઃખ નથી, એમ સધનપણું એ સુખ નથી. નિર્ધનપણામાં એમ માને છે કે અરે! હું નિર્ધન છું. એવી દીનતાનો ભાવ એને દુઃખ આપે છે. અને સધન જે પાંચ-પચ્ચીસ લાખ કે કરોડ-બે કરોડ હોય, એ તો જડ માટી ધૂળ છે. એ મારા છે અને એમાં મને સુખ છે—એવી કલ્પના–મિથ્યાભ્રાંતિ એને દુઃખ આપે છે. સમજાણું કાંઈ?

આહીં તો બધું આખો સંસાર લીધો છે. **સંસારથી ઉત્પન્ન થતાં...** બરાબર હશે આ? મલૂકચંદભાઈ! આ શું તમારા? ન્યાલચંદ મલૂકચંદ, લ્યો. દુઃખી કહેશે એને? બે કરોડ રૂપિયા છે એની પાસે–એમના દીકરા પાસે. એની પાસે નહીં, દીકરા પાસે છે. બે કરોડ આમ આહા.. અને પાછો એને દીકરો એકેય ન મળે, એક દીકરી. સુખી ન કહેવાય? અરે! ભાન નથી પ્રભુ! તને ખબર નથી. આહાહા! લક્ષ્મી અને પરદ્રવ્યનું લક્ષ અને પરિચય જ્યાં કરવા જાય છે, ત્યાં મિથ્યાત્વ ને અજ્ઞાન ઊભું થાય છે. એને એની ખબર નથી. અરેરે! ચોર્યાસીના અવતારમાં... માથે કહ્યુંને. અરે! સંસારમાં હું માર્યો ગયો. આહાહા!

અનંત-અનંત ભવમાં ક્યાંય મારી આનંદની સંપદા મેં ન જોઈ. હું સચ્ચિદાનંદ પ્રભુ છું, સત્ છું. સત્ છે. (સચ્ચિદાનંદ)=સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન ને આનંદ નામ શાંતિ–સુખ. એવો હું આત્મા એ મારી સંપદાને મેં ન જોઈ. મારી સંપદાને મેં ન માની. આહાહા! અને આ

શરીર લક્ષ્મી, આબરૂ, કીર્તિ ધૂળ જગતની જડ, એને મેં સંપદા માની, હું દુઃખી થઈને મરી ગયો છું. કહો, બરાબર હશે આ? શું બરાબર છે? ક્યાં આવા કપડાં પહેર્યાં, આ દહેગામ મકાન કર્યાં, વળી આ હીરાભાઈ જેવો છોકરો.

શ્રોતા : હવે આપ ના પાડો છો. .....

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય નથી. કોનો દીકરો? એ તો આત્મા જુદો છે. એનો આત્મા જુદો, એને શરીર જુદું. આત્માને એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા!

ભગવાન! તારી જાતમાં મહા આનંદની સંપદા પડી છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર જે એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ને ત્રણ લોક જાણે. એવી જે આત્માની સર્વજ્ઞશક્તિ હતી એ પ્રગટ કરી અરિહંતદેવ પરમાત્માએ. અને એની વાણીમાં આવ્યું વીતરાગની વાણીમાં કે ભાઈ! ભવોત્પન્ન–સંસારના ઝેરના ફળ છે એ બધા. આહાહા! લક્ષ્મી કાંઈ બે-પાંચ દસ લાખ થાય, હું પહોળો ને શેરી સાંકડી. આપણે ઘણા વધી ગયા. સોજા વધ્યા, સાંભળને! સોજા એ કાંઈ નિરોગતા કહેવાય? એ સોજા સમાય ત્યારે રાડ નાખીશ અંદરથી. ખબર નથી તને. એમ આ લક્ષ્મી ને શરીર ધૂળ–માટી એને લઈને તને પ્રમોદ આવે છે કે અમે કાંઈ સુખી છીએ. ભાઈ! એ તો સોજા છે. એ સોજાનો કોઠો છે. કોઠો સમજાણું? આ તો આપણી કાઠીયાવાડી ભાષા ગુજરાતી. સોજાનો કોઠો જાડો. કંઈ નિરોગતાનો જાડો છે એ? આહાહા! ભાઈ! તને ખબર નથી.

તારી અંતરલક્ષ્મી, (જેવી) ભગવાન ત્રિલોકનાથે અરિહંત પરમાત્માએ પ્રગટ કરી. એ પ્રગટ કરી ક્યાંથી? કંઈ બહારથી આવી છે એ? કેવળજ્ઞાન, અનંત આનંદ, અનંત બળ, અનંત વીર્ય એ પરમાત્માને પ્રગટ થયું એ કાંઈ બહારથી આવે છે? અંદરમાં પડ્યું છે એ બધુંય, પણ એને ક્યાં ખબર? બહારમાં ભટકાભટક. 'ભટકત દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશા ધારી..' કૂતરો જેમ દસ વાગ્યે રોટલા માટે જાળી પાસે બેસીને આમ ટાંકે હોં. હવે ઉઘાડે તો રોટલા મળે. આ કૂતરા, જાળી હોયને (એની) બહાર બેસે. ગંધ મારેને રોટલાની ને શાકની. હવે મળશે. એમ અજ્ઞાની... આનંદઘનજીમાં શબ્દ છે 'ભટકત દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશા ધારી..' કૂતરાની જેમ જ્યાં-ત્યાં મને અહીં મળશે.. મને અહીં મળશે.. મને પૈસા મળશે.. આબરૂદાર થાઉં, અમલદાર થાઉં, શેઠિયો થાઉં, સંઘવી થાઉં, પ્રમુખ થાઉં. મરી ગયો ભિખારી માળા. કૂતરાની જેમ આવી આશા રાખી અનાદિથી દુઃખી છે. બરાબર હશે?

**ભવોત્પન્ન**... આ એક જ શબ્દ કીધો છે આખો. ચાહે તો શેઠપણે અવતરે, ચાહે તો નરકપણે અવતરે, ચાહે તો સ્વર્ગપણે અવતરે. પણ એ બધા ઝેરવૃક્ષના ફળ છે. આહાહા! બાપુ! એ તારો અમૃતસ્વરૂપ ભગવાન એનાથી વિરુદ્ધ ઝેરના ફળ છે એ બધા. આહાહા! પાટનીજી! આવા લાલ-પીળા લાગે માળા! બાહ્યમાં પૈસા હોય, શરીર ઠીક હોય, રૂપાળું શરીર હોય અને

હરખાઈની જઠરાગ્નિ, ચૂરમાના લાડવા ત્રણ પચતા હોય અને પતરવેલિયાના ભજીયા. ઓડકાર ઓ.. સાંઢડાની જેમ ઓ.. કરે. આ સુખી છે આ. દુઃખી છે ભાઈ! એ પરની આશાની કલ્પનાઓ વિકલ્પો બધા દુઃખ છે, ભાઈ! ઝેરના ઝાડના સમસ્ત ફળને, આહાહા! **દુઃખનું કારણ જાણીને...** ભાઈ! એ આત્માના આનંદના ફળ સિવાય પુણ્ય-પાપના ભાવથી પૂર્વે બાંધેલા કર્મ એ તો ઝેરનું ઝાડ છે. આહાહા! એનાથી સામગ્રી અનુકૂળ હોય કે પ્રતિકૂળ, એ બધા ઝેરના ઝાડના ફળ છે. મૂલચંદભાઈ! બરાબર હશે આ? તમારા છોકરાઓ અમેરિકા ભણે. બાપુજી! બાપુજી! લખે આમ અંદર.

શ્રોતા : એનાથી શું મળ્યું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બાપુજી! અમને અહીં વાંધો નથી હોં. અમે દસ હજારનો પગાર મહિને લઈએ છીએ. થોડુંક ભણીએ છીએ ને પગાર લઈએ છીએ. એય! આ તમારો ગયો હતોને હમણાં. એને પૂછ્યું હતું. આવ્યોને હમણાં અમેરિકાથી. કીધું, ત્યાં શું પગાર મળતો? કે દસ હજાર મહિને. પણ દસ હજારમાં બચે કેટલું? ખર્ચના પાર ન મળે. દુઃખી.. દુઃખી બિચારા. એ તો વળી છોકરો એમ કહેતો હતો... અમેરિકા ગયો હતો. હમણાં આવ્યોને. અહીં આવે એ મૂરખ છે, એમ લખતો હતો. અમેરિકામાં આવે એ મૂરખ છે. ક્યાંય શાંતિ ને ધર્મની ગંધ ન મળે. હજીરા– મોટા મકાન. હજીરા સમજાણુંને? ૪૮-૪૮ માળના. અને બેસીને ઉપર ચડવું. શું કહેવાય તમારે? લિફ્ટ. આહાહા!

એમ ચાર ગતિમાં... આહીં તો એ પણ દુઃખી છે, (પણ) એને ભાન નથી. આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ એ અમૃતનો સરોવર–સાગર આત્મા છે. અરે! ત્યાં કોઈ દિ' પાણી પીવા ન ગયો. આહાહા! મીઠા મધુરા આનંદના સરોવર ભર્યાં છે. કેમ બેસે?

શ્રોતા : પણ બાપા! માયાજાળ નથી...

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ માયાજાળ કરી છે એણે ને? કોણે કરી છે? બસ, ત્યારે થઈ રહ્યું. કરે એ છોડે. મોહનભાઈ છેને. એ બધી કરી છે કોણે? ઊભી એણે કરી. અતીન્દ્રિય આનંદનો સરોવર ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ... 'કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં' આવે છે કે નહીં? આહાહા! હમણાં આવતું હતુંને. બોલતા હતા. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ ત્રણ કાળ, ત્રણ લોક જોયા, એણે ધર્મ કહ્યો એ આત્માના આનંદમાં એકાગ્ર થવું તેનું નામ ધર્મ. આહાહા! ભારે વ્યાખ્યા. જ્યાં અમૃતસાગર છે પ્રભુ આત્મા. આ પુણ્ય-પાપના ભાવ અને ફળ તો દુઃખ, ઝેર છે. આહાહા! વર્તમાનમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ શુભ છે, પણ છે રાગ અને ઝેર છે, એમ હિંસા, જૂઠું, ચોરી વિષયભોગ-વાસના ભાવ પાપ અને ઝેર છે, એમ આહીં કહે છે. આહાહા! એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે, (**સંસારમાં ઉત્પન્ન થતાં**)... ભવનો સંસાર કહ્યો. **વિષવૃક્ષના સમસ્ત**... હવે હું એ ફળને છોડું છું. અરે! મેં દુઃખ બહુ ભોગવ્યા. ચોર્યાસીના અવતાર સ્વર્ગના, નરકના કરીને દુઃખી થયો છું. હવે એ ફળને છોડું છું. એ દુઃખના ફળનું મારું લક્ષ ત્યાંથી હવે છોડી દઉં છું, એમ કહે છે. શું કરી છોડું છું? એ **દુઃખનું કારણ જાણીને હું**... ઓહો! ટૂંકામાં બે જ વાત કરી છે. **ચૈતન્યાત્મક આત્મામાં**... ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વરૂપ ને આનંદની મૂર્તિ પ્રભુ છે આત્મા. ક્યે ગજે માપે? ગજ એના ટૂંકા. આહાહા! અંદર ભગવાન આત્મા... આ દેહના રજકણ તો માટી-ધૂળ છે, આ વાણી જડ છે, મન અંદર વિચારમાં નિમિત્ત છે એ જડ છે, કર્મ જડ છે, પુણ્ય ને પાપના ભાવ થાય એ પણ અચેતન–જડ છે. એમાં ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન–ચૈતન્યસ્વભાવ એમાં નથી ક્યાંય. સમજાણું કાંઈ? **ચૈતન્યાત્મક આત્મા** એમ શબ્દ લીધો છેને? શું કરવા એમ લીધો છે? ચૈતન્ય જ્ઞાનાનંદ જ્ઞાનસ્વરૂપ આત્મા. એ પુણ્ય-પાપના ભાવસ્વરૂપ આત્મા નથી. આહાહા!

હું એ સંસારના રાગ-દ્વેષના ભાવ અને એના ફળ–ઝેરના ફળ, અરેરે! ખાઈને–અનુભવીને ચોર્યાસીના અવતારમાં દુઃખી હતો. એને હવે હું દુઃખનાં કારણ જાણી, મારી રુચિ ત્યાંથી ફેરવી નાખું છું. આહાહા! સમજાણું કાંઈ? અરે! ભગવાન આત્મા આનંદનું ધામ... જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે, એને ઘૂંટતા બહાર આવે. ચોસઠ પહોરી કાંઈ પથરામાંથી નથી આવતી? એનામાં શક્તિ છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે, એમાં છે એમાંથી આવે છે. સમજાણું કાંઈ? પીપર હોય છેને લીંડીપીપર, આ છોટીપીપર. ઘૂંટે પથરાથી ચોસઠ પહોરું ચરપરાઈ... આપણે તીખાશ કહે. તીખાશ બહાર આવે, એ ક્યાંથી આવી? દાણો તો નાનો, રંગે કાળો, કદે નાનો ને શક્તિએ ચોસઠ પહોરી એટલે રૂપિયે રૂપિયો તીખાશથી ભરેલો અને લીલો રંગ...

એમ આ ભગવાન આત્મા દેહના પ્રમાણમાં એનું અવગાહન લાગે છે. અવગાહન એનું ગમ્ય છે. અને એમાં પુણ્ય ને પાપના ભાવની કાળપ નામ ઝેરની મીઠાશ દેખાય છે. કાળો છેને ઓલો દાણો. એમ પુણ્ય ને પાપનો મેલ એ કાળો ઝેર છે. પણ અંદરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ–ચરપરાઈ, લીલો રંગ આદિથી ભરેલો છે, એમ ભગવાન આત્મા અંદરની શક્તિમાં અનંત આનંદ ને અનંત જ્ઞાન ભરેલું છે. એ પીપરનું માને, આનું નહીં. ભારે પણ! એમ આ ખરી વાત છે. એમ આ ખરી વાત છે. એમાં હતું તે આવ્યું. કોલસાને, કાંકરાને ઘૂંટે કાંઈ ચોસઠ પહોરી તીખાશ આવે નહીં. કારણકે એમાં ક્યાં હતી? ઓલામાં તો હતી. એમ આ શરીરને ઓગાળી નાખે ક્રિયાકાંડ કરીને, એથી કાંઈ અમૃત આવે એમ નથી, એમ કહે છે. આહાહા!

અંદરમાં ભગવાન આત્મા... **ચૈતન્યાત્મક આત્મા** એ શબ્દ એકલો પડ્યો છે. ચૈતન્ય-આત્મક.. આત્મક એટલે સ્વરૂપ. ચૈતન્યસ્વરૂપ આત્મા કે જેમાં શરીર, વાણી, મન તો નથી, પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે રાગ છે તેમાં ચૈતન્યપણું નથી. એ રાગથી ભિન્ન

ચૈતન્યાત્મક આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? **હું ચૈતન્યાત્મક આત્મામાં**... આહાહા! અરે! હવે હું પડખું ફેરવું છું, કહે છે. મેં અનાદિથી પુણ્ય ને પાપના મેલા ભાવને મારા માન્યા અને એના ફળમાં મેં હરખ ને ઉત્સાહ ને હોશું કરી, એ મારી દૃષ્ટિ ઝેરદૃષ્ટિ છે. આહાહા! અરે! અમૃતનો સાગર ભગવાન ચૈતન્યસ્વરૂપનો નાથ આત્મા અંદર, કેવળજ્ઞાન જેમાંથી પ્રગટે, એ આત્મામાંથી–શક્તિમાંથી પ્રગટે છે. જેમ તીખાશ અંદર ભરેલી (હોય) ચોસઠ પહોરી..., ચોસઠ કહો કે રૂપિયો કહો—(બધું એક જ છે). સો પૈસાનો રૂપિયો હવે થયોને, પહેલા તો ૬૪ પૈસાનો રૂપિયો (હતો). ૬૪ કહો કે રૂપિયો કહો. એમ ચોસઠ પહોરી તીખાશ એટલો રૂપિયે-રૂપિયો તીખાશ ભરી છે અંદર અને લીલો રંગ. એમ ભગવાન આત્મામાં... આહાહા! અરે! વિશ્વાસ કેમ આવે એને? કોઈ દિ' અભ્યાસ કર્યો નથી, સાંભળ્યું નથી. સમજાણું કાંઈ?

હું તો ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા છું. આહાહા! એવો હું આત્મામાં ઉત્પન્ન... ભાષા જુઓ! ઓલો સંસારથી ઉત્પન્ન ચાર ગતિના ફળ ઝેરના ફળ. આહાહા! હવે ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માથી ઉત્પન્ન... આત્મા એ વસ્તુ થઈ અને ચૈતન્ય એ એનો સ્વભાવ–ગુણ થયો. હવે એની એકાગ્રતાથી પર્યાય પ્રગટે તે ધર્મની પર્યાય થઈ. આહાહા! દ્રવ્ય, ગુણ ને પર્યાય જૈનદર્શનના એકડાનું મૂળ. આહાહા! એની પણ ખબર ન મળે. દ્રવ્ય કોને કહેવું? આ પૈસાને દ્રવ્ય (કહે). પર્યાય કોને કહેવી? આ પર્યાયની અમને કાંઈ ખબર નથી. એ આહીં કહે છે, મારા આનંદસ્વરૂપી ભગવાનને ભૂલી મેં, પુણ્ય ને પાપના અચેતનભાવ જેમાં ચૈતન્યપણાની ગંધ ને અસર નથી એવા વિકારીભાવને કરીને વિકારીભાવના ફળ–ચાર ગતિના ઝેરના ફળ ભોગવ્યા. અરે! દુઃખના કારણને મેં સેવ્યા. હવે હું છોડું છું. હવે ગુલાટ ખાય છે. સમજાય છે કાંઈ?

ગુલાટ સમજાય છે કે નહીં? પલટો મારે છે, પડખું ફેરવે છે, કરવટ ફેરવે છે. આ પડખે સૂતો હોય તો પછી આ પડખે સૂવે છેને આમ કરીને. અમુક તો જમણે પડખે સૂવે કાં આ ડાબે સૂવે. એમ અનાદિથી હું અવળો પડખે સૂતો હતો ને બેઠો હતો. જે પુણ્ય ને પાપના વિકારીભાવ ઝેર એના પડખે ઉપર ચડેલો હતો. એના ફળ–ચાર ગતિના દુઃખ મેં ભોગવ્યા છે. આમાં કાંઈ એમ નથી કહ્યું કે સ્વર્ગનો ભવ સુખરૂપ છે. એમ કહ્યું છે આમાં? શરીર સારું લાગે... પણ આ શરીર સારું એ માન્યતા દુઃખ છે. આ તો જડ માટી–ધૂળ છે. ફૂ.. સ્મશાનમાં રાખ થઈને ઉડી જશે.

'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત, પછી નર તન પામીશ ક્યાં ચેત ચેત નર ચેત.' આ ધૂળ રજકણ સ્મશાનમાં સળગશે તો આટલુંય નહીં રહે. રાખ આટલી થોડી થાય. એમાં પવન જો સરખાઈનો આવ્યો હોય તો જાવ. આ તો જડ, માટી, પુદ્‌ગલ છે. આહાહા! એમાં મને મજા પડે છે, એ મારા છે, એ મારા માન્યા એનું નામ મિથ્યાત્વ અને એનું નામ દુઃખ છે. પણ મારો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છું, આહાહા! એમ

સમ્યગ્દર્શનની પહેલી દશા થતાં, સમ્યગ્દર્શનની–ધર્મની પહેલી દશા થતાં... ચારિત્ર તો હજી ક્યાંય રહી ગયું, એ તો બીજી ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા!

અરે, હું! એમ કહે છે. હું કોણ? હું ચૈતન્યસ્વરૂપ આત્મા. જેમાં જ્ઞાનના ઝરણા ઝરે. ડુંગરમાંથી જેમ પાણી ઝરે, એમ આત્માના અનુભવમાં આનંદના ઝરણા ઝરે. આહાહા! આત્માનો અનુભવ થવો એનું નામ ધર્મ છે. બાકી બધી વાતું છે. પૂજા ને ભક્તિ ને દાન ને દયા ને વ્રત એ બધા ઉપલા વિકલ્પમાં ગયું, ઝેરમાં ગયું. આહાહા! ભગવાન તો ચૈતન્યસ્વરૂપ પ્રભુ આત્મા છે. જ્ઞાનનો કંદ, આનંદનો દળ એ આત્મા. એવો આત્મા... 'આ આત્મા' એમ અંતર્મુખ થઈને જ્યાં અનુભવ, પ્રતીત કરી તો, કહે છે, એ આત્મામાંથી ઉત્પન્ન થતાં... એ ઉત્પન્ન (થઈ) એ પર્યાય છે. આત્મા એ દ્રવ્ય છે વસ્તુ. ચૈતન્યસ્વરૂપ એ એનો ગુણ છે–એની શક્તિ છે, એનો સ્વભાવ છે અને સ્વભાવની અંતર એકાગ્રતા થતાં જે અવસ્થા પ્રગટે આનંદની, એવા **વિશુદ્ધસૌખ્યને અનુભવું છું.** આહાહા!

હું ઝેરના ઝાડને ભોગવતો હતો અનાદિથી, એને હવે છોડીને હું ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ... ચૈતન્યસ્વરૂપ આત્મા એની અંતરમાં દૃષ્ટિ કરતાં અંતરનો આશ્રય લઈને સુખ જે પ્રગટે... ઓલું ઝેર હતું, દુઃખ હતું, આ સુખ છે. એ ધર્મની દશા, આનંદની દશા છે એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મ થાય ને અતીન્દ્રિય આનંદ ન આવે, એ ધર્મ નહીં. સમજાણું કાંઈ? આહાહા ભારે વાત આકરી. ઓલામાં ઝેર કીધું, અહીં સુખ કીધું. આત્મામાંથી ઉત્પન્ન થયેલું... જેમ પીપરમાંથી ઉત્પન્ન થયેલી તીખાશ, ચાર પહોરી, છ પહોરી, દસ પહોરી ને ચોસઠ પહોરી, એમ સમકિતમાં ત્રિકાળી ભગવાન આત્મા એનો ભાવ સ્વસન્મુખ થઈને પ્રતીતમાં આવતાં અમુક સુખની–આનંદની ઉત્પત્તિ થાય એ આનંદને હવે અનુભવું છું. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. આરે, ભારે વ્યાખ્યા ભાઈ!

શ્રોતા : એ તો ઘરબાર છોડે ત્યારે થાયને? સાહેબ!

પૂજ્ય ગુરુદેવશ્રી : ઘરબાર છોડેલા જ પડ્યા છે. કે દિ' ગરી ગયા હતા આમાં? ઘર ઘરમાં રહી ગયા. તમારું મકાન મેડી અહીં છે? શેરી ન્યાં રહી ગઈ છે. સાથે કે દિ' હતી? એ તો જડમાં છે. જડની આત્મામાં નાસ્તિ છે અને ચૈતન્ય આનંદસ્વરૂપની આત્મામાં અસ્તિ છે. બે આંગળી છે એમાં, આ આંગળીપણે અસ્તિ છે, આ આંગળીપણે નાસ્તિ છે. તો એ ટકી રહે એવી છે. સ્વપણે સત્તાથી છે, પરની સત્તાથી તે નથી. લોજીક–ન્યાયથી તો સમજશે કે નહીં? સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા એ જ્ઞાન ને આનંદસ્વરૂપે અસ્તિ છે અને પુણ્ય ને પાપ ને આ શરીર ને મકાનથી એ નથી. આહાહા! અરે! કોઈ દિ' સાંભળ્યું ન હોય. આ તો કહે, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો. શેના પણ સામાયિક? હજી આત્મા કોણ છે એને જાણ્યા વિના

સામાયિક આવી ક્યાંથી તારે? પડિકમણા કરો ને પોષા કરો, મંદિર બનાવી દો બે-પાંચ લાખનું, જાઓ કલ્યાણ. ધૂળમાંય નથી કલ્યાણ, સાંભળને! મંદિર તો જડ છે, પર છે. પરને બનાવે કોણ? એમાં કદાચિત્ ભાવ થાય તો શુભ છે, એ પુણ્ય છે, એ ઝેર છે. ગજબ વાત છે.

શ્રોતા : દુઃખ તો નથીને?

પૂજ્ય ગુરુદેવશ્રી : દુઃખ છે. ભાઈ! તને ખબર નથી.

અમૃત સરોવર પ્રભુ... આહાહા! હમણાં ગાયું હતુંને કાલ કોઈકે, નહીં? ઓલું ભાઈનું, નહીં? 'સરોવર કાંઠે રે...' કોઈએ ગાયું હતું. નાગરભાઈને ન્યાં. નાગરભાઈએ ગાયું હતું કાગળ. કાલે ઓલો આહાર કરતા વખતે, નહીં?

'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ, દોડે હાંફી ઝાંઝવા જળની કાજ,

અરેરે! એને સાચા વારિ નહીં મળે રે લોલ.'

આપણા વીંછીયાના છેને રમેશ.. રમેશ. એણે બનાવ્યું છે. મંડળી છેને વીંછીયાની ત્યાં ઘાટકોપર, મુંબઈ. છોકરો તો હજી કુંવારો છે, પણ માળાને રસ બહુ છે. આ પોતે બનાવ્યું છે. 'સરોવર કાંઠે રે મૃગલા..' મૃગલા જેવો આત્મા... આ સરોવર અંદર ભર્યું છે આનંદનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ... જે દેવાધિદેવ તીર્થંકરે દશા પ્રગટ કરી, એ બધી દશાઓનો સાગર આત્મા છે. આહાહા! કેમ બેસે પણ? એ સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા, દોડે હાંફી.. દોડે હાંફી-હાંફીને... કરી-કરીને અહીં જાવું ને અહીં જાવું ને અહીં જાવું. સમજાણું કાંઈ? દહેગામ છોડીને મુંબઈ અને મુંબઈ છોડીને અહીં ને અહીં... એય મલુકચંદભાઈ! નાગનેશ છોડીને ક્યાં ગયા હતા પહેલા? રાણપુર. રાણપુર છોડીને સ્વીત્ઝરલેન્ડ. એક છોકરો સ્વીત્ઝરલેન્ડ, એક છોકરો ન્યાં રખડે મુંબઈ. એની પાસે ત્રણ કરોડ, મુંબઈવાળા પાસે ત્રણ કરોડ છે. પૂનમચંદ મલુકચંદ પ્રસિદ્ધ છે. આમનો દીકરો છે. એક ઓલો ન્યાલચંદ મલુકચંદ, એ વળી સ્વીત્ઝરલેન્ડમાં રહે છે. એક પાસે બે ને એક પાસે ત્રણ કરોડ હોં, કેડું ભાંગી નાખે એવી. મમતા.. મમતા એની પાસે છે. વસ્તુ તો જડ છે. આહાહા! અરેરે! તને ખબર નથી બાપુ! માથે આવી ગયું છે આપણે. જુઓ!

**અહો! મારા હૃદયમાં...** ૧૯૮ માથે કળશ. **સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને કે જે સમાધિનો વિષય છે...** આહાહા! આ લોગસ્સમાં નથી આવતું? લોગસ્સમાં આવે છેને. 'સમાહિવર મુત્તમં દિંતુ..' ભગવાન જાણે એનો અર્થ શું હશે? ગડિયો હાંક્યે જાય. 'લોગસ્સ ઉજ્જોયગરે ધમ્મતિત્થયરે જિણે, અરિહંતે કિત્તઇસ્સં..' એ આવેને પાછળથી. 'એવં મયે અભિથુઆ વિહુયરયમલા પહીણજરમરણા.. સમાહિવર મુત્તમં દિંતુ.' જય મહારાજ! સમાધિ કોને કહેવી ને વર કોને કહેવું? ગડિયો હાંક્યે રાખે, ભાન ન મળે કાંઈ. સમજાણું કાંઈ? આપણે આવે છે લોગસ્સમાં. 'સમાહિવર મુત્તમં દિંતુ.' લોગસ્સમાં આવે છે ને. મોઢે કર્યું છેને ચંદ્રકાંતભાઈ? મોઢે કર્યું છે એમ કીધું છે. પાઠ ક્યાં કર્યો છે? મોઢે કર્યું છે. આહાહા! 'સમાહિવર

મુત્તમં દિંતુ...' હે નાથ! તીર્થંકરોને (કહે છે). નિમિત્તથી (કથન છે). એ ક્યાં દે એવું છે? મને મારી સમાધિ આપો. સમાધિ એટલે આ સમાધિ કીધી એ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણને અહીં સમાધિ કહે છે અને એ સમાધિનો વિષય આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા!

છે, માથે છેને. માથે કળશ છે. કાલ આવી ગયો છે. **અહો! મારા હૃદયમાં સ્ફુરાયમાન–** પ્રગટ ચૈતન્ય ભગવાન **નિજ આત્મગુણ સંપદા**–પોતાના આત્મગુણની લક્ષ્મી.. આહાહા! નિજની લક્ષ્મીની ખબર ન મળે અને ધૂળની લક્ષ્મીને બાથો ભરે. બાથોડિયા ભરે જ્યાં-ત્યાં. હેરાન.. હેરાન.. આહાહા! અરેરે! મેં મારી સંપદા જે સમાધિનો વિષય છે, કહે છે. એટલે? જે સમ્યગ્દર્શન જેણે સ્વરૂપને ધ્યેય માન્યું, સમ્યગ્દર્શનનું ધ્યેય તે આત્મસંપદા છે, સમ્યગ્જ્ઞાનનું ધ્યેય, વિષય તે આત્મસંપદા છે અને સમ્યક્-ચારિત્રનું ધ્યેય એ આત્મસંપદા છે. આહાહા! આવી કેવી વાતું? સમજાય છે કાંઈ? અને પુણ્ય ને પાપનો વિષય એ પરચીજ છે. ભગવાન આત્મા અંતરની દૃષ્ટિ જ્યાં પૂર્ણાનંદ પ્રભુ...

તીર્થંકરોએ સર્વજ્ઞ પરમેશ્વરોએ 'કેવલી પણ્ણત્તો ધમ્મો' જે કહ્યો એ આ ધર્મ. કે જે અંતરની શાંતિ અને રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન એનો વિષય ભગવાન નિજ સંપદા આત્મા છે. આહાહા! આ શું હશે? આવો ધર્મ હશે જૈનનો? આ બધું કંદમૂળ ન ખાવા, દેરાસર કરવા ને સામાયિક કરવા એવું બધું અત્યાર સુધી સાંભળ્યું હતું. આવું તે કાંઈ...? અરે, સાંભળને! વીતરાગધર્મનો માર્ગ આ છે. સમજાણું કાંઈ? એ સમાધિમાં આવશે. વીતરાગભાવથી જે આત્માને ધ્યાવે.... છેને ગાથા પછી. આહાહા! એ વીતરાગભાવ કહો કે સમાધિ કહો કે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર કહો. આહાહા!

સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબરું ન મળે અને થઈ ગયા શ્રાવક ને મુનિ. અમે શ્રાવક. કોથળીમાં કરિયાતા ને માથે લખ્યું સાકર. મોટા રેશમી કોથળી. અત્યારે તો પ્લાસ્ટિકની આવી છે. ઓલી તો બહુ રૂપાળી આવે. અંદર હોય કરિયાતું, માથે લખે સાકર. કડવાશ મટી જતી હશે? એમ અમે શ્રાવક કે મુનિ, (પણ) અંદરનું ભાન કાંઈ ન મળે (કે) આત્મા તે શું. મિથ્યા ઝેર પડ્યું હોય, રાગ મારો, પુણ્ય મારા, પુણ્યથી મને ધર્મ થાય—એવી ઝેરદૃષ્ટિ તો પડી છે અંદરમાં. આહાહા! માથે નામ આપે શ્રાવક ને સાધુ. એ કરિયાતાની કોથળી ઉપર સાકર લખવા જેવું છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, અહો! સમાધિનો વિષય **મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહીં.** છેને ઉપરના શ્લોકમાં, ઉપરના શ્લોકમાં. આહાહા! મોટી-મોટી અમેરિકાની પરીક્ષાઓ આપી. આમના દીકરાએ આપી હતી. ન્યાં ગયા હતાને સુમનભાઈ. અત્યારે બહુ માણસ જાય છે ન્યાં મુંડાવા. જાણે કાંઈ હશે ન્યાં. ઘણા વર્ષ થઈ ગયાને. એમના દીકરા સુમનભાઈ ગયા હતાને અમેરિકા. ત્યારે તો એમ કહ્યું હતું ભાઈએ. શું હતી ભાષા? કુંચે મરવા જાય છે. એકનો એક દીકરો હોં.

અત્યારે દસ હજારનો પગાર મહિને. મુંબઈમાં છે. આઠ હજાર. દસ હજાર.... દસ હજાર. આંકડા ગણવા છેને. ધૂળ કે દિ' તારી હતી? સાંભળને! એ બધા ઝેરના ફળ છે. આહાહા! ઓલા ૩૦ રૂપિયામાં જ્યારે હતા.. શું કહેવાય? તલાટી.. ટપાલી. એ તલાટી ટપાલી કહેવાય. સમજાણું કાંઈ?

અરે ભગવાન! એ પરની સામગ્રીથી તારા માપ કાઢવા, કલંક છે પ્રભુ! એક ક્ષણમાં વિંખાઈ જશે ભાઈ! એ તો સંધ્યાના રંગ છે. એ સંધ્યાના રંગ છે નાથ! તને ખબર નથી. એ સંધ્યાના પીળા રંગ દેખાય, આમ સૂર્યાસ્ત થયો, એક ક્ષણમાં અંધારા. આહા! બાપુ! આ બધી સામગ્રીઓ જડ, અચેતન, પ્રલય, નાશ થવાને લાયક છે. ભગવાન અવિનાશી ચિદાનંદ પ્રભુ એને જેણે સમ્યગ્દર્શનમાં વિષય બનાવ્યો, જેણે આત્માની સંપદાને સમ્યક્ શ્રદ્ધા દ્વારા વિષય બનાવ્યો, એ લક્ષ્મીવંત છે, એ સુખી છે, એ ધર્મી છે. મૂલચંદભાઈ આહાહા! બે જ શબ્દ કહ્યા ફક્ત. સંસારથી ઉત્પન્ન થયેલું ઝેર, આત્માથી ઉત્પન્ન થયેલું સુખ. સુખ એ આત્માથી ઉત્પન્ન થાય. આ બહારની કલ્પના (કે) સુખી છીએ ને ધૂળ છે ને. સમજાણું કાંઈ?

હજાર-હજારનો દનિયો લાવે વકીલ મોટા, બે હજાર. ફૂલીને ડોડો થાય અંદર. આહાહા! જજ પાસે દલીલ કરે અંદરથી. આ ફેર લંડનમાં આમ ચુકાદો આપ્યો છે. માટે એનો–આ કેસનો એવો ચુકાદો એ રીતે આપવો જોઈએ. જાણે શું મોટા..? એ વકીલ હતાને. આ બધું કરી છેને એણે દલીલ. રામજીભાઈએ કર્યું છેને બધું. આહાહા! એ જાણે દેતા વખતે એને એમ થઈ જાય કે હું દેવનો દીકરો ઉપરથી ઉતર્યો. આહાહા! અરે ભગવાન! એ બધા જ્ઞાન તો અજ્ઞાન છે. એ દુઃખના જ્ઞાન છે. આહાહા! ઝેર છે, લ્યો. સમજાણું કાંઈ?

એ વકીલાતનું જ્ઞાન ને ડોક્ટરનું જ્ઞાન એ બધા ઝેર છે આહાહા! છે કોઈ દાક્તર-બાક્તર? આહાહા! એ રામજીભાઈનું વકીલાતનું કહ્યું નહોતું કે તમારી બુદ્ધિ કેવી? ૨૦૦ રૂપિયા લેતા એક દિ'ના. પાંચ કલાકના બસો. બુદ્ધિ કેવી? કે અજ્ઞાન, મૂર્ખાઈ ભરેલી, કુજ્ઞાન. આહાહા! ભગવાન! એ પરના જ્ઞાન એ તો અંધારા, ઝેર છે. આહાહા! કેમ બેસે? ભગવાન આત્મા નિજસંપદાનો નાથ, આહાહા! એ તો મારા સમાધિનો વિષય છે. એ પૂર્વે (એક) ક્ષણ પણ જાણી નહીં. આહાહા! એક સમયમાત્ર પણ મેં આત્મા પરમાનંદની મૂર્તિ એવી શ્રદ્ધા ન કરી. આહાહા! આ જગતની જંજાળ એને પોતાની માનીને દુઃખી થયો છે. છેને એમાં? જુઓ! છે ને.

**ત્રણ લોકના વૈભવના પ્રલયના હેતુભૂત...** ઉપરના કળશમાં છે. ત્રણ લોકનો વૈભવ એવો મારો આત્મા. આહાહા! આનંદ ને જ્ઞાન ને શાંતિ (આદિ) અનંત-અનંત શક્તિથી ભરેલો એવો મારો આત્મવૈભવ, ત્રણ લોકનો વૈભવ એ હું છું. અરેરે! એ **પ્રલયના હેતુભૂત દુષ્કર્મ...** જડકર્મના લક્ષે, અરે! મારો ત્રણ લોકનો વૈભવ નાશ થઈ ગયો પર્યાયમાં. આહાહા! અરે! મેં કર્મની સોબત કરી–જડકર્મના સંગે ગયો, તેથી મારી ત્રિલોકનાથની વૈભવદશા હણાઈ ગઈ

પર્યાયમાં. આહાહા! હવે જાણવામાં આવ્યું કે આ બધી વાત જૂઠી છે. મારો આત્મા નિજ આનંદથી ભરેલો છે. એમાં વસવું એને વાસ્તુ કહે છે લ્યો. આ વાસ્તુ ને ઘર અનંત વાર થયા. દસ-દસ લાખના મકાન, વીસ-વીસ લાખના મકાન. સમજાણું કાંઈ?

ગોવામાં એક જણો આપણો છે જૈન. ચાલીસ લાખનું છે મકાન. ચાલીસ લાખનો એક બંગલો. મૂડી બે અબજ ને ચાલીસ કરોડ. ઝેરના ઝાડ. આહાહા! ખરું પણ! દુનિયાથી ભગવાનની વાત જુદી છે. સમજાણું કાંઈ? એ દુઃખીના દાળિયા બધા છે. આહાહા! અહીંયા કહે છે કે હવે હું, મારા ભગવાનમાંથી ઉત્પન્ન થયેલો આનંદ, તેમના નિમિત્તે થતો આ સંયોગ એ તો દુઃખ.. દુઃખ.. દુઃખ ને ઝેર છે. આહાહા! ઓલામાં તો એ કહ્યુંને, તીર્થંકરપ્રકૃતિ એ ઝેરનું ફળ છે. આહા! ૧૪૮ પ્રકૃતિ લીધી છેને. તીર્થંકરપ્રકૃતિ ઝેરની પ્રકૃતિ છે. એના ફળ તરીકે સંયોગ એ હું નહીં. આહાહા! આત્મા જેવો ને જેમ છે તેમ જ્યાં સુધી માને નહીં, ત્યાં સુધી એણે આત્મા માન્યો કહેવાય નહીં.

આત્મા તો ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અતીન્દ્રિય આનંદની ખાણસ્વરૂપ છે. એવો ભગવાન આત્મા હું, હવે બહારની દૃષ્ટિ છોડીને અંતરની દૃષ્ટિએ જાઉં છું. જે દૃષ્ટિનો વિષય ભગવાન અખંડ આત્મા છે. એવા આનંદને, હવે આત્માથી ઉત્પન્ન થયેલા સુખને... કેવું સુખ? **વિશુદ્ધસૌખ્ય** એમ શબ્દ વાપર્યો છે. આ જગતની કલ્પનાનું સુખ એ તો મેલું દુઃખ છે. આહાહા! પદમણી જેવી સ્ત્રી હોય, શરીર સુંવાળા, રૂપાળા માખણ જેવા હોય, પાંચ-પચાસ લાખની મૂડી હોય, પાંચ-પાંચ લાખની પેદાશ મહિને હોય, મોટો મૂરખ છે, ઝેરમાં પડ્યો છે. એ મૂલચંદભાઈ! આરે આવું પણ ભારે! આ દુનિયામાં પહેલી ખુરશી મળે એને, લ્યો. મીઠું લાગે. છોકરા અમેરિકાથી આવશે ત્યારે, આહા... ક્યાંથી ઉતરીને આવ્યા જાણે? વિલાયતથી. પણ એને હુંફ બધી થઈ જાય હોં. કેટલો પણ મુર્ખ! અરે! બધા ઝેરના ભણતર છે. આહાહા! દુઃખના દરિયે ડુબકી મારવા જેવું છે.

આ આનંદનો દરિયો ભગવાન એની અંદર એકાગ્ર થતાં જે આનંદ આવે એને હું ભોગવનાર છું. ધર્મીને આ ધર્મ છે. આહાહા! અરે! આ વાત એને કાને પડે નહીં, એને શ્રવણમાં આવે નહીં, એ કે દિ' એનું જ્ઞાન કરે? કે દિ' રુચિ કરે? કે દિ' અનુભવ કરે? આહા! આવો ભગવાન આત્મા એમાં હું અંદર જાઉં છું, એકાગ્ર થાઉં છું. હું રાગમાં ને પુણ્યમાં એકાગ્ર હતો એ દુઃખમાં હું ડૂબી રહ્યો હતો. હવે આનંદનો સાગર મારો પ્રભુ (જે) ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો, આહાહા! એવો ચૈતન્યસ્વરૂપ આત્મા, એનાથી ઉત્પન્ન વિશુદ્ધસૌખ્ય, આહાહા! આનું નામ ધર્મ. ભારે વાત ભાઈ! આ બધા દેરાસર ને પૂજા ને જાત્રા ને ધર્મ ક્યાં ગયો વળી? એ તો પુણ્યભાવ હતો, પુણ્યભાવ. સમજાણું કાંઈ? ધર્મ બીજી ચીજ છે ભાઈ! એક સેકંડનો ધર્મ તો અનંતા જન્મ-મરણને ગાળી નાખે, એને ધર્મ કહીએ. સમજાણું કાંઈ?

**વિશુદ્ધસૌખ્યને અનુભવું છું**. આહાહા! શું કહે છે આ? પોતાની વાત કરીને જગતને સમજાવે છે કે હું એક ચૈતન્યસ્વરૂપ આત્મા છું, એવો તું આત્મા ચૈતન્યસ્વરૂપ છો. એવા ચૈતન્યસ્વરૂપ આત્મામાં... આહાહા! આમ રાગ ને પુણ્ય ઉપર બુદ્ધિ છે એ તો પાપબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. છોડ પ્રભુ! તારે ચાર ગતિના દુઃખ ટાળવા હોય તો. એમાંથી છૂટી અહીંયા ભગવાન આત્મા આનંદનો નાથ અંદર, અતીન્દ્રિય આનંદ હોં, જેને સ્વર્ગના ઇન્દ્રો ને કરોડો અપ્સરાઓ... ધાનના ઢીંગલા નહીં, આ તો ધાનના ઢીંગલા રૂપાળા લાગે. બે દિ' ન ખાય તો આમ ચામડું સુકાઈ જાય, આંખ્યું આમ થઈ જાય. ઓલી અપ્સરાઓ જેને ધાન વિના અમૃતના ઓડકાર આવે. એવી કરોડો અપ્સરાઓ એના જે કલ્પનાના સુખ એ ઝેર છે. આહાહા! અરે! મારો આનંદ એને લૂંટીને મેં આ રાગને–વિકારને ઉત્પન્ન કર્યા, ઝેર મેં કર્યું, એમ કહે છે.

હવે હું, આત્મા આનંદની મૂર્તિ પ્રભુ છું એમાં અંતર્મુખ થઈને મારા આત્માથી ઉત્પન્ન થયેલો અનાકુળ આનંદની દશા એને હવે હું અનુભવું છું. એનું નામ ધર્મ છે. બાકી બધી વાતું કરતા હોય એ બધા થોથા છે. એકડા વિનાના મીંડા છે. કોરે કાગળે કરોડ મીંડા ને એકડો ન મળે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા વર વિનાની જાન. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. પણ વર આત્મા કોણ છે એ જાણ્યું છે? કે, ના એ અમને ખબર નથી. જોડી દીધી જાન. એમ ભગવાન આત્મા, આહાહા! એ દેહના દેવળમાં અને રાગની આડમાં પ્રભુ બિરાજે છે અંદર. સમજાણું કાંઈ?

એવા **વિશુદ્ધસૌખ્યને અનુભવું છું**. લે! એવી ખબર પડી ગઈ. હું ધર્મી થઈ ગયો એમ ખબર પડે? આહાહા! બાપુ! ધર્મ એટલે આત્માનો આનંદ આવે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, એનું નામ ધર્મ. ધર્મી એવો ભગવાન આત્મા, એનો આનંદ એવો સ્વભાવ–ધર્મ, એની એકાગ્રતા તે આનંદની પર્યાય આવે એનું નામ ધર્મ. આહાહા! દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનું જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? લ્યો, ૧૯૯ ગાથા થઈ. સંસારનું પડખું ફેરવીને આત્મામાં આવ્યા. અહીં વાત લાવ્યા. આ વાસ્તુ કરવાનું છે. ભીખાભાઈ! બધી વાતું થોથા. મોટા કરોડોના બંગલા કર્યા ને રહ્યો અનંતવાર. આહાહા! આ જ્યોર્જ મરી ગયોને. ત્યારે સાડા ત્રણ કરોડનો બંગલો તે દિ' હોં. હવે તો કિંમત વધી ગઈ. મરી ગયો તો ખબર ન પડી કે રાતે ક્યારે મરી ગયો. જ્યોર્જ મરી ગયો હતોને અહીંયા. ડોક્ટર મોટા-મોટા દસ-દસ હજારના પગારદાર. રાત્રે સૂતો તો ક્યારે મરી ગયો એની ખબર નહીં. સવારે આમ જુએ ત્યાં, સાહેબ ઊઠ્યા નહીં, પોઢી ગયા છે. મરી ગયો. ન્યાં હવે શું હતું પણ પરમાં? આહાહા!

એ રીતે મૃત્યુ એ તો જુદી ચીજ છે, પણ આહીં તો આનંદમૂર્તિને પુણ્ય ને પાપના રાગવાળો માનવો એ તો આત્માનું મૃત્યુ છે. એની જીવતી જ્યોત આનંદથી જીવે છે એવું એનું ટકતું સ્વરૂપ છે. એને એમ ન માનતાં, એને પુણ્ય ને પાપ ને શરીર ને લક્ષ્મીવાળો માનવો એ

આત્માની નિર્મળ પર્યાયનું મૃત્યુ છે. આહાહા! એની એને ખબરું ન મળે. અને દુનિયાનું ડહાપણ કરવા બેઠો હોય, જાણે દેવનો દીકરો ઉતર્યો હોય. આનું આમ થાય.. આનું આમ થાય, ફલાણે આમ થાય, કન્યાને અહીં વરાવે તો આમ થાય, વર આવો ગોતવો, લગ્ન આમ કરવું, દહેજમાં આમ દેવું. ઓહોહો! શું છે પણ આ બધા? ઉકરડા છે બધા. સમજાણું કાંઈ?

આવા **વિશુદ્ધસૌખ્યને અનુભવું છું**. હવે સમાધિનો અધિકાર લે છે, લ્યો. સમાધિ. અહીં પહેલી આવી હતીને. સમાધિ કોને કહેવી? આહાહા! છે? **પરમ-સમાધિ અધિકાર**. નવમો. પરમ સમાધિ. આ બાબા લોકો સમાધિ ચડાવે એવી નહીં હો. આ તો આધિ, વ્યાધિ ને ઉપાધિ રહિત આત્માની વીતરાગીદશા એનું નામ સમાધિ છે, એનું નામ ધર્મ ને એનું નામ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? આધિ, વ્યાધિ ને ઉપાધિ રહિત તે સમાધિ. આધિ નામ મનની કલ્પનાઓ–પુણ્ય-પાપની કલ્પનાઓ તે આધિ છે. શરીરનો રોગ તે વ્યાધિ છે. આ બહારના બાયડી-છોકરા-લક્ષ્મી તે ઉપાધિ છે. ઉપાધિ, વ્યાધિ ને આધિ એનાથી રહિત તે સમાધિ. આહાહા! એ 'સમાહિવરં મુત્તમં દિંતુ..' લોગસ્સમાં એ આવે છે. પણ અર્થની ખબર ન મળે. જય નારાયણ. 'લોગસ્સ ઉજ્જોયગરે..' હાંક્યે રાખે. ચાર લોગસ્સનો કાર્યોત્સર્ગ કરજો. પૂરું થઈને એકદમ 'ણમો અરિહંતાણં..' એય!

અહીંયા કહે છે કે **સમસ્ત મોહરાગદ્વેષ આદિ પરભાવોના વિધ્વંસના હેતુભૂત પરમ-સમાધિ અધિકાર કહેવામાં આવે છે**. આહાહા! ભગવાન આત્મા... મોહ નામ પુણ્ય ને પાપ એ મારા, એમાં મને ઠીક એવો મિથ્યાત્વભાવ. અને જગતના જ્ઞેયો જાણવામાં એકરૂપ જ જ્ઞેય બધા છે. એના ઠેકાણે બે ભાગલા પાડવા કે આ ઠીક ને આ અઠીક એનું નામ રાગ-દ્વેષ. મોહ ને રાગ-દ્વેષ એવા જે પરભાવ, ઝેરભાવ, એના નાશનો હેતુ... સંસારના વિકારીભાવ મિથ્યાત્વના નાશનો હેતુ પરમસમાધિ... અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન અમૃતસરોવરમાં અંદર જાય છે ત્યારે એને શાંતિ વળે છે, એને સમાધિ કહીએ, એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર કહીએ. સંસારના ઝેરને ઉતારવાનો આ મંત્ર છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)



: પ્રકાશક :
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ
વિલે પાર્લા, મુંબઇ.
www.vitragvani.com